।। શ્રી હરિઃ ।।

શ્રી વલ્લભ સુધા

શ્રી મહાપ્રભુજીની વધાઈ

પ્રગટે વલ્લભાગ્નિ રસરૂપ ।
શ્રી રાધાવલ્લભ ભાવાત્મક તૃતિયાત્મક સુ અનૂપ ।।૧।।
સંવત અમલ અનિલ તત્વેન્દુ સુઋતુ ઋતરાજ વિલાસ ।
માસ યુગલ શૃંગાર પક્ષવર પરમાનંદ નિવાસ ।।૨।।
તિથિ અદ્વૈત શુદ્ધ રસરૂપ વાર જ્યોતિમય રૂપ પ્રકાશ ।
વાગધીશ વરણીય વેણુરવ નટવર વપુ રસ રાસ ।।૩।।
ચંપારણ્ય ગુપ્ત રાસ સ્થલ યમુના પુલિન સુધામ ।
'ગોવિંદ' શ્રીવલ્લભ વિલાસ નિત સ્વજન વલ્લભ પૂરન કામ ।।૪।।

લે. ગોપીલાલ મુખ્યાજી (ગોવિંદ), જતિપુરા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક ૧ — એપ્રિલ, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ ◆ આજીવન રૂ. ૨૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

।। શ્રી હરિઃ ।।

શ્રી વલ્લભ સુધા

શ્રી મહાપ્રભુજીની વધાઈ

પ્રગટે વલ્લભાગ્નિ રસરૂપ ।
શ્રી રાધાવલ્લભ ભાવાત્મક તૃતિયાત્મક સુ અનૂપ ।।૧।।
સંવત અમલ અનિલ તત્વેન્દુ સુઋતુ ઋતરાજ વિલાસ ।
માસ યુગલ શૃંગાર પક્ષવર પરમાનદ નિવાસ ।।૨।।
તિથિ અદ્વૈત શુદ્ધ રસરૂપ વાર જ્યોતિમય રૂપ પ્રકાશ ।
વાગધીશ વરણીય વેણુરવ નટવર વપુ રસ રાસ ।।૩।।
ચંપારણ્ય ગુપ્ત રાસ સ્થલ યમુના પુલિન સુધામ ।
'ગોવિંદ' શ્રીવલ્લભ વિલાસ નિત સ્વજન વલ્લભ પૂરન કામ ।।૪।।

લે. ગોપીલાલ મુખ્યાજી (ગોવિંદ), જતિપુરા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક ૧ ◆ એપ્રિલ, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ ✱ આજીવન રૂ. ૨૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

રાજકોટમાં યજ્ઞોપવિત પ્રસ્તાવ

અત્રે તા. ૧૯ થી ૨૧ માર્ચ ત્રણ દિવસ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ આત્મજ પૂ. પા. ગો. શ્રી રાજીવ લોચન બાવાશ્રીના એ લાલજી ચિ. ગો. શ્રી દેવકીનંદનજી (શ્રીભાગવત બાવા) તથા ચિ ગો. શ્રી કુંજરાયજી બાવાશ્રીના યજ્ઞોપવિતનો શુભ પ્રસ્તાવ અનેરા આનંદથી ઉજવાયો.

તા. ૧૯ મી ભવ્ય બીનોરી (શોભાયાત્રા) આપશ્રીના નિવાસસ્થાનથી શરૂ થઇ પ્રસ્તાવ સ્થળ 'શ્રીવલ્લભચાર્ય નગર' પેલેસ રોડ પહોંચેલ, આ શોભા યાત્રામાં બેન્ડપાર્ટી વિવિધ કીર્તન મંડલી અને વૈષ્ણવ ગૃહસ્થોનો વિશાળ સમુહ જોડાએલ, વૈષ્ણવ યુવકવૃન્દ આનંદ વિભોર થઇ રાસની રમઝટ બોલાવતા હતા. પૂ. ગો. બાળકોના ઠેર ફુલહારથી સ્વાગત થતાં હતાં.

તા. ૨૦મી એ શ્રી...ના કુનવાડાનો મનોરથ હતો જેમાં હજારો વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધેલ રાત્રે વૃદ્ધિની સભા કીર્તન ઢાઢી લીલાનો કાર્યક્રમ થયેલ તા. ૨૧મી એ યજ્ઞોપવિત પ્રસ્તાવ સવારના પ્રારંભ થઇ છે અને રાત્રે ૮ વાગ્યા પર્યંત વિવિધ કાર્યક્રમો થયેલ.

આ પ્રસંગે શ્રીનાથદ્વારાના તિલકાયતશ્રીના દ્વિતિય લાલજી પુ. પા. શ્રી રાકેશજી મહોદય, કાંકરોલીવાળા પૂ. પા. શ્રી વાગિશલાલજી તથા શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી મુંબઇ મુલુંડના શ્રીવલ્લભપીઠાધિશ્વર પૂ. પા. શ્રી રમેશકુમારજી. મુંબઇ મોટા મંદિર પુ. પા ગો. શ્રી નિરજકુમારજી તથા પૂ. પા. ગો. શ્રી પ્રશાંત બાવાશ્રી પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી (શ્રી પંકજ બાવા) તથા તેમના બન્ને લાલન. મુંબઇ પાર્લાથી પુ. પા. શ્રી યોગેશ બાવાશ્રી તથા સૂરત ષષ્ઠ પીઠના પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી, મુંબઇ બોરીવલી પુ. પા. શ્રી શ્યામમનોહરજી શ્રીમદ્ ગોકુલવાળા પુ. પા. શ્રી પંકજ બાવાશ્રી તથા પુ. પા. શ્રી ભૂષણ બાવાશ્રી માંડવી-કચ્છવાળા પુ. પા. શ્રી દામોદરલાલજી મહારાજ તથા શ્રી રણછોડલાલજી (શ્રી રવિન્દ્ર બાવાશ્રી) તથા પુ. પા. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ, જુનાગઢના પુ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજ પોરબંદર શ્રી કનૈયાલાલજી મહારાજશ્રી અમરેલીવાળા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી બાવા ધોરાજીથી પુ. પા. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી કામવનવાળા પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી તથા પુ. પા. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી તથા ચિ. ગો. શ્રી અનિરૂદ્ધ બાવાશ્રી જામનગરથી પુ. પા. ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજ શ્રી તથા પુ, પા. શ્રી રસિકરાયજી બાવાશ્રી વગેરે પુજ્ય ગોસ્વામી બાળકો તથા અનેક પુ. વહુજી શ્રીબેટીજી વગેરે પધારેલ તથા સજાતિય ભટ્ટ વર્ગ વગેરે ઉપસ્થિત રહેલ.

તા. ૨૧ મી એ રાત્રે રાજકોટની 'શ્રી વલ્લભ બાલ સંસ્કાર નિકુંજ' પાઠશાળાના બાલક બાલીકાઓનો સુંદર કાર્યક્રમ તથા પુષ્ટિમાર્ગિય સંગીત સંમેલન યોજાયેલ જેમાં અનેક પુ. ગો. બાળકોએ વિવિધ રાગોમાં પદ ગાન કરેલ તથા વિશાળ સંખ્યામાં વૈષ્ણવ કીર્તનીઆઓએ પોતાના સુમધુર સ્વરે ભગવદ ગુણાનુવાદ કરેલ. આમ ત્રણ દિવસનો કાર્યક્રમ સોલ્લાસ સંપન્ન થયેલ.

રાજકોટમાં યજ્ઞોપવિત પ્રસ્તાવ

અત્રે તા. ૧૯ થી ૨૧ માર્ચ ત્રણ દિવસ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ આત્મજ પૂ. પા. ગો. શ્રી રાજીવલોચન બાવાશ્રીના બે લાલજી ચિ. ગો. શ્રી દેવકીનંદનજી (શ્રીભાગવત બાવા) તથા ચિ ગો. શ્રી કુંજરાયજી બાવાશ્રીના યજ્ઞોપવિતનો શુભ પ્રસ્તાવ અનેરા આનંદથી ઉજવાયો.

તા. ૧૯ મી ભવ્ય બીનોરી (શોભાયાત્રા) આપશ્રીના નિવાસસ્થાનથી શરૂ થઈ પ્રસ્તાવ સ્થળ 'શ્રીવલ્લભચાર્ય નગર' પેલેસ રોડ પહોંચેલ, આ શોભા યાત્રામાં બેન્ડપાર્ટી વિવિધ કીર્તન મંડલી અને વૈષ્ણવ ગૃહસ્થોનો વિશાળ સમુહ જોડાએલ, વૈષ્ણવ યુવકવૃન્દ આનંદ વિભોર થઈ રાસની રમઝટ બોલાવતા હતા. પૂ. ગો. બાળકોના ઠેર ફુલહારથી સ્વાગત થતાં હતાં.

તા. ૨૦મી એ શ્રી... ના કુનવાડાનો મનોરથ હતો જેમાં હજારો વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધેલ રાત્રે વૃદ્ધિની સભા કીર્તન ઢાઢી લીલાનો કાર્યક્રમ થયેલ તા. ૨૧મી એ યજ્ઞોપવિત પ્રસ્તાવ સવારના પ્રારંભ થઈ છે અને રાત્રે ૮ વાગ્યા પર્યંત વિવિધ કાર્યક્રમો થયેલ.

આ પ્રસંગે શ્રીનાથદ્વારાના તિલકાયતશ્રીના દ્વિતિય લાલજી પુ. પા. શ્રી રાકેશજી મહોદય, કાંકરોલીવાળા પૂ. પા. શ્રી વાગિશલાલજી તથા શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી મુંબઈ મુલુંડના શ્રીવલ્લભપીઠાધિશ્વર પૂ. પા. શ્રી રમેશકુમારજી. મુંબઈ મોટા મંદિર પુ. પા ગો. શ્રી નિરજકુમારજી તથા પૂ. પા. ગો. શ્રી પ્રશાંત બાવાશ્રી પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી (શ્રી પંકજ બાવા) તથા તેમના બન્ને લાલન. મુંબઈ પાર્લાથી પુ. પા. શ્રી યોગેશ બાવાશ્રી તથા સૂરત ષષ્ઠ પીઠના પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી, મુંબઈ બોરીવલી પુ. પા. શ્રી શ્યામમનોહરજી શ્રીમદ્ ગોકુલવાળા પુ. પા. શ્રી પંકજ બાવાશ્રી તથા પુ. પા. શ્રી ભૂષણ બાવાશ્રી માંડવી-કચ્છવાળા પુ. પા. શ્રી દામોદરલાલજી મહારાજ તથા શ્રી રણછોડલાલજી (શ્રી રવિન્દ્ર બાવાશ્રી) તથા પુ. પા. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ, જુનાગઢના પુ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજ પોરબંદર શ્રી કનૈયાલાલજી મહારાજશ્રી અમરેલીવાળા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી બાવા ધોરાજીથી પુ. પા. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી કામવનવાળા પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી તથા પુ. પા. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી તથા ચિ. ગો. શ્રી અનિરૂદ્ધ બાવાશ્રી જામનગરથી પુ. પા. ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રી તથા પુ, પા. શ્રી રસિકરાયજી બાવાશ્રી વગેરે પુજ્ય ગોસ્વામી બાળકો તથા અનેક પુ. વહુજી શ્રીબેટીજી વગેરે પધારેલ તથા સજાતિય ભટ્ટ વર્ગ વગેરે ઉપસ્થિત રહેલ.

તા. ૨૧ મી એ રાત્રે રાજકોટની 'શ્રી વલ્લભ બાલ સંસ્કાર નિકુંજ' પાઠશાળાના બાલક બાલીકાઓનો સુંદર કાર્યક્રમ તથા પુષ્ટિમાર્ગિય સંગીત સંમેલન યોજાયેલ જેમાં અનેક પુ. ગો. બાળકોએ વિવિધ રાગોમાં પદ ગાન કરેલ તથા વિશાળ સંખ્યામાં વૈષ્ણવ કીર્તનીઆઓએ પોતાના સુમધુર સ્વરે ભગવદ ગુણાનુવાદ કરેલ. આમ ત્રણ દિવસનો કાર્યક્રમ સોલ્લાસ સંપન્ન થયેલ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૧ * એપ્રિલ, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગમેં ભગવત્કૃપા

પ્રવકતા ; નિ.લી.ગો. **શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ,** કોટા.
સંપાદક : ગો. **શ્રી ગોપાલલાલજી મહારાજ,** કોટા.
અનુવાદક : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા,**
આંખના સર્જન, રાજકોટ.

ભાગ્યશાળી શ્રોતાજનો,

બધું જ કરવાને શક્તિમાનને જ ઇશ્વર અથવા ભગવાન કહેવાય છે. તે અદ્‌ભુત કાર્ય કરવાવાળો છે. ભગવાનમાં અનંત ગુણ તેમજ ધર્મ છે. વિશ્વમાં ઇશ્વરને માનવાવાળા બધા ધર્મ એ વાત માને છે કે ઇશ્વર કૃપાળુ છે. કૃપા કરવી એ પ્રભુનો સહજ ગુણ છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવાનો આદેશ બધા ધર્મોમાં છે.

ધર્મના નિયમોનું પાલન કરનાર સદાચારી વ્યક્તિ પર ભગવાનની કૃપા થાય છે અને ભક્તિરહિત દુરાચારી કૃપા વગરનો રહે છે. એવી માન્યતા મોટા ભાગે જોવામાં આવે છે અને આ વાત સહજ રીતે બુદ્ધિગમ્ય પણ છે.

સદાચારીને ઉત્તમ ફળ મળે છે, તે વિષયમાં બે મત ન હોઇ શકે. પરંતુ ભગવત્ કૃપા પણ ફકત સદાચારથી જ પ્રાપ્ત થઇ શકે એવી વાત નથી. સદાચારીને

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૧ * એપ્રિલ, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગમેં ભગવત્કૃપા

પ્રવકતા ; નિ.લી.ગો. **શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ,** કોટા.
સંપાદક : ગો. **શ્રી ગોપાલલાલજી મહારાજ,** કોટા.
અનુવાદક : ડૉ. **ચુનીલાલ રવજી બાલધા,**
આંખના સર્જન, રાજકોટ.

ભાગ્યશાળી શ્રોતાજનો,

બધું જ કરવાને શક્તિમાનને જ ઇશ્વર અથવા ભગવાન કહેવાય છે. તે અદ્‌ભુત કાર્ય કરવાવાળો છે. ભગવાનમાં અનંત ગુણ તેમજ ધર્મ છે. વિશ્વમાં ઇશ્વરને માનવાવાળા બધા ધર્મ એ વાત માને છે કે ઇશ્વર કૃપાળુ છે. કૃપા કરવી એ પ્રભુનો સહજ ગુણ છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવાનો આદેશ બધા ધર્મોમાં છે.

ધર્મના નિયમોનું પાલન કરનાર સદાચારી વ્યક્તિ પર ભગવાનની કૃપા થાય છે અને ભક્તિરહિત દુરાચારી કૃપા વગરનો રહે છે. એવી માન્યતા મોટા ભાગે જોવામાં આવે છે અને આ વાત સહજ રીતે બુદ્ધિગમ્ય પણ છે.

સદાચારીને ઉત્તમ ફળ મળે છે, તે વિષયમાં બે મત ન હોઇ શકે. પરંતુ ભગવત્ કૃપા પણ ફકત સદાચારથી જ પ્રાપ્ત થઇ શકે એવી વાત નથી. સદાચારીને

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

સદાચાર દ્વારા મળતા લાભ પ્રાપ્ત થાય છે, તેમાં શંકા નથી. ભગવાનની પ્રાપ્તિરૂપ ફળ કોઇ સાધન મારફત જ પ્રાપ્ત થાય છે એ વાતનું નિરાકરણ ઉપનિષદોમાં પ્રાપ્ત છે.

નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ
ન મેધયા ન બહુશ્રુતેન ॥

આ પરમાત્મા–ભગવાન પ્રવચન કરવાથી પ્રાપ્ત નથી થતા, ન વિશુદ્ધ અને તીવ્ર બુદ્ધિથી પ્રાપ્ત થાય છે અને ન બહુ શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. આ બધા સાધનોની નિષ્ફળતા જોઇને તે પરમફળથી આપણે બધા હમેશાં વંચિત જ રહી જઇએ. આ પ્રકારની નિરાશાથી મુકત કરવા માટે ત્યાં આગળ ભગવાનની અકારણ કૃપાનો આશ્રય આપણને પ્રાપ્ત થાય છે, અને તે છે–

॥ યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ ॥

જે ભાગ્યવાન જીવનો ભગવાન સ્વીકાર કરે છે અર્થાત્ આ જીવ મારો છે, એ પ્રમાણે સ્વીકાર કરીને અપનાવી લે છે તેને પ્રાપ્ત થાય છે, જીવને પોતાનો સમજી તેનો સ્વીકાર કરી લેવો એજ ભગવાનની કૃપા છે.

પુષ્ટિમાર્ગમાં ભગવત્ કૃપાનો આશ્રય જ એક માત્ર અવલંબન છે. બીજી એવી માન્યતા પ્રાપ્ય છે કે જીવ જ્યારે સદાચારી તેમજ ધર્મપરાયણ બને છે ત્યારે તેના પર ભગવાનની કૃપા થાય છે. અને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત એ છે કે જ્યારે ભગવત્ કૃપા થાય છે ત્યારે તે જીવ સદાચારી તેમજ ધર્મપરાયણ બને છે.

સાધનોનું બળ સંપાદન કરવાની જરૂરત સાધનમાર્ગમાં મુખ્ય માનવામાં આવી છે જે જીવ જેટલો સાધનસંપન્ન હોય તેટલો જ ઉત્તમ અધિકારી તેને માનવામાં આવશે. સાધન વગરના જીવો માટે ત્યાં કોઈ સ્થાન નથી. બીજા ફળ પ્રાપ્ત કરવા માટે આ પ્રકારનું વિધાન પરમ ઉપયોગી તેમજ સત્ય છે. જેટલી મૂડી, ધન તમારી પાસે હોય તેટલાનો જ માલ તમે બજારમાથી ખરીદી શકશો, વધારે નહીં. નિર્ધન માટે બજારમાંથી કોઇ વસ્તુ ખરીદવાનો અધિકાર નથી. આ પ્રમાણે તમારી પાસે જેટલી ઉત્તમ સાધન સંપત્તિ હોય તેને અનુરૂપ ફળ પ્રાપ્ત કરવાનો તમને અધિકાર છે, વિશેષનો નહીં, લૌકિક તથા વૈદિક ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવાવાળા સાધકે આ નિયમ કે મર્યાદાને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઇએ. જે નિયમનું પાલન ન કરવાથી ફળ પ્રાપ્ત ન થાય તેને ઉલ્લંઘન ન કરી શકાય તેવી શાસ્ત્રોક્ત આજ્ઞા અથવા નિયમને મર્યાદા કહે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સેવાને જ પરમફળ માનેલ છે. ભગવાન પાસે પહોંચીને જ તેની સેવા થઈ શકે છે, ભગવાનની પ્રાપ્તિ કોઈ સાધન દ્વારા સિદ્ધ થઈ શકતી નથી. આ લાભ તો અનન્ય ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઇ શકે છે ભગવાનની કૃપાપૂર્ણ પ્રેરણા થવાથી ભગવાનમાં આત્મીયતાનો ભાવ ઉદય થાય છે. આત્મસંબંધની સ્ફૂર્તિ થવાથી ભગવાનમાં પ્રેમ થાય છે જગતના વ્યક્તિ તેમજ પદાર્થોમાં પણ જેને આપણે આપણા સમજીએ છીએ તેને આપણે વિશેષ ચાહીએ છીએ, અને જેને ચાહીએ છીએ તેમાં સ્વાભાવિક પ્રેમ થાય છે.

દુનિયામાં આપણા માનેલા પદાર્થોમાં મમતા સ્વાભાવિક રીતે હોય છે. આ લૌકિક

સદાચાર દ્વારા મળતા લાભ પ્રાપ્ત થાય છે, તેમાં શંકા નથી. ભગવાનની પ્રાપ્તિરૂપ ફળ કોઇ સાધન મારફત જ પ્રાપ્ત થાય છે એ વાતનું નિરાકરણ ઉપનિષદોમાં પ્રાપ્ત છે.

નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ
ન મેધયા ન બહુશ્રુતેન ॥

આ પરમાત્મા-ભગવાન પ્રવચન કરવાથી પ્રાપ્ત નથી થતા, ન વિશુદ્ધ અને તીવ્ર બુદ્ધિથી પ્રાપ્ત થાય છે અને ન બહુ શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. આ બધા સાધનોની નિષ્ફળતા જોઇને તે પરમફળથી આપણે બધા હમેશાં વંચિત જ રહી જઇએ. આ પ્રકારની નિરાશાથી મુકત કરવા માટે ત્યાં આગળ ભગવાનની અકારણ કૃપાનો આશ્રય આપણને પ્રાપ્ત થાય છે, અને તે છે-

॥ યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ ॥

જે ભાગ્યવાન જીવનો ભગવાન સ્વીકાર કરે છે અર્થાત્ આ જીવ મારો છે, એ પ્રમાણે સ્વીકાર કરીને અપનાવી લે છે તેને પ્રાપ્ત થાય છે, જીવને પોતાનો સમજી તેનો સ્વીકાર કરી લેવો એજ ભગવાનની કૃપા છે.

પુષ્ટિમાર્ગમાં ભગવત્ કૃપાનો આશ્રય જ એક માત્ર અવલંબન છે. બીજી એવી માન્યતા પ્રાપ્ય છે કે જીવ જ્યારે સદાચારી તેમજ ધર્મપરાયણ બને છે ત્યારે તેના પર ભગવાનની કૃપા થાય છે. અને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત એ છે કે જ્યારે ભગવત્ કૃપા થાય છે ત્યારે તે જીવ સદાચારી તેમજ ધર્મપરાયણ બને છે.

સાધનોનું બળ સંપાદન કરવાની જરૂરત સાધનમાર્ગમાં મુખ્ય માનવામાં આવી છે જે જીવ જેટલો સાધનસંપન્ન હોય તેટલો જ ઉત્તમ અધિકારી તેને માનવામાં આવશે. સાધન વગરના જીવો માટે ત્યાં કોઈ સ્થાન નથી. બીજા ફળ પ્રાપ્ત કરવા માટે આ પ્રકારનું વિધાન પરમ ઉપયોગી તેમજ સત્ય છે. જેટલી મૂડી, ધન તમારી પાસે હોય તેટલાનો જ માલ તમે બજારમાથી ખરીદી શકશો, વધારે નહીં. નિર્ધન માટે બજારમાંથી કોઇ વસ્તુ ખરીદવાનો અધિકાર નથી. આ પ્રમાણે તમારી પાસે જેટલી ઉત્તમ સાધન સંપત્તિ હોય તેને અનુરૂપ ફળ પ્રાપ્ત કરવાનો તમને અધિકાર છે, વિશેષનો નહીં, લૌકિક તથા વૈદિક ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવાવાળા સાધકે આ નિયમ કે મર્યાદાને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઇએ. જે નિયમનું પાલન ન કરવાથી ફળ પ્રાપ્ત ન થાય તેને ઉલ્લંઘન ન કરી શકાય તેવી શાસ્ત્રોક્ત આજ્ઞા અથવા નિયમને મર્યાદા કહે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સેવાને જ પરમફળ માનેલ છે. ભગવાન પાસે પહોંચીને જ તેની સેવા થઈ શકે છે, ભગવાનની પ્રાપ્તિ કોઈ સાધન દ્વારા સિદ્ધ થઈ શકતી નથી. આ લાભ તો અનત્ય ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઇ શકે છે ભગવાનની કૃપાપૂર્ણ પ્રેરણા થવાથી ભગવાનમાં આત્મીયતાનો ભાવ ઉદય થાય છે. આત્મસંબંધની સ્ફૂર્તિ થવાથી ભગવાનમાં પ્રેમ થાય છે જગતના વ્યક્તિ તેમજ પદાર્થોમાં પણ જેને આપણે આપણા સમજીએ છીએ તેને આપણે વિશેષ ચાહીએ છીએ, અને જેને ચાહીએ છીએ તેમાં સ્વાભાવિક પ્રેમ થાય છે.

દુનિયામાં આપણા માનેલા પદાર્થોમાં મમતા સ્વાભાવિક રીતે હોય છે. આ લૌકિક

મમતા છૂટે ત્યારે જીવ ભગવાન તરફ ગતિ કરે છે, આ લોકનિષ્ઠા. ભગવદ નિષ્ઠાને રોકનાર છે. ભગવાનની કૃપા થવાથી જ લોક નિષ્ઠાથી જીવ મુકત થાય છે. મુકત થવાથી પ્રભુમાં આત્મસંબંધી નિષ્ઠા જાગૃત થાય છે અને ત્યારે જ જીવ પ્રભુમાં અનન્ય પ્રેમ ભક્તિ કરે છે. ત્યારે જીવ પોતાના માનેલા અહંતા અને મમતાના ઉપકરણોને પોતાના ન માનીને વાસ્તવમાં આ બધા પ્રભુના છે એ નિશ્ચિત તેમજ વાસ્તવિક સત્યને હૃદયંગમ કરે છે. મેં આ પદાર્થોને અત્યાર સુધી પોતાના સમજ્યા એ મારૂં અજ્ઞાન તેમજ અપરાધ હતો એ ભાવનાથી તે પ્રભુને એ બધાનું નિવેદન આત્મસમપર્ણ કરે છે.

અત્યાર સુધી જીવ પોતાને સ્વતંત્ર તેમજ કર્તા માનતો હતો અને આત્મ સમપર્ણ બાદ આ ભાવના રહેતી નથી. તે પોતાને ભગવાનનો દાસ અનુભવવા લાગે છે. દાસ અથવા સેવક ભાવના આવવાથી જ જીવ પોતાને ભગવાનનો માનવ લાગે છે. આત્મસમપર્ણ કરવાથી સુદૃઢ અહંતા તેમજ મમતાની નિવૃત્તિ નિશ્ચિતરૂપથી થઇ જાય છે. સમર્પણ પહેલા જે જીવ સંસારી હતો તે ભગવાનનો બની જાય છે,

ભગવાનને પોતાના સમજવાથી તેમાં આત્મીયતા તેમજ પ્રેમનો ઉદય થાય છે. ભગવાન સાથે સંબંધ ભગવાનના સનાતન અંશ હોવાને કારણે સનાતન છે. જીવ જ તેને અવિદ્યાને કારણે ભૂલી ગયો છે, આત્મસમપર્ણ કરીને તે પોતાના સત્ય તેમજ નિત્ય સંબંધીને પ્રાપ્ત કરીને ધન્ય થઇ જાય છે અને પોતાને ભગવાનનો માનીને ભગવદીય થઇ જાય છે, ભગવાન પણ તે જીવને ફક્ત પોતાનો આશ્રિત સમજીને કૃપા કરીને અપનાવે છે અને પોતાની સેવાનો અધિકાર પ્રદાન કરે છે. અધિકાર પ્રાપ્ત કર્યા બાદ જ પ્રભુની સેવા સંપન્ન થઇ શકે છે. ભગવાનની સેવા જ પરમ ફળ છે.

સાધન સંપતિયુક્ત વ્યક્તિને સાધન અનુસાર ફળ મળશે. સાધનની એક સીમા–મર્યાદા હોય છે અને તેના અંતર્ગત સાધકને સીમીત ફળ મળે છે. લૌકિક તેમજ વૈદિક સાધન પોતાની મર્યાદા અનુસાર ફળ પ્રદાન કરી શકે છે. પોતાની મર્યાદા કે સીમાથી વિશેષ નહીં. ભગવાન તો નિઃસીમ તેમજ પૂર્ણાનંદ છે. તેની પ્રાપ્તિ કરવામાં સીમીત સાધન કેવી રીતે સમર્થ થઇ શકે ? પૂર્ણાનંદની પ્રાપ્તિ તો પૂર્ણાનંદની કૃપા પર જ નિર્ભર છે. તેથી જ પુષ્ટિ માર્ગના આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં કહ્યું છે કે–

પુર્ણાનંદો હરિસ્તસ્માત્
કૃષ્ણ એ વ ગતિર્મમ ।

હરિ પૂર્ણાનંદ છે તેથી હરિ શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે.

સારાંશ એ છે કે હરિનો આશ્રય કરવાથી જ તેની કૃપા થાય છે અને કૃપા કરીને પુર્ણાનંદ જ પૂર્ણાનંદ પ્રદાન કરે છે. પુર્ણાનંદને પ્રાપ્ત કરવામાં બીજા સાધનો અશક્ત છે. તેથી પુર્ણાનંદ પ્રભુનો અનન્ય આશ્રય કરનાર જીવ જ પુષ્ટિમાર્ગનો અધિકારી છે. અનન્ય આશ્રયની પ્રાપ્તિમાં બીજા સાધનોનું બળ પ્રતિબંધક થાય છે. તેથી જ "હું સર્વથા નિઃસાધન છુ" એ પ્રકારનો નિશ્ચિત

મમતા છૂટે ત્યારે જીવ ભગવાન તરફ ગતિ કરે છે, આ લોકનિષ્ઠા. ભગવદ નિષ્ઠાને રોકનાર છે. ભગવાનની કૃપા થવાથી જ લોક નિષ્ઠાથી જીવ મુકત થાય છે. મુકત થવાથી પ્રભુમાં આત્મસંબંધી નિષ્ઠા જાગૃત થાય છે અને ત્યારે જ જીવ પ્રભુમાં અનન્ય પ્રેમ ભક્તિ કરે છે. ત્યારે જીવ પોતાના માનેલા અહંતા અને મમતાના ઉપકરણોને પોતાના ન માનીને વાસ્તવમાં આ બધા પ્રભુના છે એ નિશ્ચિત તેમજ વાસ્તવિક સત્યને હૃદયંગમ કરે છે. મેં આ પદાર્થોને અત્યાર સુધી પોતાના સમજ્યા એ મારૂં અજ્ઞાન તેમજ અપરાધ હતો એ ભાવનાથી તે પ્રભુને એ બધાનું નિવેદન આત્મસમપર્ણ કરે છે.

અત્યાર સુધી જીવ પોતાને સ્વતંત્ર તેમજ કર્તા માનતો હતો અને આત્મ સમપર્ણ બાદ આ ભાવના રહેતી નથી. તે પોતાને ભગવાનનો દાસ અનુભવવા લાગે છે. દાસ અથવા સેવક ભાવના આવવાથી જ જીવ પોતાને ભગવાનનો માનવ લાગે છે. આત્મસમપર્ણ કરવાથી સુદૃઢ અહંતા તેમજ મમતાની નિવૃત્તિ નિશ્ચિતરૂપથી થઇ જાય છે. સમર્પણ પહેલા જે જીવ સંસારી હતો તે ભગવાનનો બની જાય છે,

ભગવાનને પોતાના સમજવાથી તેમાં આત્મીયતા તેમજ પ્રેમનો ઉદય થાય છે. ભગવાન સાથે સંબંધ ભગવાનના સનાતન અંશ હોવાને કારણે સનાતન છે. જીવ જ તેને અવિદ્યાને કારણે ભૂલી ગયો છે, આત્મસમપર્ણ કરીને તે પોતાના સત્ય તેમજ નિત્ય સંબંધીને પ્રાપ્ત કરીને ધન્ય થઇ જાય છે અને પોતાને ભગવાનનો માનીને ભગવદીય થઇ જાય છે, ભગવાન પણ તે જીવને ફક્ત પોતાનો આશ્રિત સમજીને કૃપા કરીને અપનાવે છે અને પોતાની સેવાનો અધિકાર પ્રદાન કરે છે. અધિકાર પ્રાપ્ત કર્યા બાદ જ પ્રભુની સેવા સંપન્ન થઇ શકે છે. ભગવાનની સેવા જ પરમ ફળ છે.

સાધન સંપતિયુક્ત વ્યક્તિને સાધન અનુસાર ફળ મળશે. સાધનની એક સીમા–મર્યાદા હોય છે અને તેના અંતર્ગત સાધકને સીમીત ફળ મળે છે. લૌકિક તેમજ વૈદિક સાધન પોતાની મર્યાદા અનુસાર ફળ પ્રદાન કરી શકે છે. પોતાની મર્યાદા કે સીમાથી વિશેષ નહીં. ભગવાન તો નિઃસીમ તેમજ પૂર્ણાનંદ છે. તેની પ્રાપ્તિ કરવામાં સીમીત સાધન કેવી રીતે સમર્થ થઇ શકે ? પૂર્ણાનંદની પ્રાપ્તિ તો પૂર્ણાનંદની કૃપા પર જ નિર્ભર છે. તેથી જ પુષ્ટિ માર્ગના આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં કહ્યું છે કે–

પુર્ણાનંદો હરિસ્તસ્માત્
કૃષ્ણ એવ ગતિર્મમ ।

હરિ પૂર્ણાનંદ છે તેથી હરિ શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે.

સારાંશ એ છે કે હરિનો આશ્રય કરવાથી જ તેની કૃપા થાય છે અને કૃપા કરીને પુર્ણાનંદ જ પૂર્ણાનંદ પ્રદાન કરે છે. પુર્ણાનંદને પ્રાપ્ત કરવામાં બીજા સાધનો અશક્ત છે. તેથી પુર્ણાનંદ પ્રભુનો અનન્ય આશ્રય કરનાર જીવ જ પુષ્ટિમાર્ગનો અધિકારી છે. અનન્ય આશ્રયની પ્રાપ્તિમાં બીજા સાધનોનું બળ પ્રતિબંધક થાય છે. તેથી જ “હું સર્વથા નિઃસાધન છુ” એ પ્રકારનો નિશ્ચિત

અનુભવ થવો આવશ્યક છે. શ્રીહરિરાયચરણે પુષ્ટિમાર્ગના સ્વરૂપનું નિરૂપણ કરતા, પુષ્ટિમાર્ગ લક્ષણાનિ' નામક ગ્રંથરત્નમાં પુષ્ટિમાર્ગનું સ્વરૂપ સમજાયું છે.

સર્વ સાધન રાહિત્ય,
ફલાપ્તૌ યત્ર સાધનમ્ ।

ફલં વા સાધનં યત્ર
પુષ્ટિમાર્ગ સ કથ્ય તે ॥

સર્વ સાધનો વગરના હોવાની ભાવના થઇ જવી એ જ ફળ પ્રાપ્તિ કરવામાં જ્યાં સાધન છે અથવા બીજા શબ્દોમાં કહેવું હોય તો ફળ રૂપ ભગવાન જ જ્યાં સાધન છે સેવા માર્ગને જ પુષ્ટિમાર્ગ કહે છે.

વાસ્તવમાં જોઇએ તો અવિદ્યાથી ઘેરાયેલ દીન તેમજ પરાધીન જીવ સ્વતંત્રતા પુર્વક સાધન સંપત્તિ પ્રાપ્ત કરવામાં અસમર્થ જેવો જ રહે છે. છતાં પણ જે કાંઇ સ્વલ્પ સાધન તે કરી શકે છે તેનું તેને અભિમાન થઇ જાય છે અને અભિમાન આવી જવાથી તેની પ્રગતિ અવરોધિત થઇ જાય છે. પુર્ણ સાધન જ પુર્ણ ફળ પ્રાપ્ત કરાવી શકે છે.

આ દૃષ્ટિએ પણ જીવ નિઃસાધન જ છે. તેથી જ કહેવાયું છે કે પોતાને નિઃસાધન માનવું એ જ પુષ્ટિમાર્ગમાં સાધન છે. પોતાને સર્વ સાધનો રહિત માનનાર વ્યક્તિમાં દીનતાનો ઉદય થાય છે અને દીનતાથી ભાવનાથી સંતુષ્ટ થઇ પ્રભુ એ જીવ પર અનુગ્રહ–કૃપા કરે છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

અનુભવ થવો આવશ્યક છે. શ્રીહરિરાયચરણે પુષ્ટિમાર્ગના સ્વરૂપનું નિરૂપણ કરતા, પુષ્ટિમાર્ગ લક્ષણાનિ' નામક ગ્રંથરત્નમાં પુષ્ટિમાર્ગનું સ્વરૂપ સમજાયું છે.

સર્વ સાધન રાહિત્ય,
ફલાપ્તૌ યત્ર સાધનમ્ ।

ફલં વા સાધનં યત્ર
પુષ્ટિમાર્ગ સ કથ્ય તે ।।

સર્વ સાધનો વગરના હોવાની ભાવના થઇ જવી એ જ ફળ પ્રાપ્તિ કરવામાં જ્યાં સાધન છે અથવા બીજા શબ્દોમાં કહેવું હોય તો ફળ રૂપ ભગવાન જ જ્યાં સાધન છે સેવા માર્ગને જ પુષ્ટિમાર્ગ કહે છે.

વાસ્તવમાં જોઇએ તો અવિદ્યાથી ઘેરાયેલ દીન તેમજ પરાધીન જીવ સ્વતંત્રતા પુર્વક સાધન સંપત્તિ પ્રાપ્ત કરવામાં અસમર્થ જેવો જ રહે છે. છતાં પણ જે કાંઇ સ્વલ્પ સાધન તે કરી શકે છે તેનું તેને અભિમાન થઇ જાય છે અને અભિમાન આવી જવાથી તેની પ્રગતિ અવરોધિત થઇ જાય છે. પુર્ણ સાધન જ પુર્ણ ફળ પ્રાપ્ત કરાવી શકે છે.

આ દૃષ્ટિએ પણ જીવ નિઃસાધન જ છે. તેથી જ કહેવાયું છે કે પોતાને નિઃસાધન માનવું એ જ પુષ્ટિમાર્ગમાં સાધન છે. પોતાને સર્વ સાધનો રહિત માનનાર વ્યક્તિમાં દીનતાનો ઉદય થાય છે અને દીનતાથી ભાવનાથી સંતુષ્ટ થઇ પ્રભુ એ જીવ પર અનુગ્રહ–કૃપા કરે છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

।। શ્રી વલ્લભઃ ।।

શ્રી ગુરૂ ગોપીજન વલ્લભાય નમઃ ।।
શ્રી મહાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ।।
શ્રી મદ્વિઠ્ઠલનાથ ચરણ કમલેભ્યો નમઃ ।।
શ્રી દામોદરદાસ પરમદયાલવે નમઃ ।।

"એમાં તે શી મોટી વાત છે"

લેખકઃ પ્રો. જીવનલાલ જોશી, રાજકોટ

સલુણી શ્યામા સલુણા શ્યામ સુંદર! યુગલ સ્વરૂપની મધ્યાના મધુરાધિપતિ! શ્રી ગિરિરાજજીની સઘન કંદરામાં અખંડ રમણ કરનાર, નિકુંજ નાયક શ્રીનાથજી! શ્રીવૃંદાવન વિલાસ વતી કુંજ-નિકુંજે વિલાસ કરનાર શ્રીમદ્ વૃંદાવનના રસચંદ્ર! શ્રીયમુનાજીના ઘાટે, પનઘટે વિવિધ રસ ક્રીડા કરનાર શ્રીયમુના વલ્લભ! સમગ્ર વ્રજનાં લીલા સ્થાને વિવિધ લીલા કરનાર વ્રજના વિલાસી! વ્રજના વિહારી!

હવે તો નથી રહેવાતું, નથી સહેવાતું, નથી કહેવાતું "નિસિદિન બરખત નૈન હમારે" "અખિયાં હરિ દરસનકી પ્યાસી" "કિતી દિન બિત ગએ બિનુ દેખે"! મધુરાધિપતિ! 'અધરં મધુર'' ની મધુરતા માણ્યા પછી, 'હૃદયં મધુર' ના માધુર્યનો અનુભવ કર્યા પછી, 'ફલિતં મધુર' ના મધુર રસનું રસપાન રસદાન થયા પછી હે નાથ! કશું જ ગમતૂં નથી-પ્રીતમ! ફરી પાછું એ ક્યારે પ્રાપ્ત થશે? એની રસ વર્ષા ક્યારે વરસશે? સદાએ નિત્ય નૂતન રસપાન કર્યા કરું એવી અસીમ કૃપા ક્યારે કરશો? સર્વાત્મ ભાવ વાળાને -દીનતા ભાવ વાળાને - હે નાથ! હું નથી કામ ભાવ વાળો, લૌકિક-વૈદિક કામનાવાળો, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક કામનાવાળો-એને નાથ! કાયમ માટે હૃદયમાં કોતરી રાખજો, ઇચ્છા-અનુસાર દાન કરજો. રસદાન-ભાવદાન, મહારસનું-મહારાસનું, મહાસૌરતનું, સુરત સંગ્રામે, જલ-સ્થલક્રીડાએ, ભર રૂચિએ, તન્મયતાએ-શ્રીપરિવૃઢ સ્વરૂપે, તમારો એ જાય ક્યાં?

તમારી છાપ પડયા પછી, એને સુખ આપે જ છૂટકો સોહાગનું, સોહાગીના સોહાગનું સોહાગણને, કૃપા કટાક્ષે, અખંડ અનુગ્રહે સતત સંગમે-સમાગમે, હું કોણ છું, કોણે સોંપ્યો છે-તે તો તમે જાણો છો, તમારા કોલને (તમારી પ્રતિજ્ઞાને) કાંઇ યાદ દેવડાવવાની જરૂર નથી. પછી વાર શાની? ગલ્લાં-તલ્લાં શાંનાં? વિચાર શાનો? એને હોંશે હોંશે મૂકો કોરાણે ને કરો રસદાન, ભાવદાન, વિરહદાન, અનુભવદાન તમારી છાપ ભૂસાય નહીં એ રીતે રસ વર્ષા વરસાવીને, શરદની પૂનમે - ડોલોત્સવે, નૌકાવિહારે - જલવિહારે, જલ-સ્થલ ક્રીડાએ.

પ્રીતમ! મારી સાથે મહાસૌરતે-સુરત સંગ્રામે 'લટુ' બની ગયા હતા તેની તો બરાબર ખબર છે ને! ન હોય પાડી દઇએ-એમાં તે શી મોટી વાત છે?

નોંધ-દુર્જન દુર્જનતા ન મૂકે. સજ્જન સજ્જનતા ન છોડે.

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રી ગુરૂ ગોપીજન વલ્લભાય નમઃ ॥
શ્રી મહાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥
શ્રી મદ્વિઠ્ઠલનાથ ચરણ કમલેભ્યો નમઃ ॥
શ્રી દામોદરદાસ પરમદયાલવે નમઃ ॥

"એમાં તે શી મોટી વાત છે"

લેખકઃ પ્રો. જીવનલાલ જોશી, રાજકોટ

સલુણી શ્યામા સલુણા શ્યામ સુંદર! યુગલ સ્વરૂપની મધ્યાના મધુરાધિપતિ! શ્રી ગિરિરાજજીની સઘન કંદરામાં અખંડ રમણ કરનાર, નિકુંજ નાયક શ્રીનાથજી! શ્રીવૃંદાવન વિલાસ વતી કુંજ-નિકુંજે વિલાસ કરનાર શ્રીમદ્ વૃંદાવનના રસચંદ્ર! શ્રીયમુનાજીના ઘાટે, પનઘટે વિવિધ રસ ક્રીડા કરનાર શ્રીયમુના વલ્લભ! સમગ્ર વ્રજનાં લીલા સ્થાને વિવિધ લીલા કરનાર વ્રજના વિલાસી! વ્રજના વિહારી!

હવે તો નથી રહેવાતું, નથી સહેવાતું, નથી કહેવાતું "નિસિદિન બરખત નૈન હમારે" અખિયાં હરિ દરસનકી પ્યાસી" "કિતી દિન બિત ગએ બિનુ દેખે"! મધુરાધિપતિ! 'અધરં મધુર" ની મધુરતા માણ્યા પછી, 'હૃદયં મધુર' ના માધુર્યનો અનુભવ કર્યા પછી, 'ફલિતં મધુર' ના મધુર રસનું રસપાન રસદાન થયા પછી હે નાથ! કશું જ ગમતૂં નથી-પ્રીતમ! ફરી પાછું એ કયારે પ્રાપ્ત થશે? એની રસ વર્ષા કયારે વરસશે? સદાએ નિત્ય નૂતન રસપાન કર્યા કરુ એવી અસીમ કૃપા કયારે કરશો? સર્વાત્મ ભાવ વાળાને -દીનતા ભાવ વાળાને - હે નાથ! હું નથી કામ ભાવ વાળો, લૌકિક-વૈદિક કામનાવાળો, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક કામનાવાળો-એને નાથ! કાયમ માટે હૃદયમાં કોતરી રાખજો, ઇચ્છા-અનુસાર દાન કરજો. રસદાન-ભાવદાન, મહારસનું-મહારાસનું, મહાસૌરતનું, સુરત સંગ્રામે, જલ-સ્થલક્રીડાએ, ભર રૂચિએ, તન્મયતાએ-શ્રીપરિવૃઢ સ્વરૂપે, તમારો એ જાય કયાં?

તમારી છાપ પડયા પછી, એને સુખ આપે જ છૂટકો સોહાગનું, સોહાગીના સોહાગનું સોહાગણને, કૃપા કટાક્ષે, અખંડ અનુગ્રહે સતત સંગમે-સમાગમે, હું કોણ છું, કોણે સોંપ્યો છે-તે તો તમે જાણો છો, તમારા કોલને (તમારી પ્રતિજ્ઞાને) કાંઇ યાદ દેવડાવવાની જરૂર નથી. પછી વાર શાની? ગલ્લાં-તલ્લાં શાંનાં? વિચાર શાનો? એને હોંશે હોંશે મૂકો કોરાણેને કરો રસદાન, ભાવદાન, વિરહદાન, અનુભવદાન તમારી છાપ ભૂસાય નહીં એ રીતે રસ વર્ષા વરસાવીને, શરદની પૂનમે - ડોલોત્સવે, નૌકાવિહારે - જલવિહારે, જલ-સ્થલ ક્રીડાએ.

પ્રીતમ ! મારી સાથે મહાસૌરતે-સુરત સંગ્રામે 'લટુ' બની ગયા હતા તેની તો બરાબર ખબર છે ને! ન હોય પાડી દઇએ-એમાં તે શી મોટી વાત છે?

નોંધ-દુર્જન દુર્જનતા ન મૂકે. સજ્જન સજ્જનતા ન છોડે.

સોનેરી સુવાક્યો

સંપાદક : **મરજાદી પોપટભાઈ રામજીભાઇ, જેતપુર**

૧. એક પણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં કોઇને લાગણી થાય તેવો છે કે કેમ, તેનો પ્રથમ વિચાર કરવો જોઇએ.

૨. કોઈપણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં તેની સત્યતાનો વિચાર કરવો જરૂરી છે.

૩. કોઇપણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં વિચારવું જોઇએ કે તે કોઇને પ્રિય લાગશે કે કેમ તે ખાસ જોવું જોઇએ.

૪. કોઇપણ શબ્દ બોલતાં કે લખતાં તે કલ્યાણકારી છે કે નહીં તે બરાબર જોઇ વિચારી બોલવું કે લખવું જોઇએ.

૫. કોઇપણ શબ્દ ઉદ્વેગ થાય તેવો બોલવો ન જોઇએ.

૬. સામા માણસને વ્હાલું લાગે તેવું બોલીયે તો તે વાણીનું તપ છે.

૭ હંમેશા સામા માણસનો પ્રેમ પ્રાપ્ત કરવોહોય તો આપણો પ્રેમ પ્રથમ તેને આપવો જોઇએ.

૮. કોઈપણ માણસ બીજા દેવને ભજતો હોય તો તેની નિંદા કે કુથલી કરવી નહીં કેમ કે જે જેનો અંશ હોય તે તેને ભજે છે. તેથી તેને કોઇપણ અયોગ્ય કહેવું નહીં, કેમ જે તેને તે ઘુંટડો ગળેથી ઉતરે તેમ છે જ નહીં તેથી નાહક આપણે શા માટે હેરાન થવું.

૯. ક્ષણે ક્ષણે પોતાના જીવનને જુવે અને જાળવે છે એ જ માણસ પોતાના જીવનનું સાર્થક કરી શકે છે.

૧૦. નિંદા એટલે નુકશાની અને સ્તુતિ એટલે નફો.

૧૧. પોતાના પ્રિય સ્વરૂપમાં તદ્રૂપ થવું તેનું નામ અનન્યતા.

૧૨. સેવાનો અર્થ—પોતાના સેવ્યસ્વરૂપમાં તલ્લિન થઇને ચિત્તને તેમાં પરોવી રાખવું.

૧૩. આપણા ધર્મને આપણે જ સાંચવી શકીયે તેમાં બીજાની અપેક્ષા રાખીયે તે મિથ્યા છે.

૧૪. જે ધર્મનું રક્ષણ કરીયે તે જ ધર્મ આપણી રક્ષા કરે છે.

૧૫. પ્રભુ પ્રાપ્તિ કરવા મુખ્ય પ્રેમની જરૂર છે. જે શુષ્ક હોય (પ્રેમ વગરનો) તે પ્રભુ પ્રાપ્ત કરી શકતો નથી.

૧૬. પ્રભુ પોતાના રસિક ભકતોને વશ થઇને રહે છે.

૧૭. વિતંડાવાદીને કદી પણ પ્રભુ પ્રાપ્તિ થતી નથી (વિતંડાવાદ એટલે મન કલ્પિત બોલવું તે, તેને વેદ, શાસ્ત્ર કે ભાગવત કે ગીતા સાથે સંબંધ જ નથી. વિતંડા

૧૮. કોઇપણ કાર્ય કોઇના ઉપર બળજબરીથી ઠોકી બેસાડીયે તો તેમાં તેને સ્વાદ આવતો નથી.

૧૯. કોઇપણ વસ્તુ ઉપર આપ મેળે મોહ લાગે તો જ તેમાં વ્હાલપ આપે છે.

૨૦. જેને ભકિતમાં સ્વાદ આવ્યો હોય તે વાદમાં કદી ઉતરશે નહિ.

સોનેરી સુવાકયો

સંપાદક: મરજાદી પોપટભાઈ રામજીભાઇ, જેતપુર

૧. એક પણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં કોઇને લાગણી થાય તેવો છે કે કેમ, તેનો પ્રથમ વિચાર કરવો જોઇએ.

૨. કોઈપણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં તેની સત્યતાનો વિચાર કરવો જરૂરી છે.

૩. કોઇપણ શબ્દ બોલતાં કે લખતાં પહેલાં વિચારવું જોઇએ કે તે કોઇને પ્રિય લાગશે કે કેમ તે ખાસ જોવું જોઇએ.

૪. કોઈપણ શબ્દ બોલતાં કે લખતાં તે કલ્યાણકારી છે કે નહીં તે બરાબર જોઇ વિચારી બોલવું કે લખવું જોઇએ.

૫. કોઇપણ શબ્દ ઉદ્વેગ થાય તેવો બોલવો ન જોઇએ.

૬. સામા માણસને વ્હાલું લાગે તેવું બોલીયે તો તે વાણીનું તપ છે.

૭ હંમેશા સામા માણસનો પ્રેમ પ્રાપ્ત કરવોહોય તો આપણો પ્રેમ પ્રથમ તેને આપવો જોઇએ.

૮. કોઈપણ માણસ બીજા દેવને ભજતો હોય તો તેની નિંદા કે કુથલી કરવી નહીં કેમ કે જે જેનો અંશ હોય તે તેને ભજે છે. તેથી તેને કોઇપણ અયોગ્ય કહેવું નહીં, કેમ જે તેને તે ઘુંટડો ગળેથી ઉતરે તેમ છે જ નહીં તેથી નાહક આપણે શા માટે હેરાન થવું.

૯. ક્ષણે ક્ષણે પોતાના જીવનને જુવે અને જાળવે છે એ જ માણસ પોતાના જીવનનું સાર્થક કરી શકે છે.

૧૦. નિંદા એટલે નુકશાની અને સ્તુતિ એટલે નફો.

૧૧. પોતાના પ્રિય સ્વરૂપમાં તદ્રૂપ થવું તેનું નામ અનન્યતા.

૧૨. સેવાનો અર્થ—પોતાના સેવ્યસ્વરૂપમાં તલ્લિન થઇને ચિત્તને તેમાં પરોવી રાખવું.

૧૩. આપણા ધર્મને આપણે જ સાંચવી શકીયે તેમાં બીજાની અપેક્ષા રાખીયે તે મિથ્યા છે.

૧૪. જે ધર્મનું રક્ષણ કરીયે તે જ ધર્મ આપણી રક્ષા કરે છે.

૧૫. પ્રભુ પ્રાપ્તિ કરવા મુખ્ય પ્રેમની જરૂર છે. જે શુષ્ક હોય (પ્રેમ વગરનો) તે પ્રભુ પ્રાપ્ત કરી શકતો નથી.

૧૬. પ્રભુ પોતાના રસિક ભકતોને વશ થઇને રહે છે.

૧૭. વિતંડાવાદીને કદી પણ પ્રભુ પ્રાપ્તિ થતી નથી (વિતંડાવાદ એટલે મન કલ્પિત બોલવું તે, તેને વેદ, શાસ્ર કે ભાગવત કે ગીતા સાથે સંબંધ જ નથી. વિતંડા

૧૮. કોઇપણ કાર્ય કોઇના ઉપર બળજબરીથી ઠોકી બેસાડીયે તો તેમાં તેને સ્વાદ આવતો નથી.

૧૯. કોઇપણ વસ્તુ ઉપર આપ મેળે મોહ લાગે તો જ તેમાં વ્હાલપ આપે છે.

૨૦. જેને ભકિતમાં સ્વાદ આવ્યો હોય તે વાદમાં કદી ઉતરશે નહિ.

૨૧. વાદ ત્યાં સ્વાદ નહિ, અને સ્વાદમાં વાદ નહિ.

૨૨. પ્રેમ એક જ વસ્તુ એવી છે કે તેમાં દરેક ધર્મો સમાય જાય છે. પ્રેમ વગર દયા અને દીનતા આવતાં નથી, પ્રભુ પ્રાપ્તિમાં ખાસ પ્રેમનું જ પ્રાધાન્ય છે.

૨૩. અભણ તે મૂર્ખ નથી, પરંતુ લુખ્ખો પ્રેમ વગરનો હોય તે જ મુર્ખ છે.

૨૪. સંતોષ વગર સુખ મળવાનું નથી.

૨૫. સહનશીલતા એક મહાંન તપ અને યોગ છે.

૨૬. સાકર જેવી મીઠી વાણી બોલવી અને અમીભરી આંખેથી જોવું.

૨૭. પ્રેમ એટલે ત્યાગ અથવા દાન અને અને માયા એટલે સ્વાર્થ.

૨૮. સર્વથી શ્રેષ્ઠ બળ પોતાના શ્રીગુરુદેવની ભક્તિમાંથી જ પ્રાપ્ત થાય છે. કેમ જે ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી.

ઉપરના અઠ્ઠાવીસ તત્વો એવાં છે કે તે પોતાની મેળે જ પોતાનું જીવન સુધારી શકે અને પ્રભુ પ્રાપ્તિમાં આડે આવતા પ્રતિબંધનો નાશ કરે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ–કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

જો એવી દલીલ કરવામાં આવે કે જ્ઞાનીઓ તો નિર્દોષ હોય છે, સમ (સારી) બુદ્ધિવાળા હોય છે એકાંતમાં સ્થિતિ કરનારા (રહેનારા) હોય છે તેથી તેમનો સંગ સાધક (સિદ્ધિ લાવનાર) બનશે તેના જવાબમાં કહે છે કે તેઓ પણ માયાંના મોહમાં ફસાયેલા હોવાથી સાક્ષાત્ પુરૂષોત્તમની સાથે સંબંધ ધરાવતા નથી તેથી તેમનું અસાધકત્વ નિરૂપણ કરતાં કહે છે અને કર્તાઓના દોષોને વર્ણવે છે.

અહંકાર વિમુઢેષુ વગેરે

અહંકાર વિમુઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભ પુજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।૪।

તેઓ તો 'અહં બ્રહ્માસ્મિ' (હું બ્રહ્મ છું) એવા અભિમાનથી વધારે (પડતા) મુઢ હોય છે. ત્યાં સાક્ષાત્ (પ્રત્યક્ષ) પુરુષોત્તમ (પરમાત્મા)નો સંબંધ તો નથી જ; પરંતુ અક્ષર માત્રના સંબંધને લીધે ફક્ત એકલાનું જ પરમ ફલત્વ માને છે એ પ્રમાણે સેવ્ય–સેવક ભાવ પણ ચાલ્યો જવાથી તો વધારે મુઢ હોય છે એવા હોય ત્યારે (કૃષ્ણ જ મારો આશ્રય છે) જો એવી દલીલ કરવામાં આવે કે અવિદ્યા ચાલી જતાં અનુભવ રૂપ વિજ્ઞાન પ્રાપ્ત થવાથી બ્રહ્મમાં લીન થઇ જવાય, તો પછી તેમને મોહ થવાનો સંભવ જ ક્યાં છે ? તેનો જવાબ

૨૧. વાદ ત્યાં સ્વાદ નહિ, અને સ્વાદમાં વાદ નહિ.

૨૨. પ્રેમ એક જ વસ્તુ એવી છે કે તેમાં દરેક ધર્મો સમાય જાય છે. પ્રેમ વગર દયા અને દીનતા આવતાં નથી, પ્રભુ પ્રાપ્તિમાં ખાસ પ્રેમનું જ પ્રાધાન્ય છે.

૨૩. અભણ તે મૂર્ખ નથી, પરંતુ લુખ્ખો પ્રેમ વગરનો હોય તે જ મુર્ખ છે.

૨૪. સંતોષ વગર સુખ મળવાનું નથી.

૨૫. સહનશીલતા એક મહાંન તપ અને યોગ છે.

૨૬. સાકર જેવી મીઠી વાણી બોલવી અને અમીભરી આંખેથી જોવું.

૨૭. પ્રેમ એટલે ત્યાગ અથવા દાન અને અને માયા એટલે સ્વાર્થ.

૨૮. સર્વથી શ્રેષ્ઠ બળ પોતાના શ્રીગુરુદેવની ભકિતમાંથી જ પ્રાપ્ત થાય છે. કેમ જે ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને જ્ઞાન વિના મોક્ષ મળતો નથી.

ઉપરના અઠ્ઠાવીસ તત્વો એવાં છે કે તે પોતાની મેળે જ પોતાનું જીવન સુધારી શકે અને પ્રભુ પ્રાપ્તિમાં આડે આવતા પ્રતિબંધનો નાશ કરે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ–કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

જો એવી દલીલ કરવામાં આવે કે જ્ઞાનીઓ તો નિર્દોષ હોય છે, સમ (સારી) બુદ્ધિવાળા હોય છે એકાંતમાં સ્થિતિ કરનારા (રહેનારા) હોય છે તેથી તેમનો સંગ સાધક (સિદ્ધિ લાવનાર) બનશે તેના જવાબમાં કહે છે કે તેઓ પણ માયાંના મોહમાં ફસાયેલા હોવાથી સાક્ષાત્ પુરૂષોત્તમની સાથે સંબંધ ધરાવતા નથી તેથી તેમનું અસાધકત્વ નિરૂપણ કરતાં કહે છે અને કર્તાઓના દોષોને વર્ણવે છે.

અહંકાર વિમુઢેષુ વગેરે

અહંકાર વિમુઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભ પુજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।૪।

તેઓ તો 'અહં બ્રહ્માસ્મિ' (હું બ્રહ્મ છું) એવા અભિમાનથી વધારે (પડતા) મુઢ હોય છે. ત્યાં સાક્ષાત્ (પ્રત્યક્ષ) પુરુષોત્તમ (પરમાત્મા)નો સંબંધ તો નથી જ; પરંતુ અક્ષર માત્રના સંબંધને લીધે ફક્ત એકલાનું જ પરમ ફલત્વ માને છે એ પ્રમાણે સેવ્ય–સેવક ભાવ પણ ચાલ્યો જવાથી તો વધારે મુઢ હોય છે એવા હોય ત્યારે (કૃષ્ણ જ મારો આશ્રય છે) જો એવી દલીલ કરવામાં આવે કે અવિદ્યા ચાલી જતાં અનુભવ રૂપ વિજ્ઞાન પ્રાપ્ત થવાથી બ્રહ્મમાં લીન થઇ જવાય, તો પછી તેમને મોહ થવાનો સંભવ જ કયાં છે ? તેનો જવાબ

આપતાં કહે છે કે 'પાપાનુ વર્તિષુ' એટલે કે તેઓ પાપને અનુસરે છે તેથી 'સ્વર્ગાપવર્ગ નરકેષ્વપિ તુલતાર્થ દર્શિનઃ' એ વાકય પ્રમાણે એટલે કે સ્વર્ગ અપવર્ગ કે નરક વગેરેમાં એક સરખી દષ્ટિ રાખનાર (તેઓ હોય છે) એ વાંકયને લીધે પુષ્ટિમાર્ગીય લોકોને (તેનો) ફળનો પ્રતિબંધ હોવાથી સાક્ષાત્ પુરુષોત્તમના જ્ઞાનના અભાવ રૂપ એ પ્રકારના જ્ઞાનના પાપરૂપ પણાને જ લીધે તેને અનુસરનાર લોકોને પાપને જ અંનુસરવાનું થાય એમ કહ્યું છે અને વળી એ પ્રકારના ફરીથી અક્ષરમાં લીન થઇ ગયા પછી પુષ્ટિ ફળની સંભવના જ રહેતી નથી એ પણ જણાવવા માટે પાપરૂપત્વ વિશેષે કરીને મુઢ પણું પણ કહ્યું છે.

જો એવી દલીલ કરવામાં આવે કે એમ હોવા છતાં પણ આનંદનો અનુભવ તો થાય જ ને !

તો જવાબમાં કહે છે-'લાભ પુજાર્થ યત્નેષુ' એટલે કે તેઓનો પ્રયત્ન લાભ તથા પુજા મેળવવાનો હોય છે. એ માર્ગમાં ન તો સાધન દશામાં કે ન તો ફલદશામાં તેનો અનુભવ થાય છે, કારણ કે 'લાભ' એટલે પોતાનો સ્વાર્થ લાભ અને 'પુજા' એટલે એ લાભ મેળવવા માટે મનમાં જ કલ્પેલી મુર્તિની ઉપાસનારૂપ (પૂજા) અને એ બે વસ્તુ મેળવવા માટે જ જેમનો પ્રયત્ન હોય છે તેવા એ લોકો છે.

આત્માની એકતા સંબંધમાં બધી ઇન્દ્રિયોની સાર્થકતા નથી જ. અને આનંદના અનુભવનું જ્ઞાન પણ તેમની પાસે નથી. જેમકે જળમાં નિમગ્ન (રચ્યાપચ્યા રહેલા, ડુબેલાં)ને જલપાનનો અનુભવ ન હોય, કારણ કે જળની બહારથી જ જળના પાનનો અનુભવ પણ થાય છે. આમ હોવાથી પુષ્ટિમાર્ગીઓને તેમનો સંગ સાધક નથી. તેથી (શ્રીકૃષ્ણના) શરણનો જ ઉપદેશ આપે છે- કૃષ્ણ જ મારી ગતિ (શરણ) છે જ.

કદાચ એવી દલીલ કરવામાં આવે કે જ્ઞાનીઓમાં પણ કેટલાક ભકતો હોય છે, ત્યાં પણ પ્રેમથી યુકત હોય છે. તેઓ પાછા બે પ્રકારના હોય છે. કેટલાકની નિષ્ઠા નામમાં હોય છે અને કેટલાકની નિષ્ઠા ફકત સેવામાં જ હોય છે. તેમનો સંગ સાધક બનશે. એવી જ રીતે કહ્યું છે, 'તેમની સાથે સંગની ઇચ્છા કરવી' 'સતાં પ્રસંગાત્' (સારા માણસોની સાથે સંગ કરવાથી) વગેરે. આવી આશંકા (તર્ક-કલ્પના) કરીને. એ બન્નેમાં પણ સાધકત્વનો અભાવ હોવાથી, પ્રથમ નામમાં નિષ્ઠાવાળાઓની અસાધકતા વર્ણવે છે અને કહે છે-

'અપરિજ્ઞાનનષ્ટેષુ....વગેરે-

અપરિજ્ઞાનનષ્ટેષુ મન્ત્રેષ્વવ્રત યોગિષુ ।
તિરોહિતાર્થ દેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥

ભલેને એક સૂત્રમાં કહેવામાં આવ્યું છે તેમ 'એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્, એટલે 'દેવકીજીના પુત્રનું ગીત એ જ એક શાસ્ત્ર છે' તેમ અહીં 'મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિ' એટલે 'શ્રીકૃષ્ણના નામનું સ્મરણ-કીર્તન એ જ એક એક મંત્ર છે' એ વચનોમાં જણાવ્યા પ્રમાણે ભકતોને માટે તો હરિનું નામ જ મોટામાં મોટો મંત્ર છે અને તે નામના કીર્તનમાં પરાયણ એવા બધા ભકતોના કીર્તન પ્રસંગે આનંદના અનુભવને લીધે ઉત્પન્ન થયેલા અશ્રુ તથા રોમાંચ વગેરે પણ થાય છે, તો પણ તેમના મર્યાદા માર્ગીયપણાને લીધે સ્વરૂપતઃ

આપતાં કહે છે કે 'પાપાનુ વર્તિષુ' એટલે કે તેઓ પાપને અનુસરે છે તેથી 'સ્વર્ગાપવર્ગ નરકેષ્વપિ તુલતાર્થ દર્શિનઃ' એ વાકય પ્રમાણે એટલે કે સ્વર્ગ અપવર્ગ કે નરક વગેરેમાં એક સરખી દષ્ટિ રાખનાર (તેઓ હોય છે) એ વાંકયને લીધે પુષ્ટિમાર્ગીય લોકોને (તેનો) ફળનો પ્રતિબંધ હોવાથી સાક્ષાત્ પુરુષોત્તમના જ્ઞાનના અભાવ રૂપ એ પ્રકારના જ્ઞાનના પાપરૂપ પણાને જ લીધે તેને અનુસરનાર લોકોને પાપને જ અંનુસરવાનું થાય એમ કહ્યું છે અને વળી એ પ્રકારના ફરીથી અક્ષરમાં લીન થઇ ગયા પછી પુષ્ટિ ફળની સંભવના જ રહેતી નથી એ પણ જણાવવા માટે પાપરૂપત્વ વિશેષે કરીને મુઢ પણું પણ કહ્યું છે.

જો એવી દલીલ કરવામાં આવે કે એમ હોવા છતાં પણ આનંદનો અનુભવ તો થાય જ ને !

તો જવાબમાં કહે છે-'લાભ પુજાર્થયત્નેષુ' એટલે કે તેઓનો પ્રયત્ન લાભ તથા પુજા મેળવવાનો હોય છે. એ માર્ગમાં ન તો સાધન દશામાં કે ન તો ફલદશામાં તેનો અનુભવ થાય છે, કારણ કે 'લાભ' એટલે પોતાનો સ્વાર્થ લાભ અને 'પુજા' એટલે એ લાભ મેળવવા માટે મનમાં જ કલ્પેલી મુર્તિની ઉપાસનારૂપ (પૂજા) અને એ બે વસ્તુ મેળવવા માટે જ જેમનો પ્રયત્ન હોય છે તેવા એ લોકો છે.

આત્માની એકતા સંબંધમાં બધી ઇન્દ્રિયોની સાર્થકતા નથી જ. અને આનંદના અનુભવનું જ્ઞાન પણ તેમની પાસે નથી. જેમકે જળમાં નિમગ્ન (રચ્યાપચ્યા રહેલા, ડુબેલાં)ને જલપાનનો અનુભવ ન હોય, કારણ કે જળની બહારથી જ જળના પાનનો અનુભવ પણ થાય છે. આમ હોવાથી પુષ્ટિમાર્ગીઓને તેમનો સંગ સાધક નથી. તેથી (શ્રીકૃષ્ણના) શરણનો જ ઉપદેશ આપે છે- કૃષ્ણ જ મારી ગતિ (શરણ) છે જ.

કદાચ એવી દલીલ કરવામાં આવે કે જ્ઞાનીઓમાં પણ કેટલાક ભકતો હોય છે, ત્યાં પણ પ્રેમથી યુકત હોય છે. તેઓ પાછા બે પ્રકારના હોય છે. કેટલાકની નિષ્ઠા નામમાં હોય છે અને કેટલાકની નિષ્ઠા ફકત સેવામાં જ હોય છે. તેમનો સંગ સાધક બનશે. એવી જ રીતે કહ્યું છે, 'તેમની સાથે સંગની ઇચ્છા કરવી' 'સતાં પ્રસંગાત્' (સારા માણસોની સાથે સંગ કરવાથી) વગેરે. આવી આશંકા (તર્ક-કલ્પના) કરીને. એ બન્નેમાં પણ સાધકત્વનો અભાવ હોવાથી, પ્રથમ નામમાં નિષ્ઠાવાળાઓની અસાધકતા વર્ણવે છે અને કહે છે-

'અપરિજ્ઞાનનષ્ટેષુ....વગેરે-

અપરિજ્ઞાનનષ્ટેષુ મન્ત્રેષ્વવ્રત યોગિષુ ।
તિરોહિતાર્થ દેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥

ભલેને એક સૂત્રમાં કહેવામાં આવ્યું છે તેમ 'એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્, એટલે 'દેવકીજીના પુત્રનું ગીત એ જ એક શાસ્ત્ર છે' તેમ અહીં 'મન્ત્રોપ્યેકસ્તસ્ય નામાનિ' એટલે 'શ્રીકૃષ્ણના નામનું સ્મરણ-કીર્તન એ જ એક એક મંત્ર છે' એ વચનોમાં જણાવ્યા પ્રમાણે ભકતોને માટે તો હરિનું નામ જ મોટામાં મોટો મંત્ર છે અને તે નામના કીર્તનમાં પરાયણ એવા બધા ભકતોના કીર્તન પ્રસંગે આનંદના અનુભવને લીધે ઉત્પન્ન થયેલા અશ્રુ તથા રોમાંચ વગેરે પણ થાય છે, તો પણ તેમના મર્યાદા માર્ગીયપણાને લીધે સ્વરૂપતઃ

(સાચા અર્થમાં) અપરિજ્ઞાન (સંપુર્ણ જ્ઞાનનો અભાવ) જ હોવાથી તે તે મંત્રોમાં અપરિજ્ઞાનને કારણે શ્રી હરિના નામ તથા રૂપના સંપુર્ણ જ્ઞાનનો નાશ થવાથી (જ્ઞાન દેખાતું ન હોવાથી) શ્રીકૃષ્ણ જ મારૂં શરણ છે. જેવો 'કૃષ્ણ' શબ્દનો રસાત્મક (રસ ભર્યો) ભાવરૂપે દર્શાવતો અર્થ છે. તેનો અપરિજ્ઞાનને કારણે નાશ થયેલો છે એમ કહેવામાં આવ્યું છે.

જો એવી દલીલ કરવામાં આવે કે એ અર્થ અહીં કેમ લક્ષમાં નથી લેવામાં આવ્યો ? તેના જવાબમાં કહે છે–

'અવ્રતયોગિષુ' એટલે કે વ્રતમાં તેમનો યોગ (જોડાણ–સંલગ્નતા) નથી તેથી. વ્રત એટલે અનન્યતા (ભજતા હોઇએ તેને છોડીને બીજાને ન ભજવું તે). પતિવૃતા સ્ત્રીની માફક પતિ પ્રત્યેના પરમ પ્રેમથી ઉત્પન્ન થયેલા રસાત્મક ભાવથી એકલા તેનામાં જ નિષ્ઠા ધરવવાનું વ્રત, આના અભાવના કારણે 'અવ્રત' (એટલે આવા વ્રત વગરના) પહેલાં વર્ણન કર્યુ છે તેવા, એવા લોકોમાં 'યોગઃ' એટલે જોડાણ ન ધરાવનારા તેથી અવ્રત યોગિષુ એમ કહયું છે. જો એવી દલીલ કરવામાં આવે કે તેઓમાં પણ નામ ધર્મો દેખાઇ આવે છે તો પછી આમ શા માટે કહેવામાં આવ્યું છે ? તો જવાબમાં કહે છે કે–

'તિરોહિતાર્થદેવેષુ' એટલે કે તેમનામાંથી દેવ અંતર્ધાન (અગોચર) થઇ ગયા છે તેથી તિરોહિત છે. અર્થ એટલે રસાત્મક સ્વરૂપે જે પ્રકટ છે તે જ્યાં તેવા પ્રકારના લોકો હોવાથી અને આ જ કારણથી હે મુકુંદ ! હે નારાયણ ! હે યજ્ઞેશ્વર ! હે જ્ઞાનના ભંડાર ! હે વાસુદેવ ! વગેરે નામો મોક્ષ ઇચ્છનારાઓ વડે બોલાય છે (ઉચ્ચાર કરાય છે) નહિ કે પુષ્ટિમાર્ગીયો વડે બોલાય છે તેવા 'વ્રજજનાર્તિહન્ વીરયોષિતામ્' અને 'સુરતનાથ' વગેરે એટલે કે હે વ્રજજનોના દુઃખ હરનાર, સ્ત્રીઓને મન સાચાવીર, અને હે સુરતનાથ (એટલે પ્રેમ ક્રીડામાં સાચા નાથ પતિ)' વગેરે રસાત્મક નામનો ઉચ્ચાર કરવામાં આવતો નથી. મર્યાદા માર્ગ અનુસાર જ તેમને એ અનુભવ થાય છે અને પુષ્ટિમાર્ગ અનુસાર થતો નથી તેથી એ સંગ તેમને માટે સાધક બનતો નથી. તેથી ફકત શ્રીકૃષ્ણના શરણનો જ ઉપદેશ કરતાં કહે છે 'કૃષ્ણ એક જ મારુ શરણ છે.' ।૫।

–ક્રમશઃ

પ્રભુ આજે પણ દર્શન આપે છે, સાનુભવ જતાવે છે

(એક સત્ય ઘટના)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભગવદી વૈષ્ણવોના જીવનવૃત્તાંતો અને પ્રસંગો વાંચવાથી કે સાંભળવાથી ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી પ્રેરણા મળે છે તેમ પ્રેરણા મળતી રહે છે અને ભાવનું સ્ફુરણ થાય છે. એક ભગવદી વૈષ્ણવના જીવનમાં બનેલ પ્રસંગ ઉલ્લેખનીય છે.

(સાચા અર્થમાં) અપરિજ્ઞાન (સંપુર્ણ જ્ઞાનનો અભાવ) જ હોવાથી તે તે મંત્રોમાં અપરિજ્ઞાનને કારણે શ્રી હરિના નામ તથા રૂપના સંપુર્ણ જ્ઞાનનો નાશ થવાથી (જ્ઞાન દેખાતું ન હોવાથી) શ્રીકૃષ્ણ જ મારૂં શરણ છે. જેવો 'કૃષ્ણ' શબ્દનો રસાત્મક (રસ ભર્યો) ભાવરૂપે દર્શાવતો અર્થ છે. તેનો અપરિજ્ઞાનને કારણે નાશ થયેલો છે એમ કહેવામાં આવ્યું છે.

જો એવી દલીલ કરવામાં આવે કે એ અર્થ અહીં કેમ લક્ષમાં નથી લેવામાં આવ્યો ? તેના જવાબમાં કહે છે–

'અવ્રતયોગિષુ' એટલે કે વ્રતમાં તેમનો યોગ (જોડાણ–સંલગ્નતા) નથી તેથી. વ્રત એટલે અનન્યતા (ભજતા હોઇએ તેને છોડીને બીજાને ન ભજવું તે). પતિવૃતા સ્ત્રીની માફક પતિ પ્રત્યેના પરમ પ્રેમથી ઉત્પન્ન થયેલા રસાત્મક ભાવથી એકલા તેનામાં જ નિષ્ઠા ધરવવાનું વ્રત, આના અભાવના કારણે 'અવ્રત' (એટલે આવા વ્રત વગરના) પહેલાં વર્ણન કર્યું છે તેવા, એવા લોકોમાં 'યોગઃ' એટલે જોડાણ ન ધરાવનારા તેથી અવ્રત યોગિષુ એમ કહ્યું છે. જો એવી દલીલ કરવામાં આવે કે તેઓમાં પણ નામ ધર્મો દેખાઇ આવે છે તો પછી આમ શા માટે કહેવામાં આવ્યું છે ? તો જવાબમાં કહે છે કે–

'તિરોહિતાર્થદેવેષુ' એટલે કે તેમનામાંથી દેવ અંતર્ધાન (અગોચર) થઇ ગયા છે તેથી તિરોહિત છે. અર્થ એટલે રસાત્મક સ્વરૂપે જે પ્રકટ છે તે જ્યાં તેવા પ્રકારના લોકો હોવાથી અને આ જ કારણથી હે મુકુંદ ! હે નારાયણ ! હે યજ્ઞેશ્વર ! હે જ્ઞાનના ભંડાર ! હે વાસુદેવ ! વગેરે નામો મોક્ષ ઇચ્છનારાઓ વડે બોલાય છે (ઉચ્ચાર કરાય છે) નહિ કે પુષ્ટિમાર્ગીયો વડે બોલાય છે તેવા 'વ્રજજનાર્તિહન્ વીરયોષિતામ્' અને 'સુરતનાથ' વગેરે એટલે કે હે વ્રજજનોના દુઃખ હરનાર, સ્ત્રીઓને મન સાચાવીર, અને હે સુરતનાથ (એટલે પ્રેમ ક્રીડામાં સાચા નાથ પતિ)' વગેરે રસાત્મક નામનો ઉચ્ચાર કરવામાં આવતો નથી. મર્યાદા માર્ગ અનુસાર જ તેમને એ અનુભવ થાય છે અને પુષ્ટિમાર્ગ અનુસાર થતો નથી તેથી એ સંગ તેમને માટે સાધક બનતો નથી. તેથી ફકત શ્રીકૃષ્ણના શરણનો જ ઉપદેશ કરતાં કહે છે 'કૃષ્ણ એક જ મારું શરણ છે.' ।૫।

–ક્રમશઃ

પ્રભુ આજે પણ દર્શન આપે છે, સાનુભવ જતાવે છે

(એક સત્ય ઘટના)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભગવદી વૈષ્ણવોના જીવનવૃત્તાંતો અને પ્રસંગો વાંચવાથી કે સાંભળવાથી ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી પ્રેરણા મળે છે તેમ પ્રેરણા મળતી રહે છે અને ભાવનું સ્ફુરણ થાય છે. એક ભગવદી વૈષ્ણવના જીવનમાં બનેલ પ્રસંગ ઉલ્લેખનીય છે.

લગભગ ૩૩–૩૪ વરસ પહેલાંની આ વાત છે. એક વાર વ્રજપ્રદેશમાંથી ભગવદ્લીલા ચરિત્ર કથાકાર મંડળી સૌરાષ્ટ્રના ધોરાજી ગામે આવેલી. આ મંડળીએ મોટી હવેલીમાં સંગીત સાથે ભગવદ્લીલાની કથા કરી વૈષ્ણવોને એ-એક દિવસ અનેરો આનંદ આપ્યો. આથી પ્રેરાઇ આગેવાન વૈષ્ણવોએ તરતમાં શરૂ થતાં અધિકમાસમાં ભગવદ્લીલાની કથાનું આયોજન કર્યું અને ભાકુંભાજી પરામાં ગીતાસદનમાં આ કથા રાખવામાં આવી.

એક તો શ્રીકૃષ્ણભગવાનની મનોહરી લીલાઓ, અને તેમાં વળી કથા કહેવાની અનોખી અને અત્યંત રોચક શૈલી, રાધેશ્યામ તર્જમાં મધુર કંઠ સાથે ગવાતા સંગીતનું માધુર્ય– આ બધાંએ એટલું તો અજબ આકર્ષણ જમાવ્યું કે દરેક દિવસે શ્રોતાજનોની સંખ્યામાં સારો એવો વધારો થતો ગયો.

આ શ્રોતા વર્ગમાં એક શ્રીમંત વૈષ્ણવ બહેન કથા શ્રવણ માટે આવતા. તેમનું નામ શ્રીમતી શાંતાબેન અફીણી, તે સમયે તેઓ સોની શિવચંદભાઇ અમરશીના પ્લોટમાં રહેતા હતા. આ બહેન દરરોજ સોળે શણગારમાં સજધજ થઇ નવીન આરતીનો થાળ લઇ કથામાં આવતા. આખો અધિકમાસ તેમણે એક ચિત્તથી ભગવદ્લીલાની કથાનું શ્રવણપાન કર્યું. અધિકમાસ પુરો થતાં કથાની પૂર્ણાહુતિ થઇ.

આ કયાશ્રવણ કર્યા પછી શાંતાબેનના જીવનમાં ધરખમ પલટો આવી ગયો. અંગેઅંગમાં અને અણુઅણુમાં તેઓ હવે ભગવાનની લીલાઓનો રોમાંચિત આનંદ અનુભવવા લાગ્યા. કથાની પૂર્ણાહુતિની આરતી કરી સાંજે તેઓ ઘેર આવ્યા. સર્વ પ્રથમ તેમની નજર રેડિયા તરફ ગઇ. તેમને રેડિયામાં શ્રી મહાપ્રભુજીના અને શ્રીનાથજીના દર્શન વારંવાર થવા લાગ્યા. જાણે તેમની માનસિક ભૂમિકા જ પલટાઇ ગઇ. શરીર પર ધારણ કરેલ મુલ્યવાન સુંદર વસ્ત્રાભૂષણો ઉતારી કૃષ્ણપ્રિયા મીરાંબાઇની જેમ સફેદ સાદા વસ્ત્રો ધારણ કર્યાં. અને ભગવાનની આસુગુણકારી વિવિધ લીલાઓમાં તન્મય બની ગયા. ઘરમાં યત્રતત્ર તેમને શ્રી બાલકૃષ્ણ ભગવાનના સુંદર સ્વરૂપોના દર્શન થવા લાગ્યા. સંસારના મોજશોખ અને બીજી બધી પ્રવૃત્તિઓ હવે તેમને નીરસ લાગવા માંડી, તેમનું જીવન પ્રભુમય બનતું ગયું.

શાંતાબેનને ચિત્રકામમાં સારી હથોટી હતી. આથી ઘરમાં જે જે સ્થળે જે જે સ્વરૂપના અને લીલાઓના દર્શન તેમને થતાં તેને તે જ સમયે ચિત્રમાં આકારી લેતા. રેડિયામાં શ્રી મહાપ્રભુજી–શ્રીનાથજી બિરાજે છે એવી ભાવનાને લઇને તેઓ હમેશાં રેડિયા પર ફુલની માલા ધરતા અને મિશ્રી–મેવાનો ભોગ ધરતા. કદી રેડિયો વગાડતા નહીં.

આ પ્રમાણે જ્યાં જ્યાં શાંતાબેનની નજર પડતી ત્યાં ત્યાં તેમને શ્રી બાલકૃષ્ણ ભગવાનના દર્શન થતા. ઘરની, રસોડાની, બાથરૂમની અને ઓસરીની દિવાલો પર જે જે સ્થળે જે જે લીલાના દર્શન તેને થાતાં ત્યાં આકાર ઉપસી આવતાં શાંતાબેન તે લીલા સહિત સ્વરૂપોને ચિત્રોમાં વિવિધ સુંદર રંગોથી મઠારી લેતા. એ પછી તો ભોંયતળિયામાં પણ ભગવદ્લીલાના દર્શન થવા લાગ્યા. ચંપારણ્યમાં શ્રી મહાપ્રભુજીના પ્રાકટયના અગ્નિકુંડના અને વ્રજભૂમિના અનેકવિધ લીલાસ્થળોના દર્શન

લગભગ ૩૩–૩૪ વરસ પહેલાંની આ વાત છે. એક વાર વ્રજપ્રદેશમાંથી ભગવદ્લીલા ચરિત્ર કથાકાર મંડળી સૌરાષ્ટ્રના ધોરાજી ગામે આવેલી. આ મંડળીએ મોટી હવેલીમાં સંગીત સાથે ભગવદ્લીલાની કથા કરી વૈષ્ણવોને બે-એક દિવસ અનેરો આનંદ આપ્યો. આથી પ્રેરાઇ આગેવાન વૈષ્ણવોએ તરતમાં શરૂ થતાં અધિકમાસમાં ભગવદ્‌લીલાની કથાનું આયોજન કર્યું અને ભાકુંભાજી પરામાં ગીતાસદનમાં આ કથા રાખવામાં આવી.

એક તો શ્રીકૃષ્ણભગવાનની મનોહરી લીલાઓ, અને તેમાં વળી કથા કહેવાની અનોખી અને અત્યંત રોચક શૈલી, રાધેશ્યામ તર્જમાં મધુર કંઠ સાથે ગવાતા સંગીતનું માધુર્ય– આ બધાંએ એટલું તો અજબ આકર્ષણ જમાવ્યું કે દરેક દિવસે શ્રોતાજનોની સંખ્યામાં સારો એવો વધારો થતો ગયો.

આ શ્રોતા વર્ગમાં એક શ્રીમંત વૈષ્ણવ બહેન કથા શ્રવણ માટે આવતા. તેમનું નામ શ્રીમતી શાંતાબેન અફીણી, તે સમયે તેઓ સોની શિવચંદભાઇ અમરશીના પ્લોટમાં રહેતા હતા. આ બહેન દરરોજ સોળે શણગારમાં સજધજ થઇ નવીન આરતીનો થાળ લઇ કથામાં આવતા. આખો અધિકમાસ તેમણે એક ચિત્તથી ભગવદ્લીલાની કથાનું શ્રવણપાન કર્યું. અધિકમાસ પુરો થતાં કથાની પૂર્ણાહુતિ થઇ.

આ કયાશ્રવણ કર્યા પછી શાંતાબેનના જીવનમાં ધરખમ પલટો આવી ગયો. અંગે-અંગમાં અને અણુઅણુમાં તેઓ હવે ભગવાનની લીલાઓનો રોમાંચિત આનંદ અનુભવવા લાગ્યા. કથાની પૂર્ણાહુતિની આરતી કરી સાંજે તેઓ ઘેર આવ્યા. સર્વ પ્રથમ તેમની નજર રેડિયા તરફ ગઇ. તેમને રેડિયામાં શ્રી મહાપ્રભુજીના અને શ્રીનાથજીના દર્શન વારંવાર થવા લાગ્યા. જાણે તેમની માનસિક ભૂમિકા જ પલટાઇ ગઇ. શરીર પર ધારણ કરેલ મુલ્યવાન સુંદર વસ્ત્રાભૂષણો ઉતારી કૃષ્ણપ્રિયા મીરાંબાઇની જેમ સફેદ સાદા વસ્ત્રો ધારણ કર્યાં. અને ભગવાનની આસુગુણકારી વિવિધ લીલાઓમાં તન્મય બની ગયા. ઘરમાં યત્રતત્ર તેમને શ્રી બાલકૃષ્ણ ભગવાનના સુંદર સ્વરૂપોના દર્શન થવા લાગ્યા. સંસારના મોજશોખ અને બીજી બધી પ્રવૃત્તિઓ હવે તેમને નીરસ લાગવા માંડી, તેમનું જીવન પ્રભુમય બનતું ગયું.

શાંતાબેનને ચિત્રકામમાં સારી હથોટી હતી. આથી ઘરમાં જે જે સ્થળે જે જે સ્વરૂપના અને લીલાઓના દર્શન તેમને થતાં તેને તે જ સમયે ચિત્રમાં આકારી લેતા. રેડિયામાં શ્રી મહાપ્રભુજી–શ્રીનાથજી બિરાજે છે એવી ભાવનાને લઇને તેઓ હમેશાં રેડિયા પર ફુલની માલા ધરતા અને મિશ્રી–મેવાનો ભોગ ધરતા. કદી રેડિયો વગાડતા નહીં.

આ પ્રમાણે જ્યાં જ્યાં શાંતાબેનની નજર પડતી ત્યાં ત્યાં તેમને શ્રી બાલકૃષ્ણ ભગવાનના દર્શન થતા. ઘરની, રસોડાની, બાથરૂમની અને ઑસરીની દિવાલો પર જે જે સ્થળે જે જે લીલાના દર્શન તેને થાતાં ત્યાં આકાર ઉપસી આવતાં શાંતાબેન તે લીલા સહિત સ્વરૂપોને ચિત્રોમાં વિવિધ સુંદર રંગોથી મઠારી લેતા. એ પછી તો ભોંયતળિયામાં પણ ભગવદ્લીલાના દર્શન થવા લાગ્યા. ચંપારણ્યમાં શ્રી મહાપ્રભુજીના પ્રાકટયના અગ્નિકુંડના અને વ્રજભૂમિના અનેકવિધ લીલાસ્થળોના દર્શન

થતાં તે પણ ચિત્રોમાં અંકિત થતાં ગયાં. એમના ઘરમાં હવે કયાંય જગા ખાલી રહી નહીં, માત્ર આવવા જવા માટેની ખાલી જગા કેડીની માફક દેખાતી હતી. તેમનું ઘર જાણે ભગવદલીલા દર્શન મંદિર બની ગયું !

ભક્તને ભગવાનનો અને ભગવાનને ભક્તનો જાણે નેડો લાગ્યો ! ઘરમાં કામકાજ માટે જ્યારે શાંતાબેન ચાલતા હોય ત્યારે પ્રભુ બાલસ્વરૂપે તેમની સાડીનો છેડો પકડીને તેમની પાછળ પાછળ ફર્યા કરતા હોય તેવો અનુભવ તેમને થવા લાગ્યો. રસોઇ કરવા માટે તેઓ જેવા સગડી પેટાવવા જાય ત્યારે સંગડીમાં પણ કુદાકુદ કરતા પ્રભુના બાલસ્વરૂપના દર્શન થતા અને ત્યારે આ સુંદર બાલસ્વરૂપમાં તન્મય બની તેઓ બધું ભૂલી જતા. આમ ઘણી વાર રસોઇ રસોઇના ઠેકાણે રહેતી અને તેઓ જમ્યા વગર અપવાસમાં દિવસો નિર્ગમન કરતા.

શાંતાબેન જીવનના અંત સુધી આવી વ્યસનદશામાં રહ્યા. બજારમાં, હવેલીએ કે મંદિરે દર્શન કરવા તેઓ બહાર પણ નહીં નીકળતા. પરંતુ તેમનું ઘર સ્વયં મંદિર જેવું બની ગયેલું હોતાં સ્થાનિક તેમજ બહારના જિજ્ઞાસુ વૈષ્ણવોની આવ-જા તેમને ઘેર રહેતી. શાંતાબેન તેમને પોતાના સાનુભવ કહી બતાવતા અને તેઓ ચિતરેલ ભગવદલીલાના સ્વરૂપોનાં વર્ણન કરી કરીને દર્શન કરાવતા.

ધોરાજીમાં શ્રી વલ્લભકુલના ગોસ્વામી બાલકો અવારનવાર પધારે છે. જ્યારે જ્યારે તેઓશ્રીની પધરામણી થતી ત્યારે શાંતાબેન વિનંતી કરાવી તેઓશ્રીને પોતાને ઘેર પધરાવતા. પોતાને જે જે લીલાના દર્શન-સાનુભવ થયેલ હોય તે તે લીલાના ચિત્રો દર્શાવીને તેઓ અશ્રુસાથે, ગદ્ ગદ્ કંઠે, કૃતકૃત્ય ભાવે વર્ણન કરતા.

એક વખત મથુરા-પોરબંદરવાળા નિ.લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી અને બીજી વખત વેરાવળ-મુંબઇવાળા નિ.લી. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રી-ભૈયારાજા તેમને ઘેર પધાપધારેલા. આ સમયે શાંતાબેને રૂદનભર્યા અવાજે તેમના બધા અનુભવોનું વર્ણન તેઓશ્રી પાસે કરેલ : 'મહારાજશ્રી, આપનો લાડીલો કનૈયો મારી સાથે એવો તો હળીમળી ગયો છે કે નથી તે મને કોઇ કામ કરવા દેતો કે નથી રસોઇ કરવા દેતો. અરે, રાત્રે પુરું ઊંઘવા પણ દેતો નથી. આવી સ્થિતિમાં મારે જીવવું કેમ કરીને ? મારાથી હવે વિલંબ સહેવાતો નથી. આપશ્રી એટલી કૃપા કરો કે જેથી મને અવિલંબ લીલાધામમાં સ્થાન મળે.'

પૂજ્ય ગોસ્વામી બાલક શાંતાબેનની આવી વ્યસનદશાવાળી વિકલ સ્થિતિ જોઇ તેમને આશ્વાસન આપતા- 'શાંતાબેન ધીરજ ધરો. અમને અમારા આશીર્વાદ છે કે પ્રભુ હવે શીઘ્ર તમને લીલામાં લઈ જશે.'

આજે આ શાંતાબેન હૈયાત નથી. પરંતુ તેમના જીવનમાં જે કંઇ બની ગયું તે એક સત્ય ઘટના છે. તેમને ભગવદલીલા કથાશ્રવણના ફળરૂપે કે પ્રભુની કૃપાના બળે આ માનવદેહમાં લીલાનુભવ થયો, ભગવદ્લીલાના દર્શન થયા, અનેક સાનુભવ થયા એ કોઇ ચમત્કારી વાત નથી પણ વાસ્તવમાં બનેલી એક સત્ય હકીકત છે. આ વસ્તુ દર્શાવે છે કે અત્યારે પણ ૮૪-૨૫૨ વૈષ્ણવો જેવા તાદશી વૈષ્ણવો ભૂતલ પર છે જેને શ્રી ઠાકોરજી આ દેહે દર્શન આપે છે અને સાનુભવ જતાવે છે. આવા ભગવદી વૈષ્ણવોના ચરિત્ર પઠન અને શ્રવણથી આપણામાં પણ આપણા પ્રભુ પ્રત્યે સ્નેહ-શ્રદ્ધા જાગે છે, આપણી શ્રદ્ધા બલવત્તર બને છે.

થતાં તે પણ ચિત્રોમાં અંકિત થતાં ગયાં. એમના ઘરમાં હવે કયાંય જગા ખાલી રહી નહીં, માત્ર આવવા જવા માટેની ખાલી જગા કેડીની માફક દેખાતી હતી. તેમનું ઘર જાણે ભગવદલીલા દર્શન મંદિર બની ગયું !

ભક્તને ભગવાનનો અને ભગવાનને ભક્તનો જાણે નેડો લાગ્યો ! ઘરમાં કામકાજ માટે જ્યારે શાંતાબેન ચાલતા હોય ત્યારે પ્રભુ બાલસ્વરૂપે તેમની સાડીનો છેડો પકડીને તેમની પાછળ પાછળ ફર્યા કરતા હોય તેવો અનુભવ તેમને થવા લાગ્યો. રસોઇ કરવા માટે તેઓ જેવા સગડી પેટાવવા જાય ત્યારે સંગડીમાં પણ કુદાકુદ કરતા પ્રભુના બાલસ્વરૂપના દર્શન થતા અને ત્યારે આ સુંદર બાલસ્વરૂપમાં તન્મય બની તેઓ બધું ભૂલી જતા. આમ ઘણી વાર રસોઇ રસોઇના ઠેકાણે રહેતી અને તેઓ જમ્યા વગર અપવાસમાં દિવસો નિર્ગમન કરતા.

શાંતાબેન જીવનના અંત સુધી આવી વ્યસનદશામાં રહ્યા. બજારમાં, હવેલીએ કે મંદિરે દર્શન કરવા તેઓ બહાર પણ નહીં નીકળતા. પરંતુ તેમનું ઘર સ્વયં મંદિર જેવું બની ગયેલું હોતાં સ્થાનિક તેમજ બહારના જિજ્ઞાસુ વૈષ્ણવોની આવ-જા તેમને ઘેર રહેતી. શાંતાબેન તેમને પોતાના સાનુભવ કહી બતાવતા અને તેઓ ચિતરેલ ભગવદલીલાના સ્વરૂપોનાં વર્ણન કરી કરીને દર્શન કરાવતા.

ધોરાજીમાં શ્રી વલ્લભકુલના ગોસ્વામી બાલકો અવારનવાર પધારે છે. જ્યારે જ્યારે તેઓશ્રીની પધરામણી થતી ત્યારે શાંતાબેન વિનંતી કરાવી તેઓશ્રીને પોતાને ઘેર પધરાવતા. પોતાને જે જે લીલાના દર્શન-સાનુભવ થયેલ હોય તે તે લીલાના ચિત્રો દર્શાવીને તેઓ અશ્રુસાથે, ગદ્‌ગદ્ કંઠે, કૃતકૃત્ય ભાવે વર્ણન કરતા.

એક વખત મથુરા-પોરબંદરવાળા નિ.લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી અને બીજી વખત વેરાવળ-મુંબઇવાળા નિ.લી. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રી-ભૈયારાજા તેમને ઘેર પધાપધારેલા. આ સમયે શાંતાબેને રૂદનભર્યા અવાજે તેમના બધા અનુભવોનું વર્ણન તેઓ શ્રી પાસે કરેલ : 'મહારાજશ્રી, આપનો લાડીલો કનૈયો મારી સાથે એવો તો હળીમળી ગયો છે કે નથી તે મને કોઇ કામ કરવા દેતો કે નથી રસોઇ કરવા દેતો. અરે, રાત્રે પુરું ઊંઘવા પણ દેતો નથી. આવી સ્થિતિમાં મારે જીવવું કેમ કરીને ? મારાથી હવે વિલંબ સહેવાતો નથી. આપશ્રી એટલી કૃપા કરો કે જેથી મને અવિલંબ લીલાધામમાં સ્થાન મળે.'

પૂજ્ય ગોસ્વામી બાલક શાંતાબેનની આવી વ્યસનદશાવાળી વિકલ સ્થિતિ જોઇ તેમને આશ્વાસન આપતા- 'શાંતાબેન ધીરજ ધરો. અમને અમારા આશીર્વાદ છે કે પ્રભુ હવે શીઘ્ર તમને લીલામાં લઈ જશે.'

આજે આ શાંતાબેન હૈયાત નથી. પરંતુ તેમના જીવનમાં જે કંઇ બની ગયું તે એક સત્ય ઘટના છે. તેમને ભગવદલીલા કથાશ્રવણના ફળરૂપે કે પ્રભુની કૃપાના બળે આ માનવદેહમાં લીલાનુભવ થયો, ભગવદ્‌લીલાના દર્શન થયા, અનેક સાનુભવ થયા એ કોઇ ચમત્કારી વાત નથી પણ વાસ્તવમાં બનેલી એક સત્ય હકીકત છે. આ વસ્તુ દર્શાવે છે કે અત્યારે પણ ૮૪-૨૫૨ વૈષ્ણવો જેવા તાદશી વૈષ્ણવો ભૂતલ પર છે જેને શ્રી ઠાકોરજી આ દેહે દર્શન આપે છે અને સાનુભવ જતાવે છે. આવા ભગવદ્દી વૈષ્ણવોના ચરિત્ર પઠન અને શ્રવણથી આપણામાં પણ આપણા પ્રભુ પ્રત્યે સ્નેહ-શ્રદ્ધા જાગે છે, આપણી શ્રદ્ધા બલવત્તર બને છે.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

[ગયા અંકમાં નવયુવકો માટેનો લેખ આપણે વાંચ્યો નવયુવકોને પુષ્ટિમાર્ગમાં જોઇએ તેટલી રૂચિ કેમ દેખાતી નથી]

આ કરાલ કલિકાલમાં આપણી સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટતી જતી જોવામાં આવે છે તે બાબત પોતાના પૂર્વજો સ્વધર્મમાં કેટલે દરજ્જે પરાયણ હતા. તે પ્રમાણમાં સ્વધર્મ પરાયણુતા આપણામાં કેટલી છે, તેનો મુકાબલો કરતાં ખુલ્લુ જણાય આવશે કે જે ધર્મની શ્રદ્ધા આપણા પ્રપિતાને હતી, તેનાથી કાંઇક ઉતરતી પિતાના વખતમાં જોવામાં આવી અને પિતામાં હતી તેટલી આપણામાં નથી અને આપણા કરનાં પણ ઓછી આપણા બાળકોમાં છે એવી રીતે દિન પ્રતિદિન ઘટતી જતી જોવામાં આવે છે તે વિષે પંચામૃત નામના ગ્રંથમાં વ્યાસ બાવા કહે છે.

‘વે સમયો સબ બીત ગયો આયો કલિકો ઔર;
સુઘરનકો હોનો પર્યો. જાન બૂજ કે ઢોર.’

ભાવાર્થ–આગળ ભગવદ પરાયણુતા વિશેષ રહેતી તો તે સમય વ્યતીત થઇ ગયો અને કરાલ કલિયુગનો સમય આવીને પ્રાપ્ત થયો છે. તે સુઘર કહેતાં સમજદાર પુરૂષો જાણુકાર હોવા છતાં તેઓને ઢોરની માફક મૂંગા રહેવું પડે છે, કારણુ કે તેમનું બોલ્યું કોઇ સાંભળે તેમ નથી તેથી જ મૂંગા રહેવું પડે છે.

આપણે સંસારી જનો છીએ તેથી સંસારના વ્યવહારિક કાર્યો ભલે બધું કરીએ, પણ સાથો સાથ સ્વધર્મ પરાયણુતા પણ અવશ્ય જાળવવી જોઇએ. તેમજ આપણા બાળકોમાં પણ ધર્મના સંસ્કારરૂપી બીજ રોપાય તે માટે આવું સાહિત્ય વાંચે તેવો નિયમ રાખવા માટે બાળકોને વડીલો પ્રેરણા આપશે તો પ્રભુ કૃપાથી તેનું સુંદર પરિણામ આવશે.

હવે એક લંડન નિવાસી એક ભાઇ સાથેની મુલાકાતનો સાર–તેની સાથેનો રસપ્રદ વાર્તાલાપ અત્રે પ્રસ્તુત થાય છે. વાસ્તવિકમાં સત્ય વસ્તુ છે છતાં તેની ઇચ્છાને માન આપી સ્પષ્ટ નામ જાહેર કરેલ નથી. ફેરફાર સાથે રજુ કરૂં છું. આ પ્રસંગ લાંબો ચાલશે છતાં રસપ્રદ વાંચવા લાયક છે. તે વાંચીને આ બાલ વૃદ્ધ સૌ કોઇ સાર ગ્રહણુ કરે તો લેખક અને પ્રકાશકનો શ્રમ સાર્થક લેખાશે.

–લેખક)

સવાલ–આપ ઇંગ્લેંડમાં જ રહો છો કે ભારતમાં પણ નિવાસ સ્થાન છે?

જવાબ–મૂળ તો ભારત હજુ કાયમ છે ને રહેવાનું જ છે તેને મુકી ન શકાય. અમારા કામકાજ, ફેક્ટરી, દુકાનો વગેરે ઇંગ્લેંડ, ફ્રાંસ અને અમરિકા છે. પણ મારા દાદા દાદી હાલ ભારતમાં જ રહે છે.

સ.–તમો અત્રે કેટલા વરસે આવ્યા?

જ.–મારો પોતાનો આવવા જવાનો કાર્યક્રમ હોતો નથી. ધંધાર્થે અવાય જવાય પરંતુ અમારા ઘરમાં બિરાજતા શ્રી ઠાકોરજીનો અન્નકોટ થાય ત્યારે આવવાની ખાસ ઇચ્છા રહે.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

[ગયા અંકમાં નવયુવકો માટેનો લેખ આપણે વાંચ્યો નવયુવકોને પુષ્ટિમાર્ગમાં જોઇએ તેટલી રૂચિ કેમ દેખાતી નથી]

આ કરાલ કલિકાલમાં આપણી સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટતી જતી જોવામાં આવે છે તે બાબત પોતાના પૂર્વજો સ્વધર્મમાં કેટલે દરજ્જે પરાયણ હતા. તે પ્રમાણમાં સ્વધર્મ પરાયણતા આપણામાં કેટલી છે, તેનો મુકાબલો કરતાં ખુલ્લુ જણાય આવશે કે જે ધર્મની શ્રદ્ધા આપણા પ્રપિતાને હતી, તેનાથી કાંઇક ઉતરતી પિતાના વખતમાં જોવામાં આવી અને પિતામાં હતી તેટલી આપણામાં નથી અને આપણા કરતાં પણ ઓછી આપણા બાળકોમાં છે એવી રીતે દિન પ્રતિદિન ઘટતી જતી જોવામાં આવે છે તે વિષે પંચામૃત નામના ગ્રંથમાં વ્યાસ બાવા કહે છે.

'વે સમયો સબ બીત ગયો આયો કલિકો ઔર;
સુઘરનકો હોનો પર્યો. જાન બૂજ કે ઢોર.'

ભાવાર્થ-આગળ ભગવદ પરાયણતા વિશેષ રહેતી તો તે સમય વ્યતીત થઇ ગયો અને કરાલ કલિયુગનો સમય આવીને પ્રાપ્ત થયો છે. તે સુઘર કહેતાં સમજદાર પુરૂષો જાણકાર હોવા છતાં તેઓને ઢોરની માફક મૂંગા રહેવું પડે છે, કારણ કે તેમનું બોલ્યું કોઇ સાંભળે તેમ નથી] તેથી જ મૂંગા રહેવું પડે છે.

આપણે સંસારી જનો છીએ તેથી સંસારના વ્યવહારિક કાર્યો ભલે બધું કરીએ, પણ સાથો સાથ સ્વધર્મ પરાયણતા પણ અવશ્ય જાળવવી જોઇએ. તેમજ આપણા બાળકોમાં પણ ધર્મના સંસ્કારરૂપી બીજ રોપાય તે માટે આવું સાહિત્ય વાંચે તેવો નિયમ રાખવા માટે બાળકોને વડીલો પ્રેરણા આપશે તો પ્રભુ કૃપાથી તેનું સુંદર પરિણામ આવશે.

હવે એક લંડન નિવાસી એક ભાઇ સાથેની મુલાકાતનો સાર-તેની સાથેનો રસપ્રદ વાર્તાલાપ અત્રે પ્રસ્તુત થાય છે. વાસ્તવિકમાં સત્ય વસ્તુ છે છતાં તેની ઇચ્છાને માન આપી સ્પષ્ટ નામ જાહેર કરેલ નથી. ફેરફાર સાથે રજુ કરૂં છું. આ પ્રસંગ લાંબો ચાલશે છતાં રસપ્રદ વાંચવા લાયક છે. તે વાંચીને આ બાલ વૃદ્ધ સૌ કોઇ સાર ગ્રહણ કરે તો લેખક અને પ્રકાશકનો શ્રમ સાર્થક લેખાશે.

-લેખક)

સવાલ-આપ ઇંગ્લેંડમાં જ રહો છો કે ભારતમાં પણ નિવાસ સ્થાન છે ?

જવાબ-મૂળ તો ભારત હજુ કાયમ છે ને રહેવાનું જ છે તેને મુકી ન શકાય. અમારા કામકાજ, ફેકટરી, દુકાનો વગેરે ઇંગ્લેંડ, ફ્રાંસ અને અમરિકા છે. પણ મારા દાદા દાદી હાલ ભારતમાં જ રહે છે.

સ.-તમો અત્રે કેટલા વરસે આવ્યા ?

જ.-મારો પોતાનો આવવા જવાનો કાર્યક્રમ હોતો નથી. ધંધાર્થે અવાય જવાય પરંતુ અમારા ઘરમાં બિરાજતા શ્રી ઠાકોરજીનો અન્નકોટ થાય ત્યારે આવવાની ખાસ ઇચ્છા રહે.

સ.–આપને ત્યાં શું સ્વરૂપ બિરાજે છે?

જ.–અંદાજે ૩૦૦ વરસ થયા અમારે ત્યાં શ્રીમદનમોહનજી તથા શ્રીસ્વામિનીજી અને શ્રીગિરિરાજજી બિરાજે છે.

સ.–વડીલો જ સેવા સંભાળે છે?

જ.–જુઓ, અમારે પેઢીયોથી જ ચાલ્યું આવે છે. યુવા વર્ગ પરદેશ રહે અને વડીલો અવસ્થા લાયક બને ત્યાં અમારા જેવા જુવાનીયા કારોબાર સંભાળે, વળી અમો તે ઉંમરે પહોંચશું ત્યારે અમો સેવા સંભાળશું. આમ પેઢીઓથી ચાલ્યું જ આવે છે.

સ.–આટલા વરસોમાં ઘણી પેઢીયો થઇ હશે. તેમાં ખાસ સ્વરૂપ કોના માથે બિરાજે છે?

જ.–અમારા વડવાઓએ બહુ જ બુદ્ધિપૂર્વક બધું કર્યું છે. મૂળ એકમાંથી અત્યારે ઘણાં કુટુંબો થયા છે. બધા સાથે થોડા રહી શકીયે? બધાના ધંધા રહેવાસ બધું જુદું જુદું પણ શ્રીઠાકોરજી બિરાજે છે તે જગ્યામાં બધાનો એક સરખો હક છે. જે કોઇ પણ ભારત આવે તેને જેટલો સમય હોય તેટલો સમય સેવાનો લાભ લે.

સ.–પરદેશથી અત્રે આવો ત્યારે વ્રત કરી સેવામાં ન્હાતા હશો.

જ.–ના અમોને એવી આજ્ઞા છે કે ભીતર ન્હાય ચરણામૃત લઇ ઝારીજીનું જળ લઇ સેવામાં લાગી જઇએ.

સ.–પરદેશની રેનસેન બધું જુદું જ હોય છે. અત્યારે તો ભારતમાં પણ ફેશને રંગ જમાવ્યો છે. તમારા જેવા ફોરેન રહેવા છતાં તમારી વાત અને ભાવ પૂર્ણ વિચારો જોઈ આશ્ચર્ય લાગે છે.

જ.–બાપા! તમારો સવાલ જ કેવો છે? અમારા તો પેઢીયોથી સંસ્કાર ચાલ્યા આવે છે. ધંધા માટે ગમે ત્યાં જઇએ. અમે અમારો સ્વધર્મ ન છોડીયે.

સ.–ખાન પાન વગેરેમાં વિદેશી ઢબથી બચતા રહેતા હશો?

જ.–જુઓ, કેટલી પેઢી થઈ. તમે જ કલ્પના કરો, અમોને તો બચપણથી સુસંસ્કારથી ઉછેરવામાં આવે છે. દુર્વ્યસનથી બચતા રહીયે અને શાકાહારી ભોજન લઇએ. પૈસો ખરચતા આપણું ખાનપાન હવે બધે જ મળે છે પરંતુ આ તો મન મનનો વિષય છે.

સ.–તમો ટ્રાવેલીંગમાં ફરતા હો ત્યારે કેમ ધર્મ નિભાવો?

જ.–અમે ઝાઝો નિત્ય નિયમ રાખતા જ નથી. સાત્ત્વિક ખોરાક લેવો, વિચાર ધારા શુદ્ધ રાખવી. બને તેટલું નામ સ્મરણ કરવું. ટ્રાવેલીંગમાં તો ખીસામાં ખાસ પુસ્તિકા રાખી હોય તેનાં પાઠ કરી લઇએ.

સ.–બહારગામ સેવા કેવી રીતે બને?

જ.–અમે ખીસામાં પાકીટમાં જ નાની છબી–ચિત્રજી જેમાં શ્રીનાથજી અને શ્રીયમુનાજી હોય તેનાં દર્શન ચર્ણ સ્પર્શ કરી પાછા ખીસામાં મૂકી દઇએ. અમે ધંધા અંગે કયારે કયાં હોઇએ તેનો ધડો જ ન હોય. દિવસે કયાં અને રાત્રે કયાય, પાછું મૂળ સ્થાને સમય ઉપર પહોંચવું હોય. ટુંકું ને ટચ સ્વધર્મથી વિમુખ ન રહેવું. પુષ્ટિ પુરૂષોત્તમને ન ભૂલવું

સ.–આપને ત્યાં શું સ્વરૂપ બિરાજે છે?

જ.–અંદાજે ૩૦૦ વરસ થયા અમારે ત્યાં શ્રીમદનમોહનજી તથા શ્રીસ્વામિનીજી અને શ્રીગિરિરાજજી બિરાજે છે.

સ.–વડીલો જ સેવા સંભાળે છે?

જ.–જુઓ, અમારે પેઢીયોથી જ ચાલ્યું આવે છે. યુવા વર્ગ પરદેશ રહે અને વડીલો અવસ્થા લાયક બને ત્યાં અમારા જેવા જુવાનીયા કારોબાર સંભાળે, વળી અમો તે ઉંમરે પહોંચશું ત્યારે અમો સેવા સંભાળશું. આમ પેઢીઓથી ચાલ્યું જ આવે છે.

સ.–આટલા વરસોમાં ઘણી પેઢીયો થઇ હશે. તેમાં ખાસ સ્વરૂપ કોના માથે બિરાજે છે?

જ.–અમારા વડવાઓએ બહુ જ બુદ્ધિપૂર્વક બધું કર્યું છે. મૂળ એકમાંથી અત્યારે ઘણાં ટુકુંબો થયા છે. બધા સાથે થોડા રહી શકીયે? બધાના ધંધા રહેવાસ બધું જુદું જુદું પણ શ્રીઠાકોરજી બિરાજે છે તે જગ્યામાં બધાનો એક સરખો હક છે. જે કોઇ પણ ભારત આવે તેને જેટલો સમય હોય તેટલો સમય સેવાનો લાભ લે.

સ.–પરદેશથી અત્રે આવો ત્યારે વ્રત કરી સેવામાં ન્હાતા હશો.

જ.–ના અમોને એવી આજ્ઞા છે કે ભીતર ન્હાય ચરણમૃત લઇ ઝારીજીનું જળ લઇ સેવામાં લાગી જઇએ.

સ.–પરદેશની રેનસેન બધું જુદું જ હોય છે. અત્યારે તો ભારતમાં પણ ફેશને રંગ જમાવ્યો છે. તમારા જેવા ફોરેન રહેવા છતાં તમારી વાત અને ભાવ પૂર્ણ વિચારો જોઈ આશ્ચર્ય લાગે છે.

જ.–બાપા! તમારો સવાલ જ કેવો છે? અમારા તો પેઢીયોથી સંસ્કારં ચાલ્યા આવે છે. ધંધા માટે ગમે ત્યાં જઇએ. અમે અમારો સ્વધર્મ ન છોડીયે.

સ.–ખાન પાન વગેરેમાં વિદેશી ઢબથી બચતા રહેતા હશો?

જ.–જુઓ, કેટલી પેઢી થઈ. તમે જ કલ્પના કરો, અમોને તો બચપણથી સુસંસ્કારથી ઉછેરવામાં આવે છે. દુર્વ્યસનથી બચતા રહીયે અને શાકાહારી ભોજન લઇએ. પૈસો ખરચતા આપણું ખાનપાન હવે બધે જ મળે છે પરંતુ આ તો મન મનનો વિષય છે.

સ.–તમો ટ્રાવેલીંગમાં ફરતા હો ત્યારે કેમ ધર્મ નિભાવો?

જ.–અમે ઝાઝો નિત્ય નિયમ રાખતા જ નથી. સાત્વિક ખોરાક લેવો, વિચાર ધારા શુદ્ધ રાખવી. બને તેટલું નામ સ્મરણ કરવું. ટ્રાવેલીંગમાં તો ખીસામાં ખાસ પુસ્તિકા રાખી હોય તેનાં પાઠ કરી લઇએ.

સ.–બહારગામ સેવા કેવી રીતે બને?

જ.–અમે ખીસામાં પાકીટમાં જ નાની છબી–ચિત્રજી જેમાં શ્રીનાથજી અને શ્રીયમુનાજી હોય તેનાં દર્શન ચર્ણ સ્પર્શ કરી પાછા ખીસામાં મૂકી દઇએ. અમે ધંધા અંગે કયારે કયાં હોઇએ તેનો ધડો જ ન હોય. દિવસે કયાં અને રાત્રે કયાય, પાછું મૂળ સ્થાને સમય ઉપર પહોંચવું હોય. ટુંકું ને ટચ સ્વધર્મથી વિમુખ ન રહેવું. પુષ્ટિ પુરૂષોત્તમને ન ભૂલવું

એટલું જ ધ્યાન રહે તો ઘણું. તેમાં સંતોષ માનીયે. અમે અમારા વડીલોનાં સેવ્ય સ્વરૂપને ભૂલી શકતા નથી. જ્યારે ભારત આવીયે ત્યારે જેટલો સમય મળે તેટલી ટહેલ અવશ્ય કરીયે. કોઇ વાર તો ન્હાયને મંદીરમાં જઇને બીડાની સેવા કે કોઇ સિદ્ધ કરવાની સેવા અગર ઝારીજી ભરીને દંડવત કરી કાર્ય માટે ચાલ્યા જઇએ. અત્યારે યુવાવસ્થામાં અમારી કર્મ ભૂમિ ધંધાદારીની છે, તેને પૂરી રીતે સંભાળીયે.

સ.–આટલા વરસોમાં ઘણી પેઢીયો થઇ હશે તો દરેક કુટુંબોના શ્રી ઠાકોરજી જુદા પધરાવ્યા હશે કે કેમ ?

જ.–મુખ્યમાં તો શ્રીમદનમોહનજી બિરાજે છે તેજ છે. પરંતુ સેવા વિના રહી ન શકાય. જેથી જ્યાં રહેતા હોઇએ ત્યાં મિશ્રી ભોગના ઠાકોરજી બિરાજે. તેની પ્રસાદી રસોઇમાં પધરાવીને જમી લઇએ સેવાનો લાભ પૂરી રીતે લેવા ભારત આવીને જ મૂળ સ્વરૂપને લાડ લડાવીએ.

–ક્રમશઃ

॥ श्री नटवरवपुर्विजयते ॥

વૈષ્ણવોનું કર્તવ્ય

વ્યાખ્યાતા : **ગો. શ્રી રણછોડલાલજી મહારાજ, રાજનગર**

પ્રેષક : **પ. ભ. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા, રાજકોટ**

દ્રઢ વિશ્વાસ અને તેની સાથે આચાર વિચાર આપણા પુષ્ટિમાર્ગમાં આગળ વધવા માટે પ્રથમ પગથિયા રૂપ છે. માન્યતા છે તે મોટી વસ્તુ છે. પતિ પ્રત્યે પતિવ્રતા સ્ત્રીની માન્યતાથી જ તેને પતિમાં સર્વ પ્રકારના ધર્મો (પ્રકટ ન હોવા છતા પણ) દેખાય છે. દાખલા તરીકે જેમ કે, જે વખતે નાની બાળકીનું સગપણ થાય છે તે વખતે તેને કોઇપણ જાતની તેના પતિની માહિતી હોતી નથી. તેમ ગુણ દુર્ગુણ પણ જોવાતા નથી. અને જેવી વ્યક્તિ સાથે તેનો પિતા હાથ પકડાવે તેવાની સાથે જવું પડે છે અને તેને જ પતિ તરીકે કબૂલ કરવો પડે છે. એવા દાખલા મર્યાદા માર્ગમાં સતીઓના ઘણાય છે પતિમાં એક પણ ધર્મ પ્રકટ ન હોવા છતાં એ સ્ત્રીની માન્યતા એવી જ હતી કે જે મારો પતિ છે તેમાં કોઈ દુર્ગુણ હોઇ શકે જ નહિં અને મારે માટે પુરુષ તો દુનીયામાં મારો પતિ એક જ છે. એટલે તેના જેવું ગુણમાં કે બળમાં કોઇ નથી; અને તે શ્રદ્ધાને લઇને તેનામાં જે ગુણ ન હોય તે પણ ભગવદ ઇચ્છાથી અને તેના સતીત્વના પરિણામે આવતા; અને હાલમાં એવી જે સતીઓ હશે તેમના સતીત્વના પ્રભાવે તેમ બનતું જ હશે કારણ કે તેના દ્રઢ વિશ્વાસના પરિણામે ઇશ્વરને તેનામાં તેવા ગુણ મૂકવાની ફરજ પડે છે એ કેવળ એ માન્યતાનું જ ફળ છે દ્રઢ વિશ્વાસ તેજ સત્ય છે, અને સત્ય છે તે ભગવત્સ્વરૂપ છે. એ સત્યના બળને લઇને તો સતી સૂર્યોદય થતો અટકાવી શકતી યમ પાસેથી પોતાના

એટલું જ ધ્યાન રહે તો ઘણું. તેમાં સંતોષ માનીયે. અમે અમારા વડીલોનાં સેવ્ય સ્વરૂપને ભૂલી શકતા નથી. જ્યારે ભારત આવીયે ત્યારે જેટલો સમય મળે તેટલી ટહેલ અવશ્ય કરીયે. કોઇ વાર તો ન્હાયને મંદીરમાં જઇને બીડાની સેવા કે કોઇ સિદ્ધ કરવાની સેવા અગર ઝારીજી ભરીને દંડવત કરી કાર્ય માટે ચાલ્યા જઇએ. અત્યારે યુવાવસ્થામાં અમારી કર્મ ભૂમિ ધંધાદારીની છે, તેને પૂરી રીતે સંભાળીયે.

સ.–આટલા વરસોમાં ઘણી પેઢીયો થઇ હશે તો દરેક કુટુંબોના શ્રી ઠાકોરજી જુદા પધરાવ્યા હશે કે કેમ ?

જ.–મુખ્યમાં તો શ્રીમદનમોહનજી બિરાજે છે તેજ છે. પરંતુ સેવા વિના રહી ન શકાય. જેથી જ્યાં રહેતા હોઇએ ત્યાં મિશ્રી ભોગના ઠાકોરજી બિરાજે. તેની પ્રસાદી રસોઇમાં પધરાવીને જમી લઇએ સેવાનો લાભ પૂરી રીતે લેવા ભારત આવીને જ મૂળ સ્વરૂપને લાડ લડાવીએ.

–ક્રમશઃ

॥ श्री नटवरवपुर्विजयते ॥

વૈષ્ણવોનું કર્તવ્ય

વ્યાખ્યાતા : **ગો. શ્રી રણછોડલાલજી મહારાજ, રાજનગર**

પ્રેષક : **પ. ભ. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા, રાજકોટ**

દ્રઢ વિશ્વાસ અને તેની સાથે આચાર વિચાર આપણા પુષ્ટિમાર્ગમાં આગળ વધવા માટે પ્રથમ પગથિયા રૂપ છે. માન્યતા છે તે મોટી વસ્તુ છે. પતિ પ્રત્યે પતિવ્રતા સ્ત્રીની માન્યતાથી જ તેને પતિમાં સર્વ પ્રકારના ધર્મો (પ્રકટ ન હોવા છતાં પણ) દેખાય છે. દાખલા તરીકે જેમ કે, જે વખતે નાની બાળકીનું સગપણ થાય છે તે વખતે તેને કોઇપણ જાતની તેના પતિની માહિતી હોતી નથી. તેમ ગુણ દુર્ગુણ પણ જોવાતા નથી. અને જેવી વ્યક્તિ સાથે તેનો પિતા હાથ પકડાવે તેવાની સાથે જવું પડે છે અને તેને જ પતિ તરીકે કબૂલ કરવો પડે છે. એવા દાખલા મર્યાદા માર્ગમાં સતીઓના ઘણાય છે પતિમાં એક પણ ધર્મ પ્રકટ ન હોવા છતાં એ સ્ત્રીની માન્યતા એવી જ હતી કે જે મારો પતિ છે તેમાં કોઈ દુર્ગુણ હોઇ શકે જ નહિં અને મારે માટે પુરુષ તો દુનીયામાં મારો પતિ એક જ છે. એટલે તેના જેવું ગુણમાં કે બળમાં કોઇ નથી; અને તે શ્રદ્ધાને લઇને તેનામાં જે ગુણ ન હોય તે પણ ભગવદ ઇચ્છાથી અને તેના સતીત્વના પરિણામે આવતા; અને હાલમાં એવી જે સતીઓ હશે તેમના સતીત્વના પ્રભાવે તેમ બનતું જ હશે કારણ કે તેના દ્રઢ વિશ્વાસના પરિણામે ઇશ્વરને તેનામાં તેવા ગુણ મૂકવાની ફરજ પડે છે એ કેવળ એ માન્યતાનું જ ફળ છે દ્રઢ વિશ્વાસ તેજ સત્ય છે, અને સત્ય છે તે ભગવત્સ્વરૂપ છે. એ સત્યના બળને લઇને તો સતી સૂર્યોદય થતો અટકાવી શકતી યમ પાસેથી પોતાના

મૃત પતિને લાવી શકતી, જેનો દાખલો સતી સાવિત્રી છે. એવું એમનામાં સામર્થ્ય હતું. તેમની કથાઓ પુરાણોમાં છે. તો તેવી જ રીતે ભકતની માન્યતા ભગવાન પ્રત્યે હોવી જોઇએ. શિષ્યની માન્યતા પોતાના ગુરુદેવ પ્રત્યે હોવી જોઇયે પ્રજાની માન્યતા રાજા પ્રત્યે હોવી જોઇયે અને પુત્રની માન્યતા પિતા પ્રત્યે કેટલી દ્રઢ હોવી જોઇયે તેનો દાખલો લઇયે. પિતાની આજ્ઞા પરશુરામે માની પોતાની માતાને મારી નાખી અને પિતાની પ્રસન્નતા મેળવી, પછી વરદાન માગ્યું કે મારી માતાને જીવતી કરો, માતા જીવતી થઈ. પિતાની આજ્ઞા એ પુત્રનો પ્રથમ ધર્મ હોવો જોઇયે. પરશુરામે આજ્ઞાનું પાલન કર્યું તો બન્ને ધર્મ સમાયા, તેવી રીતે રામચંદ્રજીયે દશરથ રાજાની આજ્ઞા માથે ચડાવી અને વનવાસ ભોગવ્યો. એક અક્ષર પણ બોલ્યા નહીં, તેવી રીતે ગુરુદેવની આજ્ઞામાં દ્રઢ વિશ્વાસ હોવો જોઇયે, ભલે ગુરુની આજ્ઞા બહારથી દેખીતી રીતે વિપરીત લાગતી હોય, પરન્તુ પરિણામે ફલરૂપ નીવડે છે. ગુરુદેવની આજ્ઞામાં દ્રઢ વિશ્વાસ ભકતનો મુખ્ય ધર્મ છે દ્દષ્ટાન્તરૂપે ઉપમન્યુની તેના ગુરુદેવે કપરી કસોટી કરી છે. જ્યારે આપણા પુષ્ટિમાર્ગમાં આચાર્ય ચરણનું સ્વરૂપ તો કૃપાસાગરનું છે શ્રી મહાપ્રભુજીએ તેમજ વલ્લભકુળના બાળકોયે એટલે દરજ્જે કોઈની કસોટી કરી જ નથી. અને હાલમાં થતી જ નથી. એવી કસોટી કરવામાં આવે તો આજના જીવોથી સહી શકાય જ નહી. ઉંચા ચઢવાને બદલે ખસી પડે.

ઉપરની બધી બાબતો આ કાળમાં વિપરીત દેખાય છે, પાશ્ચાત્ય કેળવણી જ્યારથી આપણા દેશમાં આવી ત્યારથી ઉપરની માન્યતાઓ ઓછી થતી ગઇ પરિણામે દરેકના ફળમાં મર્યાદા આવી. પ્રથમ માન્યતા, શ્રદ્ધા, વિશ્વાસ હતા અને ફળ પણ સાચુ મળતું. હાલમાં તે બધું વિપરીત દેખાય છે. તો પરિણામે ફળ પણ વિપરીત દેખાય છે.

પતિવ્રતાને જે ધર્મો છે તેજ ધર્મો ભગવદ્ ભકતોના હોવા જોઇએ, જેવો સતી સ્ત્રીનો પતિ પ્રત્યે ભાવ અડગ હોય છે તેવો જ વૈષ્ણવનો ભાવ પોતાના પ્રભુ પ્રત્યે તથા ગુરુ પ્રત્યે અડગ હોવો જોઇયે. પ્રભુ પ્રત્યે સાચો ભાવ અને દ્રઢ વિશ્વાસ રાખવાથી જેમ પ્રભુ પ્રસન્ન થાય છે તેમ ગુરુ પ્રસન્નતાનું ફળ તે પુરુષોત્તમનો સાક્ષાત્કાર તેના દાખલાઓ ચોર્યાસી અને બસોબાવન વૈષ્ણવોની વાર્તાનાં પ્રસંગોમાં મળી આવે છે, મર્યાદા માર્ગમાં પણ ગુરુમહિમા મોટો કહ્યો છે. ભકતમાળ વગેરેમાં તેના દાખલા ઘણા છે. પરન્તુ તેમનામાં અને આપણામાં એટલો તફાવત છે કે તેઓ ગુરુને દેવ તરીકે માને છે, જ્યારે આપણામાં ગુરુ શ્રી મહાપ્રભુજીનો વંશ હોવાથી સાક્ષાત પુરુષોતમજ છે. માટે જ આપણા આચાર્યોના સિદ્ધાંત પ્રમાણે સ્વવંશ સિવાય બીજા કોઇનું બ્રહ્મ સંબધ લેવાય નહીં; તેમ ચરણામૃત પણ લેવાય નહીં. કારણ કે મર્યાદા માર્ગમાં જ્યારે ભાવનાજ કરવાની હોય છે. ત્યારે આપણા માર્ગમાં સાક્ષાત્ છે.

ભકતને સહેજે અવિશ્વાસ થયો એટલે તેનું સતીત્વ ગયું. પરિણામ એ આવે કે પ્રભુથી દુર રહેવું છે ધણી હોવા છતાં વૈધવ્ય ભોગવવું પડે અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજીના

મૃત પતિને લાવી શકતી, જેનો દાખલો સતી સાવિત્રી છે. એવું એમનામાં સામર્થ્ય હતું. તેમની કથાઓ પુરાણોમાં છે. તો તેવી જ રીતે ભકતની માન્યતા ભગવાન પ્રત્યે હોવી જોઇએ. શિષ્યની માન્યતા પોતાના ગુરુદેવ પ્રત્યે હોવી જોઇયે પ્રજાની માન્યતા રાજા પ્રત્યે હોવી જોઇયે અને પુત્રની માન્યતા પિતા પ્રત્યે કેટલી દ્રઢ હોવી જોઇયે તેનો દાખલો લઇયે. પિતાની આજ્ઞા પરશુરામે માની પોતાની માતાને મારી નાખી અને પિતાની પ્રસન્નતા મેળવી, પછી વરદાન માગ્યું કે મારી માતાને જીવતી કરો, માતા જીવતી થઈ. પિતાની આજ્ઞા એ પુત્રનો પ્રથમ ધર્મ હોવો જોઇયે. પરશુરામે આજ્ઞાનું પાલન કર્યું તો બન્ને ધર્મ સમાયા, તેવી રીતે રામચંદ્રજીયે દશરથ રાજાની આજ્ઞા માથે ચડાવી અને વનવાસ ભોગવ્યો. એક અક્ષર પણ બોલ્યા નહીં, તેવી રીતે ગુરુદેવની આજ્ઞામાં દ્રઢ વિશ્વાસ હોવો જોઇયે, ભલે ગુરુની આજ્ઞા બહારથી દેખીતી રીતે વિપરીત લાગતી હોય, પરન્તુ પરિણામે ફલરૂપ નીવડે છે. ગુરુદેવની આજ્ઞામાં દ્રઢ વિશ્વાસ ભકતનો મુખ્ય ધર્મ છે દ્દષ્ટાન્તરૂપે ઉપમન્યુની તેના ગુરુદેવે કપરી કસોટી કરી છે. જ્યારે આપણા પુષ્ટિમાર્ગમાં આચાર્ય ચરણનું સ્વરૂપ તો કૃપાસાગરનું છે શ્રી મહાપ્રભુજીએ તેમજ વલ્લભકુળના બાળકોયે એટલે દરજ્જે કોઈની કસોટી કરી જ નથી. અને હાલમાં થતી જ નથી. એવી કસોટી કરવામાં આવે તો આજના જીવોથી સહી શકાય જ નહી. ઉંચા ચઢવાને બદલે ખસી પડે.

ઉપરની બધી બાબતો આ કાળમાં વિપરીત દેખાય છે, પાશ્ચાત્ય કેળવણી જ્યારથી આપણા દેશમાં આવી ત્યારથી ઉપરની માન્યતાઓ ઓછી થતી ગઇ પરિણામે દરેકના ફળમાં મર્યાદા આવી. પ્રથમ માન્યતા, શ્રદ્ધા, વિશ્વાસ હતા અને ફળ પણ સાચુ મળતું. હાલમાં તે બધું વિપરીત દેખાય છે. તો પરિણામે ફળ પણ વિપરીત દેખાય છે.

પતિવ્રતાને જે ધર્મો છે તેજ ધર્મો ભગવદ્ ભકતોના હોવા જોઇએ, જેવો સતી સ્ત્રીનો પતિ પ્રત્યે ભાવ અડગ હોય છે તેવો જ વૈષ્ણવનો ભાવ પોતાના પ્રભુ પ્રત્યે તથા ગુરુ પ્રત્યે અડગ હોવો જોઇયે. પ્રભુ પ્રત્યે સાચો ભાવ અને દ્રઢ વિશ્વાસ રાખવાથી જેમ પ્રભુ પ્રસન્ન થાય છે તેમ ગુરુ પ્રસન્નતાનું ફળ તે પુરુષોત્તમનો સાક્ષાત્કાર તેના દાખલાઓ ચોર્યાસી અને બસોબાવન વૈષ્ણવોની વાર્તાનાં પ્રસંગોમાં મળી આવે છે, મર્યાદા માર્ગમાં પણ ગુરુમહિમા મોટો કહ્યો છે. ભકતમાળ વગેરેમાં તેના દાખલા ઘણા છે. પરન્તુ તેમનામાં અને આપણામાં એટલો તફાવત છે કે તેઓ ગુરુને દેવ તરીકે માને છે, જ્યારે આપણામાં ગુરુ શ્રી મહાપ્રભુજીનો વંશ હોવાથી સાક્ષાત પુરુષોતમજ છે. માટે જ આપણા આચાર્યોના સિદ્ધાંત પ્રમાણે સ્વવંશ સિવાય બીજા કોઇનું બ્રહ્મ સંબધ લેવાય નહીં; તેમ ચરણામૃત પણ લેવાય નહીં. કારણ કે મર્યાદા માર્ગમાં જ્યારે ભાવનાજ કરવાની હોય છે. ત્યારે આપણા માર્ગમાં સાક્ષાત્ છે.

ભકતને સહેજે અવિશ્વાસ થયો એટલે તેનું સતીત્વ ગયું. પરિણામ એ આવે કે પ્રભુથી દુર રહેવું છે ધણી હોવા છતાં વૈધવ્ય ભોગવવું પડે અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્યજીના

વચનામૃત વિવેક ધૈર્યાશ્રયમાં છે. માટે કોઇ દિવસ પ્રભુ પ્રત્યે અથવા ગુરુ પ્રત્યે અવિશ્વાસ જરાપણ ન આવે તે માટે વૈષ્ણવે સાવચેત રહેવું જ જોઇએ. કારણ કે અવિશ્વાસ ધર્મમાં આગળ વધનારાઓ માટે મહાન બાધક છે. અને તેથી જ વિશ્વાસને પ્રથમ પગથિયા સમાન ગણ્યો છે, આપણામાં કહેવત છે કે વિશ્વાસથી વહાણ ચાલે છે એક વિશ્વાસ સાચો હોય તો ઘણું છે. એક દ્રઢ વિશ્વાસ અને એક પ્રભુનું સ્મરણ અખંડ એક રસવાહી હોય તો પછી બીજા ધર્મો પ્રભુ જરૂર જીવ ઉપર કૃપા કરી એક પછી એક તેનામાં લાવે છે. વિશ્વાસ માટે વૈષ્ણવે શ્રી ગોકુલાધીશના વચનામૃતોમાં વિરકત વૈષ્ણવની હાંડીનો પ્રસંગ જોઇ લેવો આસમર્પિત છુટયું હોય પણ જો અવિશ્વાસ રંચક પણ હોય તો બધુ નકામુ છે. પ્રથમ વિશ્વાસ જોઇએ જેવો પ્રભુ પ્રત્યે તથા ગુરુ પ્રત્યે વિશ્વાસ રાખવો જોઇએ તેવો વૈષ્ણવ પ્રત્યે પણ રાખવો જોઇએ તે માટે બસોબાવન વૈષ્ણવની વાર્તામાં નારાયણદાસ દીવાનના પ્રસંગમાં ઠગનો પ્રસંગ જોઇ લૈવા તે પ્રસંગમાં વૈષ્ણવને વિશ્વાસ હતો કે વૈષ્ણવ એવું કરે જ નહીં; અને તે વિશ્વાસ એટલો બધો દ્રઢ હતો કે તેના પરિણામ પોતાની શ્રદ્ધા ફળી, મૃત પત્ની જીવતી થઇ, અને ઠગ પણ તેના દ્રઢ વિશ્વાસનો પ્રભાવ જોઇ વૈષ્ણવ થયા.

કોઇ શરણે આવેલા જીવનો આપણાથી દોષ પ્રત્યક્ષ દેખાય અને જો આપણે તેને કહી શકતા હોઇયે તો ભલે કહેવું, એક વખત કહેવું સમજાવવું છતાં ન સમજે તો તે વાતને લાંબી ચીતરવી નહીં; પરન્તુ આપણા મનનું સમાધાન કરી લેવું કે આ વૈષ્ણવ થઇને ભુલ કરે છે. તો તેમાં ભગવદિચ્છા હશે; તે આપણે સમજી શકતા નથી; તેનું પણ કંઇક કારણ હશે; નહી તો શરણે આવવા છતાં આવો કેમ હોય ? એવી રીતે મનને મનાવતા શીખીયે તો સામાના દોષ ગુણરૂપ દેખાય ખરીવાત એ છે કે વૈષ્ણવના દોષ દૃષ્ટિમાં આવવા જ ન જોઇયે. છતાં સામાન્ય સ્વભાવથી કદાચ આવી જાય તો ઉપર પ્રમાણે સમાધાન કરવું. અને આપણામાં ગમે તેવા ગુણ હોય છતા હમેશા ખામીરૂપ દેખાય તો એમ સમજવું કે પ્રભુયે મારા ઉપર કૃપા કરવા માંડી છે. બીજાને દીવો ધરવા જનારે પ્રથમ એ જોવું જોઇયે કે પોતાના પગ ઉપર પ્રકાશ છે કે નહિ. હમેશા યાદ રાખવું કે જે કાંઇ કરે છે તે ભગવદિચ્છાથી કરે છે અને તેથી તેના દોષ જોવામાં સ્વામીના દોષ જોવા સમાન પાપ છે.

–ક્રમશઃ

વચનામૃત વિવેક ધૈર્યાશ્રયમાં છે. માટે કોઇ દિવસ પ્રભુ પ્રત્યે અથવા ગુરુ પ્રત્યે અવિશ્વાસ જરાપણ ન આવે તે માટે વૈષ્ણવે સાવચેત રહેવું જ જોઇએ. કારણ કે અવિશ્વાસ ધર્મમાં આગળ વધનારાઓ માટે મહાન બાધક છે. અને તેથી જ વિશ્વાસને પ્રથમ પગથિયા સમાન ગણ્યો છે, આપણામાં કહેવત છે કે વિશ્વાસથી વહાણ ચાલે છે એક વિશ્વાસ સાચો હોય તો ઘણું છે. એક દ્રઢ વિશ્વાસ અને એક પ્રભુનું સ્મરણ અખંડ એક રસવાહી હોય તો પછી બીજા ધર્મો પ્રભુ જરૂર જીવ ઉપર કૃપા કરી એક પછી એક તેનામાં લાવે છે. વિશ્વાસ માટે વૈષ્ણવે શ્રી ગોકુલાધીશના વચનામૃતોમાં વિરકત વૈષ્ણવની હાંડીનો પ્રસંગ જોઇ લેવો. આસમર્પિત છુટયું હોય પણ જો અવિશ્વાસ રંચક પણ હોય તો બધુ નકામુ છે. પ્રથમ વિશ્વાસ જોઇએ જેવો પ્રભુ પ્રત્યે તથા ગુરુ પ્રત્યે વિશ્વાસ રાખવો જોઇએ તેવો વૈષ્ણવ પ્રત્યે પણ રાખવો જોઇએ તે માટે બસોબાવન વૈષ્ણવની વાર્તામાં નારાયણદાસ દીવાનના પ્રસંગમાં ઠગનો પ્રસંગ જોઇ લૈવા તે પ્રસંગમાં વૈષ્ણવને વિશ્વાસ હતો કે વૈષ્ણવ એવું કરે જ નહીં; અને તે વિશ્વાસ એટલો બધો દ્રઢ હતો કે તેના પરિણામ પોતાની શ્રદ્ધા ફળી, મૃત પત્ની જીવતી થઇ, અને ઠગ પણ તેના દ્રઢ વિશ્વાસનો પ્રભાવ જોઇ વૈષ્ણવ થયા.

કોઇ શરણે આવેલા જીવનો આપણાથી દોષ પ્રત્યક્ષ દેખાય અને જો આપણે તેને કહી શકતા હોઇયે તો ભલે કહેવું, એક વખત કહેવું સમજાવવું છતાં ન સમજે તો તે વાતને લાંબી ચીતરવી નહીં; પરન્તુ આપણા મનનું સમાધાન કરી લેવું કે આ વૈષ્ણવ થઇને ભુલ કરે છે. તો તેમાં ભગવદિચ્છા હશે; તે આપણે સમજી શકતા નથી; તેનું પણ કંઈક કારણ હશે; નહી તો શરણે આવવા છતાં આવો કેમ હોય ? એવી રીતે મનને મનાવતા શીખીયે તો સામાના દોષ ગુણરૂપ દેખાય ખરીવાત એ છે કે વૈષ્ણવના દોષ દષ્ટિમાં આવવા જ ન જોઇયે. છતાં સામાન્ય સ્વભાવથી કદાચ આવી જાય તો ઉપર પ્રમાણે સમાધાન કરવું. અને આપણામાં ગમે તેવા ગુણ હોય છતા હમેશા ખામીરૂપ દેખાય તો એમ સમજવું કે પ્રભુયે મારા ઉપર કુપા કરવા માંડી છે. બીજાને દીવો ધરવા જનારે પ્રથમ એ જોવું જોઇયે કે પોતાના પગ ઉપર પ્રકાશ છે કે નહિ. હમેશા યાદ રાખવું કે જે કાંઇ કરે છે તે ભગવદિચ્છાથી કરે છે અને તેથી તેના દોષ જોવામાં સ્વામીના દોષ જોવા સમાન પાપ છે.

–ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૬૨. રાગ-ગૌરી ચૌ. ૫૦

વંદૌં છીપા વિષ્ણુદાસ,
સખી 'કમલા' શ્રી ચંદ્રાવલીજીકી, પ્રકટે છિપન આવાસ. ૧

છીંટ બેંચત શરણ આયે, ભયો જ્ઞાન સ્વરૂપ સુખરાસ;
જ્ઞાન ભયો 'સેવાફલ' પઢતે, સકલ શાસ્ત્રકો બિનુ પ્રયાસ. ૨

ગોકુલવાસ કર ભયે પોરીયા, પંડિત જીત કીયે નિરાસ;
'લાલદાસ' શ્રી વલ્લભ કૃપા તે, પૂરન ભઇ સબ મનકી આસ. ૩

૬૩. રાગ-ગૌરી ચૌ. ૫૧

વંદૌ ક્ષત્રિય જીવનદાસ,
સખી 'ઇશ્વિરી' શ્રીયમુનાજીકી, સિંહનંદ કરત નિવાસ. ૧

કરત દલાલી આગ્રા જા કર, રાગ રંગકો બહુત અધ્યાસ;
બંદીખાનો દીયો બજાજને, લહેનો સો રૂપિયા ના પાસે. ૨

શ્રી યમુનાસ્નાન કરત દેખ્યો, દૈવી જાન કીયો મંદહાસ;
શરણ લીયો પ્રભુ શ્રીવલ્લભને, ભયો સકલ દુઃખ નાશ. ૩

દીયો ન બર્ષન મેઘ આન દઇ, કહી બરસન તવ બરસે નાજ;
'લાલદાસ' શ્રીવલ્લભ પ્રભુને, યહ સામર્થ્ય ધર્યો ઈનમાંઝ. ૪

૬૪. રાગ-ગોરી ચૌ. ૫૨

વંદૌં શ્રી ભગવાનદાસ વિપ્રવરન,
સખી 'સુગંધિની' શ્રી વિશાખાજીકી, હાજીપુર રહત નિજઘરન. ૧

માંગન ગયે શ્રીમંત યજમાન ઘર, દીયો નહીં કછુ ધન;
બુરી લગી તબ ઘર તે નિકસ ચલે, ધન કમાઇવે કોં કર પ્રન. ૨

મારગ જાત મિલે શ્રી મહાપ્રભુ, પટના પાસ પાયો હે શરન;
'લાલદાસ' સેવા પધરાયે, પાદુકાજી આપુ કે યુગચરન. ૩

॥ શ્રી ગુરુદેવ ચરણુકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણુવ]

૬૨. રાગ-ગૌરી વૌ. ૫૦

વંદૌં છીપા વિષ્ણુદાસ,
સખી ‘કમલા’ શ્રી ચંદ્રાવલીજીકી, પ્રકટે છિપન આવાસ. ૧
છીંટ બેંચત શરણુ આયે, ભયો જ્ઞાન સ્વરૂપ સુખરાસ;
જ્ઞાન ભયો ‘સેવાફલ’ પઢતે, સકલ શાસ્ત્રકો બિનુ પ્રયાસ. ૨
ગોકુલવાસ કર ભયે પોરીયા, પંડિત જીત કીયે નિરાસ;
‘લાલદાસ’ શ્રી વલ્લભ કૃપા તે, પૂરન ભઇ સબ મનકી આસ. ૩

૬૩. રાગ-ગૌરી વૌ. ૫૧

વંદૌ ક્ષત્રિય જીવનદાસ,
સખી ‘ઇશ્વિરી’ શ્રીયમુનાજીકી, સિંહનંદ કરત નિવાસ. ૧
કરત દલાલી આગ્રા જા કર, રાગ રંગકો બહુત અધ્યાસ;
બંદીખાનો દીયો બજાજને, લહેનો સો રૂપિયા ના પાસે. ૨
શ્રી યમુનાસ્નાન કરત દેખ્યો, દૈવી જાન કીયો મંદહાસ;
શરણુ લીયો પ્રભુ શ્રીવલ્લભને, ભયો સકલ દુઃખ નાશ. ૩
દીયો ન બર્ષન મેઘ આન દઇ, કહી બરસન તવ બરસે નાજ;
‘લાલદાસ’ શ્રીવલ્લભ પ્રભુને, યહ સામર્થ્ય ધર્યો ઈનમાંઝ. ૪

૬૪. રાગ-ગોરી વૌ. ૫૨

વંદૌં શ્રી ભગવાનદાસ વિપ્રવરન,
સખી ‘સુગંધિની’ શ્રી વિશાખાજીકી, હાજીપુર રહત નિજઘરન. ૧
માંગન ગયે શ્રીમંત યજમાન ઘર, દીયો નહીં કછુ ધન;
બુરી લગી તબ ઘર તે નિકસ ચલે, ધન કમાઇવે કોં કર પ્રન. ૨
મારગ જાત મિલે શ્રી મહાપ્રભુ, પટના પાસ પાયો હે શરન;
‘લાલદાસ’ સેવા પધરાયે, પાદુકાજી આપુ કે યુગચરન. ૩

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

૩૯. ઉગ્ર પ્રતાપો રૂપ

ઉગ્ર પ્રતાપ જગતમેં જાકો,
ભકિત શત્રુ લક્ષ્મી વાહન સમ, દૂર રહે અંધિયાર આગાર કો. ૧

રવિ શશી કે નિર્મલ પ્રકાશમેં, કહા કોટી ખદ્યોત ચમક કો;
'વ્રજ' પતિ શ્રી પ્રથમેશ કે આગે, રંક બિચારે કહા ચલે તાકો. ૨

૪૦. વાક્ સિંધુપુરિતા શેષ સેવક રૂપ

રોમ રોમ પ્રતિ અનંત વાક્નિધિ, શ્રી વલ્લભ તન સોહે;
પૂરત વચન સુધા સેવક ઉર, શ્રીમદ્ ભાગવત રસકો દોહે. ૧

વેણુનાદસોં બરખત બ્રજ પર, જળલગ મૃગગણ રહત વિમોહે;
વાક્પતિ મધુપતિ પરમ કૃપાલ, 'વ્રજ'પતિ પ્રથમેશ જુ મોહે. ૨

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૧૧ તા. ૧૦-૪-૯૧ બુધવાર. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્યોત્સવ તથા શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) અને ભકતકવિ શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) શ્રી વ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૧૧-૪-૯૧ ગુરુવાર. ગો. શ્રી વલ્લભકુમારજી મહારાજ (કોટા)નો જન્મદિન.

સંવત ૨૦૪૭ અધિક વૈશાખ સુદ ૧ સોમવાર તા. ૧૫-૪-૯૧ થી અધિક વદ અમાસ તા. ૧૪-૫-૯૧ મંગળવાર સુધી શ્રીને નિત્ય નવો મનોરથ.

અધિક વૈશાખ સુદ ૧૧ તા. ૨૪-૪-૯૧ બુધવાર, કમલા એકાદશી વ્રત.

અધિક વૈશાખ વદ ૧૧ તા. ૧૦-૫-૯૧ શુક્રવાર, કમલા એકાદશી વ્રત.

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

૩૯. ઉગ્ર પ્રતાપો રૂપ

ઉગ્ર પ્રતાપ જગતમેં જાકો,
ભકિત શત્રુ લક્ષ્મી વાહન સમ, દૂર રહે અંધિયાર આગાર કો. ૧

રવિ શશી કે નિર્મલ પ્રકાશમેં, કહા કોટી ખદ્યોત ચમક કો;
'વ્રજ' પતિ શ્રી પ્રથમેશ કે આગે, રંક બિચારે કહા ચલે તાકો. ૨

૪૦. વાક્ સિંધુપુરિતા શેષ સેવક રૂપ

રોમ રોમ પ્રતિ અનંત વાક્નિધિ, શ્રી વલ્લભ તન સોહે;
પૂરત વચન સુધા સેવક ઉર, શ્રીમદ્ ભાગવત રસકો દોહે. ૧
વેણુનાદસોં બરખત બ્રજ પર, જબલગ મૃગગણ રહત વિમોહે;
વાક્પતિ મધુપતિ પરમ કૃપાલ, 'વ્રજ'પતિ પ્રથમેશ જુ મોહે. ૨

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૧૧ તા. ૧૦-૪-૯૧ બુધવાર. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્યોત્સવ તથા શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) અને ભકતકવિ શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) શ્રી વ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૧૧-૪-૯૧ ગુરુવાર. ગો. શ્રી વલ્લભકુમારજી મહારાજ (કોટા)નો જન્મદિન.

સંવત ૨૦૪૭ અધિક વૈશાખ સુદ ૧ સોમવાર તા. ૧૫-૪-૯૧ થી અધિક વદ અમાસ તા. ૧૪-૫-૯૧ મંગળવાર સુધી શ્રીને નિત્ય નવો મનોરથ.

અધિક વૈશાખ સુદ ૧૧ તા. ૨૪-૪-૯૧ બુધવાર, કમલા એકાદશી વ્રત.

અધિક વૈશાખ વદ ૧૧ તા. ૧૦-૫-૯૧ શુક્રવાર, કમલા એકાદશી વ્રત.

મને ષોડશ ગ્રંથ ગમે

[ઢાળ : મને કૃષ્ણ પ્રભુની ગીતા ગમે....]

વલ્લભ પ્રભુના મને ષોડશ ગ્રંથ ગમે રે,
અહો રાત મારા મનમાં તે રમે રે... ૧

વાલે મારે ષોડશ ગ્રંથે પુષ્ટિ રસ ભર્યો રે,
સર્વ વૈષ્ણવ સૃષ્ટિએ હૃદયારૂઢ કર્યો રે.... ૨

વાલે પ્રથમ પાઠ રચ્યો યમુનાષ્ટકનો રે,
નૂતન દેહ ધરાવી વિજય કર્યો સ્વભાવનો રે.... ૩

અબુધજનને જ્ઞાન આપ્યું બાલ બોધે રે,
જીવના ભેદ બતાવ્યા પુષ્ટિ પ્રવાહ મર્યાદે રે.... ૪

સિદ્ધાંત રહસ્યે શ્રીનાથે આજ્ઞા દીધી રે,
મધુરાષ્ટકથી વાલે સ્તુતિ કીધી રે.... ૫

દામોદર દાસજીને બ્રહ્મસંબંધ કરાવ્યો રે,
સેવા સમર્પણનો બોધ દર્શાવ્યો રે... ૬

નવરત્ને ચિંતા દુર કીધી રે,
અંતઃકરણ પ્રબોધે સન્મતિ દીધી રે.... ૭

વિવેક ધૈર્ય આશ્રય બતાવ્યો રે,
નવમે કૃષ્ણાશ્રય દૃઢ કરાવ્યો રે.... ૮

ચતુઃશ્લોકીથી ભાગવત પાઠ ગણાય રે,
એકાદશમે ભક્તિની વૃદ્ધિ થાય રે.... ૯

વકતા જલભેદે પરખાય રે,
પંચપદ્યાનિમાં શ્રોતાભેદ દેખાય રે.... ૧૦

કલિયુગે ભકિત સંન્યાસ સારો રે,
પંદરમે નિરોધ સિદ્ધ કરનારો રે.... ૧૧

છેલ્લે સેવાફલ પ્રતિબંધ કહેવાય રે,
'લક્ષ્મી' પાઠ કરે એનો વ્રજવાસ હોય રે.... ૧૨

—શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

મને ષોડશ ગ્રંથ ગમે

[ઢાળ : મને કૃષ્ણ પ્રભુની ગીતા ગમે....]

વલ્લભ પ્રભુના મને ષોડશ ગ્રંથ ગમે રે,
અહો રાત મારા મનમાં તે રમે રે... ૧

વાલે મારે ષોડશ ગ્રંથે પુષ્ટિ રસ ભર્યો રે,
સર્વ વૈષ્ણવ સૃષ્ટિએ હૃદયારૂઢ કર્યો રે.... ૨

વાલે પ્રથમ પાઠ રચ્યો યમુનાષ્ટકનો રે,
નૂતન દેહ ધરાવી વિજય કર્યો સ્વભાવનો રે.... ૩

અબુધજનને જ્ઞાન આપ્યું બાલ બોધે રે,
જીવના ભેદ બતાવ્યા પુષ્ટિ પ્રવાહ મર્યાદે રે.... ૪

સિદ્ધાંત રહસ્યે શ્રીનાથે આજ્ઞા દીધી રે,
મધુરાષ્ટકથી વાલે સ્તુતિ કીધી રે.... ૫

દામોદર દાસજીને બ્રહ્મસંબંધ કરાવ્યો રે,
સેવા સમર્પણનો બોધ દર્શાવ્યો રે... ૬

નવરત્ને ચિંતા દુર કીધી રે,
અંતઃકરણ પ્રબોધે સન્મતિ દીધી રે.... ૭

વિવેક ધૈર્ય આશ્રય બતાવ્યો રે,
નવમે કૃષ્ણાશ્રય દૃઢ કરાવ્યો રે.... ૮

ચતુઃશ્લોકીથી ભાગવત પાઠ ગણાય રે,
એકાદશમે ભક્તિની વૃદ્ધિ થાય રે.... ૯

વકતા જલભેદે પરખાય રે,
પંચપદ્યાનિમાં શ્રોતાભેદ દેખાય રે.... ૧૦

કલિયુગે ભકિત સંન્યાસ સારો રે,
પંદરમે નિરોધ સિદ્ધ કરનારો રે.... ૧૧

છેલ્લે સેવાફલ પ્રતિબંધ કહેવાય રે,
‘લક્ષ્મી’ પાઠ કરે એનો વ્રજવાસ હોય રે.... ૧૨

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

આજ સહેલી વધામણા

[ઢાળ : રસિયે વગાડી રંગ વાંસડી ..]

આજ સહેલી વધામણા મારે રંગની હેલી,
પ્રગટયા સખી વલ્લભ પ્રભુ તું ચાલને વેલી. ૧

સગુણ સ્નેહી સાંવરા પ્યારા લાલ સ્વરૂપે,
રસિક રસેશ્વર રસભર્યા સુખ શોભે અનૂપે. ૨

ભક્તિ મારગના સૂર્ય એ દૈવીજન પ્યારા,
બલિહારી એ રૂપની એ તો સહુથી ન્યારા. ૩

આનંદ ઉરમાં અતિ ઘણો તે તો વર્ણ્યો ન જાય,
ત્રિવિધ તાપ છિનમાં હરે આનંદ ઉર થાય. ૪

'વ્રજલત્તા' શ્યામ સોહામણાં એના ઉર માંહી,
ચરણ કમલ કોમલ શીતલ એની રહું છાંહી. ૫

પૂ. ગો. શ્રી વ્રજલત્તાવહુજી, જામનગર

ફૂલ મંડલીનું ધોળ

[માલણ ગુંથી લાવ ફુલના ગજરા...]

સખી ભરી લાવ ફૂલની મંડલી, તેમાં ભરજે ગુલાબના ફુલ....
જાઇ જૂઈ ચમેલીના ફુલ, માંહે ભરજે ડોલરીયાના ફુલ.... સખી૦ ૧
તેમાં બિરાજે શ્રી મદનમોહનલાલ, વાલો ઊભા છે કુંજને દ્વાર.... સખી૦ ૨
સખી ગુંથી લાવ ફુલની માળા, માંહે ગુંથજે ચંપાના ફુલ.... સખી૦ ૩
બોલસરી ગુલકંદના રે ફુલ, થાક ભરજે કોયલના રે ફુલ.... સખી૦ ૪
માળા ધરશે શ્રી ગોવર્ધનનાથ, વાલો આપે ભકતોને અભયદાન.... સખી૦ ૫
સખી ભરી લાવ ફુલની છડીઓ, તેમાં ભરજે કદંબના ફુલ.... સખી૦ ૬
માધવી માલતી સોન જૂઇના ફુલ, રાયવેલ પારિજાતના ફુલ.... સખી૦ ૭
છડી ધરશે શ્રી ગોવર્ધનનાથ, ગાયો ચારી પધારે શ્રી વ્રજનાથ.... સખી૦ ૮

–શ્રીમતી લાભુબેન પી. વંદ્રા, મોટાલીલીયા

આજ સહેલી વધામણા

[ઢાળ : રસિયે વગાડી રંગ વાંસડી ..]

આજ સહેલી વધામણા મારે રંગની હેલી,
પ્રગટયા સખી વલ્લભ પ્રભુ તું ચાલને વેલી. ૧

સગુણ સ્નેહી સાંવરા પ્યારા લાલ સ્વરૂપે,
રસિક રસેશ્વર રસભર્યા સુખ શોભે અનૂપે. ૨

ભક્તિ મારગના સૂર્ય એ દૈવીજન પ્યારા,
બલિહારી એ રૂપની એ તો સહુથી ન્યારા. ૩

આનંદ ઉરમાં અતિ ઘણો તે તો વર્ણવ્યો ન જાય,
ત્રિવિધ તાપ છિનમાં હરે આનંદ ઉર થાય. ૪

'**વ્રજલત્તા**' શ્યામ સોહામણાં એના ઉર માંહી,
ચરણ કમલ કોમલ શીતલ એની રહું છાંહી. ૫

પૂ. ગો. શ્રી વ્રજલત્તાવહુજી, જામનગર

ફૂલ મંડલીનું ઘોળ

[માલણ ગુંથી લાવ ફુલના ગજરા...]

સખી ભરી લાવ ફૂલની મંડલી, તેમાં ભરજે ગુલાબના ફુલ....
જાઇ જૂઈ ચમેલીના ફુલ, માંહે ભરજે ડોલરીયાના ફુલ.... સખી૦ ૧
તેમાં બિરાજે શ્રી મદનમોહનલાલ, વાલો ઊભા છે કુંજને દ્વાર.... સખી૦ ૨
સખી ગુંથી લાવ ફુલની માળા, માંહે ગુંથજે ચંપાના ફુલ.... સખી૦ ૩
બોલસરી ગુલકંદના રે ફુલ, થાક ભરજે કોયલના રે ફુલ.... સખી૦ ૪
માળા ધરશે શ્રી ગોવર્ધનનાથ, વાલો આપે ભકતોને અભયદાન.... સખી૦ ૫
સખી ભરી લાવ ફુલની છડીઓ, તેમાં ભરજે કદંબના ફુલ.... સખી૦ ૬
માધવી માલતી સોન જૂઇના ફુલ, રાયવેલ પારિજાતના ફુલ.... સખી૦ ૭
છડી ધરશે શ્રી ગોવર્ધનનાથ, ગાયો ચારી પધારે શ્રી વ્રજનાથ.... સખી૦ ૮

–શ્રીમતી લાભુબેન પી. વંદ્રા, મોટાલીલીયા

॥ શ્રી હરિ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

ધર્મપ્રેમી વૈષ્ણવજનો,

જણાવતાં ઘણો આનંદ થાય છે કે શ્રાવણ સુદ ૧૧ ને વાર બુધવાર તા. ૨૧-૮-૯૧ થી ભાદરવા સુદ ૧૨ શુક્રવાર ૨૦-૯-૯૧ સુધી નાસિકમાં યોજાનાર કુંભમેળાના અવસરે આંતર-રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના માધ્યમથી શ્રીમદ્ વલ્લભાચાર્ય નગરમાં કલ્પવાસનું આયોજન નક્કી થયું.

આ પ્રસંગે એક માસની કીર્તન શિબીર, ગ્રંથ શિબીર, સેવા શિબીર, વિવિધ પ્રદર્શનો તેમજ આચાર્યચરણોના તથા વિદ્વાનોના વચનામૃત-વ્યાખ્યાનોનું આયોજન રાખવામાં આવ્યું છે.

કાર્યક્રમની વિશેષ માહિતી પછીથી જણાવવામાં આવશે. આ પ્રસંગોનો લાભ લેવા આપને હાર્દિક અનુરોધ છે.

વૈષ્ણવ પરિષદ કાર્યાલય
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલટન રોડ પોલીસ સ્ટેશન સામે,
મુંબઇ-૪૦૦ ૦૦૧.

નિવેદક,
નટવરલાલ ભગત
અધ્યક્ષ
આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

કાલિંદી તું કૃષ્ણજુકી પ્યારી ।
જૈસી કૃપા કરત હરિ હમ પર,
તૈસી તુમજો રાખત હો ન્યારી ॥૧॥
જમુના જલ વિલાસ ચહું દિશ,
જયમ બેઠી સબ દિનકી મહતારી ॥૨॥
સુરદાસ હિલગન મનકી કહા કહું,
કુલ પ્રકૃતિ તિંહારી ॥૩॥

ભાવાર્થ : હે શ્રી કાલિંદીજી ! આપ શ્રીકૃષ્ણને પરમ પ્રિય છો. શ્રીહરિ અમારા ઉપર નૂતન રીતે કૃપા કરો છો. જેમ માતા પોતાના બાલકો અને સ્વામી બન્નેને જુદી જુદી રીતે પણ પૂર્ણ પ્રેમથી લાડ લડાવો છો તેમ આપ આપના જલપ્રવાહમાં શ્રી પ્રભુ અને સર્વ ગોપીજનો અને આપના આશ્રિત જીવોને વિલસાવી લાડ પ્યાર કરો છો. શ્રી સુરદાસજી કહે છે કે, શ્રીયમુનાજી ! શ્રી પ્રાણપતિ અને નિજાશ્રિત જીવો ઉપરના આપના પ્રેમની હું શું વાત કરૂં એતો અવર્ણનીય જ છે. હું વિશેષ શું કહું પરંતુ આર્દ્રતા સહ પરમ-કૃપાળુતા તો આપની મૂળ આદિઅનાદિ પ્રકૃતિ છે અને તે ત્રણે લોકમાં આદિઅનાદિ પ્રસિદ્ધ જ છે. કારણ કે આપ નિજાશ્રિત જીવોના દોષ સામે ન જોતાં તેના દોષોને દુર કરી અને પ્રેમાળ માતાની જેમ તેના સર્વ મનોરથો પૂર્ણ કરી તેને નિકુંજાદિકના મહાન સુખોનું દાન કરો છો.

॥ શ્રી હરિ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

ધર્મપ્રેમી વૈષ્ણવજનો,

જણાવતાં ઘણો આનંદ થાય છે કે શ્રાવણ સુદ ૧૧ ને વાર બુધવાર તા. ૨૧-૮-૯૧ થી ભાદરવા સુદ ૧૨ શુક્રવાર ૨૦-૯-૯૧ સુધી નાસિકમાં યોજાનાર કુંભમેળાના અવસરે આંતર-રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના માધ્યમથી શ્રીમદ્ વલ્લભાચાર્ય નગરમાં કલ્પવાસનું આયોજન નક્કી થયું.

આ પ્રસંગે એક માસની કીર્તન શિબીર, ગ્રંથ શિબીર, સેવા શિબીર, વિવિધ પ્રદર્શનો તેમજ આચાર્યચરણોના તથા વિદ્વાનોના વચનામૃત-વ્યાખ્યાનોનું આયોજન રાખવામાં આવ્યું છે.

કાર્યક્રમની વિશેષ માહિતી પછીથી જણાવવામાં આવશે. આ પ્રસંગોનો લાભ લેવા આપને હાર્દિક અનુરોધ છે.

વૈષ્ણવ પરિષદ કાર્યાલય
જી/૨, સીતારામ બિલ્ડીંગ,
પલટન રોડ પોલીસ સ્ટેશન સામે,
મુંબઇ-૪૦૦ ૦૦૦૧.

નિવેદક,
નટવરલાલ ભગત
અધ્યક્ષ
આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી**

કાલિંદી તું કૃષ્ણજુકી પ્યારી ।
જૈસી કૃપા કરત હરિ હમ પર,
તૈસી તુમજો રાખત હો ન્યારી ॥૧॥
જમુના જલ વિલાસ ચહું દિશ,
જયમ બેઠી સબ દિનકી મહતારી ॥૨॥
સુરદાસ હિલગન મનકી કહા કહું,
કુલ પ્રકૃતિ તિંહારી ॥૩॥

ભાવાર્થ : હે શ્રી કાલિંદીજી ! આપ શ્રીકૃષ્ણને પરમ પ્રિય છો. શ્રીહરિ અમારા ઉપર નૂતન રીતે કૃપા કરો છો. જેમ માતા પોતાના બાલકો અને સ્વામી બન્નેને જુદી જુદી રીતે પણ પૂર્ણ પ્રેમથી લાડ લડાવો છો તેમ આપ આપના જલપ્રવાહમાં શ્રી પ્રભુ અને સર્વ ગોપીજનો અને આપના આશ્રિત જીવોને વિલસાવી લાડ પ્યાર કરો છો. શ્રી સુરદાસજી કહે છે કે, શ્રીયમુનાજી ! શ્રી પ્રાણપતિ અને નિજાશ્રિત જીવો ઉપરના આપના પ્રેમની હું શું વાત કરૂં એતો અવર્ણનીય જ છે. હું વિશેષ શું કહું પરંતુ આર્દ્રતા સહ પરમ-કૃપાળુતા તો આપની મૂળ આદિઅનાદિ પ્રકૃતિ છે અને તે ત્રણે લોકમાં આદિઅનાદિ પ્રસિદ્ધ જ છે. કારણ કે આપ નિજાશ્રિત જીવોના દોષ સામે ન જોતાં તેના દોષોને દુર કરી અને પ્રેમાળ માતાની જેમ તેના સર્વ મનોરથો પૂર્ણ કરી તેને નિકુંજાદિકના મહાન સુખોનું દાન કરો છો.

॥ શ્રીનાથજીઃ ॥

પુષ્ટિ માર્ગનું પ્રાકટ્ય (નાટિકા)

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ચરણરજ' સુરત**

પ્રવેશ ૧ લો

પાત્રો-શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીજી.

(શ્રીસ્વામિનીજી એકલા બિરાજ્યા છે. શ્રીઠાકોરજી પધારે છે. શ્રીસ્વામિનીજીને ઉદાસ જોઈ પૂછે છે.)

શ્રીઠાકોરજી-(પ્રવેશકરી) ઓહ ! આ હું શું જોઈ રહ્યો છું. પ્રિયે ! વાદળીથી ઢંકાયેલા ચંદ્રની માફક આપનું મુખકમળ ઉદાસ કેમ જણાય છે ? કારણ જણાવશો પ્રિયે ?

શ્રીસ્વામિનીજી-(ઉભા થઇ વંદન કરી) ક્ષમા કરજો પ્યારે ! આપ પધાર્યા એનો મને ખ્યાલ પણ ન રહ્યો. બિરાજો, પ્રભુ !

શ્રીઠાકોરજી-મારા પ્રશ્નનો પ્રત્યુત્તર આપશો રાસેશ્વરી !

શ્રીસ્વામિનીજી-શું પ્રત્યુત્તર આપું પ્રભુ ! જે માતા પોતાના પ્યારા બાળકોથી વિખુટી પડેલી હોય તેની વ્યથા કોણ સમજાવી શકે? આંપતો પુરુષ છો. એ સમજવાને માટે તો માતાનુ હૃદય જોઇએ, આપતો ગાયોના ગોવાળ પણ છો. વાછડાથી વિખુટી પડેલી ગાયની વ્યથા શું આપે જોઇ નથી? મારી પણ એવી સ્થિતિ છે. પ્રભુ ! (સાડીથી અશ્રુ લુછે છે.)

શ્રીઠાકોરજી-(ગંભીરતાથી) કાંઇ સમજાય એવું બોલો પ્રિય ! આપની ઉદાસી મારાથી જોઇ શકતી નથી.

શ્રીસ્વામિનીજી-(આશ્ચર્યથી) આપ તો સમર્થ છો. અંતર્યામી છો. છતાં મારે સમજાવવું પડશે પ્રભુ ! શું આપ નથી જાણતા કે, આપણા અસંખ્ય બાળકો, આપણા પ્યારા ભકતો આપણા જ શ્રીઅંગથી પ્રકટ થયેલા અસંખ્ય પુષ્ટિ જીવો, સહસ્ત્ર પરિવત્સરથી ભોમિયા વગરના મુસાફરની માફક ભૂતલ પર ભટકી રહ્યા છે. જે પોતાના સ્વરૂપને પણ ભુલી ગયા છે. અમે કોણ છીએ ? કયાંથી આવ્યા ? કયાં જવાનું છે ? અમારા સ્વામી કોણ છે ? અમારે શું પ્રાપ્ત કરવાનું છે ? એ પણ બિચારા નિઃસાધન જીવો ભુલી ગયા છે. તેને આપ કરૂણાના સાગર હોવા છતાં શું ભુલી ગયા ? પણ હું માતા છું. આપણા પ્યારા બાળકોને કેમ ભુલી શકું ? શું થશે એ બિચારા (અશ્રુલુછતા) આપણા સંતાનોનું ? મારી વ્યથાનો પાર નથી પ્રભુ ? આપ આવા ભુલકણા બનશો તો કાલ અમને પણ ભુલી જશો તો અમારૂં પણ શું થશે ? (ડુસકા ભરે છે.)

શ્રીઠાકોરજી-(સજળ નેત્રે) ક્ષમા કરો પ્યારીજી મારી ભુલ હું કબુલ કરું છું. આપે મને યાદ કરાવ્યું તે આપની કૃપા થઈ. એ કાર્યમાં હવે વિલંબ નહીં થાય. આપણાં બાળકો, આપણાં દૈવી જીવો હવે લીલા ધામમાં સત્વર આવશે. એ માટે આપણે બન્નેએ મળીને પ્રયાસ કરવા પડશે આપની સહાયતા વગર હું એકલો કાંઇ નહીં કરી શકું. આપ પ્રસન્ન થાઓ ! આ કાર્યનું આયોજન આજથી જ શરૂ થશે. લીલા થોડી અટપટી હશે. આપણે ભુતળ પર પ્રકટ થવું પડશે- આપની સહાયતા ખાસ આવશ્યક હશે, ચિંતા ન કરો પ્રિયે !

॥ શ્રીનાથજીઃ ॥

પુષ્ટિ માર્ગનું પ્રાકટ્ય (નાટિકા)

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ચરણરજ' સુરત**

પ્રવેશ ૧ લો

પાત્રો-શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીજી.

(શ્રીસ્વામિનીજી એકલા બિરાજ્યા છે. શ્રીઠાકોરજી પધારે છે. શ્રીસ્વામિનીજીને ઉદાસ જોઈ પૂછે છે.)

શ્રીઠાકોરજી-(પ્રવેશકરી) ઓહ ! આ હું શું જોઈ રહ્યો છું. પ્રિયે ! વાદળીથી ઢંકાયેલા ચંદ્રની માફક આપનું મુખકમળ ઉદાસ કેમ જણાય છે ? કારણ જણાવશો પ્રિયે ?

શ્રીસ્વામિનીજી-(ઉભા થઇ વંદન કરી) ક્ષમા કરજો પ્યારે ! આપ પધાર્યા એનો મને ખ્યાલ પણ ન રહ્યો. બિરાજો, પ્રભુ !

શ્રીઠાકોરજી-મારા પ્રશ્નનો પ્રત્યુત્તર આપશો રાસેશ્વરી !

શ્રીસ્વામિનીજી-શું પ્રત્યુત્તર આપું પ્રભુ ! જે માતા પોતાના પ્યારા બાળકોથી વિખુટી પડેલી હોય તેની વ્યથા કોણ સમજાવી શકે? આપતો પુરુષ છો. એ સમજવાને માટે તો માતાનુ હૃદય જોઇએ, આપતો ગાયોના ગોવાળ પણ છો. વાછડાથી વિખુટી પડેલી ગાયની વ્યથા શું આપે જોઇ નથી? મારી પણ એવી સ્થિતિ છે. પ્રભુ ! (સાડીથી અશ્રુ લુછે છે.)

શ્રીઠાકોરજી-(ગંભીરતાથી) કાંઇ સમજાય એવું બોલો પ્રિય ! આપની ઉદાસી મારાથી જોઇ શકતી નથી.

શ્રીસ્વામિનીજી-(આશ્ચર્યથી) આપ તો સમર્થ છો. અંતર્યામી છો. છતાં મારે સમજાવવું પડશે પ્રભુ ! શું આપ નથી જાણતા કે, આપણા અસંખ્ય બાળકો, આપણા પ્યારા ભકતો આપણા જ શ્રીઅંગથી પ્રકટ થયેલા અસંખ્ય પુષ્ટિ જીવો, સહસ્ત્ર પરિવત્સરથી ભોમિયા વગરના મુસાફરની માફક ભૂતલ પર ભટકી રહ્યા છે. જે પોતાના સ્વરૂપને પણ ભુલી ગયા છે. અમે કોણ છીએ ? કયાંથી આવ્યા ? કયાં જવાનું છે ? અમારા સ્વામી કોણ છે ? અમારે શું પ્રાપ્ત કરવાનું છે ? એ પણ બિચારા નિઃસાધન જીવો ભુલી ગયા છે. તેને આપ કરૂણાના સાગર હોવા છતાં શું ભુલી ગયા ? પણ હું માતા છું. આપણા પ્યારા બાળકોને કેમ ભુલી શકું ? શું થશે એ બિચારા (અશ્રુલુછતા) આપણા સંતાનોનું ? મારી વ્યથાનો પાર નથી પ્રભુ ? આપ આવા ભુલકણા બનશો તો કાલ અમને પણ ભુલી જશો તો અમારૂં પણ શું થશે ? (ડુસકા ભરે છે.)

શ્રીઠાકોરજી-(સજળ નેત્રે) ક્ષમા કરો પ્યારીજી મારી ભુલ હું કબુલ કરું છું. આપે મને યાદ કરાવ્યું તે આપની કૃપા થઈ. એ કાર્યમાં હવે વિલંબ નહીં થાય. આપણાં બાળકો, આપણાં દૈવી જીવો હવે લીલા ધામમાં સત્વર આવશે. એ માટે આપણે બન્નેએ મળીને પ્રયાસ કરવા પડશે આપની સહાયતા વગર હું એકલો કાંઇ નહીં કરી શકું. આપ પ્રસન્ન થાઓ ! આ કાર્યનું આયોજન આજથી જ શરૂ થશે. લીલા થોડી અટપટી હશે. આપણે ભુતળ પર પ્રકટ થવું પડશે- આપની સહાયતા ખાસ આવશ્યક હશે, ચિંતા ન કરો પ્રિયે !

શ્રીસ્વામિનીજી ખુબ કૃપા થઇ પ્રભુ !

(પડદો પડે છે)

પ્રવેશ ૨ જો

સ્થળ-શ્રીઠાકોરજીની નિકુંજ

પાત્રો-શ્રીઠાકોરજી, લલિતાજી અને પાછળથી શ્રીચંદ્રાવલીજી.

(શ્રીઠાકોરજી બિરાજ્યા છે. લલિતાજી પ્રવેશ કરે છે).

લલિતાજી-(હાથ જોડી) વંદન કરું છું પ્રભુ !

શ્રીઠાકોરજી-આવ લલિતા ! શું સમાચાર છે ?

લલિતા-(નમન કરી પ્રસન્નતાથી) હું આપને નિમંત્રણ આપવા આવી છું પ્રભુ ! આપ અમારી નિકુંજમાં પધારવા કૃપા કરો પ્રભુ ! સખી મંડળ સહિત મારો મનોરથ છે છે કે, આપ પધારી અમારી સેવા અંગીકાર કરો. આપની ટહેલથી અમારા જીવન ધન્ય બની જશે કૃપા નાથ !

શ્રીઠાકોરજી-(પ્રસન્નતાથી) અવશ્ય આવીશ સખી ! મારા પ્યારા ભકતોની સ્નેહપુર્વકની સેવા અંગીકાર કરતાં મને ખુબ પ્રસન્નતા થશે. તમારો મનોરથ પૂર્ણ થશે.

લલિતાજી-(હાથ જોડી) ખુબ કૃપા થઇ પ્રભુ ! આપ જલ્દી પધારવા કૃપા કરશો. હવે મને આજ્ઞા છે ?

શ્રીઠાકોરજી-હા જઇને તૈયારી કરો.

(તટસ્થ પાત્રે આ બોલવાનું છે-લલિતાજી જાય છે અને ચંદ્રાવલીજી પ્રવેશ કરે છે.)

ચંદ્રાવલીજી-(હાથ જોડી) વિનંતિ કરવા આવી છું પ્રભુ ! અમારા સખી મંડળની ખુબ અભિલાષા છે, આપ અમારી નિકુંજમાં પધારવા કૃપા કરો. આપની સેવાની સંપૂર્ણ તૈયારી કરીને જ આવી છું. આપ મારી સાથે જ પધારવાની કૃપા કરો, અમને ખુબ આનંદ આવશે.

શ્રી ઠાકોરજી : (સ્વગત) (ભૂતળ પર પધારવાની મારી લીલાનો પ્રારંભ થઇ ચૂકયો) (પ્રકટ) હા, ચાલ ચંદ્રા ! તારી સાથે જ આવું છું. તમારા જેવા પ્રેમી ભક્તોની સેવા અંગીકાર કરતાં મને ખૂબ પ્રસન્નતા થશે.

[શ્રી ઠાકુરજી ચંદ્રાવલીજીની નિકુંજમાં પધારે છે.]

[પડદો પડે છે]

પ્રવેશ ત્રીજો

સ્થળ : શ્રી લલિતાજીની નિકુંજ

પાત્રો : શ્રી લલિતાજી અને સખીઓ

[લલિતાજી અને સખીઓ પ્રભુની સેવા માટેનું સાહિત્ય તૈયાર કરતા ગાઇ રહ્યા છે.]

ધોળ : (ઢાળ-આશા ભર્યા અમે આવીયા)

પ્રભુ પધારશે. નિકુંજમાં, એના સ્નેહ કરશું સન્માન રે....
આજ મારે આનંદ અપાર છે.... ૧
મોંઘેરા મેમાન મારે આંગણે પધારશે,
રત્નજડિત સિંહાસનમાં બિરાજશે,
ભાવે કરાવીશ કેસરી સ્નાન,
આજ મારે આનંદ અપાર છે.... ૨
મયુર મુકુટના શૃંગાર ધરાવશું,
વિવિધ પ્રકારના વાઘા ધરાવશું,
રત્નજડિત વિવિધ અલંકાર,
આજ મારે આનંદ અપાર છે.... ૩
વિવિધ પુષ્પોની વનમાળા ધરાવશું,
આનંદ મંગળ અમે આરતી ઉતારશું,
સંગ સર્વે મળીને વ્રજનાર,
આજ મારે આનંદ અપાર છે.... ૪

શ્રીસ્વામિનીજી ખુબ કૃપા થઇ પ્રભુ !

(પડદો પડે છે)

પ્રવેશ ૨ જો

સ્થળ-શ્રીઠાકોરજીની નિકુંજ

પાત્રો-શ્રીઠાકોરજી, લલિતાજી અને પાછળથી શ્રીચંદ્રાવલીજી.

(શ્રીઠાકોરજી બિરાજ્યા છે. લલિતાજી પ્રવેશ કરે છે).

લલિતાજી-(હાથ જોડી) વંદન કરું છું પ્રભુ !

શ્રીઠાકોરજી-આવ લલિતા ! શું સમાચાર છે ?

લલિતા-(નમન કરી પ્રસન્નતાથી) હું આપને નિમંત્રણ આપવા આવી છું પ્રભુ ! આપ અમારી નિકુંજમાં પધારવા કૃપા કરો પ્રભુ ! સખી મંડળ સહિત મારો મનોરથ છે છે કે, આપ પધારી અમારી સેવા અંગીકાર કરો. આપની ટહેલથી અમારા જીવન ધન્ય બની જશે કૃપા નાથ !

શ્રીઠાકોરજી-(પ્રસન્નતાથી) અવશ્ય આવીશ સખી ! મારા પ્યારા ભકતોની સ્નેહપુર્વકની સેવા અંગીકાર કરતાં મને ખુબ પ્રસન્નતા થશે. તમારો મનોરથ પૂર્ણ થશે.

લલિતાજી-(હાથ જોડી) ખુબ કૃપા થઇ પ્રભુ ! આપ જલ્દી પધારવા કૃપા કરશો. હવે મને આજ્ઞા છે ?

શ્રીઠાકોરજી-હા જઇને તૈયારી કરો.

(તટસ્થ પાત્રે આ બોલવાનું છે-લલિતાજી જાય છે અને ચંદ્રાવલીજી પ્રવેશ કરે છે.)

ચંદ્રાવલીજી-(હાથ જોડી) વિનંતિ કરવા આવી છું પ્રભુ ! અમારા સખી મંડળની ખુબ અભિલાષા છે, આપ અમારી નિકુંજમાં પધારવા કૃપા કરો. આપની સેવાની સંપૂર્ણ તૈયારી કરીને જ આવી છું. આપ મારી સાથે જ પધારવાની કૃપા કરો, અમને ખુબ આનંદ આવશે.

શ્રી ઠાકોરજી : (સ્વગત) (ભૂતળ પર પધારવાની મારી લીલાનો પ્રારંભ થઇ ચૂકયો) (પ્રકટ) હા, ચાલ ચંદ્રા ! તારી સાથે જ આવું છું. તમારા જેવા પ્રેમી ભક્તોની સેવા અંગીકાર કરતાં મને ખૂબ પ્રસન્નતા થશે.

[શ્રી ઠાકુરજી ચંદ્રાવલીજીની નિકુંજમાં પધારે છે.]

[પડદો પડે છે]

પ્રવેશ ત્રીજો

સ્થળ : શ્રી લલિતાજીની નિકુંજ

પાત્રો : શ્રી લલિતાજી અને સખીઓ

[લલિતાજી અને સખીઓ પ્રભુની સેવા માટેનું સાહિત્ય તૈયાર કરતા ગાઇ રહ્યા છે.]

ધોળ : (ઢાળ-આશા ભર્યા અમે આવીયા)

પ્રભુ પધારશે. નિકુંજમાં, એના સ્નેહે કરશું સન્માન રે....
આજ મારે આનંદ અપાર છે.... ૧
મોંઘેરા મેમાન મારે આંગણે પધારશે,
રત્નજડિત સિંહાસનમાં બિરાજશે,
ભાવે કરાવીશ કેસરી સ્નાન,
આજ મારે આનંદ અપાર છે.... ૨
મયુર મુકુટના શૃંગાર ધરાવશું,
વિવિધ પ્રકારના વાઘા ધરાવશું,
રત્નજડિત વિવિધ અલંકાર,
આજ મારે આનંદ અપાર છે.... ૩
વિવિધ પુષ્પોની વનમાળા ધરાવશું,
આનંદ મંગળ અમે આરતી ઉતારશું,
સંગ સર્વે મળીને વ્રજનાર,
આજ મારે આનંદ અપાર છે.... ૪

સામગ્રી વિધ વિધ પ્યારા પ્રભુને ધરાવશું,
બીડા સુગંધી અને અત્તર લગાવશું,
પ્રભુ પ્યારા કરશે અંગીકાર,
આજે મારે આનંદ અપાર છે.... ૫

લલિતા : અરી ચંપકલત્તા ! પ્રભુને સ્નાન માટે કેસરી જળ અને ઉબટનો તૈયાર છે ને ?

ચંપકલત્તા : બધુ તૈયાર છે બહેન !

લલિતા : અરી વિશાખા ! પ્રભુને અંગીકાર કરાવવા માટેના વસ્ત્ર, આભૂષણ તૈયાર કરો.

વિશાખા : બધું તૈયાર છે બહેન !

લલિતાજી : (સ્વગત)

'મહેમાન થશે પ્રભુ મારા સ્વીકારશે મહેમાની,
હું દાસી જન્મોજન્મની, ભલે દુનિયા કહે દિવાની'

(પ્રકટ) અરી બહેન ચંપકલત્તા ! પ્રભુ પધારશે ત્યારે સર્વપ્રથમ આરોગાવવા માટેના દુધ, માખણ, મીશ્રી વગેરે તૈયાર કરો.

ચંપકલત્તા : મંગળ ભોગની સામગ્રી તૈયાર છે બહેન !

લલિતાજી : અરી સખીઓ ! આપણે પ્રભુને ષડઋતુના મનોરથો અંગીકાર કરાવવાની અભિલાષા છે, માટે પ્રભુને પરિશ્રમ ન થાય તેમ સર્વ તૈયારી રાખવાની છે.

સખીયો : પ્રભુ પધારે એટલી જ વાર છે. બધી તૈયારી થઇ ચૂકી છે.

લલિતાજી : અરી સખીયો આજ આપણો ધન્ય દિવસ છે. પ્રભુની સેવામાં જરા પણ ખામી ન આવે તેવી ખૂબ સાવચેતી રાખવાની છે.

(સ્વગત)

મહેમાન થશે પ્રભુ મારા, સ્વીકારશે મહેમાની,
હું દાસી જન્મોજન્મની, ભલે દુનિયા કહે દિવાની.

(પ્રગટ)

ધન્ય આજની ઘડી રળીયામણી,
પ્યારા પ્રભુ પધારશે વધામણી હોજી રે,
આજની ઘડી રળીયામણી....

બહેનો ! પ્રભુ સ્નેહપૂર્વકની રંચક પણ સેવા અંગીકાર કરે, એ આપણું પરમ સૌભાગ્ય છે. આવો અવસર વારંવાર આવતો નથી.

સખીયો : જય હો, પ્યારા શ્યામ સુંદરકી જય હો. (એક સખી પ્રવેશ કરી ઉદાસ બની ઉભી રહે છે !

લલિતાજી : અરી બહેન ! અત્યાર સુધી તું કયાં હતી ? હજી તો કેટલી બધી તૈયારીઓ કરવાની છે !

સખી : (સજળ નેત્રે) શું કહું બહેન લલિતા ! આપણા મનોરથના મિનારા તૂટી પડયા. પ્રભુને તો બહેન ચંદ્રાવલીજી પોતાની નિકુંજમાં સાથે જ પધરાવી ગઇ. પ્રભુ પણ પસન્નતાથી ચંદ્રાવલી સાથે પધાર્યા છે.

લલિતાજી : (આશ્ચર્યપૂર્વક ઉદ્દાસીનતાથી) શું કહે છે બહેન ! પ્રભુ ચંદ્રાવલીની નિકુંજમાં પધાર્યા ! આપણી નિકુંજ પધારવાની તો મને આજ્ઞા કરી હતી. છતાં ચંદ્રાવલીની નિકુંજમાં પધાર્યા તારી ભૂલ તો નથી થતીને બહેન ! પ્રભુ આવું કરેખરા ?

સખી : બહેન ! હું પ્રત્યક્ષ જોઇને આવું છું. આપણો કાંઈ અપરાધ થયો હશે. એટલે પ્રભુ અહીં પધાર્યા નહીં. બહેન ચંદ્રાવલીને તો કદાચ ખબર નહીં હોય, પરંતુ પ્રભુએ તો અહીં પધારવાનું વચન આપ્યું હતું છતાં આવું કેમ કર્યું હશે ?

—ક્રમશઃ

સામગ્રી વિધ વિધ પ્યારા પ્રભુને ધરાવશું,
બીડા સુગંધી અને અત્તર લગાવશું,
પ્રભુ પ્યારા કરશે અંગીકાર,
આજે મારે આનંદ અપાર છે.... ૫

લલિતા : અરી ચંપકલત્તા ! પ્રભુને સ્નાન માટે કેસરી જળ અને ઉબટનો તૈયાર છે ને ?

ચંપકલત્તા : બધુ તૈયાર છે બહેન !

લલિતા : અરી વિશાખા ! પ્રભુને અંગીકાર કરાવવા માટેના વસ્ત્ર, આભૂષણ તૈયાર કરો.

વિશાખા : બધું તૈયાર છે બહેન !

લલિતાજી : (સ્વગત)

'મહેમાન થશે પ્રભુ મારા સ્વીકારશે મહેમાની,
હું દાસી જન્મોજન્મની, ભલે દુનિયા કહે દિવાની'

(પ્રકટ) અરી બહેન ચંપકલત્તા ! પ્રભુ પધારશે ત્યારે સર્વપ્રથમ આરોગાવવા માટેના દુધ, માખણ, મીશ્રી વગેરે તૈયાર કરો.

ચંપકલત્તા : મંગળ ભોગની સામગ્રી તૈયાર છે બહેન !

લલિતાજી : અરી સખીઓ ! આપણે પ્રભુને ષડઋતુના મનોરથો અંગીકાર કરાવવાની અભિલાષા છે, માટે પ્રભુને પરિશ્રમ ન થાય તેમ સર્વ તૈયારી રાખવાની છે.

સખીયો : પ્રભુ પધારે એટલી જ વાર છે. બધી તૈયારી થઇ ચૂકી છે.

લલિતાજી : અરી સખીયો આજ આપણો ધન્ય દિવસ છે. પ્રભુની સેવામાં જરા પણ ખામી ન આવે તેવી ખૂબ સાવચેતી રાખવાની છે.

(સ્વગત)

મહેમાન થશે પ્રભુ મારા, સ્વીકારશે મહેમાની,
હું દાસી જન્મોજન્મની, ભલે દુનિયા કહે દિવાની.

(પ્રગટ)

ધન્ય આજની ઘડી રળીયામણી,
પ્યારા પ્રભુ પધારશે વધામણી હોજી રે,
આજની ઘડી રળીયામણી....

બહેનો ! પ્રભુ સ્નેહપૂર્વકની રંચક પણ સેવા અંગીકાર કરે, એ આપણું પરમ સૌભાગ્ય છે. આવો અવસર વારંવાર આવતો નથી.

સખીયો : જય હો, પ્યારા શ્યામ સુંદરકી જય હો. (એક સખી પ્રવેશ કરી ઉદાસ બની ઉભી રહે છે !

લલિતાજી : અરી બહેન ! અત્યાર સુધી તું કયાં હતી ? હજી તો કેટલી બધી તૈયારીઓ કરવાની છે !

સખી : (સજળ નેત્રે) શું કહું બહેન લલિતા ! આપણા મનોરથના મિનારા તૂટી પડયા. પ્રભુને તો બહેન ચંદ્રાવલીજી પોતાની નિકુંજમાં સાથે જ પધરાવી ગઇ. પ્રભુ પણ પસન્નતાથી ચંદ્રાવલી સાથે પધાર્યા છે.

લલિતાજી : (આશ્ચર્યપૂર્વક ઉદાસીનતાથી) શું કહે છે બહેન ! પ્રભુ ચંદ્રાવલીની નિકુંજમાં પધાર્યા ! આપણી નિકુંજ પધારવાની તો મને આજ્ઞા કરી હતી. છતાં ચંદ્રાવલીની નિકુંજમાં પધાર્યા તારી ભૂલ તો નથી થતીને બહેન ! પ્રભુ આવું કરેખરા ?

સખી : બહેન ! હું પ્રત્યક્ષ જોઇને આવું છું. આપણો કાંઈ અપરાધ થયો હશે. એટલે પ્રભુ અહીં પધાર્યા નહીં. બહેન ચંદ્રાવલીને તો કદાચ ખબર નહીં હોય, પરંતુ પ્રભુએ તો અહીં પધારવાનું વચન આપ્યું હતું છતાં આવું કેમ કર્યું હશે ?

—ક્રમશઃ

પૂ. પા. ગોસ્વામી શ્રી રમેશકુમારજી મહારાજશ્રીના શ્રી બેટીજીનો લગ્નપ્રસ્તાવ

તા. ૧૭-૩-૯૧ મંગળવારે શ્રી વલ્લભપીઠાધીશ્વર પુ પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી (શ્રી રેવતીરમણજી) મહારાજશ્રીના સૌ. કાં. ચિ બિન્દુબેટીજીના શુભ લગ્ન પ્રસ્તાવ શ્રીમાન શ્રી શ્યામસુંદરજી શર્માના સુપુત્ર ચિ. શ્રી ગિરિરાજ શર્મા સાથે ઘાટકોપરમાં શ્રી ભીમજી ભાણજી વાડીમાં અનેક ગોસ્વામી આચાર્ય બાળકોની તથા વૈષ્ણવોની હાજરીમાં સમ્પન્ન થયો હતો. તા. ૧૮-૩-૯૧ના રોજ આપશ્રી માથે બિરાજતા શ્રી મદનમોહનલાલ પ્રભુનો ફૂલડોલનો મનોરથ થયો હતો. મુંબઇના વૈષ્ણવોએ પ્રભુના દર્શનનો લાભ લીધો હતો. લગ્ન પ્રસ્તાવમાં કાંકરોળીવાળા પૂ. પા ગો. શ્રી વ્રજેશકુમારજી, પૂ પા. ગો. શ્રી પિતાંબરજી પૂ. પા. ગો. શ્રી દ્વારકેશબાવા અમરેલીવાળા, પૂ. પા. ગો. શ્રી દ્વારકેશબાવા, મોટા મંદીરવાળા પૂ. પા. ગો. શ્રી રાજકુમારજી, પૂ પા. ગો. શ્રી નિરજકુમારજી, પૂ. પા. ગો. શ્રીવૃજાધીશજી પૂ. પા. ગો. શ્રી નૃત્યગોપાલજી, ચિ. શ્રી પ્રશાંતબાવા, સુરતવાળા. પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વૃજરત્નલાલજી મહારાજશ્રી પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી, પુ. પા ગો. શ્રી મથુરેશ્વરજી. પ્રથમેશ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી લાલમણીજી)ના બન્ને લાલબાવા પુ. પા. શ્રી પ્રભુજીબાવાશ્રી, તથા પુ. પા. શ્રી અનિરૂદ્ધજી બાવાશ્રી શ્રી તિલકાયના બન્ને લાલજી પુ. પા. ગો. શ્રી દાઉજીબાવાશ્રી, પુ. પા. ગો શ્રી રાકેશબાવાશ્રી જામનગરવાળા પુ પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી, પાર્લાથી પુ. પા. ગો શ્રી શ્યામમનોહરજી, તથા વહુજી બેટીજીઓ તથા સજાતીયવર્ગ મોટા પ્રમાણમાં હાજરી આપી, પ્રસ્તાવની શોભા વધારી હતી. ધુમધામથી વરઘોડો નીકળ્યો હતો, ચિ. શ્રી રઘુનાથજીબાવાશ્રી (શ્રી વલ્લભપીઠ) દ્વારા અન્તરપટના સમયે મંગળાચરણનો સસ્વર (વૈદીકસ્વરો) સાથે પાઠ કર્યો હતો. ઉપરાંત શ્રીમાન નિરંજન શાસ્રી શ્રીમાન જીતેન્દ્રભાઇ શાસ્રીજીએ પણ સુંદર રીતે મંગળાચરણ કર્યો હતો.

ભેટ પુસ્તક બાબત સુચના

'શ્રી પ્રથમેશ ચરિતામૃત' શ્રી વલ્લભ સુધાના તા. ૩૧-૩-૯૧ સુધીમાં નોંધાયેલ તમામ સભ્યોને ભેટ આપવાનું જે તૈયાર થઇ રહ્યું છે, તૈયાર થયે અત્રે સુચના આપવામાં આવશે. જેની સર્વે સભ્યોએ નોંધ લેવી.

* * *

પૂ. પા. ગોસ્વામી શ્રી રમેશકુમારજી મહારાજશ્રીના શ્રી બેટીજીનો લગ્નપ્રસ્તાવ

તા. ૧૭-૩-૯૧ મંગળવારે શ્રી વલ્લભપીઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી (શ્રી રેવતીરમણજી) મહારાજશ્રીના સૌ. કાં. ચિ. બિન્દુબેટીજીના શુભ લગ્ન પ્રસ્તાવ શ્રીમાન શ્રી શ્યામસુંદરજી શર્માના સુપુત્ર ચિ. શ્રી ગિરિરાજ શર્મા સાથે ઘાટકોપરમાં શ્રી ભીમજી ભાણજી વાડીમાં અનેક ગોસ્વામી આચાર્ય બાળકોની તથા વૈષ્ણવોની હાજરીમાં સમ્પન્ન થયો હતો. તા. ૧૮-૩-૯૧ના રોજ આપશ્રી માથે બિરાજતા શ્રી મદનમોહનલાલ પ્રભુનો ફૂલડોલનો મનોરથ થયો હતો. મુંબઇના વૈષ્ણવોએ પ્રભુના દર્શનનો લાભ લીધો હતો. લગ્ન પ્રસ્તાવમાં કાંકરોળીવાળા પૂ. પા ગો. શ્રી વ્રજેશકુમારજી, પૂ. પા. ગો. શ્રી પિતાંબરજી પૂ. પા. ગો. શ્રી દ્વારકેશબાવા અમરેલીવાળા, પૂ. પા. ગો. શ્રી દ્વારકેશબાવા, મોટા મંદીરવાળા પૂ. પા. ગો. શ્રી રાજકુમારજી, પૂ. પા. ગો. શ્રી નિરજકુમારજી, પૂ. પા. ગો. શ્રીવૃજાધીશજી પૂ. પા. ગો. શ્રી નૃત્યગોપાલજી, ચિ. શ્રી પ્રશાંતબાવા, સુરતવાળા. પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વૃજરત્નલાલજી મહારાજશ્રી પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી, પુ. પા ગો. શ્રી મથુરેશ્વરજી. પ્રથમેશ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી લાલમણીજી)ના બન્ને લાલબાવા પુ. પા. શ્રી પ્રભુજીબાવાશ્રી, તથા પુ. પા. શ્રી અનિરૂદ્ધજી બાવાશ્રી શ્રી તિલકાયના બન્ને લાલજી પુ. પા. ગો. શ્રી દાઉજીબાવાશ્રી, પુ. પા. ગો શ્રી રાકેશબાવાશ્રી જામનગરવાળા પુ પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી, પાર્લાથી પુ. પા. ગો શ્રી શ્યામમનોહરજી, તથા વહુજી બેટીજીઓ તથા સજાતીયવર્ગ મોટા પ્રમાણમાં હાજરી આપી, પ્રસ્તાવની શોભા વધારી હતી. ધુમધામથી વરઘોડો નીકળ્યો હતો, ચિ. શ્રી રઘુનાથજીબાવાશ્રી (શ્રી વલ્લભપીઠ) દ્વારા અન્તરપટના સમયે મંગળાચરણનો સસ્વર (વૈદીકસ્વરો) સાથે પાઠ કર્યો હતો. ઉપરાંત શ્રીમાન નિરંજન શાસ્રી શ્રીમાન જીતેન્દ્રભાઇ શાસ્રીજીએ પણ સુંદર રીતે મંગળાચરણ કર્યો હતો.

ભેટ પુસ્તક બાબત સુચના

'શ્રી પ્રથમેશ ચરિતામૃત' શ્રી વલ્લભ સુધાના તા. ૩૧-૩-૯૧ સુધીમાં નોંધાયેલ તમામ સભ્યોને ભેટ આપવાનું જે તૈયાર થઇ રહ્યું છે, તૈયાર થયે અત્રે સુચના આપવામાં આવશે. જેની સર્વે સભ્યોએ નોંધ લેવી.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

॥ અંગીકૃતૌ સમર્યાદાય નમઃ ॥

હરિ ચાહે તે કરે સર્વદા ધાર્યું એનું થાય રે,
મર્યાદા એ પુષ્ટિમાર્ગમાં, સ્થાપી શ્રીવલ્લભરાય.... પુષ્ટિપ્રકાશક એ૦ ૧

આચારો સૌ વેદ માર્ગના, પાળી પાવન રહેવું રે;
સૌથી પર શ્રીહરિની આજ્ઞા, સુખ હરિને દેવું.... પુષ્ટિપ્રકાશક એ૦ ૨

એ મર્યાદા સહ શ્રીવલ્લભે, જીવ અંગીકૃત કીધાં રે;
બ્રહ્મસંબંધ દઇ મર્યાદા સહ, શ્રીકૃષ્ણ સેવવા દીધાં.... પુષ્ટિપ્રકાશક એ૦ ૩

ઘેર ઘેર સ્વરૂપ સેવવા આપ્યાં, ભક્ત સેવે મન ભાવે રે;
અનેક મનોરથ કરે મનગમતા, આનંદ પ્રેમ સ્વભાવે.... પુષ્ટિપ્રકાશક એ૦ ૪

હોરી, હીંડોળા, દાન, માન ને બ્યાહ ગોવર્ધન લીલા રે;
નવ નવા ઉત્સવ ઋતુઋતુના, કરતા આનંદ ઘેલા.... પુષ્ટિપ્રકાશક એ૦ ૫

આચારશુદ્ધિ ને વિચારશુદ્ધિ, સૌ સેવકને આપી રે;
દયા, દીનતા, સંતોષ પોષી, અહંતા મમતા કાપી.... પુષ્ટિપ્રકાશક એ૦ ૬

નાના–મોટા, ઊંચ–નીચના ભેદો સૌના ટાળ્યા રે;
જીવ સર્વ હરિના અંશો છે, સ્વામી હરિ દેખાડયા.... પુષ્ટિપ્રકાશક એ૦ ૭

એક મોચી વૈષ્ણવે હરિકૃપાનો, સાચો પરચો આપ્યો રે;
છાસનું દૂધ કરી સભામાં, પ્રભાવ ભક્તિનો સ્થાપ્યો.... પુષ્ટિપ્રકાશક એ૦ ૮

વૈશ્વાનર શ્રીવલ્લભ પ્રભુએ, વેદ મર્યાદા રાખી રે;
'દીનદાસ' પ્રતિ સર્વોત્તમ ગ્રંથે, શ્રીવિઠ્ઠલેશે ભાખી.... પુષ્ટિપ્રકાશક એ૦ ૯

–દોશી પૂનમચંદ સાંકલચંદ, મોડાસા

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

॥ અંગીકૃતૌ સમર્યાદાય નમઃ ॥

હરિ ચાહે તે કરે સર્વદા ધાર્યું એનું થાય રે,
મર્યાદા એ પુષ્ટિમાર્ગમાં, સ્થાપી શ્રીવલ્લભરાય.... પુષ્ટિપ્રકાશક એ૦ ૧

આચારો સૌ વેદ માર્ગના, પાળી પાવન રહેવું રે;
સૌથી પર શ્રીહરિની આજ્ઞા, સુખ હરિને દેવું.... પુષ્ટિપ્રકાશક એ૦ ૨

એ મર્યાદા સહ શ્રીવલ્લભે, જીવ અંગીકૃત કીધાં રે;
બ્રહ્મસંબંધ દઇ મર્યાદા સહ, શ્રીકૃષ્ણ સેવવા દીધાં.... પુષ્ટિપ્રકાશક એ૦ ૩

ઘેર ઘેર સ્વરૂપ સેવવા આપ્યાં, ભક્ત સેવે મન ભાવે રે;
અનેક મનોરથ કરે મનગમતા, આનંદ પ્રેમ સ્વભાવે.... પુષ્ટિપ્રકાશક એ૦ ૪

હોરી, હીંડોળા, દાન, માન ને બ્યાહ ગોવર્ધન લીલા રે;
નવ નવા ઉત્સવ ઋતુઋતુના, કરતા આનંદ ઘેલા.... પુષ્ટિપ્રકાશક એ૦ ૫

આચારશુદ્ધિ ને વિચારશુદ્ધિ, સૌ સેવકને આપી રે;
દયા, દીનતા, સંતોષ પોષી, અહંતા મમતા કાપી.... પુષ્ટિપ્રકાશક એ૦ ૬

નાના-મોટા, ઊંચ-નીચના ભેદો સૌના ટાળ્યા રે;
જીવ સર્વ હરિના અંશો છે, સ્વામી હરિ દેખાડયા.... પુષ્ટિપ્રકાશક એ૦ ૭

એક મોચી વૈષ્ણવે હરિકૃપાનો, સાચો પરચો આપ્યો રે;
છાસનું દૂધ કરી સભામાં, પ્રભાવ ભક્તિનો સ્થાપ્યો.... પુષ્ટિપ્રકાશક એ૦ ૮

વૈશ્વાનર શ્રીવલ્લભ પ્રભુએ, વેદ મર્યાદા રાખી રે;
'દીનદાસ' પ્રતિ સર્વોત્તમ ગ્રંથે, શ્રીવિઠ્ઠલેશે ભાખી.... પુષ્ટિપ્રકાશક એ૦ ૯

–દોશી પૂનમચંદ સાંકલચંદ, મોડાસા

* * *

**આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

પનઘટ લીલા

તુમ તો જાવો રાધે ! પનિયાં ભરન કૂં, પ્રેમ કૌ ફંદ લગા લાવરી ।
ઇત મથુરા, ઉત ગોકુલ નગરી, વૃંદાબન હ કૈ આવરી ॥૧॥

વો નંદ જી કૌ કુંવર અનાડી, તૂ અછૂતી કૈસે આવરી ।
'ચંદસખી' ભજ બાલકૃષ્ણ છબી, રંગ મેં ઝકાઝક હોય આવરી ॥૨॥

કવિશ્રી **ચંદસખી**, (ઓડછા નિવાસી)

✿

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૨ ✠ **મે, ૧૯૯૧**

શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * **આજીવન રૂ. ૨૫૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

રાજકોટને આંગણે અલૌકિક પ્રસ્તાવ

સ્વસ્તિ શ્રીમદ્ અખંડભુમંડાલાચાર્ય વર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ ગો. શ્રી કૃષ્ણજીવનજી મહારાજાત્મજ ગો. શ્રી જીવનેશજી મહારાજાત્મજ પૂ. પા. ગો શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી (શ્રી પંકજબાવાશ્રી) તથા પૂ. પા. ગો. શ્રી લલીતનાથજી બાવાશ્રીના શ્રી વલ્લભ અને શ્રી યમુનામહાણીની કૃપા દ્વારા સદા સર્વાત્મભાવથી પ્રભુ શ્રીકૃષ્ણની સેવામાં હાથ પવિત્ર કરનારા શ્રી વલ્લભકુલના લાડીલા સ્વકીય જનને શુભઆશિર્વાદ.

સહર્ષ જણાવવાનું કે શ્રી ગોવર્ધનધર પ્રભુની અસીમ અનુકંપાથી પૂ પા. ગો શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી (શ્રી પંકજબાવાશ્રી) ના બન્નો આત્મજ ગો ચિ. શ્રી ગોકુલનાથજી તથા ગો. ચિ શ્રી ઘનશ્યામજી તથા પૂ. પા. ગો શ્રી લલીતનાથજી બાવાશ્રીના આત્મજ ગો. ચિ. શ્રી વ્રજવલ્લભજીના યજ્ઞોપવિત પ્રસ્તાવ સાં. ૨૦૪૭ ના વૈશાખ સુદ ૮ મંગળવાર તા. ૨૧-૫-૯૧ તથા પૂ પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી (શ્રી પંકજબાવાશ્રી) ના મોટા બેટીજી સૌ. કા. ગો. ચિ. શ્રી વ્રજવનિતારાજા ના શુભ વિવાહ પ્રસ્તાવ સં. ૨૦૪૭ ના વૈશાખ સુદ ૧૦ ને ગુરૂવાર તા. ૨૩-૫-૯૧ ના રોજ રાજકોટ મુકામે નિશ્ચિત થયેલ છે.

પ્રસ્તાવનો પ્રારંભ તથા પૂ બાલકોની બીનેકી વરઘોડો વૈશાખ સુદ ૬ રવીવાર તા. ૧૯-૫-૯૧ ના શુભ દિને થશે આ શુભ પ્રસંગે ગો બાલકોના વચનામૃતો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો થશે. રાજકોટને આગણે ગોસ્વામી બેટીજીના વિવાહ પ્રસ્તાવ ઘણાં વર્ષે થાય છે તો સમગ્ર વૈષ્ણવ સમાજને આ શુભ પ્રસ્તાવમાં આણાનો તથા સેવા દર્શનનો અલભ્ય અલૌકિક લાભ લેવા ભાવભીનું આમંત્રણ છે.

સેવામાં ચિત્ત છે તેથી વિશેષ રાખશો બહારગામના વૈષ્ણવો માટે મંડાણની વ્યવસ્થા છે.

પ્રસ્તાવ સ્થળ

શ્રી વલ્લભાચાર્યનગર
૪, પ્રહલાદ પ્લોટ સામે, પેલેસ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧.

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી

નિવેદકો
શ્રી યજ્ઞોપવિત તથા વિવાહ પ્રસ્તાવ વ્યવસ્થા સમિતિ

પત્રવ્યવહાર :

(૧) ગો. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી
C/o જશુ મંડાણ, ખત્રીવાડ, રાજકોટ

(૨) ગો. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી
લલીતા કુંજ ૪, પુજારા પ્લોટ, રાજકોટ

(3) ગો શ્રી લલીતાનાથજી બાવાશ્રી
પગથીયા શેરી, બીલખા

સમાચાર

રાયપુર-તા. ૧૬-૧૭-૧૮ જાનેવારી '૯૧ ના દિવસોએ રાયપુરમાં પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહોદય તથા તેમના લાલબાવાશ્રી દ્રુમીલકુમારજી મહોદયની અધ્યક્ષતામાં 'શ્રી ગિરિરાજ મહોત્સવ' ધામધૂમથી સંપન્ન થયો. વિશાળ અલૌકિક શોભાયાત્રા, પ્રવચનો, બડો મનોરથ વગેરે કાર્યક્રમો સંપન્ન થયાં હતાં.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

।। શ્રી હરિઃ ।।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૨ * **મે, ૧૯૯૧**

।। શ્રી વલ્લભઃ ।।

પુષ્ટિમાર્ગમેં ભગવત્કૃપા

પ્રવકતા–નિ. લી. ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ કોટા
સંપાદક–ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા
અનુવાદક–ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

[ગતાંકથી ચાલુ]

નિઃસાધન દીનજન જ પુષ્ટિમાર્ગમાં કૃપા માર્ગના અધિકારી માનવામાં આવ્યા છે. સ્વભાવથી અહંકારી દુષ્ટ જીવમાં દીનતાની ભાવનાનો ઉદય થવો પણ સહજ રીતે કેમ સંભવી શકે ? જીવની આવી વિષમ પરિસ્થિતિ જોઇને જ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઇજીએ ‘વિજ્ઞપ્તિ’માં પ્રભુને દીન થઇને પ્રાર્થના કરી છે કે–

યદ્દૈન્ય ત્વત્કૃપા હેતુર્ન
અન્યદસ્તિ મમાણવપિ ।
ત્વત્કૃપાં કુરુ રાધેશ,
યયા દૈન્ય મવાન્પુયામ્ ।।

અર્થાત્ આપની કૃપા પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન જે દીનતા છે, તે મારામાં અણુ માત્ર પણ નથી. તેથી હે રાધેશ આપ એવી કૃપા કરો કે જે કૃપા દ્વારા

હું દીનતાની ભાવનાને પ્રાપ્ત કરી શકું. પ્રભુને સર્વત્ર દીનબંધુ કહેલ છે. દીનને જ કૃપાના અધિકારી માનવામાં આવે છે. સંપન્ન માણસને નહીં. સાચી દીન ભાવના પણ પ્રભુની કૃપાથી પ્રાપ્ત થાય છે. સંપન્ન વ્યક્તિને સંપત્તિનો આશ્રય રહે છે અને જ્યાં સુધી અન્ય આશ્રય રહે છે ત્યાં સુધી દીનતા નથી આવી શકતી. બીજા સાધનોનો આશ્રય છૂટી ગયા બાદ જ વાસ્તવિક દીનતા આવે છે દીનતા આવી જવાથી જીવ પોતાને અન્યઆશ્રયો વગરનો સમજીને વાસ્તવિક આશ્રયરૂપ પ્રભુનો એક માત્ર આશ્રય લઇને ફક્ત તેને જ પોતાનો અવલંબન આધાર માનીને પ્રભુનો આધીન બની જાય છે. સર્વ સાધન રહિતતાની ભાવના વાળા જીવ પર કરૂણાનિધાન પ્રભુની કૃપા સહજમાં જ થઇ જાય છે. પરમ ફળરૂપ પ્રભુ ત્યારે તે આશ્રિત જીવને ફળ પ્રાપ્ત કરાવવામાં સ્વયં સાધનરૂપ બનીને તેને પૂર્ણાનંદનું દાન કરે છે. આ રીતે ભગવદ અનુગ્રહ પ્રધાન આ પુષ્ટિમાર્ગમાં, અન્ય સર્વ સાધનો રહિત થઇ જવું એ જ સાધન છે. અને પૂર્ણાનંદ ફળરૂપ શ્રી કૃષ્ણ જ પોતાની કૃપા પ્રદાન કરીને જીવને માટે સ્વયં સાધન બની જાય છે.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની દશ પ્રકારની લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. છઠ્ઠા સ્કંધમાં ભગવાનની પોષણ લીલા છે પોષણનો અર્થ છે ભગવાનની કૃપા "પોષણં તદનુગ્રહઃ।'

ભગવાનની ઇચ્છા સ્વતંત્ર છે. દેશ, કાળ, પાત્ર કે અધિકારનો વિચાર કર્યા વગર તેઓ જ્યારે ચાહે ત્યારે કોઈ પણ જીવ પર કૃપા કરી શકે છે અને કરતા આવ્યા છે. આ વાતના અનેક પ્રમાણ ઉપલબ્ધ છે કે ભગવાનને નિઃસાધન જ નહીં, વિરૂદ્ધ સાધન કરવાવાળા પર પણ કૃપા કરી છે.

પોતાના જીવો પર કયા પ્રકારની કૃપા કરીને ફળ દેવું એ તેમની ઇચ્છા પર નિર્ભર છે. ભગવાન કયારેક સાધન કરાવીને જીવને ફળ પ્રદાન કરે છે, અને કયારેક સાધનની અપેક્ષા રાખ્યા વગર પોતાના સ્વરૂપ બળથી જ પરમ ફળ પ્રદાન કરે છે. શ્રીમદ વલ્લભાચાર્ય ચરણે બ્રહ્મ સૂત્રના 'અણુભાષ્ય' નામના ગ્રંથમાં લખ્યું છે કે–

કૃતિસાધ્યં સાધન જ્ઞાન ભક્તિ રૂપં શાસ્ત્રેણ બોધ્યતે

તાભ્યાંવિહિતાભ્યાં મુક્તિ મર્યાદાતદ રહિતાનાપિ સ્વસ્વરૂપ બલેન સ્વપ્રાપણં પુષ્ટિઃ ઇતિ ઉચ્યતે ।

આપનું મંતવ્ય છે કે શાસ્ત્રોમાં જેનું વિધાન કરેલ છે એવા જ્ઞાન અને રૂપ એ સાધન મુખ્ય છે. આ બને સાધન કૃતિ સાધ્ય છે, અર્થાત્ તેમનું અનુષ્ઠાન કરવાથી એ સિદ્ધ થાય છે.

આવું વિહિત જ્ઞાન અને ભકિતરૂપ સાધનોનું આચરણ કરવાથી જીવને મુકિત પ્રાપ્ત થાય છે. આ શાસ્ત્રોકત મર્યાદા છે. આવી મુકિત મર્યાદા મુકિત છે અને આ વિહિત જ્ઞાન અને ભકિતરૂપ સાધનો વગર જીવને પણ પ્રભુ પોતાના સ્વરૂપબળ દ્વારા જે પોતાની પ્રાપ્તિ કરાવી દે છે તેને "પુષ્ટિ અથવા ભગવાનની કૃપા" કહેવાય છે. અર્થાત્ ભગવાન કયારેક શાસ્ત્રોકત સાધનનું અનુષ્ઠાન કરાવીને જીવને ફળ પ્રદાન કરે છે. જેમ કે મુચકુંદને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવીને દર્શન આપ્યા

અને આજ્ઞા કરી કે આગલા જન્મમાં તું બ્રાહ્મણ બનીશ ત્યારે તારી મુકિત થશે. ભગવાન જો ઇચ્છત તો એ જ જન્મમાં મુકિતદાન કરી શકતા હતા. અહીં અન્ય જન્મમાં સાધન કરાવીને મુકિત આપવાની ઇચ્છા સ્પષ્ટ જોઈ શકાય છે. કયારેક સાધનાની અપેક્ષા વગર સાધન રહિત જીવોને પણ પોતાના સ્વરૂપના સામર્થ્યથી પોતાના સ્વરૂપાનંદનું દાન આપી દે છે. આ બધું તેમની સ્વતંત્ર ઇચ્છા પર નિર્ભર છે. આમાં બીજું કોઇપણ કારણ નિયામક ન થઇ શકે. તેથી કહેવામાં આવ્યું છે કે, 'પુષ્ટૌ તુ નાન્યાપેક્ષા' પુષ્ટિકૃપા માર્ગમાં બીજા કોઇપણ સાધનની અપેક્ષા ભગવાન નથી રાખતા. મર્યાદા માર્ગથી પુષ્ટિમાર્ગમાં આ વિલક્ષણતા છે.

અહીં સ્વાભાવિક રીતે એક પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે છે કે શાસ્ત્રોક્ત મર્યાદાનું વિધાન પણ ભગવાને જ પોતાની ઇચ્છાથી બનાવ્યું છે, તો પછી ભગવાન જ તેની મર્યાદાનું ઉલ્લંઘન પોતે કેવી રીતે કરી શકે ? આમ કરવું તે તો અન્યાય તેમ જ અસંગત થશે. તેનું સહજ સમાધાન એ છે કે–

ભગવાન શાસ્ત્રોક્ત મર્યાદાનુસાર નિયત ફળ પ્રદાન ન કરે તો આ પ્રકારની શંકા ઉત્પન્ન થઇ શકે છે. નિયતફળ પ્રદાન કરતા રહીને વિશેષમાં કોઇ પોતાની ઇચ્છાથી પોતાની વસ્તુને કોઇ દીન તેમજ આશ્રિતજનને કૃપા કરીને આપી દે તો આ કાર્યને અનુચિત અને અસંગત કેવી રીતે કહી શકાય ? નિયતફળ ન આપવું અવશ્ય અન્યાય કહેવાય. પરંતુ દાતા કોઇ પોતાની વસ્તુ કોઇને સ્વેચ્છાએ પ્રદાન કરી દે તો આ કાર્યને જ્ઞાનીજનો અન્યાય ન કહીને દાતાનો અનુગ્રહ કે ઉદારતાપૂર્ણ કૃપા કરીને જ સ્મરણ કરશે. ઉદારતાને પણ કોઇ જ્ઞાનીજન દોષ કે અન્યાય કહેવાનું સાહસ નહીં કરે.

એક સંપન્ન વ્યકિતનું કોઇને કંઇ આપી દેવાનું કાર્ય અન્યાય કે વિષમતા દોષ માનવામાં આવતો નથી. ત્યારે સર્વેશ્વરની પોતાની અહેતુક કૃપાથી કોઇ દીન આશ્રિત વ્યકિતને પોતાના સ્વરૂપાનંદનું દાન કરી દેવું અન્યાય કેવી રીતે થઇ શકે ? આવું કાર્ય તો તેમના અસીમ સામર્થ્ય અને પરમ ઉદારતાનું દ્યોતક જ કહેવાય અને માનવામાં આવે.

કોઇપણ રીતે સંપન્ન વ્યકિતને પોતાની ઇચ્છાથી ઉદારતાપૂર્વક પોતાની વસ્તુ કોઇને પણ આપવાના અધિકારી માનવામાં આવે છે. ભગવાન તો સર્વસંપન્ન અને સર્વકરણ સમર્થ છે. તેથી જેને ઇચ્છે તેને કૃપા કરીને બધું જ આપી શકે છે. તે વ્યકિત સાધનસંપન્ન હોય કે સાધન રહિત હોય તેમાં કાંઇ ફેર પડતો નથી. દેશ, કાળ અને પાત્રનો ભેદ રાખીને જ ભગવાન પણ ફળ દઇ શકતા હોય તો તેની શકિત અને સ્વતંત્રતાનું મહત્વ જ કયાં રહે ? તેઓ તો સર્વતંત્ર સ્વતંત્ર છે. આને કોઇપણ નકારી ન શકે.

લોક તેમજ વેદને ભગવાને જેટલો અધિકાર આપેલ છે. તે સીમામાં રહીને દેશ, કાળ તેમજ પાત્ર અધિકાર અનુસાર તેઓ અનુગ્રહ કે વિગ્રહ કરી શકે છે. વધારે કે ઓછો નહીં. આ વ્યવસ્થા કે નિયમ અધિકારી માટે છે. અધિકાર આપનાર માટે નહીં. દેશ, કાળ તેમજ પાત્રની યોગ્યતાની અપેક્ષા રાખ્યા વગર પોતાની સ્વતંત્ર ઇચ્છાથી ફળ આપી દેવામાં જ ભગવાનની ભગવત્તા છે.

ભગવાન પણ કર્મ અનુસાર જ સદાય ફળ આપતા રહે તો તેમની કૃપાનું મહત્વ પણ ક્યાં રહી જાય ? કૃપા તો દીન, હીન તેમજ સાધન રહિત અસમર્થ પર જ થાય છે. સાધનસંપન્ન તો પોતાના સાધન અનુસાર ફળ પ્રાપ્ત કરી જ લે છે. શાસ્ત્રો તેમજ ભકતોએ કૃપાનું વાસ્તવિક સ્વરૂપ સમજીને ભગવતકૃપાનું એ રૂપે સમજાવ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં વ્રજવાસી માટે લખ્યું છે કે-

'તેનાધીન શ્રુતિ ગણં નોપાસિત મહત્તમાઃ ।'

વ્રજવાસી ગ્રામીણ હતા. ખેતી અને ગોપાલન જ તેમનો વ્યવસાય હતો. તેઓએ શ્રુતિશાસ્ત્રોનું અધ્યયન નહોતું કર્યું. મહાન પુરુષોની સેવા અને સત્સંગ પ્રાપ્ત કરવાનો સુઅવસર તેમને પ્રાપ્ત થયો ન હતો. છતાં પણ શ્રીકૃષ્ણ ભગવાને અવતારી રૂપે પ્રગટ થઇને પોતાની બાળલીલાનો જે અભુતપૂર્વ અલૌકિક આનંદ વ્રજવાસીઓને આપ્યો તે આપની સાધનની અપેક્ષા વગર પરમ કૃપાનું ઉજ્જવળ પ્રમાણ છે. આ પરમ કૃપાને લક્ષમાં રાખીને અનુગ્રહ માર્ગના પરમ આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે પોતાની સુપ્રસિદ્ધ ટીકા 'શ્રી સુબોધિની'માં શ્રીકૃષ્ણના પ્રાકટયના પ્રસંગમાં દિવ્ય તેમજ અનુગ્રહ કૃપામાંર્ગીય જીવોને અમૂલ્ય આશ્વાસન આપતા લખ્યું છે કે-

નિઃસાધન ફલાત્માયં પ્રાદુર્ભૂતોસ્તિ ગોકુલે ।
અતઃ વયં સુનિશ્ચિન્તા જાતાઃ સર્વત એવહિ ॥

આપ આજ્ઞા કરે છે કે, ગોકુલમાં જે આ પ્રાગટય થયું છે તે નિઃસાધન ફલાત્માનું પ્રાગટય છે. અર્થાત્ સાધન રહિત જીવોને સ્વરૂપાનંદનું દાન કરવા માટે જ ગોકુલમાં શ્રી કૃષ્ણનો પ્રાંદુર્ભાવ થયો છે. તેથી સાધન રહિત આપણે પુષ્ટિમાર્ગીય જીવો બધી બાજુથી નિશ્ચિંત ચિંતા રહિત થઇ ગયા છીએ.

-ક્રમશઃ

વૈષ્ણવતાનો દીવડો

(ગો. વા. પ. ભ. વૈષ્ણવ શ્રી રવજીભાઇ મિસ્ત્રીનું જીવન વૃતાંત)

—પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભકતજનપદરજ પ્રતાપે સકલ સરિયાં કાજ

જગ ઝગમગ ઝગમગ ઝબુક્તો રે,
વૈષ્ણવતાનો દીવડો રે,

શ્રીહરિ ગુરુ વૈષ્ણવનો લાડીલો રે,
વૈષ્ણવતાનો દીવડો રે,

પુષ્ટિના રંગે જેનું હૃદય રાચ્યું
પુષ્ટિના તાને જેનું હૃદય નાચ્યું
હતા સત્સંગના સદા 'વ્રજ' રસિયા
જેના તન મનમાં શ્રીનાથ વસિયા

સદા સત્સંગના "વ્રજ" તરસિયા
જેના ઉપરે શ્રી નાથજી વરસિયા

એ સૂત્રના પ્રકાશે જેનું જીવન પ્રકાશ્યું
'શ્રીવલ્લભ શરણ થકી સહુ પડેલું સહેલું'
'ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરિયાં કાજ'

જગે ઝગમગ ઝગમગ ઝબુકતો રે,
વૈષ્ણવતાનો દીવડો રે,

શ્રીહરિ ગુરુ વૈષ્ણવનો લાડીલો રે,
વૈષ્ણવતાનો દીવડો રે,

પ. ભ. શ્રી રવજીભાઇ મિસ્ત્રી એક ભગવદીય વૈષ્ણવ હતા. તેઓશ્રી નિ:શંકપણે એક લીલાના જીવ હતા એટલે તેમના પર પ્રભુ કૃપા હોય તેમાં કોઇ આશ્ચર્ય નથી. તેમના ઉપર શ્રીહરિ ગુરુ વૈષ્ણવની કોઇ અનેરી કૃપા હતી. ભાવિક વૈષ્ણવ જનોના શ્રી રવજીભાઇ ખુબ લાડીલા હતા. શ્રીહરિ ગુરુનાં પુનિત પાવન ચરણ કમલની રજના શરણમાં અને ભાવિક વૈષ્ણવોના સત્સંગમાં તેમણે પુષ્ટિનું મધુરસ પાન કર્યું હતું. શ્રી રવજીભાઇના પુષ્ટિ સંવર્ધનમાં શ્રીહરિ ગુરુ વૈષ્ણવની કૃપાના રસનું સિંચન થયેલ હતું. શ્રીવલ્લભ કુલના પ્રતાપી બાલકોએ અને અનેક ભાવિક વૈષ્ણવ ભક્તોએ તેમને પુષ્ટિના રસ પાઇ તેમનામાં પુષ્ટિનું સિંચન કર્યું હતું અને તેથી તેમનું જીવન સમગ્રપણે પુષ્ટિમય બન્યું હતું. પુષ્ટિ–બીજ વાળી આ વેલ પુષ્ટિના અમીરસ પીને એક અમર 'પુષ્ટિવેલ' બની હતી. રવજીભાઈ દ્રઢપણે માનતા કે શ્રી વલ્લભનું સાચું શરણું જેને મળ્યું હોય તેના જીવનમાં કોઇ ચિંતા રહેતી નથી–તેના જીવનમાં કોઇ મણા રહેતી નથી, તેનું જીવન ધન્ય બની જાય છે. અને શ્રીવલ્લભની કૃપા ઉતરે તો સાચા ભગવદીયોના સત્સંગનો અલભ્ય લાભ મળે છે અને જીવનું જીવ્યું સાર્થક બને છે, અને તેથી તો

શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું
ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરિયાં કાજ

આ બે સૂત્રો રવજીભાઇ માટે જીવન સૂત્રો બની ગયા હતા અને તેમણે શ્રી રવજીભાઇના પથને ઉજાળી તેમના જીવનને અલૌકિક આભાથી ભરી દીધું હતું તેથી તો શ્રીહરિ ગુરૂ વૈષ્ણવનો લાડીલો આ 'વૈષ્ણવતાનો દીવડો' પુષ્ટિ જગમાં ઝગમગ ઝગમગ ઝબુકતો રહે છે.

શ્રી રવજીભાઇના પુષ્ટિ ઉછેરમાં જેમનો ફાળો અગ્રસ્થાને છે. તેમના પ્રદાનની પુષ્ટિ સુવાસ શ્રી રવજીભાઇના તનમનમાં સદા ફેલાયેલી રહેતી. એ અલૌકિક સુવાસ પમરતી પમરતી જાણે સારી યે પુષ્ટિ સૃષ્ટિમાં પમરાટ ફેલાવતી હોય તેવું લાગે છે. ધર્મ ક્ષેત્રે અને પુષ્ટિ સાહિત્ય ક્ષેત્રે આ પુષ્ટિ વૈષ્ણવતાના દીવડાનો પ્રકાશ આપણા જીવનમાં પ્રકાશ ફેલાવી રહેલ છે, આપણામાં પુષ્ટિની ભાવના પ્રેરી રહેલ છે અને આપણા મનને જાણે અલૌકિક રીતે આહ્લાદિત કરી રહેલ છે.

ભગવદિય ગંગામા.

રવજીભાઇના જીવનમાં પુષ્ટિનું અમી સિંચન કરનારાઓમાં સૌ પ્રથમ તેમના માતુશ્રી ભગવદીય ગંગામા સદા ઉલ્લેખનીય અને અવિસ્મરણિય રહેશે. બાળકના ઉછેરમાં માતાના સંસ્કાર ખુબ અગત્યનો ભાગ ભજવતા હોય છે. રવજીભાઇને ધર્મના સંસ્કાર ગળથુથીમાંથી તેમની માતા ગંગામાં પાસેથી મળેલ છે. માતાનો નિર્વ્યાજ પ્રેમ અને પુત્ર પ્રતિ કલ્યાણની પાવનકારી મનોભાવનાથી રવજીભાઇમાં જે પુષ્ટિબીજ હતું તે અંકુરિત બન્યું હતું ગંગામા એ પુષ્ટિબીજને મુરઝાવા–સૂકાવા નહીં દીધું હતું પરંતુ જતનપૂર્વક ધર્મ સંસ્કાર અને માતૃ સ્નેહ રસનું સિંચન કરી તેને સદા સ્નિગ્ધ રાખ્યું હતું જે શ્રીહરિ ગુરુ વૈષ્ણવની કૃપાથી યોગ્ય સમયે પુષ્ટિની અમરવેલમાં પરિણમ્યું.

શ્રી રવજીભાઇના પિતા શ્રી વેલજીભાઇ સંવત ૧૯૭૧ માં હરિ શરણ થતાં ગંગામાં

૩૩ વર્ષની યુવાન વયે વિધવા થયા. જીવનમાં જાણે અંધકાર છવાઇ ગયો । પરંતુ કટોકટીના સમયે હિંમત રાખી ગંગામાએ કુટુંબના ભરણનો ભાર પોતાના શિરે ઉપાડી લીધો. અને ત્રણ વર્ષના નાના પુત્ર રવજીનો ઉછેર સ્નેહપૂર્વક કરવા લાગ્યા ૧૫ વર્ષની પુત્રી જવલબેન તે સમયે શ્વસુરગૃહે હતી. શ્રીનાથજી પ્રભુને નોધારાનો આધાર ગણી તેમણે અનેક મુશ્કેલીઓ અને વિટંબણાઓ સામે અડગ રહી શ્રદ્ધાના દીપકના પ્રકાશથી પોતાના નાનકડા પ્રકાશથી પોતાના નાનકડા ઘરને ઉજવાળું રાખ્યું.

ભણતર નહીં હોવા છતાં હૈયાસૂઝ અને ગણતરવાળા ગંગામાં વિવેકશીલ અને ધૈર્યવાળા હોવાથી તેમણે સાદું, સરળ, પવિત્ર અને નિષ્કલંક જીવન જીવી પોતાના પ્રિય પુત્ર રવજીનો પ્રેમપુર્વક ઉછેર કર્યો ભાવથી પ્રભુની ભકિત કરવામાં અને પુત્રનો ધર્મમય રીતે ઉછેર કરવામાં તેમણે પોતાના જીવનનો આનંદ અને સુખ માન્યા. સ્વતંત્ર રીતે કામ કરી તેઓએ કુટુંબ નિર્વાહ કર્યો.

ક્રમશઃ

॥ श्री नटवरवपुर्विजयते ॥

વૈષ્ણવોનું કર્તવ્ય

વ્યાખ્યાતા : **ગો. શ્રી રણછોડલાલજી મહારાજ, રાજનગર**

પ્રેષક : **પ. ભ. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા, રાજકોટ**

(ગતાકથી ચાલુ)

હવે આપણે આચાર વિચાર ઉપર વિચાર કરીયે શરૂઆતમાં જ કહ્યા પ્રમાણે આપણા માર્ગમાં વિશ્વાસ સાથે આચાર–વિચાર પણ ખાસ જરૂર છે. આપણા માર્ગમાં વિશ્વાસ તેમજ આચાર–વિચાર પ્રથમ ધર્મ છે. કારણ કે પાપનું મૂળ અનાચાર છે, અનાચારથી જ પાપ પેદા થાય છે. માટે જ आचार प्रथमो धर्मः એવું શાસ્ત્રનું વચન છે. આચાર પાળવાળામાં કોઇ દિવસ પાપનો અંકુર ફુટતો જ. નથી. જેવા આચાર તેવા વિચાર આચારની સાથે વિચારનો ગાઢ સમ્બન્ધ છે. જ્યાં આચાર ભ્રષ્ટ થયો ત્યાં વિચાર ભ્રષ્ટ થવાના જ અને જ્યાં વિચાર ભ્રષ્ટ થયા ત્યાં પાપના અંકુર ફુટવાના દરેક વૈષ્ણવ આચાર–વિચારનું સમ્પૂર્ણ પાલન કરતો હોવો જોઇએ. જો તે પ્રમાણેનું વર્તન તેનામાં ન હોય તો તે વૈષ્ણવ કહેવાય જ નહીં આચાર વિચારમાં જેટલી ખામી; પછી ઉપરનો ગમે તેટલો દેખાવ કરે. આચારના બે ભેદ છે. એક આચાર અને બીજો સદાચાર અનાચારના પણ ચાર ભેદ છે. (૧) અનાચાર, (૨) દુરાચાર. (૩) અત્યાચાર (૪) વ્યભિચાર હવે આચાર અને સદાચાર વિષે વિચાર કરિયે. આચાર એટલે શારિરીક શુદ્ધિ માટે જે નિયમો શાસ્ત્રમાં કહ્યા છે તે પ્રમાણેનું વર્તન. અને સદાચાર એટલે શ્રી મહાપ્રભુજીના પુષ્ટિના સિદ્ધાંતો અનુસાર વર્તન તથા વિશેષમાં મેંડ, મર્યાદા અને અપરસ વિચાર પૂર્વક રાખવી તે, જેમકે પવિત્રતા સાચવી નાહીને જલ ભરી લાવવું તેનું નામ આચાર પરન્તુ તેની સાથે વિચાર એ કે ખડાઉ પહેરીને

ચાલવું. કંતાનમાં ઘડો કે હાંડો બાંધીને લાવવો ખાસા જગ્યા કર્યા સિવાય મુકવો નહીં. આવી રીતે જે કાર્ય આપણે આચરતા હોઇયે તે વખતે જો વિચાર રાખીયે તો અનાચારમાં કે દુરાચારમાં ઉતરાય નહીં "પ્રભુ પતિવ્રતાના પતિ સાક્ષાત્" શ્રી મહાપ્રભુજી પતિવ્રતાના પતિ છે. પતિવ્રતા સ્ત્રીના જેવા ધર્મો તેના પતિ માટેના છે તેવા બધા ધર્મો વૈષ્ણવમાં શ્રી આચાર્યજી માટે હોવા જોઇએ. જો પતિવ્રતા એક પણ ધર્મ ચૂકે. તો પતિવ્રતા ન કહેવાય તેવી રીતે શ્રી આચાર્ય ચરણના સિદ્ધાંતથી વૈષ્ણવ એક પણ વસ્તુ ચુકે તો તેનો પતિવ્રતા ધર્મ જાય.

ધર્મના પણ બે પ્રકાર છે. એક લૌકિક વૈદિક ધર્મ બીજો આત્મ ધર્મ એટલે કે સેવા સ્મરણનો ધર્મ. જે વૈષ્ણવ આત્મ ધર્મ વિશેષ પાળનારો છે તેનાથી લૌકિક વૈદિક ધર્મ જો ઓછો પળાય તો શ્રીવલ્લભ એટલે શ્રીવલ્લભકુળના બાળકો તેની ખાતર તે કરી લે છે. "આપ સાધન કરેનિજ દાસને કાજ" તે અનુસાર લૌકિક વૈદિક ધર્મ કદાચ ઓછો બને તો ચાલે પરન્તુ આત્મ ધર્મ તો પૂરેપૂરો પુષ્ટિ જીવે પાળવો જ જોઇએ. એમાં શિથિલતા આવે તો પતિવ્રતોના ધર્મ જાય સેવા સ્મરણ તો આપણે જે કરીશું તેજ સાથે આવવાનું છે. એ સેવા સ્મરણ કરનાર વૈષ્ણવથી કોઇ લૌકિક વૈદિક ધર્મ ઓછો થઈ જાય તો .તે સંપૂર્ણ રીતે પોતાના જીવની ખાતર પોતે કરી રહ્યા છે. અદ્યાપિ વંશ દ્વારા કરી રહ્યા છે. માટે તેની ચિન્તા ન રાખવી. "ફળની ચિન્તા નવ રાખીયેજી પ્રભુ સર્વેશ્વર કહેવાય." લૌકિક વૈદિક કર્મો ફળ આપનાર છે. લૌકિક વૈદિકનું જે ફળ છે તે વૈષ્ણવને જોઇતું નથી. કેમકે તે નાશવન્ત ફળ છે માટે તે ફળ તો નથી જોઇતું એટલું જ નહી પણ તે સેવા સ્મરણ કરે છે. તે પણ કોઇ મર્યાદા ફળની આશાથી કરતા નથી. પુષ્ટિ ફળ સેવાનું કાંઇ સેવાથી જુદુ છે? સાધન અને ફળ આ માર્ગમાં જુદા નથી. માટે પ્રભુના સેવન સિવાય બીજા કોઇ ફળની ઇચ્છા ન રાખવી અને એજ ઉચ્ચ કોટિના ભકતોનો ધર્મ છે. પતિવ્રતા ધર્મ પાળનાર ભકત પોતાના સ્વામીના સુખના વિચાર સિવાય બીજા વિચારો લાવેજ નહીં. આ ઉપરથી એટલું પ્રતિપાદન થાય છે કે પ્રતિવ્રતા સ્ત્રીની પેઠે વૈષ્ણવમાં પણ અવિશ્વાસ તથા અનાચાર ભુલથી પણ ન આવવા જોઇએ કારણે કે અવિશ્વાસથી અનાચાર આવશે અને પરિણામે વ્યભિચાર આવશે, એટલે કે અધઃપાતનો સમય આવી પહોંચશે આ ઉપરથી આપણે એ નક્કી કર્યું કે પુષ્ટિ માર્ગમાં સ્થિર થવા માટે અને આગળ વધવા માટે વિશ્વાસ તથા આચાર વિચારની પૂરતી જરૂરી છે. અર્થાત વિશ્વાસ તેમજ આચાર વિચાર આપણા માર્ગમાં પ્રથમ પગથિયા રૂપ છે. પુષ્ટિ ભકિતરૂપી સીડીનું પ્રથમ પગથિયૂં છે. પુષ્ટિમાર્ગમાં ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત દ્રઢ આશ્રય છે. પુષ્ટિ ભકિતરૂપી સીડીનું એ બીજું પગથિયું છે. અન્યાશ્રય છે તે પુષ્ટિમાર્ગીય પતિવ્રતા રૂપ ભકતનો વ્યભિચાર છે. ઉચ્ચ કોટિની પતિવ્રતા કોઇ જાતનો વ્યભિચાર કરવા નથી જતી પણ તેના પતિનો કોઇ જાતનો દોષ તેના મનને સ્ફુરાયમાન થયો અને કોઇ અન્ય સારૂં દેખાયું તો તે વ્યભિચાર કહ્યો કહેવાય. તેના પતિના સિદ્ધાન્તો સિવાય બીજા કોઇના સિદ્ધાન્તો રુચવા તેજ તેનો વ્યભિચાર,

આપણા પુષ્ટિમાર્ગમાં ચાર વસ્તુ મહાબાધક છે. જેમાંની ત્રણ બાબતો વિષે હું તમને સમજાવી ગયો. પ્રથમ અવિશ્વાસ તેમજ અનાચાર બીજુ અન્યાશ્રય અને ત્રીજું અસમર્પિત, હવે ચોથી બાબત અનૃત ભાષણ છે તે ઉપર વિચાર કરીયે, અનૃત એટલે જૂઠું, જગત્ જેને જુઠું બોલવું કહે છે તે બરોબર છે, પરંતુ તે તો ગૌણ બાબત છે. વગર પ્રયોજનનું બોલવું તેનું નામ અનૃત ભાષણ છે. તેથી કૃષ્ણદાસજીયે શ્રી મહાપ્રભુજી પાસે મુખરતા દોષ નિવૃત્ત થાય તેવું ત્રણ વખત જે માગ્યૂં તે આ ભાવથી જ માગ્યું હતું, આપણા રસેશ શ્રી કૃષ્ણની લીલાના ગુણગાન સિવાયનું જે કાંઇ ભાષણ છે તે વૃથાલાપ છે, મુખરતા છે, તેજ અનૃત ભાષણ છે. સ્વકીયના દોષ તરફ દૃષ્ટિ કરી જે કાંઇ બોલવામાં આવે તેને પણ અનૃત ભાષણ કહે છે. કોઇના પણ દોષ ન જોવા તે વિષય વિશ્વાસના પ્રસંગમાં આવી ગયો. છતાં તે વિષય ખાસ હૃદયમાં ધારણ કરવા જેવો છે. તેથી આપણે તેના વિષે વધારે વિચાર કરીશું. આપણા સ્વકીયનો દોષ આપણાથી દેખાય જાય તો સ્પષ્ટ તેને એકલાને કહી દેવો અને તેમ ન કરવા સમજાવવો. છતાં ન સમજે તો તેનો કેડો ન પકડવો. તે વાતને છોડી દેવી. અને આપણે તેનાથી થોડા ખસી જવું. આપણે એટલી સાવચેતી ખાસ રાખવી કે ભવિષ્યમાં આપણે પોતે તે જ દોશમાં ન ફસાઇએ. પોતાને માટે કાળજી રાખવી કે જેમ મને બીજોના દોષ દેખાયો તેમ મારા દોષ બીજા કેમ નહીં જોતા હોય ? સ્વકીય સમજાવવા જતા વધારે દોષમાં પડે અને પ્રકટ દોષ કરવા લાગે તેવું લાગતું હોય તો સ્વકીયને પણ ન કહેવા. પરોક્ષ રીતે તેને ભૂલ કરતા અટકાવવાનો પ્રયત્ન કરી જોવો. પરંતુ આપણે જાણીયે છીએ. તેવું તે ન જાણે. નહિ તો પરિણામ વિપરીત જ આવે, અને આમન્યા તુટી જાય. જે કાંઇ કોઇના દોશ જોવામાં આવે તે માટે આપણે આપણા વિષે સુધારો કરી લેવો. આપણા મનથી સમાધાન કરી લેવું. શ્રી તાતજી મહારાજ ધ્યાનની ટીકામાં લખ્યું છે કે જગત્‌ના જીવોથી ભૂલો થાય છે તે તેમને માયા કરાવે છે. અને ભકતોથી જે કોઇ ભૂલો થતી હોય તે પ્રભુ પોતે કંઇ સારા જ હેતુ માટે કરાવે છે માટે ભકતમાં જો કદાચ ભૂલ દેખાતી હોય તો તેમાં પ્રભુની જ કાંઇ લીલા છે તેમ સમજવું જોઇએ.

ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

જો એવી દલીલ કરવામાં આવે કે 'જેઓ સેવા પરાયણ છે તેઓ તો એ બધાનો વિનિયોગ (ખાસ સમર્પણ) કરીને જ અનન્ય વ્રતથી સેવા કરતા હોય છે તેથી તેમનામાં વ્રતનો અભાવ નથી હોતો તેથી એ લોકો તો સાધક બનશે એવી શંકાની આગાહી કરીને એવા લોકોની અસાધકતાને વર્ણવતાં કહે છે. 'નાનાવાદવિનષ્ટેષુ.......વગેરે.

નાનાવાદનિષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ ।
પાખંડૈકપ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥

જો કે તેવા લોકો પુર્વોકત (પહેલાં વર્ણવેલ)ની સરખામણીમાં સર્વોત્તમ (બધાથી શ્રેષ્ઠ) ગણાય તો પણ તેમનામાં મર્યાદા ધર્મનું મિશ્રણ થયેલું હોવાથી બધા કર્મો તથા વ્રત વગેરેમાં બધું પુષ્ટિમાર્ગીય જ્યાં સુધી ઇચ્છવામાં આવે તે કર્મ એ માર્ગના લોકો સેવા તરીકે સ્વીકારતા હોય "ભગવતા સહ" એટલે "ભગવાન સાથે"–એ સૂત્રમાં બતાવ્યા મુજબ. અને વ્રત તો લોકવેદની અપેક્ષા રાખ્યા વગર, કેવળ સ્વરૂપ માત્રમાં જ નિષ્ઠાપુર્વક; 'આદિ' એટલે 'વગેરે' શબ્દ દ્વારા તે માર્ગના શ્રવણ, કીર્તન વગેરે સમજવાં અને એ બધાં અનેક પ્રકારના (નાના) વાદોને લીધે વિનષ્ટ થયેલાં હોવાથી "નાનાવાદ" એટલે અનેક પ્રકારના શાસ્ત્રના આધાર ધરાવતા વચનો જે મર્યાદા માર્ગીઓ રજુ કરે છે તેવા આવરણરૂપ, અને તેને લીધે 'વિશેષેણ નષ્ટાઃ' એટલે ખાસ નાશ પામેલા (દૃષ્ટિ ગોચર નથી) એવા હોવાથી તેમનામાં મર્યાદા માર્ગના સિદ્ધાંતોનું મિશ્રણ થયેલું હોવાથી અને ધર્મમાં આમ કહ્યું છે એ દૃષ્ટિથી જોનાર પરંતુ તેનું સાચું જ્ઞાન ધરાવતાં નથી એમ તાત્પર્ય છે, અને આ કારણને લીધે જ "પુષ્ટિ પ્રવાહ મર્યાદા" ભેદ નામના ગ્રંથમાં નિરૂપણ કરેલું છે કે 'મર્યાદયા ગુણ જ્ઞાસ્તે" એટલે "એ લોકો મર્યાદા માર્ગ પ્રમાણે ગુણને જાણનાર છે." જો એવી દલીલ કરવામાં આવે કે તેઓ પણ ભકિતમાર્ગમાં નિષ્ઠા (શ્રદ્ધા) રાખીને સેવા વગેરે કરે છે તો પછી તેમનું અજ્ઞાન કેવી રીતે હોય ?

તો જવાબ કહે છે કે 'પાખંડૈક પ્રયત્નેષુ' એટલે કે તેમના પ્રયત્નો ફકત પાખંડ (ધર્મના ઢોંગ) થી જ ભરેલા છે. એટલે નામ તથા ઉપાધિ (ગુણો–લક્ષણો) તેના જેવા જ તદ્રૂપ) હોય અને એક પ્રયત્ન જ તેને અનુકૂલ સાધન વાળો જેમનો છે એવા લોકો છે. તેઓમાં પણ મિશ્રત્વ (ભેળસેળ)ને કારણે, શ્રી પુરૂષોત્તમ સાથેના સાયુજ્ય (સાથે તદ્રૂપ થઇ જવાપણું) ધરાવતા એક માત્ર ફલ ધરાવવાને લીધે એ માટેના પ્રયત્ન વગેરેમાં પુષ્ટિ કરતાં ઉપાધિરૂપત્વ જ હોવાથી એ પ્રમાણે નિરૂપણ કરેલું

છે. આજ કારણથી સાયુજ્યનું મધ્યમ ફલ વર્ણવાયુ છે. 'સેવાફલ'માં સેવાયાં ફલત્રયં એટલે સેવામાં ત્રણ પ્રકારનું ફલ છે એમ કહ્યું છે. એટલું જ નહિ પણ સાયુજ્યનું મર્યાદા તથા ભકિતમાર્ગમાં એક ફલ માનેલું છે એમ "તત્ત્વાર્થ દીપ" માં નિરૂપણ કરેલું છે કે "સર્વત્યાગેનન્યભાવે" વગેરે શબ્દોથી એટલે કે સર્વ વસ્તુના ત્યાગમાં તથા અનન્ય ભાવમાં એમ કહ્યું છે. પુષ્ટિફલ તો કેવલ એ પ્રકારની કૃપાની ભાવનાથી સર્વાત્મથી (સંપુર્ણ ભાવથી) માત્ર ઉપાધિ રહિત ભાવથી જ સાધ્ય છે તેથી એ પ્રકારના લોકોનો સંગ પણ સાધક નથી બનતો તેથી માત્ર શરણનું જ નિરૂપણ કરતાં કહે છે કે કૃષ્ણ જ મારું શરણ છે. ૬

જો એવી દલીલ કરવામાં આવે કે સકલ (બધા) માર્ગને લગતાં સાધન ફલો બાધક હોવાથી પુરૂષાર્થ રૂપના અભાવને કારણે પુષ્ટિ માર્ગીયોના કયા પુરૂષાર્થો છે? અને કેવા પ્રકારથી અથવા કઇ રીતે સિદ્ધ થશે? એ પ્રશ્નના જવાબમાં કહેવાનું કે એ પ્રકારના પુષ્ટિ માર્ગીયોના તો ભગવાન આ રીતે ચતુર્વિધ (ચાર પ્રકારના) પુરૂષાર્થરૂપ છે, અને તેની સિદ્ધિ માટે શરણ જ સાધન છે. બીજું કોઇ સાધન નથી. એ રીતે ભગવાનના એ રૂપના નિરૂપણપુર્વક ચાર શ્લોકો દ્વારા શરણનું નિરૂપણ કરે છે. ત્યા ધર્મરૂપે નિરૂપણ કરે છે, "અજામિલાદિ દોષાણામ્" એટલે અજામિલ વગેરેના દોષોનું નિવારણ.

અજામિલાદિ દોષાણા નાશકોનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ કૃષ્ણએવ ગતિર્મમ ॥૭॥

'પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ ।
કામો હરેઃ દિદક્ષા એવ મોક્ષઃ
કૃષ્ણસ્યચેદ્ ધ્રુવમ્ ॥"

એટલે "પુષ્ટિમાર્ગમાં તો શ્રીહરિનું દાસ્ય જ ધર્મ છે અને અર્થ (ધન-દોલત-સમૃદ્ધિ) પણ શ્રીહરિ જ છે અને કામ (એટલે ઇચ્છા) છે શ્રીહરિને જોવાની (દર્શનની) ઇચ્છા અને મોક્ષ (એટલે મુકિત) છે શ્રીકૃષ્ણનું અચળ (ધ્રુવ) સ્થાન" એ પ્રમાણેના અહીં કહેવાયેલા પુરૂષાર્થો મર્યાદા માર્ગીયોને મન જુદા અને ઉપાધિ રહિત (કોઇ જાતના વિશેષ ગુણ વગરના) છે. ત્યાં શ્રીહરિના દાસ્યને ધર્મ કહેવામાં આવેલ છે. અને તે "પુરૂષ ભૂષણ દેહિ દાસ્યમ્ એ સૂત્રમાં (એટલે "હે પુરૂષોમાં શ્રેષ્ઠ, મને તમારા દાસ્યનું દાન આપો" એ માગણી દ્વારા) સ્વરૂપાત્મક ભાવે નિરૂપિત રજુ કરવામાં આવેલ છે.

આ પ્રમાણે ભગવાનનું ધર્મ રૂપત્ત્વ સિદ્ધ થયું. આમ થતાં ધર્મ દ્વારા જેવી રીતે દોષમાંથી છુટકારો (નિવૃત્તિ-મુકિત) મળતાં નિર્દોષ-સિદ્ધિ મળે છે. તેવી રીતે ભગવાન પોતાના સ્વરૂપથી જ દોષ દૂર કરનાર છે અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર બને છે (હોય છે) એ પ્રમાણે ધર્મની નિરૂપણ સહિત શરણ લેવાનું કહે છે.-

એવી જ રીતે અજામિલ વગેરે ઘણા દોષોથી ભરેલા તદ્રૂપ હતા તેઓ બધી ઇન્દ્રિયો દ્વારા પાપી હતા તેમના દોષોના નાશ કરનાર પ્રભુ બન્યા. પોતાના સ્વરૂપ દ્વારા જ અને કોઇ પણ જાતના સાધન વિના, આ ભાવ (તાત્પર્ય) છે.

પુષ્ટિમાર્ગીયને તો ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસન (ચાલુ, મહાવરો) દ્વારા સ્વતંત્ર પુરૂષાર્થપણાથી કરવામાં આવતી "ભગવતા સહ સંલાપ":" એટલે ભગવાનની સાથે પ્રત્યક્ષ સંલાપ (સંલગ્નતા) પહેલાં કહેલા પ્રકારની ભાવનામાં તલ્લીન થતાં જે સેવા ઉત્તમ પુષ્ટિરૂપ-કૃપારૂપ છે તેમાં, ઇન્દ્રિયોનો પ્રાકૃત (દુન્યવી) પદાર્થના સંસર્ગ (સહવાસ કે સમાગમમાં આવવું), દર્શન, સ્મરણ વગેરે દ્વારા જે પ્રતિબંધ મૂકવામાં આવેલો છે તે અહીં દોષરૂપ છે અને તે નાશકારક છે. જેવી રીતે અજામિલના દોષો (પુત્ર નારાયણનું) માત્ર નામ લેવાથી જ દુર કરવામાં આવ્યા હતા. એવી જ રીતે ભગવાનના ગુણ, ગાન, લક્ષણના નામના કીર્તનથી તેને ઇન્દ્રિયોનો દોષ નાશ પામે છે. તેથી એ પ્રમાણે કહ્યું છે. આ દ્વારા દોષ મુકત તે ધર્મ કાર્ય છે એમ કહ્યું ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિનું નિરૂપણ કરતાં કહે છે "અનુભવે સ્થિતે:" એટલે આ તો અનુભવેલી વાત છે. દોષને દુર કરીને તે તે ઇન્દ્રિયોમાં પોતે સ્થિતિ કરીને ભગવાન પોતાના સ્વરૂપાનંદનો અનુભવ (પુષ્ટિ ભકતને) કરાવે છે, એ તાત્પર્ય છે. (અનેન) આ દ્વારા ઇષ્ટ (ઇચ્છેલી વસ્તુ)ની પ્રાપ્તિ એ ધર્મ કાર્ય છે એમ કહ્યું.

આ બધું 'નિરોધ'ના વર્ણન દરમ્યાન "સંસારાવેશ દુષ્ટાનામ્" થી શરુ કરીને 'હરિવત્ સુખં" અંતમાં કહીને સ્ફુટ (એટલે સ્પષ્ટ) કરેલું છે. એનાથી પણ વિશેષ કહે છે–

"જ્ઞાપિતાખિલ માહાત્મ્ય" વગેરે એટલે કે પોતાનું અખિલ (પુરેપુરૂં) માહાત્મ્ય જ્ઞાપિત (એટલે જણાવેલું) છે જેમણે એવા શ્રીકૃષ્ણ મારી ગતિ થાઓ. જેમના વડે પુરેપુરું પુષ્ટિ લીલારૂપ માહાત્મ્ય જણાવવામાં આવ્યું છે. એવા શ્રીકૃષ્ણ–આજ કારણથી વ્રજમાં રહેલા (ગોપ ગોપી)ઓને પણ લીલાનો અનુભવ થયો હતો.

"પુષ્ટિ પ્રવાહ મર્યાદા" નામના ગ્રંથમાં પણ કહેવામાં આવ્યું છે કે "પુષ્ટયા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ" (એટલે કે સર્વજ્ઞ એવા ભગવાન પુષ્ટિથી (કૃપાથી) ખાસ ભરેલા છે. સાક્ષાત્ ભગવાન આપણા અંતઃકરણમાં પ્રકટ થતાં ભગવાનની લીલાઓ તથા ધર્મો (લક્ષણો) નો પણ આવિર્ભાવ (પ્રકટીકરણ) થવાથી તેમને વિષેનું જ્ઞાન પણ પ્રકટ થાય છે. એમ કહ્યું તે કંઇ અસ્થાને નથી.

આમ થતાં એ પ્રકારના ભાવોના પોષણ વગેરે કાર્યોમાં આ પ્રકારના ધર્મરૂપ એવા ભગવાન જ શરણ (આશ્રય) છે, તેથી કહ્યું છે કે "કૃષ્ણ એવ ગતિર્મમ" એટલે શ્રીકૃષ્ણ જ મારું શરણ છે. ૭

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

[ગયા અંકમાં નવયુવકો માટેનો લેખ આપણે વાંચ્યો નવયુવકોને પુષ્ટિમાર્ગમાં જોઇએ તેટલી રૂચિ કેમ દેખાતી નથી]

સ.–શ્રીમદનમોહનજીને કાયમી નેગ ભોગ બાંધેલ હશે ?

જ.–ના એવું બંધારણ રાખ્યું નથી ઘરનાં જે ત્યાં હાજર હોય તે અને આવ્યા ગયા વૈષ્ણવનું સમાધાન રોજ થાય.

સ.–શ્રીમદનમોહજીનો કાયમી ખરચો તેને માટે શું બંધારણ કરેલ છે ?

જ.–બાપા ! આ અટપટો સવાલ તમે કર્યો છે. અમારા વડીલોએ ઇસ્ટેટના ભાગલા પાડયા છે. ઠાકોરજી તો સૌના એક જ છે. ઇશ્વરી દયાથી પૈસાનો કોઇ ટુટો નથી. જે પરદેશથી આવે તે સેવા કરે. ત્યાંથી પણ અમો કાયમ જેની ઇચ્છા થાય તે મોકલતા જ રહે છે. અમો અમારી કમાણીમાંથી ઠાકોરજી માટે જુદું જ તારવી લઇએ.

સ.–આ હિસાબે શ્રીમદનમોહનજી ખુબ વૈભવથી બિરાજતા હશે.

જ.–જરૂર, શું ખામી છે, મુખીયા, ભીતરીયા, જલગરીયા વગેરે રાખ્યા જ છે. સાથમાં અમારા કુટુંબીજનો કામ કરતા હોય વળી વૈષ્ણવો પ્રસાદ લે તેમને ઉતારવાનું સ્થાન પણ છે. કોઇવાર એવું બને ખરૂં કે સેવાનાં માણસો બરોબર ન મળે તો પછી ઘરનાં જેટલું બને તેઠલું કરે, પ્રભુ પ્રસન્નતાથી બિરાજે તેજ જોવાનું છે. 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દ્ઢા ભવેત' તે મુજબ અમો ગમે ત્યાં ફરતા હોઇએ પણ અમારી ભાવનામાં ફરક નથી પડતો. ઉલટી આઘે રહેવાથી આકાંક્ષા બની રહે છે, કે કયારે પ્રભુ કૃપા કરી સેવ્ય સ્વરૂપની સેવાનો લાભ આપે. બહુ યાદ આવે તો ત્યાંથી વધારાનાં પૈસા મોકલાવીએ ને અત્રે અદકીમાં આરોગાવે. તે સિવાય અન્ય જગોએ અમારી વૃત્તિ જાય જ નહીં. બાપ દાદાની ઇસ્ટેટનો ભાગ લેતાં રાજી થાય તેમ ઠાકુરજી તો અમારા બધાનાં એક જ રહેવાના જે કાંઇ થાય છે તેની ઇચ્છાથી જ થાય છે. ભલે અમારા વડીલોએ સંસ્કાર અમારામાં રેડયા પણ બુદ્ધિનાં રક્ષક તો પ્રભુ જ છે ને ? પ્રારબ્ધમાં શું લખ્યું છે તે કોઇ જાણતું નથી. પ્રારબ્ધને ભરોસે બેસી ન રહેવાય. કર્તવ્ય પાલનમાં અમો માનીયે છીએ.

'સંસારમાં સરસો રહે, ને મન મારી પાસે;
સંસારમાં લોપાય નહીં, તે જાણ મારો દાસ."

આ ગીતા વાકય મુજબ સાંસારીક દરેક કામો ભલે કરીયે પણ મનનો માલિક કોણ ? ગમે તે સ્થળે ગમે તેવા ટાઇમે અમે અમારા ભાવની રક્ષા કરવા પ્રભુને જરૂર વિનંતિ કરીયે."

સ.–પુષ્ટિ માર્ગીય મુખ્ય ધર્મ તો સેવા જ છે. તે તો તમે નથી કરી શકતા ને ? તમે બધું જાણો છો તો ભારતમાં જ રહીને કર્યું હોઇ તો ?

જ.–બહુ જ સારો સવાલ છે. એવું કયાં લખ્યું છે કે ઘરે બેસી જવું, કામ ન કરવું. અમારી હજુ યુવાવસ્થા છે. અત્યારની કર્મભૂમિ છે, તેનું અમે પાલન કરી રહ્યા છીએ. અમારે પેઢીઓથી ચાલ્યું આવે છે. અવસ્થા લાયક થાય દીકરાઓ ભણી ધંધે લાગી જાય. તે સારી રીતે સંભાળી લે એટલે વડીલો ભારત આવી સેવા સંભાળે. અત્યારે મારા દાદ–દાદી ભારતમાં જ રહી સેવાનો લાભ લે જ છે.

સ.–શ્રીમહાપ્રભુજીએ 'અવ્યાવૃતો ભજેત કૃષ્ણ' વાકય કીધું છે તેનું શું ?

જ.–આ વસ્તુ દરેક વૈષ્ણવ અપનાવી ન શકે પણ સમય આવ્યે બધું થાય. બધાય જો ધંધા મૂકી ઘરે જ બેસી જાય તો બાપ દાદાનું ધન ખુટે ત્યારે શ્રદ્ધા તુટી જાય અને ભાવિ પેઢી આવું જોઇને સ્વધર્મથી વિમુખ બની જાય તમે કીધું એથી આગળ જુઓ. 'પૂજયા શ્રવણાદિભિ:' પૂરૂં વાકય સમજવા જેવું છે. તેમાં સેવા અને સ્મરણ બેમાંથી જે બને તે કરવાનું કીધું છે. જો કે હું માનું છું કે સાંસારિક કાર્ય છોડી પ્રભુની સેવા સ્મરણ કરવું, પ્રવૃત્તિ છોડી નિવૃત્તિ માર્ગ અપનાવવો મહાન છે. પણ તેનાથી બીજી પાયરી નીચેની પહેલા પાકી કરવી જોઇએ. ચઢતી વખતે ઉપરની પાયરી સૌની ઉપર પ્રભુથી નજીક જ આવી ચઢતી વખતે એક એક પાયરી (પગથીયું) ચડાય જુઓ, હું તમોને સિદ્ધ કરી બતાવું. અત્યારે અમારા દાદા–દાદી કોઇ પ્રવૃત્તિ કરતા જ નથી. દિવસ રાત સેવા સ્મરણમાં વ્યતિત કરે છે. યુવાનીમાં તે પણ અમારી માફક દેશોદેશ ધંધાર્થે ફર્યા હતા. પણ અત્યારે અવ્યાવૃતો ભજેત્ કૃષ્ણ બન્યા કે નહી? બોલો હવે આમ ચાલ્યું જ આવે છે, તમેજ આનો ઉત્તર આપો.

સ.–તમારા કુટુંબનું બંધારણ બહુ જ સારૂં તે હું માનું છું. છતાં એક વાતનો જવાબ ચાહું છું. બધાને આટલી લાંબી આયુષ્ય મળે ને વૃદ્ધાવસ્થામાં અવ્યાવૃત્ત બને તેમાં દરેકની આયુષ્ય એટલી લાંબી હોય તે સંભવિત નથી. આ બાબતમાં તમારો શું ખ્યાલ છે ?

જ.–જુઓ શ્રીમહાપ્રભુજીએ વ્યાવૃત્તિથી ભજેત્ કૃષ્ણ કીધું છે જ સેવા અગર સ્મરણ બેમાંથી એક બને તો પણ ઉત્તમ જ કીધું છે. આ બાબતમાં મારો લંડનથી અમેરિકાનો પ્રવાસ મારા મિત્ર સાથેનો ઉપયોગી અને રસપ્રદ છે. તે સાંભળો. લંડનથી હવાઇ જહાજથી રવાના તો થયા પણ શું બન્યું તે સાંભળો.

ક્રમશઃ

* * *

ભોજન વિધિ

લે. : શ્રી ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી

ભોજન કરવું એ પણ નિત્યનો જ વિધિ એટલે તે સંબંધમાં પણ કંઇ જાણવાની જરૂર છે. ભોજન કર્યા સિવાય પ્રાણી માત્રને ચાલી શકે નહિ. આ શરીર અન્નથી બંધાયું, માટે તેનો નિભાવ પણ અન્નથી જ થાય. કોઇ વખતે દુકાળ પડતાં અન્ન નથી પાકતું, ત્યારે હજારો પ્રાણી ભુખે અન્ન વિના ટળવળીને મરી જાય છે. માટે પ્રાણી માત્રને ભોજનની અત્યંત આવશ્યકતા છે.

પરંતુ ગીતામાં ભગવાન અર્જુનને ઉપદેશ કરે છે, કે જે લોકો પોતાના પેટને જ માટે અન્ન રાંધે, તે પાપને ભોગવનાર થાય છે. તેમ બીજે અનેક સ્થળે પણ ઉદરને જ માત્ર ભરનાર મનુષ્ય નિંદાપાત્ર મનાય છે. કારણ કે સર્વ અન્નાદિ પદાર્થોને ઉત્પન્ન કરનાર પ્રભુ છે. એટલે તે બધાએ પદાર્થોનો યથાર્થ સ્વામી પણ તે જ છે. જેથી તે પરમાત્માને નિવેદન અર્પણ કર્યા સિવાય આપણાથી ભોજન ન કરી શકાય. ચોમાસાના ચાર માસ ગયા પછી નવું ધાન્ય પાકે છે. પ્રભુએ વરસાદ વરસાવીને સુંદર જલ અર્પણ કરવાથી ધાન્ય થયું. આપણા પૂર્વના મુનિઓ તો નવા અન્ન નિમિતે ઇષ્ટ-યજ્ઞ કરતા અને ત્યાર પછી જ અન્નનો ઉપયોગ કરતા. હાલ તો અગ્નિહોત્રાદિ કર્મો કલિયુગના વિકટ ધર્મા ને લીધે અંધ થવાથી ઇષ્ટિઓ ક્વચિત જ થાય છે. તેને બદલે અન્નકુટની ભાવના કરી સર્વ નુતન ધાન્યના વિવિધ પકવાન્નો બનાવી પરમાત્માને નિવેદન કર્યા પછી નવા ધાન્યનો ઉપયોગ કરવામાં આવે છે.

ઘરમાં પણ દરરોજ રસોઇ કરવામાં આવે તે પણ પ્રભુના નિમિત્તથી જ કરવી જોઇએ. ભગવાન આરોગનાર છે એમ સમજીને સુઘડતાથી કોમળતાથી સુંદર રીતે પાક વિધિ-સામગ્રી બનાવી પ્રભુને નિવેદન કરવી. ત્યાર પછી અતિથિ ગાય, શ્વાન, ચાંડાલાદિના વિભાગો કાઢી બાકી રહે તેને પ્રભુનો પ્રસાદ છે એવી બુદ્ધિથી ભોજન કરવું. આ પ્રમાણે આપણો ઉત્તમ પ્રકારનો ભોજન વિધિ હોવો જોઇએ.

શાસ્ત્રમાં વૈશ્વદેવ અને અપોશન વિધિ કહેવામાં આવ્યાં છે. તેમાં પ્રથમ અગ્નિને, વિશ્વના રક્ષક સર્વ દેવોને અર્પણ કરી, ગોગ્રાસ, પશુ, કાક, ચાંડાલાદિના બલી કાઢી પીરસેલો પાક પણ પરમાત્મા, અર્પણ પણ પરમાત્માને, ભોજન કરનાર પણ પરમાત્મા, અર્પણ કરનાર પણ પરમાત્મા, આવી રીતે તેમાં બ્રહ્મ ભાવના (આ બધુંએ પ્રભુ છે એવી ભાવના કરવી માનવું તે ભગવદ્ ભાવ) 'કરીને, સર્વ ભૂત માત્રોને બલિ અર્પણ કરી ત્યાર પછી ભોજન કરવું એમ જણાવેલું છે.

પ્રેમાળ વિદ્યાર્થી બંધુઓ ! આપણાં શાસ્ત્રોમાં કેવી અપૂર્વ ખુબી છે ! કેવું નિઃસ્વાર્થપણું છે ! કેવી આસ્તિકતા છે !

કેવો પ્રભુ તરફનો પ્રેમ છે ! એનો વિચાર તો કરો અને આજ કાલ હોટલોમાં તથા લોજોમાં લેવામાં આવતાં ભોજનનો વિચાર કરો. કયાં તે પવિત્રતા ! કયાં તે સ્વચ્છતા ! કયાં તે ભાવના ! અને કયાં આ પવિત્રતા, કયાં આ અનાચાર ? કયાં આ મલિનતા ? છતાં પણ આંખો મીચીને લોકો તેમાં જ સડે છે.

[શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડના સં. ૧૯૮૫ના શ્રાવણ વર્ષ ૪ અંક ૫ માંથી સાભાર.]

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. ‘વ્રજ’ ધોરાજી

પદ-૮૦

જગમેં એસી સાર ભજ તું વારંવાર ।
શ્રી યમુનાજીકો નામ જપત નિશદિન,
તા તેં ઉતર ભવપાર ॥૧॥

જેસેં હરિ ભજે તેં હરિ હિયે મેં વસે,
કરે કૃપા સર્વદા અપને પતિ માર ।
કહત વ્રજપતિ તુમ સબનકોં,
પરો ઇનકી શરન ઓર નાહિન આધાર ॥૨॥

ભાવાર્થ : શ્રી યમુનાજીનું ભજન જગતમાં પરમ સાર રૂપ છે માટે વારંવાર શ્રી યમુનાજીનું ભજન કરો. નિશદિન શ્રી યમુના, યમુના નામ જપો અને તેનાથી ભવ પાર ઉતરો. જેમ શ્રીહરિના ભજનથી શ્રીહરિ હૃદયમાં વસે છે તેવી જ રીતે શ્રીયમુનાજી કૃપા કરી અને પોતાના પ્રાણ પતિ સહિત તમારા હૃદયમાં પધારશે. શ્રી વ્રજપતિજી સર્વને કહે છે કે, તમે સર્વ એના શરણમાં પડો અને રહો. શ્રી યમુનાજીના ભજન સિવાય ભવપાર ઉતરવાનો બીજો કોઈ આધાર કે રસ્તો નથી... જ.

વિવેચન : એક કીર્તનમાં કહ્યું છે કે શ્રી યમુના, યમુના નામ ભજો । હરખત કરો આરાધન ઇનકો ઓર કો પંથ તજો ॥ દેહે સકલ પદારથ તુમકો—

પરમ હર્ષથી શ્રીયમુનાજીનું આરાધન કરો અને બીજા સર્વ કષ્ટદાયી સાધનોને છોડી દીયો. કારણ કે શ્રી યમુનાજી લૌકિક અને અલૌકિક સર્વ સિદ્ધિઓને આપનારા છે. તમારા મનના સર્વ મનોરથો પૂર્ણ કરશે એવા કરૂણાસાગર છે એવો દૃઢ વિશ્વાસ રાખજો અને અષ્ટ પ્રહર ક્ષણે ક્ષણે સાવધાન રહી વારંવાર શ્રી યમુનાજીનું ભજન કરો એમ શ્રી વ્રજપતિજી મહારાજ આજ્ઞા કરે છે.

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

૪૧. શ્રી ભાગવત પિયુષ સમુદ્ર મથન ક્ષમરૂપ

શ્રી ભાગવત્ રસ મથન કીયે;
અદ્‌ભૂત સુધા પ્રગટ પુરૂષોત્તમ, નિજ્જન કોં સુખદાન દીયે ૧
સ્વાદ ચખાયો દૈવી જીવનકોં, પૂરન પ્રેમ શ્રવનન સોં પિયે;
શ્રી પ્રથમેશ પ્રગટ હ્વેભૂપર, 'વ્રજ' કે સિરપર ચરન છયે. ૨

૪૨. તત્સારભૂતરાસઃ સ્ત્રી ભાવ પૂરિત વિગ્રહરૂપ.

રાસ રસ પૂરિત શ્રી શ્રીઅંગ;
વ્રજ સુંદરી વિલાસ હાસ સહ, સોહત હે સબ શ્યામહીં સંગ. ૧
અંતરાનંદ બાહ્યાનંદ પૂરન, ખેલત રહસિ અપને હીં રંગ;
'વ્રજ' પતિ શ્રીપ્રથમેશ જુ પ્યારો, નિરખત જાહી હોતમતિ પંગ ૨

૪૩. સાન્નિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણ પ્રેમરૂપ

સાનિધ્ય માત્ર પૂરત અભિલાષ;
મહોદાર શ્રીવલ્લભ પ્રભુજી, નિજ્જન કી પુરત સબ આસ. ૧
સદા કૃપાલુ મહા કરુણાકર, બંધે પ્રેમ ભકત કી પાસ;
સન્મુખ હોત ઢર જાત શ્રીમધુપતિ, 'વ્રજ' કે શ્રીવલ્લભ સુખરાસ ૨

૪૪. વિમુકિતદઃ રૂપ

દાન કરત શ્રી શ્રીકૃષ્ણ પ્રેમ;
પ્રેમ આસકિત વ્યસન તન્મયતા, આંતર બાહ્ય રમણ સુખ ક્ષેમ. ૧
દૈવી પર બરસત હે સુધારસ ભકતન કે સુખકો હે નેમ;
'વ્રજ' જન નેહી શ્રીપ્રથમેશજુ, ઢરત જયોં રાગ આંચ મિલે એમ. ૨

૪૫. રાસ લીલૈક તાત્પર્ય રૂપ

રાસ લીલામય શ્રીવ્રજ ભૂપ;
ભાવ સંમતિ અંગ અંગ વિભૂષિત, રમણ રસાસવવેષ્ટિત રૂપ. ૧
બિપિન કેલિ વ્રજ સુંદરી સુખમય, વલ્લવિ સંગ વિહાર અનુપ;
પ્રથમ ઇશ રસરાસ પરાયણ, 'વ્રજ' ભકતન મેં સદા લોલૂપ. ૨

—ક્રમશઃ

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧-૨ તા. ૧૫-૫-૯૧ બુધવાર શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ વસંત ઋતુ પૂરી થઈ.

વૈશાખ સુદ ૩ તા. ૧૬-૫-૯૧ ગુરુવાર અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલકુંભ દાન ત્રેતા યુગાદિ મન્વાદિ તિથિ શ્રી પરશુરામ જયંતિ ભક્ત કવિ શ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩) ગો. શ્રી અક્ષયકુમારજી બાવા (મથુરા-પોરબંદર) નો જન્મદિન ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૧૭-૫-૯૧ શુક્રવાર ગો. શ્રી પીતાંબરજી મહારાશ્રી (કાંકરોલ)નો તથા ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના) નો જન્મદિન.

શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧) ભક્ત કવિ શ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫)

વૈશાખ સુદ ૬ તા. ૧૯-૫-૯૧ રવિવાર ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૨૦-૫-૯૧ સોમવાર રામ રાજ્ય, શ્રી જાનકીજીનો જન્મદિન ગંગા સપ્તમી શ્રી સ્વામિનીજીનો વિવાહોત્સવ ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૨૩-૫-૯૧ ગુરૂવાર ગો. શ્રી મુરલી મનોહરજી મહારાજશ્રી (માંડવી) નો તથા ગો. શ્રી કૃષ્ણ જીવનજી બાવાશ્રી (મુંબઈ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૨૪-૫-૯૧ શુક્રવાર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯)

વૈશાખ સુદ ૧૩ તા. ૨૬-૫-૯૧ રવિવાર ગો. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨૭-૫-૯૧ સોમવાર શ્રી નૃસિંહ જયંતિ વ્રત. ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૨૮-૫-૯૧ મંગળવાર પૂર્ણિમા વૈશાખ સ્નાન સમાપ્ત કૂર્મ જયંતિ, બુદ્ધાય જયંતિ શ્રી રાધા રમણનું પ્રાકટ્ય ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન

વૈશાખ વદ ૧ તા. ૨૯-૫-૯૧ બુધવાર શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૩૦-૫-૯૧ ગુરુવાર શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૯૭)

વૈશાખ વદ ૧૦ તા. ૮-૬-૯૧ શનિવાર ગો. ચિ. ચંદ્ર ગોપાલજી બાવાશ્રી (મથુરા પોરબંદર) નો જન્મદિન.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૬૫. રાગ-પૂર્વી (વૌ. ૫૩)

વંદૌ સાંચોરા દાસ ભગવાન,
સખી 'સુંદરી' લલિતાજીકી, પઢત હે શાસ્ત્ર પુરાન. ૧
પંડિત કે સંગ ગયે દ્વારિકા, તહાં ભઇ વલ્લભ પહિચાન;
શરણ લે 'ચતુશ્લોકી' પઢાયે, દીયો સબ વિદ્યાદાન. ૨
પાછેં તે વે ભયે ભિતરીયા, શ્રીજી સેવા કરત ભય માન;
'લાલદાસ' વે કવિ કહાવત, પદરચન ગુન કરત બખાન. ૩

૬૬. રાગ-પૂર્વી (વૌ. ૫૪)

વંદૌં શ્રી સનોઢિયા અચ્યુતદાસ,
સખી 'મધુરા' શ્રી લલિતાજીકી, મધુર બચન બોલત સુખરાસ. ૧
શ્રી ગોવર્ધનધર પ્રકટ ભયે તબ, ગહે શરન શ્રી વલ્લભ પાસ;
ચરણામૃત કો દાન કીયો જબ, ભયો હૃદય અરુ નેત્ર પ્રકાશ. ૨
'સિદ્ધાંત મુક્તાવલિ' પઢાઈ કૃપાપર, માનસી સિદ્ધ ભઈ બિનુ પ્રયાસ;
'લાલદાસ' શ્રી ગોવિંદ કુંડ પર, સદા કરત એકાંત નિવાસ. ૩

૬૭. રાગ-પૂર્વી (વૌ. ૫૫)

વંદૌ શ્રી અચ્યુતદાસજી ગોડ,
સખી 'મોહિની' શ્રી વિશાખાજી કી, મિલે ન જાકી જોડ. ૧
દેત પરિક્રમા શ્રી ગિરિરાજ કી, ભયો શરણ ગહિવેકો કોડ;
તીન પરિક્રમા લગતી કીની, શ્રી વલ્લભ આજ્ઞા તે દોડ. ૨
સિંઘ ગ્વારિયા ગાય દેખે, શ્રી વલ્લભ પાસ કરાયો તોડ;
'લાલદાસ' શ્રી વલ્લભ પાછેં, જા બદરી વહ દેહકો છોડ. ૩

(–ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીનાથજીઃ ॥

પુષ્ટિ માર્ગનું પ્રાકટ્ય (નાટિકા)

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ચરણરજ' સુરત**

લલિતાજી : (અશ્રુ લૂંછતાં) બહેન ચંદ્રાવલી પણ આપણી પ્રિય સખી છે. બહુ આગ્રહ કર્યો હશે એટલે પ્રભુ ત્યાં પધાર્યા હશે. તો થોડી એની સેવા અંગીકાર કરીને પણ અહીં તો અવશ્ય પધારશે જ. આપણે ત્યાં સુધી રાહ જોઇશું.

સખી : એ આશા રાખવી નકામી છે બહેન ! ચંદ્રાવલીની નિકુંજમાં ખૂબ તૈયારી થઇ રહી છે. આજે પ્રભુ પધારે એવી આશા રાખશો નહિ.

લલિતાજી : પણ શ્રી ઠાકોરજીએ ચંદ્રાવલીને કહ્યું નહિં કે હું લલિતાની નિકુંજમાં પધારવાનું વચન આપી ચૂકયો છું.

સખી : અરી બહેન લલિતા ! તું બહુ જ ભોળી છે. એ નટખટને ઓળખતી નથી. એની લીલાને તો શિવ-બ્રહ્માદિક દેવો પણ જાણી શકતા નથી તો આપણી શું વિશાત ! હવે તો આપણે એના વિરહમાં જ તડપવાનું છે.

(લલિતાજી રડતાં રડતાં જમીન પર પડી જાય છે. સમસ્ત સખીઓ વિરહાતુર બની અશ્રુ સારે છે)

હા નાથ ! હા પ્રાણશ્રેષ્ઠ ! આપે આ શું કર્યું ? આશા આપીને અળગા કર્યા ? અંધારા કુવામાં ઉતારીને દોરડું કાપ્યું ? હવે અમારૂં કોણ ? કોણ અમારી રક્ષા કરશે ?

શું અમારો અપરાધ છે પ્રભુ ! આવા નિર્દય કેમ થયા દયાના સાગર !

(ડુસકા ભરી રૂદન કરે છે)

[પડદો પડે છે]

પ્રવેશ ૪ થો

સ્થળ : સ્વામીનીજીની નિકુંજ

પાત્રો : શ્રી સ્વામીનીજી, લલિતાજી, એક સખી, ચંદ્રાવલીજી અને શ્રી ઠાકોરજી.

[લલિતાજી પ્રભુના વિરહમાં તડપી રહ્યા છે. વિરહાગ્નિથી શરીર હાડપીંજર જેવું બની ગયું છે. ઉષ્ણનિઃશ્વાસ સહિત રૂદન કરતાં સ્વગત કહે છે.]

ધોળ

જાણ્યા નો'તા આવા શ્યામ,
તમોને આવા જાણ્યા નો'તા શ્યામ. ૧
આશા આપીને અળગા કર્યા પ્રભુ,
હારી બેઠા અમે હામ....તમોને આવા. ૨
રણવગડામાં મેલ્યા રઝળતા,
દયા સિંધુ ભગવાન....તમોને આવા. ૩
મૃત્યુ સમાન છે જીવન અમારા,
જપીયે તમારૂં નામ....તમોને આવા. ૪
દરશન આપો દિન દયાળુ,

નહીંતર જાશે પ્રાણ...તમોને આવા. ૫

હા નાથ ! હા રમણ ! હા પ્રાણશ્રેષ્ઠ ! દાસીનો શું અપરાધ થયો કે છ છ મહિના થયાં છતાં દર્શન આપતા નથી ? તમારી દાસીની આશા તુટી રહી છે. વિરહ વ્યથામાં પ્રાણ પ્રયાણ કરવા તડપી રહ્યા છે. બહેન ચંદ્રાવલી પણ આવા નિર્દય કેમ થયા હશે ? હા પ્રભુ !

એક સખી : હવે ધૈર્ય કયાં સુધી ધારણ કરશો સખી ! રડવાથી કંઇ વળવાનું નથી. તમે શ્રી સ્વામીનીજી સમક્ષ જઇ તમારી વ્યથા વિદિત કરો. એની કૃપાથી જ આપણી મુશ્કેલી અવશ્ય દુર થશે.

લલિતાજી : હાં બહેન ! હવે છેલ્લો એ જ ઇલાજ છે.

(લલિતાજી શ્રી સ્વામીનીજીની નિકુંજમાં જઈ નમસ્કાર કરી ઉભા રહે છે.)

શ્રી સ્વામીનીજી : કોણ છે તું બહેન ? કાંઇ કહેવું છે બહેન ? બોલતી કેમ નથી ?

લલિતાજી : મને ઓળખી નહીં પ્યારીજી ! હું આપની અભાગણી લલિતા છું.

શ્રી સ્વામીનીજી : તું લલિતા છો ? શું થયું છે તને ? ઓળખાતી પણ નથી. મને ખુબ ચિંતા થાય છે. શું બાબત છે કહે તો ખરી ?

લલિતાજી : (અશ્રુ સારતા) પ્યારીજી ! આપણી સખી ચંદ્રાવલીજીના કારણથી મારી આવી હાલત થઇ છે. કહેતાં ખુબ દુઃખ થાય છે. પરંતુ આપને કહ્યા વગર મારા દિલને શાંતિ નહીં થાય એટલા માટે જ આપની સમક્ષ આવી છું.

(શ્રી ઠાકોરજી પધારે છે અને શ્રી સ્વામીનીજીની બાજુમાં બિરાજે છે.)

લલિતાજી : મારી દુઃખભરી કહાની કહેતાં આપણા સ્વજનની નિંદા કરૂં છું એવો અફસોસ થાય છે. પરંતુ આપની આજ્ઞા છે એટલે કહું છું.

લગભગ છ મહિના થયા હશે. પ્યારીજી ! મારી નિકુંજમાં પ્રભુ પધારે અને અમારી રંચક સેવા અંગીકાર કરે એવી સખી મંડલ સહિત મારી અભિલાષા હતી. અમારો આ મનોરથની સફળતા થાય એ માટે હું પ્યારા શ્યામસુંદરને અમારી નિકુંજમાં પધારવા વિનંતી કરવા આવી હતી. પ્રભુએ પણ પધારવાની પ્રસન્નતાપૂર્વક સમતિ આપી. અમારા આનંદની કોઇ સીમા રહી નહીં અને હું સખીમંડળ સહિત પ્રભુની સેવા માટેની ઉત્સાહપૂર્વક તૈયારી કરવામાં લાગી ગઇ. એટલામાં એક સખીએ આવીને સમાચાર આપ્યા કે– પ્રભુને તો બહેન ચંદ્રાવલી પોતાની નિકુંજમાં પધરાવી ગઇ. આ સાંભળી અમને ખુબ આઘાત સાથે આશ્ચાર્ય પણ થયું. છતાં મનને સમજાવ્યું કે બહેન ચંદ્રાવલીનો ખુબ આગ્રહ હશે અને થોડી સેવા અંગીકાર કરી અહીં અવશ્ય પધારશે. પરંતુ અમારી એ આશા અધુરી જ રહી. અને એ વાતને છ મહિના થઇ ગયા. બહેન ચંદ્રાવલી જાણતી હતી કે પ્રભુ મારી નિકુંજમાં પધારવાના છે છતાં પ્રભુને છ માસ પર્યંત પોતાની નિકુંજમાં રોકી રાખ્યા. એને અમારી જરાપણ દયા આવી નહીં, અને કહેતાં ખુબ દુઃખ થાય છે. આપણા પ્રભુ તો કરૂણાના

સાગર છે. પોતાના જીવના દુઃખને સહન કરી શકતા નથી. છતાં મારો કોઇ અપરાધ હશે એટલે પ્રભુ પણ આ દાસીને જાણે ભૂલી જ ગયા હોય એવું લાગ્યું અને પ્યારીજી ! આપણા પ્રિયત્તમ પ્રભુના વિરહાલનમાં હું તડપતી રહી, એ કારણથી મારી આવી હાલત થઇ છે. આ સ્થિતિમાં મારા પ્રાણ હવે ટકશે નહીં. ફકત આપના અને આપણા પ્યારા શ્યામ સુંદરના દર્શનની અભિલાષાથી જ અહીં આવી છું. એ ઇચ્છા પૂર્ણ થઈ. હવે મને જવાની આજ્ઞા આપો પ્યારીજી !

શ્રી સ્વામિનીજી-(ક્રોધાવેશમાં) ચંદ્રાવલીની આવી નિર્દયતા ? એને જરા પણ દયા ન આવી કે મારા સુખ માટે હું મારી સખી પ્રત્યે કેવી નિર્દયતા બતાવી રહી છું અને પ્રભુને શું કહું ? કાંઇ કહી શકતી નથી. એની અટપટી લીલાનું રહસ્ય કોણ સમજી શકયું છે ? પરંતુ આવી સ્થિતિ હું ચલાવી લઇશ નહીં. ચંદ્રાવલીને એના અપરાધની સજા ભોગવવી જ પડશે. પ્રભુના આ દિવ્ય લીલા ધામમાં આવો પ્રકાર હોઇ શકે જ નહીં. (એક સખીને) અરી સખી, ચંદ્રાવલીને બોલાવી લાવતો ?

(ચંદ્રાવલીજી આવે છે અને શ્રી ઠાકોરજી તથા શ્રી સ્વામિનીજીને વંદન કરી નીચે મુખ કરી ઉભા રહે છે)

શ્રી સ્વામિનીજી-(ક્રોધથી) અરી ચંદ્રા! લલિતા પ્રત્યે તેં જે નિર્દયતા બતાવી છે, અક્ષમ્ય અપરાધ છે. તેનું પરીણામ તારે ભોગવવુંજ પડશે. લલિતાને તેં છ મહિના પર્યંત પ્રભુનો વિરહ કરાવ્યો છે. તો તારે પણ છ માસ પર્યંત પ્રભુનો અસહ્ય વિરહ સહન કરવો પડશે. તું અને શ્રી ઠાકોરજી પરસ્પરના વિરહમાં તડપતા રહેશો અને એમાં નિમિતરૂપ લલિતા બનશે, મારો આ શ્રાપ તારે તત્કાળ ભોગવવો પડશે.

ચંદ્રાવલીજી-(અશ્રુ સારતાં) પ્યારીજી ! આપે મને શ્રાપ આપ્યો એ હું માથે ચડાવું છું. આપ અને પ્રભુ મહાન છો. અમારા સર્વસ્વ છો. આપની કૃપાનું અવલંબન એજ અમો ભક્તનું સૌભાગ્ય છે. મારો અપરાધ કેટલો છે એની હું ચર્ચા નહીં કરું. પરંતુ રાસેશ્વરી ! આપ સમજી શકો છો કે, પ્રભુનો વિરહતો ભક્તોને પ્રાણાન્ત કષ્ટ સમાન છે. પ્રભુ કૃપા કરી મારી નિકુંજમાં પધાર્યા. મેં છ માસ પર્યંત પ્રભુને મારી નિકુંજમાં પધરાવી રાખ્યા અને એ કારણથી જ બહેન લલિતાની આવી કરુણ હાલત બની ગઇ, એમાં હું મારો બચાવ કરતી નથી. પરંતુ પ્યારીજી ! એવી કોણ અભાગણી સખી હશે કે, પ્રભુ પોતાની નિકુંજમાંથી અન્યત્ર પધારે એવી કલ્પના પણ કરી શકે ? અને આ પ્રકારે મેં બહેન લલિતાનો અપરાધ કર્યો હશે. લલિતાને અસહ્ય વિયોગરૂપી કષ્ટ સહન કરવું પડયું હશે તે હું સમજી શકું છું. પરંતુ એમાં બહેન લલિતા પ્રત્યે મને કોઇ દ્વેષભાવ તો હતો જ નહીં. ફક્ત પ્રભુનો વિરહ સહન કરી શકીશ નહિ. એ કારણ થી જ અજાણતા મારાથી આ અપરાધ થયો છે. તો તે બદલ હું ક્ષમા માગું છું. પરંતુ બહેન લલિતાએ આપની પાસે ફરીયાદ કરી આપની દ્વારા મને શ્રાપ અપાવ્યો, એથી મને અત્યંત દુઃખ થયું છે. તો બહેન લલિતાને

હું પણ શ્રાપ આપું છું કે (ક્રોધથી) સાંભળ લલિતા ! તારા કારણથી મારે પૃથ્વી પર જન્મ લેવો પડશે. છ માસ પર્યંત પ્રભુના અસહ્ય વિરહાનલમાં તડપવું પડશે, મારા માટે આ અસહ્ય સ્થિતિ હશે, તો હું તને પણ શ્રાપ આપું છું કે તારે પણ પૃથ્વી પર જન્મ લેવો પડશે. શુદ્રને ત્યાં તારો જન્મ થશે. તારૂં અકાળ મૃત્યુ થશે. તારો ભૌતિક દેહ પણ મળશે નહીં. તને પ્રેતયોની પ્રાપ્ત થશે. અસહ્ય યાતના તારે સહન કરવી પડશે અને એ પ્રેતયોનીમાંથી પ્રભુ પણ તારો ઉદ્ધાર કરી શકશે નહીં. તેં મને શ્રાપ અપાવ્યો તેના બદલામાં તારી પણ આવી દુર્ગતિ થશે. યાદ રાખજે લલિતા !

[તટસ્થપાત્ર-ચંદ્રાવલીજીનો શ્રાપ શ્રવણ કરી લલિતાજી એકદમ વિહ્વળ બની જાય છે. પછડાટ ખાઇ જમીનપર પડી જાય છે. ત્યાર પછી બેઠી થઇ ડુસકાં ભરતાં ચંદ્રાવલીજીને કહે છે.]

(–ક્રમશઃ)

સમાચાર

થાનગઢ : આં. પુ વૈ પરિષદ્ થાનગઢ શાખા દ્વારા શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવનું આયોજન વિશાળ જનસમુહની ઉપસ્થિતીમાં સંપન્ન થયું. શ્રી સર્વોતમ સ્તોત્રના સમુહપાઠ અને શ્રીવલ્લભાચાર્યજી વેદમંદિરમાં બિરાજ તાં શ્રી મહાપ્રભુજીના પલના-નંદ મહોત્સવ, રાજભોગમાં શ્રી મહાપ્રભુજીને તિલક થયેલ ૩૦૦ વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધેલ

રાત્રે ૯ વાગે શ્રી વલ્લભ બાલશંસ્કાર નિકુંજ પાઠશાળાના બાળકોના રાસ પ્રશ્નોતર, શ્રી મહાપ્રભુજીના જીવનચરિત્ર વિષે વકતવ્ય વગેરે કાર્યક્રમ થયેલ આ કાર્યક્રમમાં થાનગઢ શાખાના પ્રમુખશ્રી કાર્યકરો તથા વઢવાણ, મોરબી વગેરેના વૈષ્ણવોએ ઉત્સાહથી ભાગ લીધેલ યુવાન કાર્યકર શ્રી જયેન્દ્રભાઈ કંસારા માધવભાઈ વગેરે કાર્યક્રમનું સંચાલન કરેલ અને પાઠશાળા બાળકોને ઈનામ વિતરણ થયેલ.

મોરબી-શ્રીવલ્લભ પીઠ યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. તેનું ઉદ્‌ઘાટન શ્રી વલ્લભપીઠાધીશ્વર પૂ પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમાર મહારાજશ્રી મુલુન્ડના વરદ્ કરકમલોથી કરવામાં આવ્યું હતું. આ મંડળના અધ્યક્ષ તરીકે પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રઘુનાથજી મહારાજશ્રી બિરાજશે. આ મંડળની મુખ્ય પ્રવૃત્તિ સ્તોત્ર પાઠ, કિર્તન, સેવા, સાંપ્રદાયિક સાહિત્યનું પ્રકાશન વગેરે રહેશે

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી પ્રવીણચંદ્ર પોપટલાલ
ઘોડેશર, મોરબીના જયશ્રી કૃષ્ણ

સમાચાર

રાજકોટ : જગદ્‌ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે ૪ દિવસના કાર્યક્રમો યોજાએલ. જેનો પ્રારંભ તા. ૭–૪–૯૧નો દિવસ સાંજે શ્રી અરવિંદભાઈ મણીઆર હોલ (ટાઉનહોલ)માં રાજકોટની શ્રીવલ્લભ બાલ સંસ્કાર નિકુંજ પાઠશાળાઓના બાલકોના કાર્યક્રમથી થયેલ આ કાર્યક્રમમાં કોટાવાળા પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી તથા મુંબઈ બીલખા–રાજકોટવાળા ગો. શ્રી પુરૂષોતમલાલજી (શ્રી પંકજ બાવાશ્રી) તથા તેમના બેટીજી શ્રી વ્રંજવનિતા રાજાએ પધારી પાઠશાળાના બાળકોનો ઉત્માહ વધારેલા.

વિવિધ સ્તોત્રપાઠ તથા વકતૃત્વ સ્પર્ધા, રાસ, અર્થ સહિત શિક્ષાપત્રના શ્લોક પઠન, શ્રી સર્વોત્તમ સ્તોત્રના અર્થસહિત પાઠ વગેરે બાદ પ્રશ્નોતર કાર્યક્રમમાં પૂ. પા. શ્રી વ્રંજવનીતઃરાજાએ બાળકોને પ્રશ્નો પુછેલ. અને બધી પાઠશાળાઓના બાળકોએ તેના સુંદર ઉત્તરો આપેલ. ત્રણ કલાક આનંદપુર્વક કાર્યક્રમ થયેલ અને પૂ. ગો. બાળકે એ વચનામૃત દ્વારા આશીર્વાદ આપેલ

તા. ૮મીએ રાત્રે પૂ. પા. શ્રી પંકજ બાવા શ્રી તથા પૂ પા. શ્રી લલીતનાથ બાવાશ્રીની સાનિદયમાં પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય એ નાટીકા પાઠશાળાના બાળકોએ રજુ કરેલ. તા. ૯મીએ બાળકોની વકતૃત્વ સ્પર્ધા ઈનામ વિતરણ અને પૂ. પા. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રી (રાજકોટ) તથા પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર–મથુરા)ના વચનામ્રુતનો અલૌકિક લાભ મળેલ.

પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીને બંગલે ચૈ. વ. ૧૦ સવારથી ૨૪ કલાકના અખંડ શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠનો કાર્યક્રમ થયેલ શહેરમાં અન્ય વિવિધ સ્થળો શ્રી મદનમોહનજીની હવેલી, શ્રી હરિદાસ મંડાણ વગેરે સ્થળોએ પણ શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ આદિ વિવિધ કાર્યક્રમો યોજાએલ.

શ્રી મહાપ્રભુજીના ઉત્સવના દિવસે સાંજે પથી૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીને ત્યાં વધાઈ કીર્તન તથા ઉત્સવ નાયકના ગુણગાનની સભાનો કાર્યક્રમ થયેલ જેમાં પૂ. પા. શ્રી વૃજવનિતા રાજા પુ પા.ગો. શ્રી ગોપીકાલંકારજી બાવા શ્રી પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના વચનામ્રુતો થયેલ જેમાં ઉત્સવ નાયકના અલૌકિક ચરિત્રો તથા વૈષ્ણવોના કર્તવ્ય અંગે સુંદર પ્રેરણા મળેલ. શ્રી મદનમોહન યુવક મંડળના શ્રી કરસનદાસભાઈ ફીચડીઆ, શ્રી ચંદ્રકાન્તભાઈ, શ્રી શાન્તુભાઈ ઘેડીઆ વગેરે ઉત્સાહપુર્વક ભાગ લીધેલ. સાંજે ૭ વાગ્યાથી શ્રી જશુબાઈ મંડાણ ખત્રીવાડમાંથી શ્રી મહાપ્રભુજીની ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી પરેત મંડાણે આવેલ. શોભાયાત્રાના માર્ગો પર સુંદર શુશોભિત કમાનો અને સુશોભનો થયેલ. માર્ગમાં સ્થળે સ્થળે શીતલ પેયજલ, શરબત વગેરે વ્યવસ્થા ગોઠવાએલ જેમાં સરગમ કલબવાળાશ્રી ગુણુભાઈ ડેલાવાળાએ ખુબ ઉત્સાહથી ભાગ લીધેલ.

શોભાયાત્રામાં બેન્ડપાર્ટી વિવિધ કિર્તનમંડલીઓ અને સુંદર શણગારેલ ફલોટમાં શ્રી મહાપ્રસુજીના પ્રાકટયનુ દશ્ય આબેહુબ ખડુ થયેલ. આ શોભાયાત્રામાં શહેરના અગ્રણી નાગરિકો મેયરશ્રી અન્ય મહાનુભાવો જોડાએલ.

પુ. પા. ગો. શ્રી કુંજરાયજી બાવાશ્રી (રાજકોટ) પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી પણ શોભાયાત્રામાં પધારેલ. શોભાયાત્રામાં કેશરી સાફા ઉપરણા ધારણ કરી ૫૧ સ્કુટરસ્વારો જોડાએલ. સુંદર રૂપાની પાલકીમાં શ્રી મહાપ્રભુજીને પધરાવી જયઘોષ કરતાં વાતાવરણ આનંદમય બનેલ. શ્રી ડાયાભાઈ ડેલાવાળા શ્રી જયસુખભાઈ વોરા, શ્રી વિનુભાઈ ડેલાવાળા, શ્રી વિનુભાઈ ગણાત્રા કી ગુણવંતભાઈ ડેલાવારા શ્રી હસુભાઈ ખખ્ખર વગેરે સુંદર વ્યવસ્થા ગોઠવેલ. મંડાણે શોભાયાત્રા સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ જ્યાં વિવિધ વકતાઓએ પ્રસંગોચિત ભાષણો કરેલ અને પૃ પા ગો શ્રી ગોવિંદરાયજીબાવાશ્રીએ વચનામૃત કરી આશિર્વાદ આપેલ.

"શ્રી મદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવની સમગ્ર ગુજરાતમાં ભવ્ય રીતે ઉજવણી"

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરવાની સરકારની તત્પરતાના સમાચારથી સમગ્ર વૈષ્ણવ સમાજમાં હર્ષ–ઉલ્લાસ અને અત્યંત આનંદની લાગણી વ્યાપી ગઈ અને આં. પુ. વૈષ્ણવ પરિપદની ૧૫૦ શાખાઓએ તથા પુષ્ટિમાર્ગીય સંસ્થાઓએ પ્રભાત ફેરીઓ–શોભાયાત્રાઓ અને વિશાળ સભાઓના આયોજનો ગોઠવીને ભવ્ય રીતે ઉજવવામાં આવતા સમાચારોથી વૈષ્ણવ પરિષદ વધુ આનંદ અને વધુ ગૌરવ અનુભવે છે એ પ્રકારે પરિષદના સંગઠન મંત્રી પ્રા ચીમનભાઈ એમ. શેઠ અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવે છે તથા તેમાં સહભાગી બનનાર સૌને પરિષદ અભિનંદન પાઠવે છે.

"શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠ આમેજ કરવા માટે સરકારની તત્પરતા"

જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરાવવા માટે પૂ ગો. શ્રી વાગીશ બાવાશ્રીની (વડોદરા કાંકરોલી) આગેવાની હેઠળ એક ડેલીગેશન ગુજરાત સરકારને મળ્યા પછી આં. પુ. વૈષ્ણવ પરિષદના વ્યાપક પ્રયાસોના પરિણામ સ્વરૂપ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગની સૂચના અનુસાર (૩૦મી માર્ચ ૧૯૯૧ નં. ૫૫૫/એરિ/ખ/૬૧૭૯) ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળે (નં. ૫૫૫/ખ, ૮ એપ્રિલ ૧૯૯૧) આ પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરાવવા માટે બતાવેલી તત્પરતાથી પરિષદના કાર્યકરો અને સમગ્ર વૈષ્ણવ સમાજ હર્ષ–ઉલ્લાસ–આનંદની લાગણી અનુભવે છે એ પ્રકારે પરિષદના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાન્ત ત્રીકમલાલ શેઠ, પ્રો. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી પી. પરીખ એક સંયુકત નિવેદનમાં જણાવીને સરકારશ્રીનો હાર્દિક અભિનંદન સહ આભાર માને છે.

આં. પુ. વૈષ્ણવ પરિષદના આ પ્રયાસોમાં વડોદરા–સૂરત–અમદાવાદ અને અન્ય સ્થાનોના પૂ. ગો. આચાર્યશ્રીઓના પત્રો દ્વારા અને પ્રત્યક્ષ આશિર્વાદ મળ્યા હતા. વળી શ્રીમતી ઊર્મિલાબહેન ચીમનભાઈ પટેલ, શ્રી મણીભાઈ વાસણવાળા, શ્રી બાબુભાઈ વાસણવાળા, શ્રી મધુવન શાહ (સામાજીક કાર્યકર–હાલોલ) શ્રી હસમુખભાઈ શાહ (સૂર્યા હોટલવાળા) વિગેરે અને પરિષદની ગુજરાતની બધી શાખાઓએ અને વૈષ્ણવ સમાજના અગ્રણીઓએ કરેલા નિષ્ઠાપૂર્વકના પ્રયાસોના પરિણામે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠ અંગેનું કાર્ય સંપન્ન થયું છે એટલે પરિષદ ગૌરવ અનુભવે છે અને સેવા કાર્યમાં સહભાગી સૌનો હાર્દિક આભાર માને છે.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી
સને ૧૯૯૦ના અંક ૮ અનુસંધાને

૩૯૧ શ્રી મધુકરભાઈ નાથાલાલ દલાલ, રાજકોટ
૩૯૨ શ્રી ચંદ્રેશભાઈ જશુભાઈ પટેલ, મુંબઈ
૩૯૩ કંસારા વલ્લદાસ કાનજીભાઈ જોરાવરનગર
૩૯૪ કંસારા હેમચંદ બેચરભાઈ રાજકોટ
૩૯૫ શ્રી વિનયચંદ્ર તુલસીદાસ ભગત બોરીવલી
૩૯૬ શ્રી સુધીરભાઈ ગોપાલદાસ સુરા મુંબઈ
૩૯૭ પટેલ રવજીભાઈ નાનજીભાઈ અમરેલી
૩૯૮ પટેલ મનસુખલાલ નાનજીભાઈ રાજકોટ
૩૯૯ શ્રીમતી હીરાબાઈ બી. બાગરી કલકત્તા
૪૦૦ શ્રીમતી સુમિતા સારદા કલકત્તા
૪૦૧ શ્રી જવેરીલાલ વીરજીભાઈ માંડલીયા અમદાવાદ
૪૦૨ શ્રી નટવરલાલ પાનાચંદ રાજકોટ
૪૦૩ શ્રી મણીલાલ લવજીભાઈ ગોળવાળા રાજકોટ
૪૦૪ શ્રી પાટીદાર ઇન્ટ્રઝ કોઠારીયા
૪૦૫ શ્રી ત્રિભુવનદાસ ગોરધનદાસ પાઉ રાજકોટ
૪૦૬ શ્રી કંસારા ગોકળદાસ ત્રિભોવનદાસ રાજકોટ
૪૦૭ શ્રીમતી નિરૂપાબેન રમેશભાઈ રાયઠઠા રાજકોટ
૪૦૮ શ્રીમતી ભાનુબેન સુરેશભાઈ રાયઠઠા રાજકોટ
૪૦૯ શ્રી બોઘાભાઈ વસરામભાઈ રાજકોટ
૪૧૦ શ્રી બાબુલાલ ગિરધરલાલ પાવાગઢી (ક્રમશઃ)

પુસ્તક પરિચય

પ્રેમસુધા – સાગર – રસ પ્રગટયો

પ્રકાશક-સંપાદકો :– કિરણબેન શાહ તથા બબુભાઈ નાયક, કડી
સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૫૬ કાચુ પુઠું
કીંમત પોસ્ટેજ સાથે રૂા. ૫–૦૦
પ્રાપ્તિ સ્થાન – શ્રી જિતેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ
ઊંચી શેરી, લીમડા વાસ,
મહેસાણા–૩૮૪૦૦૧.

પ્રસ્તુત પુસ્તકમાં ભકત શિરોમણી શ્રી દામોદરદાસ હરસાર્નજીનાં જીવન પ્રસંગો સંકલન કરી સરળ શૈલીમાં લખાયેલ હોયને સૌ કોઈને સમજવું સુગમ પડે તેવું છે. સંપાદકોનો શ્રમ સરાહનીય છે.

પૂ. પા. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી કડી–અમદાવાદના આશીર્વચનથી પુસ્તકના વિષય સંબંધે સારો પ્રકાશ પડયો છે.

ટિપ્પણી–ચૈત્ર સુદ ૧ સંવત ૨૦૪૭થી ફાગણ વદ ૩૦ સંવત ૨૦૪૮ સુધીની ટીપ્પણી શ્રી વલ્લભ-પીઠાધીશ પૂ. પા. ગો શ્રી રમેશકુમારજી મહારાજશ્રી મુલુન્ડ તરફથી પ્રકાશિત થયેલ છે. તેનો આભાર સાથે આવકારીએ છીએ.

વડોદરા : આં. પુ વૈષ્ણવ પરિષદ વડોદરા શહેરના કાર્યને સુવ્યવસ્થિત કરવાના આશયથી વૈષ્ણવ પરિષદ વડોદરા શહેરની સભામાં સંગઠન મંત્રી પ્રા ચીમનભાઈ શેઠે પ્રસ્તુત નામોની જાહેરાત કરી હતી. પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજે ઉપરણા ઓઢાડી આશિર્વાદ અપ્યા હતા.

શ્રી પ્રધુમ્ન શાસ્ત્રી – સંયોજક – સેવા પ્રકાર શિબિર શ્રી વલ્લવભાઈ પી. શાહ – સહ-સંયોજક પ્રોફે. ભગવત પ્રસાદ પંડયા – સંયોજક – સત્સંગ – સ્વાધ્યાય પ્રવૃત્તિ શ્રી ચંદ્રકાન્ત એલ. પટેલ – સંયોજક – પ્રચાર વિભાગ શ્રી વામનભાઈ પટેલ – ભકિત વર્ધિનીમાં સાથી પ્રવાસી શ્રી નીલાબહેન કિરણભાઈ પટેલ – પરિષદ સાહિત્ય શ્રી વીણાબહેન દિલિપભાઈ પરીખ – સત્સંગ – મહિલા વિભાગ –

મુલુન્ડ : અખંડભૂમંડલાચાર્ય જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો ૫૧૩ મો પ્રાકટય મહોત્સવ મુલુન્ડમાં શ્રીવલ્લભ પીઠાધીશ્વર પૂ. પા ગો શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી (શ્રીરેવતીરમણજી) મહારાજશ્રી તથા પૂ. પા. ગો. શ્રી રઘુનાથલાલજી મહોદયની સાનિધ્યમાં ધામ ધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે વિશાળ શોભાયાત્રા, શ્રીવલ્લભ પીઠ પાક શાળાના બાળકોના સ્તોત્ર પાઠ આદિ અને પૂ ગો. બાળકોના વચનામૃતનો કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક થયો હતો.

ધોરાજી – શ્રી મહાપ્રભુજીનો ૫૧૪ મો પ્રાકટય મહોત્સવ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખાના ઉપક્રમે ધામ ધૂમથી ઉજવવામાં આવેલ હતો. જેમાં વરણાગી, વધાઈ, કીર્તન વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

ભેટ પુસ્તક અંગે સુચન

'શ્રી પ્રથમેશ ચરિતામૃત' પુસ્તક **શ્રી વલ્લભ સુધાના** સન ૧૯૯૧–૯૨ ના સભ્યો કે જેણે પોતાનું લવાજમ તા. ૩૧–૩–૯૧ સુધીમાં ભરીને પહોંચ મેળવેલ હશે તેવા બધા સભ્યોને ભેટ આપવું તેવું નક્કી થયેલ છે. આ પુસ્તક તૈયાર થઈ જવામાં છે, અને આ માસની પંદર તારીખ પછી તે રવાના કરવાની વ્યવસ્થા ગોઠવાશે.

વ્યવસ્થાની વિગતો શ્રી વલ્લભ સુધાના આગામી અંકમાં પ્રસિદ્ધ થશે તે મુજબ સર્વે સભ્યોએ પુસ્તક મેળવી લેવાનું રહેશે. –વ્યવસ્થાપક.

દીનતા સ્વરૂપ (રાગ : પરજીયો)

સુણો વિનતિ શ્રી વિઠ્ઠલેશ, કહું કર જોડી રે;
મને પતિત જાણીને પ્રાણેશ, દ્યો રખે છોડી રે.... ૧
જેવો તેવો તમારે શરણ પડયો છું સ્વામી રે;
મારો કર ગ્રહો શ્રી ગિરિધરણ કહું શિરનામી રે.... ૨
હું છું સહું સાધનથી હીન ધર્મ ના એક રે,
થયું મન માયાજલ મીન રહિત વિવેક રે.... ૩
નંદલાલ નિજ ગુણ કોશ અગણિત કરાવે રે;
પ્રભુ તેટલા મારા દોષ ગણવામાં ન આવે રે.... ૪
તમે શરણાગત વત્સલ છો દીનદયાલુ રે;
પ્રભુ મહાગંભીર અતુલ બલ પરમ કૃપાલુ રે.... ૫
હરિ ઇશ્વર અધમોદ્ધારણ અનાથના બંધુ રે;
સ્મૃતિમાત્ર મહાદુઃખ હરણ કૃપાના સિંધુ રે.... ૬
ઇત્યાદિ બિરદ તમારાની સન્મુખ થાજો રે;
મહાકુત્સિત મારી કરણી વિસરી જાજો રે.... ૭
પ્રભુ સર્વોત્તમ સહિષ્ણુ અતિ ઉદાર રે;
પૂર્ણ પુરુષોત્તમ મહાવિષ્ણુ નંદકુમાર રે.... ૮
નથી માગતો યોગની સિદ્ધિ ન મુક્તિ ચાર રે;
નહિ પરમેષ્ઠી પદ આદિ કશો અધિકાર રે.... ૯
શુદ્ધ પુષ્ટિ ભકિતની ખાસા ક્ષુધા મને લાગી રે;
નિજ પ્રેમરસ પીવા પિપાસા અતિશય જાગી રે.... ૧૦
ગમું તમને ઘણો એવો સાચો કરો મને સંત રે;
મારા પ્રાણજીવન બનો એ માગું ભગવંત રે.... ૧૧
પૂરો સહુ અંતર અભિલાષ અંતર્યામી રે;
શ્રીજી શ્રીમુખ કહો 'દયો' દાસ મારો હું સ્વામી રે.... ૧૨

—ભકત કવિશ્રી દયારામભાઈ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

નિકુંજ કે પદ

બિરાજત શ્રીહરિ યમુના કૂલ ।
વિવિધ નિકુંજ પુંજ અલિ ગુંજત, ફૂલે બહુ વિધિ ફૂલ ॥૧॥

શ્રી વૃષભાન સુતા લલિતાદિક, માધવ સબ સુખ મૂલ ।
ગાવત સારંગ કરત કેલિકલ, દેખી મદન મન ભૂલ ॥૨॥

નવ નવ ચરિત કરત સુખ સરસત, કો તીનકે સમતુલ ।
'વલ્લભ' દેખી હોત પરમાનંદ, મીટત સકલ ભવસૂલ ॥૩॥

–શ્રી વલ્લભદાસ બાજીલાલ, દેવરી (ગ્વાલીયર)

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૩ ✤ જુન, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * આજીવન રૂ. ૨૫૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

સમાચાર

ગોંડલ- શ્રી પુરૂષોત્તમ માસમાં, ગોંડલમાં બિરાજતા "શુદ્ધાદ્વૈત શ્રી વલ્લભ ગૃહ પીઠ"ના આચાર્ય, કડી-કોટાવાળા પૂ પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રીએ નિજી નિવાસ સ્થાન 'ભગવદાશ્રય' માં તા. ૧૫-૪-૯૧ વૈશાખ સુદ ૧ થી તા. ૨૨-૪-૯૧ વૈશાખ સુદ ૮ સુધી રોજ સવારે ૭-૩૦ થી ૯-૩૦ સુધી શ્રીમદ્ ભાગવત શ્રી સુબોધિનીજીના આધારે પ્રવચનોનો લાભ વલ્લભી વૈષ્ણવોને આપ્યો હતો.

તા. ૧૫-૪-૯૧ થી તા. ૨૫-૪-૯૧ સુધી રોજ સાંજે ૫ થી ૭ શ્રી ગુસાંઈજી – શ્રી વિઠ્ઠલનાથજી કૃત શ્રી સર્વોતમજી પર શ્રી ગોકુલનાથજીની ટીકાના આધારે આપશ્રીના ધારા પ્રવાહ વિદ્વતાપુર્ણ, મૌલિક શૈલીમાં પ્રવચનો થયા હતા. સ્થાનીય અને બહારગામના વલ્લભી વૈષ્ણવોએ અધિક સંખ્યામાં ઉપસ્થિત રહીને નિયમીત લાભ લીધો હતો. ત્યારબાદ તાં. ૨૭-૪-૯૧ થી તા. ૨૯-૪-૯૧ સુધી નિજ સેવ્ય સ્વરૂપ (શ્રી)ના વિવિધ સુંદર મનોરથો થયા હતા

થાણાગાલોળ-આં. રા. પુ. વૈ. પરિષદ શાખાના ઉપક્રમે શ્રીમદ વલ્લભાચાર્યજીનો ૫૧૪ મો પ્રાકટય મહોત્સવ ધામધૂમપુર્વક ઉજવવામાં આવ્યો હતો સર્વોત્તમજીના પાઠ તથા 'ગોવિંદ પ્રભુ રાસ મંડળ' ના રાસ તથા નંદમહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. બપોર પછી આ રાસ મંડળી જેતપુરની શોભાયાત્રામાં જોડાયેલ હતી.

જેતપુર-શ્રીમહાપ્રભુજીનો ૫૧૪મો પ્રાકટય મહોત્સવ સૂરતવાળા પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી ખૂબજ ધામધુમથી ઉજવવામાં આવેલ હતો. જેમાં આગલે દિવસે વક્તૃત્વ સ્પધાંમાં નાના બાળકોએ શ્રી મહાપ્રભુજીના દિવ્ય પ્રસંગો રજુ કર્યા હતા. બીજે દિવસે સવારે પ્રભાત ફેરી, ધ્વજ વંદન, સામૂહિક શ્રી સર્વોત્તમજીના પાઠ થયા હતા. સાંજના શેઠ શ્રી હરિલાલ રામજી જોગીના નિવાસ સ્થાનેથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી તે શ્રી ગોવિંદકુંજમાં આવી સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. રાત્રે વધાઇ કીર્તન થયા હતા.

તિરૂપતિ બાલાજી-મંદિરની નિકટ બેઠકજીમાં જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ ગો. શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં બહુજ ઉલ્લાસ અને હર્ષ સાથે સંપન્ન થયો હતો. તા. ૯ થી ૧૧ એપ્રિલ ૯૧ સુધી અનેક કાર્યક્રમ આયોજીત કરેલ. પ્રભાત ફેરી, સર્વોત્તમ પાઠ. ઝારી ચરણસ્પર્શ, શોભાયાત્રા, પ્રવચન, કિર્તન વગેરે. ગો. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી તથા ગો શ્રી મધુસૂદનજી મહારાજે પ્રવચન આપી વૈષ્ણવોને માર્ગદર્શન કર્યું હતુ. તેમજ બહારગામથી પધારેલા વિદ્વદ્‌જનોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ મહોત્સવમાં મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, આંધ્ર, તામીલનાડુ, કેરલ વગેરે પ્રદેશોના કુલ ૫૦૦ ભકતગણ પધારેલ.

શ્રી પુરૂષોત્તમ માસની મોરબી ગામે થયેલી ભવ્ય ઉજવણી

શ્રી વલ્લભપિઠાધીશ્વર પુ. પા. પુષ્ટિમાર્ગાચાર્ય ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી (શ્રી રેવતીરમણજી મહારાજશ્રી) (શ્રી વલ્લભપીઠ મુલુન્ડ, મુંબઈ) ને શ્રી વલ્લભપીઠ યુવક મંડળ મોરબી શાખાના વૈષ્ણવ સદસ્યો દ્વારા આયોજીત અધિક માસના કાર્યક્રમમાં પધરાવી આપશ્રીના વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ યોજાયો હતો.

સંપુર્ણ માસમાં પ્રતિદિન વૈષ્ણવોની વિશાળ હાજરીમાં પુ મહારાજશ્રી શ્રી મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંતો જે એમના દ્વારા રચિત ષોડષ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે તેના ઉપર પ્રવચન દ્વારા નવા ક્રાંતિકારી દ્રષ્ટિકોણ આપી વૈષ્ણવોમાં ઉત્સાહ તથા જાગૃતિની એક નવી લહેર ઉત્પન્ન કરી હતી. પરિણામ સ્વરૂપે વૈષ્ણવોના પ્રચંડ આગ્રહ દ્વારા પૂ. મહારાજશ્રીને મોરબી ગામે બીરાજવાનું સ્નેહભર્યો પ્રત્યેક વૈષ્ણવોની સહીઓ સાથે આગ્રહ કરવામાં આવ્યો અને તે આગ્રહ પૂ. મહારાજશ્રીએ સપ્રેમ સ્વીકાયો હતો.

કાર્યક્રમની અંતર્ગત પૂ. મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા વૈષ્ણવોની વિશાળ હાજરી સાથે તથા પ્રતિદિન રાત્રે અલગઅલગ વૈષ્ણવોના ગૃહે વધાઈ કીર્તનો યોજવામાં આવ્યા હતા. જેમાંનો મહત્વપૂર્ણ ભાગ પૂષ્ટિમાર્ગીય બાળકોની પાઠશાળામાં આવતા અનેક બાળકો દ્વારા પૂ. મહારાજશ્રીનું કરેલું સન્માન હતું આ અનુભવથી સમસ્ત વૈષ્ણવ સમાજે આનંદ અને હર્ષની લાગણીનો અનુભવ કર્યો હતો.

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૩ * જુન, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગમેં ભગવત્કૃપા

પ્રવકતા–નિ લી. ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ કોટા
સંપાદક–ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા
અનુવાદક–ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

[ગતાંકથી ચાલુ]

આજનો માનવી પોતાને ગમે તેટલા જ્ઞાન વિજ્ઞાન અને ભૌતિક વૈજ્ઞાનિક સાધનોથી સુખી થયેલો માનવા લાગે, પરંતુ આંતરિક દૃષ્ટિએ તે આગળ વધીને સુખી થયો છે એવી ખાત્રી નથી થતી. અનિયંત્રિત અસીમ વાસનાઓથી ઘેરાયેલું આજનું માનવ જીવન દીન, હીન, પરાધીન બનતું જાય છે. આજના માનવામાં આવેલ સુખી દેશોની અધિકાંશ જનતાના આંતરિક અનુભવથી આ વાત સામે આવતી જાય છે. પુષ્કળ ધન અને સુખના સાધનો તેમની પાસે હાજર છે. વિજ્ઞાનની નિત નવી શોધોએ તેમની પાસે શારીરિક સુખના સાધનોથીતેમને સુખી બનાવી દીધા છે. છતાં પણ તેમને હૃદયમાં અસંતોષ હોવાથી એક દેશ બીજા દેશ સાથેની પ્રતિસ્પર્ધાને કારણે

શંકાશીલ બની રહે છે. વ્યક્તિગત તેમજ સામાજીક જીવનમાં પણ સહૃદયતાના અભાવથી જીવન અસંતુષ્ટ અને અશાંત બનતું જાય છે. જ્યાં અસંતોષ અને આશંકાઓ હોય ત્યાં સુખ, શાંતિ સાથે સંબંધ ક્યાંથી રહી શકે? બધું હોવા છતાં પણ અશાંત જીવન સુખાનુભવના અભાવમાં ભારરૂપ બની જાય છે. ધન તેમજ વૈજ્ઞાનિક ઉપકરણ આંતરિક અશાંતિ મટાડવામાં નકામા સાબિત થઇ ચૂક્યા છે. શાંતિની શોધમાં ચારે બાજુ નજર દોડાવતો આજનો માનવી ભટકી રહ્યો છે. આથી વિશેષ દીન, હીન અને પરાધીન દશાનું પ્રમાણ બીજું શું હોઇ શકે?

જીવનમાં શાંતિ લાવવા માટે બહારના સાધનોની અશક્તિવાળી દશામાં આંતરિક સાધનો જ આધાર બને છે. આંતરિક સાધનો પ્રાપ્ત કરવા માટે ધ્યાન, ધારણા અને સમાધિ ઉપલબ્ધ હોવા જોઇએ. ધ્યાન માટે એકાગ્રતા જોઇએ. આજના વ્યગ્ર અને અશાંત જીવનમાં ફક્ત પોતાના બળ પર સાધના કરીને ધ્યાન કરવાની સ્થિતિ પ્રાપ્ત કરી લેવી. સર્વ સાધારણ માટે ઘણી મુશ્કેલ છે. ભક્તિમાર્ગ સુલભ છે. ભક્તિ માટે બાહ્ય સાધનોની જરૂર નથી અને આંતરિક કઠિન સાધન પણ કરવા પડતા નથી. ભગવાન પ્રત્યે પરમ સ્નેહને જ ભક્તિ કહેવામાં આવી છે એવો પરમ સ્નેહ ભગવાનમાં સાધનો વડે સહજ રીતે ઉત્પન્ન થઇ જાય એવું મોહ–માયામાં બંધાયેલ જીવ માટે દુઃસાધ્ય છે. આ બધી વાતોનું સમજપૂર્વક આલોચન કરીને આચાર્યચરણોએ એ સત્ય લખ્યું છે કે–

“ક્લૌ ભક્ત્યાદિ માર્ગાહિ,
દુઃસાધ્યા ઇતિ મે મતિઃ ।”

“આ કલિયુગના દુષિત વાતાવરણમાં ભક્તિ વગેરે માર્ગ સર્વ સાધારણ માટે દુઃસાધ્ય થઈ ગયા છે એવું મારું મંતવ્ય છે” તેથી જ આપે આ એક અમોઘ ઉપાયનો નિર્દેશ કરેલ છે.

વિવેક ધૈર્ય ભક્ત્યાદિ રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥

વિવેક, ધૈર્ય તેમજ ભક્તિ વગેરે સાધન વિનાનો અને પાપમાં આસક્ત એવા સાધન કરવામાં અસમર્થ જીવ માટે એક શ્રીકૃષ્ણ જ ગતિ છે. અસમર્થ, સાધન રહિત જીવો માટે શ્રીકૃષ્ણનો આશ્રય ગ્રહણ કરવો એ જ એક માત્ર સર્વોત્તમ માર્ગ છે.

કર્મ, જ્ઞાન તેમજ ભકિત વગેરે માર્ગ ફકત સાધન દ્વારા ફળ આપવામાં અસમર્થ થઈ જવાને કારણે નિરર્થક છે, એમ સમજીને તેમનું આચરણ કરવાથી શું લાભ? એવું માનવા માટે કોઇ કારણ નથી. માનવ જીવનને સુરક્ષિત રાખવા અને પ્રગતિ કરવા માટે આ ત્રણે માર્ગ અનિવાર્ય અને આવશ્યક છે. માનવધર્મના આ ત્રણે અંગ ખૂબ જ ઉપયોગી છે. તેમના આચરણ વગર આપણે સ્વેચ્છાચારી બની આપણું અને સમાજનું અહિત જ કરીશું. ધર્મની મર્યાદામાં રહેનાર વ્યક્તિ જ શાંતિ અને સંતોષનો અનુભવ કરતા કરતા સમાજમાં તેનો પ્રસાર કરી શકે છે ધર્માચરણ વગર માનવ સ્વચ્છંદ આચરણ કરીને અધર્મનો માર્ગ અપનાવીને પોતાની અને સમાજની

સુખશાંતિમાં બાધક બની જશે. પોતે અશાંત બનશે અને સમાજમાં અશાંતિ ફેલાવશે.

ધર્મના ઉત્તમ નિયમ તથા આદેશોનું આચરણ યથાશકિત કરતા રહેવું આવશ્યક છે. આચાર્યચરણ પણ આજ્ઞા કરે છે કે–

સ્વધર્માચરણ શકત્યા, વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઇન્દ્રિયાશ્વ વિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ત્રયમ્ ॥

સ્વધર્મનું આચરણ યથાશકિત કરતા રહેવું. વિધર્મથી દુર રહી અને ઇન્દ્રિયરૂપી ઘોડાની લગામ પોતાના હાથમાં રાખી ઇન્દ્રિયોનો નિગ્રહ કરતા રહેવું. તેમને સ્વચ્છંદ વિહાર ન કરવા દેવો. આ ત્રણ વાતોનો ત્યાગ સર્વથા ન કરવો. આ રીતે બીજા પણ ઉત્તમ આચારોનું પાલન કરતા રહેવું જોઇએ.

અહીં સમજવાની અને ધ્યાનમાં રાખવાની વાત ફક્ત એ છે કે ઉત્તમ કાર્ય યથાશકિત કરતા રહીને પણ તેના પર નિર્ભર ન રહેવું જોઇએ. ભાવના એમ રાખવી કે મારાથી કંઈ નથી બનતું. હું સર્વથા નિઃસાધન છું. ભગવાન અને તેમની કૃપા જ મારો આશ્રય છે, આધાર છે. ઉત્તમ આચરણ દ્વારા હું ભગવાનને પ્રસન્ન કરીને ઉત્તમમાં ઉત્તમ ફળ પ્રાપ્ત નહીં કરી શકું. ભગવાનની કૃપા જ મારા માટે સાધન છે. સાધન વગરના દીનજનો પર કૃપા કરવાનો ભગવાનનો સહજ સ્વભાવ છે. દીનજનો પર ભગવાન કૃપા કરતા આવ્યા છે. આજે પણ કરે છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશે. નિઃસાધન હોવાને કારણે નિઃસાધન ફલાત્મક શ્રીકૃષ્ણ મારા પર અવશ્ય કૃપા કરશે જ, ફકત આ બળ અને આશ્રય પર નિર્ભર થઇ હું હવે બધી રીતે નિશ્ચિત થઇ ગયો છું. સાધન કરીને તેના દ્વારા ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છા અને ભાવના ભગવત્ કૃપા પ્રધાન પુષ્ટિ માર્ગમાં બાધક છે અને નિઃસાધનતાની ભાવના (ફળના સાધન વગરના હોવાની ભાવના)વાળી વ્યકિતઓમાં સ્વાભાવિક રીતે દીનતા આવે છે. દીનતાની ભાવના જ પ્રભુને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન છે. દીન ભાવનાવાળી વ્યકિતના હૃદયમાં પ્રભુ અને તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે વિરહ ભાવના જાગૃત થાય છે.

"વિરહ જ્યારે તીવ્ર થાય છે ત્યારે પ્રભુ પોતાના ભકતના વિરહને સહન નથી કરી શકતા પ્રગટ થઈને તેના વિરહને મીટાવે છે. માનવથી અશુભ ઘણું થાય છે. આ પાપ રૂપી અશુભનો નાશ–દહન કરવાની અમોઘ શકિત વિરહ અગ્નિમાં છે."

શ્રીમદ્ ભાગવતના રાસના પ્રસંગમાં

"દુઃસહ પ્રેષ્ઠ વિરહ તીવ્રતાપધુતા શુભાઃ"

ના ઉલ્લેખથી એ વાત સિધ્ધ થઇ ચુકી છે કે દુઃસહ પ્રેષ્ઠ પ્રિયતમ શ્રીકૃષ્ણના વિરહથી ઘરમાં રહેલી પ્રતિબંધિત ગોપિઓ શરીરથી રાસમાં ન પહોંચી શકવાથી પોતાના નેત્ર બંધ કરીને શ્રી કૃષ્ણનું ધ્યાન કહ્યું અને તીવ્ર વિરહ જન્ય વિરહતાપ દ્વારા તેમના બાકી બધા અશુભ ભસ્મ થઇ ગયા અને તેઓ તત્કાલ પ્રભુની સમીપ પહોંચી ગઇ.

રાસ કરતા સમયે વ્રજભકતોમાં સૌભાગ્ય અભિમાન જ્યારે ઉત્પન્ન થયું તો શ્રી કૃષ્ણ અંતર ધ્યાન થઈ ગયા ગોપીઓએ અનેક સ્થાન પર જઇને તેમને શોધ્યા અને તેઓ કયાં ગયા છે તે પુછયું પરંતુ કયાંયથી તેમની ખબર નહીં મળતા તેઓ નિરાશ થઇ ગઇ.

શ્રીકૃષ્ણની લીલા ચરિત્રોનું ગાન કર્યું લીલાઓનું અનુકરણ કર્યું પરંતુ બધુ વ્યર્થ રહયું શ્રી શુકદેવજી કહે છે કે

ઇતિ ગોપ્યઃ પ્રગાયન્ત્યઃ, પ્રલંપન્ત્યશ્ચ ચિત્રધા ।
રુરુદુઃ સુસ્વર રાજન્, કૃષ્ણ દર્શન લાલસાઃ ।।

બધી બાજુથી નિરાશ થઈને ગોપીઓ શ્રીકૃષ્ણના વિરહના આવેશમાં અનેક પ્રકારના ગાન અને પ્રલાપ કરવા લાગી પોતાના પ્રાણથી અધિક પ્રિયતમ શ્રીકૃષ્ણના દર્શનની લાલસાથી પોતાને રોકી ન શકી અને કરૂણા જનક સુસ્વરથી રોવા લાગી તેમની આ પ્રકારની દીન દશા જોઇ કૃષ્ણ દ્રવિત થઇ ગયા અને દર્શન આપ્યા.

શ્રી શુકદેવજી કહે છે કે-

તાસામાવિરભૂત્ શૌરિઃ સ્મયમાન મુખામ્બુજઃ ।
પીતાંબર ધરઃ સ્ત્રગ્વી સાક્ષાતૂ મન્મથ મન્મથઃ ।।

અનન્ય ગતિપ્રિય ગોપીજનોને છોડી શ્રીકૃષ્ણ અન્યત્ર કયાંય ગતા ન હતા પરંતુ-

પ્રશમાય પ્રસાદાય તત્રૈવાન્તરધીયત : ।

તેમના સૌભાગ્ય મદનો નાશ કરવા માટે અને પહેલાથી વધારે કૃપાનું દાન કરવા માટે તેમની વચ્ચેથી શ્રીકૃષ્ણ અંતર્ધ્યાન થઈ ગયા. ગોપિઓની વચ્ચેજ પીતાંબરધારી માળા ધારણ કરેલ સાક્ષાત્ કામદેવના પણ કામદેવરૂપ મંદ મંદ સ્મિત કરતા શ્રીકૃષ્ણ તેમનામાંથી જ પ્રગટ થઇને દર્શન આપવા લાગ્યા.

પોતાના જનોમાં થોડાક પણ દોષ રહે તે પ્રભુ સહન નથી કરી શકતા એ દોષથી મુકત કરી અધિક કૃપા કરવી એમનો સહજ સ્વભાવ છે. સર્વ સાધનો કર્યા બાદ નિરાશ થઇ જવાય ત્યારે જ વિરહ દશામાં તિવ્રતા આવે છે ત્યારે વાસ્તવિક દીનતા થાય છે બધી બાજુથી નિરાશ દીનજનની પાસે રૂદન સિવાય બીજું કયુ સાધન રહી જાય છે ?

દીન બંધુ ભગવાન ત્યારે વિલંબ નથી કરતા આવો અગ્નિ જ દોષોને ભસ્મ કરી પ્રભુને આકર્ષિત કરવાનું મુખ્ય સાધન છે.

"દૈન્યંત્વતોષ સાધનમ"

દૈન્યની ભાવના જ આપ (પ્રભુ)ને સંતુષ્ટ કરવાનું સાધન છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

વડીલોનો વારસો

લેખક : **સુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

[ગયા અંકમાં નવયુવકો માટેનો લેખ આપણે વાંચ્યો નવયુવકોને પુષ્ટિમાર્ગમાં જોઇએ તેટલી રૂચિ કેમ દેખાતી નથી]

લંડનથી વાયુયાન ઉપડયું, હવામાન ખુશ મિજાજનું હતું. બધા પેસેંજરો સૌ સૌની સીટ ઉપર બેસી ગયા દેશ વિદેશની પચરંગી પ્રજા હતી. કોઇ તો મેગેજીન, કોઇ અખબાર, કોઇ પોકેટ બુકો, કોઇ કહાનીયો, એમ સૌ પોત પોતાની ઇચ્છા મુજબ વાંચવામાં લાગી ગયા. મારી બાજુમાં જ મારા મિત્ર તે જાસુસની કિતાબ વાંચતા મગ્ન થઇ ગયા હતા.

થોડી વારમાં પ્લેન પરિચારિકા આધુનિક વેશમાં આવી મનોરંજન કરતી જેને જે જોઇએ તે આપતી ફરતી હતી. મને તે દિવસે જરાપણ ફુરસદ રહી જ ન્હોતી ફક્ત સવારમાં નાહી ધોઇને ખીસામાંથી ચિત્રજીનાં દર્શન કરી મોઢેથી બે ચાર નામ લઇ કામે લાગી ગયેલો. જેથી મારા નિત્ય નિયમના પાઠ કરવા માટે સમયનો સદ્ ઉપયોગ કરવાનું ધાર્યું. પુસ્તિકા કાઢીને સર્વોત્તમજી, ચતુઃશ્લોકી, યમુનાષ્ટક એમ એક પછી એક પાઠ પુરા કરીને મનથી અષ્ટાક્ષરનું સ્મરણ કરવા લાગી ગયો મારા મિત્ર તો જાસુસીની કીતાબમાં તલ્લીન થઈ ગયેલા તેને કયાંય આડું અવળું જોવાની ફુરસદ જ ન્હોતી.

મારા મનમાં વિચાર આવ્યો કે સર્વોતમજીમાં શ્રી ગુસાંઇજીએ નામ દીધા છે તેમાં 'સ્વદાસાર્થ કૃતા શેષ, સાધનઃ' આ નામનો વિચાર આવ્યો. શ્રી મહાપ્રભુજી પોતાના દાસને માટે સર્વ સાધન કરે છે. જેથી જીવને તો સેવા ને સ્મરણ કરવા. મારાથી સાધન તો કાંઇ બનતું નથી. સેવા પણ બનતી નથી. બને તેટલું નામ સ્મરણ કરવું.

આમ વિચાર કરતો હતો. લંડન તો ઘણું પાછળ રહી ગયું. માતા પિતા લંડનમાં રહે છે. દાદા દાદી ભારતમાં શ્રી મદન મોહનજીને લાડ લડાવતા હશે. હું અત્યારે અંતરીક્ષમાં ઉડી રહ્યો છું. આધુનિક યુગ છે. કયારે શું થાય તે કોઇ જાણતો નથી. અત્યારનું જીવન ધાંધલીયું છે. આમ વિચાર કરતો નામ સ્મરણ મનથી જ લેતો હતો. પછી આંખો થોડી વીંચીને મનને સ્થીર કરી અષ્ટાક્ષર ચાલુ રાખ્યો. પણ જીવ ભારતમાં પહોંચ્યો. રાજભોગની તૈયારી હશે. દાદાને શી ખબર મારો લાડીલો કયાં ફરે છે.

મને દાદા દાદીનો ખૂબ જ પ્યાર મળેલો છે હું પણ તેને ભૂલી શકતો નથી. ગઈ સાલ અન્નકોટ ઉપર ભારત હાજર હતો. દાદાજી ખૂબ રાજી થયા હતા. સેવામાં રોજ નાહીને કામે લાગી જતો. સામગ્રી પણ કરતો. ખાસ કરીને કાજુનો મેસુબ આરોગવવાનું મને મન થતું. સારામાં સારા મોટા કાજુ દુધીયા સ્વાદનાં મંગાવેલ, મારા જ હાથથી સામગ્રી (મેસુબ) કરેલ. દર્શન ખુલતાં કીર્તનમાં હું પણ બેઠો હતો. હું રાગ રાગણી તો જાણતો તો નહીં, ઝાંઝ વગાડતો હતો સાથે બેસી જેવું તેવું બોલ્યે જતો હતો. શ્રીમદનમોહનજીનાં શૃંગાર દર્શન કરી આનંદ અનુભવતો. મારા દાદાજીએ

તે દિવસે શૃંગાર બહુ સુંદર કરેલ. કુલ્હે જોડ ગોકર્ણ ધરાવ્યા હતા. શૃંગાર મોટા હતા. દર્શન કરતો જાઉ ને કીર્તન કરતો જાઉં. મનમાં વિચાર કરતો ખરેખર સેવાનું સુખ તો મહાન છે. ધન્ય ભાગ્ય ભારતીઓનાં કે જેઓ ભારતમાં જ રહી પવિત્ર ભૂમિમાં પ્રભુને લાડ લડાવે છે. અન્નકોટની લીલાનાં કીર્નનો ભાવવિભોર કરે તેવા છે. ગિરિરાજ ધારણ કરીને ઇન્દ્રનું માન ઉતાર્યું તેમાં વળી ‘વિનંતિ કરત નંદ કર જોરે’ આ કીર્તન કેવું દીનતાને ભાવનમય છે. ‘પુજા કહા હમ જાને નાથ.’ નંદ બાવા બે હાથ જોડી ગિરિરાજજીને વિનંતિ કરે છે કે હે નાથ ! આપની પુજા અમે શું કરી જાણીયે આ તો લાલ કન્હૈયાએ બતાવ્યું તેમ અમોએ કર્યું. આપ પુજા માની લેજો. કૃષ્ણ બાલક છે. વળી અમે પણ કયાંય ભૂલ કરી હોય તો માફ કરજો અને મારા બન્ને પુત્ર બલરામ અને કૃષ્ણને ક્ષેમ કુશળ રાખજો

નંદ બાવા કેવા ભોળા છે. તેને તેનાં પુત્રની કળાની ખબર નથી. અનેક કાર્યો વ્રજમાં તેણે જોવા છતાં એટલું જ કહેતા કે આમાં કંઇક ઇશ્વર અંશ છે. આરોગાવવાળો પણ કૃષ્ણ છે. આરોગે પણ પોતે જ છે. બેટો બાપને આશિષ આપે છે. ‘તમે મારી પુજા સારી કરી છે. જે તમારે માગવું હોય તે માંગીલ્યો’ પ્રભુની લીલા પ્રભુ જ જાણે છે. ગિરિરાજજીમાં આપ પધારી સહસ્ત્ર ભુજા ધારણ કરી સૌને દર્શન દીધા છે. જે વચન વ્રજવાસીઓને દીધું હતું કે હું તમોને પ્રત્યક્ષ દર્શન કરાવીશ, તેનું પાલન કર્યું. બદરોલા વૃષભાનજીની મહી વલોવવાળી બરસાનામાં જ રહી હતી તેની તીવ્ર ભાવના જોઇ પ્રભુએ ત્યાંથી જ ભુજા લંબાવી માખણનો પીંડો લીધો હતો. આવી આનંદ મય લીલા પુષ્ટિમાર્ગમાં જ મળે. પ્રભુ ભકતને આધીન થઇ તેના મનોરથ પુર્ણ કરે છે.

આમ વિચાર કરતા વિચારનો તાર તુટયો અરે કયાં લંડન કયાં ભારત હું તો આકાશ માર્ગે સફર કરી રહ્યો છું. પણ હવે તો દાદાજીને કહીશ મને પંદર દિવસ ભારત રહેવા દે તે મારા પિતાશ્રીને સમજાવશે. આમ ભાવનાના પ્રવાહમાં વહી જઇ પોતાનું ભાન ભૂલી ગયો હતો. ત્યાં જ યાનમાં જોર જોરથી અવાજ આવ્યો યાન ધડા વગરનું ઉડતું હતું ‘સાવધાન’ એન્જીનમાં ખરાબી આવી ગઇ છે. રીપેર કરે છે, કયારે શું થશે, ખબર નથી.’ પેસેજરોમાં ભય પ્રાપ્ત થઇ ગયો સાવધાનના સૂરો કાને પડયા.

ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

।। શ્રી સર્વોત્તમ પદ ।।

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

૪૬. કૃપયૈ તત્કથાપ્રદ રૂપ

દાન કરત શ્રીકૃષ્ણ કથામૃત,
એસે હેં હરિકોં પ્રિય નિજજન, પોષત હે બહુભાંતિ હિ સુકૃત. ૧
રસતાત્પર્ય રસકારણુ જોહે, રસકોં કાર્ય કહત વચનામૃત;
છકે રહત સબ ભક્ત રસાસવ, 'વ્રજ' વલ્લભ મુખસુધા અવગાહત. ૨

૪૭. વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશક રૂપ

વિરહ અનુભવ કરકે બતાયો, શ્રી પ્રથમેશ પરમ ફલકો ફલ;
અનંત કોટી બ્રહ્માંડ અખિલમેં, પટતર કોઉ નાહિન હે ભલ. ૧
ઇન હિત સર્વસ્વત્યાગ જનાયો, પ્રગટ દિખાયો પરમ સુખ નિર્મલ;
કૃષ્ણાસવ રસપાન કરાવત, વિરહાનલ 'વ્રજ' વલ્લભકો બલ. ૨

૪૮. ભક્ત્યાચારોપદેષ્ટા રૂપ

ભકત જીવન કો ભેદ બતાયો,
ઔર ન પહુંચે અજહુ વહાંલો, કોટી કોટી વિરલે તન તાયો. ૧
પ્રથમ ધર્મ આચાર બતાયો, જો હે પ્રભુ સુખ હિત મુખ ગાયો;
શ્રી વલ્લભ કે ચરન પહુંચાયે, લીલામધ્ય પાંતિમેં બસાયો. ૨
પ્રથમ ઈસકી કૃપા પરમ ફલ, વ્રજ સુંદરી જોઇ સુખ પાયો;
'વ્રજ'કે શ્રી વલ્લભકી લીલા, અંતરંગી સબકે મન ભાયો.

૪૯. કર્મમાર્ગ પ્રવર્તક રૂપ

કર્મમાર્ગ પ્રગટાયો જનહિત,
વેદ બતાયો કર્મકાંડ સોઇ, બાંટ દીયો સબ જગમેં જીતતીત. ૧
શ્રી જગદીશ બતાયો કર્મ જો, સોઇ સેવા વ્રજજનકી રીત;
ઓર કર્મ નહીં સેવા પટ તર, જામે શ્રી 'વ્રજ' પતિ સુખ ઔર પ્રિત. ૨

૫૦. યાગાદૌ ભકિતમાર્ગૈકસાધનત્વ ઉપદેશક રૂપ

યજ્ઞ યાગાદિક ભકિત કે સાધક,
દાન પુન્ય તીર્થ યજ્ઞ સબ કર્મ, ભકિત સિદ્ધિ કે લીયે આરાધક. ૧
મુખ્ય ફલ તક કોઉ ન પહુંચાવે, સેવા પરમ સુખમેં રોધક;
દીયો ઉપદેશ પ્રથમેશ ભકતન કો, 'વ્રજ' કે વલ્લભ બીન સબ બાધક. ૨

—ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૬૮. રાગ-પૂર્વી (વૈ. ૫૬)

વંદૌ સારસ્વત અચ્યુતદાસ,
સખી 'રસાત્મિકા' શ્રી યમુનાજીકી, કરત કડામેં નિવાસ. ૧
માત પિતા અરુ પત્ની મરે જબ, તબ વે ભયે ઉદાસ;
શ્રી વલ્લભ કો શરણ પાય કે, ભયો સંસાર દુઃખ નાસ. ૨
સેવા દીની શ્રી પાદુકાજીકી, સદા સંયોગ રસ કરત વિલાસ;
'લાલદાસ' એક વૈષ્ણવજનકોં દર્શન કરાયો વલ્લભ રૂપ રાસ. ૩

૬૯. રાગ-પૂર્વી (વૈ. ૫૭)

વંદૌ કાયસ્થ નારણદાસ,
'વ્રજવિલાસીની' સખી લીલામેં, જુવા ખેલને મેં બહુત હૈ મન. ૧
દેશ નિકાલ કીયો હાકિમને, જાય રહે તબ દેશ હી દક્ષન;
લરિકા પઢાવત પાટી મારી તબ, ગયે શ્રી વલ્લભ શરન. ૨
'બાલબોધ' પઢાયો કૃપા કર, લીખ દીયે મંત્ર ગદ્ય અરુ શરન;
'લાલદાસ' એક ચાકર રાખ્યો, કરાવત હે ગોકુલ કો સુમરન. ૩

૭૦. રાગ-પૂર્વી (વૈ. ૫૮)

વંદૌ શ્રી નારાયનદાસજી ભાટ,
લીલા સ્વરૂપ ઇનકો 'વાનર' હૈ, માંગત બૈઠ વિશ્રાંત ઘાટ. ૧
છંદ દોહા કછુ આવત નાહીં, તાકો મનમેં હૈ ઉચ્ચાટ;
'લાલદાસ' શ્રી વલ્લભ પ્રભુને, લે શરન સબ સંશય કાટ. ૨

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની

હ. દુલેરાય કલ્યાણજી રાજકોટનાજય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

“શ્રી વલ્લભ તવાસ્મિ”

લે. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

વેણુનો નાદ બોલે, શ્રી વલ્લભનો સાદ બોલે,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧

વિઠ્ઠલનો નાથ બોલે, ગોકુલનો નાથ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૨

યુગલનો સાથ બોલે, મધ્યાનો નાથ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૩

શ્યામાનો શ્યામ બોલે, પ્રિયાંનો પ્રિય બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૪

શ્યામની શ્યામા બોલે, પ્રિયની પ્રિયા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫

કૃષ્ણાનો કૃષ્ણ બોલે, ચંદ્રાવલીનો ચંદ્ર બોલે,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬

કૃષ્ણની કૃષ્ણા બોલે, ચંદ્રની ચંદ્રાવલી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭

યમુનાનો પ્રીતમ બોલે, ગોપીજનનો વલ્લભ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮

પ્રીતમની યમુના બોલે, વલ્લભના ગોપીજન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯

શ્રી વિઠ્ઠલનાથ બોલે, શ્રીમદ્ ગોકુલનાથ બોલે,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦

સ્વયં શ્રી વલ્લભ બોલે, સ્વયં શ્રી વિઠ્ઠલ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧

શ્રીવલ્લભના વલ્લભ બોલે, શ્રી વિઠ્ઠલના વિઠ્ઠલ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૨

સ્વયં શ્રીવિઠ્ઠલનાથ બોલે, સ્વયં શ્રી ગોકુલનાથ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૩

ક્રમશઃ

॥ શ્રીનાથજીઃ ॥

પુષ્ટિ માર્ગનું પ્રાકટ્ય (નાટિકા)

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ચરણરજ' સુરત**

(ગતાંકથી ચાલુ)

લલિતાજી-બહેન ચંદ્રાવલી ! તમે આ શું કર્યું ? મને આવો ભયંકર શ્રાપ આપ્યો ? શુદ્રને ત્યાં મારે જન્મ લેવો પડશે ? મારૂં અકાળ મૃત્યુ થશે ? મને પ્રેત યોનિ પ્રાપ્ત થશે ? અને તેમાંથી શ્રીઠાકોરજી પણ મારો ઉદ્ધાર નહીં કરી શકે ? હા. દૈવ ! મારી આવી દુર્ગતિ થશે ? (ખુબ રૂદન કરે છે)

(વળી પાછા ચંદ્રાવલીજીને કહે છે)

બહેન ચંદ્રાવલીજી ! તમે મને શ્રાપ આપ્યો. મારી ભયંકર દુર્ગતિ થશે અને એમાંથી પ્રભુ પણ મારી રક્ષા નહીં કરી શકે ? છતાં મને ચિંતા નથી. બહેન ચંદ્રાવલીજી ! તમે પ્રભુના પ્યારા ભક્ત છો, સખી છો શ્રી સ્વામિનીજીના ભાવ સ્વરૂપ છો. મને હવે એક માત્ર તમારો જ આશ્રય છે. તમે દયાના સાગર છો. જે કાર્ય ભગવાન ન કરી શકે તે ભગવાનના ભક્ત કરી શકે છે, મને તમારા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા છે. કે મને પ્રેત યોનિમાંથી પ્રભુ ભલે ન બચાવી શકે, પણ તમારે તો મારો ઉદ્ધાર કરવો જ પડશે. મારા અનંત અપરાધો હશે. તે પણ તમે ક્ષમા કરશો જ એવી મને શ્રદ્ધા છે. હવે હું તમારે શરણે છું. તમારા વગર હું રહી શકીશ નહીં (લલિતાજી ચંદ્રાવલીજીના પગમાં પડે છે)

(તટસ્થ પાત્રે બોલવાનું-ચંદ્રાવલીજી લલિતાજીને ઉભા કરી ભેટી પડે છે. બન્નેના નેત્રોમાંથી અશ્રુઓ વહે છે.]

ચંદ્રાવલીજી-બહેન લલીત ! મેં ક્રોધાવેશમાં ભાન ભૂલીને તને અસહ્ય શ્રાપ આપ્યો. છતાં ધન્ય છે તારી સહનશીલતાને ધન્ય છે તારા ભગવદ્ ભાવને, અવગુણ કરનાર પ્રત્યે પણ આવો સદભાવ બતાવવો એ તારા સમાન પ્રભુના મહાન ભકતમાં જ હોય. મેં તને શ્રાપ આપ્યો છે. છતાં હું પ્રતિક્ષણ તારી સંભાળ રાખતી રહીશ, તને દુર્ગતિમાંથી બચાવી લઈશ. તારો દિવ્ય સ્વભાવ પ્રભુના ભકતોના જીવનમાં પ્રેરણાદાયક બની રહેશે.

(એક સખી પદ ગાય છે)

પદ

યે સબ જાને ભકત કે લક્ષન
કોઉ નિંદે ચાહે કોઉ વંદો;
કોઉ ધન લે જાઓ ગચ્છન
ભલી બુરી કછુ મન મેં ન લાવે
તાહિતે ગિરિધર મિલે તત્ક્ષન.

(થોડી વાર શાંતિ પથરાય છે ત્યાર પછી શ્રી ઠાકોરજી સહુ ભકતોને કહે છે)

શ્રીઠાકોરજી-મારા પ્યારા ભકતો ! અહીં જે પ્રસંગ બની ગયો. તે અવશ્ય દુઃખદાયક લાગે છે. પરંતુ વાસ્તવમાં એ દુઃખદાયક નથી. કારણ કે, આ દિવ્ય ગોલોક ધામ છે.

અહીં ભૌતિક લૌક્કિવત્ કાંઇ જ બને જ નહીં. અહીં લૌકિકવત્ જણાતા પ્રસંગો પણ અલૌકિક છે. એની પાછળનું રહસ્ય પણ ભકતોના મનના નિરોધરૂપ બને છે. ભગવદ્

ભાવની પ્રાપ્તિ અને નિઃસાધન જીવોના કારણરૂપ છે. માટે તમે કોઈ ચિંતા કરશો નહીં. જે કાંઇ બન્યું છે તે મારી ઇચ્છાથી જ બન્યું છે. એમાં કોઇનો દોષ નથી. સર્વની બુદ્ધિનો પ્રેરક હું જ છું. કર્તા–કારયિતા પણ હું છું તેનું રહસ્ય હવે સમજાવું છું.

આપણા અસંખ્ય દૈવી જીવો ભૂતળ પર સહસ્ત્ર પરિવત્સરથી ભોમિયા વગર ભટકી રહ્યા છે. તેને આપણા દિવ્ય ધામમાં લાવવા માટે આપણે ભુતળ પર પરિકટ સહિત પ્રકટ થવાનું છે. હું શ્રી ગિરિરાજજીની કંદરામાંથી શ્રીનાથજી સ્વરૂપે પ્રકટ થઇશ તેમજ મારા અને સ્વામિનીજીના ભાવ સ્વરૂપ શ્રી વલ્લભ ભુતલ પર ચંપારણ્ય ધામમાં પ્રકટ થશે. તેમાં સ્વામિનીજી ભાવ મુખ્ય હશે. તે શ્રી વલ્લભ દૈવી જીવોને બ્રહ્મસંબંધ (મારે શરણે સોંપી) કરાવશે: તેનો હું અંગીકાર કરીશ. એનો કયારેય ત્યાગ કરીશ નહીં.

પ્યારીજીએ મારી સમક્ષ અષ્ટાક્ષર મંત્ર શ્રીકૃષ્ણઃ શરણં મંમ' પ્રકટ કર્યો છે તે મંત્રનું દાન શ્રી વલ્લભ જીવોને કરશે. જેના અલૌકિક પ્રભાવથી જીવની આલોક અને પરલોક સંબંધી સર્વ ચિંતા દુર થશે. બ્રહ્મસંબંધ પછી શ્રીવલ્લભ શરણાગત જીવોને મારી સેવાની આજ્ઞા કરશે. સેવા પ્રભુના બાલ ભાવથી નંદાલયના ભાવ સ્વરૂપ હશે.

ભુતલ પર મહાનુભાવ શ્રી લક્ષ્મણ ભટ્ટજીના પૂર્વજો એ ૧૦૩ સોમ યજ્ઞો કર્યા છે. પાંચ સોમયજ્ઞ શ્રી લક્ષ્મણ ભટજી કરશે. આ પ્રમાણે નિષ્કમભાવથી પૂર્ણ થયેલા સોમ યજ્ઞના ફલ સ્વરૂપ શ્રીવલ્લભનું પ્રાકટય થશે. તેના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી સાક્ષાત્ મારૂં સ્વરૂપ હશે. જેમાં ચંદ્રાવલીજીનો પણ ભાવ હશે. લલિતાજી કૃષ્ણદાસ સ્વરૂપે પ્રકટ થઈ. ચંદ્રાવલીજીના ભાવ સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને છ માસ પર્યંત શ્રીનાથજીની સેવા અને દર્શનથી દૂર કરશે. જેથી અહીંના શ્રાપનું નિમિત્ત પૂર્ણ થશે. લલિતા સ્વરૂપ કૃષ્ણદાસ અકસ્માત કુવામાં પડી જશે. તે સદેહે આપણા લીલા ધામમાં પ્રવેશ કરશે. લીલા પરત્વે વાસના દેહ પ્રેત સ્વરૂપે જણાશે શ્રીનાથજી પણ તેનો ઉદ્ધાર કરી શકશે નહીં. ત્યારે ચંદ્રવલીજીના ભાવ સ્વરૂપ વિઠ્ઠલ નાથજીને ત્યાં સાત પુત્ર પ્રકટ થશે. તેનો વંશ દીર્ઘ સમય પંર્યંત ભુતલ પર પ્રકટ થતો રહેશે. સમસ્ત વલ્લભ કૂળ શ્રી વલ્લભના ભાવ સ્વરૂપ હશે અસંખ્ય દૈવી જીવોને શરણે લઇ તેનો ઉદ્ધાર કરશે. આપણા લીલા ધામમાં અસંખ્ય ભક્તો પૈકી ૮૪–૨૫૨ ભકતો અસંખ્ય દૈવી જીવોના માર્ગદર્શક બનશે.

સમસ્ત લીલા પરિકટ સહિત ભુતલ પર પર પધારવાના નિમિત્તરૂપ અહીં જે પ્રસંગ બન્યો છે, તે પણ અલૌકિક છે. મનમાં કોઇ પણ ખેદ કરશો નહીં. અલૌકિકમાં લૌકિકની ગંધ પણ હોય નહીં.

(ભકતો પદ ગાય છે)

પદ રાગ-અડાનો

પિય તોહિ નયન હી મેં રાખું ।
તેરી એક રોંમકી છબિ પર
જગત્ વાર સબ નાખું. ॥૧॥
ભેંટો સકલ અંગ સાંવલકું,
અધર સુધારસ ચાખું ।
'રસિક' પ્રીતમ સંગમકી બાતેં,
કાહૂસોં નહિ ભાખું ॥૨॥

(પડદો પડે છે) —ક્રમશઃ

વિનય

લેખક: **શાસ્ત્રી ભદ્રશંકર જયશંકર ખંભાત**

વિદ્યા ભણે, આત્મબલ-મનોબલ મેળવે પણ વિનય ન હોય તો તે સર્વ નકામું છે. સત્પુરૂષો જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ તેઓ વિશેષ વિનયવાન્ બનતા જાય છે. વિદ્યા, વિનય હોય તોજ શોભે છે. જેનામાં વિનય નથી. નમ્રતા નથી તે કોઈ પણ દિવસ યોગ્ય બની શકતો નથી. વિદ્યા વિનયને આપે છે. એક શ્લોકમાં કહ્યું છે કે-

“વિદ્યા દદાતિ વિનયં વિનયાદ્યાતિ પાત્રતામ્”

વિદ્યાથી વિનય પ્રાપ્ત થાય અને વિનયથી પાત્રતા યોગ્યતા જણાઇ આવે. જેમાં વિનય ન હોય એ અપાત્ર છે. કુળમાં કલંકરૂપ છે. લોકમાં નિંદાપાત્ર બને છે. માટે વિદ્યાર્થીઓ તો અવશ્ય વિનયી હોવા જોઇએ. જો વિદ્યાર્થીમાં વિનય ન હોય તો તે વિદ્યાને લજવીમારે છે. વિદ્યા દેવી પણ એનાથી શરમાય, એટલે તેનાથી દૂર નાસવાનો જ પ્રયત્ન કરે છે. વિદ્યાનું ફળ જ જ્યારે વિનય છે તો જેનામાં વિનય છે તો તે વિદ્યવાન છે. જેનામાં વિનય નથી એ વિદ્યાવાન નથી. તેમ કુલિન પણ નથી.

નમન્તિ શાલિનો વૃક્ષાઃ, નમન્તિ કુલિનો જનાઃ ।
શુષ્ક કાષ્ટાનિ મુર્ખાશ્ચ, ન નમન્તિ કદાચન ॥

અન્વયાર્થ-ફળ ફૂલવાળાં વૃક્ષો નમે છે, તેમ કુળવાન્ મનુષ્યો નમન કરે છે. પરંતુ સૂકું લાકડું અને મૂર્ખજનો કોઇ પણ દિવસ નમન નથી.

વિદ્યાવાન સજ્જનો જેમ જેમ સંપત્તિ, કીર્તિ, પ્રાપ્ત કરે તેમ તેમ નમ્ર વિનયી બને. વિનય તો એક જાતનું મોટું વશીકરણ છે. મંત્ર અને તંત્રથી પણ જે વશીકરણ થતું નથી તેવું વિનયથી થાય.

“શામળ વિદ્યા વશીકરણની, વિનય વિષે વાસો વસે”

આ શામળ કવિની ઉક્તિ પ્રમાણે તો વશીકરણની ખરેખરી વિદ્યા તો વિનયમાં જ વસીને રહી છે.

વિદ્યાર્થી બંધુઓ! જો તમારે વિદ્વાન ગણાવવું હોય, કુલિનતા મેળવવી હોય, સુંદર યશ પ્રાપ્ત કરવો હોય તો વિનય પ્રથમ શીખો. વિનયને અને તમારે છેટું હશે તો લોકો પણ તમારાથી છેટાને છેટા જ રહેશે. ઉદ્ધત મનુષ્યનો કોઈ પણ વિશ્વાસ કરતું નથી. તેનામાં ગમે તેટલી બુદ્ધિ હોય, વિદ્યા હોય, પણ તેને કોઇ ગણે નહિ.

હાલમાં વિદ્યાર્થીઓને વિનયની સાથે જાણે પૂર્વ જન્મનું વેર હોય એમ બની ગયું છે. જેમ જેમ આગળ વધે તેમ તેમ વિનયને તજે છે. શિક્ષકનું અપમાન કરે છે. શિક્ષણ વર્ગમાં ગડબડ કરી મૂકે. ઠઠ્ઠા મશ્કરી ઉદ્ધત રીતે કરે, શિક્ષકને માન આપે નહિ. વડીલોને વંદન કરે નહિ. આવું જ્યાં ત્યાં જોવામાં આવે છે. આ શું વિદ્યાનું સ્વરૂપ છે?

હાલના વિદ્યાર્થીઓ વિદ્યા મેળવવા નથી આવતા. ધન મેળવવાને કારણે માત્ર શિક્ષણ લેવું જોઇએ, નહિંતર કોઇ ભાવ પૂછે નહિ. એજ એમનો મુખ્ય હેતુ હોય છે. અને તેથી જ તેમનામાં સ્વચ્છંદ વર્તનની સાથે અવિનય જોવામાં આવે છે. કોઇ વડીલ કશું કહે તો

એકદમ ચીઢાઇ જાય છે, ઉદ્ધતાઇ કરે છે. આ કંઇ વિદ્યા ન કહેવાય. તેમ મોટી મર્દાનગી દેખાડતા હોય તેમ પણ નથી; એ તો ઘરમાં જ તડાકા મારવાના, બહાર તો બકરી બેં, કોઇ આંખ કાઢીને ધમકાવે તો કંપી ઉઠી દબાઇ જાય, મનની નિર્બળતાનો પાર નથી. છતી યુવાવસ્થામાં વૃદ્ધ જેવા દેખાતા છતાં બાપડાં પ્રેમાળ ગરીબ માતા પિતાને નકામા ધમકાવી મારે, દબાવી દે, જુઓ ભાઇનું પુરૂષાર્થ ! દરેક વિદ્યાર્થીમાં આમ જ છે એમ કહેવાનો મારો આશય નથી. પણ સોએ ૯૫ ટકામાં તો અવિનય જ જોવામાં આવે છે. શું એ આધુનિક અપાતા તામસ શિક્ષણનો તો પ્રભાવ નહિ હોય ? અભ્યાસ કરવાની કોઇ ના નથી કહેતું પણ સાથે સાથે વિનય રાખતા જાઓ તો સારૂં !

વિનયી માણસના શત્રુઓ મિત્ર બની જાય છે મિત્રો અંતરથી ચહાય છે, સગાઓ સન્માન આપે છે. તેવા સુંદર વિનયનો સંગ્રહ પણ કોણ ન કરે ? મૂર્ખ જ. જુઓ હવે તમે વિનયી બનશો ને ? વિનયી હોય તેમણે વિનયમાં વધારો કરવો. અવિનયી હોય તેમણે વિનયને સંપાદન કરવો તો જ તમારી વિદ્યા દિપી આવશે.

(શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડના વર્ષ ૭ સં. ૧૯૮૮ના જયેષ્ઠના અંક ૩ માંથી સાભાર.)

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી**

પદ-૮૧

કાલિંદિ કલિ કલ્મષ હરની ।।
યમ અનૂજા શ્યામા મહા સુંદરી ગોવિંદ ઘરની ।।૧।।
જય યમુના જય કૃષ્ણ વલ્લભા,
પતિતનકોં પાવન ભવ તરણી ।।
શરણાંગતકો દેત અભય પદ–જનની
કરત જૈસેં સુતકી કરણી ।।૨।।
શિતલ મંદ સુગંધ સુધા નિધિ-
ધારા ધરી વપુ ઉતરી ધરની ।।
'પરમાનંદદાસ' કહે **પરમ પાવની**
યુગ યુગ સાખ નિગમ નિત બરની ।।૩।।

ભાવાર્થ-કલિ યુગમાં અનેક વિધના થતાં પાપોનું પરમકૃપાળુ શ્રીયમુનાજી હરણ કરે છે કારણ કે એ સર્વ સમર્થ છે. શ્રી યમરાજનાં બહેન છે જેથી યમલોકનાં અનેક કષ્ટોથી બચાવે છે અને શ્રી ગોવિંદનાં પ્રાણ પ્યારી સ્વામિનિ હોવાથી જીવો ઉપર અભુતપૂર્વ કૃપા કરે છે.

હે શ્રીકૃષ્ણના પરમપ્રિય મહારાણીજી આપ તો પતિતોને પાવન કરી અને ભવપાર ઉતારનારાં છો. આપને શરણે આવનાર સર્વ નિજાશ્રિતોને અભયદાન આપો છો. બ્રહ્માના સો વર્ષે મહા પ્રલયમાં અક્ષર સુધીના સર્વલોકનો લય થઇ જાય છે જેથી તે અભયપદ નથી અભય પદ તો કેવળ ગોલોકધામ જ છે. તે જીવને આપો છો અને તે પણ માતા જેમ બાલકને લાડ પ્યાર કરે તેવી રીતે રાખો છો. શિતલ મંદ સુગંધ અને અમૃતના સાગર રૂપ આમ ગોલોક ધામથી આપની ધારા સાથે જ દેહ ધરી અને ભુતલ ઉપર પધાર્યાં છો પરમાનંદદાસજી કહે છે કે આપ પરમ પાવની પતિત પાવની અને કૃપા સાગર છો એવું આપનું મહાત્મ્ય યુગો યુગ પ્રસિદ્ધ છે એવી વેદો પણ સાખ પુરે છે અને સદા આપનાં યશોગાન ગાયા કરે છે.

–ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

જો એમ દલીલ કરવામાં આવે કે તેમની ઇન્દ્રિયો વગેરે પ્રાકૃત છે તો પછી એના અધિષ્ઠાતા (ઉપરી-સત્તાધીશ) નું પણ એવું જ હોય તો પછી દોષમાંથી છૂટકારો કેવી રીતે થાય ? એવી આશંકા પ્રથમથી જ કલ્પી લઇને કહે છે કે તેમના સર્વ સમૂહરૂપ શ્રીકૃષ્ણ જ હોય છે એવા તેનાજ અર્થરૂપને વર્ણવતા શરણગતિ જણાવે છે-“પ્રાકૃતા ઇતિ” એટલે કે બધા દેવો પ્રાકૃત છે વગેરે.

પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનંદકં બૃહત્ ।
પુર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવ ગતિર્મમ ।૮।

“પ્રપંચ નિરૂપણના પ્રસ્તાવ”માં નિરૂપણ કરવામાં આવ્યુ છે કે “જડે સદંશઃ પ્રકટ ઇતરાવાચ્છન્નૌ, જીવે આદ્યૌ પ્રકટૌ આનંદાંશસ્તિરોહિતઃ” એટલે જડ વસ્તુમાં સત્ અંશ પ્રકટ છે, બીજા (ચિત્, આનંદ) ઢંકાયલા છે જયારે જીવમાં સત્, ચિત્ પ્રકટ છે આનંદઅંશ તિરોહીત થયેલ છે તેમ જણાવે છે.

પુષ્ટિ માર્ગીયને તો સાધન દશામાં ભગવાનની સેવા તથા ભગવાનના ગુણગાનમાં પરોવાયેલ હોવાને લીધે પોતામાંથી જ આનંદનો અંશ પ્રકટ થાય છે. એવી જ રીતે “સિદ્ધાંત મુકતાવલિ”માં કહેવામાં આવ્યું છે કે “તતઃ સંસાર દુઃખસ્ય” વગેરે એટલે કે “એ પછી સંસારના દુઃખનો” વગેરે અને એ જ સ્થળે ફરીથી વિવરણમાં કહેવામાં આવ્યું છે કે “યદ્યપ્યનાભિલષિતે તે તથાપિ વસ્તુ સ્વભાવાદ્ ભવતે” એટલે કે “જો કે એ અનભિલષિ (ઇચ્છેલુ નહિ તેવું) હોય તો પણ વસ્તુના સ્વભાવથી જ થાય છે.” અને સિદ્ધાંત-રહસ્ય”માં પણ કહ્યું છે કે “સર્વેષાં બ્રહ્મતા તતઃ” એટલે કે એ કારણને લીધે (તતઃ) બધાને બ્રહ્મતા (પરમાત્મા પણું) પ્રાપ્ત થાય છે.” “સચ્ચિતાનંદતા સ્વતઃ” એટલે કે “સચ્ચિદાનંદ (પરમાત્માના લક્ષણો) ધરાવવાનું સ્વતઃ (પોતાની મેળેજ) બને છે” એમ નિરોધ ‘વિવરણ’માં પણ કહેલું છે. આમ હોવાથી જે પહેલાં પ્રાકૃત દેવો હતા, ઇન્દ્રિયોના અધિષ્ઠાતા (સત્તા કે કાબુ ધરાવનાર) હતા તે સચ્ચિદાનંદ પણું પોતાનામાં આવેલું જોઇને પુરૂષોત્તમના આવિર્ભાવ (પ્રકટવા) ને કારણે ‘સકલાઃ’ એટલે ‘કલા ધરાવનાર અથવા કળાવાળા’ બની ગયા. કલા એટલે રસાત્મક બ્રહ્મવિદ્યા રૂપાઃ એટલે તે વિદ્યા વાળા બની ગયા. ગણિતાનંદ રૂપ તો અક્ષર બ્રહ્મ છે, ‘ક’ પ્રત્યય લગાડીને સુચવે છે કે એનાથી પણ ટુંકો નાનો (હ્રસ્વ) એટલે કે અતિ તુચ્છ -ઘણો નાનો-ગણના વગરનો જીવ તે બૃહત્ (ઘણો મોટો-વિશાળ મહત્તા ધરાવનાર) બની ગયો. અપેક્ષા (ધારણા) રખાય

તે કરતાં પણ મોટો બની ગયો. એ બન્ને સ્થળે હેતુ એ છે કે પુર્ણાનંદ તો શ્રીહરિ જ છે. કારણ કે બધાને સચ્ચિદાનંદપણું પ્રાપ્ત થવાથી પુરૂષોત્તમના આવિર્ભાવ (પ્રકટ થવા)થી તે સંબંધી રચનાત્મક ભાવો ઉત્પન્ન થાય છે તેથી તેનાથી પેદા થતા પુષ્કળ દુ:ખની શાંતિને માટે અંદરથી તે તે ઇન્દ્રિયો વિષે તે તે સ્વરૂપવાળો પોતે જ બનીને તે બધામાં પૂર્ણ સ્વરૂપના આનંદના દાન દ્વારા દુ:ખને હરી લ્યે છે, તેથી એમ કહ્યું છે. આમ હોવાથી અક્ષરાત્મકત્વને લીધે અપ્રાકૃત હોવાની બાબતમાં તો કહેવું જ શું ?

કિંતુ-પરંતુ તેનો સંપૂર્ણ સઘાત (એક સાથે રહેવાપણું) તો સાક્ષાત્ (પ્રત્યક્ષ) રસાત્મક લીલારૂપ પૂર્ણાનંદ ભગવદ્રૂપ જ બને છે (હોય છે) તેથી ત્યાં (આ બાબતમાં) દોષને માટે અવકાશ (સ્થાન-ખાલી જગ્યા) કયાંથી હોય ! (ન જ હોય) એ તાત્પર્ય છે. એ જ બાબત "શ્રીમદ્ ગોકુલજીવાત્મા શ્રીમદ્ ગોકુલ માનસમ્" વગેરે....વગેરે દ્વારા સ્પષ્ટ કરી છે. કારણ કે આ પ્રકારે ભગવાનના જ અર્થરૂપ હોવાથી એ પ્રકારની સિદ્ધિને માટે ફકત શરણ સાધન છે તેથી તે સાધનનું નિરૂપણ કરતા કહે છે કે 'શ્રીકૃષ્ણ જ મારું શરણ છે.' ।૮।

—ક્રમશ:

શ્રી પ્રથમેશ ચરિતામૃત – ભેટ પુસ્તક

'શ્રી વલ્લભસુધા'ના સન ૧૯૯૧/૯૨ના ગ્રાહકો જેમનું લવાજમ તા. ૩૧-૩-૯૧ સુધીમાં જમા થયેલ છે. તે સર્વેને 'શ્રીપ્રથમેશ ચરિતામૃત' પુસ્તક (કાચું બાઈન્ડીંગ)નું ભેટરૂપે મોકલાવાઇ રહ્યું છે. જે જે ગામોમાં 'શ્રીવલ્લભ સુધા' ના સેવાભાવી કાર્યકર્તાઓ છે તેમને ત્યાં તે તે ગામના જેટલાં ગ્રાહકો છે તે મુજબ પુસ્તકો, સંગાથ દ્વારા મોકલાવાઇ રહ્યાં છે. રાજકોટમાં લત્તાવાર સેવાભાવી કાર્યકરો દ્વારા વિતરણ થશે. તો સર્વે ગ્રાહકોએ પોતપોતાના ગામના કાર્યકરો પાસેથી પુસ્તક મેળવી લેવા વિનંતી. સંગાથદ્વારા પુસ્તકો મોકલવાના હોઈ કદાચ થોડા મોડા વહેલાં પહોંચશે. તા. ૩૦-૬-૯૧ સુધીમાં જેમને પુસ્તક ન મળે તેમણે કાર્યાલયમાં લખવું. નાના નાના દુરના ગામોમાં ટપાલ દ્વારા મોકલાશે.

'શ્રી વલ્લભ સુધા'ના જેઓ ગ્રાહક નથી તેઓ પણ ઉપરોક્ત પુસ્તક મેળવી શકે તે માટે વ્યવસ્થા કરાઇ છે.

ઉપરોક્ત શ્રી પ્રથમેશ ચરિતામૃત પુસ્તક પૃષ્ઠ ૨૦૦ ઉપરાંત પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ૧૨ ચિત્રજી સહિતનું પાકા બાઈન્ડીગ અને પ્લાસ્ટીક જેકેટવાળું પુસ્તક માત્ર રૂ. ૨૦ની ન્યોછાવરથી મળી શકશે. બહારગામથી સીધા કાર્યાલયથી મંગાવવા માટે રૂ. ૮ પોસ્ટેટ પેકીંગના વધારાના અગાઉથી મનીઓર્ડર રૂ. ૨૮ મોકલવાથી મળી શકશે. —વ્યવસ્થાપક વલ્લભસુધા કાર્યાલય

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

વૈષ્ણવતાનો દીવડો

(ગો. વા. પ. ભ. વૈષ્ણવ શ્રી રવજીભાઇ મિસ્ત્રીનું જીવન વૃત્તાંત)

—પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

(ગતાંકથી ચાલુ)

ભકતજન પદરજ પ્રતાપે સકલ સરિયાં કાજ

મુંબઇવાળા કાકાએ બોલાવતા ગંગામાં, રવજીભાઇ અને અમરેલીવાળા કાકા-કાકી મુંબઇ ગયા. અહીં અનેક પુષ્ટિમાર્ગીય મંદિરોમાં દર્શન કરવાનો અને મુંબઇની કેસરીયા મંડળીમાં કીર્તન સાંભળવાનો લહાવો મળ્યો. સંવત ૧૯૮૧ના વર્ષમાં એક શુભ દિને રવજી, ગંગામા અને કાકા-કાકી બધાએ શ્રી દાઉજી મંદિરમાં પ પુ. ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી પાસેથી શ્રી પ્રભુ સન્મુખ બ્રહ્મસંબંધ લીધો. પ્રભુકૃપાથી તે શુભ દિવસથી ગંગામા અને રવજીને જાણે તનુનવત્વ પ્રાપ્ત થયું. તેમનાં ચિત્ત પ્રભુસેવા અને ભજનકીર્તનમાં આનંદપૂર્વક પ્રવૃત્ત રહેવા લાગ્યા.

ગંગામા અને રવજીભાઇ લગભગ ૪ વર્ષ મુંબઇ રહ્યા. પરંતુ મુંબઇના હવાપાણી તેમને અનુકુળ નહીં આવતાં વતનમાં પાછા આવ્યા. કુશળ કારીગર બનેલા રવજીને વિના વિલંબે યોગ્ય કામ મળી ગયું. ગંગામા હવે કુટુંબ-નિર્વાહની જવાબદારીમાંથી મુકત બન્યા. હવે તેઓ મંદિરની સેવા-ટહેલમાં, જનાનામાં માજી મહારાજની ટહેલમાં, વૈષ્ણવોની સેવામાં અને મરજાદી બહેનોના સત્સંગમાં સવિશેષ સમયનો સદુપયોગ કરવા લાગ્યા. તેમની સેવાની સુવાસ અમરેલી અને આજુબાજુના ગામોની વૈષ્ણવસૃષ્ટિમાં ફેલાઇ ગઇ.

સંવત ૧૯૮૬માં ગંગામા વ્રજયાત્રા માણી આવ્યા. પોતાના પ્યારા પ્રભુ શ્રીકૃષ્ણના ચરણકમલરજથી પાવન વ્રજભૂમિમાં યાત્રા કરવામાં તેમને અપાર સુખની અનુભૂતિ થઇ. જમુનાજલ સ્નાન અને યમુનાજલપાન કરવાનો લહાવો મળવાથી તેમને ખૂબ આનંદ થયો.

રવજીભાઇને કામ અંગે જયાં જયાં જવાનું થતું તે તે ગામમાં ગંગામા અને તેમના ધર્મપત્ની મણીબેન બહુધા સાથે જતા. અમરેલી, ગોંડલ અને તેમની આસપાસના ગામો ઉપલેટા, ભાયાવદર, વડાળી, સુપેડી, વાડલા, મોટીમારડ, ધોરાજી અને ભાવનગર, અમદાવાદ તથા બીજા અનેક સ્થળોએ ગંગામા તેમના મીઠા સ્વભાવથી બધા પ્રત્યે સ્નેહભર્યા વર્તાવથી, પુષ્ટિપ્રેમી પ્રકૃતિથી, સેવાભાવનાથી શ્રી હરિગુરુ વૈષ્ણવ પ્રતિ સમભાવનાથી, વિવેકશીલતાથી, કાર્યકુશળતાથી, પ્રભુના કીર્તન ગુણગાનથી અને મધુર વાણીથી સર્વ સ્થળે વાતાવરણને પુષ્ટિના રંગથી ભરી દેતા, સર્વ વૈષ્ણવોના મન જીતી લેતા અને સર્વના પ્રીતિપાત્ર બની જતા. આ બધા સ્થળોએ 'આ ભગવદીય ગંગામાના પુત્ર રવજીભાઇ' એમ લોકો જયારે તેમની ઓળખાણ આપતા ત્યારે તેમનું હૃદય માતૃસ્નેહથી આર્દ્ર બની જતું અને તેઓ કૃતકૃત્યતા અનુભવતા. આવા ભગવદીય પુષ્ટિપ્રેમી માતાના પુત્ર હોવાનો તેઓ અપાર આનંદ અનુભવતા.

જે સમયે મોટા તરુવર સમાન કુટુંબીજનો સગાસંબંધીઓ અને જ્ઞાતિજનો ધાર્મિક ઝંઝાવાતમાં પુષ્ટિમાર્ગથી ઉખડી પડી અન્ય માર્ગે જતા રહ્યા ત્યારે એક નાનાં છોડવા સમાન આ ગંગામા શ્રીનાથજી પ્રભુમાં અડગ શ્રદ્ધા રાખી નાનકડા રવજીને હૈયે વળગાડી પુષ્ટિમાં અવિચળ રહ્યા. 'દૃઢ ઇન ચરણ કેરો ભરોસો'ના અમર પદને ગંગામાએ માત્ર ગાયો-સાંભળ્યો જ નહીં પરંતુ તેને હૃદયમાં ઉતારી ચરિતાર્થ કરી બતાવ્યું.

ભગવદીય ગંગામા સંવત ૨૦૨૬ના માગસર સુદ છઠના દિને ધોરાજીનગરીમાં શ્રીજીચરણ પામ્યા. કોઇ પણ જાતનું દુઃખ–દર્દ ભોગવ્યા વિના આનંદથી અને પ્રસન્નતાથી લૌકિક સંબંધીજનોની વિદાય લઇ તેઓ ગોલોકધામમાં સિધાવ્યા. પ્રભુકૃપાથી અને ગંગામાના શુભાશીર્વાદથી પુષ્ટિધર્મના સંસ્કાર ઝીલી તેમનો પરિવાર સુખી, સત્યનિષ્ઠ, પુષ્ટિપ્રેમી, નિર્વ્યસની અને સત્સંગમાં રહી સેવાકીર્તન સાથે પ્રભુસન્મુખ રહે છે અને શ્રી હરિગુરુ વૈષ્ણવના કૃપાપાત્ર–પ્રીતિપાત્ર બની રહેલ છે.

પૂજ્ય ગંગામાની માલા પહેરામણીનો પ્રસંગ પરિવારના નવા મકાનમાં સંવત ૨૦૨૮માં ઉજવવામાં આવ્યો. કીર્તન, ધોળ-પદો, ઢાઢીલીલા શ્રી ગુરુદેવની ભેટ અને ગામેગામથી આવેલા લગભગ બસો જેટલા વૈષ્ણવોના પ્રસાદગ્રહણથી આ અલૌકિક પ્રસંગ દીપી ઉઠયો. અને આનંદથી સંપન્ન થયો, એ દિવસે ભાગીરથી ગંગા સમાન પુનિત–પાવન ગંગામાના જીવનના પ્રસંગો સજીવન બની રવજીભાઇના હૃદયને આર્દ્ર બતાવતા તેમની નજર સમક્ષ જાણે પસાર થઇ રહ્યા. માતાના જીવનના હર એક પ્રસંગમાં દરેક નાની નાંની પ્રવૃત્તિમાં કુટુંબના, પડોશના અને મંદિરના કાર્યમાં તેમના વિચારમાં અને ભાવનામાં તેમણે પુષ્ટિ પ્રેમ અને ધર્મ પ્રત્યેના અનુરાગને છલકતાં જોયા આવી પુષ્ટિપ્રેમી પ્રભુપ્રેમી માતાના સંતાન બનાવવા માટે તેમણે શ્રીજીબાવાને મનોમન ભાવથી વંદન કર્યાં, રવજીભાઇ એ વાતથી સભાન હતા કે તેમના પુષ્ટિ ઉછેરમાં પ્રભુકૃપા, ગુરુકૃપા અને વૈષ્ણવોની કૃપા રહેલાં છે અનેક ભગવદીય વૈષ્ણવોના પ્રદાન રહેલાં છે અને એ પ્રદાન કરનારાઓમાં તેમની માતા ગંગામાનું સ્થાન સૌથી પ્રથમ છે મુશ્કેલી ભર્યા વિકટ પ્રસંગોમાં પણ વિપથગામી નહીં બનતાં પુષ્ટિના શરણમાં રહી ગંગામા પુત્ર રવજીને હંમેશાં ધર્મ ભાવનાથી પ્રેરિત કરતા રહ્યા છે અને પુત્રમાં રહેલ પુષ્ટિ બીજને તેમણે જીવંત રાખેલ છે. આવી ભગવદીય માતાનું ઋણ કદી ન ચુકવી શકાય તેટલું મહાન છે એ રવજીભાઇ જાણતા હતા. આવી સ્નેહમયી અને ધર્મમયી માતાની શીતલ અને કલ્યાણકારી છત્રછાયામાં રહેવાનું સદભગ્ય મલ્યું એને રવજીભાઇ અને મણિબેન પ્રભુની કૃપા માનતા પુત્ર અને પુત્રવધુ પણ સદા ગંગામાની આમન્યા જાળવી તેમની ઇચ્છા અને માનમતરખાને સાચવતા અને દરેક પ્રસંગમાં તેમની ઇચ્છા, આજ્ઞા અને સલાહ અનુસાર વર્તતા 'માતૃદેવો ભવ'ની પવિત્ર ભાવનાથી જીવનભર તેમની આજ્ઞામાં રહી તેમને સ્નેહ અને સુખના અમીરસ પાઇ સદા પ્રસન્ન રાખતા આવા સ્નેહભર્યા વર્તનથી તેમણે માતાના અંતરમય આશીર્વાદ મેળવ્યા છે. માતા–પિતાની આંતરડી

ઠારનાર સંતાનો પર પ્રભુની કૃપા ઉતરે છે. તેમના આવા આદર્શ અને ધર્મમય કુટુંબને જોઈ લોકો આદરભાવ અને અહોભાવ અનુવતા.

ભગવદી ગંગામા

આજે ભગવદી ગંગામાં આપણી વચ્ચે નથી પરંતુ તેમની ભકિતમાનતા, ધર્મમાનતા અને શ્રીહરિગુરુ વૈષ્ણવ પ્રત્યેની સેવાભાવનાની સૌરભ સદાય પુષ્ટિ સૃષ્ટિમાં પ્રસરેલી રહેશે લૌકિક રીતે આવા પુષ્ટિપ્રેમી વૈષ્ણવની ખોટ આપણને સાલે પણ તેમનું સ્થાન તો પ્રભુની નિકુંજલીલામાં જ હોય.

"વ્રજ" પ્રભુ કે ગુન ગાવતરી

(શ્રી રવજીભાઇ મિસ્ત્રી–'વ્રજ'ને ભાવાંજલી)

"વ્રજ" પ્રભુ કે ગુન ગાવતરી
પ્રભુ કો લાડ લડાવતરી
પ્રભુ સેવા કો હી સત માનતરી
અન બાતનકી રાખત ના પતરી 'વ્રજ' પ્રભુકે૦
અનીનતાકા વ્રત ધારતરી
સત્સંગ મેં નિત રાચતરી
સદાલાપસે રુચિ રાખતરી
પ્રભુ કો સમર્પિત સબન કરતરી–'વ્રજ' પ્રભુકે૦

(પ્રા. એમ. આર. પાલેજા રાજપીપળા)

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧૧-૧૨ તા. ૯-૬-૯૧ રવિવાર અપરા એકાદશી વ્રત ગો. શ્રી વ્રજ રમણલાલજી મહારાજશ્રી (મથુરા) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૧૦-૬-૯૧ સોમવાર ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૧૧-૬-૯૧ મંગળવાર ગો. શ્રી વ્રજાધિશજી મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૧૩-૬-૯૧ ગુરૂવાર શ્રી ગંગા દશહરા પ્રારંભ પનઘટ–જલક્રિડા. આજથી શ્રી યમુનાજીના પદ પુનમ સુધી બોલાય.

જેઠ સુદ ૨ તા. ૧૪-૬-૯૧ શુક્રવાર ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી) નો જન્મદિન.

જેઠ સુદ ૩ તા. ૧૫-૬-૯૧ શનિવાર ગો. ચિ. શ્રી કુંજરાયજી (યોગેન્દ્ર કુમારજી) બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) નો જન્મદિન (ચોથનો ક્ષય છે. તેથી આજે)

જેઠ સુદ ૫ તા. ૧૬-૬–૯૧ રવિવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૮૩૬) ગો. ચિ. શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર) નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૧૯-૬-૯૧ બુધવાર ગો. ચિ. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૨૧-૬-૯૧ શુક્રવાર ગંગા દશહરા શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા ૨૨-૬-૯૧ શનિવાર ગો. ચિ. પ્રબોધકુમાર બાવાશ્રી (મથુરા-ધોરાજી) નો જન્મદિન નિર્જલા એકાદશી વ્રત ભીમ અગિયારસ.

જેઠ સુદ ૧૪ તા. ૨૫-૬-૯૧ મંગળવાર સ્નાનનું જળ ભરવું. તેનું અધિવાસન કરવું શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯) ગો. ચિ. શ્રી વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૨૬-૬-૯૧ બુધવાર જયેષ્ઠાભિષક સ્નાન યાત્રા મન્વાદિ તિથિ વટ સાવિત્રી વ્રત પુર્ણિમા.

જેઠ સુદ ૧૫ તા. ૨૭-૬-૯૧ ગુરૂવાર ગો. ચિ. ગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી રાજકોટ)નો જન્મદિન.

જેઠ વદ ૪ તા. ૧-૭-૯૧ સોમવાર ગો. ચિ. શ્રી ગિરધરલાલ બાવા (કામવન) નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૩-૭-૯૧ બુધવાર ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ) નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૭-૭-૯૧ રવિવાર ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવા (કોટા-કડી ગોંડલ) નો જન્મદિન.

વૈષ્ણવોનું કર્તવ્ય

વ્યાખ્યાતા : **ગો. શ્રી રણછોડલાલજી મહારાજ, રાજનગર**

પ્રેષક : **પ. ભ. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા, રાજકોટ**

ભકત ભગવાનનું ખિલોનું છે, જ્યારે જગત માયાનું ખિલોનું છે. ભકતને ભગવાન જ નચાવે છે, જ્યારે જગતને માયા નચાવે છે. જો કે માયા એ પણ પ્રભુની જ વસ્તુ છે પરંતુ પોતાના ભકતો માટે તેને નિર્માણ કરી નથી એવો વિચાર રાખી વૈષ્ણવોય ભૂલચૂકથી પણ ભકતના દોષ જોવા ન જોઇએ. ચાકુ ઉપર ફળ પડે તો પણ ફળનો નાશ થાય છે, અને ફળ ઉપર ચાકુ પડે તો પણ ફળનો નાશ થાય તેવી જ રીતે જે માણસ આપણાથી છાનું રાખતો હોય તેનું દુષણ પ્રસિદ્ધ કરવામાં કાં તો આમન્યા તૂટે અથવા સામાનો જીવ જાય. એ વિષ પરીક્ષા છે. માટે એવા ઊંડા પાણીમાં ન ઊતરવું. કોઇ વખત હિત કરતા પાપ થઇ જાય. ગામ વચ્ચે કૂવો કોઇ કહે ઊંડો કોઈ કહે છીછરો. જેને જેવું દેખાય

તેવું કહે. બાકી ગુણ અને દોષ સમજવાને કોઇ સમર્થ નથી. કારણ શું ? 'ગુણ અવગુણ પ્રભુ ના ગિને કીને એકસારો પ્રકટે શ્રી વિઠ્ઠલનાથ જગ ભયો ઉજિયારો' આ વધાઈમાં કહ્યું છે કે પ્રભુ પણ જ્યાં કૃપા કરે છે, ત્યાં કાંઇ જોતા નથી તેમજ અવગુણ પણ જોતા નથી. મારે શરણે આવ્યો છે માટે તે મારો છે એટલું જ તે જુએ છે, તેવી જ રીતે આપણે પણ એટલે કે વૈષ્ણવે પણ એજ વિચારવાનું છે. એક શ્લોક છે-

यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
परापवादसस्येभ्यश्चरन्ती गां निवारय ॥

તેનો અર્થ એ છે કે વાણીરૂપી તારી ગાય નિન્દારૂપી ધાન્યના ખેતરમાં ફરે છે. તેને જો તું રોકી લે અને એક ખીલે બાંધી રાખે તો તે એક જ કાર્યથી તું જગતને જીતી શકીશ કદાચિત્ દુઃસંગને લીધે કે અન્ય સન્બધને લીધે વખતે એવું દેખાયું હશે તો પણ પ્રભુ કૃપા કરીને તેને તેમાંથી છોડાવશે કેમકે જાણીને તો કોઇ ખોટી વસ્તુ કરે જ નહીં જે કોઇ કામ કરે છે તે એમ સમજીને કરે છે કે હું સારૂજ કરુ છું. ખોટું જો તે સમજે તો તે કરેજ નહીં. પ્રભુ પોતાનો જાણીને તેને સમજણ આપશે જ સહજ કોઇનો ગુણ કરવા જતા અવગુણ થઇ જાય. ઇરાદાપૂર્વક નહીં. ઇરાદાપુર્વક કોઇનો અવગુણ ઇચ્છવાનો હોય જ નહીં. પરન્તુ ગુણ કરતા અવગુણ થઇ જાય. દાખલા તરીકે કોઈ મોટો માણસ હોય, અને તેની સાથે સમ્બન્ધ હોય. હવે કોઈ આપણા બીજા મીત્રે પોતાના એક માણસને પેલા મોટા માણસને ત્યાં નોકરીમાં દાખલ કરાવી દેવાનું આપણને કહ્યું. આપણા આગ્રહથી પહેલા મોટા માણસે એક માણસને કમી કરી આપણા માણસને રાખ્યો દેખીતી રીતે આપણે ભલું કર્યું પરન્તુ ખરી રીતે આપણા માણસને નોકરી અપાવતા બીજા માણસને નોકરીમાંથી છૂટો કરાવી તેને રખડતો મુકયો તેથી ઉપકારને બદલે અપકાર થયો કહેવાય તે સહજ દોષ છે. કર્મ સારૂં કરતા નરસું થાય અને નરસું કરતા સારૂં થાય. જે આંખે કોઇ વસ્તુ અવગુણ રૂપ દેખાતી હોય તે કોઈ વખતે ગુણરૂપ દેખાય અને ગુણરૂપ દેખાતી હોય તે અવગુણરૂપ દેખાય. બુદ્ધિપ્રેરક કૃષ્ણ છે. સ્તુતિ કરવામાંય સાર નથી. સ્તુતી કરવી તો પણ પ્રભુની જ કરવી. દાખલા તરીકે શિશુપાલ તે નિન્દા કરીને તર્યો. જીવની નિન્દા કરીને કોઇ તર્યું સાંભળ્યું નથી. અવગુણ ગાવા તો પણ પોતાના પ્રભુના જ ગાવા કે જે ભગવદીયો ગાઇ ગયા છે "સુન્દર શ્યામ સુજાન શિરોમણી દેહુ કહાકરી ગારીજુ" આ આખા કીર્તનમાં પ્રભુની સ્તુતિ તેમજ નિન્દા છે. પારકા ગુણ અથવા દોષ જોવામાં સમય વ્યતીત કરવાથી મગજ ખરાબ થાય છે. અને પોતાનું કર્તવ્ય ચુકીયે છીએ.

સૃષ્ટિ પ્રભુની રચેલી છે. સારૂંય જગત તેનું ક્રીડાંગણ છે. જીવ અનેક પ્રકારના છે. દરેક જીવ તેનું ખિલોનું છે. પ્રભુ તેમની સાથે અનેક પ્રકારના ખેલ ખેલે છે. સર્વ કોઇ પ્રભુની જ લીલા છે-

नमो भगवते तस्मै कृष्णयाद्भुतकर्मणे ।
रुपनामविभेदेन जगत क्रीडति यो यतः ॥

જુદા જુદા પ્રકારે આ જગતમાં ભગવાનનું જ ક્રીડન છે. એવું જો સમજાય તો દૃષ્ટિમાં દોષ આવે જ નહીં.

કાલની ગતિ બહુ ગહન છે. કોઈ તે જાણી શકયું નથી. કયે કાળે શું બનશે તે કોઇ સમજી શકતું નથી. ત્રિકાળજ્ઞાની મહર્ષિ વસિષ્ઠે શ્રી રામચંદ્રજીના રાજયાભિષેકનું મુહુર્ત કાઢયું પણ જે વખતે રાજ્યાભિષેક થવાનો તે જ વખતે વનમાં જવાનો સમય આવ્યો અને જવું પડયું. જેવી કાળની ગતિ ?

કર્મની ગતિ પણ વિલક્ષણ છે. તેવી જ રીતે ધર્મ કોને કહેવો, અધર્મ કોને કહેવો, ન્યાય કોને કહેવો, અન્યાય કોને કહેવો, ગુણ કોને કહેવા, અવગુણ કોને કહેવા એ મનુષ્યની સમજણની બહાર છે. એ બધી મહાન વિલક્ષણ બાબતો છે. કોઇ વખતે ધર્મ કરતા અધર્મ થઇ જાય, સારૂ કરતા નરસુ થઇ જાય તે માટેનો પ્રસંગ કાંકરોલીવાળા શ્રી ગિરિધરલાલજી મહારાજના ૨૦મા વચનામૃતમાં છે. એક શ્રીમંતે પાત્ર જોયા સિવાય દાન કર્યું. એક પૈસો ફકીરને આપ્યો. ફકીરે ઘેર જઇને પૈસાનું સૂતર લઈ જાળ બનાવી અને તેથી હિંસા કરવા લાગ્યો. તે પાપના પરિણામે તે શ્રીમંતનું ધન થોડું થોડું ઓછું થવા લાગ્યું. તે ફકીરના પાપમાં ભાગીદાર બન્યો. તેના પોતાના પુણ્યનો ક્ષય થતો ગયો, તેની લક્ષ્મી નષ્ટ થઇ ગઇ. શ્રીમંતાઈને બદલે દરિદ્રતા આવી. તે પ્રસંગ ઉપરથી આપે સૂચના કરી કે કોઈ અજાણી વ્યક્તિને કાંઈ દાનમાં દેવું પડે તો અન્ન જ દેવું અને તે એટલા જ પ્રમાણમાં કે તેને તે વેચી ન શકે. (–ક્રમશઃ)

જામનગર ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાકટ્ય મહોત્સવ નિમિતે ઉજવાયેલ પુષ્ટિસત્ર

સંકલન : પ, ભ. શ્રી પ્રવીણભાઈ એન. મહેતા

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ૫૧૪મો પ્રાકટય મહોત્સવ આં.રા.પુ. વૈષ્ણવ પરિષદ, જામનગર વૈષ્ણવ સમાજ અને અનિરુદ્ધ પાઠશાળાના સંયુકત ઉપક્રમે તા. ૭–૪–૯૧થી તા. ૧૧–૪–૯૧ સુધી સતત પાંચ દિવસનું પુષ્ટિસેવા સત્રના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તેનું સંક્ષેપ વર્ણન આ પ્રમાણે–

આ પુષ્ટિ સત્રમાં દરરોજ સવારે મંગળાના દર્શન કરીને પ્રભાતફેરી નિ.લી.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના દર્શનીય તુલસી ચોતરા પાસે સર્વોત્તમ પાઠનું પઠન કરવામાં આવેલ.

તા. ૭–૪–૯૧ના સાંજના વ્યાખ્યાન માળામાં પ્રા. અને ચિંતક શ્રી કિશોરભાઇ દવેએ 'ગીતા અને અનન્ય ભકિત" તેમજ ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા અને વલ્લભગીતા' (ષોડશ ગ્રંથ) ઉપર તુલનાત્મક વિવેચન કરવામાં આવેલ હતું. આ સમારંભનું સંચાલન શ્રી માર્કંડરાય ધોળકીયાએ કરેલ.

યુવક વર્ગને આકર્ષવા તા. ૮-૪-૯૧ના રોજ 'પુષ્ટિમાર્ગીય પ્રશ્ન મંચ (ક્વીઝ ટાઇમ)નું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા પ્રાધ્યાપક શ્રી લાભુભાઇ પુરોહિત તેમજ શ્રી મુકેશભાઇ છાપીયાએ કરેલ હતું.

તા. ૯-૪-૯૧ના રોજ 'પુષ્ટિસેવા'ની વિશિષ્ટ શિબિરનું આયોજન ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ. તેમાં શ્રી ઠાકોરજીને વસ્ત્રો, શૃંગાર ધરવાની રીત છણાવટ સાથેનું માર્ગદર્શન ગો. શ્રી શ્યામમનોહરલાલજી મહારાજશ્રીએ આપેલ સંચાલન કીર્તનકાર શ્રી માણેકલાલભાઇએ કરેલ.

તા. ૧૦-૪-૯૧ના રોજ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટય દિને મંગળાના દર્શન કરી પ્રભાતફેરી બેઠકજીએ ગઈ હતી. ત્યાં રાજભોગ પછી મોટી સંખ્યામાં વૈષ્ણવોએ પ્રસાદ લીધા હતા.

સાંજના શોભાયાત્રા શહેરમાં ફરીને હવેલીએ ગો. શ્રી વિઠ્ઠલનાથજીના અધ્યક્ષસ્થાને સભાના રૂપમાં ફેરવાઇ ગઇ હતી. વધાઇ સ્તોત્ર પાઠ થયા બાદ પરિષદના પ્રમુખ શ્રી જયંતીભાઇ સોનીએ પ્રવચન કર્યા બાદ શ્રી ગોપાલભાઇ શાસ્ત્રીએ તથા ગો. શ્રી વલ્લભ બાવા, ગો. શ્રી નવનીતલાલબાવા તેમજ ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ પ્રવચન કરેલ. આભારદર્શન શ્રી જયેન્દ્રભાઇ અડાલજાએ કરેલ અને સમારંભનું સંચાલન શ્રી ધીરુભાઇ બુદ્ધભટ્ટીએ કરેલ હતું.

તા. ૧૧-૪-૯૧ના રોજ સત્રના છેલ્લે દિવસે પાઠશાળાના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો તેમજ વૈષ્ણવ મહિલા સમાજ દ્વારા પૂ. ગો. શ્રી ભાભીજી મહારાજ તરફથી મહિલાઓ માટે પ્રશ્નાવલિનું આયોજન કરવામાં આવેલ અને અષ્ટસખાના પદો ગવાયેલ હતા.

આ પાંચ દિવસ દરમ્યાન ગોસ્વામી બાલકોએ કરેલ વચનામૃતોનો તથા પ્રા. કિશોરભાઇ દવેના પ્રવચનનો અંશ પ્રસ્તુત છે.

ષોડશગ્રંથ શ્રી વલ્લભની વાણી છે.

પ. પુ. ગો. શ્રી શ્યામમનોહરલાલજી મહારાજ

ભગવદગીતા શ્રી કૃષ્ણના સાક્ષાત્કાર કહેવાય છે તેજ રીતે ષોડશગ્રંથ શ્રીમદ વલ્લભાચાર્યજીની વાણી છે. કારણ કે શ્રીમદ વલ્લભાચાર્યજી એ કૃષ્ણના મુખારવિંદ ગણાય છે. અને તેમની વાણી કૃષ્ણની વાણી ગણાય એટલે શ્રીમદ વલ્લભાચાર્યજી રચિત ષોડશગ્રંથએ પુષ્ટિમાર્ગની ગીતા છે.

પુષ્ટિમાર્ગ એટલે આત્માના અંતઃકરણને પુષ્ટ થવું ! ભગવદ સેવા કરવી જોઇએ.

પુષ્ટિમાર્ગ ભક્તિની વ્યાખ્યા કરતાં જણાવે છે કે કર્મ-જ્ઞાન-અને ભકિતથી સમર્પિત થવું અને સમર્પિત થવાના લક્ષ્ય સુધી પહોંચાડે તે ભકિત ! કર્મ દ્વારા ભકિત અને જ્ઞાન માર્ગે જવાય છે, પણ જ્યાં જ્ઞાનની સમાપ્તિ થાય છે. ત્યાં ભકિતની શરૂઆત, પ્રારંભ થાય છે. જ્યાં માહાત્મય જ્ઞાન ન પહોંચ ત્યાં સુધી ભકિતપણું ટકી શકતું નથી. જેમ મકાનનો પાયો મજબુત હોય તો જ મકાન ટકી શકે તે રીતે જ્ઞાનનો પાયો અનિવાર્ય છે. અને તો જ આપણે ભકિતની દીવાલ ઉભી કરી શકીએ.

ગીતામાં પણ ભજન કરવાનું જણાવ્યું છે શ્રીમદ વલ્ભાચાર્યજીએ કર્મને ભગવદ

સમર્પિત કરવાનું કહે છે. ભગવદ ઇચ્છાથી બધા કાર્યો થાય, નિષ્કામ બેસી જવાનું આપણને નથી. કહેવામાં આવ્યું પણ પ્રભુ, આ જીવ પાસે સારા કાર્યોની આશા રાખે છે.

સર્વોત્તમભાવ ભગવદગીતામાં વ્યસ્થિત બતાવ્યો છે. કાર્યો બધા કરીએ, પણ લક્ષ્ય એકજ હોય શકે પ્રભુ પ્રાપ્તિનું ! બધા લૌકિક કાર્યો કરીને ભગવાનને સમર્પિત કરવાના છે. તેમ શ્રીમદ વલ્લભાચાર્યજીએ જણાવ્યું છે તેમજ આ જગત ખોટું નથી, અસત્ય નથી, જગત તો સત્ય છે, પણ સંસાર અસત્ય છે. આથી તેઓશ્રીએ સાકાર બ્રહ્મવાદ સ્થાપવાની વાત કરેલ છે. અને ભકિતની શરૂઆત પણ ત્યાંથી જ થાય છે.

આજે સુધરેલા લોકો માલા-તિલક કરતાં અચકાય છે

ગો. પૂ. શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજ

પુષ્ટિમાર્ગના આચાર્ય શ્રીમદ વલ્લભાચાર્યજીએ સરળ અને સહેલો માર્ગ આત્મ નિવેદન, શરણાગતિનો બતાવ્યો છે. તેમજ માલા-તિલકનો ઉલ્લેખ કરીને બાલકૃષ્ણ મહારાજશ્રીએ જણાવ્યું હતું કે માલા અને તિલકનું રક્ષણ કરવા આપણા શ્રી ગોકુલનાથજીનું ભગીરથ યોગદાન છે. જ્યારે આજે સુધરેલા લોકો કહે છે કે અમારે ઓફિસમાં કે અન્ય જગ્યાએ જવાનું હોવાથી તિલક કરતાં અચકાય છે. જ્યારે મુસ્લીમો પોતાની ફરજ દરમ્યાન ગમે ત્યારે નમાઝ પડી શકે છે, અરે પાકિસ્તાનના દુરદર્શન પર સવારે કુરાનના પાઠ પઢવામાં આવતા હોય છે જ્યારે ભારતીય ટી. વી. માં સવારે ગીતમાલા બતાવવામાં આવે છે. અને મુસ્લીમો જો રેલ્વેની મુસાફરીમાં ગમે ત્યાં જગ્યામાં નમાઝ પઢી શકતા હોય તો આપણે ઓફીસમાં કે અન્ય જગ્યાએ તિલક કરીને જતાં કેમ અચકાઈ છીએ ! અરે, સુધરેલા લોકો હવે તો તિલક કરવા માટે સંશોધન કરવા જણાવે છે, પણ ખરેખર મૂળભુત ધર્મના પાયામાં સંશોધન કરી શકાતું નથી.

કોઇપણ સંજોગોમાં માલા-તિલકનું રક્ષણ કરવા શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે જણાવ્યું હતું.

વસંતોત્સવ એજ શ્રી.વલ્લભાચાર્યજીનો મહોત્સવ છે

પ્રા. શ્રી કિશોરભાઈ દવે

પ્રકૃતિમાં વસંત હોય છે, વસંતનો ઉત્સવ એ ફુલોનો ઉત્સવ છે ભગવાન હમેશા ફુલોથી લદાયેલા હોય છે, આવી ઉત્તમ અને મહેંકી મોસમમાં શ્રીમદ વલ્લભાચાર્યજીનું પ્રાગટય થયું છે. ભગવાન પુર્ણ છે, આ પુર્ણતાનો વિકાસ આપણા જીવનમાં પામે

જે વસંત, જે ફુલો જીવનમાં આચાર વિચારને કરમાવતી હોય તે વસંત ન ગણાય ! વસંત તો નવું જોમ, નવી તાજગી આપે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિચારો આ તરફ જતાં હોય છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સુંદર વિચારો વસંત પ્રગટાવવામાં સહાય થશે. શ્રીમદ્ ભગવત્ ગીતાને સમજવા માટે એક જીવન પુર્ણ નથી, તેના માટે કદાચ ઘણા જન્મો લેવા પડે તેમ છે. ગીતા અદ્વિતીય ગ્રંથ છે, ભારતીય સંસ્કૃતિનો અજોડ નિચોડ, તેની દિવ્ય વાત સનાતન કાળ માટે એક સરખી લાગે છે. સામાન્ય સાહિત્ય, તત્કાલીન સાહિત્ય યુગો

પછી ભુલાઇ જાય છે જે સદાકાળ એક સરખું લાગે તેવું અમુલ્ય સાહિત્ય તે ગીતા છે. ગીતાનો ધર્મ, તેનો વિચાર હોય તો ‘આચાર ધર્મ ગીતાએ ત્રિવેણી સંગમ છે, જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ એટલે. ગીતા આ ત્રણેયનો સંગમ વાંચવા હોય તો ગીતા વાંચવી જોઇએ, શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ એક જ દેવકી પુત્રનો આશ્રય કરવા કહ્યું છે. ભકિત ગીતાનુસાર આ જીવનરૂપી બેઠેલ પુષ્પ જેવી છે, ઝાડને પાંદડા ન હોય તો તે પાંગરતા નથી. આ ત્રણેય ત્યારે જ મહેકી ઉઠે છે. કે જયારે જ્ઞાન, કર્મ અને ભકિતનો સરવાળો થાય ગીતાની ભકિતનો વિચાર તો અજોડ અને અદ્વિતીય છે: ગીતાની ભકિતથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. ગીતાની તરફેણમાં અને વિરૂદ્ધમાં પણ ઘણા પુસ્તકો લખાયા છે. ગીતામાં જ્ઞાનોદય ભકિતનો વિચાર કર્યો છે. ગીતા વિશાળ અને એકાંતી ભકિત તરફ લઇ જાય છે.

શુદ્ધાદ્વૈત મત આજના યુગ માટે ઉપાર્જય છે, ગીતાજી જેવા મહાન ગ્રંથ ભારતમાં પ્રગટ થાય છે, પરંતુ આપણે નિકાસ કરવામાં માનીએ છીએ, સારા વિચારો પણ વિદેશમાં નિકાસ કરી દીધા. પરદેશમાં ગીતાનું તેમની ભાષામાં ભાષાંતર થાય છે. ગીતાના વિચારો આપણા જીવનમાં વણાયેલા છે, ગીતાજીના પ્રચાર માટે આજે શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીના યોગદાન તેમનો પરિશ્રમને આપણે આજે યાદ કરવો જોઇએ.

સમર્પણની ભાવના, ત્યાગની ભાવના શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતાનુસાર જીવનના તમામ કાર્યો સમર્પણ કરતાં શીખવે છે, અનન્ય આશ્રય એટલે પૂર્ણ નિષ્ઠા, અનન્ય સીમિત અર્થ છે, ગીતા વિશેષ અર્થ ઇચ્છે છે જેમ જેમ સમર્પણ ભાવ વધતો જાય છે તેમ જીવન સામે પ્રલોભન પણ આવતું જાય છે ઇશ્વર પ્રત્યે અનન્ય ભાવ, વધતો જાય છે તેમ જીવન સામે પ્રલોભન પણ આવતું જાય છે ઇશ્વર પ્રત્યે અનન્ય ભાવ, નિષ્ઠા હોય તે જ તેની “ચરમસીમા” છે. અનન્ય ભાવએ ભકિતનો પરિપાક છે. કર્મ કરવાની ચિંતા તેમણે કરવાની હોતી નથી. પરમાત્મા તમામ પ્રાણી, મનુષ્યના હૃદયમાં રહે છે. ભકિતની ચરમસીમા “સંપુર્ણ શરણાગતિ” છે ભગવાન સાથે આપણે એક સંબંધ નહીં પણ બે ત્રણ સંબંધો બાંધવા જોઇએ, જોડવા જોઇએ તેમને તેમાંથી જે સારો સંબંધ લાગશે તે સ્વીકારશે.

જીવન સમગ્ર એક બને, ભકિતની સમગ્રતા નિવારવાનું એક માત્ર ઉપાય ગીતા છે, સમગ્ર એકાગ્રતા કરી શકીએ તો પરમાત્મા મળી શકે છે. જ્ઞાન અને કર્મના ફુલો ઉગે છે, ત્યારે ભકિતરૂપી સુગંધ મહેકી ઉઠે છે, અને આપણા જીવનમાં તે મહેકાય છે. ભકિતનું જીવન ફુલોમાં છે. અને ભગવાન શ્રીકૃષ્ણે આ વાત તેના સાથી શ્રી અર્જુનને ગીતાના ૧૮માં અધ્યાયમાં જણાવેલ છે. ભક્તિ માત્ર સાધન નથી. પણ સાધ્ય છે. અનન્ય ભક્તિ આપણને શ્રી હનુમાનજી અને રાધાજીના પાત્રોમાંથી શીખવા, જાણવા મળે તેમ છે.

પુસ્તક પરિચય

(૧) બત્રીસ લક્ષણા વૈષ્ણવ –

લેખક : પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક :– શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
"વ્રજરાજ" ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમાની બાજુમાં, **મહેસાણા**–૩૮૪૦૦૨
પૃષ્ઠ સંખ્યા : ડેમી સાઇઝ ૧૫૮+૧૬=૧૭૪
બોક્ષ બોર્ડ બાઈન્ડીંગ, ત્રિરંગી ચિત્ર લેમીનેશન સાથે
ન્યો. રૂા. ૨૫/- + પોસ્ટેજ ૫/–

પ. ભ. શ્રી રમેશભાઈ પરીખની વૈષ્ણવતાના ૩૨ લક્ષણો નિરૂપણ કરતા શ્રી ગોકુલનાથજીનાં આ વચનામૃતોની ભગવદ્વાર્તા મુંબઈમાં વસતા શ્રી વાડાશિનોર ગોકુલેસ વૈષ્ણવ સમાજના ઉપક્રમે થયેલ. ત્યારબાદ તેઓશ્રીની અમેરિકાની સત્સંગ યાત્રા દરમ્યાન પણ એલિઝાબેથ ગામમાં શ્રી ગોકુલેશ સત્સંગ મંડળના ઉપક્રમે આજ વચનામૃત ઉપર પુન: ભગવદ્વાર્તા થઇ. દેશ અને વિદેશમાં વસતા વૈષ્ણવોને આ વચનામૃતો સરખાં ઉપયોગી નિવડયાના અનુભવે આ વચનામૃતો સરળભાષમાં વિવરણ સાથે પુસ્તકરૂપે તૈયાર કરવાનો મનોરથ પ. ભ શ્રી રમેશભાઈને થયો. તેના ફળસ્વરૂપે પત્રોત્તરની એક વિશિષ્ટ શૈલીમાં લખાયેલું છે. અમેરીકામાં વસતી એક વૈષ્ણવ દીકરીના પત્રોમાં તેણે પૂછેલા પ્રશ્નોના જવાબરૂપે લખાયેલા ૨૫ પત્રો આ પુસ્તકમાં છે. આ પત્રોમાં ધર્મનું સ્વરૂપ, જુદા જુદા ધર્મોનું વર્ગીકરણ, હિંદુ ધર્મનો પરિચય, વૈષ્ણવ અને વૈષ્ણવતાનું સ્વરૂપ, શ્રીમદ્ ભગવદ ગીતાજીમાં દર્શાવેલ ભકતનાં ૩૨ લક્ષણો, વૈષ્ણવતાની સીડી અને વૈષ્ણવતાનાં શ્રી ગોકુલનાથજીએ બતાવેલા ૩૨ લક્ષણોનો સમાવેશ, દષ્ટાંતો સાથે સૌ કોઇ સમજી શકે તેવી રમુજી શૈલીમાં લખાયેલ આ પ્રકારનું આ પ્રથમ જ પુસ્તક છે. તે માટે લેખકશ્રી, પ્રકાશનના મનોરથી શિકાગોમાં વસતા વૈષ્ણવ દંપતિ પ. ભ. શ્રી દિનેશભાઈ પટેલ અને અ.સૌ. શ્રી કુંદનબેન અને પ્રકાશક ટ્રસ્ટને અભિનંદન.

(૨) ભકિતવર્ધિની રસામૃત :

લેખકો – શ્રી બાબુભાઇ નાયક અને શ્રીમતી કિરણબેન શાહ (કડી)
પ્રકાશક – ઉપર ક્રમાંક ૧ પ્રમાણે
પૃષ્ઠ સંખ્યા ડેમી સાઈઝ ૨૯૫=૧૬=૩૧૧
બોક્ષ બોર્ડ બાઈન્ડીંગ, ત્રિરંગી ચિત્ર લેમીનેથન સાથે
ન્યોછાવર રૂા. ૨૫/– પોસ્ટેજ રૂા. ૫/–

શ્રી મહાપ્રભુજી વિરચિત ષોડશગ્રંથો પૈકીનો આ અગીયારમો ગ્રંથ છે આ ગ્રંથ ઉપર ગોસ્વામી બાલકો અને વિદ્વાનોની મળી ૧૪ સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે. આ રીતે મૂળ ગ્રંથ અને તેના ઉપર થયેલ ટીકાઓ સંસ્કૃતમાં હોવાથી સામાન્ય જન સમાજને આ ગ્રંથ સમજવામાં મુશકેલી ન પડે તે હેતુ લક્ષમાં રાખીને બધી ટીકાઓને સરળ ગુજરાતી ભાષામાં સંકલિત કરવામાં સંપ્રદાયના જાણીતા માનનીય લેખકો શ્રી બાબુભાઇ નાયક અને શ્રીમતી કિરણબેન શાહે ખૂબ પરિશ્રમ લઇ પૂ પા, ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કોટા–કડી–અમદાવાદ)ની પ્રેરણા અને આશીર્વાદથી સમાંજ આગળ આ ગ્રંથ પ્રસ્તુત કરેલ છે તે બદલ તેઓ બન્નેને તથા પ્રકાશનના મનોરથી લેન્સ ડેન (અમેરીકા) નિવાસી શ્રી જશવંતભાઈ અને તેમના ધર્મપત્નિ શ્રીમતી ઉપાબેનના પરિવારને તેમજ પ્રકાશક સંસ્થાને અભિનંદન.

રાજપીપળા : સુરત વડોદરાવાળા પુ. પા. ગો. શ્રી મધુસુદનલાલજી મહારાજશ્રીના વહુજી શ્રી ચંદ્રપ્રભા ભાભીજી મહારાજ તા. ૩૧–૩ના રોજ બહેનોના સત્સંગ મંડળની વિનતિથી પધાર્યા હતા. આનંદી સ્વભાવના અને પુષ્ટિના મર્મને જાણનારા પૂ ભાભીજી મહારાજે સત્સંગમાં ધાર્મિક વાર્તાલાપ કરી વૈષ્ણવ બહેનોને પુષ્ટિમય જીવન જીવવા બોધ આપ્યો હતો. અને હંમેશા સત્સંગ કરવા ઉપર ભાર મૂકયો હતો. રાજપીપળાના આંગણે શ્રી વલ્લભ કુળના પૂ વહુજી મહારાજ ઘણા વર્ષ બાદ પધાર્યા હોવાથી વૈષ્ણવ મહિલા સમાજમાં અનેરો આનંદ પ્રકટયો હતો.

શ્યામ મળ્યા

સખી રે મને સ્વપ્નામાં શ્યામ મળ્યા,
શ્યામ મળ્યા સખી રે મને સ્વપ્નામાં શ્યામ મળ્યા,
હું રે સુતી'તી મારા શયન ભુવનમાં, આવીને સાદ કર્યા;
આવીને સાદ કર્યા.... સખી રે મને૦ ૧
સ્વપ્ન મનોહર મોહી રહી છું, નિરખતા નયન ઠર્યા;
નિરખતાં નયન ઠર્યા.... સખી રે મને૦ ૨
પહેર્યા પિતાંબર વ્હાલે ઓઢયા ઉપરણા, કેશર તિલક કર્યા;
કેસર તિલક કર્યા.... સખી રે મને૦ ૩
મોતીની માળા હૃદયે બિરાજે, કાનુમાં કુંડલ ધર્યા;
કાનુમાં કુંડલ ધર્યા.... સખી રે મને૦ ૪
પુષ્પની માળા હૃદયે બિરાજે, મોરપીછના મુકુટ ધર્યા;
મોરપીછના મુકુટ ધર્યા.... સખી રે મને૦ ૫
કેડે કંદોરો બાયે બાજુ બંધ, ચરણમાં નેપુર ધર્યા,
ચરણમાં નેપુર ધર્યા.... સખી રે મને૦ ૬
મંદ મંદ હસે મારો વ્હાલો, બંસીના નાદ કર્યા,
બંસીના નાદ કર્યા.... સખી રે મને૦ ૭
ભવ ભવની મારી ભાવઠ ભાંગી, લક્ષ ચોરાસી ટળ્યા,
લક્ષ ચોરાસી ટળ્યા.... સખી રે મને૦ ૮
ભલે રે મળ્યા '**વલ્લભ**'ના સ્વામી, ગોપીઓના ભાગ્ય ફળ્યા;
ગોપીઓના ભાગ્ય ફળ્યા.... સખી રે મને૦ ૯

ભક્ત કવિ શ્રી વલ્લભ

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

હિંડોરા ઝૂલન (રાગ : મલાર)

હિંડોરા ઝૂલત શ્રી રાધાવલ્લભ લાલ ।
કંચન જડિત સુરંગ હિંડોરે, શોભા બઢી બિશાલ ॥૧॥

ભૂષન – બસન વિવિધ રંગ રાજત, તૈસિય સંગ બ્રજબાલ ।
ગાવત પિય પ્યારી મન ભાવત, કોકિલ કંઠ રસાલ ॥૨॥

પ્રેમ ઉમંગિ ઝૂલત તન મન મિલિ, સુંદર શ્યામ તમાલ ।
રીઝિ-ભીજિ હરષત-બરષત સુખ, કહી ન પરત તિહિં કાલ ॥૩॥

આનંદ મગન નિહારિ સખી જન, વારત મુકતા-માલ ।
જૈ શ્રી હિત હરિલાલ, કૃપાલ જુગલ વર, 'ચંદ' પ્રાન પ્રતિપાલ ॥૪॥

–ભકતકવિ ચંદસખી

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૪ જુલાઇ, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * આજીવન રૂ. ૨૫૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિઃ ॥

કુંભ મહાપર્વના અવસર પર ગોદાવરી તટવર્તી પવિત્ર તીર્થ નાસિકમાં

જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્ય નગરનું ભવ્ય આયોજન

[પવિત્રા એકાદશી શ્રા–સુ–૧૧ તા. ૨૧–૮–૯૧થી વામન દ્વાદશી ભા–સુ–૧૨ તા. ૨૦–૯–૯૧ સુધી]

કુંભમેળામાં શ્રી વલ્લભાચાર્યનગરનું વિશિષ્ટ આકર્ષણ

- આજના અશાન્ત જીવનમાં એક માસ સુધી સંપૂર્ણ આધ્યાત્મિક વાતાવરણમાં જીવવાનો લાભ.
- આચાર્યચરણોનું પાવન સન્નિધાન–દર્શન વચનામૃત. ✳ શ્રી ભાગવત દશમ સ્કધ સપ્તાહ
- શ્રી વલ્લભદિગ્વિજય સપ્તાહ ✳ ભગવદીય વાર્તા સપ્તાહ.
- શ્રી રામચરિતમાનસમાં વલ્લભવિચારધારા પ્રવચન. ✳ મર્મજ્ઞ વિદ્વાનોનાં પ્રવચન
- ભગવદીયો સાથે સત્સંગ. ✳ સર્વ પ્રથમ એક માસનો નિત્ય–વર્ષોત્સવ કીર્તન શિબિર.
- સ્વમાર્ગીય ગ્રંથ શિબિર ✳ સેવા શિબિર. ✳ આં. પુ મા. વૈષ્ણવ પરિષદ અધિવેશન.
- શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા અધિવેશન. [પરિષદ સંસ્થા સદસ્ય]
- વિવિધ સંમેલન ✳ વિવિધ પ્રદર્શન ✳ સાંસ્કૃતિક કાર્યક્રમ.
- પવિત્રા એકાદશી નિવેદનસ્મરણદિન, રક્ષાબંધન, આચાર્ય શ્રી વિષ્ણુસ્વામી પ્રાકટ્યોત્સવ (ગુ.શ્રા.કૃ.૭.) શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નંદમહોત્સવ, રાધાષ્ટમી, દાન એકાદશી, દશદિગન્તવિજયી શ્રી પુરૂષોત્તમજી પ્રાકટ્યોત્સવ, વામનજયંતી વગેરે ઉત્સવોનું વિશિષ્ટ આયોજન.

આ અપૂર્વ સમારોહનો લાભ લેવા માટે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું આપ સૌ વૈષ્ણવજનોને હાર્દિક નિમંત્રણ છે.

કુંભ પર્વ માહાત્મય :

ભારત વર્ષમાં વિવિધ સ્થળોએ, સમય–સમય પર, વિવિધ મેળા ભરાય છે. એમાં કુંભપર્વનો મેળો સર્વોત્કૃષ્ટ સ્થાન ધરાવે છે. કુંભનો મતલબ છે–"पृथ्वी उंम्भयति–पूरयति ईति कुम्भः"–પૃથ્વીને સુધાથી અથવા આધ્યાત્મિકતા ભકિત– ભાવના વગેરેથી પૂર્ણ કરનારું પર્વ. કુંભનું માહાત્મ્ય પુરાણાંતરમાં પ્રસિદ્ધ છે કુંભ સબ્દ અમૃતકળશ સાથે સંકળાયેલો છે. દેવતા અને દાનવોએ મળી જયારે સમુદ્રમથન કર્યું ત્યારે અમૃતકળશ પણ પ્રગટ થયો. અમૃતકુંભ માટે જે છીનાઝપટી અને લડાઇ થઇ તે સમયે પૃથ્વીના ચાર સ્થળોએ દેવતાઓએ અમૃતકુંભને સુરક્ષિત રાખ્યો, અથવા લડાઈના સમયે ચાર સ્થળોએ કુંભમાંથી અમૃત છલકાયું હતું, કુંભના સંરક્ષણમાં ચંદ્ર, સૂર્ય અને ગુરુ પણ હતા. તે વખતે, પ્રયાગ–હરિદ્વાર–ઉજજેન–અને નાસિક ક્ષેત્રમાં કુંભ રાખ્યો અથવા અમૃત છલકાયું ત્યારે જે જે રાશિમાં ગુરુ વગેરે ગ્રહ હતા તે જ રાશિમાં ગુરુ વગેરે ગ્રહો આવવાથી એ દિવ્યયોગમાં કુંભપર્વ માણવામાં આવે છે. જેમાં સ્નાન કરવાનું મોટું માહાત્મ્ય શાસ્ત્રોમાં વર્ણિત છે આ વેળા સિંહ રાશિમાં ગુરુ આવવાથી **નાસિકમાં** કુંભ મહાપર્વ ગણાશે.

શ્રીમદ વલ્લભાચાર્યજી તથા કુંભપર્વ :

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય ચરણવિશ્વોદ્ધારને માટે પ્રગટ થયા, આપે નિર્ગુણ પુષ્ટિ ભકિતમાર્ગ પ્રગટ કર્યો. આપશ્રી સનાતન વૈદિક વૈષ્ણવ ધર્મના મહાન સંરક્ષક, પોષક તથા પ્રચારક થયા. પોતાના સમયમાં શ્રીમદ્ આચાર્યચરણ વૈષ્ણવ સમાજ સહિત કુંભ મહાપર્વમાં મંગળ સ્નાન માટે પધાર્યા હતા. એનો ઉલ્લેખ શ્રીવલ્લભદિગ્વિજય વગેરે ગ્રંથોમાં મળે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુ ન કેવળ વિષ્ણુ સંપ્રદાયના પરંતુ ભગવદ્ આજ્ઞાથી પ્રગટિત નિર્ગુણ ભકિતમાર્ગના પણ આચાર્યવર્ય છે. ઈતિહાસ ગ્રંથો પ્રમાણે ચાર વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોએ જગદ્‌ગુરુ મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય ચરણને કુંભ પર્વ પર સર્વ પ્રથમ સ્નાનનું સન્માન સમર્પિત કર્યું હતું. એ પણ ઈતિહાસપ્રસિદ્ધ છે. આજ પરંપરા પછી પણ ચાલુ રહી.

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૪ * જુલાઇ, ૧૯૯૧

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ ભગવદાશ્રય ॥

પ્રવક્તા : નિ.લી.ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

આદરણીય આચાર્ય મહાનુભાવો, વિદ્વજનો તથા જિજ્ઞાસા બંધુઓ !

આજ આચાર્યચરણ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની જન્મ જયંતિ આપણે જે રીતે ઉત્સાહથી મનાવીએ છીએ તે રીતે ભારતમાં સર્વત્ર અને વિદેશોમાં પણ જ્યાં જ્યાં વલ્લભીય સૃષ્ટિ છે ત્યાં ત્યાં સર્વત્ર આવા ઉત્સાહ સાથે આ મહોત્સવ દર વર્ષે મનાવવામાં આવે છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ સંબંધમાં મારા પૂર્વ વક્તા આચાર્ય મહાનુભાવોએ ખુબ જ સુંદર પ્રકાશ પાડયો છે અને તેમના જે ઉજ્જવલ સિદ્ધાંતો છે તેમનું પણ સંક્ષેપમાં દિગ્દર્શન કરાવ્યું છે.

આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાગટ્ય જે સમયમાં થયું હતું તે સમય એક રીતે ખુબ જ વિષમ સમય હતો. એ સમયે જે શાસક વર્ગ હતો, તે

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

આપણી સનાતન ભાવનાઓને સર્વથા નિર્મૂળ કરવા માટે કૃતનિશ્ચયી હતો. આપણે પરાધીન હતા. પદદલિત હતા, પરંતુ સમય સમયે આપણે લોકોએ આપણા ઉદ્ધાર માટે અનેક પ્રયત્ન કર્યા, પરંતુ એ સમયની પરિસ્થિતિ કંઇક એવી હતી કે આપણે એ પ્રયત્નોમાં સફળ ન થઇ શકયા. આપણીપર અને આપણી ધાર્મિક ભાવનાઓ પર જે કુરતા સાથે પ્રહાર કરવામાં આવ્યા હતા તે બધી વાતો ઇતિહાસના વાંચકોથી છૂપી નથી.

આચાર્યચરણનું પ્રાકટ્ય એવી જ વિષમ પરિસ્થિતિમાં થયું હતું. આપે ચારે તરફ નજર કરીને જોયું તો એવો અનુભવ થયો કે આ વિષમ પરિસ્થિતિમાં જો જાતિએ જીવીત રહેવું હોય તો ફક્ત શાસ્ત્રનું બળ પુરૂં નહીં પડે.

આપણે વિશ્વના ઇતિહાસમાં એ જોઇએ છીએ કે અનેક યુદ્ધ થયા. યુદ્ધમાં જય અને પરાજય તો અનિવાર્ય છે. એકનો જય થાય છે અને બીજાનો પરાજય થાય છે. પરંતુ મોટે ભાગે એ વાત જોવામાં આવે છે કે ફક્ત સંખ્યાબળ અને શસ્ત્રબળ દ્વારા જ યુદ્ધ જીતાતા નથી. યુદ્ધ જીતવા માટે હરહંમેશ આવશ્યક જે વસ્તુ છે તે છે આત્મબળ. આત્મબળ ખુબ જ આવશ્યક છે. આત્મબળ પ્રાપ્ત કયાંથી થાય છે, આત્મબળની પ્રાપ્તિનું કેન્દ્ર કયું છે ? આનું અવલોકન કરીને આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આપણને એ બતાવ્યું કે આપણે ગમે તેવી કઠિન પરિસ્થિતિમાં પડી જઇએ, આપણી પર ગમે તેટલી વિપત્તિઓ આવતી દેખાય તો પણ આપણે વિચલિત ન થવું જોઇએ. આ ત્યારે થઇ શકે જ્યારે સંપત્તિ અને વિપત્તિ બંનેનું વાસ્તવિક સ્વરૂપ હૃદયંગમ હોય. વિપત્તિ તો દરેક જાતી, દરેક રાષ્ટ્ર ઉપર આવે છે, એટલું જ નહીં પરંતુ દરેક માનવ ઉપર પણ આવે છે અને આ વિપત્તિનું નિવારણ પણ હોય છે. પરંતુ શક્તિનું જે મૂળ કેન્દ્ર છે અને વિજયનું મૂળ સાધન છે તે છે એક માત્ર ભગવદાશ્રય.

ભગવાનના આશ્રયનું બળ એટલું પ્રબળ છે કે તેમાં આપણે સર્વથા નિર્ભય બની જઇએ છીએ. પ્રહલાદજીના સમયનો પ્રસંગ આપણે બધા જાણીએ છીએ. પ્રહલાદજી નાના બાળક હતા અને તેમના પિતાજી મોટા પરાક્રમી અને શક્તિશાળી હતા. એક મોટા રાજ્યના અધિશ્વર હતા. ફક્ત ભૂતલનું શાસન એમણે કર્યું એવું નહતું પરંતુ કહેવાય છે કે દેવો ઉપર પણ વિજય પ્રાપ્ત કરેલો હતો. દેવતા પણ તેમની આજ્ઞાના પાલક બની ગયા હતા. આટલા પ્રબળ પ્રતાપી પિતા હતા, છતાં પણ તેમનો પુત્ર જે ભગવદ્ ભક્ત હતો, તેણે પોતાની ભગવદ્ભક્તિ છોડી નહીં. પિતાએ ઘણા પ્રયત્ન કર્યા કે એ ભગવાનને ભૂલી જાય. ભગવાનનું નામ ન લ્યે અને મારા જ ગુણગાન કરે, મને જ ઇશ્વર માનવા લાગે. ઘણો પ્રયાસ કર્યો, પરંતુ પ્રહલાદજી જરાપણ વિચલિત ન થયા અને તેમણે પિતાની જેટલી પણ આજ્ઞાઓ હતી તે બધાની અવગણના કરી અને પોતાની ભગવદ્ભક્તિ પર દૃઢ રહ્યા.

પિતાએ બહુ જ પ્રયત્ન કર્યો અને સફળતા ન મળી ત્યારે તેમને પૂછ્યું કે આ પૃથ્વી પર તો લોકો મારૂં શાસન માને જ છે: દેવતા પણ મારા અનુયાયી થઇ ચૂકયા છે,

પરંતુ તું નાનો બાળક મારી અવગણના કરે છે. કઇ શકિત તારી પાસે છે કે જેના બળ પર તું નિર્ભય થઇ મારી આજ્ઞા નથી માનતો.

પ્રહલાદજીએ કહ્યું કે પિતાજી આપ મહાશકિતશાળી છો એ હું જાણું છું. પરંતુ આપમાં જે શકિત છે તે શકિત કોની છે ? આપ માનો છો કે આ મારી શકિત છે પરંતુ વાસ્તવમાં તે શકિત આપની નથી. આપમાં પણ જે શકિત છે તે મારા સ્વામીની છે. મારા જ સ્વામીની શકિત આપમાં છે. મારા સ્વામી સર્વદા મારા રક્ષક છે, મારી પાસે છે, એક ક્ષણ માટે પણ તેઓ મારાથી અલગ નથી હોતા, તો હું જાણું છું કે મારા સ્વામીની શકિત ભલા મારૂં અનિષ્ઠ કેવી રીતે કરી શકે ? જેની થોડીક શકિત દ્વારા આપ આટલા શકિતશાળી બન્યા છો, તે જે શકિતનું મૂળ કેન્દ્ર છે તે મારી અત્યંત નજીક છે, મારી પાસે છે અને સર્વદા મારી રક્ષા કરી રહ્યું છે. તો પછી હું આપનાથી ભયભીત શા માટે થાઉં ?

પ્રહલાદજી નિર્ભય હતા. તેનું કારણ એ હતું કે ભગવાનની શકિતનો તેમને આશ્રય પ્રાપ્ત હતો. તેમને વિશ્વાસ હતો કે મારા પ્રભુ સર્વશકિતમાન છે, રક્ષક છે. તેઓ સર્વદા મારી રક્ષા કરી રહ્યા છે, કરશે નહીં-કરી રહ્યા છે. એ પ્રકારની ભગવદ્ આશ્રયની ભાવના તેમનામાં દૃઢ હતી. આ દૃઢતાના બળ પર એમણે સત્યાગ્રહ કર્યો. પોતાના પિતા સામે પ્રહલાદજીનો જે આગ્રહ હતો તે સત્યાગ્રહ હતો. અંતમાં સત્યાગ્રહનો વિજય થયો. પિતાની શકિત બાળકનો કંઇ પણ વાળ વાંકો ન કરી શકી.

કહેવાનો અર્થ એ છે કે જે શકિતનો આશ્રય લઇને પ્રહલાદજી નિર્ભય બન્યા હતા અને સત્યાગ્રહના પરિણામ સ્વરૂપે એમણે વિજય પ્રાપ્ત કર્યો હતો. એ શકિતનો આશ્રય આચાર્યચરણે હિંદુ જાતિને પ્રદાન કર્યો. અર્થાત્ બધાએ ભગવદ્ આશ્રય રાખવો જોઇએ અને ભગવદ્ આશ્રય રહેશે તો સર્વથા અને સર્વદા નિર્ભયતા બની રહેશે. ભય ત્યારે લાગે છે જયારે મનુષ્ય ભગવાનને ભૂલી જાય છે. આપે સંદેશ આપ્યો કે જગતના કણકણમાં પ્રભુ બિરાજમાન છે. —ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીનટવરવપુર્વિજયતે ॥

વૈષ્ણવોનું કર્તવ્ય

વ્યાખ્યાતા : **ગો. શ્રીરણછોડલાલજી મહારાજ, રાજનગર**

પ્રેષક : **પ. ભ. શ્રીગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા, રાજકોટ**

(ગતાંકથી ચાલુ)

ભગવાનનું સ્વરૂપ વિરુદ્ધ ધર્માશ્રયી છે. પોતાના ધર્મો ભગવાન ભગવદીયમાં મૂકે છે. તેમાં કોઇ કદાચ વિરૂદ્ધ-ધર્માશ્રયનો દેખાવ દેખાયો તો તે દેખાવ માત્ર જ છે. પણ સાચો નહીં કેમકે જગતના જીવોથી જે ભૂલો થાય તે માયા કરાવે છે. અને ભકતોની ભુલો થતી જે દેખાય છે. તે ભગવાન પોતે કરાવે છે. તો તેમાં પ્રભુની જ કોઈ લીલા હોવી જોઇએ. તેમ સમજવું. એ દોષ શું કામ તેમનામાં રાખ્યો છે? જવાબ એ કે ભગવાન પોતાના જીવોની પરીક્ષા કરે છે કે મને ઓળખી શકવાની જીવમાં શક્તિ છે કે નહીં જો એ જીવ ભગવદીયના ગુણ ઓળખી નથી શકતો, માત્ર તેનો એક જ અવગુણ જોઇને તેનાથી દુર નાસે છે, તો પછી તેમને તો શી રીતે ઓળખી શકશે ? કારણ કે મારામાં તો કોટીગણા વિરુદ્ધર્માશ્રય ખેલ છે; અને તે તો જીવ પાગલ બની જાય. માટે તે જીવને શિક્ષાર્થે દેખાડે ચોર્યાસી વૈષ્ણવની વાર્તામાં એક પ્રસંગ છે કે એક વૈષ્ણવે વેશ્યા રાખી હતી તેનું કારણ શું તે તે વાર્તામાં પ્રકટ છે. માટે કોઇના દોષ ન જોવા ભગવદ્ધર્મ તે કરે છે તે સાચો છે કે દેખાવ માત્ર છે તેની ખાત્રી કરી તેનો સત્સંગ કરવો. તેની કૃતિ સામું ન જોવું તેનું કથન છે તે શ્રી મહાચાર્યજીના સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે કે તેને અનુસરતું તેજ જોવું. "श्री विट्ठलनाथ बसत जिये णाके ताकी रीत प्रीत छबी न्यारी" ભગદ્ધર્મ ઓળખવા માટે ભગવદીયના ગુણ આકીર્તનમાં ગાયા છે તે અનુસાર જોઈ લેવા "કુશલકેલી ગોવર્ધનધારી" એ તુકમાં વિરૂદ્ધ ધર્માશ્રયની ભાવના મળે છે. વિરૂદ્ધદ્ધાશ્રય કેલિ કરવામાં આપ કુશળ છે.

મનુષ્ય પારકા ગુણ દોષ જોવાની કાળજી જેટલી રાખે છે તેટલી જ કાળજી જો તે પોતાના ઘરમાં પોતાનાં સંતાન માટે અને કુટુંબ માટે રાખે તો કેવું સારૂં થાય? પોતાના ઘરમાં પોતાના સન્તાનને શિક્ષા આપવી અને જેટલા દોષ પારકાના આપણાથી દેખાય છે તેટલા પોતાનામાં અને પોતાના સંતાનોમાં ન આવે તે જોવાનું મનુષ્ય માત્રનું કર્તવ્ય છે અને તેને તેથી જ બાળકોને ખોટ રસ્તે જતા અટકાવવા તે દરેક માતા પિતાની અગત્યની ફરજ છે. તે ફરજમાં જો તેઓ ચૂકે તો તે બાળકના તે માતા પિતા નથી પરંતુ દુશ્મન છે. અને સન્તાન પણ વખત આવે તેની જ ગરજ સારે છે. તો વૈષ્ણવે તો ખાસ કરીને પારકા ગુણ દોષ નહિ જોતા પોતાના સંતાનને ભુલો કરતા અટકાવી તેમને સાચે માર્ગે ચઢાવવા.

વૈષ્ણવોની પોતાના સન્તાનો પ્રત્યે ફરજો આ પ્રમાણે છે. જો મા બાપ પોતાના બચ્ચાને ખોટા રસ્તે ચઢતા ન અટકાવે તો તેઓ પોતાનું કર્તવ્ય ચુકે છે. અને પોતે પોતાના સંતાનોને

પણ તે ચુકાવે છે તેમસ મજવું પોતાનું જે કર્તવ્ય, ધર્મપરાયણતા, જાતિ વર્ણાશ્રમનો વિચાર, લૌકિક વ્યવહાર કુશળતા, અને ઉદ્યોગને સમ્પાદન કરાવી દુઃસંગથી દૂર રાખવા વગેરે માબાપની પોતાના સન્તાનો પ્રત્યે ફરજ છે. પણ જો તે પ્રમાણે મા બાપ સંભાળ ન લે તો પોતાના સન્તાનનું ભવિષ્ય બગાડે છે, અને માબાપ થઇને દુશ્મનની ગરજ સારે છે, પ્રજા પણ સારી કેળવણી ન પામે તો છેવટ પ્રજા પણાનો સન્તોષ ન આપતા દુશ્મનની ગરજ સારે છે, પ્રયત્ન કરવા છતાં પોતાના બચ્ચા ન સૂધરે તો એ જન્મની લેણ દેણ પૂરી કરવા આવેલ છે એમ જાણવું લેણ દેણનો સમ્બન્ધ ન દેખાય તો પહેલાના જન્મમાં અન્ય સમ્બન્ધમાં અતિ પ્રીતિને કારણે એટલે એક બીજા ઉપરના અતિ મોહના પરિણામે તેનો પૂત્ર યા પૂત્રી રુપે આ જન્મમાં સબન્ધ થયેલો જાણવો આવી રીતે અન્ય સમ્બન્ધ ના મોહના પરિણામે પુત્ર યા પુત્રી રૂપે આપણે ત્યાં જન્મ થયો હોય તો પણ તેને વૈષ્ણવ બનાવવા અને ઉંચે રસ્તે દોરવવા પ્રયત્ન કરવો. એમ સમજવું કે કોઈ સંસ્કારી જીવ હશે. એટલેજ આપણે ઘેર આવ્યો છે. માટેજ તે સન્તાન પોતાના સંસ્કાર ચૂકે નહીં અને વૈષ્ણવી સંસ્કાર તેના હૃદયમાં ઠસે તેવા પ્રયત્ન કરતા રહેવું તે વૈષ્ણવ માબાપની ફરજ છે.

પુર્વનો આવો સમ્બન્ધ હોય તેની ખાતરી શી ? વિચાર ન મળતા હોય છતા તેના પ્રત્યે મોહ રહેતો હોય કે આ મારો પુત્ર છે, આ પુત્રી છે. આ સ્ત્રી છે. તેના સુખ માટે બનતુ કરવાનું મન થઈ આવતું હોય, તેઓ આપણા ભગવદ્ ભાવમાં ભાવિત ન હોય છતા પણ આવી વૃત્તિ રહેતી હોય તો એમ સમજવું કે પુર્વનો સમ્બન્ધ છે.

જો તેના પ્રત્યે મોહ જ ન રહેતો હોય અને તેની રીત ભાત ધિક્કારને પાત્ર લાગતી હોય તો અસલિયતમાં ખામી જાણવી, માટેજ પુષ્ટિ જીવે જગતમાં પ્રભુ સિવાય અને પ્રભુના સાચા ભક્તો સિવાય મોહ રાખવો જોઇયે નહિ જો મોહ રહી જાય તો ફરીથી જન્મ લેવો પડે, અને જેના પ્રત્યે અત્યારે મોહ હોય તેનો સમ્બન્ધ પુત્ર યા પુત્રી યા સ્ત્રીરૂપે થાય એટલે કે જન્મોના અંતરાય પડે, અને તેમાં દુઃસંગથી આપણે ખસતા જઇયે તો વળી નુકશાન થાય.

વૈષ્ણવ પોતાની પ્રજા વિષે લૌકિક ભાવના પણ ન રાખવી. કેવળ લૌકિક ભાવના રાખવાથી કેવળ લૌકિક આસક્તિજ વધતી જાય છે. આપણે આપણા બાળકોને સમજાવવું કે તમો પુર્વજન્મના વૈષ્ણવ છો, ત્યારેજ તમે અહિં વૈષ્ણવને ઘેર આવ્યા છો. માટે પુર્વની ઓળખાણ ભૂલો નહીં. અને આડે રસ્તે ન જતા પ્રભુમાંજ મન લગાડો, છતા તે પુત્રનું યા પુત્રીનું મન કોઇ અન્ય પાત્રમાં લાગી ગયું હોય અને જો તેઓ બન્નેમાં શુદ્ધ પ્રેમ દેખાતો હોય, અને બન્નેના કુળ સરખા હોય તો તેમને મેળવી આપી ગૃહસ્થાશ્રમી બનાવી બન્ને પાત્રોને સાચે રસ્તે દોરવા. એક કાળજી એ રાખવી કે લોકવિરુદ્ધ થાય તેવા પ્રકારનું તેમનું જીવન કોઇની સાથે જોડાવા ન દેવું જોઇએ સમાન શીલતાવાળું હોય. રીતભાતમાં ભેદ ભાવ ન હોય, જ્ઞાતિ ભેદ ન હોય તો તેમાં આડખીલી ન કરવી આર્ય સંસ્કૃતિમાં

સમાન કુલ શોધી નાનપણથીજ લગ્ન કરી દઈ તે બચ્ચાઓને સાથે રમવા દઈ એક બીજાના ભાવ કેળવવાનો જ હેતુ હતો, હાલની પ્રજામાં સ્વતન્ત્રતા નથી, સ્વચ્છન્દતા છે. મા બાપની આજ્ઞાને માન આપ્યા વગર પોતાની સ્વચ્છન્દતાએ વર્તવા જાય છે. પરન્તુ તેમના આન્તરિક જીવન તપાસશો તો ખરેખર દુઃખી હશે.

દરેક વૈષ્ણવ ખાતરી પુર્વક સમજવું કે પોતાને ઘેર જનમેલા પુત્ર યા પુત્રી કોઈ સંસ્કારી અને દૈવી જીવ હશે અને તેથી વૈષ્ણવને ઘેર આવેલા છે માટે તેમને બ્રહ્મસબંધ કરાવી ધર્મને રસ્તે ચડાવવા તે પોતાનું કર્તવ્ય ભૂલે નહીં. અને ઊચી શ્રેણી ઉપર કેમ ચડે તેની કાળજી વૈષ્ણવ માબાપે અવશ્ય રાખવી જોઈએ.

(અનુગ્રહ વર્ષ ૫ અંક ૧ સં. ૧૯૯૮ માંથી સાભાર)

શ્રેષ્ઠ સુખ

લેખક : **ચિ. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

જયારે જીવ આગળ પરબ્રહ્મનો પ્રાદુર્ભાવ થાય ત્યારે જ એ જીવ માટેનું શ્રેષ્ઠત્તમ ફળ છે. કારણ કે એ સ્વયં પરમાનંદ રૂપ પ્રભુમય અનુભુતિ કરાવે છે. બીજાં બધાં ફળ ગૌણ છે. સ્ત્રી, પુત્ર, આદી તે ત્યાં સુધી કે સાર્વભૌમાદિથી આરંભી બ્રહ્મા સુધી બધાં જ સુખ (આનંદ) પ્રાકૃત છે, ગૌણ છે. કારણ કે એ દેહ માટે છે. માટે તે માત્ર દેહ માટે ફલરૂપ બની શકે. જીવ ચેતનામય છે. બ્રહ્મમય છે માટે તે પ્રાકૃતિક આનંદ તેને માટે મુખ્ય ફળ ન હોઈ શકે. જીવ માટે તો ભગવાન જ પરમફળ છે.

પ્રભુનો સાક્ષાત્કાર થતાં જ જીવ કૃતકૃત્ય થઈ જાય છે. પરંતુ પ્રભુમય માયાએ જીવને પોતાનું સ્વરૂપ ભુલાવી દીધું છે આજ વિસ્મૃતિને અવિદ્યા, અધ્યાસ, અજ્ઞાન વગેરે નામોથી સંબોધાય છે. આજ ભુલને કારણે જીવ પ્રકૃત્તિના ફળોને પોતાનું ફળ સમજી બેસે છે. જેમ જેમ તેને સત્સંગ, શાસ્ત્રાદિનો અનુભવ થાય છે તેમ તેમ તે દેહનાં ફળોમાંથી આસક્તિ છોડતો જાય છે. જીવની ભુલો સાધના દ્વારા ક્રમશઃ દુર થાય છે. જેમ જેમ જેટલી ભુલ કે વિસ્મૃતિ દુર થતી જાય છે તેમ તેમ તેટલી તેટલી તેની દૈહિક ફળમાંથી અને તેનાં સાધનોમાંથી આસક્તિ હટવા તથા પ્રભુની ફલપ્રાપ્તિમાં નિષ્ઠા વધવા લાગે છે. ઘણા જીવને આ વાત ઘણા જન્મોમાં સિદ્ધ થાય છે. જયારે ઘણાને તો માત્ર આજ જન્મમાં સિદ્ધ થઈ જાય છે. જેમ જેમ ભુલ તથા ફલાસક્તિ હટતી જાય તેમ તેમ ક્રિયા રૂપી ધર્મનું પણ સ્વરૂપ બદલાતુ જાય છે. અને આ જ કારણે પોતાના અધિકાર અનુસાર જીવ માટે શાસ્ત્રોમાં અનેક પ્રકારના ધર્મોનું નિરૂપણ થયેલું છે આ બધું જ સત્ય છે. કારણ કે જીવની અવસ્થા અનુ-

સાર ક્રિયાત્મક ધર્મરૂપ સાધનો દ્વારા પ્રકૃતિ સંબંધી આનંદની પાપ્તિ થાય છે.

પ્રકૃતિ સુખ અનેક છે પણ બ્રહ્મસુખ એકજ છે. માટે જ જીવનું સર્વોતમ ફલ છેઃ ભગવાનનો સાક્ષાત્કાર. દુઃખ દોષ રહિત નિર્વિકાર આનંદસ્વરૂપ ભગવાન છે જે બે પ્રકારે પ્રાપ્ત થાવ છે. એક જીવમાં પ્રાદુર્ભુત થઇને મનદ્વારા અને બીજું બહાર પ્રકટ થઇને નેત્રાદિ ઇન્દ્રિયો દ્વારા "કચિ દ્ધીરઃ પ્રત્યગાત્મન મૈક્ષદાવૃત ચક્ષુરમૃતત્વમિચ્છન્, યો વેદનિહિતં ગુહાયાં." આદિ શ્રુતિઓ બન્ને પ્રકારના સાક્ષાત્કારનું વર્ણન કરે છે મોક્ષરૂપી ફળપણ અવાન્તર હોવાથી આ સાક્ષાત્કારના અંગ રૂપ બની રહે છે. આ ભગવત્પ્રાદુર્ભાવનું સાધન છે ભગવદ્ ધર્મ, ભગવદ્ સંબંધિ જ્ઞાનભકિત સમુચ્ચય અને શુધ્ધ ભકિત વેદોમાં જે ક્રિયાઓને કર્તવ્યરૂપ બતાવાઈ છે. એ ધર્મ છે. અને એજ ધર્મ કર્મનું સ્વરૂપ છે. વેદોકત ધર્મ ઘણા છે. યજ્ઞાદિક, સત્યાદિક, આચાર, તપસ્યા, શ્રવણાદિક વગેરે આ બધાં ધર્મ છે પરંતુ શ્રવણાદિક સિવાય બધાં સાથે દોષ જોડાયેલા છે. પોતાના આત્મારૂપ શ્રી ભગવાનના શ્રવણ, કીર્તન, સ્મરણ આદિમાં કોઇ પણ જાતનો દોષ નથી માટે જ ભગવદ શાસ્ત્રોમાં આ ધર્મને 'પ્રોજ્જિત કૈતવ ધર્મ' કહેવાયો છે. અને માટે જ તેને ભગવદ્ ધર્મ કહેવાયો છે.

જેની સાથે પ્રકૃતિ કે દેહ ! ઇન્દ્રિયાદિ જોડાયેલા છે એ જીવને સદા ભય લાગેલો રહે છે. જીવ દેહના ધર્મને પોતાનો ધર્મ સમજી બેઠો છે. કારણત્વ, ગૌરવત્વ, સુખદુઃખ વગેરે બધાં દેહના ધર્મ હોવા છતાં આત્મ વિસ્મૃતિને કારણે જીવ એને પોતાના ધર્મ સમજે છે. તે ત્યાં સુધી કે દેહને જ જીવે પોતાનું સ્વરૂપ સમજી લીધું છે. આનું નામ સંસ્કૃતમાં 'અધ્યાસ' છે, દોષ છે. આ જ દોષને લઇને પ્રાયઃ બધાં દેહ ધર્મ છે. માત્ર શ્રવણાદિ દેહ ધર્મ નથી કારણ કે તેનો વિષય દેહ સુખ નથી પણ આત્મા છે ભગવાન છે. માટે જ જેને ભયના અભાવપૂર્વક સુખપ્રાપ્તિની ઇચ્છા હોય તેણે શ્રવણાદિ ભકિતનું આચરણ કરવું જોઇએ. પ્રમાણબળથી પ્રમેયબળ બળવાન હોય છે. પ્રમેય પ્રભુ છે. જ્યારે પ્રમાણ વેદશાસ્ત્ર પ્રભુનું જ રૂપાંતર હોવાથી જગત પણ પ્રમેય છે શાસ્ત્ર કે જ્ઞાનની વાતો શબ્દજ્ઞાન છે જે મોડે મોડે સમજાય છે. જ્યારે જગતની વાતો પ્રત્યક્ષ અને તરત સમજાય જાય છે. જો કે આ નિયમ સર્વત્ર નથી તો પણ પ્રત્યક્ષ જગત સાથે સબંધિત વાતોમાં તો આ જ નિયમ છે. અભય અને ભયની વાતો પ્રત્યક્ષ જગતથી સંબધિત છે માટે અહીં પ્રમાણથી પ્રમેયની બલવત્તા અધિક છે. અને એ રીત પણ છે કે જગત સબંધી વાતમાં યુકિત પ્રયુકિત જ બળવાન છે.

દુઃખરહિત સુખપ્રાપ્તિ એ દ્વિદલાત્મક છે. દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ. બધાંને સૌપ્રથમ તો દુઃખનો અભાવ જ જોઇએ તદનંતર સુખ, આ માટે પ્રભુના સર્વ વ્યાપકત્વનો સ્વીકાર કરવો જોઇએ. અર્થાત્ તે સર્વાત્મા હરિ સર્વ દુઃખ દૂર કરનારા છે. અને ઇશ્વર હોવાથી સર્વ ફલદાતા છે. આ રીતે સર્વ કલ્યાણ ગુણ સંપન્ન સર્વાત્મા પરબ્રહ્મ જ શ્રેષ્ઠ સુખકારી છે એ સિદ્ધ થાય છે.

'આ માર્ગમાં તાપ મુખ્ય છે'

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ઇચ્છારામ ભટ્ટજીના સમયનો આ પ્રસંગ છે એક વખત વૈષ્ણવ મંડળી સાથે તેઓ પોતાની બેઠકમાં બિરાજયા હતા પુષ્ટિધર્મની અનેક વિધ વાતો ચાલી રહી હતી.

આ સમયે દિક્ષિતજીએ કહ્યું : 'મહારાજ જીવ તો 'હું' અને 'મારૂ' સાથે લઇને ફરે છે આ બે વસ્તુ તેનાથી છુટી શકતી નથી પણ આવો જીવ નિત્ય પ્રભુ સેવા તો કરે છે અને પ્રભુસ્મરણ પણ કરે છે. તો એ જીવને પ્રભુની પ્રાપ્તિ કેમ થતી નથી ?"

ભટ્ટજી કહે "જેણેસ્વરૂપસેવા કરી તેને પ્રભુની પ્રાપ્તિ તો થશે પરંતુ તાપનો અભાવ એમાં વિલંબ લાવે છે. આ માર્ગમાં તાપ મુખ્ય છે."

એક વૈષ્ણને વિનંતિ કરીઃ "મહારાજ, આ વસ્તુ જરા વિસ્તારથી સમજાવવાની કૃપા ન કરો ?"

ભટ્ટજી કહેઃ "આ વાત હું એક વ્યાવહારુ દૃષ્ટાંત આપી તમને સમજાવું એક સ્ત્રીનો પતિ પરદેશ ગયો નિર્ધારિત સમય થઇ ગયો છતાં પતિ પાછો આવ્યો નહીં તેથી તેની પત્નીને ચિંતા થવા લાગી તે કાગડોળે પતિના આગમનની પ્રતીક્ષા કરવા લાગી આ સ્ત્રી 'મારો પતિ કયારે આવશે એવા વિરહતાપમાં રહ્યા કરે ઘણી રાહ જોવડાવ્યા પછી તેનો પતિ પાછો આવ્યો પરંતુ તેની પત્ની સાથે બોલે નહીં આથી આ સ્ત્રી અતિ ખિન્ન રહેવા લાગી પતિ પરદેશ હતા ત્યારે તેમની સાથે ન બોલી શકાય એ તો સહેવાય પણ પરદેશથી પાછા આવ્યા છતાં બોલે નહીં એ તો કેમ સહેવાય ? આ દારુણ દુઃખ તો એવું છે કે કોઇને કહેવાય પણ નહીં. આ સ્ત્રીને થતું કે 'આવું જીવ્યાં કરતાં તો મુવા ભલા મનની આ વાત હું કોને કહું ?'

"આ સ્ત્રીને તો ન ખાવું ગમે કે ન પીવું ગમે પતિ નિકટ છે પણ છતાં બંને વચ્ચે જાણે હજારો માઇલોનું અંતર છે ! પત્નીને પરિણિત જીવનના ભોગનો, પતિના સહવાસનો કોઇ આનંદ નહીં, કોઇ સુખચેન નહીં લોક તો કહેશે કે 'લે બાઇ, હવે તારો પતિ આવી ગયો હવે તારે સારું થયું પરંતુ તેનો પતિ તેની સાથે બોલતો નથી તે કંઇ કોઇ જાણે છે ? એક માછલી જેમ પાણી વિના તરફડે તેમ આ સ્ત્રી પોતાના પતિના પ્રેમ વિના તરફડતી હતી એના મનમાં એક આર્તનાદ હતોઃ 'હે ભગવાન, આવું જીવાડયા કરતાં તું મને લઈ લે !'

ભટ્ટજી કહેઃ "આ દૃષ્ટાંત એક વાત સ્પષ્ટ કરે છે આ સ્ત્રીનો લૌકિક પતિ પણ ખોળિયાના સંબંધને લીધે તેને આટલો વહાલો લાગે છે અને તેને માટે આ સ્ત્રી આટલો મોટો વિરહતાપ અનુભવે છે તો આપણો પ્રભુ તો ચૌદ ભુવનનો નાથ છે જેના એક એક રોમમાંથી શત શત કોટી બ્રહ્માંડો ઉત્પન્ન થાય એવો મોટો આપણો પ્રભુ છે. એ આપણા બધાનો સર્વોત્તમ, અલૌકિક પતિ છે એ બોલે નહીં, ચાલે નહીં તેનો આ જીવને કોઇ તાપ નહીં ? એ કેવું ?

“આ તો ખોટું છે, મહા અનર્થ છે તાપ તો સર્વથા જોઇએ તાપ વિના ફલની પ્રાપ્તિ કદી થાય નહી પુષ્ટિમાર્ગ તો તાપાત્મક માર્ગ છે. આ માર્ગમાં તાપ મુખ્ય છે. અગ્નિસ્વરૂપ, અદેયદાની શ્રી વલ્લભ જે જીવ પર પ્રસન્ન થશે તેને આપશ્રી અવશ્ય તાપનું દાન કરશે આ અલૌકિક તાપમાં ‘હુ’ અને ‘મારુ’ તેમ જ જીવના બીજા બધા દોષો બળીને નષ્ટ થઇ જાય છે અને જીવમાં દીનતા આવે છે મમતાનાશક અને દીનતાદાયક આ તાપ તો આપણા મહાપ્રભુજી શ્રી વલ્લભનું મોટું દાન છે”

વૈષ્ણાવો એક શીખ લઇને પોતપોતાને ઘેર ગયા ‘આ માર્ગમાં તાપ મુખ્ય છે.”

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. ‘વ્રજ’ ધોરાજી

શ્રી યમુનાજી નિરખ સુખ ઉપજત
સન્મુખ વૃંદા વિપિન સુહાયે ॥
શ્રી વિશ્રાંત વલ્વભ જુકી બેઠક
નિર્મલ જલ યમુના કેન્હાયે ॥૧॥
ભુજ તરંગ સોહત અનિ નિકે
ભાંવર કંકણુ શિરાયે ॥
વ્રજપતિ કેલી કહા કવિવરને
શેષ સહસ્ત્ર મુખપાર ન પાયે ॥૨॥
શ્રમજલ સહિત અગાધ મહારસ
લીલા સિંધુ તરંગન ધાયે ॥
સકલ સિધ્ધિ અલૌકીક દાતા
જે જન તકી ચરનન ચિત લાયે ॥૩॥
રવિ મંડલ દ્વારા હોઈ પ્રગટી
ગિરિ કલિંદ સિરતેં બ્રજ ધાયે ॥
હરિદાસ પ્રભુ શોભા **નિરખત**
મન વચ કર્મ ઇનકે ગુણ ગાયે ॥૪॥

ભાવાર્થ : શ્રી યમુનાજીના દર્શન કરતાં જ મહા સુખ થાય છે ત્યાં સન્મુખમાં નિધિ રૂપ વૃંદાવન શોભિ રહ્યું છે જેથી દર્શન માત્રથી જ અતિ આનંદ થાય છે. પાસે જ શ્રી વિશ્રાંત ઘાટ ઉપર શ્રી વલ્લભ પ્રભુનાં બેઠકજી બીરાજે છે ત્યાં શ્રી યમુનાજી નિર્મળ જલમાં સ્નાન થાય છે ત્યાં તટ પાસે તરંગરૂપ ભુજાઓમાં જલમાં ભમ્મર પડવા રૂપ કંકણુ અતિ સુંદર રીતે શોભે છે જેનાં દર્શન કરી અને મન શિતલ થયું શ્રી વૃંદાવનમાં આપના તટ ઉપર શ્રીવ્રજપતિજીના કેલી વિહાર અને અનેક પ્રકારની વિવિધ લીલાઓનો તો સહસ્ત્ર મુખથી શેષજી પણ પાર પામતા નથી તો કવિઓ કેટલુંક વર્ણન કરી શકે ? શ્રમજલ સહિત અગાધ મહારસ રૂપ એવાં શ્રીયમુનાજી સિંધુ તરંગોની જેમ ક્ષણુ ક્ષણુ નૂતન લીલા કરે છે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

આ પ્રમાણે અર્થરૂપનું નિરૂપણ કર્યા પછી એ પ્રકારની પરમ (પ્રચુર=વાણી બધી) આર્તિ (પીડા-દુઃખ) ની શાંતિને માટે બહાર પ્રકટ થયેલ કરોડો કામદેવની સુંદરતા ધરાવનાર સાક્ષાત્ ભગવાનના જ સંગની અપેક્ષા હોવાથી ભગવાન જ ઇચ્છિવા યોગ્ય છે, એવું નિરૂપણ કરતાં શરણની પ્રાર્થના કરે છે...... વિવેક ધૈર્ય.... વગેરેથી શરુ થતા હવે પછીના શ્લોકમાં-

વિવેક ધૈર્ય ભકત્યાદિ, રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસક્તસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥

અહીં આ સૂચવવામાં આવ્યું છે. પુષ્ટિમાર્ગીય ભાવ પ્રકટ થયા પછી વિરહના અનુભવને માટે ત્યાગની આવશ્યકતા (જરૂરત) હોવાથી, એ ત્યાગની પછી ક્રમશઃ બધા ગુણાનુવાદથી ઉત્પન્ન થતા ઘણા ભાવોના ફેલાઇ જવાને કારણે એ પ્રકારના દેહ, પ્રાણ, ઇન્દ્રિય અંતઃકરણ વગેરે સ્વરૂપાત્મક બની જાય છે, એમ હવે પછીના બે શ્લોક દ્વારા કહેવાયું છે. અત્યાર સુધી તો વિરહના અનુભવમાં ચક્ષુ રાગ વગેરે અશાંત થતાં સાત પ્રકારની અવસ્થાઓ પ્રાપ્ત થઇ. આ શ્લોકમાં ઉન્માદ વગેરે ત્રણ અવસ્થાઓનું નિરૂપણ કરવામાં આવે છે. એવી રીતે વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી હું રહિત છું એમ ભક્ત કહે છે.

વિવેકના અભાવને લીધે વિકલત્વ (વિકળતા-મૂંઝવણ-નાસીપાસ થવા પણું) થાય છે અને એ વિકળતામાં વિવેકનું અસ્તિત્વ રહેતુ નથી. અને તે ઉન્માદ (ગાંડપણ) ની અવસ્થામાં થાય છે તે વર્ણવ્યુ છે.

ધૈર્યના અભાવને લીધે રાત દિવસ સાક્ષાત્ (પ્રત્યક્ષ) સંગના અભાવને કારણે જન્મેલ પુષ્કળ દુઃખને લીધે ઉત્પન્ન થતુ અસ્વાસ્થ્ય (માનસિક નીરોગીતાનો અભાવ) સ્થિતિ પામે છે. (પેદા થાય છે).

જો એવી દલીલ કરવામાં આવે કે પહેલાં કરેલા ભગવદ્ ગુણગાનને લીધે અંદરથી પ્રત્યક્ષ અનુભવના કથનને કારણે ધૈર્યના અભાવથી જન્મેલ અસ્વાસ્થ્ય કયાંથી હોય ?

તેના જવાબમાં કહે છે કે 'ભકત્યા દિ રહિતસ્ય' વગેરે-એટલે કે ભકિત આદિ ગુણોથી રહિત હોવાને કારણે, ગુણગાન દશામાં પહેલાં અંદર પ્રકટ થવાથી સાક્ષાત્ ભકિત રૂપ મુખારવિંદની સુધા (અમૃત) ના આસ્વાદ (ચાખવા) ને કારણે આદિ શબ્દથી સાક્ષાત્ ભોગ સૂચવ્યો છે. સાક્ષાત્ ભોગના પણ અનુભવને લીધે સ્વાસ્થ્ય આવેલુ છે. આ પ્રલાપની અવસ્થામાં ફલના પ્રતિબંધને કારણે સાક્ષાત્ સુધાદાન અને તેમાં ઉપયોગી વાકય વગેરે ન કરવાને કારણે અસ્વાસ્થ્ય જ રહે (મળે) તેથી કહ્યું

છે 'તદ્ રહિતસ્ય' એટલે કે તેનાથી રહિત હોવાને કારણે શ્રીકૃષ્ણ મારું શરણ છે. એમ જ કહ્યું છે 'સંન્યાસ નિર્ણય ગ્રંથમાં 'ભગવાન્ ફલ રૂપત્વાત્' એટલે કે ભગવાન ફલરૂપ હોવાને કારણે 'સ્વાસ્થ્ય વાકયં ન કર્તવ્ય' એટલે 'સ્વાસ્થ્ય વાકય ન કરવું.' આ પ્રમાણે અસ્વાસ્થ્યમાં પણ સ્વાસ્થ્ય વાકય વગેરે કરવામાં ખૂબ આર્તિને કારણે મૂર્છામાં આવી પડે એ દશાનું નિરૂપણ કરેલું છે. પછી ફરીથી જાગ્રત દશા પ્રાપ્ત થતાં પોતાના સ્વરૂપમાં સ્થિતિ થાય ત્યારે સંગના અભાવને કારણે સ્થિતિ કરવાને અશક્ત એવું ચિત્ત ફરીથી ગુણો ઉપર આધાર રાખનારૂં બની જાય છે અને તેને લીધે થોડી ઘણી સ્વસ્થતા પ્રાપ્ત થતાં એજ ફલમાં પ્રતિબંધ કરનારૂં બને છે તેનું પાપ રૂપત્વ–એમ તેમાં આસકત થયેલા માટે કહેવાયેલું છે. એટલા માટે જ સંન્યાસ નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે "જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવ વર્તમાનસ્ય બાધકઃ" એટલે કે તેના જ વર્તમાનમાં જ્ઞાન તથા ગુણો બાધક બને છે. પછી ફરીથી ક્ષણ પછી સ્થિતિ જ રહેતી નથી. તેથી દશમી અવસ્થાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બધું ફલ પ્રકરણને લગતા ત્રીજા અધ્યાયને અંતે છેવટના ભાગમાં સ્પષ્ટ કરવામાં આવેલું છે. ત્યાં ગુણગાન કર્યા પછી આવિર્ભાવ (પ્રકટીકરણ ન થતાં મુર્છાના અંતવાળી અવસ્થા (સ્થિતિના) નિરૂપણ દ્વારા લીલા પ્રવેશનો પ્રલાપ સ્વરૂપ સ્થિતિમાં ગુણગાન છે એમ કહેવામાં આવ્યું છે. આગળ જતાં ફરીથી દૈન્ય (દીનતા–અહંકારનો અભાવ) પ્રકટ થતાં 'રુરુદુઃ સુસ્વરમ્' અને તન્વઃ પ્રાણુમિવાગતઃ' એટલે કે 'મોટા અવાજે રડવા લાગ્યા' અને 'શરીરમાં પ્રાણ (જીવ) આવે એવી સ્થિતિને પામ્યાં" વગેરે દ્વારા એવી આગળ આવી પડનારી એ સ્થિતિનું સૂચન કરવામાં આવ્યું વગેરે બધું સુયોગ્ય છે.

આ પ્રકારની સ્થિતિને પ્રાપ્ત થયેલા માટે ફરીથી પ્રકટીકરણના હેતુથી ફકત (શ્રીકૃષ્ણનું) શરણ જ લેવાનું હોય તેથી કહે છે કે 'કૃષ્ણ એવ ગતિર્મમ' એટલે 'શ્રીકૃષ્ણ જ મારું શરણ છે'

આ પછી બધી રીતે પ્રકટ થઇને પરમ આનંદને આપે છે તે જણાવવા માટે 'કૃષ્ણપદ' એટલે શ્રીકૃષ્ણના ચરણના શરણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી એવી જ રીતે કહેવામાં આવ્યું છે "બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રશ્ચ ભુત્વા પુનઃ કૃષ્ણ એવ વ્રતઃ" એટલે "તાસામાવિરભુત્ શૌરઃ" એટલે કે "તે (વિરહી ગોપીઓ) ની સમક્ષ શ્રીકૃષ્ણ પ્રકટ થયા" વગેરે આના સમર્થનમાં. ૯

આ પ્રમાણે દશ અવસ્થાઓ દ્વારા પૂર્ણ (પૂરેપૂરી) વિયોગનો અનુભવ થતાં પ્રતિબંધ કરનાર (રૂકાવટ કરનાર–વચ્ચે પડદાની જેમ આવનાર) શરીરની નિવૃત્તિ થતાં તેને અલૌકિક (દિવ્ય) તથા રસાનુભવને યોગ્ય તથા લીલામાં ઉપયોગી એવા દેહ શરીરની પ્રાપ્તિ કરાવીને સ્વયં સાક્ષાત્ (પ્રત્યક્ષ) પ્રકટ થઇને બહારથી પોતાના સ્વરૂપના (દર્શનથી થતા) આનંદનું દાન (ભગવાન) કરે છે, એમ મોક્ષરૂપત્વનું નિરૂપણ કરે છે અને કહે છે 'સર્વ સામર્થ્ય સહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત" એટલે કે 'બધા સામર્થ્યવાળા હોવાથી બધી જ જગ્યાએ સંપૂર્ણ અર્થ (ઇચ્છાને) પૂર્ણ કરનાર છે."

–ક્રમશઃ

સત્યં

લેખક: **રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

પોતાના મનને જેવું લાગતું હોય તેવું ખરેખરૂં સ્પષ્ટ કહી દેવું તેનું નામ સત્ય. સત્ય બોલાવવા તરફ દરેક જણે ખાસ ધ્યાન આપવું જોઇએ. વિદ્યાર્થીઓએ નાનપણથી સાચું બોલવું સત્ય તો સર્વ ગુણોમાં શ્રેષ્ઠ ગુણ છે. સત્ય બોલનાર તરફ સર્વ માણસો વિશ્વાસ રાખે છે અને તે પ્રમાણિક પુરુષ તરીકે લોકમાં ઓળખાય છે તેનું માન, પ્રતિષ્ઠા, ગૌરવ વગેરેની વૃદ્ધિ થયા કરે છે. વેદમાં પણ સત્યને બહુ જ આગળ પડતું ગણ્યું છે, સત્યથી જ આ પૃથ્વી જ છે. સૂર્ય તપે છે. સત્યથી જ વાયુ વહી રહ્યા છે. ટૂંકાણમાં બધું સત્યથી સ્થિર રહેલું છે. સત્ય ન હોય તો કશું જ નથી. અરે સત્યરૂપ પોતે પરમાત્મા જ છે.

ભાગવતમાં મંગલાચરણ કરતાં 'સત્યં પરં ધીમહિ' સત્યરૂપ પરમ પુરૂષ–પુરૂષોત્તમનું અમે ધ્યાન કરીએ છીએ એમ કહે છે. માટે સત્યથી જ સત્યરૂપ પ્રભુ પ્રસન્ન થાય. વેદમાં પણ 'સત્યં વદ,' એમ પ્રથમ જ કહે છે. આવું સત્યનું અતિશય માહાત્મ્ય છે. એવા સત્યને માટે સત્પુરુષોએ અનેક સંકટો વેઠયાં છે. હરિશ્ચંદ્ર રાજાને તો આપ સર્વ જાણતા હશો ? ન જાણતા હો તો તેની તમને વાત પણ ટુંકાણમાં કહી દઉં છું.

સૂર્ય વંશમાં હરિશ્ચંદ્ર નામના એક સત્યવાદી રાજા હતા. સ્વર્ગમાં દેવોની સભામાં પણ તેમના વખાણ થવા લાગ્યા. એટલે દેવતાઓએ તેમનું સત્ય જોવાનો નિશ્ચય કર્યો. તે કાર્ય વિશ્વામિત્રને સોંપવામાં આવ્યું.

એક દિવસ વિશ્વામિત્ર ઋષિએ તેમને યજ્ઞ કરાવ્યો, તેમનું યાજ્ઞિક કર્મનું જ્ઞાન, તપશ્ચર્યા વગેરે જોઇને હરિશ્ચંદ્ર રાજા પ્રસન્ન થઇ ગયા. અને કહ્યું કે આપશ્રી ધ્યાનમાં આવે તે મારી પાસે માગો. ત્યારે વિશ્વામિત્રે પરીક્ષા કરવાને આયોગ્ય અવસર છે એમ સમજી માગ્યું કે તમારૂં રાજ્ય મને આપો. હરિશ્ચંદ્રે રાજ્ય આપી દીધું.

પછી વિશ્વામિત્રે રાજ્યાસન ઉપર બેસીને કહ્યું કે હવે રાજ્ય મારૂં છે માટે તમે મારા રાજ્યમાંથી ચાલ્યા જાઓ. હરિશ્ચંદ્રે પહેરેલા વસ્ત્રે પોતાનું કુટુંબ લઈ ત્યાંથી ચાલ્યા ગયા. અને બીજા રાજ્યમાં જઇને વસવા લાગ્યા. વિશ્વામિત્રે ત્યાં જઇને યજ્ઞની દક્ષિણા માગી. હરિશ્ચંદ્ર રાજાની તે સમયે દક્ષિણા આપવાની શક્તિ ન હતી, છતાં પણ તેમણે દક્ષિણા આપવાની ના ન કહી. વિશ્વામિત્ર બહુ બહુ પ્રયત્નથી તેમને સત્ય છોડવાનો આગ્રહ કરવા લાગ્યા, છતાં તેમણે સત્ય ન છોડયું. ત્યારે તે ઋષિએ તેથી પણ વધારે પજવણી કરવા માંડી અને હમણાંને હમણાં દક્ષિણા આપો એમ કહ્યું. એટલે પોતાની સ્ત્રીને બ્રાહ્મણને ત્યાં વેંચી તો યે વિશ્વામિત્રની દક્ષિણા પૂર્ણ ન થઇ શકી. ત્યારે પોતાના શરીરને પણ વેચવા તૈયાર થયા. છેવટે એક અત્યજે તેમને ગુલામ તરીકે વેચાતા રાખ્યા. ત્યાં રહીને પણ પોતાનું સત્ય પાળ્યું અને વિશ્વામિત્રની દક્ષિણા આપી.

કોઇ દિવસ બ્રાહ્મણને વેચેલી પોતાની સ્ત્રી અને બાળક રહે છે. તેમાં પુત્ર રોહિતને રમતાં રમતાં સાપ કરડયો. તેથી મૃત્યુ પામી ગયો.

તેની માતા મહારાજા હરિશ્ચંદ્રની પત્ની બાળકને શોધતી આવીને જુએ છે તેઃ પોતાનો પુત્ર મૃત્યુવશ થયેલો છે એ જોઇને તેણે બહુ વિલાપ કર્યો. પછી તેને સ્મશાનમાં બાળવાને માટે લઈ જાય છે ત્યાં ભૂમિના ભાડાના પૈસા માગવાને ખુદ અંત્યજને ત્યાં વેચાયેલા પોતે હરિશ્ચંદ્ર રાજા આવ્યા.

પોતે જેને ત્યાં વેચાયા છે તેજ અંત્યજનો આજે વારો હતો. માટે પોતાની પત્નીની પાસે ભાડાના પૈસા માગ્યા. તેની પાસે પૈસા તો કયાંથી જ હોય. રાજાને પણ પોતાના માલિકની આજ્ઞા પ્રમાણે ચાલે જ છુટકો, એટલે પોતાની પત્નીનો નાશ કરવાને તલવાર લઇ ઉભા થઈ ગયા. ત્યાં વિશ્વામિત્રે આવી તેમને સત્યથી ચલાયમાન થવા બહુ બહુ સમજાવ્યા. રાજ્ય પણ પાછું આપી દેવાનું જણાવ્યું. છતાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર સર્વસ્વનો નાશ થયા છતાં જરાએ પોતાના સત્યથી ડગ્યા નહિ અને પોતાના માલિક અંત્યજના પૈસા નહિ આપેલા હોવાથી પોતાની પત્નીને મારવા તલવાર ઉગામી.

આવા તેમના સત્ય ટેકને જોઇ સર્વ દેવતાઓ પ્રસન્ન થઈ ગયા. પ્રત્યક્ષ દર્શન આપી તેમના સર્વ મનોરથો પરિપૂર્ણ કર્યા અને મહર્ષિ વિશ્વામિત્રે પણ બહુ પ્રસન્ન થઇ તેમનું રાજ્ય તેમને પુનઃ સ્વાધીન કર્યું. આવા સત્યવાદી હરિશ્ચંદ્રને આ ભારતવર્ષમાં કોણ નથી જાણતું ! જેમની કીર્તી હજુ સુધી પણ આ ભૂમિમાં કાયમ રહી છે અને રહેશે.

જેમ હરિશ્ચંદ્ર સત્યને માટે પ્રસિદ્ધ છે તેવી જ રીતે પાંડુપુત્ર મહારાજા યુધિષ્ઠિર પણ સત્યને લીધે ઘણી જ પ્રસિદ્ધિ પામ્યા છે. તેમના સત્યના પ્રભાવથી એમનો રથ પણ પૃથ્વીથી હાથ ઉંચે ચાલતો હતો. પરંતુ કૌરવ પાંડવના યુદ્ધ પ્રસંગમાં 'નરો વા કુંજરો વા' એમ અર્ધ સત્ય બોલ્યા, તેથી તેમનો પ્રભાવ ઓછો થઇ ગયો. રથની ગતિ નીચી થઇ ગઇ. આ પ્રમાણે સત્યનું અલૌકિક માહાત્મ્ય છે.

જરાપણ અસત્યનો ઉચ્ચાર કરવામાં આવે તો તેજની હાનિ થઇ જાય છે. સત્યની પ્રતિષ્ઠા અપૂર્વ છે માટે વિદ્યાર્થી ગણો ! તમે પણ સત્યનું પરિપાલન કરવા તત્પર થાઓ. સાચો પ્રભુનો ભકત કોઇપણ વખત અસત્ય બોલે નહિ. તમો પણ સાચા પ્રભુના ભકત બનો. વિદ્યા-વિનય પ્રાપ્ત કરે અને સત્ય ન બોલે, પ્રમાણિકપણે વર્તાવ ન કરે, અનેક જુઠા પ્રપંચો કરીને પોતાનું જીવન નભાવે એ ઘણું જ અયોગ્ય છે. માટે પ્રમાણિકપણે સત્યથી જ લક્ષ્મી પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ કરવો. ગમે તેવો પ્રસંગ આવે છતાં અસત્ય વ્યવહાર કોઇપણ વખત ન જ કરવો જોઇએ. આ લેખમાંથી મુખ્ય આ જ સાર લેવાનો છે. માટે બોલો, 'સત્યમેવ જયતે' 'સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્'.

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડના વર્ષ ૭ સંવત ૧૯૮૮ શ્રાવણ, અંક ૫માંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ તવાસ્મિ ॥

લે. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

સર્વા ભોગ્યા સુધા બોલે, ભગવદ્ ભોગ્યા સુધા બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૪
ભક્ત ભોગ્યા સુધા બોલે, યુગલની અધર સુધા બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૫
યુગલનું અંતર રમણ બોલે, યુગલનું બાહ્ય રમણ બોલે,
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૬
યુગલનાં ગુપ્ત રસ બોલે, યુગલના ગુપ્ત ભાવ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૭
યુગલનાં સ્વપ્ન દર્શન બોલે, યુગલના સ્વપ્નાનું ભવ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૮

યુગલના સંયોગ બોલે, યુગલના વિયોગ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૧૯

સમયાંતર સંયોગ બોલે, પલકાંતર વિયોગ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૦

લતાંતર સંયોગ બોલે, વનાંતર વિયોગ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૧

વૃક્ષાંતર સંયોગ બોલે, ગ્રામાંતર વિયોગ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૨

યુગલના સુરત સંગ્રામ બોલે, યુગલની ભર રૂચિ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૩

યુગલનાં યુગલ બોલે, યુગલનાં મધ્યા બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૪

યુગલની કાયા બોલે, યુગલની છાયા બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૫

યુગલનાં સ્વરૂપ બોલે, રસ રૂપ યુગલ બોલે;
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ. ૨૬

(ક્રમશઃ)

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી ‘વ્રજ’ ધોરાજી**

૫૧. પૂર્ણાનંદ રૂપ

પુર્ણાનંદ શ્રી વલ્લભરાય,
આંતર બાહ્યાનંદ પરિપુરન, કુંજશયન રહસ્ય સુખદાય. ૧
નિજાનંદ અનુરકત નિરંતર, યહ રસ રોમ રોમ દરસાય,
સર્વાનંદમય પ્રથમઇશ પ્રભુ, સદા સદા ‘વ્રજ’ કે મન ભાય. ૨

૫૨. પુર્ણ કામ રૂપ

શ્રી પ્રથમેશ જુ પુરન કામ;
અનંત કોટી બ્રહ્માંડ કે નાયક, સબ સુખ ઓર સબ રસ કે ધામ. ૧
ચાહે સોઇ કરે એક છીન મે, ભકતન કે સબબિધ વિશ્રામ,
દૈવીજન કે પુરત મનોરથ, શ્રી વલ્લભ ‘વ્રજ’ કી સુખ દામ ૨

૫૩. વાક્પતિ રૂપ

ભઇ શારદા પરમ સનાથ;
પ્રગટ ઉચ્ચાર નહીં જબ પ્રગટી, ભઇ દુખી અકારથ ગાથ. ૧
કીયે અંગીકૃત વૈશ્વાનર વિભુ, હરખિતં ભઈ મિલે નિજનાથ,
પાયો સુહાગ ‘વ્રજ’ કે વલ્લભકો, પ્રેમ વિવસ હ્વે નવાંગો માથ. ૨

૫૪. વિબુદ્ધેશ્વર રૂપ

ગોપ ગોપી હે વ્રજ કે દેવ,
ગણિતાનંદ દેવ દેવી સબ, રંક બિચારે કહા કરે સેવ. ૧
જાને કહા અલૌકિક રીતે, વિષય પંક કે ભોકતા ભેવ,
સર્વેશ્વર પ્રથમેશશ્રી ‘વ્રજ’ પતિ, ચાહે સોઇ કરે તતખેવ. ૨

૫૫. કૃષ્ણ નામ સહસ્ત્રસ્યવકતા રૂપ

નામ કરણ શ્રી પુરૂષોત્તમ કે,
કીયે શ્રી વલ્લભરાંય વિધાતા, કૃષ્ણ સહસ્ત્ર નામ બિધ બિધ કે. ૧
દૈવિ હિત નિજવંશ પરિશ્રમ, હરિજન સદા રહન હે છકે;
શ્રી પ્રથમેશ ‘વ્રજ’ કે સુખદાતા, ભાગ્ય સૌભાગ્ય દાની ઓર સખે. ૨

(ક્રમશઃ)

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૭૧. રાગ-પૂર્વી (વૈ. ૫૯)

વંદૌ શ્રી નારાયનદાસ દિવાન,
નગર ઠઠ્ઠામેં વાસ કરત હૈ, સખી 'કેતક' રસકી ખાન. ૧
જિનકે સેવ્ય શ્રી મદનમોહનજી, બિરાજે સુદામાપુરી સ્થાન;
શ્રી ગોવિંદ પ્રભુ સેવન હૈ, નેગ ભોગ કર સરસ બંધાન. ૨
ભયે ફોડા અંગ અંગસો, આછે કીયે ધર ચરન અરુ પાન;
લે શરન શ્રી વલ્લભ પ્રભુને, ધાર્ય વિવેક આશ્રય કર દાન. ૩
ચરન છાપ દીયે કુમકુમસોં, ધરત ભોગ કરત ખાનપાન;
બંદિખાનો દીયો બાદશાહને, પાંચ લાખ દંડ હી ઠાન. ૪
પાંચ હજાર દીયે વિપ્રનકોં, શ્રી વલ્લભ સેવક પહિચાન;
ડરે નહીં કછુ માર ચાબુક તે, ઐસે મહા જો હૈ ધૈર્યવાન. ૫
જાની બાત જબ બાદશાહને, કરન લગ્યો વે અતિહી બખાન;
'લાલદાસ' ઐસે ભકતન કોં, બાર બાર હોં કરૌં પ્રનામ. ૬

૭૨. રાગ-પૂર્વી (વૈ. ૬૦)

વંદૌ સિંહનંદ કી ક્ષત્રાની,
લીલા સ્વરૂપ ઇનકોં 'સુનંદા', વહુ ઉપનંદ મહા સયાની. ૧
પતિ પિતા અરુ માત મરે જબ, ગોરજા-સમરાઇ સંગ આની;
બુટી કાઢ દઈ પ્રીતિસોં, શ્રી દામોદર આજ્ઞા માની. ૨
શ્રી વલ્લભકો શરણ ગહ્યો હે, બાલકૃષ્ણ સેવત સુખદાની;
તરકારી લે કાછિની આવત, ટેર બુલાવન પ્રભુ મધુરી બાની. ૩
સૂત કાંત નિર્વાહ કરત હૈ, આરોગત તુતઇ રસખાની;
'લાલદાસ' પ્રભુ ભકતાધિન હૈ, કહા રંક કહા રાજારાની. ૪

–ક્રમશઃ

॥ શ્રીનાથજીઃ ॥

પુષ્ટિ માર્ગનું પ્રાકટ્ય (નાટિકા)

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ચરણરજ' સુરત**

(ગતાંકથી ચાલુ)

પ્રવેશ ૫ મો

સ્થળ : શ્રી ગિરિરાજની તળેટી

[વૈષ્ણવોની સત્સંગ સભા]

મુખ્ય વૈષ્ણવ–વ્હાલા વૈષ્ણવો ! સહસ્ત્ર પરિવત્સરથી ભુતલ પર ભટકતા દૈવી જીવો જે તદ્દન નિઃસાધન અને નિરાધાર હતા, તેના ઉદ્ધાર માટે ચંપારણ્યમાં શ્રીમદ્ વલ્લભ પ્રકટ થયા છે. હું દર્શન કરીને આવ્યો છું. શ્રી વલ્લભનું પ્રાકટ્ય અગ્નિ કુંડમાંથી થયું છે. શ્રી વલ્લભના પિતાજી શ્રી લક્ષ્મણભટ્ટજી શ્રી વસુદેવ સ્વરૂપ અને આપના ધર્મ પત્નિ શ્રી ઈલ્લમાગારૂજી શ્રી દેવકીજીના ભાવથી સંપન્ન છે. જેની કુખથી શ્રી વલ્લભનું અલૌકિક પ્રકારથી પ્રાકટ્ય થયું છે.

આપના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે જે અલૌકિક આનંદ નો સાગર ઉછળ્યો છે તે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના અલૌકિક આનંદની યાદ તાજી કરાવે છે. અસંખ્ય ઋષિ મુનિયો, દેવ ગંધર્વો ગુણાનુવાદ ગાઈ રહ્યા હતા. વ્રજની સમગ્ર લીલા સામગ્રી સહિત શ્રી નંદ યશોદાજી ગોપી ગ્વાલ પધાર્યા હતા. દહીં, દૂધ, માખણનો કીચ બની ગયો હતો. દેહાનુસંધાન ભુલીને નાચી રહ્યા હતા, જે આનંદનું વર્ણન દેવાધિદેવો પણ કરી શકે નહીં. તો મારા જેવાનું શું ગજું ? આપણે તો શ્રી વલ્લભના પ્રભુના પ્રાકટ્યની એક વધાઇ બોલી ધન્ય બનીએ.

રાગ–કાન્હરો

પ્રગટે પુષ્ટિ મહારસ દૈન;
શ્રી વલ્લભ હરિભાવ અગ્નિમુખ,
રૂપ સમર્પિત લૈન. ૧
નિત્ય સંબંધ કરાય દયાનિધિ,
વિરહ અલૌકિક બૈન;
યહ પ્રાકટ્ય રહત હૃદયમેં,
તીન લોકકે અભૈન. ૨
રહિયે ધ્યાન સદા ઈનિકે પદ,
પાતક કોઉ ન લગૈન;
'રસિક' યહ નિરધાર નિગમ મતિ,
સાધન ઔર નહૈન. ૩

વ્હાલા વૈષ્ણવો ! ચંપારણ્યમાં શ્રી વલ્લભ પ્રભુ પ્રાકટ્યનો અલૌકિક આનંદ લઈને અહીં આવ્યો તો અહીં પણ વધાઈના મંગળ સમાચાર પ્રાપ્ત થયા કે શ્રી ગિરિરાજજીની કંદરામાંથી શ્રીનાથજી પ્રકટ થયા છે. સારસ્વત કલ્પમાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રકટ થયા હતા તે પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ શ્રીનાથજી સ્વરૂપે પ્રકટ થયા છે. યદુકુળના આચાર્ય શ્રીગર્ગાચાર્યજીએ પોતાના ગ્રંથ 'ગર્ગસંહિતા' માં જે ભવિષ્ય ભાખેલું છે, તે મુજબ અત્રે શ્રીનાથજીનું

પ્રાકટ્ય થયું છે. આપણે તેના ગુણાનુવાદ ગાઈએ—

ધોળ

સાચા સગા શ્રીનાથજી સાહેલી મારે,
સાચા સગા શ્રીનાથજી.
બીજા સગા સહુ મુખથી કહેવાના,
દુઃખમાં ન આપે સાથજી....સાહેલી૦
આખા બ્રહ્માંડના એ અલબેલા ઈશ છે,
જગની દોરી એના હાથજી....સાહેલી૦
એના ચરણ છોડી બીજે ના ભટકવું,
બીજે છે ધુમાડાની બાથજી....સાહેલી૦
'ગોપાલદાસ' એના ચરણનો દાસ છે,
શરણ પડયો છું અનાથજી....સાહેલી૦

દૈવી જીવોના ભાગ્યના દ્વાર ખુલ્લી ગયા. વ્હાલા વૈષ્ણવો ! શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઇજીની કૃપા–અનુગ્રહથી આપણે ધન્ય બની ગયા છીએ.

"શ્રી યમુને અરૂ પ્રાણ પતિ, પ્રાણ અરૂ પ્રાણ સુત ચહુ જને જીવ પર દયા વિચારી"

બોલો વૈષ્ણવો સ્નેહપૂર્વક—

શ્રી ગિરિરાજ ધરણકી જય, શ્રી બાલકૃષ્ણલાલપ્યારેકી જય, શ્રી યમુને મહારાણીકી જય, શ્રી વલ્લભાધીશ પ્રભુકી જય, શ્રી ગુસાંઇજી પરમ દયાળકી જય, શ્રી વ્રજરત્નલાલજી મહારાજકી જય, શ્રી બાલકૃષ્ણલાલકી જય, શ્રી કલ્યાણરાય બાવાકી જય, શ્રી વલ્લભલાલ પ્યારેકી જય, સમસ્ત શ્રી વલ્લભકુળ પરિવારકી જય—

આશરાનું પદ

શ્રી વલ્લભ પદ કમલ મનાઉં,
કર્ણધાર નર તન વો હિત કે;
તકિ શરણાગત આઉં. ૧
ચરણાંબુજ પરાગ કલ ધ્યાવત,
મૈં પુનિત યશ પાઉં;
રજ અંજન દૃગ આંજિ વિમલ કરિ,
દ્વૈત ભેદ બિસરાઉં. ૨
કૃપા કટાક્ષિ દૃષ્ટિ અવલોકનિ,
કરત હિયે હરષાઉં;
વચનામૃત રસધાર પ્રબલ,
મેં કલિ તરૂમૂલ નસાઉં. ૩
શુદ્ધાદ્વૈત રસાત્મક વ્રજપતિ,
તુમ ગુણ કિહિ વિધિ ગાઉં;
'વલ્લભ' કે સ્વામી વાણી પતિ,
તુમ તજિ કિહિ ઢિંગ જાઉં. ૪

[પડદો પડે છે]

—સમાપ્ત

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૫૧/-
પ. ભ. શ્રી મોહનલાલ એ. સોની
અમદાવાદના જયશ્રી કૃષ્ણ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

[ગયા અંકમાં નવયુવકો માટેનો લેખ આપણે વાંચ્યો નવયુવકોને પુષ્ટિમાર્ગમાં જોઇએ તેટલી રૂચિ કેમ દેખાતી નથી]

મારા કાને ઘોંઘાટનો શબ્દ પડતાં મારી તંદ્રા ખુલી અરે! હું તો અમેરીકા જઇ રહ્યો છું ચિત્તની વૃત્તિ કયાંની કયાં નિકળી ગઇ. હવે આ યાનમાં ખરાબી આવી, અધવચ તુટી પડ્યું તો મનની બધી મનમાં જ રહી જશે અરે ! હવે થાવું હોય તે થાય 'અંતે વા મતિ આ ગતિ' એ ગીતા વાકય મુજબ હવે મતિ તો શરણ માર્ગમાં જ રાખવી ઉત્તમ. મોતથી બીવાથી કાંઇ વળતું નથી. જે ટાઈમે જે કાંઇ થવાનું હશે તે થવાનું જ છે એના કરતાં ભગવદ્ નામમાં મનને જોડવું એજ ઉત્તમ રસ્તો છે.

કેવી સુંદર સ્મૃતિ ચાલુ હતી. ભારત અન્નકોટની સ્મૃતિ મારા મનમાં ચાલતી હતી વૈષ્ણવોની ભીડ, કીર્તનની ભાવના એમાં આ કઠોર શબ્દ કાને પડથો 'સાવધાન' અરે હવે તો 'નિજેચ્છાત કરિષ્યતિ' પ્રભુની ઇચ્છા હશે તેમ થાશે. ડરપોક બની ગભરાઇ જવું તેનાં કરતાં અંતિમ સાધન કરનું સારૂં આમ વિચાર કરીને મારી રોજની ટેવ મુજબ અષ્ટાક્ષર (શ્રીકૃષ્ણઃ શરણં મમ) નું સ્મરણ આંખો વીંચીને ચાલુ રાખ્યું. જો મારૂં મન પ્રભુમાં લીન હશે તો પછી આ દેહનું ગમે તે થાય કાળરૂપી લુટેરા શું લુંટી જવાનો છે. દેહનાશવંત, આત્મા અજર અમર છે. ભગવદ્ નામના સ્મરણમાં જ રહેવું થાવું હોઇ તે થાય.

એક વાકય 'નવરત્ન'નું યાદ આનું 'ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્' પ્રભુ પોતાને શરણે આવેલા જીવોની લૌકિક ગતિ કદાપિ નહીં જ કરે આ શ્રી મહાપ્રભુજીનું વાકય છે. આના ઉપર મને વિશ્વાસ છે. માટે મારા મનને સ્થિર કરીને નામ સ્મરણજ કરવું ભલે, જે થાવું હોય તે થાય.

યાનમાં તો કકળાટ, ફફડાટ, ગભરાટ મચી ગયો હતો પરાણે આવા કઠોર શબ્દ કાને પડતા હતા. સૌની રીતે પોતાના ઇષ્ટ દેવને પણ યાદ કરત.. જો યાન પડ્યું આટલે ઉંચેથી તો બટકુંય કોઈનું મળશે નહિ.

પ્રભુની લીલા પ્રભુ જાણે થોડીવારમાં સબ સલામતનો અવાજ કાને પડયો. મુસાફરો બધા શાંતીનો શ્વાસ લઇ સૌ સૌનાં ઇષ્ટનો આભાર માનતા હતા. હવે ચિંતાનું કોઇ કારણ જ નથી.

એન્જિન ચાલુ યાનમાં સુધારી લીધું હતું. મુસાફરો વાતો કરતા હતા. અમેરિકા નજીક આવ્યું છે. કોઇ પણ બોલે, મારૂં મન શાંત હતું, પણ મારી બાજુમાં બેઠેલા મારા મિત્ર તે તો કયારનાય હાય ! હાય ! મરી મરી ગયો રે....! ભગવાન બચાવો. કહેતા રોતા હતા. સલામતીના અવાજ પછી જ તે શાંત થયા, પણ ગભરાટ ચાલુ જ હતો, તેના હાથમાં જાસુસીની કિતાબ હતી તે કયાં પડી ગઇ તેની તેને ખબર નથી. તે તો હે ભગવાન ! બચાવો, બચાવો, જ કરતા તેણે મારો હાથ

પકડી જટકો દીધો શું ઉંઘમાં છો ? જોતો નથી કે યાનની હાલત શું થઇ ? હાહાકાર મચી ગયો હતો. હમણાં બધાં એકીસાથે યમલોકમાં પહોંચી જાત. તું તો આંખો મીંચીને બેઠો જ છો. તને બીક ન લાગી ? તું તો કેવો ઊંઘણસી માણસ છો ?

મેં તેને જવાબ દીધો– તું મને જેવો સમજે છે તેવો હું છું ? ભલા માણસ મોત તો બધાનું સાથે જ હતું પછી હાય ! હાય ! મચાવી આપણે શું કરી લેવાના હતા ! જયારે માનવ ચોરતફથી અસહાય બને, મરવાની બીકે ઇશ્વરને યાદ કરે તેનાં કરતા અગાઉથી જ તેમ કરવું શું ખોટું ? થવાનું હોય તે થાય તો પણ પ્રભુનો આશ્રય ન છુટે. મારા હાથમાંથી પુસ્તિકા તેણે લીધી. પહેલું પાનું ખોલી નજર ફેરવી. હવે કાંઇક શાંત થયો હતો. તેને પોતાની જીવની યાદ આવી. હું પણ વૈષ્ણવનો દીકરો. અમારે ઘેરે પણ વર્ષોથી સેવા છે પરંતુ મારામાં સંસ્કારની ખામી રહી ગઇ. મારા વડીલો પણ ભારતમાં છે. મને બચપણથી સોબત ખોટી, જેથી હું સંસ્કારહીન બન્યો. ન કરવાનું કર્યું, ન ખાવાનું ખાધુ. મારા મૂળ સંસ્કાર અદશ્ય થયા. આધુનિક જીવન જીવવાનું મેં પસંદ કર્યું. મોજશોખ, વ્યસનોમાં ઉતરી ગયો. બરબાદી બધી મેં જ કરી છે.

પુસ્તકને પહેલે જ પાને 'ચિંતા સંતાન હંતારો' આ મંગલાચરણ વાંચ્યું. આ મંગલાચરણ શ્રી ગુસાંઇજીએ ગાયું છે. શ્રી મહાપ્રભુજી આપ ચિંતા અને તેના સંતાનોનો નાશ કરવાવાળા છે. આપના ચરણાવિંદની રજમાં તે સામર્થ્ય છે. અરેરે ! ધિક્કાર છે મારા જીવનને ! મારા કરતા તો મારો મિત્ર આફતના સમયે ભગવદ્ નામમાં લીન રહ્યો. મિત્ર ! મને લાગે છે કે તારાથી જ આ યાન બચી ગયું. તું ભગત માણસ એક નિષ્ઠાવાળો લાગે છે. હું તો જાસુસી કિતાબ વાંચતો હતો. ભયને વખતે ભગવાનનું નામ નીકળ્યું.

હવે તું મને તો કાંઇક બતાવ, તે શું નામ લીધું, કેમ ધ્યાન ધર્યું, જરાપણ ગભરાટ તારા મોઢેથી કે ચહેરા પર દેખાણી નહીં.

મિત્ર સુરેશ ! આ કાંઇ પાંચ મિનીટમાં સમજાવી શકાય તેવી વસ્તુ નથી. પણ હજુ અડધો કલાક પછી અમેરિકા આવશે ત્યાં સુધી કાંઇક બતાવ. પ્લેનમાં ધમાચકડી મચી ગઇ તો યે તું તો શાંવ આંખો મીંચીને બેઠો જ રહ્યો. મારે તારી પાસેથી જાણવું છે. હો ન હો પણ તારા સ્મરણથી જ યાન બચ્યું છે.

મિત્ર ! ના રે ના.... એવી અંધશ્રદ્ધા રાખીશ નહીં. અંધશ્રદ્ધા તે અજ્ઞાન છે. ઇશ્વરાધીન વાત સમજવું. મોતને માટે સાંભળ.

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની

હ. દુલેરાય કલ્યાણજી રાજકોટનાજય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

જેઠ વદ ૧૧ તા. ૮-૭-૯૧ સોમવાર યોગીની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૩ તા. ૧૦-૭-૯૧ બુધવાર ગો. ચિ. દ્વારકેશલાલ બાવા (કામવન) નો જન્મદિન. (ચૌદશનો ક્ષય હોવાથી આજે)

અષાડ સુદ ૨ તા. ૧૩-૭-૯૧ શનિવાર અષાઢી બીજ રથયાત્રા.

અષાડ સુદ ૩ તા. ૧૪-૭-૯૧ રવિવાર ગો. ચિ. શ્રી અભિષેકકુમાર બાવા (મથુરા-ધોરાજી) નો તથા ગો. ચિ. શ્રી કૃષ્ણકાંત બાવા (મુંબઇ) નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૧૬-૭-૯૧ મંગળવાર શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી)નો પાટોત્સવ ગો. ચિ. શ્રી દામોદરરાય બાવા (મુંબઇ)નો જન્મદિન ગ્રીષ્મ ઋતુ પુરી થઇ.

અષાડ સુદ ૬ તા. ૧૭-૭-૯૧ બુધવાર કસુંબા છઠ્ઠ શ્રી લક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. વર્ષાઋતુની શરૂઆત થઇ ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૧૮-૭-૯૧ ગુરુવાર ગો. ચિ. મિલનકુમાર બાવા (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૧૯-૭-૯૧ શુક્રવાર ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની જામનગર) નો તથા ગો. ચિ. શ્રી પ્રમેયકુમાર બાવા (કોટા) નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી) નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૨૧-૭-૯૧ રવિવાર બેંગણ દશમ.

અષાડ સુદ ૧૧ તા. ૨૨-૭-૯૧ સોમવાર દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમોનો પ્રારંભ ધારણા પારણા વ્રત. ગો. ચિ. વ્રજેશકુમાર બાવા (કામવન) નો તથા ગો. ચિ. શ્રી લલિત ત્રિભંગી બાવા (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૨૫-૭-૯૧ ગુરૂવાર ગો. શ્રી દેવકીનંદનજી મહારાજ (શ્રી નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવા (મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૨૬-૭-૯૧ શુક્રવાર વ્યાસ પૂર્ણિમા, ગુરૂ પૂર્ણિમા, મન્વાદિ તિથિ. કચોરી પૂનમ. ગો. ચિ. શ્રી મુકુટલાલ બાવા (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન. ચાતુર્માસના નિયમનો આરંભ જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો.

અષાડ વદ ૨ તા. ૨૮-૭-૯૧ રવિવાર હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૩૦-૭-૯૧ મંગળવાર શ્રી ગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન) નો પાટોત્સવ ગો. ચિ. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રી મુરલીધર બાવાશ્રી (વેરાવળ)નો જન્મદિન

અષાડ વદ ૫ તા. ૩૧–૭–૯૧ બુધવાર ગો. ચિ. શ્રી દેવકી નંદનજી બાવાશ્રી (બોરીવલી–રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૧–૮–૯૧ ગુરૂવાર ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૩–૮–૯૧ શનિવાર જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૪–૮–૯૧ રવિવાર ગો. ચિ શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૫–૮–૯૧ સોમવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. તા. ૬–૮–૯૧ મંગળવાર કામિકા એકાદશી વ્રત ગો. શ્રી વિઠ્ઠલેશ. રાયજી મહારાજ (ઇંદોર તથા ગો. ચિ. શ્રી બાલ કૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન કુંજમાં હિંડોળા.

અષાડ વદ ૧૩ તા. ૮–૭–૯૧ ગુરૂવાર ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા) નો જન્મદિન.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવણી

૪૧૧	શ્રી કંસારા ચતુરદાસ મોતીભાઇ	વઢવાણ સીટી
૪૧૨	શ્રી પ્રભુદાસ વિઠ્ઠલદાસ	રાજકોટ
૪૧૩	શ્રી વર્ષાબેન નાનાલાલ ભટ્ટ	રાજકોટ
૪૧૪	શ્રીમતિ જયોતિબેન આનંદપરા	રાજકોટ
૪૧૫	શ્રી કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ	પાટડી
૪૧૬	શ્રી કંસારા જયંતિલાલ રતિલાલ	બહુચરાજી
૪૧૭	શ્રી દિનેશભાઈ રતિલાલ શાહ	રાજકોટ
૪૧૮	શ્રી હરિભાઇ પટેલ	રાજકોટ
૪૧૯	શ્રી કંસારા કાળીદાસ ભુરાભાઈ	વઢવાણ સીટી
૪૨૦	શ્રી કંસારા જેઠાલાલ જીવરાજભાઈ	વઢવાણ સીટી

—ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

શ્રી પ્રથમેશ ચરિતામૃત

નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજીના જીવનચરિત્ર અને અનુપમ લેખોનો સંગ્રહ તથા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના દુર્લભ ચિત્રજીઓ સહિત ૨૦૦ થી વધુ પૃષ્ઠનું પુસ્તક.

પાકું બાઈન્ડીંગ, પ્લાસ્ટીક જેકેટવાળું, ન્યોછાવર રૂ. ૨૦/– બહારગામથી મંગાવવા માટે પોસ્ટેજ ખર્ચ રૂ. ૮ વધુ મલી કુલ રૂ. ૨૮નો મ.ઓ. કરવો.

જે જે ગામોમાં શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકર્તાઓ છે, તેઓ દ્વારા ઓછામાં ઓછા પાંચ પુસ્તક મંગાવવામાં આવશે તો પોસ્ટેજ ખર્ચ કાર્યાલય ભોગવશે તો સેવાભાવી કાર્યકર્તાઓને નમ્રવિનંતી કે પોતાના ગામમાં જોઇતા પુસ્તકો તુરત મંગાવે.

નીચે લખ્યા સ્થળોએથી શ્રી પ્રથમેશ ચરિતામૃત રૂ. ૨૦/–ની ન્યોછાવરથી હાજરમાં મલી શકશે.

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, **રાજકોટ.**

શ્રી મનસુખલાલ માવજીભાઇ
શૃંગાર જ્વેલર્સ, સોની બજાર તથા
દરરોજ સાંજના શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી
દરબારગઢ પાસેથી મલશે. **રાજકોટ**

આં. રા. પુ. વૈ. પરિષદ પુસ્તક વિતરણ વિભાગ,
શ્રી સાતસ્વરૂપ હવેલી, પહેલે માળે, આં. રા. મરચન્ટ રોડ, ભૂલેશ્વર, **મુંબઇ–૨**

તા. ક. : ઉપરોક્ત પુસ્તક શ્રીવલ્લભ સુધાના ગ્રાહકોને આપવા માટે મોટે ભાગે બધી જગ્યાએ રવાના થઇ ગયા છે. જ્યાં સેવાભાવી કાર્યકર્તાઓને જેણે લવાજમ ભર્યા હોય તેમને ત્યાંથી મેળવી લેવા. અન્ય નાના ગામોમાં ટપાલથી રવાના કરેલ છે

સમાચાર

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા સુરતની ૬૭માં વર્ષની પરીક્ષા ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં પરીક્ષા આપી શકો છો.

પરીક્ષા : પ્રથમા તા. ૯–૮–૯૧ રવિવાર સવારે ૮ થી ૧૧
દ્વિતીયા તા. ૯–૮–૯૧ રવિવાર સાંજના ૩ થી ૬.
તૃતીયા તા. ૯–૮–૯૧ રવિવાર સવારે ૮ થી ૧૧.
ચતુર્થી પ્રથમ પ્રશ્નપત્ર તા. ૩–૮–૯૧ શનિવાર સાંજના ૩ થી ૬.
ચતુર્થી દ્વિતીય પ્રશ્નપત્ર તા. ૪–૮–૯૧ રવિવાર સવારે ૮ થી ૧૧.
પંચમી પરીક્ષા પ્રશ્નપત્ર તા. ૩–૮–૯૧ શનિવાર સાંજના ૩ થી ૬.
પંચમી દ્વિતીય પ્રશ્નપત્ર તા. ૪–૮–૯૧ રવિવાર સવારના ૮ થી ૧૧.

સુરત આવીને શાસ્ત્રીને ઘેર ક્રમશઃ પાંચેપાંચ પરીક્ષાઓ આપી શ્રીનાથજીની યાત્રાનું સુખ પ્રાપ્ત કરો.

ફોર્મ ફી સહિત તા. ૧–૭–૯૧ પહેલાં મોકલો. પત્રવ્યવહારનું સરનામું નીચે પ્રમાણે
શ્રી મધુસૂદન શાસ્ત્રીજી, દ્વારકાધીશ સોસાયટી, બંગલા નં.–૩, પાલનપુર પાટીયા,
બસ સ્ટેન્ડ પાસે, 'તિરુપતિ કૃપા', રાંદેર રોડ, **સુરત–૩૯૫૦૦૯**

“ઘર-ઘરમાં વસાવો નિત્ય દર્શન-સ્મરણ ચીંતનનું સાહિત્ય”

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી સમય સમય પર સુંદર ઉંપયોગી-સસ્તું-સારૂં સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. પ્રસ્તુત સાહિત્ય-પ્રસ્તુત સરનામેથી-પ્રસ્તુત ન્યોછાવરમાં મળી શકશે.

નિત્ય દર્શન-સ્મરણ	રૂ. ૨-૫૦	(એકના)	રૂ. ૨૨૫-૦૦	(એકસોના)
નિત્ય દર્શન-સ્મરણ-ચીંતન	રૂ ૪-૫૦	(એકના)	રૂ. ૪૫૦-૦૦	(એકસોના)
શ્રી વલ્લભ સ્મૃતિ અંક				
સુંદર આકર્ષક આઠ ચિત્રો	રૂ. ૧૦-૦૦	(એકના)	રૂ. ૯૦૦-૦૦	(એકસોના)
ન્યોછાવર રૂ. ૨૫-૦૦ છતાં માત્ર રૂ. ૧૦-૦૦ માં મળશે.				
વેણુમેધુર	રૂ. ૧૦-૦૦	(એકના)	રૂ. ૯૦૦-૦૦	(એકસોના)

પ્રાપ્ત સ્થાન

શ્રી વીજુભાઈ એમ. શાહ
“અનુગ્રહ” પુનીત માર્ગ, એલ જી. હોસ્પીટલના
કોર્નર પાસે, મણીનગર ચાર રસ્તા પાસે,
અમદાવાદ

શ્રી રમેશભાઇ શ્રોફ
સોની ફળીમાં, નાની દેશાઈની પોળ,
એની બેસન્ટ રોડ, **સૂરત**

શ્રી જયંતિભાઈ એસ. સોની
સોની ફળીમાં, ડો. કે. કે. શાહના દવાખાના સામે.
મુ. પો. **કપડવંજ**-૩૮૭૬૨૪૦ (જી. ખેડા)

શ્રી મનસુખભાઇ માવજીભાઇ રાણપુરા
શૃંગાર જવેલર્સ, સોની બજાર, મુ. પો. **રાજકોટ**

શ્રીમતી નીલાબહેન કિરણભાઇ પટેલ
૨૪ આમ્ર કુંજ સોસાયટી, ઈલોરા પાર્ક પાસે,
રેસકોર્ષ – **વડોદરા**

આં. પુ. વૈષ્ણવ પરિષદ તરફથી “સત્સંગની પ્રવૃત્તિને વધુ ગતિમાન” કરવા અને “પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રો” ખેલવા માટે માર્ગદર્શક ‘પુષ્ટિ સ્વાધ્યાય’ પુસ્તકનુ પ્રકાશન આગામી જન્માંષ્ટમી પર કરવામાં આવનાર છે. તેની કિમત રૂ. ૪૦-૦૦ કરતાં વધારે જાવા સંભવ છે છતાં માત્ર રૂ. ૨૫-૦૦ અગોતરા ગ્રાહકને આપવામાં આવશે તેમાં લગભગ ૧૦ આકર્ષક ચિત્રો અને એક વર્ષનો અભ્યાસક્રમ રહેશે.

આં. પુ. વૈષ્ણવ પરિષદની રૂપરેખા, પ્રગતિનો અહેવાલ, પુષ્ટિમાર્ગીય મંદિરો, પૂ. ગો. આચાર્યશ્રીઓના અને પૂ. શાસ્ત્રીઓના સરનામાં તથા પરિષદની બધી શાખાઓના સરનામા સાથે ‘પરિષદ ડીરેકટી” આગામી દિવાળી પહેલાં પ્રકાશિત કરવામાં આવનાર છે. તેની ન્યોછાવર રૂ. ૫-૦૦ રહેશે.

આ બન્ને શુભ કાર્યોમાં વૈષ્ણવો સહાયભૂત બની શકશે ‘ પુષ્ટિ સ્વાધ્યાય પુસ્તકમાં” ચિત્રો નીચે સૌજન્ય તરીકે રૂ એક હજાર અને જયશ્રીકૃષ્ણની યાદીમાં રૂ. ૨૫૧ નોંધાવીને આપ આર્થિક રીતે સહાયભૂત બનો તેવી નમ્ર પ્રાર્થના. પરિષદ ડીરેકટરીમાં રૂ ૧૨૫ નોંધાવી સહાયભૂત બનશો.

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. જસમતભાઇ ગોકળભાઇ વસોયા,
ધોરાજીની માળા પહેરામણી મનોરથ પ્રસંગે
હ. ગં. સ્વ. શાંતાબેન વસોયા તથા તેમના પરિવારના જય શ્રીકૃષ્ણ

(બીજા ટાઈટલનું ચાલુ)

બસો બાવન વૈષ્ણવની એકશો પંચમી વાર્તા પ્રમાણે એની જાણકારી પ્રાપ્ત થાય છે. જેમકે–એક સમયે શ્રી ગુસાંઈજી પોતે પ્રયાગમાં બિરાજતા હતા. ત્યારે મકરસંક્રાતિનું પર્વ આવ્યું. ચારે સંપ્રદાયના આચાર્ય સંત મહંત વિગેરે ત્રિવેણી સ્નાન માટે પ્રયાગ આવ્યા. તે વખતે શ્રીગુસાંઇજી પણ ત્રિવેણી સ્નાન માટે પધાર્યા. ત્યારે ચારે સંપ્રદાયના આચાર્યોએ શ્રી ગુસાંઈજીને નમસ્કાર કર્યા પછી બધાએ મળીને વિનંતી કરી કે, મહારાજ ! પ્રથમ સ્નાન આપ કરો, કેમકે શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કૃષ્ણદેવ રાજાની સભામાં વૈષ્ણવ ધર્મનું રક્ષણ કર્યુ છે માયાવાદનું ખંડન કર્યું છે. આમ ન થાત તો આજે વૈષ્ણવ સંપ્રદાયને કોઈ જાણતું ન હોત અગાઉ પણ આવુ પર્વ આવ્યુ હતું ત્યારે શ્રીઆચાર્યજીએ સ્વયં પ્રથમ સ્નાન કર્યું હતુ બધા સંપ્રદાયવાળાઓએ આપશ્રીને તિલક કર્યું હતું. માટે આપ પ્રથમ સ્નાન કરો. ત્યારે શ્રી ગુસાંઇજીએ પોતે ચારે સંપ્રદાયવાળાઓના આગ્રહથી પ્રથમ સ્નાન કર્યું. તે વખતે વિષ્ણુસ્વામી સંપ્રદાયવાળાઓએ શ્રી ગુંસાઇજીને આચાર્યતિલક કર્યું ત્યારે ચારે દિશાઓમાં શંખધ્વનિ થવા લાગ્યો, ઝાલર–ઘંટા વાગવા લાગ્યા તેથી આજે પણ કુંભ પર્વ પર સ્નાનની પરંપરાનો સમાદર શ્રીવલ્લભવંશજ આચાર્યચરણો દ્વારા થઇ રહ્યો છે.

વલ્લભ વૈષ્ણવ સમાજ તથા કુંભપર્વ :

શ્રીમહાપ્રભુજીના ઉપદેશ અનુસાર કૃષ્ણભકિત આપણું સર્વોત્તમ પ્રથમ કર્તવ્ય છે. વૈદિક અને લૌકિક બધાં કાર્ય ભકિત માટે જ કરવાનાં હોય છે. શ્રીમહાપ્રભુજીએ ભારત વર્ષનાં બધાં તીર્થોને પાવન કર્યા. તેથી આપણે વૈષ્ણવજનોએ શ્રીમહાપ્રભુજીના સંબંધનું ભાવન કરી. તીર્થમાં પ્રવેશ-સ્નાન-દર્શન વગેરે કરવાં જોઈએ શ્રીમહાપ્રભુજીની સાથે આપશ્રીના સબંધનું ભાવન કરતાં શ્રી દામોદરદાસજી વગેરે ભગવદીયોએ કુંભસ્નાન કર્યું હતું. કુંભસ્નાનમાં આ વૈષ્ણવોની હાજરીનું વર્ણન બેઠકચરિત્રમાં સ્પષ્ટ છે. તેથી આજે પણ શ્રીમદ્વલ્લભવંશજ આચાર્યોના આદેશથી, એમના પાવન સન્નિધાનમાં કુંભ સ્નાનનો અવસર આપણને–વૈષ્ણવ જનતાને જો મળતો હોય તો એ આપણે માટે વિશિષ્ટ સૌભાગ્યનો અવસર બને છે. માટે કુંભ પર્વ પર દિવ્ય લાભ વૈષ્ણવજનોએ ક્યારેય ચૂકવો ન જોઈએ. કેમકે સ્નાન ઉપરાંત સ્વમાર્ગીય વિવિધ લાભો પણ આપણને પ્રાપ્ત થાય છે.

પ્રિય વૈષ્ણવ ભગવદીયજનો ! યાદ રાખો, જીવનમાં અલૌકિક આનંદના અવસરોનો લાભ ભગવત કૃપાથી જ અને તે પણ ક્યારેક ક્યારેકજ મળે છે. એમાં પણ નાસિકનું આ કુંભપર્વ ચૂકી ગયા તો પછી બીજા બાર વર્ષ સુધી રાહ જોવી પડશે. માટે મિત્રમંડળી, પરિવાર સહિત આજે જ આપનો કાર્યક્રમ બનાવો.

સિંહસ્થ પર્વમાં સ્નાનનાં પવિત્ર મુહુર્ત :

શ્રાવણ સુદ ૧૧ બુધવાર તા. ૨૧–૮–૯૧ (પ્રથમ શાહી સ્નાન)
શ્રાવણ વદ ૩૦ રવિવાર તા ૯-૯-૯૧ (મહાકુંભ પર્વ સ્નાન)
ભાદરવા સુદ ૫ શુક્રવાર તા. ૧૩–૯ ૯૧ (તૃતીય શાહી સ્નાન).

વિશેષ જાણકારી :

* આ દિવ્ય પર્વ પર નાસિકમાં શ્રીવલ્લભાચાર્યનગર વસાવાશે. એમાં પધારેલ પૂ. પા. આચાર્યચરણો તથા શાસ્રીય વિદ્વાનો તેમજ વૈષ્ણવજનો માટે રહેવાની વ્યવસ્થા વ્રજયાત્રાની જેમ પાલોમાં કરાશે. આઠ વ્યકિત રહી શકે એવા મોટા પાલ-ઈ. પી ટેન્ટ, તથા ચાર વ્યકિત રહી શકે એવા નાના પાલ–છોલદારીની વ્યવસ્થા રહેશે. વૈષ્ણવજનો કાર્યાલય સાથે સંપર્ક સાધી, એક માસ માટે પાલનું બુકિંગ કરાવી શકશે. ન્યોછાવરની જાણકારી કાર્યાલયમાંથી મળશે. બુકિંગ વહેલા તે પહેલાના ધોરણે થશે. માટે આજે જ સંપર્ક સાધો વૈષ્ણવજનો માટે મહાપ્રસાદ વગેરેની વ્યવસ્થા પણ કરાશે.

* કીર્તન શિબિરનું સંચાલન કીર્તનકાર શ્રીવિઠ્ઠલદાસ બાપોદરા કરશે. અન્ય કાર્યક્રમોના વકતા વગેરેની જાણકારી યથાસમય પ્રાપ્ત થશે.

નિવેદન : શ્રીવલ્લભાચાર્ય નગર કુંભપર્વ આયોજન સમિતિ આંતરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંપર્ક :આંતરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ. પલટન રોડ, પોલિસ સ્ટેશનની સામે, સીતારામ બિલ્ડિંગ, મુંબઇ–૪૦૦ ૦૦૧. ફોન : **૨૫૯૯૨૧૯**

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

શ્રી ગુરુદેવના સ્વરૂપ ગુણના મહિમાનું ધોળ

(રાગ : ઢાળ–શ્રીમદ્ ભાગવતના આંબાનો)

પ્રથમ પ્રણમું શ્રી વલ્લભ દેવને, હું તો ગુરુ ચરણે લાગુ પાય.... ધન્ય ગુરુદેવને૦ ૧
જીવને બ્રહ્મસંબંધ કરાવીને, પુરુષોત્તમનું કીધું જેણે દાન... ધન્ય૦ ,, ૨
મહામંત્ર સબળ જીવને આપીયો, આપ્યા નિર્ભય પદ નિર્વાણ.... ધન્ય૦ ,, ૩
સાથે અષ્ટ સિદ્ધિ આપી દાનમાં, દોષ દૂર કીધાં સરવે જાણ.... ધન્ય૦ ,, ૪
ભલે ભૂતળના રજકણ જેને ગણ્યા, તો પણ ગુરુના ગુણ નવ ગવાય.... ધન્ય૦ ,, ૫
ભલે મેઘના બુંદની ગણના કો કરે, ગુરુના ગુણની તુલના નવ થાય.... ધન્ય૦ ,, ૬
કોઇએ આકાશના તારા ભલે ગણ્યા, ગુરુના ગુણ ન ગણી શકે કોય.... ધન્ય૦ ,, ૭
શેષ સહસ્ર મુખે ભલે ઉચ્ચરે, પાર પામે નહીં તેનો તોય.... ધન્ય૦ ,, ૮
જેણે ગુરુને પુરુષોત્તમ જાણ્યા નહીં, તેનો એળે ગયો અવતાર.... ધન્ય૦ ,, ૯
ધન્ય જે જીવે ગુરુદેવને ઓળખ્યા, તેનો સફળ થયો સંસાર.... ધન્ય૦ ,, ૧૦
ગુરુ પ્રતાપે ગુરુ ગુણ જણાય છે, ગુરુ આપે ગોલોકમાં વાસ.... ધન્ય૦ ,, ૧૧
દાસને નિત્ય લીલાનાં સુખ આપજો, 'શુક' માગે છે ચરણમાં વાસ.... ધન્ય૦ ,, ૧૨

—પ.ભ. શ્રી પોપટલાલ રામજીભાઇ, જેતપુર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

ઠકુરાની તીજ કે પદ

આજ ધન્ય ઠકુરાની તીજ ।
યા ઉત્સવ ન્યોછાવરી જન ઉર, પરત પ્રેમકે બીજ ॥૧॥

ઈનિકો રાજ શ્યામ સુંદર પે, બજતિ અખંડ બધાઈ ।
સબ શૃંગાર લોક નાયક સો, રહત સદા શરણાઈ ॥૨॥

સકલ સભાસદ બ્રજ યુવતી જન, વૈભવ કૌન ગિનાવે ।
વૈત્રપણિ શોભા રસ સંકુલ, રુખ બિચાર શિર નાવે ॥૩॥

નિત્ય સુભગ સૌભાગ્ય અખંડલ, સુખ સમાજ આધિન ।
ભક્તિ પુષ્ટિ મરીયાદ લુબ્ધ પદ, યોં જલ સાની મીન ॥૪॥

અતિ ઉદાર ચિંતામણી ભોરી, ચતુર સુધા ગંભીર ।
‘વલ્લભ’ તહાં દાતિ હંસિ પાઈ, કૃપા અતુલ જાગીર ॥૫॥

–શ્રી વલ્લભદાસ બાજીલાલ, દેવરી (ગ્વાલીયર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૫ ✿ ઑગષ્ટ, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * **આજીવન રૂ. ૨૫૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

જામનગરવાળા શ્રી વ્રજલતા વહુજી મહારાજનો નિત્ય લીલાપ્રવેશ

પ. પુ. વંદનીય નિત્ય લીલાસ્થ વ્રજલત્તાવહુજી મહારાજનો જન્મ સં. ૧૯૮૨ શ્રાવણ વદ અમાસના રોજ વ્રજના ચંદોસી ગામમાં થયો હતો. તેઓશ્રીની બાલ્યવસ્થા પ્રથમેશ કોટાના માજી મહારાજ જેને શ્રી મથુરેશજી સાનુભાવ હતા તથા ચતુર્થ પીઠ ગોકુલના માજી મહારાજની છત્રછાયામાં વ્યતિત્ત થયેલી.

તેઓશ્રી મોટાબહેન નડીયાદવાળા પ. પૂ. નિ. લી. શ્રી મહાલક્ષ્મી વહુજી સાથે જામનગર પધારેલ. તેઓશ્રીનો વિવાહ પ્રસ્તાવ જુનાગઢમાં વિ. સં. ૧૯૯૭માં નિ લી પ. પુ. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી સાથે સંપન્ન થયેલ.

પ. પૂ. શ્રી ભાભીજી મહારાજ બાલ્યાવસ્થામાંથી જ પદરચના–કિર્તનરચના ગરબાઓની રચના કરતા હતા. લગ્ન પછી એમના કવિત્વને ખીલવવાનું શ્રેય પ. પૂ. ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીને ફાળે જાય છે. તેઓશ્રીએ શ્રીમદ્ભાગવત, શ્રીસુબોધિનીજી, અણુભાષ્ય, શિક્ષાપત્ર આદીનો તલસ્પર્શી અભ્યાસ નિ. શ્રી પ. પૂ. દાદાશ્રી પાસે કરેલો.

પ. પુ. નિ. લી દાદાશ્રીના દિશા સુચનથી જ ઘણું ભગવદજ્ઞાન પ્રાપ્ત થતાં તેના ફળના સ્વરૂપે એક ગુંજરાતીમાં ‘શ્રીશ્યામ સુધા’ નામક કિર્તન રચના અને એક હિન્દી વ્રજભાષામાં “શ્યામામૃત રસાર્ણવ” નામક પદ રચનનો ગ્રથ રચેલ, જેમાં આશરે ૩૦૦ ઉપરાંત પદોનો સંગ્રહ છે,

હર–હંમેશ ભગવત સેવા પરાયણ રહેતા નિ. લી. પ. પુ. ભાભીજી મહારાજ પદ રચના ઉપરાંત શ્રી ભાગવત, શ્રીસુબોધિનીજી શિક્ષાપત્ર ષોડશગ્રંથ વગેરેનું અદયયન સ્વયં અર્થાવગાહન કરવા પ્રયત્નશીલ રહ્યાં છે, જેનાથી વૈષ્ણવ બહેનો ખૂબજ પરિચિત છે તેઓશ્રી વચનામૃતનું પાન વૈષ્ણવ બહેનોને વારંવાર કરાવતા.

ખાસ કરીને અખંડભૂમંડળાચાર્ય જગદગુરુ શ્રીમદવલ્લભાચાર્ય ચરણના પ્રતિવર્ષ ઉજવતા પ્રાકટય મહોત્સવના ઉપલક્ષ્યમાં, મહિલા સભાઓનું આયોજન કરી તેમાં સ્વમાર્ગીય સિદ્ધાંતોની સમજણ સાદી–સરળ શૈલીમાં આપતા

નિ. લી. પ. પુ. દાદાશ્રી એટલે શ્રીમદ ભાગવતનું મુર્તિમંત સ્વરૂપ આપલીને પ્રથમથી–મધ્યથી–આદિથી ગમે ત્યાંથી શ્રીમદ ભાગવત સંપુર્ણ હૃદયારૂઢ હતું. આપશ્રીએ શ્રીસુબોધિનીજીનું હિન્દી ભાષાંતર કરાવેલ આવી જ રીતે પ. પુ. નિ. લી. ભાભીજી મહારાજ પણ પુષ્ટિમાર્ગની પ્રાચીન પ્રણાલીના ખુબજ આગૃહી હતા. આપ સેવા–સ્મરણ–કિર્તન–વસ્ત્રસેવા–શ્રુંગાર–સામગ્રી–ધોળપદ ગાવા અને ગવરાવવા, આરતી પુરવી, હિંડોળાની સજાવટ તથા પુષ્ટિમાર્ગીય સાહિત્ય–સંગત–કલાના તલસ્પર્શી જ્ઞાતા હતા. તેઓશ્રી વૈષ્ણવ સૃષ્ટિના પ્રેરણામુર્તિ હતા.

જામનગર–નિ. લી પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજના સહધર્મચારીણી પૂ. પા. શ્રી વ્રજલતા વહુજી મહારાજને ભાવાંજલી અર્પવા તા. ૧–૭–૯૧ ના રોજ આણંદા બાવા આશ્રમના હોલમાં સંત શ્રી મનહરલાલજી મહારાજના અધ્યક્ષ સ્થાને એક શ્રદ્ધાંજલી સભાનું આયોજન જામનગર વૈષ્ણવ સમાજ દ્વારા કરવામા આવેલ.

પ. ભ. શ્રી વલ્લભભાઈ ચૌટાઈ, શ્રી શામજીભાઈ, શ્રી ધીરૂભાઈ વગેરેએ પૂ. ભાભીજી મહારાજના ગુણાનુવાદ કરતાં આપશ્રીની હિંડોરા-સાંજી વગેરેની સેવાઓનું સ્મરણ કરેલ,

વિશ્વ હિંદુ પરિષદે (જામનગર)ના પ્રમુખ અને પૂ. મહારાજશ્રીના અંગત તબીબ ડૉ. જગદિશભાઈ ધોળકીયાએ વિ. હિ. પ. ના અનેક કાર્યોમાં પૂ. શ્રી ભાભીજી મહારાજ અને પૂ. શ્રી હરિરાયજી, પૂ શ્રી નવનિતલાલજી વગેરે બાળકો પણ પૂ. શ્રી ભાભીજી મહારાજની આજ્ઞાથી વિ. હિ. પ. ના સંતસમેલન ધર્મ સભા વગેરેમાં ઉપસ્થિત રહેતા તે યાદ કરેલ.

જગેન્દ્રભાઈ અંડાલજાએ જણાવ્યું કે પૂ. શ્રી ભાભીજી મહારાજ તથા નિ. લી. પૂ. શ્રી દાદાજી મહારાજનો ગ્રહસ્થાશ્રમ એક આદર્શ અલૌકિક હતો. પાઠશાળાના શ્રી મુકેશભાઈ છાપીયાએ પુ. શ્રી ભાભીજી મહારાજનું માર્ગદર્શન માતુતુલ્ય ભાવે પાઠશાળાને મળતુ તે સ્મરણ કરેલ.

(અનુસંધાન પા ૩ ઉપર)

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૫ * ઓગષ્ટ, ૧૯૯૧

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ ભગવદાશ્રય ॥

પ્રવક્તા : નિ.લી.ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.
(–ગતાંકથી ચાલુ)

એવું કોઈ સ્થાન નથી કે જ્યાં ભગવાન ન હોય. સર્વત્ર ભગવાન છે તો આપણે ભયભીત થવાની કે નિરાશ થવાની આવશ્યકતા નથી. એ સમયે હિંદુ જાતિ એક રીતે નિરાશ થઇ ગઇ હતી. ઘણા પ્રયત્ન કર્યા પરંતુ સફળતાના દર્શન થતા ન હતા. આપે એ સંદેશ આપ્યો કે આપણે નિરાશ થવાની જરાપણ જરૂરત નથી. એ ઠીક છે કે આજે આપણે પરાધીન છીએ. આપણા પર અત્યાચાર કરવામાં આવે છે અને ધર્મનું પાલન કરવામાં વિઘ્ન ઉભા કરવામાં આવે છે, ત્યાં સુધી કે આપણને ધર્મભ્રષ્ટ પણ કરવામાં આવે છે. આટલું બધું થવા છતાં પણ આપણે જો ભગવાનના આશ્રિત હોઇએ, ભગવાનનો આશ્રય આપણા હૃદયમાં હોય તો આપણે કોઇ રીતે પણ ધર્મથી પતિત થઇ ગયા એમ સમજવાની આવશ્યકતા નથી. ધર્મથી એ વ્યક્તિ પતિત થઇ જાય છે. જે ભગવાનને અને તેની કૃપાને

ભૂલી જાય છે. ભગવદાશ્રયને જે અનુસરે છે તે સર્વદા ધર્મપરાયણ છે, તેનાથી બીજા ધર્મોનું પાલન થાય કે ન થાય. આ સંદેશ આપે આપેલ છે કે, 'સ્વધર્માચરણમ્ શકત્યા' શક્તિ અનુસાર સ્વધર્મનું આચરણ થવું જોઇએ. એ ઠીક છે કે ઘણા ધર્માચરણ કરવાની સુવિધા આજે આપણને મળતી નથી, વિઘ્નો ઉભા કરવામાં આવે છે અને આપણા જે પવિત્ર તીર્થ છે તેમને પણ નષ્ટભ્રષ્ટ કરવામાં આવે છે. તે દુષ્ટોથી તંગ આવી ગયા છે અને તે પવિત્ર તીર્થ જે પવિત્રતાનો સંદેશ દેવાવાળા હતા તે પાપના જ સ્થાન બની ગયા છે. પરંતુ છતાં પણ નિરાશ થવાની આવશ્યકતા નથી.

> ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ।
> તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥

આપ આપણને શું બતાવે છે કે ગંગા આદિ સર્વ શ્રેષ્ઠ તીર્થ છે, તીર્થરાજ છે તે બધા દુષ્ટોથી છવાઇ રહ્યા છે. દુષ્ટોનું જ ત્યાં વિશેષ જોર વધી રહ્યું છે અને તેનાથી થયું શું કે તેમનું જે આધિદૈવિક સ્વરૂપ હતું તે અદશ્ય થઇ ગયું. તો હવે શું કરવું ? જે આશ્રય હતો જે આપણા રક્ષક હતા તે અદશ્ય થઇ ગયા તો શું કરવું જોઇએ ?

તો આપે કહ્યું કે તે અદશ્ય છે પરંતુ કોના માટે ? જે ભગવાનથી બહિર્મુખ છે તેમના માટે. ભગવાન સન્મુખ જે છે, જે ભગવદીય છે તેમને માટે તીર્થોની આધિદૈવિકતા ક્યારેય પણ અદશ્ય થઇ શકતી નથી. આધિભૌતિક દષ્ટિએ તે દુષ્ટોથી છવાયેલ હોય એ બની શકે છે. આધ્યાત્મિક દષ્ટિએ પણ તેઓ આજે આપણને આશ્રય આપવામાં શક્તિશાળી ન હોય તે પણ સંભવ છે. તેમનું આધિદૈવિક જે સ્વરૂપ છે તે અદશ્ય જરૂર છે પરંતુ કોના માટે ? બહિર્મુખો માટે. જે ભગવદ સન્મુખ છે તેમને માટે તો તીર્થોનું જે આધિદૈવિક સ્વરૂપ છે તે પ્રગટ છે.

જ્યારે ગંગાજીનું અવતરણ ભૂતલ પર થવાનું હતું અને ભગીરથજીએ તપસ્યા કરીને તેમની પાસેથી વરદાન પ્રાપ્ત કર્યું કે તેઓ ભૂતળ પર અવતરિત થાય. પરંતુ ગંગાજીએ કહ્યું કે ભાવ ઉત્તમ છે. જનતાને પવિત્ર કરવા માટે ગંગાજી પ્રગટ થાય તે સારૂં છે. પરંતુ આ જે દુષ્ટ લોકો છે, પાપી લોકો છે, તેઓ દરરોજ આવીને મારા પ્રવાહમાં પોતાના દોષો ધોશે. તેઓ આવીને પોતાના દોષ મને આપી જશે અને પોતે પવિત્ર થઇને ચાલ્યા જશે. આ દોષોનો જે સંગ્રહ થશે તે કેવી રીતે ધોવાશે ? હું પોતે પવિત્ર કેવી રીતે રહી શકીશ ? પૃથ્વી પર આવવામાં મને આ ભય છે. આવવા માટે હું તૈયાર છું પરંતુ આનો પણ કોઈ ઉપાય છે ? કે દરરોજ આવીને અસંખ્ય લોકો પોતાના દોષ નાખી જાય અને પોતે પવિત્ર થઇને ચાલ્યા જશે. આ દોષો મારી અંદર જ રહેશે. તેમનું ધોવાણ કઈ રીતે થાય ? તેનો કોઇ ઉપાય છે ખરો ? તીર્થોના દોષોને દુર કરવા કોઇ અમોઘ સાધન છે ? ઉપાય છે ? તો તે કયો છે ?

ઉત્તર મળ્યો કે જેમના હૃદયમાં ભગવાન બિરાજે છે. ભગવાનનો જે ભકતોના હૃદયમાં નિવાસ છે તે ભકતો આવીને જ્યારે તમારામાં સ્નાન કરશે ત્યારે આ ભકતોના અંગસ્પર્શથી

આપના જેટલાં દોષ હશે તે સર્વ નિવૃત્ત થઇ જશે. ભગવદીઓનું આ માહાત્મ્ય છે. જેનાં હૃદયમાં ભગવાનનો નિવાસ છે એવા ભગવદીય જ્યારે તીર્થોમાં જાય છે ત્યારે આચાર્યચરણ આપણને આજ્ઞા કરે છે કે તીર્થોમાં જેમનું આધિદૈવિક સ્વરૂપ લુપ્ત થઇ ગયું હતું તે સ્વરૂપ ભગવદ્ભકતોને જોઇને ફરી પ્રગટ થઇ જાય છે.

આચાર્યચરણોનો સ્પષ્ટ નિર્દેશ છે કે ભગવાનને હૃદયમાં ધારણ કરશો તો સર્વ રીતે કલ્યાણ થશે. ભગવદ્ આશ્રયનો સદેશ આચાર્યચરણોએ આપણને પ્રદાન કર્યો છે. આ સંદેશને આપણી જાતિ સુરક્ષિત રહી, તેમની ભાવના યથાવત રહી શકી. આ દૃષ્ટિએ આપણા જે લોકો પતિત થઈ ગયા હતા, આચાર ભ્રષ્ટ થઇ ગયા હતા, સ્વેચ્છાથી કે પરવશતાથી તેમને આપે આશ્રય પ્રદાન કર્યો. આપે કહ્યું કે, પતિતોનું પાતક ત્યાં સુધી પાતક છે જ્યાં સુધી તેમને ભગવત્ સંબંધ પ્રાપ્ત નથી થયો. ભગવદ્ સંબંધ સામે એવું કોઇ પાતક નથી જે ટકી શકે. ભગવદ્ સંબંધ થવાથી જ જેટલા પણ પાતક હોય તે બધા જ વિલીન થઈ જાય છે. શુદ્ર હોય, સ્ત્રી હોય, હરિજન હોય, અરે પતિતમાં પતિત જેમની દશા થઇ ગઇ હોય એવી વ્યક્તિ પણ ભગવાનનો આશ્રય લઇને સર્વથા પાવન થઇ જાય છે. આચાર્યચરણોએ ફકત હિન્દુ જાતિની અંદર જ પતિતોનો ઉદ્ધાર કર્યો હોય એવી વાત નથી. પરંતુ યવન લોકોને પણ આપે ભગવદીય બનાવ્યા. ભગવદીયતાનો સંદેશ આપે યવનોને પણ પ્રદાન કર્યો. તાજ, રસખાન, અલીખાન વિ. મહાનુભાવ આપના જ અનુયાયી હતા. આપની જ કૃપાથી એમણે ભગવદીયતા પ્રાપ્ત કરી હતી. જેને માટે ભારતેન્દુજીએ કહ્યું છે કે– 'આ મુસલમાન હરિજનો પર કરોડો હિન્દુ વારી ગયા' ફક્ત જાતિનું અભિમાન જ અભિમાન નથી, અભિમાન તો હરિજનતાનું છે, અર્થાત્ હરિજન બની જાય તેવું અભિમાન છે. જે હરિજન નથી તે બધા પતિત છે. જાતિ કે શરીરથી તેઓ પોતાને ગમે તેટલા ઉચ્ચ માને પરંતુ જેમના હૃદયમાં ભગવાન નથી તેઓ પતિત જ છે. જે પતિતમાં પતિત હોય દેહથી, કાર્યથી પરંતુ ભગવાનનો નિવાસ, ભગવાનની કૃપા પર વિશ્વાસ જેના હૃદયમાં છે, તેઓ સર્વથા પવિત્ર છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

ચરણશરણ શ્રી વલ્લભનુ જન્મમરણ દુઃખ નાશેરે

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

પુષ્ટિમાર્ગમાં જાદુટોના કે ચમત્કાર જેવું કંઈ નથી. પરંતુ શ્રીનંદનંદન, શ્રીવલ્લભ અને શ્રી યમુનાજીના કૃપાબળથી અનન્ય વૈષ્ણવોને પ્રભુસેવા અને સ્મરણથી અલૌકિક ફલ સાધ્ય બને છે. આમાં મૂળમાં તો કરુણાકર શ્રીવલ્લભની કૃપા જ રહેલ છે. આ વાર્તાલેખમાં જે પ્રસંગ વર્ણવાયેલ છે તે આ વસ્તુનો નિર્દેશ કરે છે.

કાઠિયાવાડમાં ગોંડળ શહેરથી લગભગ એક ગાઉના અંતર પર એક નાનું રૂપકડું ગામ આવેલ છે. નામ એનું રૂપાવટી. આ ગામમાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવોના થોડા કુટુંબો વસે. તેમાં ખટાઉભાઇ નામના એક લુહાણા વૈષ્ણવનું કુટુંબ રહે.

આ ખટાઉભાઇને જેરામ નામનો એક જુવાન દીકરો હતો. આ જુવાન દીકરા પર આશા અને ઉમેદ રાખી બાપે સ્વપ્નાનો મહેલ ચણી રાખ્યો હતો. પરંતુ અચાનક આ જુવાનજોધ દીકરો આ દુનિયા છોડી ચાલી નીકળ્યો અને તેથી વૈષ્ણવે બાંધી રાખેલો સ્વપ્નમહેલ ધરાશાયી બની ગયો.

પુત્રના અકાળ મૃત્યુના કારમા ઘાથી પિતાને ખૂબ આઘાત લાગ્યો. દુઃખી હૃદયે તેમણે પોતાના પુત્રની પાછળ યોગ્ય ધાર્મિક ક્રિયાકર્મ કરાવ્યા.

બન્યું એવું કે મૃત્યુ પામેલા જુવાન પુત્ર જેરામનું જીવ જગતની કોઇ મોહમાયાવાળી વસ્તુમાં રહી ગયેલ હશે તેથી તે પ્રેત બન્યો અને તેનો દુઃખી આત્મા ભટકતો રહ્યો તે પોતાના પિતાના શરીરમાં પ્રવેશ કરતો અને તેમને પારાવાર દુઃખ દેતો.

પ્રેત જોરજોરથી હાકોટા પાડી બોલી ઉઠતો, 'મારો આત્મા અત્યંત દુઃખી છે, મારી મુક્તિ થાય તેવો કોઇ ઉપાય સત્વરે કરો.'

પ્રેતનો પ્રવેશ થતો ત્યારે આ વૈષ્ણવ ધુણવા લાગતા. આ પ્રકારના દુઃખને કારણે આ વૈષ્ણવ ચિંતામાં રહેતા. પોતાના પુત્રની પ્રેતયોનિમાંથી મુક્તિ કેવી રીતે કરાવવી તેની ફિકરમાં તેનું શરીર કૃષ થવા લાગ્યું હતું.

એક તો જુવાનજોધ પુત્રના મૃત્યુનો કારમો આઘાત અને વળી મૃત્યુ બાદ તેની આવી દુર્ગતિ ! સ્વાભાવિક રીતે જ પિતાને દુઃખ થાય. તેમણે સગાંસંબંધી અને ઓળખીતા પાળખીતા માણસોની સલાહથી પુત્રની પ્રેતયોનિમાંથી મુકિત થાય અને તેની સદ્‌ગતિ થાય તે માટે અનેક ઉપાયો કર્યા. આમ છતાં કોઈ ઉપાય કામિયાબ નીવડયો નહીં અને વસ્તુસ્થિતિ તેમ ને તેમ રહી.

રૂપાવટીમાં જામનગરવાળા ગોસ્વામી શ્રી ગિરધરલાલજી મહારાજશ્રીનાં શ્રીબેઠકજી આવેલાં છે. અવારનવાર આપશ્રી સેવા લેવા અને વચનામૃત કરવા રૂપાવટીમાં પધરામણી કરતા.

સં. ૧૮૬૯ની સાલમાં મહારાજશ્રી સેવા લેવા રૂપાવટીમાં પધાર્યા. મહારાજશ્રીના વચનામૃતના શ્રવણથી વૈષ્ણવોને આનંદ થયો. સેવા લેતાં લેતાં આપશ્રી ખટાઉભાઇ વૈષ્ણવને ત્યાં પધાર્યા.

બરાબર આ જ સમયે જેરામના પ્રેતે ખટાઉભાઇના શરીરમાં પ્રવેશ કર્યો અને તેથી તે ધુણવા લાગ્યા. ધુણતાં ધુણતાં તે અનેક પ્રકારના ધમપછાડા કરવા લાગ્યા.

પોતાના વૈષ્ણવને આવી પિડીત દશામાં જોઇ કૃપાળુ મહારાજશ્રીને તેમના પર દયા આવી. તેમણે પૂછપરછ કરી તો તે ગામના અન્ય વૈષ્ણવો પાસેથી જાણવા મળ્યું કે, આ વૈષ્ણવનો જુવાનજોધ દીકરો થોડા વખત પહેલાં મૃત્યુ પામેલ છે અને તે પોતાના પિતાના શરીરમાં પ્રેતાત્મારૂપે પ્રવેશી કનડગત કરી રહેલ છે.

સાંજે અન્ય વૈષ્ણવોની સાથે ખટાઉભાઈ પણ બેઠકજીએ મહારાજશ્રીના દર્શન-ચરણસ્પર્શ કરવા લાગ્યા.

આપશ્રીએ તેમને પૂછયું : વૈષ્ણવ, તમે તમારા પુત્ર પાછળ ધાર્મિક ક્રિયાકર્મ વિધિવત્ કરાવ્યા છે ખરા ?'

વૈષ્ણવ કહે : 'હા, કૃપાનાથ, ક્રિયાકર્મ તો વિધિ પ્રમાણે બરાબર કરાવ્યા છે અને તે ઉપરાંત બીજા અનેક ઉપાયો પણ કરેલાં છે. છતાં કાંઈ પરિણામ આવ્યું નથી. હવે આપ કૃપા કરી કોઈ ઉપાય બતાવો.'

દુઃખ જ્યારે ચરમ સીમા પર પહોંચે છે ત્યારે દીન બનેલો જીવ બીજું બધું છોડી પ્રભુને યાદ કરે છે. ખટાઉભાઈ પણ આજે બધું છોડી મહારાજશ્રીના શરણે આવ્યા.

બાવાશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવ, તમે લૌકિક ક્રિયા કર્મ તો કરાવ્યા, પરંતુ પૂ. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીએ દર્શાવેલ એક અલૌકિક ક્રિયાકર્મ કરવાનું વિસ્મરાઈ ગયું છે તે તમે કરાવો. આથી તમારા પુત્રની પ્રેતયોનિમાંથી મુક્તિ થશે, તેના આત્માને શાંતિ થશે તેની સદ્ગતિ થશે અને તમે પણ આ આધિવ્યાધિથી મુક્ત થશો. 'વલ્લભાખ્યાન' દર્શાવે છે કે 'દૈવી જીવોના ઉદ્ધારાર્થે અને શ્રી વિઠ્ઠલે ભૂતલ પર પ્રકટ અવતાર ધારણ કરેલ છે.

ચરણ ચાંખડી વંદે રાણો રાણ
સરસ કીધા જે હુતા પ્રેત પાષાણ
હતિત-પતિતનું જુઓ તમે પ્રકટ એંધાણ
શેષ સહસ્ર મુખ ઉચરે જેના વખાણ

વળી ગો. શ્રી ગોકુલનાથજીએ તો આ બાબતમાં સ્પષ્ટપણે એક અલૌકિક ઉપાય બતાવ્યો છે !

વૈષ્ણવ કહેઃ 'બાવાશ્રી, કૃપા કરી મને આજ્ઞા કરો. હું એ અલૌકિક ક્રિયા કર્મ કરાવવા આતુર છું."

મહારાજશ્રી કહેઃ "વૈષ્ણવ, તમારા પુત્રના મૃત્યુ પાછળ માલા પહેરામણીનો મનોરથની જરૂર સિદ્ધ થશે."

પછી આપશ્રીએ વૈષ્ણવને સંક્ષેપમાં તેનો વિધિ કરી સમજાવ્યો.

ડૂબતાને તરણું મળી જાય અને તે આનંદમાં આવી જાય તેમ ખટાઉભાઇ ઉત્સાહમાં આવી આનંદિત બન્યા. તેમણે પોતાના પુત્રની પાછળ માલા પહેરામણીનો મનોરથ કરવાનો નિર્ધાર કર્યો. ગામના અને આજુબાજુના ગામોના વૈષ્ણવોને ત્યાં પત્રિકા મોકલાવી તેમને આમંત્રણ પાઠવ્યા.

'શ્રી ઠાકોરની કૃપાથી મારા પુત્ર જેરામની માલા-પહેરામણીનો મનોરથ ૧૯૬૯ના શ્રાવણ

માસની પાંચમની તિથિએ નિર્ધારેલ છે તો આ પ્રસંગે મંડલી સહિત આપને પધારવા ભાવભીનું આમંત્રણ છે.”

પૂ. ગો. શ્રી ગિરધરલાલજી બાવાશ્રીની કૃપાથી અને આજ્ઞાથી આ મનોરથ થઈ રહ્યો હતો તેથી ગામના વૈષ્ણવો આનંદ ઉત્સાહથી આ વૈષ્ણવની સહાયમાં રહ્યા. મનોરથને આગલે દિવસે આજુબાજુના ગામેથી આવેલા વૈષ્ણવોનું ગામના પાદરે સામૈયું કરવામાં આવ્યું.

નંદ નંદનના લાડીલા આવ્યા સૌ વૈષ્ણવને
જય શ્રીકૃષ્ણ
વલ્લભકુલના વહાલા આવ્યા સૌ વૈષ્ણવને
જય શ્રીકૃષ્ણ
શ્યામ સુંદરના રસિયા આવ્યા સૌ વૈષ્ણવને
જય શ્રીકૃષ્ણ
આવ્યા અમારા સાચા સ્નેહી સૌ વૈષ્ણવને
જય શ્રીકૃષ્ણ

વૈષ્ણવોનું સામૈયુ કરી ગામના પાદરથી કીર્તન કરતાં કરતાં બધા ખટાઉભાઇના ગૃહ પ્રતિ ગમન કરવા લાગ્યા. કીર્તનના શબ્દો એ વાતાવરણને પુષ્ટિની સુરભિથી ભરી દીધું અને ગગન ગાજી ઊઠયું :

આવ્યાં છે શ્યામના સુહાગિયા
આજ મ્હારે આવ્યાં છે શ્યામના સુહાગિયા

કીર્તન ગાતા વૈષ્ણવે પોતાના દેહ–આત્માને ભૂલી જાણે પરમાત્મામાં તકાદાર બની ગયાં ! એમના નયન જાણે શ્યામ સુંદરના સ્વરૂપ સાથે એકતાર બની ગયાં હોય તેવા પ્રેમોન્મત લાગ્યાં ! જાણે નટખટ નટવર એમના નેત્રોમાં નાચી–હીંચી રહ્યો હોય એ ભાવથી પ્રેમરસમાં ભીંજાતાં તેઓ કીર્તન ગાતાં ગાતાં આગળ વધી રહ્યા હતા.

રમતા રસેશ એના હૃદયમાં રાતદિન
એના અનુરાગિયાં –આજ મારે
નાચે ને હીંચે એના નેત્રોમાં નટવર
લાગે એ પ્રેમરસ પાગિયાં
–આજ મારે

જેમના હૃદયમાં સાક્ષાત્ શ્રી ઠાકોરજી બિરાજતા હોય એવા રસિક ભક્તજન વૈષ્ણવોના જયાં પગલાં થાય તે ભૂમિ તીર્થભૂમિ જેવી પવિત્ર બની જાય અને એ પવિત્ર ભૂમિના રજકણોનો સ્પર્શ થતાં ગમે તેનો અપવિત્ર પાપી જીવ પણ નિષ્પાપ–પવિત્ર બની જાય એના ભક્તજનના પદરજના પ્રતાપથી સકલ કાજ સરે એમાં શો આશ્ચર્ય ?

માલાપહેરામણીના પ્રસંગ પર આવેલા વૈષ્ણવોનો ખટાઉભાઇએ પોતાના સ્નેહીજનોની જેમ ભાવપૂર્વક આદર સત્કાર કર્યો, તેમને બધાવી બધાવી મહાપ્રસાદ લેવરાવ્યો. અને રાત્રિના સમયે કીર્તન કરાવ્યા.

ચાર વધાઇ ભાવથી બોલાવવામાં આવી તે પછી આ સદ્‌ગૃહસ્થે બધા વૈષ્ણવોને સ્વહસ્તે તિલક કરી ચરણામૃત અને તુલસીજીની પ્રસાદી કઠી વાંટયા. પછી ખટાઉભાઇ મંડળી વચ્ચે ઊભા રહ્યા અને બે હાથ જોડીને સૌ વૈષ્ણવો સાંભળે તેમ તેમના મરનાર દીકરાનું નામ લઇને ‘જેરામના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ’ બોલ્યા બધા વૈષ્ણવોએ શબ્દો ઉપાડી લઇ પ્રત્યુત્તરમાં મોટેથી જયશ્રીકૃષ્ણ બોલ્યા. આમ ત્રણ વાર ‘જયશ્રીકૃષ્ણ’ બોલાવવામાં આવ્યા.

આ પછી શરણનું કીર્તન બોલાવવામાં આવ્યું.

જે જન સરન આયે તે તારે
દીન દયાલ પ્રગટ પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ લલારે
જિતની રવિ છાયાકી કનિકા, તિતને દાસ હમારે
તુમારે ચરન પ્રતાપ તેજતેં તેઉ તતછિન ટારે
માલાકંઠ તિલક માથે ધરી, સંખચક્ર વપુ ધારે
'માનિકચંદ' પ્રભુ કે ગુન એસે મહાપતિતન નિસ્તા હૈ

આ પછી સૌ વૈષ્ણવો આશ્રયના કીર્તનો અને ધોળ અને પદો આનંદથી બોલ્યા. હીંચ-હમચી અને ઢાઢી લીલાથી પ્રસંગ શોભી ઉઠયો અને આનંદ આનંદ વર્તાઇ રહ્યો આમ આ વૈષ્ણવના પુત્રની પાછળ માલાપહેરામણીનો મનોરથ પ્રભુના કીર્તનોથી અને ભગવદ્ નામ સ્મરણથી સુંદર રીતે સંપન્ન થયો.

પુ ગો. શ્રી ગિરધર લાલજી મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે માલા-પહેરામણીનો મનોરથ તે તે વૈષ્ણવે કર્યો. આથી તેના પુત્રના આત્માને શાંતિ થઈ, તેની સદ્ગતિ થઇ અને વૈષ્ણવના બધા દુઃખનું નિવારણ થયું.

આ પ્રસંગ પછી ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વૈષ્ણવોની પાછળ થતી અલૌકિક ક્રિયા રૂપ આ માલા-પહેરામણીના મનોરથની શરૂઆત થઈ છે. આથી જીવ જયારે લીલામાં પ્રાપ્ત થાય છે ત્યારે તેના સગા સંબંધી તરફથી જે અલૌકિક ક્રિયા કરવામાં આવે છે તેને 'માલા પહેરામણી' નો મનોરથ કહેવામાં આવે છે.

શ્રી કૃષ્ણવંદના

[શ્રી સુબોધિજીના મંગલચરણના પ્રથમ શ્લોકનો ભાવાનુવાદ]

છંદ મંદાક્રાંતા

વંદુ છું હું મુર નરકને ભેદનારા પ્રભુને,
જેની સાચી સમજણ માટે વેદવેદાંતથી એ,
ભક્તિકેરો પરમ મહિમા લોકમાં સ્થાપવાને
કીધી કૃપા યદુકુળ મહીં જન્મ લૈ કૃષ્ણરૂપે
સ્વામી સાચા ત્રિભુવનતણા મોક્ષ ભક્તિ પ્રદાતા
આનંદે જે પ્રગટ કરતા વિશ્વમાં શાસ્ત્રરૂપા,
પુષ્ટિકેરા પરમ સ્વરૂપે દિવ્ય આનંદ દાતા,
થાઓ નિત્યે તનમન ધને સર્વ શોભામાં કર્તા.

શ્રી જયંત જી. ગાંધી, 'કુસુમાયુધ' જુનાગઢ.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

સર્વ સામર્થ્ય સહિત : સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થ સમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।૧૦।
કૃષ્ણાશ્રયમિદં સ્તોત્ર યઃ પઠેત્કૃષ્ણ સન્નિધૌ ।
તસ્યાશ્રયો ભવેત કૃષ્ણઃ ઇતિ શ્રીવલ્લભો બ્રવીત્।૧૧।

સર્વ એટલે અલૌકિક ઐશ્વર્ય, વીર્ય (યશ, શ્રી વગેરે ભગવાનના છ ગુણો 'ભગ' દ્વારા સૂચવાયા હોવાથી) વગેરે ગુણોના કર્તુંમ્ અકર્તુંમ્ અન્યથા કર્તુંમની જે શકિત છે તેનાથી યુકત (એ શકિત ધરાવનાર) હોવાથી તેના તરફ સ્વરૂપાનંદનું દાન કરવા પ્રકટ થાય છે એ ભાવાર્થ છે, આ જ વાત કહેવાય છે "ભગવાનપિ તા રાત્રી" એટલે કે 'ભગવાન પણ એ રાત્રિઓ'ના વર્ણન પ્રસંગે 'ભગ' વાળા એટલે ભગવાન એમ સ્વતંત્ર લખ્યું છે તે મુજબ.

જો એમ દલીલ કરવામાં આવે કે પ્રભુની બાબતમાં તો બધું સંભવે છે, પરંતુ એવા પ્રભુની સાથે સામ્ય હોવાથી જીવને સ્વરૂપાનંદ કેવી રીતે સુલભ થાય? તો જવાબમાં કહે છે કે-

સર્વત્રૈવાખિલાર્થકૃત્ "વગેરે" પુષ્ટિ કાયેન" એટલે શરીર દ્વારા પુષ્ટિ (કૃપા) એ વાકયમાં કહેવાયુ છે તે મુજબ એવા એ ભકતને સાક્ષાત્ રસાત્મક પોતાના ચરણારવિંદની સુવાસભરી રજથી અલૌકિક શરીર વગેરે સંપત્તિ (ધન કહો કે દોલત કહો કે સમૃદ્ધિ કહો તે) આપીને લીલા સમાજમાં (પોતાની લીલાના ક્ષેત્રમાં) પ્રકટ કરીને બધે જ સ્થળે (સર્વત્ર એવ) દેહ પ્રાણ ઇન્દ્રિયો વગેરેમાં અખિલાર્થો તે રસાત્મક અલૌકિક (દિવ્ય) વય (ઉમ્મર) ગુણ વગેરે રૂપોને અલૌકિક ઐશ્વર્ય, ગુણ વગેરે સામર્થ્ય રૂપોને 'કરોતિ' કરે છે, તેથી એમ કહેવાવામાં આવ્યું છે અને તેથી જ 'સેવાફલ' ગ્રંથમાં અલૌકિક શકિતવાળા પુષ્ટિ-ફલનું નિરૂપણ કરેલું છે આ બધું સ્પષ્ટ કરેલું છે 'યથાર્ભકઃ સ્વપ્રતિબિંબ વિભ્રમઃ' વાચકની ટીકા (વિવરણ) ને પ્રસંગે તથા 'સ્વસામર્થ્યાદિ યોજને' જેવા વાકયોમાં.

આ પ્રમાણે સ્વરૂપાત્મકતાને પ્રાપ્ત કરાવીને સ્વરૂપના આનંદનું દાન કરે છે એમ મોક્ષ રૂપત્વનું નિરૂપણ કર્યું છે અને તેથી જ કહ્યું છે કે "મોક્ષઃ કૃષ્ણસ્યચેદ્ર ધ્રુવમ્" જો એવી દલીલ કરવામાં આવે કે મોક્ષમાં તો આનંદ મગ્નતા રહેલી જ છે અને જો પ્રકૃતિનું પણ એમ જ હોય તો લીલાનુભ કેવી રીતે થાય? તેના જવાબમાં કહે છે કે.

"શરણસ્થ સમુદ્ધાર" વગેરે અહીંશરણં શબ્દ સર્વાત્મભાવ ધરાવે છે- અલૌકિક (દિવ્ય) સૃષ્ટિ બધી આ પ્રકારના ભાવવાળી જ હોય

છે, તેથી શરણે આવેલાને સર્વાત્મભાવમાં રહેલાને પહેલાં જેને વિષે કહેવામાં આવ્યું છે તેવા ભકત જે ભગવાનની લીલાના આનંદરૂપ સમુદ્રમાં ડુબેલા (મગ્ન) છે તેનો ઉધ્ધાર કરે છે એમ કહ્યું છે. નહિ તો એક લીલામાં ડુબેલાને બીજી લીલામાં સ્થિતિ ન થાય. આ બધું "યતઃ એતદ્ વિમુચ્યતે" પ્રસંગે સ્પષ્ટ કરેલું છે અથવા તો લીલાના અનુભવની સ્થિતિમાં પણ તેના પ્રભાવથી જ દૈન્યભાવ પેદા થાય છે એમ પણ જણાવવા માટે શરણે આવેલા' એ શબ્દો વાપરેલા છે અથવા તો આના પછી સર્વાંશે (પુરેપુરો) શરણે આવેલો બને છે એમ જણાવવા માટે શરણમાં સ્થિતિ એવો અર્થ લેવાનું કહ્યું જો એમ થાય તો શરણની સમાપ્તિ જણાવી છે. બીજું તો શું પણ પૂર્ણ સ્વરૂપના આનંદના અનુભવ પછી શ્રીમદ્ ઉદ્ધવજીને ઉપદેશ કરેલા જ્ઞાન વડે જે પ્રકારનો નિરોધ સિધ્ધ થયો હતો એ પ્રકારના નિરોધનું નિરૂપણ કરવામાં આવેલું છે એમ એમ જણાવવા માટે ઉદ્ધારમાં સમ્યક્ (સારા) પણું કહેલું છે. (સમ્-ઉદ્ધાર) આમ હોવાથી હંમેશા ફલરૂપ પુર્ણ નિરોધની સ્થિતિ ઉત્પન્ન થયા પછી તેને જ્ઞાન થાય છે કે પોતામાં અને સાક્ષાત્ પુરૂષોત્તમ એટલે ભગવાનમાં જુદાપણું નથી (એટલે એકતા છે) આ પ્રમાણે મુકિત લીલાનું વર્ણન કર્યું છે.

એ પછી હવે "કૃષ્ણમ્ ઇતિ" એમ કહીને આશ્રય લીલાનું નિરૂપણ કરે છે. વળી તેને કેવળ શુધ્ધ ભાવાત્મકતાને લીધે આવી મળેલા સ્વરૂપત્વના ધારકપણાને લીધે પોતાના સ્વરૂપાત્મક કેવલ આનંદ અનુભવાત્મક બાલક ભાવરૂપ એવા શ્રી કૃષ્ણને કરે છે જેથી આ બાલલીલાનું નિરૂપણ થયું છે. કૃષ્ણને એટલે અહીં પણ કરે છે એવી ક્રિયાને યોજવી જોઇએ એટલા માટે જ "એમાંથી વિમોચન (છુટકારો) એટલે સ્વાશ્રયને મેળવવો તેમ એ કહ્યું છે" બર્હાપીડ' વગેરે શ્લોકના વિવરણમાં આમ થતાં નિરોધ લીલાની પછી "મુકિતર્હિત્વાન્યથારૂપ સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ" અને "મુકતાના માશ્રયઃ કૃષ્ણઃ" એમ બે સ્કન્ધના અર્થરૂપ મુકિત આશ્રય લીલાના બે પ્રકાર બે શબ્દોથી વર્ણવ્યા આટલુ જ સૌથી વધુ ઇચ્છવા યોગ્ય (ઇચ્છિતતમં) છે એમ બે પદના કર્મપણા દ્વારા નિરૂપિત કર્યું.

પહેલાં સર્વ સમર્પણ કરવાથી સ્વતંત્ર કર્તા પ્રભુ છે એવું પ્રથમ અન્તપદ આપ્યું આગળ જતાં પોતે ઇચ્છેલના ભાવથી બે શબ્દ બીજાના અંતમાં કહ્યા તેથી એવો તો પ્રભુ જ છે પોતાનું ઇચ્છેલું કરે છે એમ ક્રિયાના આધ્યાહાર (પ્રત્યક્ષ શબ્દ વાપર્યા વિના) કર્તા, કર્મ અને ક્રિયાના જોડાણનો સંબંધ નહીં જાણવો આ પ્રમાણે ગ્રંથનો અર્થ પણ સારી (યોગ્ય) રીતે યોજાયેલો હોવાથી બધું સારી રીતે સમજાય છે.

(ક્રમશઃ)

સદાચાર

લેખક : રા. ર. ભદ્રશંકર જટાશંકર શાસ્ત્રી

સંસારમાં સારી વર્તણુંકથી ચાલવું એને સદાચાર કહે છે. સજ્જનો જેની સ્તુતિ કરતા હોય તેવા આચારને પણ સદાચાર કહેવાય વિદ્યા, વિનય, સત્ય વગેરે ગુણો ધારણ કરી પ્રામાણિક પણે વર્તન કરવું, વ્યસન વગેરેથી દૂર રહેવું એ સદાચાર છે. બીડી, તમાકુ, દારૂ, ગાંજો વગેરે વ્યસન કરનારા લોકો એ દુરાચારી કહેવાય, કેમકે એ વર્તણુક સારી નથી. સત્પુરુષો તેવા વ્યસનને નિંદિત ગણે છે. તમારે સજ્જન થવું હોય, સારા કહેવરાવવું હોય તો વ્યસનનો સર્વથા ત્યાગ કરજો. દુરાચારને કોઈપણ વખત વળગશો નહિ. તેમ વ્યભિચારાદિ દુર્ગુણો પણ દુરાચાર કહેવાય છે. સદાચારી પુરુષે તો તેનો સ્વપ્નમાં પણ ખ્યાલ કરવાનો નથી, જે દુરાચારી દુર્વ્યસની કે દુર્ગુણી છે તે સર્વથા દુષ્ટ છે. તેનું ભણતર નકામું અરે તેનું જીવતર પણ ધિક્કારવા યોગ્ય છે.

પ્રિય બાળકો! તમારે દુર્ગુણોથી દૂર રહેવું. બીડી આદિવ્યસનો તદ્દન ધિક્કારવા યોગ્ય હોવાથી તેમાં તનની અને ધનની નકામી બરબાદી થાય છે. તો તેવા દુર્વ્યસનમાં પડવાથી શું ફળ? શરીરની અને ધનની નકામી શા માટે ખરાબી કરવી? દુરાચારી મનુષ્ય તરફ લોકો તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. વ્યભિચારાદિ દુરાચારો સર્વથા તિરસ્કાર કરવા યોગ્ય છે. નવી યુવાવસ્થામાં આવતા બાળકોએ દુર્ગુણોથી–વ્યશનોથી અને દુરાચારથી બહુજ બ્હીવાનું છે. તેનાથી દૂર જ રહેવું જો જરાપણ તેમાં ફસાયા તો તમારૂં આખું જીવન નકામું બની જશે. તમારી ઉગતિ પ્રતિષ્ઠામાં કલંક લાગશે. તમારો કોઇ પણ વિશ્વાસ નહિ કરે. અને ગૌરવ ઘટી જશે. માટે નિરંતર સદાચારમાં રહેવું. એ વિદ્યાર્થીએ તો ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

વ્યસનો માત્ર નકામા છે, એટલે તેને દુરાચારમાં ગણવામાં આવે છે. પણ તે વ્યસનોમાં યે બે વ્યસનો તો એવા સુંદર છે કે તે દુરાચારમાં નથી, પણ સદાચારમાં ગણાય છે. એક કહે છે–

વ્યસનાનિ સંતિ બહુધા,
તેષુ દ્વયમેવ કેવલંવ્યસનમ્ ।
વિદ્યાવ્યસનં વ્યસનં હયથવા,
હરિનામકીર્તનં વ્યસનમ્ ॥

અન્વયાર્થ – વ્યસનો બહુ પ્રકારના છે, તેમાં બેજ કેવળ વ્યસન છે, (એક) વિદ્યા વ્યસન રૂપ વ્યસન અને બીજું હરિનામ કીર્તનરૂપ વ્યસન છે.

દુનિયામાં વ્યસનો અનેક પ્રકારનાં હોય છે. પરંતુ બધા વ્યસનોમાં ખરાં વ્યસન તો બે જ છે, એક વિદ્યા વ્યસન અને બીજું હરિ નામ કીર્તન એ વ્યસન. આ બન્ને વ્યસનો સેવન કરવા યોગ્ય છે. વિદ્યાર્થીઓએ આ બે વ્યસનો અવશ્ય સેવવાં. પ્રહલાદજીએ અને ધ્રુવજીએ તો કુમારાવસ્થાથી જ હરિ નામ કીર્તનરૂપ વ્યસન રાખ્યું હતું. તેમ તમારે પણ વિદ્યા વ્યસનની સાથે સાથે હરિ નામનું કીર્તન–પ્રભુના ગુણાનુવાદ, પરમાત્માનાં યશોગાનરૂપ વ્યસન રાખવું જ સત્પુરુષો ભગવદીય-

જનોને આચાર તો આવો સુંદર હોય માટે જ તે સદાચાર ગણાય છે.

વળી 'ચા' વગેરે વ્યસન પણ દુરાચાર જ છે. જો કે હાલમાં ચા તો ઘેર ઘેર ઉપાસ્ય દેવી તરીકે પૂજાય છે. મોટા મોટા પ્રતિષ્ઠિતના ઘરમાં પણ તેનું અતિશય સન્માન થાય છે. એટલે તે સદાચારના રૂપમાં જ સઘળે મ્હાલે છે, પણ ખરૂં જોતાં તો તે દુરાચારમાં જ ગણાય. ચા કંઇ ફાયદો કરતી નથી. ભૂખને મારી નાખે છે. આપણા ગરમ દેશમાં તો તે બીલકુલ અયોગ્ય જ છે. છતાં એ વ્યસન સદાચાર ગણવામાં માત્ર પાશ્ચાત્ય દેશોનું અનુકરણ સિવાય કંઇ જ નથી. શરીરને નુકશાન કરનાર છતાં આટલો બધો તેનો પ્રચાર આપણા દેશમાં થયો છે.

એ બહુ જ હાનિકારક છે. જે દેશમાં હજારોને ખાવાનાં સાંસા છે. પહેરવાના પુરાં લુગડાંયે નથી મળતાં તે દેશમાં આવો નિરર્થક વ્યય-ખોટો ખર્ચ કેમ પાલવે ? છતાં આ દુષ્ટ વ્યસનમાં મોટા અગ્રગણ્ય ગણાતા નેતાઓ પણ ફસાઇ પડયા છે અને ધર્મમાં શ્રદ્ધા રાખનાર આચાર્યો તથા ભકતજનો પણ ફસાયા છે. હું તો તેને ભારત વર્ષનું દુર્દૈવ માનું છું કેમકે આ ચા નિમિતે લાખો રૂપૈયાની અપવિત્ર વિલાયતી ખાંડ આપણા દેશમાં આવે છે. જેમાં ધર્મનો પણ નાશ થાય, અને શરીરમાં પણ ક્ષીણતા આવે એવા વ્યસનને વિદ્યાર્થી બંધુઓએ તો છોડવું જ જોઇએ, જેથી દેશની હાનિ થાય એ વ્યસન ભારત સંતાનોથી તો શી રીતે જ રાખી શકાય, કારણ કે દેશનો આધાર તો બધો તેમના ઉપર જ રહેલો છે. માટે વિદ્યાર્થીઓ ! તમે તો સદાચારનું પાલન કરી વિદ્યા અને હરિકીર્તનરૂપ વ્યસનનું નિરંતર સેવન કરશો તો જ તમારૂં લૌકિક અને પારલૌકિક બન્ને પણ સુધરી જશે.

(શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડના વર્ષ ૭ સંવત ૧૯૮૮ અશ્વિન અંક ૭ માંથી સાભાર)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટનાજય શ્રીકૃષ્ણ

વડીલોનો વારસો

લેખક : **સુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

સંસારમાં મનુષ્ય કયાં જન્મ લે છે, કયાં કયાં ફરે છે અને કયાં તેના જીવનનો અંત આવે છે તે કોઇ જાણતું નથી. ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખવી તે માનવની ફરજ છે દુ:ખમાં ગભરાઇ જવાથી દુ:ખ ઓછું થતું નથી. નિમિત જેનું જ્યાં હશે ત્યાંજ બનશે. જેને પોતાનાં ઇષ્ટ ઉપર પુર્ણ શ્રદ્ધા હોય તે સુખમાં અભિમાન કરતો નથી, તેમજ દુ:ખમાં ગભરાતો નથી. મનુષ્ય કેવળ કર્મ કરવાનો અધિકારી છે. ફળ ઇશ્વિરાધિન હોય છે. કદાચ આપણા બધાનું મોત આ પ્લેનમાં માંડયું હોત તો કોણ મિથ્યા કરી શકત તેમાં આપણે કાંઇ કરી શકવાના નથી તો ઇશ્વરાધીન વાત હોય તો તેનું જ સ્મરણ કરવું.

દુ:ખમાં, સુખમાં, કાર્યની અપુર્ણતામાં સર્વ માટે ઇશ્વરનું જ સ્મરણ કરવું તે જ ઉત્તમ છે. જ્યારે મોતની ઘંટી વાગી ત્યારે બધા હાય હાય કરવા માંડયા. એવે ટાણે સૌં સૌ નાં ઇષ્ટનું સ્મરણ કરવાનું હતું મોતની બીકે ભગવાનને યાદ કર્યા, જ્યારે ભયથી ધુજવા મંડયા હતા. તેનાં કરતાં પહેલાથી યાદ કરવા શું ખોટા ? આપણે કોઇ એકલાતો નો'તા આખું યાન ફૂલ ભર્યું હતું. સૌનું થાત તે જ આપણું થાત. ફરક એટલો કે મોતથી બીવા વાળા હાય મરી ગયા પોકારતાં મરે છે. ત્યારે જેને ઇશ્વરનો આશ્રય હોય તે ભલે ગભરાટ તો છૂટે પણ પોતાના ઇષ્ટને જ ભજે છે, મારૂં આવું માનવું છે. જ્યારથી પ્લેન ઉપડયું ત્યારથી જેવી જેની મતી તેવી રીતે અત્રે સમય વિતાવતા હવે બતાવ તે શું કર્યું ? જાસુસનું તારું પુરૂં કર્યું ? હવે તે પુરૂં કે અધુરૂં રહે કાંઇ મતલબ નિકળતો નથી. રોજ નવી કહાની લેખકો લખી બહાર પાડે છે, તેનું તે બીઝનેસ છે. ગમે તેટલા વાંચો તેનો સાર શું નિકળે ? હું મારા વિચારો તને કહું છું.

વિચાર કર તું પણ વૈષ્ણુંવ છે. પરંપરાગત સેવા તમારા ઘરમાં છે. જ પણ તારાને મારા આ બાબતમાં વિચારો જુદા છે. ખાવું પીવું કેવળ મોજશોખમાં જ જિંદગી પુરી કરવી તેમાં હું સહમત નથી. પશુ પણ આહાર વિહાર કરે છે. માનવ દેહ ધરી આત્માનું કલ્યાણ કરવું જોઇએ. આધુનિક દુનિયામાં વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે તેમાં મોજ શોખનાં સાધનો પણ વધ્યા છે, તેનાથી આપણે દૂર ન રહી શકીયે, પરંતુ મન તો આપણું જ છે. ધારો કે યાન તુટી પડયું હોત તો એકી સાથે બધાનો કાળ જ હતો. અંતે મતી તેવી ગતી થાય; તે મુજબ જો ઇશ્વરનું નામ સ્મરણ કરતો કરતો જીવ દેહ છોડે તો અંતકાળે તેની મતી હોઈ તેવી જ ગતી થાય, તો તે જીતમાં રહે. કામકાજનો બોજો મારે પણ ઘણો જ છે. નવરા બેસી નિત્ય નિયમી પાઠ કરવાનો સમય નથી. જેથી હું તો આમ મુસા-

ફરીમાં પુસ્તક નાનું રાખું. બીજા ભલે આધુનિક સાહિત્ય વાંચતા હોય, હું તો મારૂં કામ કરું.

હમણાં જ જોયું ને જયારે મોત નજીક આવ્યું ત્યારે જ બધા ઇશ્વરને યાદ કરવા માંડયા. બીજાને તો દુઃખ પડે ત્યારે ધ્યાન પ્રભુ તરફ ખેંચવું પડયું, તો પ્રથમથી જ ધ્યાન દોર્યું હોય તો શું ખોટું છે! મેં તો મારા મનની ગતી પ્રભુમાં જ રાખી હતી જેથી મારે કાંઇ વિચારો ફેરવવાપણું હતું જ નહીં આજકાલ મુસાફરી બધી એવી જ છે કે સાજા નરવા ઘરે પહોંચીયે ત્યારે સાચું. કયારે શું થાય, કોઇ નથી જાણતું આવા ઉદેશથી હું તો મારા મનને પ્રભુ પરાયણ બનાવી રાખું છું. કદાચ અચાનક કાળનાં મોમાં ભરખાઇ જવાય તોય પ્રભુનું નામ લેતા જ જવાય તો જીતમાં રહીયે.

સુરેશ-ભાઇ તને ખબર છે કે હું તો નોકરી કરૂં છું. કંપનીના કામે આવું છું. સમય અમારો પણ તારા જેવો હતો. શેઠ મટી નોકર બન્યો છું. મારે કાલે જ પાછું લંડન જાવું છે.

મિત્ર : સાંભળ સુરેશ! હું પરમ દિવસે જ પાછો ફરવાનો છું. તું પણ એક દિવસ રોકાઇ જા. એકાદ દિવસ વોશિંગ્ટન ફરવા નીકળી જા. એક દિવસમાં શું ખાટું મોળું થવાનું છે. સાથે મજા આવશે. ન્યોર્કમાં મારા માસીને મારે ખાસ મળવા જાવું છે. માસી ઘણાં વખતથી કહે છે કે તું કયારેય રોકાતો નથી. જેથી આ વખતે તો એક દિવસ રોકાઇ જઇશ. ફેકટરીનું કામ બે કલાકમાં પતાવી દઇશ.

સુરેશ : ખરૂં કહું છુ, આજ તો મને તારી સાથેનો વાર્તાલાપ બહુ જ ઉપયોગી થયો છે. તારા સંસ્કાર, તારા વિચારો બધું અપનાવવા જેવા છે. મને મારા જીવન ઉપર તિરસ્કાર આવે છે. તને ખબર છે કે અમારી ફેકટરી હતી. દેશવિદેશમાં માલ સપ્લાય થતો. કેટલાક નોકર ચાકર રહેતા. અત્યારે દાદી-દાદી ભારત રહે છે ને મારે નોકરી કરવાનો સમય આવ્યો.

મિત્ર : એમાં અફસોસ કરવાથી કાંઈ વળતું નથી. મને જાણ છે ત્યાં સુધી આમાં કાંઇક તારો જ દોષ છે. તેને માટે કહું તો માઠું લાગે. તારી દુર્વ્યસનની ટેવ તું મૂકી દે તો સુખી થઇશ. બાકી તારૂં તું જાણ.

(સામેથી હવાઇ અડ્ડો દેખાણો. પ્લેન ઘરર કરતું નીચે ઉતરવા લાગ્યું.)

જરૂર ચોક્કસ પરમ દિવસે સાથે જ લંડન જઇશું. મારે હવે તારાથી ઘણું જાણવું છે. મારા સંસ્કાર જ મને બરબાદીના રસ્તે લઈ ગયા. આમ પશ્ચાતાપ કરતો સુરેશ દિનેશથી જુદો પડયો.

-ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

એક મનોરથની ઝલક

લે. શ્રીમતી લાભુબેન પી. વંડ્રી, લીલીયા મોટા

અત્યારે અઘાસુર રૂપી કલીયુગ મોઢું ફાડીને આપણને રોજ આપણા આયુષ્યનો એક એક દિવસ ગળતો જાય છે. તેવા આ કલી કાલમાં પણ શ્રી મહા પ્રભુજી એ કેવુ આપણને અભયદાન આપ્યુ છે. કે તમો મારા શરણમાં આવ્યા પછી કોઇ જાતનો ભય રાખશોમાં અને ગ્રહસ્થાશ્રમમાં રહીને લૌકીક તથા અલૌકીક કાર્ય કર્યે રાખો આવી શ્રી મહાપ્રભુજી એ કૃપા કરી વલ્લભી ભૃષ્ટી ને નીર ભયતાનુ વચન આપેલ અને એ વચન આપે સિદ્ધ કરેલ છે એપ્રિલ મહીનાની (૨૫-૪-૯૧) નો સાવરકુંડલા તાલુકાનું નાનુ એવું મોલડી પાસે વીઠલપુર ગામમાં પરમભગવદીય લાભુભાઇને ત્યાં તેમના પિતાશ્રી તથા તેમના કાકાની માળા પેરામણીનો મનોરથ હતો તેમના પીતા શ્રી છગનભાઈ તથા તેમના કાકા નાગજીભાઇ પણ સારા ભાવીક ભગવદીય હતા તેમ સાંભળેલ. અમો લીલીંયાથી લગભગ પંદરેક વૈષ્ણવ ગયેલા તેમાં હુંતો એ પંથકમાં પેલીજ વખત ગયેલ અમો ત્યાં દસવાગ્યે પહોંચ્યા ત્યારે નંદ ઉત્સવ થઇ ગયેલ અને વૈષ્ણવો ને મહાપ્રસાદ લેવા માટે હેલો કરતા હતા અમોએ ત્યા જઇને પુછ્યું કે બાવા કયા બીરાજે છે. અમો ચરણ સ્પર્શ કરીને પછી આવીએ ત્યારે ઘરધણીએ કહ્યું છે બાવા પધાર્યા નથી દ્વારકેશ બાબા અમરેલીથી પધારવાના હતા પણ તેમની ના આવી એટલે અમે અહીથી રાત્રે બે મોટરો મોકલી છે. કે ગમે તેમ થાય એકથી ચાર હજાર રૂા. નું ખર્ચ ભલે થાય પણ ગમે ત્યાંથી બાલકને પધરાવીનેજ આવજો નહીતર અમારા મનોરથમાં જેમ વર વગર જાન શોભે નહી તેમ અમારા મનોરથનો આનંદ ભાંગી પડશે માટે પેલા બીલખા ગાડીઓ ગઇ છે. જો ત્યાંથી આપન પધારેતો બગસરાથી પ્રભુજી બાવાને પધરાવીનેજ આવજો ઠાલા પાછા આવતા નહીં આ વાત સાંભળીને અમે છક થઇ ગયા કે ખરેખર વલ્લભી સૃષ્ટીને આવો જ ભાવ આપણા ગુરૂદેવ પ્રત્યે હોવો જોઇએ જોકે તેમનું ગુરુ ઘર અમરેલી છે. પણ વલ્લભ કુળ સર્વે એકજ કમળની પાંખડી છે. આવી ભાવનાના દર્શન પણ સાથો સાથ થયા જયાં વાત કરી રહ્યા હતા ત્યાંજ ગાડીઓ આવી અને બીલખાથી શ્રી જીવનેશ પ્રભુ પધાર્યા અને ખુબ આનંદ થયો પછી બધા પ્રસાદ લેવા માટે ગયા જયા મંડપ હતો ત્યાં ગયા તો મંડપની વીશાળતા એટલી બધી હતી કે એકી સાથે (૧૦૦૦) માણસો બેસી શકે અને સુંદર રીતે મંડપને સજાવવામાં આવ્યો હતો વૈષ્ણવો દોઢેક હજાર હશે પછી સાંજના ચાર વાગ્યે મહારાણીજીના સામૈયા થયા ત્યારે તો આનંદની હેલી શ્રી જીવનેશ પ્રભુજીને મોતીની જાલરોથી શણગારેલ ઘોડી ઉપર પધરાવ્યા અને આગળ કીર્તનીયા મંડલીને અને તેમની પાછળ ઘોડા ઉપર જીવનેશ પ્રભુને પાછળ બહેનો ધોળને કર્તનની રમઝટ બોલે વલ્લભ ખ્યાનમાં ગાયું છે કે (એક બ્રહ્મમાંડે જેનો યશ ન માયો તેના હવા કોટી અનંત .તોય ત્યા થકી વાધીયો જઇ વસ્યો:મુધીશ્રીમંત) આવા દર્શન અમને ત્યા થયા પછી રાત્રે નવ વાગે બાલીકાઓના રાસ શરૂ થયા તેમાં એક

ગોપીને એક કાન બાલીકાઓ લગભગ આઠેક વરસની કાન અને દસેક વરસની ગોપી બહુજ સુંદર હલકથી રાસ લીધા પછી કીર્તનની જમાવટ થઇ તેમાં તેમાં નાના કીર્તનીયા વીસેક વરસની ઉંમરના હતા અને કીર્તનની જુકબોલા વાલાગી તેમાં શરૂઆત થઇ (ભાગ્યન ભુતલ આયે શ્રીવલ્લભ) બીજુ કીર્તન (શરણુ આયે સોહી તારે શ્રી વલ્લભ) અને (લીલા હોતી જુની નાતર) આ બધા પદ શ્રી જીવનેશપ્રભુની સન્મુખ બોલાયા શુ તેનુ વર્ણન કરું દેખેહી બની આવે એવી ત્યા સભા ભરાયેલ (બેઠી સભા સુંદર જહા શોભા બરની ન જાત) ઇદ્ર સભા તહાવાર ડારૂ ઓરનકી કહાબાત) આવી સુંદર સભાના દર્શન કરીને અમારા મુખમાથી શબ્દો સરી પડયા કે ધન્ય છે. વલ્લભી સૃષ્ટીને કે આવી બાવળની ઝાડીમાં પણ રત્નો પડયા છે. તે બાજુના ગામડાઓમા કડવા બાવળની ઝાડી ખુબ છે. આખો દિવસ ખેતીનુ કામ બેનોને અને પુરુષોને છતા આવો ભાવ અને આટલા બધા ભજનાનંદમા મસ્ત તે જોઇને ફરીને અમારા મોઢેથી શબ્દો સરી પડયા કે ધન્ય છે આ જાડા લુગડા વાળાને આપણે તો મોટી મોટી વાતો કરવામાંથી અને પોતાની વડાઈ કરવામાંથીજ નવરા પડતા નથી ત્યાર પછી જયશ્રીકૃષ્ણ બોલાવ્યા અને શ્રી યમુનાજી તથા માલા તીલક કઠી વંટાવ્યા ત્યાર પછી ઢાઢીલીલા શરૂ થઇ મોહનભાઇ લલોઇ વાળાની તેમાં લગભગ ત્રણેક વાગ્યા અને એક નાના તબલચી ભાઇ આવ્યા તેની ઉંમર આઠ વર્ષની હતી ઢાઢણ બોલ્યા કે તબલચીભાઇ તો બહુ નાના છે. ત્યારે આ મારૂ ધ્યાન ખેંચાયુ કે વાહ ધન્ય છે. હવે તબલચી ભાઇને તબલા આપવામાં આવ્યા અને ઢાઢણે કીર્તન શરૂ કર્યા ત્યારે તો બધાનું ધ્યાન તબલચીભાઇ ઉપર મંડાણું અમોને તો એમ કે થોડીવાર બેસસે પણ તેને તો ચાર કીર્તન બોલ્યા ત્યા સુધી બહુજ સુંદર તબલા બજાવ્યા જયારે ચલતીમાં ગાવામાં આવે ત્યારે તો તબલચીભાઈની આંગળીયું પણ તબલા ઉપર એવી જ ઝુક બોલાવે ત્યારે ઢાઢણના મોઢામાંથી પણ શબ્દો સરી પડયા કે વાહ ધન્ય છે. આનાના તબલચીભાઇને અમો તો જયા સુધી તબલા બજાવ્યા ત્યાં સુધી ઉભા થઇને તેમની કળાના વખાણ કરતા હતા કે આટલી નાની ઉંમરમાં આવા સરસ તબલા બજાવતા આવડે તે, તો એમને શીખવાની શરૂઆત કેટલી ઉંમર હશે ત્યારે કરી હશે હવે આંપણે વીઠુલપુર ગામ વીસે થોડું જાણી લઇં એ કે વીઠલપુરમાં સો ઘર હશે અને વ્યવસ્થા પણ સારી છે ગામમાં લાઇટ છે. ઘરે ઘરે પાણીના નળ છે. અને સાત ધોરણ સુધી ભણી શકે તેવડી નાની નીશાળ પણ છે. સાત ધોરણથી વધારે ભણવું હોય તો કુંડલા અથવા તો અમરેલી જવું પડે હવે આવાનાના ગામમાં આવા છોકરાઓને તૈયાર કરવામાં આવે તે આશ્ચર્યની વાત છે. આપણે તો રોજ છોકરાઓને પાઠશાળામાં મોકલીએ કે છોકરાઓને ધાર્મીક જ્ઞાન મળે અને આપણે પુષ્ટિમાર્ગ શું છે તે નાની ઉમરથી તેમને જાણ થાય પણ આતો વડીલો આખો દીવસ ખેતરે જતા હોય અને છોકરાઓ નીશાળેથી છુટીને સીધા રાવણા ઉપર ચડીને રાવણા ખાતા હોય અને આવું તબલાવાદક કઇ રીતે શીખ્યા હશે અમે તો વીચાર જ કરતાં રહ્યા ત્યાં તો અમારી પાસે થઇને

તબલચીભાઇ નીકળ્યા અમોએ પુછ્યું શું ભણોછો ત્યારે તેમણે કહયું કે ત્રીજું ત્યારે તો અમારા મોઢેથી શબ્દો સરી પડયા કે ધન્ય છે. પૃષ્ટિમાર્ગને અને ધન્ય છે કે જાડા લુંગડાવાળાને કે આખો દિવસ સીમનું કામ કરીને થાકેલા છતાં પોતાના ભાળકોને રોજ ઘરે શીખવાડીને કેવા તૈયાર કરે છે. નહીંતર ઢાઢીલીલામાં જેવા તેવા તબલચીનું કામ નહીં સારામાં સારા તબલચી જોઇએ એમ અમો વાતો કરતા હતા ત્યા એક બેન બોલ્યા કે હવે ચાર થવા આવ્યા છે. અને સૈ બહેનો ઘર કામ માટે જશે એટલે બાજુમાં બેઠેલા બેન બોલ્યા કે સવારના સાત વાગ્યા સુધી આમાથી એકપણ ઓછુ ન થાય અને ખરેખર બનયું પણ એવું સવારના સાત વાગે તો રાસ શરૂ કર્યા ત્યારે અમો એ બહેનને પુછયું કે તમારે ભેંસો દોવાનું મોડું નહીં થાય ત્યારે તે બહેને ખુબ સુંદર જવાબ આપ્યો કે ભેંસો તો રોજવેલી દોઈએ છીએ પણ આજે આવો આનંદ આનંદ છોડીને ઘેર કેમ જવાય આ આનંદ રોજ થોડો મળવાનો છે. ભેંસો તો મોડી દોઇસું તો દુધ કયા બગડી જવાનું છે. ત્યારે તો અમને એમ થયું કે વાહ આવા ભકતોના એક રોમ બરોબર પણ આપણે નથી કેવાનું તાત્પર્ય એજ કે ગામડામાં કે શહેરમાં પોતાના વડીલો પોતાના બાળકો માટે પરીશ્રમ લઇને શીખવે તો જ આ રીતે નાની ઉંમર તૈયાર થઇ શકે આપણા પુષ્ટિમાર્ગમાં ઘણે ઠેકાણે પાઠ શાળાઓ શરૂ થાય છે. ને અમુક ટાઇમ થાય એટલે બંધ થાય છે. આપણે પુછીએ તો એમ જવાબ મળે કે ભાઇ કોઇ ચલાવનાર નથી તો એજ આપણી શીથીલતા છે કે આપણે ઘેર ઘેર પાઠશાળાઓ ખોલીને પોતાપોતાના બાળકોને પુષ્ટિ સંપ્રદાયનું જ્ઞાન આપતા રહે કુંભન દાસજીએ ચત્રભુજદાસજીને કઇ પાઠશાળામાં મોકલીને શીખવાડેલ ? કોઇ નહી પોતાના ઘરમાં જ પાઠશાળા ખોલીને ચત્રભુજદાસજીને ગાતા અને બજાવતા શીખવાડેલ માટે પાઠશાળામાં જવું પણ આવશ્યક છે અને ઉપરાંત ઘરે પણ શીખવું જરૂરી છે. માટે દ્રઢતાથી આપણે આપણા સંપ્રદાયને જો વળગી રહીશું તો પ્રભુ કયારેક પણ કૃપા કરસે અને અમારો છે તેમ જાણીને કયારે કઇ કળાનું દાન પ્રભુ આપે તે આપણે જાણી શકતા નથી એતો અદેય દાની છે માટે શ્રી વલ્લભની અને વલ્લભી સૃષ્ટિના શરણમાં દાસ થઇને રેવું અને સેવા સ્મરણમાંથી ચિત્તને દુર ન જવા દેવું જેટલા આપણે પ્રભુથી દુર રહીશું તેટલી આપણે ખોટ ખાવી પડશે નફો નહી મળે માટે નફાનો વિચાર હર પળે કરતા રહેવો કે આજેસવારથી તે સાંજ સુધીમાં ભગવત નામ રૂપી ધન કેટલું આપણી પાસે જમા થયું છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

।। શ્રીવલ્લભ તવાસ્મિ ।।

લે. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

-(ગતાંકથી ચાલુ)

ભાવરૂપ યુગલ બોલે, વિરહ સ્વરૂપ યુગલ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૨૭
આનંદ સ્વરૂપ યુગલ બોલે, અનુભવ સ્વરૂપ યુગલ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૨૮
પરમાનંદ સ્વરૂપ યુગલ બોલે, પૂર્ણાનંદ સ્વરૂપ યુગલ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૨૯
(રસેશ્વર) રસના ભોગી સુંદર શ્યામ બોલે; રાસના ભોગી રાસેશ્વર બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૦
રસના ભોગી રસેશ્વરી બોલે, રાસના ભોગી રાસેશ્વરી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૧
સલુણા શ્યામ સુંદર બોલે, સલુણી મધુરા શ્યામા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૨
રાધા બોલે, અનુરાધા બોલે, રાગી બોલે, અનુરાગી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૩
ગોપી બોલે, ગોપિકા બોલે, મધ્યા બોલે, ગોપીજન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૪
શ્રી વલ્લભના ષોડશગ્રંથ બોલે, શ્રી વલ્લભની ષોડશ નાયિકા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૫
શ્રી વલ્લભની સુબોધિની બોલે, શ્રી વિઠ્ઠલની ટિપ્પણી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૬
શ્રી વલ્લભના નિબંધ બોલે, શ્રી વલ્લભના ભાષ્ય બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ ... ૩૭
શ્રી વલ્વભના મધુરાષ્ટક બોલે, શ્રી વલ્લભના પરિવૃઢાષ્ટક બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૮

—ક્રમશઃ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

તરંગોથી સદા છવાયેલી રહે છે. કોઈ શ્રીયમુનાજીના ચરણોમાં ચિત્ત લગાવી અને સેવા ભજન કરે તેને શ્રી યમુનાજી સર્વ અલૌકીક અષ્ટ સિદ્ધિઓ અને બીજી પણ અનેક અલૌકીક સિધ્ધિઓનું દાન કરે છે શ્રીયમુનાજી રવિ મંડલમાંથી પ્રગટ થઇ અને કલિંદગિરિ ઉપર થઇ અને અલૌકીકનિજ લીલાધામ વૃજ ભૂમિમાં પધાર્યાં સેવા શ્રીયમુનાજી અને પ્રભૂની શોભા નીરખી અને મન વચન કર્મથી સેવા ભજન રૂપે **શ્રીયમુના મહારાણી** યુગલ-સ્વરૂપના ગાયા છે.

વિવેચન : મન, કર્મ, વચનને લૌકીક વ્યવહારમાં લગાવીએ તો તેનાથી ઉત્તમગતિ થતી નથી અને કદાચ અધોગતિ પણ થાય છે અને મન, વચન, કર્મ, ને અલૌકીકમાં લગાવીએ તો તો આપણી ઉર્ધ્વગતિ થાય છે મોંઘા મનુષ્ય દેહને સફળ કરવો હોય અને ઉત્તમ પદની પ્રાપ્તિ કરવી હોય તો તેને અલૌકીકમાં લગાવીએ એટલે તેમાં આપણી સર્વ ઇદ્રિયોનું સમર્પણ થઇ થઈ જાય છે પછી બાકી કંઇ રહેતું નથી નવરત્નગ્રંથના ઘોળમાં કહથું છે કે ઐકાદશ ઇદ્રિય પ્રભુને સન્મુખજી સેવામા દિવસને રાત એક ઇંદ્રિય વિમુખ નવકીજીએજી આમ સર્વાંગ અને સર્વાત્મસમર્પણ સહેજે થઈ જાય છે જેથી સાવધાન રહેવાની જરૂર છે નહી તો દુઃસંગ લાગી જાય.

કેલિકલ્લોલન દેખ શ્રીયમુને ॥
નંદનંદન કુંવર કેલી રસમત્ત હીં સુંદરી સંગલે
સુભગ ભવને ॥૧॥
અધર મધુપાન કર સુરત રસદાનકર-પિય
પ્યારિ નિત કરત રવને ॥
તાહી સમે રસભરી ભાનુ તનયા ખરી પ્રેમ
આનંદ મેં કરત ગવને ॥૨॥

પુણ્ય પુરત ફલે સકલ જનકે સરે તાહિ હિત
ભૂતલ શ્રીયમુને અવને ॥
જુગલ જોડી શોભા હરિદાસ નિરખ દુહું કરજોર
કેં કરત નમને ॥૩॥

ભાવાર્થ : શ્રી હરિદાસ (શોભામાજી) કહે છે કે કેલિન કલ્લોલ કરતાં શ્રીયમુનાજીનાં દર્શન કરો કેલી રસમત્ત શ્રીનંદનંદન કુંવર સુંદરી શ્રીયમુનાજીને સાથે લઇ શ્રી યુગલ સ્વરૂપ કુંજ ભુવનમાં પધાર્યા ત્યાં મહા કમનિય કમલદલ સેજ ઉપર પ્યારિજી પ્રિતમજી પરસ્પર અધરામૃતનું પાન દરી સર્વમનોરથ પુરક કોટન કોટી કલાઓ સહિત સુરત રસનું દાન કરતા શ્રીપ્રિયતમજી અને પ્યારિજી નિત્ય રમણ કરે છે તે સમયે પુર્ણ રસમત્ત શ્રીયમુનાજી પ્રેમ અને આનંદથી શ્રી પ્રીતમને અનુસરે છે જેથી રસનો જુવાળ સતત રહે પસ્પર સુખ લુંટી મસ્ત બને જીવોનાં પુર્વનાં સુકૃત પુર્ણ રીતે ફળ્યાં અને સર્વ ઉપર કૃપા કરવા માટે જ શ્રીયમુનાજી ભુતલ ઉપર પધાર્યા આ રીતે શ્રીયુગલ સ્વરૂપનો સદા અખંડ વિહાર સિદ્ધ ધયો અને જીવોનું કાર્ય થયું શ્રી હરિદાસ આ જુગલ જોડીની શોભા નિરખી અને બન્ને કર જોડીને નમન કરે છે.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૭૩. રાગ-ઇમન (વૈ. ૬૧)

વંદૌ શ્રી કાયસ્થ વિરબાઇ;
પુલિન્દી 'વનદેવી' કહાવે, શેરગઢ વાસ સુહાઇ. ૧
લૂટી ગઇ કાશી તે આવત, શ્રીવલ્લભે દીયો બતાઇ;
શરણ ગહયો તબ શ્રી વલ્લભકો, આધો ધન ચરન ધરાઇ. ૨
કપુરરાઈ અરુ નવનીત પ્રિયકી, સેવા દઇ પધરાઇ;
'લાલદાસ' પ્રસૂતી મેં સેવા, કરી પ્રભુ આજ્ઞા પાઇ. ૩

૭૪. રાગ-ઈમન (વૈ. ૬૨)

વંદો સ્ત્રી-પુરુષ કે ચરન;
'રંગા-હંસા' પ્રકટી સિંહનંદમેં, દોઉ ક્ષત્રીય ઘરન. ૧
વ્રત કરકે નિજદેહ સુકાયે, પાયો જબ વલ્લભશરન;
જપ તપ વ્રત સબ છોડદીયે હે, સુખ સેવત ગિરિધરન. ૨
વૈષ્ણવ હે યહ કોઉ ન જાને, ગાંવ છાંડ ચલે તા કારન;
'લાલદાસ' સોતે નહીં ઘરમેં, સહત શીતજલ ધારન ૩

૭૫. રાગ-ઇમન (વૈ. ૬૩)

વંદૌ શ્રી અડેલ કે સુતાર;
સખા 'શ્રીદામા' શ્રી ઠાકુરકે, સ્વામિની શાપ ગિરે સંસાર. ૧
શ્રીવલ્લભ બિનુ રહ્યો ન જાતો, સ્વરૂપાસક્ત ઐસે નિરધાર;
કામકાજ સબ છાંડ દીયે હૈ, ભૂકે મરત ઘર વાર. ૨
તબ બરજે શ્રીમાતઇલ્લમા, મત જાઓ લાલા ઇન દ્વાર;
'લાલ' દાન કર ધર્મી વિરહકો, પાઉં પરિક્રમા ધાર. ૩

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી

(ગતાંકથી ચાલુ)

૫૬. ભકતપરાયણ રૂપ

ભક્તાધીન પ્રથમેશ કૃપાલ,
દૈવી કાજ ભૂતલ પરિક્રમા – જગત ઉદ્ધારક દીન દયાલ. ૧
અપને કર રાખત રસ પોષત – કરૂણાસિંધુ નિજ પ્રતિપાલ;
'વ્રજ' વલ્લભ ભક્તન વશ ઐસે – રાખત હેં કરકેં ઉર માલ. ૨

૫૭. ભકત્યાચારોપદેશાર્થ નાનાવાકય નિરૂપક રૂપ

પુષ્ટિ પ્રણાલી આચાર સિખાવત,
પ્રિયતમ સુખ હિત કર વચનામૃત, નિજકર સેવા કરકેં બતાવત. ૧
વિવિધ ભાંત અનુકુલ ઋતુકી, સેવા રીત પ્રિત સરસાવત;
કુસુમ પત્ર રસ ફૂલ ફલ જલ, પ્રથમઈશ 'વ્રજ' પતિ સુખ પાવત. ૨

૫૮. સ્વાર્થો જ્ઝિતાખિલ પ્રાણપ્રિયાય રૂપ

અખિલ સ્વાર્થ છાંડયો પ્રભુજી હિત, તન મન ધન પ્રાણ સમર્પ્યાજીને;
ઐસે ભક્ત પ્રાનતેં પ્યારે, નેહ ભરે અપને સંગ કીને. ૧
હૃદય બસાયે ઉર લપટાયે, નિજ રસ સબ ઉનહિં કોં દીને;
એક પ્રાન દ્વૈ દેહી સમ જોઇ, 'વ્રજ' પતિ પ્રાન પલટકે લીને. ૨ (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

અષાડ વદ ૧૪ તા. ૯–૮–૯૧ શુક્રવાર ગો. શ્રી શરદ કુમારજી મહારાજ (વેરાવળ પોરબંદર) નો જન્મદિન.

અષાડ વદ ૩૦ અમાસ તા. ૧૦–૮–૯૧ શનિવાર હરિયાળી અમાસ દિવાસો ગો. ચિ. હિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન ગો. ચિ. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી (મુંબઈ–ધોરાજી) તથા ગો. ચિ. મનમોહનજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન એકમનો ક્ષય.

શ્રાવણ સુદ ૨ તા. ૧૧–૮–૯૧ રવિવાર ચંદ્ર દર્શન ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧૨–૮–૯૧ સોમવાર ઠકુરાણી–મધુશ્રવા ત્રીજ ગો. ચિ. શ્રી લાડિલેશરાયજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર) તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ શ્રી (જુનાગઢ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧૪–૮–૯૧ બુધવાર નાગપંચમી શ્રીનાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫) ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (મુંબઈ–કાંદીવલી) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૬ તા. ૧૫–૮–૯૧ ગુરુવાર રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય દિન.

શ્રાવણ સુદ ૭ તા. ૧૬–૮–૯૧ શુક્રવાર ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજ શ્રી (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૧૮–૮–૯૧ રવિવાર બગીચા નવમી શ્રી ગોવિંદલાલજી કૃત સાત સ્વરૂપનો ઉત્સવ ગો. ચિ. શ્રી પ્રભુજી બાવા (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૧ તા. ૨૧–૮–૯૧ બુધવાર પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત. પવિત્રા શૃંગારમાં ધરવા સંયોગાત્મક મહારાત્રી ગો. ચિ. શ્રી ગિરધરલાલજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૨૨–૮–૯૧ ગુરુવાર પવિત્રા બારસ ગુરુને પવિત્રા ધરાવવા. ગો. શ્રી મધુરેશજી મહારાજ (મથુરા–પોરબંદર) તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવા (જુનાગઢ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨૫–૮–૯૧ રવિવાર નાળીયેરી પૂનમ રક્ષાબંધન શૃંગારમાં. હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૧ તા. ૨૬–૮–૯૧ સોમવાર હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૨૮–૮–૯૧ બુધવાર કજ્જલી ત્રીજ ગો. શ્રી ગોપાલલાજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૧–૯–૯૧ રવિવાર શયર્નમાં છઠ્ઠી પૂજન વિષ્ણુ સ્વામીનો પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૨–૯–૯૧ સોમવાર જન્માષ્ટમી વ્રત મન્વાદિતિથિ ભાવાત્મક મહારાત્રી.

શ્રાવણ વદ ૯ તા. ૩–૯–૯૧ મંગળવાર નંદમહોત્સવ દશમનો ક્ષય છે અમાસ સુધી બાળ લીલાના પદ બોલાય

શ્રાવણ વદ ૧૧ તા. ૪–૯–૯૧ બુધવાર ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ) નો જન્મદિન

શ્રાવણ વદ ૧૨ તા. ૫–૯–૯૧ ગુરુવાર અજા એકાદશી વ્રત. ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા–ગોંડલ) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૬–૯–૯૧ શુક્રવાર ગો. ચિ. શ્રી રાકેશ કુમારજી મહારાજ શ્રી (બોરીવલી) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૭–૯–૯૧ શનિવાર શ્રી કાકા વલ્લભજીનો (સં. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રી ગોપાલજીનો (સં. ૧૯૧૦) પ્રાકટ્ય ઉત્સવ.

કાવ્ય કુંજ

(૧) કાનુડો માખણ ખાય

[ઢાળ : હો એની કોઇ મોહન મિલાવો]

સખી જોને પેલો કાનુડો માખણ ખાય, માખણ ખાય એના મુખમાં લપટાય....
પહોંચે નહીં શીંકે એના કૌતુક ભારી, ખાંડણી મૂકીને એને માથે ચડી જાય.... સખી૦
લાકડીનો ટેકો દઇ માટલી ફોડે, ખાય ખવરાવે ને બાકી ઢોળી જાય.... સખી૦
મુખડી મધુરી એની લાગે સોહામણી, કાલુ કાલુ બોલીને ચિત્ત ચોરી જાય.... સખી૦
ઝાલ્યો ઝલાય નહીં, તેડયો તેડાય નહીં, માતા જશોદાને શું કહેવા જાય.... સખી૦
'વ્રજલત્તા' ના પ્રભુ શ્યામ મનોહર, મધુરા હસને મારા મનમાં સમાય.... સખી૦

નિ. લી. પૂ ગો. શ્રી વ્રજલત્તા વહુજી મહારાજ જામનગર

(૨) મને લાગ્યો છે પુષ્ટિનો રંગ

[ઢાળ : મને લાગ્યો કસુંબીનો રંગ]

શ્રી વલ્લભ મને લાગ્યો છે પુષ્ટિનો રંગ,
પુષ્ટિ મારગનું સ્થાપન કરીને, પ્રભુ કીધાં છે પાંચ પાંચ તત્ત્વ.... શ્રી વલ્લભ૦
પહેલાં વૈષ્ણવ દામોદર દાસ કહીએ, જેને દીધા છે બ્રહ્મસંબંધ વ્હાલા મારા.... શ્રી વલ્લભ૦
ભવસાગરમાં જે અથડાતા'તા, પકડી લીધી છે તેની બાંય વ્હાલા મારા.... શ્રી વલ્લભ૦
પરિક્રમા કરી પ્રભુ ચોરાસી બેઠક સ્થાપી, સ્વરૂપ સેવા પધરાવી વ્હાલા મારા.... શ્રી વલ્લભ૦
શ્રી ભાગવતનું મંથન કરીને, બતાવી દીધો છે સાર વ્હાલા મારા.... શ્રી વલ્લભ૦
'લક્ષ્મી'ના નાથ પ્રભુ કરુણાનિધાન છો, આપોને વ્રજમાં વાસ વ્હાલા મારા.... શ્રી વલ્લભ૦

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ, અમદાવાદ

(૩) કાનો કેડે પડયો રે....

[ઢાળ : મારે ટોડલે બેઠો રે મોર કયાં બોલે]

કાનો કેડે પડયો રે, સખી કયાં જાવું; કયાં જાવું સખી કયાં જાવું કાનો કેડે પડયો રે ..

મહી વેંચવા જાતા વાટ, મારા મહીના ફોડે માટ;
વાલો દહીંનો વાળે દાટ, સખી કયાં જાવું.... ૧

જાઉં જમુનાજીનાં નીર, વાલો કાલિંદીને તીર;
આવી ખેંચે મારા ચીર, સખી કયાં જાવું.... ૨

રેઢા દેખે મારા ધામ, આવે છાના માના શ્યામ;
કરે ચોર તણાં કામ, સખી કયાં જાવું.... ૩

દહીં છીકેથી ઉતારે, માકડાને ખવરાવે;
આમ કાનો કવરાવે, સખી કયાં જાવું.... ૪

ફરીયાદ કેમ થાય, જેના પિતા વ્રજરાય;
આ કેવો અન્યાય, સખી કયાં જાવું.... ૫

ભલે માખણ મારા ખાય, મારે કહેવું નથી કાંઇ;
એ વિના ન રહેવાય, સખી કયાં જાવું.... ૬

નિત્ય આંવો મારે ઘેર, **'લાલ'** કરશું લીલા લ્હેર;
મારે તમથી નથી વેર, સખી કયાં જાવું.... ૭

–કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

(૪) હો તુમકો વધાઇ.... વધાઈ....

વાગી વાગી રે, વધાઇ નંદ ઘેરે, સુણી ગોપીજન આવી ઘેરે ઘેરે....
માતુ પિતુ યશોમતી નંદરાય, પ્રિતે આવકારે ભાવે સુપેરે....
શ્યામસુંદર કુંવર કન્હાઇ, ગોપીજન નીરખી હરખાઈ;
'જસુમતી રાની–નંદરાય, હો તુમકો વધાઇ....વધાઇ....'

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

સમાચાર

મદ્રાસમાં ઉજવાયેલો ભાગવત્ જ્ઞાનયજ્ઞ

મદ્રાસ–તા. ૨૬–૬–૯૧ અહીં શ્રી શુદ્ધાદ્વૈત હાઈસ્કુલ સભાગૃહમાં તાજેતરમાં પૂ. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળાના પ્રધાન વ્યાસપદે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયેલ શ્રી કૃષ્ણદત્ત શાસ્ત્રીએ પણ કથાપાન કરાવેલ. શ્રી નિરંજન શાસ્ત્રીજીના આચાર્યપદે શ્રી ગાયત્રી યજ્ઞ થયેલો.

આ જ્ઞાન યજ્ઞમાં પૂ. ગો. શ્રી અજયકુમારજી મહારાજશ્રી, અ સૌ વહુજી તથા પૂજ્યા ગો. શ્રી પદ્માવતી વહુજી પધાર્યા હતા. તથા કથા શ્રવણ કરી હતી. મનોરથી શ્રી મથુરાદાસ શાહ પરિવાર હતો.

ધારીમાં ઉજવાયેલો ૧૦૮ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

ધારી : તા. ૨૬–૬–૯૧શ્રી રાધા કૃષ્ણ ટ્રસ્ટ અહીં ટપુજીની વાડીમાં અષ્ટોત્તર શત ૧૦૮ શ્રીમદ ભાગવત પરાયણ તથા તત્ દશાંશ એકાદશ શ્રી ભાગવત દર્શાશહોમ યજ્ઞનું આયોજન થયું હતું, ટ્રસ્ટ શ્રી હરિભાઈ શાસ્ત્રીએ સુંદર સેવા આપી હતી.

પ્રધાન વ્યાસપદે પૂ. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા બિરાજ્યા હતા અને સુંદર શૈલીમાં વગર સંગીતે કંઠ પ્રાજલ્ય પૂર્વક કથા કરી શ્રોતાઓને રસ સભર ભગવદ ગુણ સંભળાવ્યા હતા. શ્રી કૃષ્ણદત્ત શાસ્ત્રીએ પણ કથા રસપાન કરાવ્યું હતું.

પૂ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી સુરતવાળાનાં આ કથામાં વચનામૃત થયા હતા. ગામના હવેલીના જીર્ણોદ્ધારના માટે શ્રી હરિભાઈ શાસ્ત્રીએ રૂપિયા એકાવન હજારની સેવા જાહેર કરી હતી,

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશ
કારોબારી સમિતિની રચના-૧૯૯૧-૯૨

(૧) પ્રમુખશ્રી—શ્રી ઈન્દ્રકાંત ત્રિકમલાલ શેઠ અમદાવાદ
(૨) ઉપપ્રમુખ—શ્રી પ્રધ્યુમન શાસ્ત્રી (વડોદરા)
(૩) „ શ્રી યોગેશભાઈ શાસ્ત્રી (અમદાવાદ)
(૪) „ શ્રી જયંતિભાઈ રાધનપુરા (જામનગર)
(૫) સંગઠન—મંત્રી પ્રોફેસર ચીમનલાલ એમ. શેઠ (વડોદરા)
(૬) મંત્રી—પ્રિન્સીપાલ વી. પી. પરીખ (બોડેલી)
(૭) સહ. મંત્રી—શ્રી વજુભાઈ એમ. શાહ (અમદાવાદ)
(૮) „ શ્રી રમેશભાઈ શ્રોફ (સુરત)
(૯) „ શ્રી ડાહ્યાલાલ કસ્તુરચંદ કંસારા (રાજકોટ)
(૧૦) „ શ્રી સી. પી. તલાટી (હાલોલ)
(૧૧) પ્રચાર મંત્રી—શ્રી હરસુખભાઈ ખખ્ખર (રાજકોટ)
(૧૨) કોષાધ્યક્ષ—પ્રોફે. ગોપાલભાઈ એસ. શાહ (આણંદ)
(૧૩) કાર્યાલય મંત્રી—શ્રી જયંતિભાઈ એસ. સોની (કપડવંજ)
(૧૪) કારોબારી સભ્ય-શ્રી જે. સી. વોરા એડવોકેટ અમદાવાદ
(૧૫) „ શ્રી કલ્યાણભાઈ ભાટીયા (અમદાવાદ)
(૧૬) „ પ્રોફે. શ્રીમતિ વીણાબહેન શેઠ (અમદાવાદ)
(૧૭) „ શ્રીમતિ વીણાબહેન દીલિપભાઈ પરીખ (વડોદરા)
(૧૮) „ શ્રી પ્રહલાદભાઈ ખમાર (પાટણ—ઉ. ગુજરાત)
(૧૯) „ શ્રી ભોગીલાલ ચુનીલાલ શેઠ (મોડાસા)
(૨૦) „ શ્રી માર્કંડભાઈ ધોળકીયા (જામનગર)
(૨૧) „ શ્રી છગનભાઈ માવાણી (ધોરાજી)
(૨૨) „ શ્રી કંચનબેન દરૂ (ડભોઈ)
(૨૩) „ શ્રી બાબુભાઈ ગાંધી (ગોધરા)
(૨૪) „ શ્રી ડો. જીવણલાલ ભોગીલાલ શાહ (હાલોલ)
(૨૫) „ શ્રી હરેન્દ્ર આર. શેઠ (દાહોદ)
(૨૬) „ શ્રી વલ્લભભાઈ પી. શાહ (વડોદરા)
(૨૭) „ શ્રી નરેન્દ્રભાઈ પારેખ (નવસારી)

સમાચાર

જેતપુર—અહીં જેતપુરમાં શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં ગઇ તા. ૧૯–૬–૯૧ના રોજ એક પુષ્ટિ માર્ગીય અબાલ વૃદ્ધને પ્રવેશ આપી એક સાંપ્રદાયિક શિક્ષણ અને શ્રી વલ્લભ સિદ્ધાંતાનુસાર પાઠશાળાનું આજ હવેલીમાં પુજય પાદ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્યામ મનોહરજી જામનગરસ્થ મહારાજશ્રીના વરદ હસ્તે કર્યું છે, તેમાં દરેક વૈષ્ણવો ખૂબ જ ભાગ લીયે છે.

નાના બાળકો માટે પણ ઉપર પ્રમાણે આજ હવેલીમાં તે દિવસે જ બાલ મંદિરનું દીપ પ્રકટાવીને આપશ્રીએ ઉદઘાટન કર્યુ છે તેમાં પણ નાના બાળકો વિશાળ પ્રમાણમાં લાભ લીયે છે.

ઉપરોકત બંન્ને સંસ્થાનું સંચાલન માખીયાળાવાળા ભરતભાઇ ગજેરા કરશે. જેઓ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું સારૂં જ્ઞાન ધરાવે છે તે ચલાવે છે

ટાઈટલ ૨નું ચાલુ)

આ ઉપરાંત શ્રીમતી ભારતીબેન રાણા હવેલીના શાસ્ત્રીજી શ્રી બટુકભાઈ આં. પુ. વૈ. પરિષદ શાખાના પ્રમુખ શ્રી જયન્તીભાઈ રાધનપુરા વગેરેએ શ્રદ્ધાંજલી અર્પેલ.

રાજકોટ–નિ. લી. પુ. પા. ગો, શ્રી વૃજભૂષણલાલજી મહારાજનાં વહુજી શ્રી વ્રજલતા વહુજી મહારાજ શ્રી (ભાભીજી મહારાજ) નિત્ય લીલામાં પધાર્યાના સમાચારથી રાજકોટનાં વૈષ્ણવો અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.

નિ. લી. પુ. શ્રી ભાભીજી મહારાજનું જીવન એક આદર્શ ઉદાહરણરૂપ હતું અનન્ય પતિવ્રતા ધર્મથી સદાય નિજ ભર્તા પુ. પા. શ્રી વૃજભૂષણલાલજી મહારાજશ્રીનાં સાન્નિધ્યમાં રહી નિજ સેવ્ય શ્રી શ્યામ મનોહર પ્રભુ, શ્રીમદનમોહન પ્રભુને લાડ લડાવતા થકા પોતાના સર્વે પરિકરને આદર્શ સેવા પરાયણતામાં પ્રવૃત્ત કરતા એવા પુ. પા. શ્રી વહુજી મહારાજના નિત્યલીલા પ્રવેશથી વૈષ્ણવ સમાજ રંક બન્યો છે અને ન પુરી કાય તેવી ખોટ પડી છે.

આપના આ ભૌતિક વિરહના પ્રસંગે આપશ્રીના સર્વે બાલકો સન્મુખ અમો દીનતાપુર્વક દંડવત કરીએ છીએ.

આજ રોજ રાજકોટની નીચે મુજબ સંસ્થાઓ પુ, પા. શ્રી વહુજી મહારાજના શ્રી ચરણોમાં પોતાના શ્રદ્ધા સુમનો નમ્ર ભાવે અર્પણ કરે છે. અને શ્રી કૃષ્ણાશ્રયનો પાઠ કરી ભગવદ શરણાગતીનું વિશેષ સ્મરણ કરે છે.

વિનીત

આંતર રાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા. રાજકોટ વૈષ્ણવ સમાજ. આં. રા. પુ વૈષ્ણવ પરિષદ સંચાલીત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ. શ્રી જસુભાઈ કાથડ ટ્રસ્ટ સંચાલીત શ્રી વલ્લભીય વૈષ્ણવ મંડળ ટ્રસ્ટી શ્રી સાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટ શ્રી બાલકૃષ્ણ હવેલી પુસ્તકાલય સંચાલક મંડળ શ્રી સર્વોત્તમ સ્તોત્ર મંડળ રાજકોટમાં ચાલતા દરેક સત્સંગ મંડળો વતી.

મોરબીના શ્રી સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ મંડળે તથા શ્રી વલ્લભપીઠ યુવા મંડલે અને વૈષ્ણવ હવેલીના ટ્રસ્ટ મંડળે શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

જેતપુરમાં શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં પ. ભ. શ્રી હંસરાજ પટેલના પ્રમુખસ્થાને એક સભા મળેલ જેમાં પુ. પા. શ્રી ભાભીજી મહારાજના ગુણાનું વાદ કરી શ્રદ્ધાંજલી અર્પેલ. માણા મોરા (તા. જોડીઆ)ના વૈષ્ણવોએ પણ શ્રદ્ધાંજલી અર્પતો ઠરાવ કરેલ છે.

શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા બ્રિટનના પ્રવાસે

ભારતમાં અને વિદેશમાં મળીને જેમની ૭૩૧ થી વધુ ભાગવત સમાહો થયેલી છે તેવા વ્યાખ્યાતા અને તત્ત્વ ચિંતક પૂ. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા જુલાઈના બીજા અઠવાડીયામાં ઈંગ્લાન્ડના પ્રવાસે ત્યાંની સંસ્થાઓના આમંત્રણથી જઈ રહ્યા છે. યુ.કે.માં તેમના જાહેર કાર્યક્રમો આ રીતે છે.

(૧) તા. ૧૩ થી તા. ૨૧–૭–૯૧ વેલીંગબરો ડીસ્ટ્રીકટ હિંદુ એશોશીએશન દ્વારા "શ્રીમદ્ શિવ પુરાણ નવાહ જ્ઞાનયજ્ઞ" (૨) "શ્રીમદ્ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ" તા. ૪–૮–૯૧ થી તા. ૧૦–૮–૯૧ વૈષ્ણવ સત્સંગ મંડળ કોવેન્ટ્રી (૩) તા. ૧–૯–૯૧ થી તા ૮-૯-૯૧ સુધી "શ્રીમદ્ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ" લ્યુટન યુ. કે તથા અન્ય આયોજન દ્વારા વગર સંગીતે માત્ર પોતાના કંઠ પ્રાંજલ્યથી જ્ઞાનયજ્ઞો દ્વારા વૈદિક અને પૌરાણિક સાંસ્કૃતિક દર્શન કરાવશે.

ધોળ

આજ આનંદ નંદજીને દ્વાર રે, વ્રજમાં થઇ છે લીલા લ્હેર રે.... ૧
ગોપી અતિ રે ઉલટ ભરી આવે રે, થાળ મોતીનો ભરી લાવે રે.... ૨
વ્હાલાને વિવેકે વધાવે રે, વ્હાલા ત્રિભુવન નાથ કે'વાય રે.... ૩
વ્હાલો હસ્તના ધાવણ ધાવે રે, વ્હાલો ગોપીઓને લાડ લડાવે રે.... ૪
એવાં હેત ગોપી પર કીધાં રે, દધી માખણ ચોરીને પીધાં રે.... ૫
વ્હાલા મથુરામાં શું મીઠું રે, એવું કુબ્જામાં શું દીઠું રે.... ૬
વ્હાલો કુબ્જાની સંગે મોહ્યા રે, વ્હાલો ગોપીઓની સાથે સોહ્યા રે.... ૭
ગોકુળ આવોને વ્રજના વ્હાલા રે, તમે નંદ જશોદાના લાલા રે.... ૮
ગોકુળ આવોને વ્રજના વાસી રે, તમે પ્રાણ સોસ્યા છે પૂતના માસી રે ... ૯
ગોકુળ આવોને ગિરિવરધારી રે, તમારી વાટ જુએ વ્રજનારી રે.... ૧૦
વ્હાલા યમુનાજીના ઘાટ રે, તમે વસ્ત્ર હર્યાં શા માટ રે.... ૧૧
વ્હાલે ગિરિ ગોવર્ધન ધાર્યો રે, એવો મદ ઇન્દ્રનો ઉતાર્યો રે.... ૧૨
વ્હાલા વૃંદાવનની વાટ રે, તમે મહી લૂંટયા શા માટ રે ... ૧૩
વ્હાલા યમુનાજીના તીરે રે, વ્હાલે મોરલી વગાડી ધીરે ધીરે રે.... ૧૪
ધન્ય ધન્ય શ્રી યમુનાજીનો આરો રે, મારો સફળ કર્યો જન્મારો રે.... ૧૫
વૃંદાવન રમીયા રાસ રે, પૂરી સર્વ ગોપીની આશ રે.... ૧૬
બલિહારી જાય 'માધવદાસ' રે, માગે ચરણકમળની આશ રે.... ૧૭

–ભક્તકવિ શ્રી માધવદાસ, ખંભાત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

ધી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

દાન કે પદ

[રાગ : બીલાવલ]

મોહન જાન દેહુ જિનિ રોકો ।
પ્રાતહિ તે ઝગરો ઠાન્યો હૈ, તનક દયા અવલોકો ॥૧॥

મુખતે ઔર ઔર નૈનનિ તે, કરત અટપટી બાતેં ।
દિવસ રાતિ સંગ કરતિ બલિ, હમ વિનવતિ હૈં યાતેં ॥૨॥

કૈસો હૈ યહ દઇ દહી કો, દાન અનોખો માઈ ।
સમુઝિ ન પરતિ ભેદ કી બોલી, માંગત કહા કન્હાઇ ॥૩॥

બરબસ કુછ પાયો હૈ કાહૂ, બિના પ્રીતિ પરિપાટી ।
'વલ્લભ' ક્યોં પતિયાય મન ઐસે, તુમ ઠાડે લે સાટી ॥૪॥

–શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૬ ❀ સપ્ટેમ્બર, ૧૯૮૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * આજીવન રૂ. ૨૫૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

શ્રી પ્રથમેશ ચરિતામૃત પર અભિપ્રાય

"પ્રસ્તુત પુસ્તકમાં નિ. લી. ગો. શ્રી પ્રથમેશજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર સંપ્રદાયના અનુયાયીઓ માટે ખૂબજ પ્રેરણાદાયક છે. આપશ્રીએ નિજી જીવનમાં જે મહત્વપૂર્ણ કાર્યો કર્યા હતા તેનો તાદશ ચિતાર ખૂબજ સરસ શૈલીમાં કર્યો છે. ઉપરાંત આપશ્રીના કેટલાંક લેખો અને પ્રવચનોનો સંગ્રહ પણ પ્રસ્તુત કર્યો છે. આં. પુ. વૈ. પરિષદની રાજકોટમાં બનેલી શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા શ્રી પ્રથમેશજીને અંજલિ આપતી આ પુસ્તિકાને વૈષ્ણવો વસાવી તેનું અધ્યન કરે તેવી ભલામણ કરીએ છીએ."

પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)

સંપાદક : **શ્રી નવ. પ્રકાશ**

* * *

॥ શ્રીહરિઃ ॥

પુષ્ટિ અસ્મિતા (કેસેટ)

પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (પારલા–મુંબઇ)વાળાની આજ્ઞા આશીર્વાદથી શ્રીમહાપ્રભુજીના ઉત્તમ સિદ્ધાંતોને ઉજાગર કરતી અને અપસિદ્ધાંતોના દૂષણો પર કટાક્ષ કરતી આ કેસેટ (સી–૬૦)માં પ્રાચીન અર્વાચીન ૬ રચનાઓ છે.

પ્રારંભમાં પૂ. પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજના ધીર–ગંભીર સ્વરમાં સિદ્ધાંત વિવેચન અને આશીર્વાદ છે.

પ્રસિદ્ધ સંગીતકાર શ્રી લલિત સોઢાના સ્વર નિયોજનમાં નિબદ્ધ બધી રચનાઓ અર્વાચીન સુગમ સંગીતમાં કર્ણપ્રિય અને મનોરંજક લાગે છે. પરંતુ પ્રત્યેક રચનાઓનો અર્થ વિચાર કરતા મન ગંભીર રીતે સ્વ કર્તવ્ય વિચારવા પ્રેરાય છે.

આ કેસેટ વિશેષતઃ પૂ પા. ગો. શ્રી શ્યામ મનોહરજી તરફથી ઉપહાર રૂપે વિતરીત થઇ છે. અને વૈષ્ણવ સામાન્યને આ કેસેટનો લાભ લેવા માટે જે યોજના છે તે આ છે. કોરી કેસેટ સી–૬૦ની નંગ ૧૦ અને વળતાનો પોષ્ટેજ-યા આંગડીયા ખર્ચ મોકલનારને તે કેસેટો નિઃશુલ્ક રેકોર્ડીંગ કરી આપવામાં આવે છે આ રીતે પોતપોતાના વિસ્તારોમાં આ કેસેટનો લાભ લઈ શકાય છે.

: સંપર્ક સૂત્ર :

પૂ પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ
'લાલ ગેબી દર્શન' ૬૩–સ્વસ્તિક સોસાયટી, જૂહુસ્કીમ ચોથો રસ્તો,
વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ–૫૬

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૬ * સપ્ટેમ્બર, ૧૯૯૧

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ ભગવદાશ્રય ॥

પ્રવક્તા : નિ લી.ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

(–ગતાંકથી ચાલુ)

આ રીતે ભગવદીયતાનો સંદેશ આચાર્ય ચરણોએ પ્રદાન કર્યો અને કહ્યું કે સ્વધર્મનું આચરણ બધા યથાશક્તિ કરો. સાથે જ 'વિધર્માચ્ચનિવર્તનમ્' વિધર્મ જે છે તેનાથી જ્યાં સુધી બની શકે બચતા રહો. ત્રીજી વાત સાથે એ બતાવી—

'ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વદા ન ત્યજેત્ત્રયમ્ ।'

ઇન્દ્રિયરૂપી જે અશ્વો છે, ઘોડા છે તેમનો નિગ્રહ પોતાના હાથમાં રાખો, તેમને સ્વચ્છન્દ વિચરણ કરવા નહીં દો. તો આ ત્રણ સંદેશ આચાર્યચરણોએ હિન્દુ જાતિને પ્રદાન કર્યા કે તમે યવનોના આક્રમણથી, ભયથી, કોઈપણ પ્રકારે ધર્મથી વિમુખ થઇ ગયા હો, તેનો ભય રાખવાની આવશ્યકતા નથી. ખાવાપીવામાં ત્રુટિ આવી ગઇ હોય તો પણ પવિત્ર છો. એમ નહીં માનો કે એક વાતથી આપણે પડી ગયા. હવે તો આપણે પડી જ ગયા

છીએ. હવે તો આપણે ગયા. હવે આપણી રક્ષા આ જાતિમાં ન થઇ શકે, ખાઇ લીધું, પી લીધું, મજબૂરીથી કે કોઇ પણ રીતે એ ભાવના ન રાખો કે હવે તો આપણે પતિત થઇ ગયા, હવે આપણું આ જાતિમાં કોઇ સ્થાન જ નથી. એમ વાત નથી જો તમારા હૃદયમાં ભગવદાશ્રય છે તો તમારા આચાર–વિચાર કેટલા પણ શિથિલ થઇ ગયા હોય, તમે સર્વથા પવિત્ર છો, શુદ્ધ છો. લૌકિક પરિસ્થિતિઓ તો પરિવર્તનશીલ છે. આવતી જાતિ રહે છે. એટલા માટે મુખ્ય વસ્તુ એ છે કે ભગવાનને હૃદયમાં ધારણ કરી રાખો. ભગવાન તમને નહીં ભૂલી શકે. તમારી જાતિ તમારો ત્યાગ કરી દે એ બની શકે છે. તમારા ઘરના ભાઇબંધુ તમને છોડી દે એ પણ બની શકે છે. પરંતુ ભગવાનની નજરમાં તમે પતિત નથી. આ દિવ્ય સંદેશ આચાર્ય ચરણોએ આપ્યો અને તેના દ્વારા જે કેટલીક જાતિના લોકો પતિત થઈ ગયા હતા તેમને બળ પ્રાપ્ત થયું, આધાર મળ્યો.

આચાર્ય ચરણોએ જે પ્રેમમાર્ગનો પ્રચાર કર્યો તે કોઇ જાતિયતાને લક્ષમાં રાખીને કર્યો નથી, તે તો વિશ્વભરના માનવમાત્ર માટે હતો. જે કોઇ પણ દેશ કે જાતિમાં પેદા થયો હોય તે બધા માટે સમાનરૂપમાં આપના પ્રેમમાર્ગનો સંદેશ છે. મુસલમાન પણ જે આપના અનુયાયી બન્યા, ભગવદીય બની ગયા. આપે એ નથી કહ્યું કે તમે હિન્દુ બની જાવ આ સંદેશ આપનો ન હતો. પોતાની જાતિ, કુળ કે ધર્મ જેમાં તમે પેદા થયા છો તે જ બની રહો. પરંતુ મુસલમાન હોવા છતાં પણ તમે હિંદુઓથી પણ અધિક પવિત્ર થઇ શકો છો. આ સંદેશ આચાર્યચરણોએ આપ્યોએ આપ્યો. આપના જે અનુયાયી બન્યા તેમને એ ન કહ્યું કે તમે હિન્દુ જાતિમાં આવીને હિન્દુ બની જાવ. કોઇપણ પ્રકારે તેની આવશ્યકતા નથી. ભગવાન તો હિંદુઓના પણ છે અને મુસલમાનના પણ છે. દૈવી જીવો ફક્ત હિંદુ જાતિમાં જ ઉત્પન્ન થાય બીજી જાતિમાં ન થતા હોય એવી વાત કયાં છે ? દૈવી જીવતો દરેક જાતિમાં ઉત્પન્ન થાય છે, પ્રત્યેક દેશમાં ઉત્પન્ન થાય છે, પ્રત્યેક કુળમાં ઉત્પન્ન થાય છે. દૈવીજીવ હોવા જોઇએ, દૈવી જીવ હોય તો તે ભગવદીય છે. ભગવાનના છે અને તે નિર્ભય છે.

આવશ્યકતા એ વાતની છે કે આપણે પ્રેમ માર્ગના પથિક બનીએ અને આપે જે માર્ગ પ્રગટ કર્યો તે આ પ્રેમમાર્ગ તો છે. 'રતિપથ પ્રકટ કરને કો, પ્રગટે કરૂણાનિધિ શ્રી વલ્લભ ભૂતલ' આ ભૂતલ પર શ્રી વલ્લભનું જે પ્રાકટય થયું તે પ્રેમમાર્ગના પ્રાગટય માટે, અને આ પ્રેમમાર્ગના આધારથી આપે હિંદુ જાતિને આશ્રય પ્રદાન કર્યું, ધર્મની રક્ષા કરી. આનો હેતુ શું છે ? એક સાધારણ વાત છે.

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત'

અર્જુન ! જયારે પણ ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે હું અવતાર લઉં છું.' આ જો ભગવાનનું કથન છે, તો તેનું રહસ્ય પણ ગૂઢ છે. સાધારણ પ્રશ્ન થાય કે ધર્મમાં ગ્લાનિ કેમ ? ધર્મ તો મોટી પ્રગતિ કરાવનાર વસ્તુ છે, લોક–પરલોકને સુધારવાવાળી વસ્તુ છે. જીવનોપયોગી છે. તેમાં ગ્લાનિ ઉત્પન્ન થઇ તેનું કારણ શું છે ?

સમજવાની વાત એ છે કે ધર્મ જે છે તેને પણ આત્મા હોય છે. દરેક વ્યકિત, દરેક

પદાર્થમાં એક તો તેનું શરીર હોય છે અને બીજો હોય છે આત્મા. જ્યાં સુધી શરીર અને આત્માનો દેહ અને દેહીનો સંબંધ બની રહે છે ત્યાં સુધી જ તે વ્યક્તિનો આદર થાય છે. જ્યારે દેહમાંથી દેહી નીકળી જાય, ફક્ત શરીર રહી જાય અને પ્રાણ જ્યારે અલગ થઈ જાય તો દેહનો આદર થઇ શકે ? ક્યારેય ન થઇ શકે. ગમે તેટલી તે મહત્વની વ્યક્તિ હોય, તેણે આપણું ગમે તેટલું હિત કર્યું હોય, પરંતુ જ્યાં તેમના દેહમાંથી પ્રાણ નીકળી ગયા કે તેનો આદર કરવાવાળા, તેને ચાહવાવાળા, તેની સુરક્ષા કરવાવાળા કોઇ નહીં રહે. બધા જાણે છે કે જ્યાં સુધી પ્રાણ હતા ત્યાં સુધી તે ઉપયોગી હતા. હવે આનો શું ક્યારેય ઉપયોગ થઇ શકે છે ? પ્રાણ નીકળી ગયા. હવે તો ફક્ત આ ખોખું છે. આવી સ્થિતિમાં નિર્જીવ પદાર્થ પ્રત્યે ગ્લાનિ થાય એ સ્વાભાવિક વાત છે. આ સમયે મોટે ભાગે ધર્મનું ખોખું જ હતું. ધર્મનું બાહ્યરૂપ હતું, પરંતુ ધર્મનો જે આત્મા છે પ્રેમ, તેનું વિસર્જન થઇ ગયું હતું અને જ્યારે આત્મા ન રહે તો તેના પ્રતિ ગ્લાનિ થઈ જાય એ સહજ વાત છે.

આચાર્યોએ શું કર્યું ? અવતારોએ ઉત્પન્ન થઇને શું કર્યું ? જ્યારે ધર્મ માત્ર બાહ્ય આડંબર રહી ગયો અને તેમાં પ્રેમ ન રહ્યો, ભગવદ્ પ્રેમનું તેમાંથી વિસર્જન થઈ ગયું ત્યારે અવતાર ધારણ કરીને ભગવાને, આચાર્યોએ આ નિર્જીવ ધર્મની અંદર પ્રેમરૂપી પ્રાણનો સંચાર કર્યો અને જ્યારે પ્રેમરૂપી પ્રાણ આવ્યા, ધર્મગ્લાનિ મટી ગઇ. પ્રાણ આવતાં જ પ્રાણોનું આહવાન થતાં જ પછી ગ્લાનિ કેમ ? પછી તો તે આદરણીય વસ્તુ થઇ જાય છે. અનાદરણીય વસ્તુનો કોઇ આદર કરતું નથી. આદરણીય વસ્તુને બધા ચાહે છે. આ વાત ધર્મના વિષયમાં પણ છે. ધર્મ આપણે ગમે તેટલો કરીએ, જો ભગવદ્ પ્રેમ હૃદયમાં ન હોય તો ધર્મ માત્ર ખોખું કે ઠાઠડી માત્ર છે. તે આપણું હિત સાધન ક્યારેય નહીં કરી શકે. તેમાં જ્યારે ભગવદ્પ્રેમનો સંચાર થાય ત્યારે તે ધર્મ આદરણીય બને છે. સમાજ માટે, પોતાના માટે, બંને માટે પણ. જો ભગવદ્ સંબંધ ન હોય, ભગવદ્પ્રેમ ન હોય, તો ન તો આપણે પોતાનું કલ્યાણ કરી શકીએ કે ન સમાજનું.

આચાર્યચરણોનો સંદેશ એ છે કે પ્રેમ માર્ગના પથિક બનો. યથાશક્તિ ધર્મનું આચરણ કરો વિધર્મથી નિવૃત્ત રહો અને ઇન્દ્રિયોનો સંયમ જેટલો બની શકે તેટલો જરૂર કરો. આ લોકમાં સફળતાનો આ મૂળ મંત્ર છે. પુષ્ટિમાર્ગના સંદેશ દ્વારા આપે પ્રેમ માર્ગનો પ્રચાર કર્યો અને પ્રેમ દ્વારા આપે ધર્મમાં પ્રાણનો પણ સંચાર કર્યો અને તેનાથી આપના અવતારનું જે મૂળ પ્રયોજન હતું. ધર્મની ગ્લાનિને મિટાવવાનું તે સિદ્ધ થઇ ગયું. આપણે લોકોએ આચાર્યચરણના સંદેશને હૃદયમાં ધારણ કરવો જોઇએ. આપણે વ્યવહારમાં જેટલો બની શકે તેટલું ધર્મનું આચરણ કરવું, વિધર્મથી દૂર રહેવું. અને ઇન્દ્રિયોના વિષયરૂપી ઘોડા જે છે તેમનો યથાશક્તિ નિગ્રહ જરૂર કરવો. સંયમ વિના જીવન ક્યારેય ઉન્નતિ ન કરી શકે.

અસંયમિત જીવન જ અનર્થોને ઉત્પન્ન કરે છે. તેથી જ આપણે બધાયે આચાર્યશ્રીના સંદેશને ગ્રાહ્ય કરવો જોઇએ. શ્રી રામાનુજાચાર્યજી અને આપે જે ઉત્તમ ઉપદેશ આપ્યો છે તે માટે આપણે બધા તેમના આભારી છીએ. આપ સર્વેનો ઉત્સાહ પણ પ્રસંશનીય છે. સવારના સરઘસ સમયે આપે જે સહયોગ આપ્યો તે એક આદર્શ છે. આ પ્રકારનો આદર્શ આપ જાળવી રાખશો એવી આશા સાથે આજનું વકતવ્ય અહીં સમાપ્ત કરૂં છું.

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૧ તા. ૯-૯-૯૧ સોમવાર ચંદ્ર દર્શન શ્રી રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ ગો. ચિ. શ્રી નવનીતલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૩ તા. ૧૧-૯-૯૧ બુધવાર હરિતાલિકા (કેવડા) ત્રીજ

ભાદરવા સુદ ૪ તા. ૧૨-૯-૯૧ ગુરૂવાર ગણેશ ચતુર્થી, ગો. ચિ. રસિક વલ્લભજી બાવા (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૧૩-૯-૯૧ શુક્રવાર ઋષિ પંચમી. દ્વિતીય સ્વરૂપોત્સવ શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટયનો દિન.

ભાદરવા સુદ ૬ તા. ૧૪-૯-૯૧ શનિવાર શ્રી લલિતાજીનો પ્રાકટય દિન ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા સુદ ૭ તા. ૧૫-૯-૯૧ રવિવાર ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૧૬-૯-૯૧ સોમવાર શ્રી રાધાષ્ટમી ગો. વ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૦ તા. ૧૮-૯-૯૧ બુધવાર નવનાગરીના પદ બોલાય. વર્ષાઋતુ પુરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧૯-૯-૯૧ ગુરુવાર પરિવર્તીની (દાન) એકાદશી વ્રત. લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૭૨૪) દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ શરદ ઋતુની શરૂઆત થઇ. કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૨૦-૯-૯૧ શુક્રવાર શ્રી વામન જયંતિ વ્રત શ્રી દયારામભાઇ જયંતી (સં. ૧૮૩૩)

ભાદરવા સુદ ૧૪ તા. ૨૨-૯-૯૧ રવિવાર અનંત ચતુર્દશી

ભાદરવા સુદ ૧૫ તા. ૨૩-૯-૯૧ સોમવાર સાંઝીનો પ્રારંભ. આજથી અમાસ સુધી સાંઝીના પદ ગવાય છે.

ભાદરવા વદ ૧ તા. ૨૪-૯-૯૧ મંગળવાર આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય. અને ભોગમાં કરખાના પદ વિજ્યા દશમી સુધી બોલાય. મુંબઇ લાડુ બેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો પાટોત્સ. તથા શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ.

ભાદરવા વદ ૪ તા. ૨૭-૯-૯૧ શુક્રવાર ગો. શ્રી ચંદ્રગોપાલ બાવાશ્રી (સુરત)નો જન્મ દિન.

ભાદરવા વદ ૫ તા. ૨૮-૯-૯૧ શનીવાર શ્રી હરિરાયજી (સં. ૧૬૪૭)નો પ્રાકટય ઉત્સવ.

ભાદરવા વદ ૮ તા. ૧-૧૦-૯૧ મંગળવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૨-૧૦-૯૧ બુધવાર અવિધવાનૌમ માતૃનૌમી શ્રાદ્ધ ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કોટા) નો જન્મ દિન.

ભાદરવા વદ ૧૧ તા. ૪-૧૦-૯૧ શુક્રવાર ઇન્દીરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૫-૧૦-૯૧ શનિવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ક પુત્ર શ્રી ગોપીનાથજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૬૭) (અને તેરસનો ક્ષય હોવાથી આજે) શ્રીગુસાંઇજીનાં તૃતીય લાલજી શ્રી બાલકૃષ્ણજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૬૦૬) ગો. ચિ. શ્રી શિશિરકુમારજી (કામવન) નો જન્મ દિન.

ભાદરવા વદ અમાસ તા. ૭-૧૦-૯૧ સોમવાર સર્વ પિત્રી અમાસ કોટની આરતિ સાંઝીની સમાપ્તિ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ: ॥

॥ શ્રીવલ્લભ તવાસ્મિ ॥

॥ શ્રી ગુરુ ગોપીજન વલ્લભાય નમ: ॥

કૃષ્ણ ભક્ત કવિજન દયારામ જીવન-દર્શન

સંપાદક લેખક: **પ્રો. જીવનલાલ જોશી, રાજકોટ**

(જયંતિ પ્રસંગે ખાસ લેખ)



શ્રીદયારામભાઈ શ્રીમદ્ ગુરુદેવ શ્રીવલ્લભજી–શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીની સન્મુખ દાસભાવે બેસી બે હાથ જોડી શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સમજી રહ્યા છે. આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે. એનાં કાયમનાં સંભારણાં રૂપે એમણે પૂ. ગુરુદેવની સન્મુખ બે હાથ જોડી, ઉભડક વીરાસને બેસી ત્યાંના શ્રીનાથદ્વારાના પ્રસિદ્ધ જયપુર–જોધપુર શૈલીના ચિત્રકાર પાસે ચિતરાવ્યું હતું. જે એમણે એમના માનીતા પટ્ટ શિષ્ય સારસ્વત વારસ રણછોડ જોશીને મરવાની અગાઉ પંદરેક દિવસ પહેલાં એમનાં હસ્ત લિખિત ગ્રંથો એમના તાનપુરાદિ વાજિત્રો સાથે આપ્યું હતું જે અમારી પાસે તેને તે સ્વરૂપમાં સુરક્ષિત છે. જે દયારામ રસધારા, ગદ્યધારા વગેરેમાં છપાઇ ગયું છે જે ને અહીં શ્રીવલ્લભ સુધાના સદર અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે. –લેખક

વતન–જન્મભૂમિ–જન્મ સ્થાન–નિવાસ સ્થાન સર્જન સ્થાન

"ગુણિયલ ગુર્જર શુભદેશ, ત્યાંનો વતની જો,
દર્ભાવતીમાં કરી સેવ, વલ્લભ મતની જો. ૧૦૧

ચંડી પુરી મહા પાવન, જન્મની ભૂમિ જો,
નર્મદા નદી પવિત્ર, ઘુરકી ઘૂમિ જો. ૧૦૨

(પ્રા. કા. મા. ગ્રં–૧૩, વ્રજ મહિમાનો ગરબો, પૃ. ૧૧૮–૧૧૯)

શ્રીદયારામભાઇનો જન્મ ચાણોદ સંવત ૧૮૩૩ ભાદરવા સુદ ૧૧ ઉપરાંત ૧૨ વામન દ્વાદશીને દિવસે શનિવારે થયો હતો. પિતાશ્રી પ્રભુરામભાઈ, માતુશ્રી મહાલક્ષ્મી ઉર્ફે રાજકોર જ્ઞાતે સાઠોદરા નાગર, અટકે ભટ્ટ, વેદ ઋગ્વેદ ગોત્ર સાર્કરાક્ષ, શાખા સાંખ્યાયની પ્રવર પાંચ (૧) ચ્યવન (૨) ઔરવન (૩) આપ્નુવાન (૪) ભૃગુ અને (૫) જમદગ્નિ.

ભારતમાં દક્ષિણ પ્રયાગ તરીકે પ્રસિદ્ધ ચાણોદમાં, રેવોરી સંગમે, મુરલી સંગમે, નર્મદા તટે આવેલા ચાણોદમાં પાઘડીપને, સરિયામ રસ્તે, કરનાળી તરફ જવાના રસ્તે જતાં, જમણી બાજુ પેસતાં–આવેલા કંગાલપુરી (દયારામ પુરી) નામના, સાઠોદરા અને વડનગર નાગરોના અને ઉદીચ્ય ટોળકિયા વગેરે બ્રાહ્મણ ભકતજનના ભરચક મહોલ્લામાં, જમણે હાથે પેસતાં, જમણે હાથે છેક છેલ્લું આવેલું, વડીલોપાર્જીત, બાપોતી મકાન એ એમનું જન્મ સ્થાન, સર્જન સ્થાન, નિવાસ સ્થાન (દયારામ નિવાસ) પોતાનાની ૫૧–૫૨ વરસની વય સુધીનું પ્રામાણિક દસ્તાવેજી પુરાવાને આધારે.

પ. પુ. ગો. શ્રીદેવકીનંદનજી મહારાજ શ્રીએ શ્રીદયારામભાઇને “શ્રીકૃષ્ણઃ શરણં મમ” એ અષ્ટાક્ષર મંત્રનુંદાન ચાણોદમાં શ્રીશેષશાયીજીના મંદિરમાં કર્યું, હતું. એ વખતે એમની વય ચાર વરસની હતી. (સં.૧૮૩૭)

આઠ વર્ષની વયે સં. ૧૮૪૧માં યજ્ઞો પવિત દીધું હતું.

શ્રીમદ્ ગુરુદેવ

શ્રીમદ્ ગુરુદેવ શ્રીવલ્લભજી–શ્રીવલ્લભલાલજી મહારાજ શ્રી (પ્રા. સ. ૧૭૯૩ ગોકુલ કટરા) શ્રીકાકાવલ્લભજીના પ્રપૌત્ર શ્રીગોપાલજીના પૌત્ર શ્રીયદુનાથજીના પંચમ પુત્ર નિકુંજ નાયક શ્રીનાથજીના સેવાભાવી, સેવા રસિક પરિચારક, શ્રીનાથજીના મંદિરની અડોઅડ જોડા જોડ આવેલા શ્રીનાથજીના મંદિરે પાઘડી પને સરિયામ રસ્તે જતાં જમણા હાથે આવેલા શ્રીવનમાળીજીના મંદિરના અધિપતિ ગોકુલ કટરા પ્રથમ ઘરની પાંચમી શાખા.

શ્રીદયારામભાઇને પ્રદીપકાર શ્રીઇચ્છારામ ભરજીના પત્ર અનુસાર શ્રીનાથદ્વારામાં, શ્રીનાથજીના સાન્નિધ્યમાં એઓશ્રીએ બ્રહ્મસંબંધ કરાવ્યું હતું ત્યારે એમનીવય ૬૭ વરસની અને શ્રીદયારામભાઇની વય ૨૭ વરસની હતી. સેવાની પ્રાચીન રીત–પ્રીત શીખવી. સ્મરણાદિ માટે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું ચાણોદમાં આવી મરજાદ લીધી સં ૧૮૬૦–૬૧

ભાવાત્મા ભગવાન કૃષ્ણ ભકત કવિજન, શ્રીવલ્લભ વૈષ્ણવ જન, મહાનુભાવી તાદૃશી જન. શ્રીદયારામભાઇ પાકકા મરજાદી મેંડ કડક, અપરસ લાજવાબ આપણાથી ન થાય તેવી. ન સચવાય તેવી ભલભલાંનો પ્રવેશબંધ પરસ, અ–પરસ અપરસમાં સર્જન–જલપાન, લઘુશંકા, અપાનવાયુ, ઓડકાર આવતાંની સાથે જ સંપુર્ણ સ્નાન

એમના જેવી જ હતી અપરસ–અમારા વડીલોની રણછોડ જોશીની, હિંમતલાલ જોશીની છગનલાલ જોશીની મારામાં એમાંનું કશું જ નથી.

ડભોઇમાં, ઝારોલા વગામાં, હોળી ચકલે, તે સમયની સાત સ્વરૂપની હવેલીએ જતાં, અત્યારના શ્રીદ્વારકાધીશના મંદિરે જતાં, પુર્વ

પશ્ચિમ તરફનાં પાઘડીપને સરિયામસ્તે જતાં જમણા હાથે આવતું સખીદાસ ગાંધીનું મકાન એ શ્રીદયારામભાઇનું નિવાસ સ્થાન, સર્જન સ્થાન (ચાણોદ જન્મ સ્થાન–ડભોઇ અવસાન સ્થાન)

સખીદાસ ગાંધી પોતે ઝારોલા જ્ઞાતિના માલેતુજાર, લક્ષાધિપતિ, સરપંચ, ડભોઇમાં એમનું નામ બોલાતું. કાંકરોલીના ઘરના, ત્રીજા ઘરના, શ્રીદ્વારકાધીશના ઘરના શ્રીમદ્ ગુરુદેવ શ્રી પુરૂષોત્તમજીના અનન્ય ભક્તજન.

શ્રીદયારામભાઇએ ડભોઇ (દર્ભાવતી)ના નિવાસ દરમ્યાન શ્રીવલ્લભના વલ્લભ માર્ગની પુષ્ટિમાર્ગની સેવા કરી. (એવો મારગ શ્રીવલ્લભ વરનોરે જ્યાં નહીં પ્રવેશ વિધિહરનોરે) ડભોઇના લોકોને, દશાલાડ, વીસાલાડ, મરોલા વણિક જ્ઞાતિને, કાયસ્થ, સોની, ઉદીચ્ય ટોળકિયાને સાચા શ્રીવલ્લભી વૈષ્ણવજન બનાવ્યા જેમના વંશજો હજુ પણ અનન્ય પુષ્ટિમાર્ગી શ્રીવલ્લભી વૈષ્ણવજન છે. એ બધો પ્રબલ પ્રતાપ શ્રી દયારામભાઇનો, કૃષ્ણ ભક્ત કવિજનનો, શ્રીવલ્લભી વૈષ્ણવજનનો, મહાનુભાવી તાદૃશી જનનો.

શ્રીવલ્લભી વૈષ્ણવજન વિના કોઈની સાથે બોલવાનું નહીં. કોઇને જય શ્રીકૃષ્ણ કરવાના નહીં. કૃષ્ણના ગુણગાન વિના કોઈના ગુણગાન કરવાના ગાવાના નહીં. તેમની જ નિત્ય નૂતન લીલાનાં જ ગુણગાન. શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતા, ભક્તિના તેમજ સાંપ્રદાયિક ગ્રંથો વિના કશું વાંચવાનું નહીં. બ્રહ્મ સૂત્ર, ભાષ્ય, નિબંધ, વેદ વિના અધ્યયન કરવાનું નહીં, અધ્યાપન કરાવવાનું નહીં. એવા ટેકી હતા. એ–એ નભ્યો, એ નભ્યા. અંતકાળ સુધી નહીં કોઇની સાડાબારી, નહીં કોઇની ચાપલૂસી, નહીં કોઈની આશા નહીં કશી તૃષ્ણા (નહીં કોઇની તૃષ્ણા) (ધનને ઠોકરે મારતા–પરધનને ખાસ) વિના એક કૃષ્ણ શ્રીકૃષ્ણ શ્રીવલ્લભ શ્રીવલ્લભવંશજ, શ્રી વલ્લભી વૈષ્ણવજન. એ ભલાને એ ભલા એ આપે તે લેવાનું તે ગ્રહણ કરવાનું, રસની રીતે, ભાવની પદ્ધતિએ, અનુંભવની પરિપાટીએ, ચૂચવાતા રસે, નિચોવાતા ભાવે, ઝબોળતા અનુભવે.

શ્રી દયારામભાઇને એમની ૭૩ વરસની વયે શ્રીનાથજીનાં સાક્ષાત દર્શન થયાં. રસ બસ વાર્તાલાપ થયો. વાર્તાલાપમાં આયુષ પૂછ્યું. “બે ત્રણ વરસ જ બાકી છે” એમ જવાબ મળ્યો. (સં. ૧૯૦૬) આ પ્રસંગ અનુભવ મંજરીમાં લખાયેલો છે.

શ્રી દયામભાઇએ ૭૬ વરસની વયે ક્ષરદેહનો ત્યાગ ડભોઇમાં સં. ૧૯૦૯ મહાવદિ ૫ સોમવાર સવારે નવેક વાગ્યે (ઇ. સ. ૧૮૫૨)

મૂળ પુરૂષ રાઘવજી ભટ, તેમના ગોકુલજી, તેમના આણંદરામ, તેમના નરભેરામ, તેમના પ્રભુરામ, તેમના દયારામ, આ એમની વડીલ પરંપરા.

માસી દેવબાએન–નાનીબેન બેનજી, માસીના દીકરા ભાઇ બાપુ, મામા રઘુનાથરામના દીકરા સુરજરામ, આ હતા એમના સગાં સંબંધી–વીલ વગેરે સ્પષ્ટ કરે છે.

એમનાં સેવ્ય સ્વરૂપ હતાં ચાર શ્રીવલ્લભવંશજે પધરાવી આપેલાં.

(૧) શ્રીમદ્ ગુરુદેવ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીએ પધરાવી આપેલું પોતાનું સેવ્ય સ્વરૂપ **શ્રીમદન મોહનજી.**

(૨) રાજનગરના શ્રી છોટાજી મહારાજ શ્રીએ પધરાવી આપેલું **શ્રી નવનિતપ્રિયજી**નું સ્વરૂપ. જે એમના કૃપા કટાક્ષે અમારા ઉપર બિરાજે છે.

(૩) મથુરાના શ્રીપુરુષોત્તમજીએ પધરાવી આપેલું **શ્રી બાલકૃષ્ણજી**નું સ્વરૂપ જે ડભોઈમાં શ્રી દ્વારકાધીશના મંદિરમાં બિરાજે છે.

(૪) કાંકરોલીના શ્રી પુરૂષોત્તમજીએ પધરાવી આપેલું **શ્રી દ્વારકાધીશ**નું સ્વરૂપ "જેતપુર-પાવી"માં શ્રી દ્વારકાધીશના મંદિરમાં બિરાજે છે.

તાનપુરા, મૃદંગ, તબલા, બીન, સારંગી, જલતરંગ, મંજીરા આ હતા એમનાં અનેક વાજિત્રોમાંનાં પ્રિય વાજિત્રો.

રતન રણછોડ, અમીન, જમના, રાયજી દેસાઈ, વસંતરામ, ધાભાઇ શુકલ, ગિરિજાશંકર, ત્રિકમ મહેતા, રણછોડ દેસાઈ, દવે મયાધર, ભુલા ડુંગર, આ હતાં એમનાં પ્રધાન વિશ્વાસ પાત્ર, ભક્તજન, સ્નેહીજન, ઉપરાંત સાથીત, શિષ્ય, શિષ્યા, લહિયા.

શ્રી દયારામભાઇનું સાહિત્ય આશરે ૬૦ રાગ, ૬૦ છંદ, ૧૫ તાલ, ૧૨ ભાષા, ૫૦-૭૫ (ગુ. ગ્ર.), ૫૦-૭૫ (વ્ર. ગ્રં.) ૧૦-૧૫ (મરાઠી ગ્રંથ) પચીસેક લાવણી-પ્રબંધ (ગુ. વ્ર. મ.) પદ, ગરબી, ગરબા, ધવલ, રેખતા, પીસતા, ગજલ (ખડી બોલી મિશ્રિત ઉર્દૂ) વગેરે ગુજરાતી-વ્રજાદિ ભાષામાં જોવામાં આવે છે. થોકે થોકે ઉમટતાં પ્રથમ પંક્તિનાં ઊર્મિગીત અલગ. મહાકાય ગદ્ય ગ્રંથ, પ્રશ્નોતર માલિકા અલગ સૂર-સારાવલીનું પદ બંધ ગુર્જર ભાષાંતર અલગ. શ્રી વિઠ્ઠલેશજીની આજ્ઞાથી કરેલું ડભોઇમાં તો પણ એમનું સર્વસ્વ જીવન ધન હતા નિકુંજ નાયક શ્રીનાથજી, નિકુંજ નાયકા શ્રી સ્વામિનીજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રીરાધા સહચરીજી, શ્રી યમુનાજી-તેમનાં યૂથ, મહાકારુણિક શ્રીવલ્લભાધીશ, શ્રીવલ્લભવંશજ, શ્રીવલ્લભી વૈષ્ણવજન, તેમનાં સૌનાં સખીજન, સહચરીજન, દાસ-દાસીજન, પરિવાર, પરિકર, ઉપસ્કરાદિ, એમનું આજીવન જીવન, સર્જન એનું સાચું સાક્ષી. **સુજ્ઞેષુ કિં બહુના.**

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

દીનેશ તેની ફેકટરીનું કામકાજ પુરૂં કરીને સ્મિતા માસીને ઘેર ગયો. માસીને ભાણીયો ઘણો વ્હાલો હતો. આમ તો પાંચ પેઢી યે કાકી થતાં પણ માસીનું સગપણ નજીક હતું.

સ્મિતા માસી–દિનેશ ! આ વખતે અન્નકુટ ઉપર મારે ચોકકસ ઇન્ડીયા જવું જ છે. તું તારી બાને કહે જે કે હું તો સાત વરસથી ઇન્ડીયા ગઈ નથી. જો તે પણ આવે તો અન્નકૂટની સામગ્રી સાથે રહી કરીએ, ખુબ આનંદ આવશે. આ પિનકી પણ હવે ભણીને તૈયાર થઈ ગઇ છે. બચપણથી જ તેને ગાવાનો શોખ છે. ઘોળ ગીત અને સાધારણ રાગ–રાગણીનાં કીરતનો પણ ગાય છે. ભારતમાં કોઇ પુષ્ટિમાર્ગીય જાણકાર કીરતનીયાજીની પાસે થોડું શિખશે તો કામ લાગશે. ભારતમાં તો સાંપ્રદાયિક નિત્ય નવા ઘણાં પુસ્તકોનાં પ્રકાશન થાય છે. આપણે દુર બેઠા છીએ. કોઇ લાવી આપે ત્યારે થાય. હમણાં શિક્ષાપાત્ર ઉપર ભાવ પ્રકાશ નવું પુસ્તક 'નિકળ્યું' છે. બીજા ઘણાં પુસ્તકો નિકળતા રહે છે. આવતી વખતે સાથે લાવશું. દીનેશ–માસી ! શ્રી ઠાકોરજીને મિશ્રી જ ભોગ ધરો છો કે બીજું કાઇ ?

માસી–અરે દિનેશ ! હું તો હરખમાંને હરખમાં ભૂલી ગઇ. તને ખાવા–પીવાનું પણ પૂછયું નહીં. આજે તો તને ભાવતો કાજુનો મેસુબ પિનકીએ બનાવ્યો છે. શ્રી ઠાકોરજી આનંદથી આરોગ્યા છે. હમણાં જ લાવું છું.

દિનેશ–માસી ! તમે જાણો જ છો કે મને કાજુની પ્રસાદી બહુ જ ભાવે છે.

તેટલીવારમાં પિનકી કાજુનાં મેસુબનો પ્રસાદ લઇને આવી. દિનેશભાઇ ! જો જો હો મારી મજાક કરશો નહીં. જેવો આવડયો એવો કર્યો છે. એમ કહી પિનકીએ ડીસ ભરી સામે રાખી ઉભી ઉભી જોવા લાગી કે દિનેશ ભાઈ શું કહેશે !

દિનેશ–માસી ! પિનકી તો બહુ જ સમજદાર થઇ ગઇ છે. સામગ્રી કેવી સુંદર બનાવે છે. કીરતન પણ શીખી છે. વાહ ભાઇ વાહ ! પિનકીબાઇનાં વખાણ તેની મા કરે, કેમ સાચું ને પિનકી ?

પિનકી–બસ, બસ દિનેશભાઇ ચણાના ઝાડ ઉપર ચડાવોમાં.

માસી–દિનેશ ! આ વખતે ભારત જાવું છે. બે માસ ત્યાં રોકાવું છે. સેવાનો લાભ તો મળશે જ. સાથે સાથે લૌકિક કામ એકાદ બે કરવા છે.

પિનકી રોજ કરતી તેમાં સર્વોત્તમજી પંચ પદ્યાની નવરત્ન અને ખાસ કરીને વલ્લભાષ્ટકમાં તેની રુચિ બહુ જ હતી.

દિનેશ–પિનકી ! મારે તારા મોઢેથી વલ્લભાષ્ટક સાંભળવું છે. પણ જોજે હો, જે છંદમાં છે તે જ છંદમાં ગાય સંભળાવજે.

પિનકી–દિનેશભાઇ ! શ્રી વલ્લભાષ્ટક તો સ્રગધરા છંદમાં છે. મારી બાએ જેવું શીખવ્યું છે તેવું જ બોલીશ. એક લાઇનમાં ત્રણ વિભાગ કરી ગાઉં છું.

'શ્રીમદ્ વૃંદાવનેન્દુ-પ્રકટિતરસિકા-નંદસંદોહરૂપ
સ્ફુર્જદ્રાસાદિલીલા-મૃતજલધિભરા-ક્રાન્તસર્વોપિ
શશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવ-પ્રકટયન હૃદય-સ્યાજ્ઞયા
પ્રાદુરાસીદ્-
ભૂમૌયઃ સન્મનુષ્યા-કૃતિરતિકરુણ-સ્તં પ્રપદ્યે
હુતાશમ્ ॥"

આ પ્રમાણે પિનકીનાં મોઢેથી સાંભળી દિનેશ બહુ જ પ્રસન્ન થયો અને માસીને કહેવા લાગ્યો. માસી! તમે તો પિનકીને બહુ જ આગળ વધારી દીધી છે. માસી! આટલા શુદ્ધ ઉચ્ચારણ તો હું હજી કરી શકતો નથી. માસી થોડું ટીકાનાં રૂપમાં સમજાવો તો મને આનંદ આવે.

માસી-દિનેશ! તું નથી જાણુતો તે હું માનતી નથી, પણ કહેતો હોતો સૂક્ષ્મ વર્ણન કરું. આ તો શ્રી ગુંસાઇજી કૃત છે. જેમાં શ્રીમહા પ્રભુજીનાં પ્રાકટયનું કારણ અને સ્વરૂપનું વર્ણન છે. ટીકા તો મને પણ હજી બરોબર સમજાતી નથી.

શ્રી વૃંદાવનચંદ્ર આનંદકંદ શ્રી યશોદોત્સંગલાલિત ત્રિભંગ રૂપ કોટી મન્મથ મન્મથ એવા પ્રભુએ જયારે વ્રજમાં અવતાર ધારણ કરી જે જે લીલાઓ કરી છે તે સર્વ લીલા કયા પાત્રમાં છે, તે તો શ્રી મહાપ્રભુજીનાં હૃદયરૂપી સ્થાનમાં બધી લીલા વિદ્યમાન છે. બધી લીલામાં રાસ લીલા સર્વ શ્રેષ્ઠ છે, તે શ્રી વૃંદાવન ચંદની લીલા જેમની પાસે છે તે શ્રીમહા પ્રભુજીએ આપણુને સ્વરૂપ સેવા પધરાવી આપી છે અને ભાવ ભાવનાં પુસ્તકો ઉપરથી જણાય છે. આ ગૂઢ છે. કોઇ ભાવિક અનુભવી વૈષ્ણવ અગર કોઇ ગુસાંઇજીના બાળકો પાસેથી સાંભળીયે ત્યારે સારી રીતે સમજી શકીયે. શ્રી મહા પ્રભુજીનાં સ્વરૂપનું જ્ઞાન થવું જરૂરી છે. તે આ અષ્ટક અને સ્ફુરત્ કૃષ્ણ પ્રેમામૃત આ બંનેમાંથી સમજાશે. શ્રી ગુસાંઇજીની વાણીનું શું વર્ણન કરવાની મારી શકિત છે? નથી જ. ટુંકામાં શ્રી મહા પ્રભુજીનાં પ્રાકટયનું કારણ જ પુષ્ટિ જીવોને તે વૃંદાવન ચંદની લીલારૂપ સમુદ્રનું પાન કરાવવા માટે છે. પ્રેમ લક્ષણા ભકિતનું સાધન દીધું છે. આ ભકિત રસ જેની પાસે છે, તે જ દાન આપી શકે "સેવા રીત પ્રિત વ્રજ જનકી, જન હીત જગ પ્રગટાઇ" આ લીલાનું દાન કરવા આપ શ્રીમહા પ્રભુજી મનુષ્ય દેહ ધારણ કરી ભૂતલ પધાર્યા છે.

દિનેશ હવે પહેલાં નાહી ધોઈ જમીલે પછી વાતો ઘણી કરવી છે.

ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટનાજય શ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

આના પછી દશ પ્રકારની લીલાઓનું પૂર્ણપણું હોવાથી આશ્રય માટે સદા પ્રયત્ન (ઇચ્છા) કરેલ છે તેથી "કૃષ્ણ જ" એમ આગળ (મુખ્યત્વે) કહ્યું અહીં શ્રીકૃષ્ણના અવતારની લીલાઓ નિત્યફળ આપનારી છે એમ હેતું પૂર્વક ધ્યાનમાં (લક્ષમાં) રાખ્યું એમ સ્વરૂપના એકત્વની બાબતમાં પણ લીલાઓના નિત્યત્વને જણાવવા માટે કંઠોકત નહિ એવો ઉપસંહાર (છેવટના સારનું કથન) કરે છે એ ભાવ છે.

આ રીતે સાધન તથા ફળના સ્વરૂપ વચ્ચેનો ભેદ દર્શાવીને આશ્રયનું નિરૂપણ કર્યા પછી તેના લોભ નિષ્ઠ (લોભ પરાયણ) અમૃતના એક માત્ર ફલને લીધે સર્વ શકિતમાન પ્રભુને નિવેદન (વિજ્ઞાપન) કરવું એ નિવેદન કરતાં કહે છે "હું વિજ્ઞાપન કરૂં છુ" કંઇક (નિવેદ કરૂં છું) એમ શેષ વાકય સમજવું એ કંઇક તે શું એમ પ્રશ્ન પુછાશે એવી અપેક્ષા (ધારણા) રાખતાં કહે છે "ઇદમ્" એટલે "આ" જેની પાસે (નિવેદન) કર્યું તે વિનય પૂર્વક અંગુલિ નિર્દેશ કરીને (આંગળી ચીંધીને) જણાવે છે તો પણ 'એ શું' એમ પુછવામાં આવે તો કહે છે "આ સ્તોત્ર" તો બધાનો સરવાળો કરીને કહે છે કે શ્રીકૃષ્ણાશ્રયનું આ સ્તોત્ર શ્રીકૃષ્ણ છે આશ્રય (શરણ) જેમાં એ આશ્રયનું સ્વરૂપ જણાવ્યું આ આશ્રય કરવાથી આશ્રય માગનાર (લેનાર) નો ત્યાગ કરવાનું શ્રીકૃષ્ણ માટે અશકય હોવાથી અદેય વસ્તુનું પણ દાન તેને (એટલે આશ્રિતને શરણે આવેલાને) કરવું જ પડે અને પોતાના આશ્રિતોના દુ:ખને કાપવાને (દુર કરવાનું) કાર્ય પણ સધાય તેથી અતિ વિનય પૂર્વક વિજ્ઞાપન (વિનંતી) જ યોગ્ય છે એમ શ્રીમદ્ આચાર્ય ચરણ (શ્રીમદ્વલ્લભાચાર્યજી)નું હૃદય કહે છે એમ જણાવ્યું.

આજ કારણને લીધે આ પ્રમાણે વિજ્ઞાપન કરીને શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ કરવાનું શું ફળ છે તે જણાવે છે.

શ્રીકૃષ્ણના ભાવાત્મક સ્વરૂપની સન્નિધિમાં (એટલે સમક્ષ) એમ કહ્યું છે. આમ થતાં પુષ્ટિમાર્ગીય જનના હૃદયમાં ભાવનો ફણગો ફુટતાં ભાવરૂપપણાથી અંદરથી એ સાન્નિધ્ય સાંપડે (પ્રાપ્ત થાય) તેથી એમ કહ્યું છે. શ્રીકૃષ્ણના સાન્નિધ્ય (સમક્ષ હાજરી) ને માટે અથવા જે પાઠ કરે તેનો જ આશ્રય (શરણ) બને 'યઃ' (એટલે જે) શબ્દ વાપરીને સૂચવે છે કે મારા સિવાય બીજો કોઇપણ સ્વીકૃત છે એમ ભાવાર્થ છે.

આ તો શ્રીમદાચાર્ય ચરણનું અતિદયાળુતા યુકત તથા ઉદારતા ભર્યું ચરિત્ર છે. જો એવી દલીલ કરવામાં આવે કે આ પ્રમાણે નિવેદન

(શ્રીકૃષ્ણને વિનંતી) કરવામાં આવ્યા છતા પણ ભગવાન એ નિવેદનને લક્ષમાં ન લ્યે તો ફલસિદ્ધિ કેવી રીતે થાય ?

એવી દલીલના ઉત્તરમાં કહે છે કે શ્રીમદ્ વલ્લભ પોતે આમ કહે છે. (ખાત્રી આપે છે.) ઇતિ એમ કહીને પૂર્વે કરેલું વિજ્ઞાપને શ્રીવલ્લભ એટલે સાક્ષાત્ ગોપીશ (ગોપીઓ-નાથ સ્વામી) બોલ્યા છે એટલે ભક્તને (તેના વિજ્ઞાપનને) સ્વીકારીને આજ્ઞા કરે છે અથવા એમ પણ અર્થ લઇ શકાય કે શ્રી વલ્લભ (પ્રિયસ્વામી) પરમ વાત્સલ્યને સ્થાન (આસ્પદ) બનેલ હોવાથી આજ કારણને લીધે તાઃ એટલે શ્રીસ્વામિનીજીઓ પોતાનું વધું રહસ્ય કહે છે એમ કહીને તેમનું (સ્વામિનીજીઓનું) ગુરુત્વ વર્ણવ્યું છે. 'સંન્યાસ નિર્ણય ગ્રંથ'માં પોતાને જે બહુ પ્રિય (વહાલો શિષ્ય) હોય તેને ગુરૂજી પોતાનું રહસ્ય (ગુપ્ત વાત કે વિદ્યા) જણાવે છે એમ કહેવામાં આવે છે. તેથી આમ હોવાથી (કે થવાથી) તેમનો વલ્લભ હોવાથી પ્રભુનો પણ પરમ પ્રેમ પાત્ર બનેલો છે તેથી તેનું (શ્રીમદ્‌વલ્લભનું) કહેલું બધું પ્રભુએ સ્વીકાર્યું છે એમ જણાવવામાં આવે છે. (અંગી કૃતમ) તે હેતુ દર્શાવવા કહ્યું કે 'અબ્રવીત્' (એટલે શ્રીવલ્લભ બોલ્યા) ફલ મળે છે એવા અર્થ છે એટલે કે તેના વલ્લભ (પ્રાણ પ્રિય) હોવાથી ભગવાને કહેલો અંગીકાર (સ્વીકાર) સ્વયંસિદ્ધ (જાતે જ ફલદાયી) છે એવી પુનરુક્તિ (ફરીથી) કથન) કરવાની જરૂર નથી. આ ફલ મળવાની બાબતમાં સર્વ પ્રકારે શંકાનો અભાવ છે (એટલે કે સંપુર્ણ ખાત્રી છે.) એમ જણાવ્યું આમ ભાવાર્થ છે. ૧૦-૧૧.

[વિવરણની સમાપ્તિ કરતાં ટીકાકાર કહે છે.]

અર્થ મારા આ અતિ મલિન હેતુમાં પ્રભુની આ કેવી અપુર્વ કૃપાનો વિલાસ થયો ! એટલે કે પ્રભુની અસીમ કૃપાથી જ મારો આ વિવરણનો પ્રયત્ન અમલમાં મૂકી શકાયો છે. ઇશ્વરની અમાપ કરુણાથી આ અદ્ભુત કૃપા અનુભવી છે. ૧.

દયાનું વ્રત નિભાવનાર હે ઇશ્વર તારી કૃપા મહાન છે અને મારા અપરાધો પણ એવા જ મોટા છે! મારા મોટા અપરાધો અને તારી મોટી કૃપાની તુલના કરતાં જણાય છે કે તારી કૃપા અતિ મહાન છે ૨.

પોતાના અતિ ઉદાર ગુણોને લીધે અદેયદાન આપવામાં તત્પર શ્રીમદ્ આચાર્યચરણો જે દયાનો ભંડાર છે તેમનો હું આશ્રય કરું છું ૩.

પ્રણામ કરનાર જનો ઉપર દયા ઉત્પન્ન થઇ છે જેમાં તેવી દૃષ્ટિથી જે શ્રીમદ્ વિઠ્ઠલેશજી જીવોના સંતાપને દૂર કરે છે તેમનો આશ્રય (શરણ) હું લઉં છું. ૪.

આ પ્રમાણે 'કેષાંચિત' (એટલે કોઇ એક પંડિતે કરેલું શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનુ વિવરણ અહીં પુરૂં થાય છે અને આ ગ્રંથપણ પુરો થાય છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૮૪

આજ આનંદ મેં સુર તનયા સુભગ શ્યામ
સુંદર સંગ કેલીઠાની ॥
મધુર મુસકાન અરસાન રસ મગ્ન મન કરત
કોકિલ શબ્દ મધૂરી બાની ॥૧॥

બહત ગોકુલ પાસ કરત પુરન આસ સકલ
સામર્થ્ય અભય દાની ॥
નંદનંદન કુંવર નવલ **જોરી** હરિદાસ પ્રભુ
નિરખ શોભાબખાની ॥૨॥

ભાવાર્થ-પરમ સુંદર એવાં સુર (સુર્ય) તનયા શ્રી યમુનાજી આજે પરમ આનંદમાં શ્યામ સુંદર સાથે રમણ કરવા લાગ્યાં મધુર મુસકાન સહિત પરમ રસ મગ્ન થઇ અને રસ ભરી અંગડાઇ (આળસ મરડવી) અને કોકિલા જેવી મધુર વાણીથી પ્રિયતમના મનનું હરણ કરવું વિગેરે વિલાસો સહ શ્રી ગોકુલ પાસે મંથર ગતિથી પધારવું. સ્નાનપય પાન કરનારની સર્વ આશાઓ મનોરથો પુર્ણ કરવા અને સકલ સામર્થ્ય યુકત નિજાશ્રિતોને અભયદાન આપવું નંદનંદન શ્રી યમુના મહારાણીજીની નવલ જોડી સ્વરૂપને નિરખી અને હરિદાસે એ શોભાને વખાણી અને રસ મગ્ન થયા.

વિવેચન-કરત કોકિલ શબ્દ મધુરબાની ભાવનાનું એક કીર્તન છે. રાધિકા આજ આનંદમેં ડોલે ॥ સાંવરે ચંદ ગોવિંદ કે રસ ભરી-દુસરી કોકિલા મધુર સ્વર બોલો । પહેરે તન નિલ પટ કનક હારાવલિ હાથલે આરસી રૂપકોં તોલે ॥ કહત શ્રી ભટ્ટ બ્રજનારી નાગર બની કૃષ્ણ કે શિલકી ગ્રંથિકા ખોલે ॥૨॥ શ્રી રાધિકાજી આજે અતિ હર્ષ આનંદમાં ડોલી રહ્યાં છે શ્યામ સુંદર ગોવિંદ ચંદના રસ પ્રચુર બની અને બીજી કોકિલાની જેમ મધુર સ્વરથી હર્ષોન્માદ રૂપેં મધુર કિલકારી કરી રહ્યાં છે. શ્રી અંગમાં નિલ અંબર ધર્યું છે અને સુવર્ણના શૃંગારો ધારણ કર્યા છે. પોતે કેવાં સુંદર લાગે છે તે માટે હાથમાં આરસી લઈ અને પોતાના રૂપની તુલના કરી જુએ છે કે પ્રિયતમને મોહિત કરી અને રસ કેલીમાં હું બરાબર મ્હાત કરીશ કે નહીં ત્યારે અંતરંગ સખીરૂપેં શ્રી ભટ્ટ કહે છે કે હે પ્યારીજી આપ દરેક રીતે વસ્ત્ર શૃંગાર ચતુરાઇ વિગેરેમાં પારાંગત છો આપ રસાન્મયી શ્રી શ્યામ સુંદરને જરૂર મ્હાંત કરી શકશો અને પ્યારીજી પ્રિયત્તમ પાસે પધારી શ્રીકૃષ્ણના વસ્ત્રની ગ્રંથિકાને ખોલી નાખી અને શ્રીયુગલ સ્વરૂપ રસ ક્રિડામાં મગ્ન થઇ ગયાં તેમ અહીં શ્રી યમુનાજી યુગલનો જ પ્રકાર છે એ પ્રિયતમ યુગલ સ્વરૂપની લીલાનાં દર્શન કરી અને હરિદાસે પ્રભુની શોભાનું વર્ણન કર્યું.

શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું પઠન ફલરૂપ છે.

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ચોર્યાસી વૈષ્ણવમાંના શ્રીપદ્મનાભદાસ શ્રી મહાપ્રભુજીના અનન્ય સેવક તેમના મોટાં પુત્રી તે તુલસા બાલ્યાવસ્થામાં તેમને વૈધવ્ય આવ્યું. આથી પિતાને ત્યાં રહી શ્રીમથુરેશજી પ્રભુની સેવા તનમનના ભાવથી સુંદર રીતે કરતા. પ્રભુસેવા એજ તેમનું જીવન કાર્ય બની ગયું. બપોરે અને રાત્રે સેવાના અનવસરમાં પણ પ્રભુસ્મણ અને શ્રીમહાપ્રભુજીનાં સ્તોત્રોનો પાઠ કરતા તેમને શ્રીમથુરેશજી પ્રભુ સાક્ષાત દર્શન આપતા.

આપશ્રીએ પુછ્યુ 'તુલસાં, અને શ્રી મથુરેશજી સાનુભવ જતાવે છે ખરા ?'

તુલસાંએ અતિ દીનતાથી કહ્યું : 'હા, બાવાશ્રી આપની કૃપાથી પ્રભુ સાનુભવ જતાવે છે.'

શ્રી ગુસાંઇજીએ વળી પુછ્યું : 'પ્રભુ તને સાનુભવ જતાવે છે તેનું કારણ શું ?'

તુલસાંએ કહ્યું, 'બાવાશ્રી, હું સેવાના અનવસરમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો પાઠ કરું છું".

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે આ એક પ્રેરણા દાયક પુષ્ટિ પ્રસંગ છે. ભાવ પ્રકાશમાં શ્રી હરિરાયજી મહાપ્રભુજી સમજાવે છે કે શ્રી મહાપ્રભુજીનાં ગ્રંથોના પઠનનું ફલ તુલસાંને મળ્યું હતું.

એ તો આપણે જાણીએ છીએ કે શ્રી મહાપ્રભુજી પ્રભુના સાક્ષાત્ મુખારવિંદ સ્વરૂપ છે. મુખ એ વાણીનું સ્થાન હોવાથી શ્રીમહાપ્રભુજી વાકપતિ એટલે વાંણીના અધિપતિ છે, સાક્ષાત્ સરસ્વતીજીના પતિ છે. વેદોનું પ્રાકટ્ય શ્રીભગવદ્ મુખમાંથી થયું છે. આથી શ્રી ભગવદ્ મુખસ્વરૂપ શ્રી મહાપ્રભુજીના ગ્રંથો આપણા માટે વેદથી પણ વધુ મૂલ્યવાન છે. શ્રી મહાપ્રભુજીની વાણી કદી મિથ્યા હોઈ શકે નહીં. તુલસાંને જે ફલપ્રાપ્તિ થઇ તે આપણને ન થઇ શકે ? અવશ્ય થઈ શકે. આપણે જો અંતઃકરણના ભાવપુર્વક અને અર્થાનુસંધાન પુર્વક આ ગ્રંથોના પાઠ કરીએ તો શ્રી મહાપ્રભુજીની અતુલ કૃપાથી આપણને તે અવશ્ય ફલરૂપ બને.

।। શ્રીવલ્લભ તવાસ્મિ ।।

લે. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

–(ગતાંકથી ચાલુ)

શ્રી વલ્લભના મધુરાધિપતિ બોલે, શ્રી વલ્લભના અધિપતિ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૩૯
શ્રી વિઠ્ઠલના સર્વોત્તમ બોલે, શ્રી વિઠ્ઠલના વલ્લભાષ્ટક બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૦
શ્રી વિઠ્ઠલની સપ્તશ્લોકી બોલે, શ્રી વિઠ્ઠલની વિજ્ઞપ્તિ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૧
શ્રી વિઠ્ઠલના વિદ્વન્મંડન બોલે, શૃંગાર રસ મંડન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૨
શ્રી વિઠ્ઠલના ગુપ્તરસ બોલે, સ્વપ્ન દર્શન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૩
મધુરાધિપતિની મધુરપ બોલે, મધુરાધિપતિની અધુરપ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૪
મધુરાધિપતિની શ્રી મદ્રાધા બોલે, શ્રીમદ્રાધાની અધર સુધા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૫
અધર સુધાના અધિપતિ બોલે, મધુર સુધાના અધિપતિ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૬
મધુરા રાધાના અધિપતિ બોલે, મધુર મધુરાધિપતિ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૭
માનીતા માણીગર બોલે, સલુણા સુંદર શ્યામ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૮
સલુણી સુંદરી શ્યામા બોલે, નિકુંજ નાયક શ્રીનાથજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૪૯
નિકુંજ નાયિકા શ્રી સ્વામીનીજી બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ.... ૫૦

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૫૯. તાદૃશવેષ્ટિત રૂપ

તાદૃશી નિજ સંગ બિરાજત,
લેન દેન અંતરકી જાસોં બલ્લભ રસ ઉર ઝલકત રાજત. ૧

અષ્ટ પ્રહર સુખ ચાહત પિયકો, એકો પલછીન ન્યારે ન છાજત;
'વ્રજ' વલ્લભ સંગમ સુખ વિલસત, પલકાંતર વિરહ સોં દાઝત. ૨

૬૦. સ્વદાસાર્થ કૃતાશેષસાધન રૂપ

નિજ દાસન હિત સાધન કરત,
દાસ રહે નિશ્ચિંત ભજન રસ, સેવા સાગર ઉર ભરત. ૧

પત્ર કુસુમ જલ ફલ જોઇ પાવત, પરમ પ્રેમ મધુરેશજુ કો ધરત;
માનત મેરૂસમ રંચક સેવા, 'વ્રજ' પતિ ઓર તાહિકી ઢરત. ૨

૬૧. સર્વશક્તિધૃક્ રૂપ

સર્વ સમર્થ શ્રી મધુપતિરાય,
શકિત અનંત મહિમા અનંત હે, કયોં બરને કોઉ કવિ ગાય. ૧

કર્તુ, અકર્તુ, અન્યથા કર્તુ, ઇનિકો ભેદ કોઉ નહીં પાય;
નાચત દીન હ્વે ભકતન આગે, 'વ્રજ' વલ્લભ સબકે સુખદાય. ૨

૬૨. ભુવિભકિત પ્રચારેક કૃતેસ્વાન્વય રૂપ

ભક્તિ પ્રચાર કીયે ભૂતલ પર,
ભૂતલ ભ્રમણુ દૈવી હીત કારન, બીછુરે જંહ તંહ ભકત તહેંદર. ૧

પરમ કૃપાલ પ્રાણુ ઔર પ્રાણુ સુત, પરિશ્રમ લીયે શરન એકત્ર કર;
ભૂવિ ભકિત વિસ્તારક પાલક, પ્રથમ ઇસલિયે 'વ્રજ'કી બાંહધર. ૨

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૭૬. રાગ-ઇમન (વૈ. ૬૪)

વંદો સેવક એક ક્ષત્રિય,
સખી 'મોહિની' કુમારિકા યૂથમેં, સંગ તાકો અન્ય માર્ગીય. ૧

નામ–નિવેદન પાય વલ્લભ તે, બાલકૃષ્ણ સેવા પધરાઈ;
પ્રિત બહુત એક ગૌડ બ્રાહ્મણમેં, સેવક હોન કી સમુજાઇ. ૨

માનત નાહીં અન્ય માર્ગીય હૈ, કહે ઠાકુર તબ કયોં અકુલાઇ;
ભોગ ધરી ઇનકો ઠાકુર કોં, લીજે પ્રસાદ તબ શરણ ગહાઈ. ૩

ઐસે કરત ઇનકે ઠાકુરને, બાત સિદ્ધાંત જનાઇ;
'લાલદાસ' તબ સખી 'લક્ષની', શ્રી વલ્લભ કે શરણે આઇ. ૪

૭૭. રાગ-ઇમન (વૈ. ૬૫)

વંદૌં શ્રી ભાટ કવિરાજ,
મુનિ 'શાંડિલ્ય' નંદ પુરોહિત, મુનિ જનકે શિરતાજ. ૧

દોહા છંદ કવિત કહત હૈ, અન્ય દેવકે વૃત્તિ કાજ;
શ્રી વલ્લભ કે શરણ આય કે, ગાઇ લીલા નિજ. ૨

'ભકિતસૂત્ર' કે પ્રકટ કર્તા હૈ, બાંધી ભકિતમાર્ગકી પાજ;
'લાલદાસ' શ્રી વલ્લભ કૃપા તે, ભયો જ્ઞાન ક્ષણમાં જ. ૩

૭૮. રાગ-ઇમન (વૈ. ૬૬)

વંદૌ શ્રી લઘુ પુરુષોત્તમદાસ,
ભાટ 'ઉમાશંકર' નંદરાય કે, કાશી ક્ષેત્ર નિવાસ. ૧
દોહા છંદ કવિત કહત હૈ, લોગન કે ધન આસ;
શ્રી વલ્લભ કે શરણ પાય કે, ગુણ ગાવત રસરાસ. ૨
ચરણામૃત જબ દીયો કૃપા કર, ભયો તિમિર કો નાસ;
'લાલદાસ' લીલા રસ ભીજે, ઉર આનંદ પ્રકાશ. ૩

—ક્રમશઃ

કાવ્ય કુંજ

(૧) દાનનું ધોળ

મોહન શાને ખેંચો છો મારો છેડલો રે;
મારગ મૂકતા નથી નંદલાલ-મોહન૦

મારે જાવું મથુરા મહી વેચવા રે;
અમને થાય છે ઘણેરી વાર-મોહન૦

ઘરમાં સાસુ મારી ખીજાશે રે
નણદલ દેશે મુજને ગાળ-મોહન૦

મોહન બોલ્યાં ગોરી ગુજરી રે
મહિડા મીઠા આપ વ્રજનાર-મોહન૦
નહિતર ફોડીશ તારી માટલી રે
તોડીશ નવસર કંઠનો હાર-મોહન૦

નટવર નાના નટખટ છો ઘણા રે
મનભર મહીડા પીશો નંદલાલ-મોહન૦

મુખ '**પ્રભા**' મોહી મનહર મીઠડા રે
મારા તન મન ધન બલિહાર-મોહન૦

પૂ. ગો. શ્રી વ્રજલતા વહુજી, જામનગર

શ્રી હરિરાય મહાપ્રભુજીની વધાઇ

હાં રે સખી વલ્લભ કુલમાં આનંદ અપાર રે
પ્રકટયા છે લાલ હરિરાયજી

હાં રે સખી સોળસો ઉપરે સુડતાલી સાલ રે
હાં રે સખી વદી પાંચમ રે ભાદ્રપદ માસ રે
હાં રે સખી પુષ્ટિનો પર્વ રે આનંદ મનાય રે
પ્રકટયા છે લાલ હરિરાયજી.

હાં રે સખી દેવા વધામણી ઉમટયા નર-નાર રે
હાં રે સખી સોળે શૃંગાર સજી ચાલી વ્રજનાર રે
હાં રે સખી માનિની મનમાં મંગલ ગાય રે
પ્રકટયા છે લાલ હરિરાયજી.

હાં રે તાત કલ્યાણરાયજી ઉત્સવ મનાવે
હાં રે માત જમુના વહુજી પારણે ઝૂલાવે
હાં રે સખી વૈષ્ણવ જન સૌ આનંદ મનાવે.
પ્રાકટય છે લાલ હરિરાયજી.

પ્રા. એન. આર. પાલેજા (રાજપીપળા)

સત્સંગ

લેખક : **રા. રા. ભદ્રશંકર જટાશંકર શાસ્ત્રી**

સારો સંગ વા સાધુ પુરુષનો સમાગમ કરવો એને સત્સંગ કહેવાય છે. સજ્જનોનો સંગ કરવો એને સત્સંગ કહેવાય છે. સત્સંગ કરવાથી મનુષ્યમાં સારા ગુણો આવે. વિદ્યા, વિનય, વિવેક, સત્ય, સદાચાર વગેરે ગુણો સત્સમાગમ કરવાથી ઉત્પન્ન થાય છે. માણસને નકલ કરવાની ટેવ હોય છે. તેમાંએ બાળક તો વિશેષ જ નકલ કરે. સારી સંગતિ હોય તો નકલ કરવાથી સારા ગુણો આવે અને ખરાબ સંગ હોય તો ખરાબ ગુણો આવે, માટે નિરંતર સારાનો સંગ કરવો.

સત્સંગનું મહાભારતાદિ ગ્રંથોમાં બહુ બહુ પ્રકારે વર્ણન આવે છે. વિશ્વામિત્રના હજાર વર્ષના તપ કરતાં પણ એક ક્ષણના સત્સંગનું માહાત્મ્ય વધી ગયું હતું. એક દિવસે વશિષ્ઠ કહે છે સત્સંગ ચઢે અને વિશ્વામિત્ર કહે તપ ચઢે. એમ બન્ને વાદ કરતાં કરતાં તેનો ન્યાય કરાવવા દેવોની પાસે ગયા. વિશ્વામિત્ર ઘણા ક્રોધી હતા. દેવો પણ તેમના શાપના ભયથી કંપી ઉઠતા એટલે દેવોએ ગંભીર વિચાર કરીને કહ્યું કે તમારે ન્યાય કરાવવો હોય તો શેષનાગની પાસે જાઓ. એટલે તે બન્ને પાતાળમાં શેષનાગની પાસે ગયા. ત્યાં તેમણે શેષને કહ્યું કે, અમારો ન્યાય કરો. શેષે કહ્યું કે મારા મસ્તક ઉપર પૃથ્વીનો ભાર વિશેષ છે. એવા ભાર સહિત તમારો ન્યાય કેમ કરૂં ? માટે તમારે પોતાના પ્રભાવથી આ પૃથ્વી થોડીકવાર ઝાલી રાખવી. એટલે વિશ્વામિત્રે એકદમ આગળ આવી પોતાના એક હજાર વર્ષના તપના પ્રભાવથી પૃથ્વીને ધારણ કરવા માંડી, તો પણ પૃથ્વી ધારી શકાય નહિ. બીજી વાર અનેક વર્ષની તપશ્ચર્યાનું બળ મૂક્યું ત્યાં માંડ માંડ પૃથ્વી ઊંચી થઇ શકી. પછી વશિષ્ઠે માત્ર સત્સંગના એક ક્ષણનું બળ મુકી પૃથ્વી ઉપાડવા માંડી કે તરત જ આખું પૃથ્વીનું મંડલ સાધારણ દડાની માફક ઊંચુ થઈ ગયું. સત્સંગનો આવો પ્રભાવ છે.

ભર્તૃહરિ કહે છે કે–

જાડયં ધિયો હરતિ, સિંચતિ વાચિ સત્યં,
માનોન્નતિં દિશતિ, પાપમપાકરોતિ ।
ચિત્તં પ્રસાદયતિ દિક્ષુ તનોતિ કીર્તિં,
સત્સંગતિઃ કથય કિં ન કરોતિ પુંસામ્ ॥

અન્વયાર્થ : બુદ્ધિની જડતાને હરણ કરે છે. વાણીમાં સત્ય સીંચે છે, મન અને ઉન્નતિ દેખાડે છે. પાપને દુર કરે છે, ચિત્ત પ્રસન્ન કરે છે. (સર્વ) દિશાઓમાં કીર્તિ વિસ્તારે છે. કહો ? સત્સંગ પુરુષોનું શું નથી કરતો ?

આપણી બુદ્ધિમાં મલિનતા હોય, જડતા હોય તે સત્સંગથી જતી રહે છે. સત્સંગ કરવાથી વાણીમાં સત્ય બોલવાનું આવે છે. જેમ જેમ સત્પુરુષોનો સમાગમ થાય તેમ તેમ માન તથા ઉન્નતિ વધ્યા જ કરે, સત્સંગ આગળ પાપ તો ટકતું જ નથી. ચિત્ત નિરંતર પ્રસન્ન–આનંદમાં રહે છે અને સર્વદિશામાં તેનો યશ પણ વિસ્તાર પામી જાય છે. આવો સુંદર સત્સંગ કોણ ન કરે ?

સત્સંગ મેળવવાથી સર્વ સિદ્ધ થાય. આ લોક પણ સુધરે અને પરલોક પણ સુધરે છે.

માટે જ બહુ પુણ્ય હોય, અત્યંત ભાગ્ય હોય તો જ સત્પુરુષનો સમાગમ થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પરમાત્માની ભક્તિ પણ સત્સંગ થવાથી જ આવે છે. ઉત્તમ ભગવદીય જનનો સંગ થાય, તેમની કૃપા થાય તો ભવેભવના બંધનો તુટી જાય, પ્રભુના દિવ્ય સ્વરૂપનો બોધ થાય. મોટા મોટા ભકતજનો, મહાત્માઓ સત્સંગથી જ ઉન્નતિ પામ્યા, તેમણે સત્સંગથી જ પ્રભુપદ મેળવ્યું. ધ્રુવ, પ્રહલાદાદિ ભકતો સંત સમાગમ કરવાથી જ ભગવાનને મેળવી શકયા.

એટલા માટે પ્રિય બંધુઓ ! તમારે સત્પુરુષનો સમાગમ કરવા અવશ્ય લક્ષ રાખવું. સત્પુરુષો સાધારણ રીતે મળતા નથી. દુર્જનોનો તો આ જગતમાં પાર જ નથી, રોડાની માફક અથડાય છે. વિચાર કરવામાં ન આવે તો દુઃસંગ થતાં વાર નથી લાગતી. દુઃસંગ થવાથી મોટા મહાત્માઓ હોય છતાંયે ગબડી પડયા છે અને સત્સંગ કરવાથી સાધારણ જનો પણ મહાન્ સ્થિતિ પ્રાપ્ત કરી શકયા છે. પુષ્પનો સંગ કરવાથી માખી પણ દેવના મસ્તકે ચઢે અને દુઃસંગ થવાથી ભરત રાજાને પણ મૃગશરીર લેવું પડયું. સત્સંગનો મહિમા ભકતકવિ દયારામભાઈ સુંદર રીતે ગાય છે. તો આપણે પણ તે ગાઈએ. બોલો—

પદ-ગરબી

સર્વનો સિદ્ધાંત સત્સંગ છે,
માનોની તમે સર્વનો સિદ્ધાંત સત્સંગ છે.
ધન્ય ભાગ્ય છે તેનું ત્રિભુવનમાં,
જેને હરિના સંગીનો સંગ છે,
નિજ સરખો તે કરે મળતાં,
જેમ નીચ જળ ગંગ મળતાં ગંગ છે,
એમાં સર્વ જપ તપ તીર્થ,
ધર્મ યમ નિયમ યોગ અષ્ટાંગ છે,
અધમ પતિત થાય સર્વોત્તમ,
એવો જેનો પ્રબળ પ્રસંગ છે,
ગોબર કીટને સુંઘાડે પરિમળ પુષ્પનો,
એટલો પ્રતાપ તુચ્છ ભૃંગ છે,
વણસ્યું કામ કલ્પનું તે પલકમાં સુધારે,
એવી જેની બુદ્ધિઓ ઉત્તંગ છે,
અવળાનું સવળું કરી નાખે,
ભાગે અઘ દુઃખ જે અભંગ છે.
રાત દિવસ સત્સંગમાં ગમે,
'દયા' તે બેઠા શ્રીહરિને ઉછંગ છે.

દયારામભાઈની વાણીમાં ઉપરાઉપરી સત્સંગના ગુણો દર્શાવ્યા છે. ખાળકુંડીનું ખરાબ જળ ગંગામાં જાય તો તે ગંગા જ કહેવાય. છાણના કીડાને ભ્રમરનો સંગ થાય છે, તો પુષ્પની મહેક તે પણ ભોગવી લે છે. નીચ સમાગમ, ગંગાજળ ખાળકુંડીના જળમાં પડે તો તે નીચ જળ બની જાય તેના જેવો માટે સર્વથા દુઃસંગ ન જ થવા દેવો. દુઃસંગ પ્રભુથી પણ વિમુખ કરાવે છે. કુબુદ્ધિ ઉપજાવે છે. લોકમાં પણ અપયશ અપાવે છે. મહાનુભાવી સૂરદાસજી હરિથી વિમુખ રહેનાર દુર્જનનો સંગ છોડવાનું પોતાના મનને કહે છે. આપણે પણ આપણા મનને તેવો ઉપદેશ આપવો ઘટે છે. તો બોલો—

પદ-બિહાગ

તજ મન ! હરિ વિમુખન કો સંગ,
જાકે સંગતે કુબુદ્ધિ ઉપજે,
પરત ભજનમેં ભંગ— તજ૦ ૧
ખરકું કહા અરગજા લેપન,
મર્કટ ભૂષણ અંગ,
કાગ કો કહા કપુર ચુગાવત,
શ્વાન નહાવત ગંગ— તજ૦ ૨
કહા ભયો પયપાન કરાવત,
વિષ નહિ ત્યજત ભુજંગ,
'સૂરદાસ' પ્રભુ કારી કામરીયાં,
ચઢે ન દૂજો રંગ— તજ૦૩

શ્રી વલ્લભ એટલે ?

લેખક : ગો. વા. ચીમનલાલ શાસ્ત્રી

દૈવી જીવોનું પોતે વરણ કરે, દૈવી જીવોને પોતે અંગીકાર કરે માટે શ્રીવલ્લભ કહેવાયા. અથવા ભકતો સ્વીકીયો દૈવી જીવો જેમને શરણે જવાથી પ્રભુ સ્વીકાર કરે માટે શ્રી વલ્લભ કહેવાયા.

વલ્લભમાં 'વ' આનંદ વાચક છે 'લ' સદંશનો કહેનારો છે. 'ભ' ચિદંશને કહેનાર આ પ્રમાણે સચ્ચિદાનંદરૂપ આ શ્રીવલ્લભ બિરાજે છે.

શ્રીવલ્લભ શબ્દમાં 'વ' અમૃત વાચક છે. બન્ને લકાર સદંશ ચિદંશ ઉભયને કહેનારા છે. આ પ્રમાણે સચ્ચિદાનંદ વિગ્રહ રૂપે જે 'ભ' ભાતિ પ્રકાશે તે શ્રી વલ્લભ કહેવાયા.

સ્વકીય દૈવીજીવોની સેવાનો અંગીકાર કરતા જે પ્રકાશે છે. મહાપ્રલયમાં પણ જે અચ્યુત છે. નિત્ય બિરાજે છે. એ મદયમ ઉભય 'લ્લ' નું સ્વારસ્ય છે.

"વલ્લ સંવરણે" આ વલ્લ ધાતુને અભય પ્રત્યય લાગીને શ્રીવલ્લભ શબ્દ થયો. સંવરણ એટલે વરવું. "નાયમાત્મા પ્રવચનેન લભ્ય:, યં વૃણુતે તેન લભ્ય:" આશ્રુતિ મુજબ ભગવાન જેને વરે તેનાથીજ પ્રભુ લબ્ધ થાય છે. આશ્રુતિ નિયમ મુજબ નિ:સાધન જીવોને ભગવાન શ્રીવલ્લભ સ્વીયત્વથી પોતાપણાથી અંગીકાર કરે, વરણ કરવું એ ભગવાનનો ધર્મ છે, તે ભગવદ્ ધર્મ શ્રી આચાર્ય ચરણમાંજ છે એ શ્રીવલ્લભ નિરૂકિતથી દર્શાવ્યું છે.

શ્રી આચાર્ય ચરણે નિ:સાધન દૈવી જીવોનો અંગીકાર કરીને ભગવત્ત્વ સિદ્ધ કર્યું છે નિ:સાધનોનું વરણ કરવાને ભગવાને શ્રીગોપીજન વલ્લભ નામ ધારણ કર્યું ત્યારે શ્રી આચાર્ય ચરણે વલ્લભ નામ ધારણ કર્યું. ગોપીજનો જેમ નિ:સાધન છે, તેમના ઉદ્ધારક તેમના પ્રાણવલ્લભ છે. તેવી રીતે નિ:સાધન આ દેવી જીવોનો ઉદ્ધાર કરનારા શ્રી વલ્લભ પ્રકટયા છે. અર્થાત શ્રી ગોપીજનવલ્લભમાં અને શ્રી વલ્લભમાં તારતમ્ય નથી. એ જ રહસ્ય છે.

સિંહાવલોકન – શ્રી વલ્લભપદ નિરૂકિતમાં શ્રીગોપીજનવલ્લભ અને શ્રી વલ્લભની એકરૂપતા જોઈ ગયા. તેનો વિચાર કરીએ.

સાક્ષાત પુષ્ટિરસામૃતનું ગ્રહણ કરસાની ઈચ્છા વાળા વ્રજભકતોને પુષ્ટિ રસનું દાન કરવા અનિર્વચનીયાનંદરસમય શ્રીકૃષ્ણ પ્રકટ થયાં. શ્રીકૃષ્ણચંદ્રમાં ભાવદ્વય છે. પુંભાવ, સ્ત્રીભાવ, શ્રીકૃષ્ણ અને શ્રી સ્વામીનીથીમાં ભાવદ્વય ભાવદ્વય મળી ભાવ ચનુષ્ટયં થયું. રમણમાં એક જ પુંભાવ અને એકજસ્ત્રીભાવની અવેક્ષા. જો પુંભાવદ્વય અને સ્ત્રીભાવદ્વય આવી રીતે પ્રતીતિ થાય તો રસાભાસ થાય, માટે સંયોગાત્મક રમણ વખતે શ્રી સ્વામિનીજીમાં અને શ્રી ઠાકોરજીમાંથી એક એક સ્વરૂપ શ્રી આચાર્ય ચરણનું સ્વરૂપ છે. એટલે કે શ્રીકૃષ્ણચંદ્રથી ભિન્ન નથી.

લીલારસનું અનુભવકર્તુ સ્વરૂપ

શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રી સ્વામિનીજીના લીલારસનો અનુભવ કરનારું એક તૃતીય સ્વરૂપ અપેક્ષિત હતું, અનુભાવકના અભાવે રસનો ચમત્કાર ઉદભવે નહિ. અનુભવકર્તુ સ્વરૂપ પણ સ્વકીય હોવું જોઈએ. જો અપર હોય તો રસાભાસ થાય, માટે તે અલોકિક ધીલાનું લીલાનું યથાર્થ અનુભવકર્તુ સ્વરૂપ પોતાના માંથી પ્રકટ થએલુ શ્રી આચાર્યચરણનુ જ "સ્વય મેવાત્મનાત્માન વેત્થ ત્વં પુરુષોતમ" હે પુરુષોત્તમ ! પોતાને આપ પોતા વડે જાણો છો," આવી રીતે અનુભવકર્તા શ્રી આચાર્યરૂપે શ્રી પુરુષોત્તમ જ થયા.

[શુદ્ધાદ્વૈત-ભકિતમાર્તંડના વર્ષ ૮ સંવત ૧૯૮૯ ચૈત્ર અંક ૧માંથી સાભાર]

પરિષદ સમાચાર

વૈષ્ણવ સમાજના પ્રશ્નોને સમજીને તેને વાચા આપવા સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિઓને વધુ ગતિમાન કરવા અને સંપ્રદાયના સંરક્ષણ–સંવર્ધન માટે વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવોના સંગઠનની તાતી જરૂરીયાત છે અને આ પુ. વૈ. પરિષદ તે દિશામાં ખૂબ સારી સુંદર કામગીરી કરી રહી છે. ત્યારે સમગ્ર વૈષ્ણવ સમાજે વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠીત બનવું જોઈશે. એ પ્રમાણે કાંકરોલી નરેશ પૂ ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજે વડોદરા શહેર વૈષ્ણવ પરિષદના કાર્યકરોને સંબોધન કરતાં જણાવ્યું હતું.

દુસંસ્કારોથી બચવા–દુસ્સંગને મીટાવવા માટે આજે સત્સંગ અને સ્વાધ્યાયની નિતાંત જરૂરીયાત છે. અને વૈષ્ણવ પરિષદ તે કાર્ય કરી રહી છે. ત્યારે સૌ વૈષ્ણવોએ તન મન ધન પૂર્વક પરિષદને સહાય કરવી જોઈએ. આ પ્રકારે પૂ. ગો. શ્રી વાગીશ બાવાશ્રી (કાંકવોલી–વડોદરા) અને પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદરો (વડોદરા) પ્રવચનોમાં જણાવ્યું હતું.

વૈષ્ણવ પરિષદના અગ્રણી શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી અને પરિષદના મંત્રી પ્રિ. શ્રી વી. પી. પરીખે ઘર ઘરમાં સત્સંગની પ્રવૃત્તિને વ્યાપક બનાવવા આગ્રહ પૂર્વક જણાવ્યું હતું. આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા ચીમનભાઇ શેઠને ત્યાં કાર્યકરોની આ મીટીંગમાં શહેરની બધી શાખાઓમાં કાર્યક્રમો યોજવા અને ગણત્રિના મહિનાઓમાં વડોદરા વૈષ્ણવ સમાજનું વિશાળ સંમેલન યોજવાની જાહેરાત સંગઠન મંત્રી શ્રી શેઠે કરી હતી કપડવંજના શ્રી ઘનશ્યામભાઈ જોશીના મંત્રોચ્ચારથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હનો. અને સામૂહિક પાઠમાં ખૂબ મોટી સંખ્યામાં વૈષ્ણવો સહભાગી બન્યા હના અને વડોદરા ઈન્દ્રપુરી શાખાના શ્રી વલ્લભભાઈ પી શાહે ઈન્દ્રપુરી ખાતે યોજાનાર સમેલનની જાણકારી આપી હતી.

ચંદ્રકાન્ત પટેલ

શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી (વર્ષ ૧૦ અંક ૪ ના અનુસંધાને)

૪૨૧	શ્રીમતી સ્મીતાબેન એન. કાપડીયા, મુંબઈ
૪૨૨	શ્રીમતી કુસુમબેન ગોરધનદાસ મુંજપરા, જામનગર
૪૨૩	શ્રીનાથજી ટ્રેડર્સ, જુનાગઢ
૪૨૪	શ્રી અતુલ કુમાર પરસોતમભાઈ મોણપરા, નવાગામ
૪૨૫	શ્રી બાલકૃષ્ણદાસ છગનભાઈ સાવલીયા, જુનાગઢ
૪૨૬	શ્રી રાજુભાઈ ડી. ઝવેરી, અમદાવાદ
૪૨૭	શ્રી કંસારા જમનાદાસ કાનજીભાઈ, જોરાવરનગર
૪૨૮	શ્રી પટેલ વાલજીભાઈ ચનાભાઈ, કાલાવડ
૪૨૯	શ્રી કંસારા બાબુલાલ મકનજી, રાજકોટ
૪૩૦	શ્રી પ્રેમજી ભગવાનજી સોરઠીયા, રાજકોટ

"મોરબીમાં વૃક્ષારોપણનો મનોરથ"

તા. ૧૭-૭-૯૧ને કસુંબા છઠ્ઠને દિવસે "શ્રી વલ્લભપીઠ યુવા મંડળ"ના ઉપક્રમે શ્રી બેઠકજીએ "વૃક્ષારોપણ"નો મનોરથ રાખેલ આ મનોરથ સિદ્ધ કરવા જુનાગઢથી મોરબી બેઠકજીના ગાદીપતિ ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી અત્રે ખાસ પધારેલ અને આપના શ્રી હસ્તે વૃક્ષારોપણ કરેલ. આપશ્રીના વચનામૃત દરમ્યાન પાઠશાળાના બાળકોને શ્રી ઠાકોરજીનોજ એક આશ્રય રાખવા વિષે સમજાવેલ તેમજ પ્રશ્નોતરી કરેલ અને વૃક્ષોના મહત્વ વિષે સમજાવેલ શ્રી વલ્લભ પીઠના સદસ્યોને તેમજ વૈષ્ણવ સમાજને આશીર્વચન આપેલ. પાઠશાળાના વિદ્યાર્થી શ્રી પ્રવણકુમારે આપશ્રીને ઉપરણો ઓઢાડી સ્વાગત કરેલ. ટ્રસ્ટી શ્રી મનુભાઈ પાનેલીવાળા, શ્રી મહેશભાઈ સંપટે આભારવિધી કરેવ.

જસદણ ; અત્રે શ્રી ગોવર્ધન નાથજી હવેલીમાં તા. ૮થી૧૧ ઓગસ્ટ સુધી સુરત-વડોદરાવાળા પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવા શ્રીની અધ્યક્ષતામાં ગોધરાના ડો. કૃષ્ણજીવનભાઈ ગાંધીની નવરત્ન સ્તોત્ર ઉપર શિબિર રાખવામાં આવેલ દરરોજ સાંજે એક કલાક 'ભકિતવર્ધિની ગ્રંથ પર પૂ. શ્રી પ્રભુજી બાવાશ્રીના વચનામૃતો થયા હતા.

આ કાર્યક્રમના પ. ભ. શ્રી વાડીલાલભાઈ કલ્યાણીના ધર્મપત્નિની માલા પેરામણી તથા લોટી ઉત્સવનો મનોરથ પુ બાવાશ્રીની સાનિદયમાં થયેલ.

દેરડી (કુંભાજી) અત્રે તા. ૧૫ ઓગષ્ટના સવારે પૂ પા ગો. શ્રી પ્રભુજી બાવાશ્રીના વરદ હસ્તે 'શ્રીવલ્લભ સેવા સદન'નુ ખાત મૂહુર્ત કરવામાં આવેલ છે.

ખરગોન (મ. પ્ર.)માં સોમયજ્ઞનું ભવ્ય આયોજન

ઈન્દોર-શ્રીનાથદ્વારાવાળા પૂ. પા.ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના યજમાનપદે અત્રે 'શ્રી સોમયજ્ઞ'નુ વિશાળ આયોજન તરફથી તા. ૨૬ થી ૩૧ જુલાઇ સુધી રાખેલ.

તા. ૨૬ જુલાઈના સવારે શ્રી ગોવર્ધનનાથજીની હવેલીથી વિશાળ શોભાયાત્રા પ્રારંભ થયેલ.

૫૦૧ બહેનો મંગલ કલશ લઈ કેશરી વસ્ત્ર પહેરી શોભાયાત્રામાં શામેલ થયેલ જે દશ્ય અભૂતપૂર્વ હતું. સવારે દશ વાગે પ્રારંભ થયેલ શોભાયાત્રા બપોરે ૨ લાગે યજ્ઞ સ્થળ શ્રી વલ્લભાચાર્યનગર પહોંચેલ. બધા પૂ. ગો. બાળકો ખુલ્લા ચરણોએ શોભાયાત્રામાં પધારેલ.

પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ (ઈન્દૌર) પુ. પા. ગો શ્રી કલ્યાણરાયજી મહારાજ પુ. પા. ગો. શ્રી દેવકીનંદજી મહારાજ પુ. પા. ગો. શ્રી વ્રજોત્સવજી બાવાશ્રી પૂ. પા. ગો. શ્રી પ્રશાંત બાવાશ્રી (મુંબઈ) પુ. પા. ગો શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી તથા પુ. ગો. શ્રી દ્વારકેશજી બાવાશ્રી (કાંદીવલી) વગેરે તથા અનેક પૂ, શ્રી વહુજી-બેટીજી પધારેલ.

સજાતિય ભટ્ટ વર્ગ, વિદ્વાન શાસ્ત્રીજીઓ તથા બહારગામનો વિશાળ વૈષ્ણવ સમાજ ઉપસ્થિતત રહેલ.

આ પ્રસંગે આં રા. પુ. વૈ. પરિપદનું મ.પ્ર.નું સંમેલન યોજાએલ જેમાં પરિષદના ઉપાધ્યક્ષશ્રી વ્રજમોહનદાસ વિજયવર્ગી મહામંત્રીશ્રી કુંભનદાસ ઝાલાની શ્રી મનુભાઈ (આગરવાળા) શ્રી કેલાશનારાયણ ખંડેલવાલ વગેરે અગ્રણી વૈષ્ણવોએ સંગઠનને મજબુત બનાવવા અનુરોધ કરેલ.

ખરગોનના વૈષ્ણવ સમાજનો ઉત્સાહ અત્યંત પ્રસંસનિય હતો વૈષ્ણવોમાં ખૂબ આનંદનો આવિર્ભાવ થયેલ. બહારગામના વૈષ્ણવોને આવાસ પ્રસાદની ઉત્તમ સુવિધા પુરી પાડી વૈષ્ણતોએ સ્વ કર્તવ્ય રૂડી રીતે નિભાવેલ.

પુસ્તક પરિચય

શ્રી ગોવર્ધનલીલાનું રહસ્ય :-

લેખક– પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક– શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી–૨, બી.કે. સીનેમાની સામે,
મહેસાણા–૩૮૪૦૦૨.

ક્રાઉન ૧૬ પેઈજી પૃષ્ઠ ૧૨૮+૮ = ૧૩૬
પીન બાઈન્ડીંગ લેમિનેશન રંગીન પુંઠું – ન્યોછાવર રૂા. ૨૦ (વીસ)

શ્રી મહાપ્રભુજી સ્થાપિત અને શ્રી ગુસાંઈજી દ્વારા સેવા સેવા પ્રકારનો વિસ્તાર કરેલ પુષ્ટિમાર્ગમાં દર કારતક સુદ ૧ના રોજ પુષ્ટિમાર્ગીય યજ્ઞ – અન્નકુટ ઉત્સવ ઉજવવામાં આવે છે.

વ્રજવાસીઓ અનાદિકાળથી ઈન્દ્રને ઈષ્ટદેવ ગણી દર વરસે આ દિવસે ઈન્દ્રયાગ–પૂજા કરતા હતા. પ્રભુ વ્રજમાં નંદબાવાને ત્યાં પ્રગટ થયા અને સાત વરસની ઉંમરના પ્રભુએ શ્રી ગોવર્ધન લીલા કરી તેમાં અનેક હેતુ સમાયેલા છે. જેવાં કે વ્રજવાસીઓનો અન્યાશ્રય છોડાવવો, શ્રી ગિરિરાજજીનો મહિમાં વધારવો, ઈન્દ્રનો મદ ઉતારવો વગેરે.

આ લીલા ભાગવતમાં વર્ણવાયેલ છે તેમજ શ્રી સુબોધીનીજી, અષ્ટસખાની વાણીના તથા ગર્ગસંહિતાના પ્રમાણો સાથે આ આ લીલાનું રહસ્ય અબાલ વૃદ્ધ, જિજ્ઞાસુ સારી રીતે સમજી શકે તેવી સરલ શૈલીમાં પ્રસ્તુત કરેલ છે તેમાં શ્રી હરિરાયજી કૃત શ્રી ગોકુલેશ સેવાન્હિકમ્, શ્રી ગિરિધરાષ્ટકમ, અને શ્રી ગોકુલેશાષ્ટકમનો અનુવાદ સહિત સમાવેશ કરેલ છે.

લેખક, પ્રકાશક અને મનોરથીને ધન્યવાદ.

પુષ્ટિધન રત્નભંડાર

લેખક–પ્રકાશક
ગો. વા. રમણલાલ મહાસુખલાલ શેઠ
શ્રીજી વાડા, દલાલ ફળીયું,
ગોધરા–૩૮૯૦૦૧

ક્રાઉન ૧૬ પેઈજીપૃષ્ઠ ૧૨૮, પીન બાઈન્ડીંગ કાચું પુઠું–ન્યોછાવર રૂા ૧૦/-

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીના ૧૦૮ નામ છે તે સરળ શૈલીમાં સૌ કોઈ સમજી શકે તેવી રીતે દ્દષ્ટાંત સાથે પ્રસિદ્ધ થયા છે. ઉપરાંત પુષ્ટિમાર્ગીય પ્રશ્નોતરી, સેવાના સિદ્ધાંત સમજાવતા સંક્ષિપ્ત લેખો, તેમજ સ્વરચિત ધોળનો સમાવેશ કરીને સર્વસામાન્ય જનસમાજને ઉપયોગી સાહિત્યના પ્રકાશન બદલ ધન્યવાદ.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

卐 卐

દાનનું ધોળ

મારગડો મેહેલો રે મોહનલાલજી, આઘા રહો અલબેલા ન કરો આળ જો;
વારૂં છું સખણા રહેજો શામળા, નહિંતર મારા મુખની ખાશો ગાળ જો....મારગડો૦ ૧

હરિ બોલ્યા અબળા થામા આકળી, ચાખંતામાં ચમકી થાય શું લાલ જો;
બોલ ખરું ગોરસનું શું થાય છે, મૂલ આપીને લઇશું તારો માલ જો....મારગડો૦ ૨

છાના રહો શાણપણું સમજું સહુ, કાળજડામાં કપટ વચન તો ઠીક જો;
કોહો શાને મુખ લોહ્યું મુજ છેડલે, આ જુઓ લાગ્યો રંગ તંબોળની પીક જો....મારગડો૦ ૩

સુણ શ્યામા સ્હેજે રંગ લાગ્યો હશે, અમો ન સમજું કપટ ગમે નહિ રહાડજો;
આલે તું ખા બીડી પ્યારી પાનની, સામો મારે મુખડે રંગ લગાડજો....મારગડો૦ ૪

એમ સુણી રાધા બોલ્યાં રીસમાં, ભ્રગુટીમાં રુચિ હાસ્ય મધુરું ભાસે જો;
આઘા રહો અડશોમાં ઉરમાળને, મૂકો મટુકી મહી મોંઘુ ઢોળાશે જો....મારગડો૦ ૫

કાહાન કહે મહી મોંઘું તે કેટલું, મુખડે માંગ તેટલું આપું ધન જો;
કડે મુજને લે બાંધો મહી મૂલમાં પણ ગોરસ પર લલચ્યું મારું મનજો..મારગડો૦ ૬

સુણી એવું લટકે બોલ્યાં લાડલી, વાલમજી વેચાવું તો નથી સેહેલ જો;
મહી પીતાં મોહન થાશો માહરા, કરીશ ગમે તેમ રાખીશ મારે મેહેલ જો....મારગડો૦ ૭

સમ સાચા ખાઓ સાક્ષી કોણ કહો, કપટીનો તે શો અસને વિશ્વાસ જો;
પ્રભુ બોલ્યા સાક્ષી વ્રજ મંડળ સહુ, ગોધનના સમ હું તારો સુણ દાસ જો....મારગડો૦ ૮

સુણી આવી વાણી રીઝયાં રાધિકા, મનગમતું ગોરસ ગોવિંદને પાયું જો;
બલિહારી '**દયો**'એ જુગલ સ્વરૂપને, પરમ પવિત્ર ચરિત્ર ગોવિંદનું ગાયું જો....મારગડો૦ ૯

–ભક્તકવિ શ્રી દયારામભાઇ, ડભોઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



મુરલીનું પદ

સુન્દરી સોતિ બાંસુરી મેરી ।
કહા ગાજે પિય કે મુખ પે ચઢિ, જાનતિ પુરિયા તેરી ।।૧।।

સબકો સરવસુ અંસ અધર રસ, તાહિ આપહી લેતિ ।
આપને વશ કરિ રાખે પ્રિતમ, હસતિ ચિનોતી દેત ।।૨।।

કયોંરી અપની જાતિ જનાવતિ, સકુચાવતિ હિત લેહિ ।
નેક સુધિર કિન હોતિ સુઅર મતિ, બડોં વાચંલો સોહિ ।।૩।।

ઐસે તુરત સુતંત્ર હોત હૈ, પાય બડેનિ કો સંગ ।
'વલ્લભ' હમ તો સે યોં અંતર, યોં બરષા જલગંગા ।।૪।।

–શ્રી વલ્લભદાસ આણંદલાલ શાસ્ત્રી, [illegible] ([illegible])

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું સત્ય અને સંસ્કૃતિનું એક [illegible]

વર્ષ ૧૦ : અંક-૭ / ઓક્ટોબર, [illegible]

શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ ○ આજીવન રૂ. [illegible]

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ--૩૬૦ ૦૦૧.

શ્રી પ્રથમેશ ચરિતામૃત ઉપર અભિપ્રાય

પાકા પૂઠાના બાઇન્ડીંગમાં મુખપૃષ્ઠ પર નિ.લી.ગો. શ્રી પ્રથમેશજીના ચિત્રવાળું આ પુસ્તક સંપાદક શ્રી રવજીભાઇ પ. પટેલે ખૂબજ શ્રમ લઇ શ્રી પ્રથમેશજીના જીવન અંગેના પ્રાયઃ ઘણા મહત્ત્વપૂર્ણ પ્રસંગો તથા તેઓશ્રીના જુદા જુદા કાર્યો કરતા ચિત્રોના સંગ્રહરૂપે પ્રકાશિત કરી ખૂબ જ ભગીરથ કાર્ય સંપન્ન કર્યુ છે.

નિ.લી.ગો. શ્રી રણછોડલાલજી–પ્રથમેશજી માત્ર પરિવારના કે પુષ્ટિ સંપ્રદાયના જ નહીં અપિતુ હિંદુધર્મના વિચારશીલ, કાર્યકુશલ, આગેવાન, તેજસ્વી નેતા હતા.. તેમના જીવનના અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો પૈકી ત્રણ કાર્યો અતિ મહત્ત્વના સિદ્ધ થયા છે અને તે છે (૧) ભારત સહિત વિશ્વના વિવિધ રાષ્ટ્રોમાં નિવાસ કરતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું વૈષ્ણવ પરિષદના માધ્યમથી સંગઠન સાધવું અને તે દ્વારા સંપ્રદાયની મધ્યસ્થ અને વગદાર સંસ્થાનું સૂચારૂ સંચાલન તથા (૨) સોમયજ્ઞોના ભવ્ય આયોજનો તેમજ પાછલા કેટલાક વર્ષોમાં સંપ્રદાયમાંથી ભુલાઇ ગયેલી આ પ્રક્રિયાનું પુનર્જીવન, જો કે તેઓશ્રી પછીથી આ પરંપરાને અમારા લઘુભ્રાતા ચિ. ગો. શ્રી વલ્લભરાયજી (સુરત)એ ચાલુ રાખી છે અને તેમણે આજે પરિષદની ધૂરા સંભાળી સુંદર–સૂચારુ સંચાલન સહ શ્રી પ્રથમેશજીએ પાડેલા ચીલાને જ આગળ વધારી રહ્યા છે, તેમજ (૩) કુંભપર્વ પર શ્રી વલ્લભાચાર્યચરણ તરફે સંપ્રદાયની છાવણીનું આયોજન (જે પાછલા ૨૦૦ વર્ષમાં લુપ્ત. પ્રાયઃ થઈ ગયું હતુ) આવા સમર્થન નિ.લી.ગો. બાળકોના જીવનચરિત્રો એ આગળની પેઢીને માટે આદર્શ–માર્ગદર્શક બની શકે છે. તેથી રવજીભાઇનો આ પ્રયત્ન એ ખુબ જ સરાહનીય છે. તેમાં શંકા નથી.

શ્રી રવજીભાઇ પણ સંપ્રદાયના સાચા સેવક અને અગ્રણી કાર્યકર છે, અને તેઓ 'શ્રીવલ્લભ સુધાનું ખુબ જ સફળતાપૂર્વક સંપાદન કાર્ય કરી રહ્યા છે.

સદર પુસ્તકમાં શ્રી પ્રથમેશજીના જુદા જુદા ચિત્રો પૈકી નંદમહોત્સવને દિવસે શ્રી પ્રથમેશજીનું શ્રી યશોદાજીના સ્વાંગમાં ચિત્ર એ સારું એવું ધ્યાન દોરે છે. આવા સુંદર અને મહોપયોગી પ્રકાશન માટે શ્રી રવજીભાઇ પટેલ, શ્રી વલ્લભ સુધા પરિવાર, આં.રા.પુ.મા. વૈષ્ણવ પરિષદ સર્વને અમારા અભિનંદનો.

(આ પુસ્તક 'શ્રીવલ્લભ સુધા' માસિકના તા. ૩૧–૩–૯૧ સુધીમાં નોંધાયેલા સને ૯૧–૯૨ના ગ્રાહકોને તેમને ભેટરૂપે મોકલવામાં આવ્યું છે.)

ગોસ્વામી ચંદ્રગોપાલ
સંપાદક
'આચાર્ય શ્રીવલ્લભ' (માસિક)
વડોદરા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૭ ❋ ઓકટોબર, ૧૯૯૧

ભક્તિમાર્ગ

સાધનાની દષ્ટિએ શ્રેષ્ઠ અને સહજ છે

પ્રવકતા–પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ

મથુરા–પોરબંદર

[પૂ. મહારાજશ્રીએ રાયડી ગામમાં આપેલ વચનામૃત ટેપ થયેલ તે લીપીબદ્ધ કરી પ્રસ્તુત કરેલ છે.

–રાયડી વૈષ્ણવ સમાજ]

સુજ્ઞ વૈષ્ણવો ભાઇઓ એવં બહેનો !

આજે આપણને થોડીવારને માટે સત્સંગનો–પ્રવચનનો અવસર પ્રાપ્ત થયો છે. આપણા વ્યસ્ત જીવનમાંથી અત્યારે તો થોડો સમય પણ આપણે સત્સંગ માટે ફાળવી શકતા હોઇએ તો પણ આપણા માટે અહોભાગ્ય કહેવાય !

ઘણા એક પહેલાના લોકો છે એમાં એટલી જિજ્ઞાસા ન હતી, એટલા તર્કો ન હતા, જાણવાની એટલી તાલાવેલી ન હતી. જેટલી આજના યુગમાં છે. આજના યુગમાં પણ એવા કેટલાક એવા લોકો છે જે ધર્મની અંદર, જે સંપ્રદાયની અંદર હોય છે, એ ધર્મના કેવળ કર્મકાંડની જ આશા રાખતા હોય છે એના વિષે મનન

શ્રી, વલ્લભ સુધા દર માસની ૭જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

ચિંતન યા જ્ઞાન એની બહુ મોટા પ્રમાણમાં ઉપેક્ષા કરવામાં આવી છે.

ઘણા લોકો એવા પ્રકારના હોય છે જે હંમેશાં કંઈ પણ જાણવાની જ ઉપેક્ષા કરતા હોય છે. કેવળ કર્મકાંડની અંદર જ રચ્યા પચ્યા હોય છે. જ્ઞાન વગરનું આપણું જે કર્મ છે તે ઝાઝીવાર નથી ચાલી શકતું. એ કર્મની અંદર આપણો ઉત્સાહ લાંબો ટાઇમ ટકી નથી શકતો, પરંતુ જે કર્મ સમજીને જ્ઞાન ઉપર આધારિત હોય એ કર્મ જ વ્યવસ્થિત કહેવાય અને એ કર્મને જ વાસ્તવિક રીતે સાધના કહેવાય.

દુનિયાના કોઇ પણ ધર્મના સંપ્રદાયના અનુયાયી હોય એ અનુયાયી બે પ્રકારના હોય છે. એક વર્ગને સાધક વર્ગ કહેવાય અને બીજો વર્ગ ચિંતક અને ત્રીજો વર્ગ છે જે સાધક પણ ન કહેવાય અને ચિંતક પણ ન કહેવાય. કેવળ મનોરંજન માણવા ખાતર જ બધે ફરતા હોય છે. કયાંય પણ એની નિષ્ઠા નથી થાતી. ઘડીક આ સ્વાદ લીધો. ઘડીક પેલો સ્વાદ લીધો. પરંતુ કોઈ નિશ્ચિત લક્ષ્ય નહીં. કોઇ લક્ષ્ય નિશ્ચિત થઇ જાય અને પછી એ લક્ષ્યને આપણે પ્રાપ્ત કરવું છે. પરંતુ એમને તો જે બાજુ પવન લઈ જાય, જે બાજુ મન લઇ જાય, એમ ગાડરીયા પ્રવાહની માફક પ્રવાહિત થતા રહે છે. એવો વર્ગ પણ દરેક સંપ્રદાયમાં હોય છે. એનો મતલબ એમ કે આપણા સંપ્રદાયમાં પણ છે. એવી રીતે દરેક સંપ્રદાયનો સાધક વર્ગ, ચિંતક વર્ગ અને એક એવો વર્ગ છે કે જે નથી સાધના કરતો કે નથી ચિંતન કરતો. જેની મનની સ્થિરતા નથી એવા વર્ગને શ્રી મહાપ્રભુજીની ભાષામાં કહીએ તો 'ચર્ષણી' કહેવામાં આવે છે. ચર્ષણી જીવો કોઇ એક ઠેકાણે નિષ્ઠા રાખીને નથી રહેતા પરંતુ જ્યાં જ્યાં લાડવા, મોહનથાળ, બુંદી ખાવા મળે ત્યાં ત્યાં દોડી જાય. તપેલી થાતી હોય, એમાં ય ઘૂસી જાય. કોઇ ભંડારો થાતો હોય તેમાંયે જાય અને આપણે જેને તપેલી કહીએ એમ જમણવારના દરેક સંપ્રદાયમાં જુદા જુદા નામો હોય છે.

એક ભાઇ મને મળ્યા હતા. મેં કહ્યું ભાઈ તમે વૈષ્ણવ છો ? હા, ફલાણા મહારાજ પાસે મેં બ્રહ્મસંબંધ લીધું છે. પછી એણે પોતાની કથની સંભળાવી. આમ ભંડારામાં એ ઘુસી ગયો હતો. જમણવારનો પણ સ્વાદ લીધો હતો, અને અન્ય તીર્થમાં પણ ગયો. આવા લોકોને 'ચષણી' કહેવામાં આવે છે. એના માટે કોઈ ગ્રંથો નથી, કોઇ ચિંતન નથી.

આજે ગ્રંથો આપણા આચાર્યો એ લખ્યા છે. ચર્ષણીઓને માટે આ ગ્રંથોનું કોઈ પ્રયોજન નથી. એતો પોતાના ધર્મ ગ્રંથો કરતાં પણ વધુ જે ભૌતિક મેગેઝીનો બધા નિકળે છે કે જેની અંદર ભૌતિક ચર્ચાઓ જ કેવળ હોય એ પણ વાંચતા રહે અને થોડીકવાર ધાર્મિક પુસ્તક પણ બે ચાર લીટી મને કમને પણ વાંચી લે.

એટલે જે આચાર્યોએ આપણા દેશમાં પ્રાકટય લઇને જે સંપ્રદાયો સ્થાપિત કર્યા છે તે સંપ્રદાયને માટે, પણ લોકોમાં બહુ અજ્ઞાનતા ફેલાણી છે. આજે આપણે છાપામાં વાંચીએ સાંપ્રદાયિક ઝગડાઓ, સાંપ્રદાયિક કલેશ, સાંપ્રદાયિક ટકરાવની સમસ્યાઓ. આ બધું જ્યારે વાંચીએ ત્યારે આપણને થાય કે આ સંપ્રદાયની સારા સારા માણસો ટીકા કરે છે અને

આપણે પણ એક સંપ્રદાયમાં છીએ (વલ્લભ સંપ્રદાય) તો શું આપણે પણ એવા લોકોની ગણનામાં આવી જઇએ છીએ કે જે સંકુચિત વિચારથી જીવતા હોઇએ ને જાતિ પાતિનું નામ લઇને, ધર્મને નામે મારો કાપો કરતા હોઇએ, તો આપણો સંપ્રદાય આપણને એ શીખવાડે છે ?

તો આજના લોકો સંપ્રદાયની જે વ્યાખ્યા કરે છે એ સંપ્રદાયનો અર્થ નથી જાણતા તેથી આપણે પણ દોરવાઇ જઇએ છીએ. આપણામાંથી કોઇક થોડુંક ભણેલા હોય એવા યુવાન વર્ગો જેમ બીજા સંપ્રદાય માટે આજના બુદ્ધિ જીવી જે રીતે માને છે તે રીતે જોવા મંડાયા કે આ સંપ્રદાયો માણસની પ્રગતિને રોકનારા છે. માણસને એનો વિકાસ જો રોકાઈ ગયો હોય તો આ ધર્મને-સંપ્રદાયને કારણે ! આવા પ્રકારનો ધર્મ અને સંપ્રદાય ઉપર આક્ષેપ કરવામાં આવે છે, પરંતુ આપણા સમાજની દુ:ખદ પરિસ્થિતિ છે. આપણા જ સમાજની નહિ પણ વ્યાપક ધાર્મિક સમાજની દુ:ખદ પરિસ્થિતિ છે કે જે ધર્મનું આપણે પાલન કરી રહ્યા છીએ તે ધર્મનો હેતુ શું છે, તેનું સ્વરૂપ શું છે, એ ધર્મને પ્રકટ થવાનું પ્રયોજન શું છે? એનાં સાધન કેવાં છે? અને એનાથી આપણને શું ફલ મળે? એ બધો વિચાર આપણે નથી કરતા, પરંતુ જેને ધર્મમાં બતાવેલ ફલ છે, તેને પ્રાપ્ત કરવાની ધગશ જાગે છે, તે જ સાધક બને છે.

આપણે ત્યાં શાસ્ત્રોમાં આત્મ કલ્યાણના જે માર્ગો બતાવ્યા છે-આમ જુઓ તો હજારો માર્ગો છે. હજારો પંથો છે. પણ ખરું પૂછો તો એ બધા માર્ગો ત્રણ પ્રકારના છે. એક કર્મની પ્રધાનતાવાળો માર્ગ, એક જ્ઞાનની પ્રધાનતાવાળો માર્ગ અને એક ભક્તિની પ્રધાનતાવાળો માર્ગ, ખાલી ભકિત માર્ગ ન કહેતાં ભકિતની પ્રધાનતાવાળો માર્ગ છે એમ કહું છું. ખાલી કર્મ માર્ગ ન કહેતાં કર્મની પ્રધાનતાવાળો માર્ગ છે, ખાલી જ્ઞાન માર્ગ ન કહેતાં જ્ઞાનની પ્રધાનતાવાળો માર્ગ છે. એમ કહેવાનો આશય એ એ કે કર્મ માર્ગ હોય તો એમાં પણ જ્ઞાન અને ભકિત રહેલી છે, પરંતુ એ સહાયક તરીકે મુખ્ય કર્મ એવી રીતે જ્ઞાન માર્ગ હોય તો મુખ્ય જ્ઞાન એમાં કર્મ અને ભકિત સહાયક છે. એવી રીતે ભકિત માર્ગમાં મુખ્ય ભકિત છે અને જ્ઞાન અને કર્મ એમાં સહાયક થાય છે. આ રીતે માર્ગો સમજવાના.

એક રીતે માણસનું શરીર છે દેહ, ઇન્દ્રિયો છે ઉપરાંત બુદ્ધિ, ઉપરાંત અંતઃકરણ ચિત્ત છે. ત્રણ વસ્તુ એક જ વ્યકિતની અંદર રહેલી છે. કોઈ વ્યકિતનું બધું જ શરીર સારું હોય. દા ત. બોડી હાઇકલાસ હોય પરંતુ આંખો ન હોય તો, આંખો હોય ને એક પગ ન હોય તો પગ બધું બરાબર હોય પણ કાન ન હોય તો કાને કંઇ સંભળાતું ન હોય તો વિકાસ જેને આપણે કહીએ, એક તો આંશિક વિકાસ થોડો વિકાસ અને એક સર્વાંગ વિકાસ એટલે કે પૂરેપૂરો વિકાસ આ બધા માર્ગો જે છે મનુષ્યના પૂરેપૂરા વિકાસને માટે છે. દેહ, બુદ્ધિ ઇન્દ્રિયોથી લઇને મન, અંતઃકરણ, આત્મા સુધીના વિકાસની વાત છે, પરંતુ કર્મ માર્ગમાં જે વિકાસ થાય છે તે દેહ ઇન્દ્રિયોનો વિકાસ થાય છે. જ્ઞાન માર્ગની અંદર દેહ ઇન્દ્રિયો ઉપરાંત બુદ્ધિનો પણ વિકાસ થાય છે. પરંતુ

હૃદયનો વિકાસ જે માર્ગ દ્વારા થતો હોય તે માર્ગનું નામ ભકિતમાર્ગ છે.

આપણા આચાર્યોએ શ્રી વલ્લભાચાર્યે વિચાર્યું કે જ્ઞાન અને કર્મનો સહારો લઈને લોકો વિકાસ તો સાધી રહ્યા છે, પૂરો પૂરો વિકાસ નથી થતો અને પૂરે પૂરો વિકાસ થયો મનુષ્યનો ત્યારે કહેવાય કે જ્યારે એના મનમાં પોતાનું જે મૂળ સ્રોત છે ઇશ્વર તત્ત્વ, એ ઇશ્વરની પ્રાપ્તિ માટે જ્યાં સુધી મનુષ્યના મનમાં સંકલ્પ નથી જાગતો ત્યાં સુધી એની વિકાસ યાત્રા શરૂ જ નથી થાતી.

માનવ સમાજની યાત્રા ત્યારે જ શરૂ થાય છે. સાચા અર્થમાં જ્યારે એને પરમાત્માને મેળવવાની ઉત્કંઠા અને હૃદયની અંદર લાગણી જાગૃત થાય, અને એ ઉત્કંઠા દરેક મનુષ્યમાં કોઇને કોઇ રીતે હોય છે જ. ઇશ્વર પ્રત્યેની આસ્થા ન હોય એવો માણસ ગોત્યો ન જડે.

કેટલાક લોકો નાસ્તિક હોય જે કોઇપણ ઇશ્વરમાં કે એના અવતારમાં ન માનતા હોય, જેમકે એક સામ્યવાદી વ્યક્તિ ગુજરી ગયો. એ ગુજરી ગયો એટલે એક ઇચ્છા વ્યક્ત કરી કે હું જ્યારે મરી જાઉં ત્યારે પાર્ટીનો ઝંડો છે જે લાલ ઝંડો તેમાં લપેટીને મારો અગ્નિ સંસ્કાર કરવામાં આવે. આ ઝંડો શું છે? એમાં એની સમજ પ્રમાણે, એની નિષ્ઠા પ્રમાણે ઝંડો એજ ઇશ્વર છે. એના માટે એટલે ઇશ્વરને કોઇને કોઇ રૂપમાં માન્યા વગર કોઈપણ મનુષ્યને ચાલતું જ નથી. એનું કારણ શું છે? વાસ્તવમાં જો ઇશ્વર ન હોય તો મનુષ્ય પણ ન હોય. મૂળ સ્રોતનો વિચાર કરીએ. એક માટલામાં પાણી હોય. આ પાણી ક્યાંથી આવ્યું? એક ગ્લાસમાં પાણી લઇને આપીએ. કોઇને એ એમ કહે કે આ ગ્લાસમાં પાણી ક્યાંથી આવ્યું? એ એમ કહે કે માટલામાંથી વળી કહે કે માટલામાં પાણી ક્યાંથી આવ્યું? તો કહે તળાવમાંથી તળાવમાં પાણી ક્યાંથી આવ્યું? એમ કરતાં કરતાં મૂળ સ્રોત જે પાણીનું છે એમૂળ સ્રોત સુધી પહોંચાય છે. એવી રીતે આપણે વિચાર કરીએ કે આ ખોડી શું છે? શરીર શું છે? તો આજનું ભૌતિક વિજ્ઞાન આપણને ખોડીનું કારણ સમજાવે છે પંચ મહાભૂત છે. રજ વીર્યથી બનેલું આપણું શરીર છે. એ બધી વાત વિજ્ઞાન આપણને સમજાવે છે. પરંતુ જ્યારે આપણે પૂછીએ કે આત્મા શું છે? ચેતન તત્ત્વ શું છે? તો એના વિષયમાં ભૌતિક વિજ્ઞાન મૌન જ સેવે છે. એના માટે તો આપણા શાસ્ત્રો જ આત્માને પરમાત્માના વિષયમાં જવાબ આપી શકે. એના માટે ભૌતિક શાસ્ત્રો ગમે તેટલા ડેવલપ થયેલા હોય-વિકસિત થયેલા હોય છતાં આત્મા પરમાત્માના વિષયમાં તો એ નાના બાળક જેવા છે. જેટલી ‘લોજી’ ને ‘પેથી’ છે એ બધી વામણી છે. આત્મા ને પરમાત્મા તત્ત્વને સમજવાને માટે એટલે ઇશ્વરની ખોજ એ મનુષ્યની વિકાસ યાત્રાના શ્રીગણેશ કહેવાય. અને એ ઇશ્વર તત્ત્વ શું છે? એ જાણવાની જિજ્ઞાસા ક્યારે થાય જ્યારે પોતે કોણ છે? પોતે શું છે? એના અસલી સ્વરૂપનું ભાન થાય પછી જ પરમાત્માને જાણવાની આપણી યોગ્યતા આવી શકે, યા ઉપાય મળી શકે. પણ જ્યાં સુધી આપણને આપણા પોતાના સ્વરૂપની જ વિસ્મૃતિ

થયેલી હોય ત્યાં સુધી આત્માની વિસ્મૃતિ ક્યારેય થવા નથી દેતી. મોટામાં મોટો અંધકાર હોય તો તે આપણા ખરા સ્વરૂપની વિસ્મૃતિ છે. એટલે આપણા મહાપુરુષોએ જે ગ્રંથો શાસ્ત્રો રચ્યા એ એટલાજ માટે રચ્યાકે આપણે તેનું મનન ચિંતન કરીને જે આપણને આપણા સ્વરૂપની વિસ્મૃતિ થઈ ગઇ છે, તે દૂર થાય અને આપણું ખરૂં સ્વરૂપ જે ગીતા, ભાગવતમાં બતાવવામાં આવ્યું છે તેનું આપણને ભાન થાય. એટલે આપણું સ્વરૂપ શું ? એને માટે ગીતા, ભાગવત શું કહે છે ?

આપણે કહીએ કે હું, હું એટલે ફલાણું મારૂ નામ છે એ આ દેહ ઇન્દ્રિયો વગેરે છે એ હું છું કાં આપણી આ બુદ્ધિ છે તેને આપણે હું માનીએ તો આ બધા આપણા હું ઉપરના પડદાઓ છે—આવરણ છે. જ્યારે દેહની આસક્તિનો પડદો દૂર થાય. જ્યારે ઇન્દ્રિયોની આસક્તિનો પડદો હટે, જ્યારે મનની આસક્તિનો પડદો ઉચકાય, બુદ્ધિની આસક્તિનો પડદો દૂર થાય ત્યારે ખરું આત્મ તત્ત્વ આપણને સમજાય છે. એ હું જે છે તેના માટે આપણે સંસ્કૃતમાં 'સ્વ' શબ્દ લાગે છે. 'સ્વ' એટલે હું અને હું એટલે આત્મ તત્ત્વ એ હું શું છે તેનો સીધો પરિચય ગીતા કરાવે છે, ગીતાજી કહે છે કે આત્માના વિષયમાં યા પરમાત્માના વિષયમાં સારા સારા ઋષિમુનિઓ આત્માના રહસ્યને સમજે છે ત્યારે જાણવામાં આશ્ચર્ય થાય છે—માણવામાં આશ્ચર્ય થાય છે. વિચારવામાં આશ્ચર્ય થાય છે ચિંતન કરવામાં આશ્ચર્ય થાય છે. એતો એક એવું આશ્ચર્ય છે કે દેખાતું નથી. છતાં છે.

આપણને આત્મા દેખાતો નથી. આપણને હાથ દેખાય. પગ દેખાય. બુદ્ધિ આપણી કેવી છે તે વાણીથી વર્તનથી દેખાય. પરંતુ આત્મા એનો આકાર કેવો છે એ આપણે જોઇ નથી શકતા. એટલે એનું જે રહસ્ય છે તે સ્થૂલ બુદ્ધિથી કે સ્થૂલ શાસ્ત્રોથી ન સમજી શકાય. એના રહસ્યને જ સમજવાને માટે અને સમજાવવાને માટે આધ્યાત્મ શાસ્ત્રો છે. આધ્યાત્મ એટલે દેહ, ઇન્દ્રિયોની પર જે જાણવાની વસ્તુ જેમાં છે તેને આધ્યાત્મ શાસ્ત્ર કહેવાય. એટલે ગીતામાં કહ્યું છે કે જાણવાની ઘણી વસ્તુ છે. એ દરેકના ત્રણ ત્રણ સ્વરૂપો હોય છે. એક એનું ભૌતિક સ્વરૂપ, બીજું એનું આધ્યાત્મિક સ્વરૂપ અને ત્રીજું એનું આધિદૈવિક સ્વરૂપ, આ ત્રણે સ્વરૂપનું જ્યારે આપણને જ્ઞાન થઇ જાય, ત્યારે પુરેપુરૂં જ્ઞાન થયું કહેવાય. અને એક સ્વરૂપનું જ્ઞાન થયું હોય, બે સ્વરૂપનું જ્ઞાન થયું હોય. આપણે આધ્યાત્મિક અને આધિભૌતિક સુધી પહોંચ્યા હોઇએ તો હજી આપણી જ્ઞાનની અંદર ઊણપ છે.

એટલે શાસ્ત્રકારો કહે છે કે ખરી જિજ્ઞાસા જેના મનમાં થાય એ થોડાથી સંતુષ્ટ નહી થાય. થોડાથી કોણ સંતુષ્ટ થાય કે જેની કેપેસીટી થોડાથી સંતુષ્ટ થવાની છે, દા. ત. એક સાધારણ માણસ હોય તેનું બે રોટલીથી જ પેટ ભરાઈ જાતું હોય. કેટલાક માણસો એવા હોય કે બત્રીસ રોટલી ખાય તોયે પેટ ન ભરાય. એવી રીતે દરેકની કેપેસીટી હોય છે. એવી રીતે જેટલી જેની કેપેસીટી હોય તેટલું તેને જ્ઞાન થાય. પરંતુ આ બધા માર્ગ એવા છે કે એક માણસની કેપેસીટી ઓછી હોય તો કેપેસીટી વધારતા જાય. જ્ઞાનના જે માર્ગ ઉપર આપણે ચાલતા હોઇએ તે માર્ગનું

જ્ઞાન જેમ જેમ આપણને થવા લાગે તેના સ્વરૂપનું ભાન જેમ જેમ આપણને થવા લાગે તેમ તેમ એ માર્ગ ઉપર ચાલવાનો આપણો આનંદ કે સુખ છે તે વધવા લાગે. સાધનાની અંદર સુખનો અનુભવ કરે એ સાધક જેને સાધનામાં કષ્ટ થતું હોય અને ફલ તરફ દૃષ્ટિ હોય તે સાધક ન બની શકે.

ગીતાનો જ ઉપદેશ ધીરે ધીરે ભકિત માર્ગ બતાવે છે, પરંતુ ભકિતમાર્ગની વ્યાખ્યા સીધે સીધી ન કરતા પહેલા કર્મની શુદ્ધિ બતાવે છે. પછી જ્ઞાનની શુદ્ધિ બતાવે છે. પછી ભકિત માર્ગમાં આગળ વધારે છે. આપણા શ્રીવલ્લભાચાર્યની પણ એજ શૈલી છે. ત્યારે આપણે સર્વોત્તમ સ્તોત્રમાં કર્મમાર્ગ પ્રવર્તક એમ પણ કહીએ છીએને 'ભકિતમાર્ગાબ્જ માર્તંડઃ' ભકિત માર્ગ રૂપી કમલને ખીલવનાર એમ પણ કહીએ છીએ, અને જ્ઞાન દેનાર પણ કહીએ છીએ. શ્રીકૃષ્ણ જ્ઞાનદઃ એટલે કર્મ માર્ગ માટે પણ આપણે વલ્લભાચાર્યની પ્રશંસા કરીએ છીએ. જ્ઞાન દેનાર તરીકે પણ મહાપ્રભુજીને આપણા ગુરુને ઓળખીએ છીએ અને ભકિતને વધારનાર તરીકે પણ ઓળખીએ છીએ. એનો અર્થ એ થયો કે ભકિતની અંદર જ્ઞાન અને કર્મનો સમન્વય જે ગીતાની અંદર ભગવાને બતાવ્યો અને ભાગવતની અંદરના ચરિત્રોએ ચરિતાર્થ કર્યો. એ જ સવન્વયને શ્રીમહાપ્રભુજી વધારે પરિપુષ્ટ કરીને વધારે લોક કલ્યાણ થઈ શકે. એવી રીતે આ સંપ્રદાયની શ્રી મહાપ્રભુજીએ સ્થાપના કરી.

સંપ્રદાય શબ્દનો અર્થ સમજવા જેવો છે. પ્રદાન શબ્દ છે. પ્રદાન એટલે આપવું. કોઇને કંઇ આપવું એને પહેલા દાન કહેવાય. દાનમાં 'પ્ર' શબ્દ લગાડીએ એટલે 'પ્રદાન' કહેવાય. દાન કરતા પ્રદાન ઉત્તમ. દાન તો એ કે આંખ મીચીને આપણે આપી દીધું કે લ્યો ભાઇ આ દાન જેમ કે એક વ્યક્તિ આવે અને કહે કે મારે આ સત્ય નારાયણના પાઠ કરાવવા છે. સો રૂપિયા આપો. આપણે એને સો રૂપિયા આપીએ. એ જઇને સત્ય નારાયણની કથાને બદલે દારૂ યા જુગારમાં પૈસા વાપરી નાખો. લઇ જાય ધર્મના નામે, તો એ દાન આંધળુ દાન છે. ગીતાથી આપણે એમ સમજીએ કે દાન દઇએ એ બધું સારું પરંતુ ગીતા દાન દેવાની એ રીત બતાવે છે. શ્રદ્ધા એમને એમ કોરી શ્રદ્ધા બતાવતા નથી. પણ શ્રદ્ધાની એ રીત બતાવે છે. સાત્વિક શ્રદ્ધા, રાજસ શ્રદ્ધા, તામસ શ્રદ્ધા. આ બધા વિષયોને સમજવા માટે શિબિર પ્રવચનો જોઇએ. ત્રણથી ચાર દિવસની શિબિર હોય તો આ બધું વિસ્તારથી સમજાવી શકાય. પણ અહીં તો ટુંકામાં સાગરમાંથી ગાગર ભરવી છે. તો ટુંકામાં સંપ્રદાય એટલે હું કહું કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ, ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રદાન કરે એ સંપ્રદાય.

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ: ॥

॥ શ્રીવલ્લભ તવાસ્મિ ॥

॥ શ્રી ગુરુ ગોપીજન વલ્લભાય નમ: ॥

લે. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

૮૪ વૈષ્ણુ ધોળની રચના અને અભિપ્રાય

-(ગતાંકથી ચાલુ)

ભાવાત્મા ભગવાન કૃષ્ણ ભકત કવિજન, શ્રીવલ્લભી વૈષ્ણવજન, મહાનુભાવી તાદશીજન, શ્રી ગોપીજન વલ્લભનાં ગુણિયલ ગોપીજન, મધુરાધિપતિનાં મધુરા શ્રીમદ્રાધા તેમની મધુર અધર સુધા, તેમનાં અધિપતિ મધુરાધિપતિ, તેમનાં મધુર સોહાગણ, નિકુંજ નાયક શ્રીનાથજીના નવમા સખા સૂરદાસ-નંદદાસાદિ આઠ સખામાંના એક શ્રીનંદદાસજી, પુષ્ટિ સૃષ્ટિ અગ્રેસ શ્રી દામોદરદાસજી, યુગલ સ્વરૂપનાં મધ્યા સ્વરૂપે બીરાજતા શ્રી દયારામભાઇ વિરચિત લિખિત મખમલનાં પૂઠામાં બિરાજતાં અનુભવ મંજરીમાં (છંદ-રસાવલી, નાગરીલિપિ વ્રજભાષા) આવેલા, ત્યાં આવેલાં, ત્યાંના પ્રસંગોમાં શ્રી વલ્લભાચાર્યજીના ચોરાશી નિર્ગુણ શ્રી વલ્લભી વૈષ્ણવજનના મહાનુભાવી તાદશીજનના ધવલની (ધોળની) રચના અને અભિપ્રાય માટેની માહિતી આ પ્રમાણે મળે છે. તેને તેમના જ સર્જનમાં અક્ષરશઃ શબ્દશઃ રસાવલ્રી છંદમાં

"અનુભવ મંજરી પ્રસંગ ૯૩, પૂષ્ઠ ૨૧-પ્રત્યક્ષાનુભવ"

ઇકદા શ્રીજી આત્મ સાતાપન મોકૂ દાખ્યો ॥
નિજ-મંદિર શ્રીવલ્લભ-કુલ ઢિગ મોકૂં રાખ્યો ॥ ૨૨૮ ॥

રાજભોગ ફિર સરે, આરતી દરસન પાયે ॥
પાછે શ્રીજી હરિ કરૂના, મોહે ચરન છુવાયે ॥ ૨૧૯ ॥

ફિરિ મૈં કરયોં દંડવત, પિઠિ ધરયોં પદ શ્રીહરિ ॥
નામ ઠામ મોહિ બૂજયોં, ત્યોં મૈં કહ્યો બિનતિકરિ ॥ ૨૨૦ ॥

"ચૌંરાસી ભગવદી-ધોલ" મોપે કરવાયો ॥
મનુષ નાટયજયોં, તબ પ્રભુ કહિ, મોહિઅબ સુધિઆયો ॥ ૨૨૧ ॥

"હમ લિખવાય લેયંગે, ધવલ બહુત હૈં સુંદર ॥
કાંહાં ઉત્તરે ?" "જહાં વિઠુલરાથજીકો હૈં પયધર ॥ ૨૨૩ ॥

તબઇકિ બ્રેજવાસી બોલ્યો, મૈં લ્યાંઉંગો લિખિ ॥
ઇત્યાદિક કરિ કરૂના, કિતનીક જાય ભખિ ॥ ૨૨૩ ॥

(અનુભવ મંજરી સં. જીવનલાલ જોશી પ્ર. ગુ. સા. સ. અમદાવાદ)

એકવાર નિકુંજ નાયક શ્રીનાથજીએ મને આત્મસાતપણું (જેને આત્મસાત કર્યો કૃપાનાથં, તેણે કાંઈ નથી કરવું રે) નિજ મંદિરમાં (દયારામના નિશ્ચેના મહેલમાં) શ્રીવલ્લભકુળની પાસે મને રાખ્યો (ઊભો રાખ્યો). પછી રાજભોગ સર્યા. આરતીના દર્શન-થયાં-કર્યાં. પછી શ્રીનાથજીએ કૃપા કટાક્ષે, કરૂણા લાવીને મને એમના ચરણ કમલનો સ્પર્શ કરાવ્યો. (એમનાં ચરણ સ્પર્શ કરાવ્યાં એમના ચરણ કમલનાં સ્પર્શ કરાવ્યાં) પછી ફરીથી, ફરી પાછા મૈં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, ત્યારે શ્રીનાથજીએ મારી પીઠ ઉપર પોતાનાં બંને ચરણ કમલ ધર્યાં. મને મારુ 'નામ-ઠામ' પૂછ્યું ત્યારે મેં સવિનય વિનતિ કરીને બધું કહ્યું-નિવેદન કર્યું-સદૈન્ય.

નિકુંજ નાયક શ્રીનાથજીએ ચોરાસી ભગવદીયનું (આચાર્ય શ્રીવલ્લભના ૮૪ નિર્ગુણ શ્રીવલ્લભી વૈષ્ણવજનનું) ધોલ (ધવલ) મારી પાસે સિદ્ધ કરાવ્યું મનુષ્ય નાટયની માફક (મનુષ્ય-નાટય કરતા હોય તેમ) પ્રભુએ કહ્યું, "હવે મને યાદ આવ્યું-સ્મરણમાં આવ્યુ-શુદ્ધિ આવી અમે લખાવી લઇશું, ધવલ ઘણું જ સુંદર છે. કયાં ઉતર્યા છો ? (કયાં મુકામ કર્યો છે ?) જ્યાં શ્રીવિઠ્ઠલનાથજીનું પયઘર-દૂધ ઘર છે ત્યાં"

[રશ્મિકાર યોગી ગોપેશ્વરજીના અને પ્રદીપકાર શ્રીઇચ્છારામ ભટજીના ઘરોબાના સંબંધે તેમની સાથે ત્યાં વારે વારે જતા હતા તેથી પ્રદીપકાર, રશ્મિકાર પાસે ભાષ્યનું શ્રવણ કરવા જતા હતા ત્યારે તેમની વૃદ્ધાવસ્થાને લીધે તેમની સેવા-સુશ્રુષાદિ માટે તેમની સાથે જતા હતા તેથી તે સંબંધે ત્યાં નિવાસ ત્યાં મુકામ ત્યાં ઉતરાણ. તેથી શ્રીનાથદ્વારામાં બંને ઠેકાણે ત્યાં શ્રી દયારામભાઇની રચનાઓ હોવાનો પૂરતો સંભવ છે. હોય તો પરમેશ્વરનો મોટો પાડ.]

ત્યારે એક વ્રજવાસીએ કહ્યું "હું લખી લાવીશ" વગેરે કરેલી કૃપા (કરૂણા) કેટલીક કહું ? કયાં સુધી કહું ?

પ્રસંગ ૧૯, અનુભવ મંજરી પૃ. ૧૧૮ કડી ૨૫-૨૬ પ્રત્યક્ષાનુભવ.

શ્રીવ્રજભૂષનલાલ, પ્રગટ મોહિ આજ્ઞા દીની ॥
'ચૌરાસીકો ધવલ" વસ્તુ હૈં અતિ રસ ભીની ॥ ૨૫ ॥
સો ન છોડનો કદા, હમહુ નિતિ પાઠ કરત હૈં ॥
યહ કછુ ઔર પદારથ હૈં, તાતેં ઉચરત હૈં ॥ ૨૬ ॥

(અનુભવ મંજરી, સં. જીવનલાલ જોશી, પ્ર. ગુ. સા. સ. અમદાવાદ)

કર્ણાવતીના રાજનગરના અમદાવાદના દોશીવાળાની પોળના નટવરલાલ શામલાલના મંદિરના અધિપતિ શ્રી વ્રજભૂષણજી-શ્રી છોટાજીમહારાજશ્રીએ મને પ્રત્યક્ષ રૂબરૂમાં પ્રગટ

આજ્ઞા કરીકે "ચોરાસીનું ધવલ (ધોલ) ઘણું જ રસભીનું છે. એમાં રસ ભરેલી ઘણી જ વસ્તુ છે. ચ્યવતા રસે, નિચોવાતા ભાવે, ઝબોળાતા અનુભવે, ભાવભીની, અનુભવ પ્રધાન. કયારે પણ છોડશો નહીં. અમે પણ એનો નિત્ય પાઠ કરીએ છીએ. એ કંઈ ઓર-મહામોંઘેરો પદાર્થ છે તેથી કહીએ છીએ. કોઇ ધન્ય ક્ષણે કૃપા કટાક્ષે પ્રગટ થએલું છે તેથી (અભિપ્રાય, નિત્ય પાઠ કરવાની આજ્ઞા)

તે પ્રમાણે શ્રી વ્રજભૂષણજી (શ્રીછોટાજી), શ્રીવ્રજરાયજી, શ્રીમધુસુદનલાલજી અને શ્રીરણછોડલાલજી મહારાજશ્રી નિત્ય અપરસમાં પાઠ-ગાન-ગુણગાન કરતા હતા. નિકુંજ નાયક શ્રીનાથજીના સાન્નિધ્યમાં અપરસમાં રચના થએલી હોવાથી.

આજ્ઞા અનુસાર શ્રી દયારામભાઇ, એમના પટ્ટ શિષ્ય જોશી રણછોડભાઇ, એમના સુપુત્ર પટ્ટ શિષ્ય પુત્ર હિંમતલાલ જોશી, એમના પૌત્ર-પટ્ટ શિષ્ય પૌત્ર છગનલાલ જોશી નિત્ય અપસરમાં પાઠ-ગાન-ગુણગાન કરતા હતા. હું એમનો પ્રપૌત્ર-પટ્ટ શિષ્ય પ્રપૌત્ર એવો છું કે મારાથી એમાંનું કશુંજ બનતું નથી. આજ્ઞા અનુસાર ચૂચવાતા રસમાં, રસપાનમાં મસ્ત, નિચોવાતા ભાવમાં રસ, ઝબોળાતા અનુભવમાં તન્મય એથી બીજું શું કરી શકે ?

જાણવા પ્રમાણે વાંચેલી-મળેલી માહિતી અનુસાર નિકુંજ નાયકય શ્રીનાથજીના સેવાભાવી, સેવા રસિક શ્રીનાથદ્વારાના તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજશ્રી, મથુરાના શ્રીગોપાલલાલજી મહારાજશ્રી, કાશીના શ્રીજીણલાલજી મહારાજશ્રી તેમજ કાંકરોલી નરેશ, ત્રીજાઘરના, શ્રીદ્વારકાધીશના ઘરના તિલકાયત શ્રી પુરૂષોત્તમજી મહારાજશ્રી, શ્રીગિરિધરલાલજી મહારાજશ્રી અને શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજશ્રી નિત્ય અપરસમાં પાઠ-ગાન-ગુણગાન કરતા હતા. શ્રીવલ્લભી વૈષ્ણવજનને કરાવતા હતા.

પ્રસંગ ૧૦ અનુભવ મંજરી પૃષ્ટ ૧૦૯ કડી ૨૦-૨૧ પરોક્ષાનુભવ.

એક સમય ઠાકુરમેં, ધવલ ચૌરાસી કેરોં ॥
કરત હતો મૈં ગાન, સંત દિખિ, પ્રેમ ઘનેરો ॥ ૨૦ ॥

સો સુનવે કો આપ, દ્વારકાધીશ પધારે ॥
દૈ ઝાંખિ વૈષ્ણોં-સોં કહિ, ઇહ અચ્છર પ્યારે ॥ ૨૧ ॥

ફિર જાવેંગે, પુર્ન હોત લગ ઠાડે હૈં હમ ॥
સુનત ખુલ દગ, વૈષ્ણોં મો સોં કહિ ટારયોં ભ્રમ ॥ ૨૨ ॥

(અનુભવ મંજરી સં. જીવનલાલ જોશી પ્ર. ગુ. સા. સ. અમદાવાદ)

ડાકોરના મંદિરમાં શ્રીરણછોડરાયજીનાં દર્શન માટે પધારેલા સંતજનોનો-ભક્તજનોનો ઘણોજ પ્રેમ જોઇને એક સમયે ડાકોરમાં શ્રીરણછોડરાયજીના મંદિરમાં ધુમ્મટ નીચે ચોગાનમાં શ્રીવલ્લભના ચોરાશી નિર્ગુણ શ્રીવલ્લભી વૈષ્ણવજનના ધવલનું (ધોળનું) ગાન કરતો હતો, ત્યારે તે સાંભળવાને સાક્ષાત શ્રીદ્વારકાધીશ-શ્રીરણછોડરાયજી પધાર્યા હતા. ત્યાંના વૈષ્ણવજનને દર્શન આપી પોતાનો અભિપ્રાય આપતાં આજ્ઞા કરી "આ (આના) અક્ષર ઘણા જ પ્રિય છે. હમણાં નહીં, પછીથી જઇશું. પૂર્ણ થતા સુધી અમે અહીં ઊભા છીએ." સાંભળતાં માંજ હૃદયદ્રવી ઉઠયું. હર્ષનાં આંસુએ. શ્રવણ કરનારા વૈષ્ણવજનોએ આ બધી અનુભવની વાત કહી મારો ભ્રમ ટાર્યો, મારી શંકાનું નિવારણ કર્યું-સાચો મર્મ સમજાવીને.

શ્રીદયારામભાઇએ જેવું શ્રીનાથદ્વારામાં નિકુંજ નાયક શ્રીનાથજીના શ્રીવલ્લભ વંશજના સાન્નિધ્યમાં, ગુજરાતી ભાષામાં જેવું જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચોરાશી નિર્ગુણ શ્રીવલ્લભી વૈષ્ણવજનનું મહાનુભાવી તાદશીજનનું ધવલ (ધોળ) બનાવ્યું છે, તેવાં જ તેમણે ચોરાશી શ્રીવલ્લભી વૈષ્ણવજનનાં નામ નાગરી લિપિમાં, વ્રજ ભાષામાં 'પ્રબંધબંધ' અને 'કવિત્તબંધ' લખેલાં છે. એમની હસ્તપ્રત એ વસ્તુ સ્પષ્ટ કરે છે. શ્રીવલ્લભ સુધામાં પછીના અંકમાં સવલતે સ્થાન આપવામાં આવશે. સુજ્ઞેષુ કિં બહુના.

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

પ્રભુની બાળલીલા

લેખક : **લાભુબેન પ્રભુદાસભાઈ વંડ્રા** (લીલીયા મોટા)

શ્રાવણ મહિનામાં અંધારી આઠમની રાત્રે લાલાનું પ્રાકટય થયું છે. આખા વ્રજમાં અને ગોકુળમાં તો આનંદની હેલી થઇ રહી છે. ગોપીજનોના મનમાં તો હરખ માતો નથી. એક સખી બીજી સખીને કહે છે કે બેન ! હવે આપણા મનોરથો સિદ્ધ થશે. માટે જેટલાં મનોરથો કરવા હોય તે મનમાં કરી રાખજે. હજી તો લાલો નાનો છે. થોડો મોટો થાય એટલે આપણું મનમાન્યું કરી શકીશું. ગોપીઓ પણ બહુ ચતુર છે, એટલે અગાઉથી બધાં મનોરથો ગોઠવી રાખે છે. એક સખી કહે છે કે બેન લાલો હજુ તો પારણામાં ઝુલે છે. તો બીજી સખી કહે છે કે અરે સખી ! કાલે તો હું નંદભુવનમાં ગઇ ત્યારે ઢીંચણભર ચાલતો હતો. ત્યારે ત્રીજી સખી કહે છે કે અરે હું ગઇ ત્યારે તો ડગલાં ભરતો હતો. અને બેન ! એના પગમાં ઝાંઝર હતા. એ તો એવા રુમઝુમ-રુમઝુમ વાગતા હતા કે જાણે મને કંઇક સંકેત કરીને કહેતા ન હોય ! એવો ભાસ થતો હતો. હવે તો લાલો દોડી-દોડીને ગોપીઓને ઘેર રમવા પહોંચી જાય છે. ત્યારે જશોદા મૈયા લાલાને શિખામણ આપે છે.

(મારા વાલા ગોપીયોની સંગે રમશોમાં)

રમશોમાં ભેળા ભમશોમાં–મારા વાલા ગોપીયોની સંગે રમશોમાં.... હવે મૈયા તો શિખામણ દે છે પણ, લાલાએ વિચાર કર્યો કે આ ગોપીઓ માટે તો મેં આ કૃષ્ણાવતાર ધારણ કર્યો છે. એના વરદાન પૂરા કરવા છે. માટે નંદભુવનમાં બેસી રહેવું પોસાય તેમ નથી અને સીધી રીતે તો મૈયા જવા પણ દે નહીં તો પછી કરવું શું ?

એક દિવસ કહ્યા વગર રમવા જતા રહ્યા. અને લાલા આવ્યા એટલે માતાએ ઠપકો દીધો. ત્યારે લાલાએ ચતુરાઈથી મૈયાને જવાબ પણ એવો જ આપ્યો.

(–કે મૈયા જબસે ઘરસે નિકલું બુલાવે ગ્વાલીન ઘરપેં મોઇ, ગ્વાલન ઘરપેં મોહી બુલાવે, ગ્વાલીન ઘરપેં મોહી.... મૈયા જબ મેં ઘરસે નીકલું બુલાવે ગ્વાલીન ઘરપેં મોઇ)

લાલાએ ચતુરાઇ તો સુંદર કરી કે પોતાને માથે જે આળ હતી તે ગોપીઓને માથે ઓઢાડી દીધી. નટખટ ચતુરાઇ કરવામાં કયાં પાછો પડે તેમ છે. અને ઉલટાનો મૈયાને કહે છે કે–

અરે મૈયા ! જ્યારે હું ઘરની બહાર નીકળું છું ત્યારે ગોપી મને બોલાવીને પોતાની ઘરે તો લઇ જાય, પણ મારી ઉપર કેવી સાંઠમારી કરે છે એ તને ખબર નહીં હોય !

(હા.... અચક હાથ સો જોલા દે કે મીઠી બોલે દેવર કહે કે– નિધરક હવે જાય સાંકર દે કે)

અરે મૈયા ! એકદમ મારો હાથ પકડીને ઝટકો મારે અને પાછળથી એવું મીઠું બોલે કે વારી જાવ દેવરજી હવે આપણે એકલા જ છીએ ઘરમાં મારો મન માન્યો મનોરથ પુરો કરી લઉં. લાલા હવે કયાંય જઇ નહીં શકો, સાંકળ ચડાવી દીધી છે.

સાખી : જટક ઉતારે.......કાછની
ઔર મુરલી લે.....છીનાઇ
મૈ બાલક.........વહ ધીંગરી
મેરી કહાં વસીયાઇ

(હા....આપહું નાચે મોહી નચાવે કહા બતાવું તોહી–મૈયા)

પછી તો મૈયા મને ઘરમાં પુરીને મારી કાછની ઉતારી લીધી. મુરલી છીનવી લીધી. હવે તું જ કહે હું શું કરૂં ? હું તો બાલક અને એ ગોપી તો સોળ વરસની સુંદરી હવે મારૂં એની પાસે શું ચાલે. અને પછી તો પોતે નાચે અને મને પણ નચાવે. આવું મારી માથે કરે છે. ગોપીયો તો હા.... સાંભળ એક દિવસ તો કેવું મારી ઉપર કરેલું તે તું સાંભળ !

(હા....મૈ ભોરો વે ચતુર ગુજરીયાં,
એક દિન લે ગઇ પકર અંગુરીયા,
છોટીસી વાંકી રામ કુટિરીયાં)

અરે મૈયા ! હું તો સાવ ભોળો રહ્યો અને એ તો એવી ચતુર નીકળી કે મારી આંગળી પકડીને ફોસલાવીને પોતાની ઝુંપડીમાં લઈ ગઇ અને સરસ મજાની નાની એવી કુટિર પણ બહુ જ સુંદર હતી.

સાખી : લે મટુકી આગે ધરી, માખનકી તત્કાલ
માખન દઉંગી ઘનોસો, ચેંટી બીનો લાલ.

(હા....મેને વાંકીચેંટી બીની, યે નિધરક રહી સોય....મૈયા)

ત્યાં જઇને માખણની મટુકી મારી આગળ મુકીને મને કહે કે જો લાલા માખણની મથની આખી ભરી છે, પણ મારૂં એક કામ કરો તો આપું. પેલી તેમાં કીડીઓ છે, તે જરા ઉતારીને આપો તો હું ઘણું બધું માખણ આપીશ. એટલે મૈયા માખણ જોઇને મારૂં મન તો લલચાયું ને મેં માખણમાંથી કીડીઓ વીણી દીધી ને તે તો બેધડક સુઇ ગઇ, ને હું તો ઠાલેઠાલો પાછો આવ્યો. માખણેય ન મળ્યું ને કામ કરાવી લીધું મારી પાસે. એટલે તે દિવસભ તો મૈયા એમ મનમાં થાય કે આના કરતા તો જમુનાજીને કાંઠે જઇને કદમના ઝાડ નીચે બેસીને આનંદથી રમવું સારૂં. એટલે કાલે તો અમે બેય ભાઈ, (હું અને દાઉભૈયા) જમુનાજીને કાંઠે રમવા જતા રહીશું. વળી મનગત વિચાર કરે છે કે ત્યાં પણ શેની હખ લેવા દેહે, ત્યાં તો સાંભળ મૈયા....

(હા....એક દિના પનઘટ પેંરી મૈયા....
મેં બેઠેયો કદમનકી છૈયાં
ઢીગમે હે બલદાઉ ભૈયા)

અરે મૈયા ! શું વાત કરૂં, એક દિવસ અમે જમુનાજીને કાંઠે જઇને કદમને છાંયે બેઠાતા અને મારા મોટાભાઇ બલદાઉભૈયા પણ મારી સાથે હતા.

સાખી : ભર લે આઇ ગાગરી,
રપટાયો વાને પાઉં,
મેરે ગોહન લગ ગઇ,
ધક્કા દીનો શ્યામ,

હા....દે દે ગુલચા, લાલ કીયે, મુખ, મેંઢાડો રહ્યો રોય....મૈયા૦

હા અને મૈયા સાચે જ એતો પાણીની ગાગર લઇને ભરવા આવી અને કાંઠે બેસીને મારા સામુ જોઇને પગને જમુનાજીમાં રાખીને લપટાવ્યો અને પછી બૂમો પાડવા લાગી કે, અરે ! કોઇ બચાવો ! નહીતર હું ડુબી જઇશ. ત્યાંતો ચાર–પાંચ ગોપીઓ આવીને પુછવા લાગી કે શું થયું બેન ? કેમ કરતાં પડી જવાયું ? ત્યારે તેણે કહ્યું કે આ જો ને પેલા કન્હૈયાએ ધક્કો માર્યો અને હું પડી ગઇ એમ કહી, મારી પાસે આવી મારા ગાલ પર થપાટો મારી મારૂં મોઢું લાલ કરી દીધું, ને હું ઉભો ઉભો રોય રહ્યો અને પછી આપસમાં સખીઓ કહેવા લાગી કે બેન ! આ કનૈયો તો આપણને બહુ જ પજવે છે. ત્યારે મે તો કહી દીધું કે તમે એનું સાચું માનશો નહીં. એતો સાવ જુઠી છે. ખોટેખોટી આળ મારી ઉપર ઓઢાડે છે. હું અને દાઉભૈયા તો કદમને છાંયે બેઠા છીએ, અમે તો કાંઇ જાણતા જ નથી. પણ ગોપીઓ એમ માને શાની ! એક ગોપી કહે આપણે યશોદામૈયાને ફરિયાદ કરશું પણ જ્યાં ભુવનમાં ગોપી જાય છે ત્યાં તો લાલો સામો આવીને ઉભો રહે છે, અને નયનબાણ એવા મારે છે કે પોતે એના સ્નેહમાં પરવશ બની જાય છે. જે કહેવાનું હતુ તે તો ભૂલી જ ગઇ અને લાલાના વખાણ કરવા લાગ્યા.

હા....તેરે આગેં વે કરે બડાઇ,
બાહર નિકસત કરે બુરાઇ,
ઐસી બ્રજ કી ઢીઠ લુગાઇ.

ત્યારે મૈયાએ લાલાને પુછ્યું કે, લાલા આ ગોપીયો રોજ તો તારી રાવ કરવા આવે

છે, આજ કેમ તારા વખાણ કરે છે ? એનું શું કારણ ? ત્યારે લાલો મૈયાને કહે છે કે ઇ તો તમારી પાસે મારા વખાણ કરે છે, અને બહાર નીકળીને તો એવું બોલે છે કે વાત પુછોમાં. આ વ્રજની ગોપીયોને તમે નથી ઓળખતા. એને તો હું જ સારી રીતે ઓળખું છું, તે બેશરમી છે.

સાખી : તુ ઇનકો પતિયારો કરે,
મેં જુઠો યહ સાહ,
ચોર નામ મેરો ધર્યો,
યે હોન, ન દેંગી મેરો બ્યાહ.
હા....ઇનિને મોપર ઐસી કી ની,
જૈસી કરે ન કોય—મૈયા૦

મૈયા તું એના બોલવા પર વિશ્વાસ કરસ, પરંતુ બહાર નીકળીને તે એવી નઠારી વાતો કરે છે આપણી. અને મને તો ચોર જ કહે છે. અને પોતે સાવ નિર્દોષ હોય તેમ, સાચું કહું છું તમને ! એમ કહેતી ફરે છે કે લાલો તો જુઠો છે, એમ કહે છે. મૈયા ! હું જુઠો કઇ રીતે હોઇ શકું. મારા ફઇબા એકય એવા હતા ? ત્યારે મૈયા કહે છે કે ફૈબા તો તારે ત્રણ છે. રામદે, શ્યામદે અને ભાનદે પણ તે તો બહુ જ ભલા અને ભોળા છે. તો પછી મૈયા આ ગોપીયોએ મારૂં નામ ચોર કેમ પાડયું ? અને ગોકુળ ગામમાં તો ઠીક પણ આખા વ્રજમાં જ્યાં જાય ત્યાં કહે છે કે કનૈયો તો ચોર છે અને રેઢા ઘરમાં ઘુસીને દુધ-દહીંની ચોરી કરે છે. મૈયા આ ગોપીયો તો જુઓ. મારી કયાંય સગાઇ થવા નહીં દે અને ચોર નામ સાંભળીને પછી કન્યા કોણ આપે ? અને સાચે જ મૈયા ! મારા વિવાહ પણ થવા નહિ દે. આ ગોપીયો તો મૈયા ! આવો મને હેરાન કરે છે. કોઇએ પણ આવી મારા પર વીતાડી નથી. હવે હું શું કરૂં ? મૈયા, તું જ કહે....!

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

દિનેશ માસીની રજા લઈ બીજે દિવસે પ્લેનમાં જવા નિકળ્યો. સ્મિતા માસીએ દિનેશને કીધું કે આ વખતે ભારત જવું જ તને ખબર છે કે પિન્કી ઉંમર લાયક થઈ છે. બીજા પણ કામો છે. તારી બાને બધા સમાચાર દે જે. જય શ્રીકૃષ્ણ.

બીજે દિવસે ન્યુયોર્ક હવાઇ અડ્ડામાં પહોંચતા જ સુરેશ પણ મળી ગયો. બન્ને ખુશ મિઝાઝમાં હતાં. પ્લેન ઉપડવાને થોડીવાર હતી.

સુરેશ–આપણે જે વિમાનેથી ઉતર્યા હતા તેજ વિમાન અહીંથી લંડન પાછું ફરતી વખતે ઉપડતાં જ હજુ પુરૂં ઉપર પહોંચ્યું ન હતું ત્યાં જ કાંઇ ખરાબી થઈ હતી. હડબડવા લાગ્યું. પાયલોટ બહુ જ હોંશિયાર હતો. કોઇ પણ ભોગે જમીન ઉપર લઇ જવું હતું. આ હડબડમાં પાયલોટ તો કોશિષ કરતો હતો. પણ પેસેન્જરો જલ્દી જલ્દી બહાર નિકળવા માગતા હતા, ઘણાંક ઉંધા, પડયા ઘણાંક ઘાયલ થયા તે અત્યારે હોસ્પીટલમાં છે. ઘણાં દાઝી ગયા છે. કોઈનાં હાથ પગ ટૂટયા છે.

સદ્‌ભાગ્યે હું બચી ગયો. મારે એ જ વિમાનમાં જાવું હતુ, પણ તેં મને રોકી લીધો તારા કહેવાથી જ હું રોકાણો જો એમાં ગયો હોત તો સારવાર લેતો હોત.

દિનેશ–જે કાળે જે બનવાનું હોય તે બન્યા કરે છે. એમાં કયાંય ડહાપણ કામ દેતું નથી. મારે તો કેટલું બધું પ્લેનમાં આવવું જવું પડે છે. હું આવી વાતનો વિચાર જ કરતો નથી. હવે જો લંડન પહોંચીને બીજે જ દિવસે મારે ફ્રાન્સ જવાનું છે. હું તો બધું ભગવાનને ભરોસે માનું છું.

થોડીવારમાં સૌ પ્લેનમાં ગોઠવાઇ ગયા. ઘરેરાટી કરતું તે આકાશમાં ઉડવા લાગ્યું. સુરેશ સીટ ઉપર બેસી વિચારે ચડયો.

મારા મિત્રનું કહેવું સાચું છે. સંકટ સમયમાં હાય હાય કરવાથી શું થાય ? અને તે વખતે જ ઇશ્વરને યાદ કરવા તેનાં કરતાં નવરાશ મળે ત્યારે જે કાંઈ ભગવાનનાં નામ લેવાય તે વધારે ઉત્તમ છે.

દિનેશ પાસેથી પાઠય પુસ્તક લઇને સુરેશે વાંચવું શરૂ કર્યું તેમાં શ્રી યમુનાષ્ટકની ટીકા હતી તેમાં "તનુનવત્ત્વમેતાવતા" શ્રીયમુનાજીને શરણે જે જીવ જાય તેનો સેવાપયોગી નવિન દેહ કરવાવાળા. વળી બીજું વાકય "તવ હરે ર્યથા ગોપિકાનાં" અહો શ્રી મહાપ્રભુજીએ શ્રી યમુનાજીનાં સ્વરૂપની શું વ્યાખ્યા કરી છે. ગોપીજનો પર કૃપા કરી, તેવી રીતે શરણે આવેલ જીવને પણ પ્રભુ સન્મુખ કરાવે છે, ગોપી તો પ્રેમની ધ્વજા હતી, કયાં જીવ સંસારની માયામાં ફસેલા અને કયાં ગોપીજન મહાન ત્યાગી. પ્રભુના અર્થે સર્વસ્વ ન્યોછાવર કરવાવાળા. જે જીવ ઉપર શ્રી યમુનાજીની કૃપા થાય તેના ગુણ દોષ ન જોતાં "યથા ગોપિકાનાં" તે વાકયાનુસાર તે ભકત પર તેવી કૃપા થાય. ગોપીજનોના તો આલોક અને પરલોક જે કાંઇ તે બધું પ્રભુ પ્રીત્યર્થ જ

હતું પ્રભુને તો તેઓએ વશ કરી લીધા હતા ગોપીજનોની ઇચ્છા મુજબ પ્રભુએ રાસલીલામાં નૃત્ય કર્યું હતું. પ્રત્યેકની ભાવના હતી કે પ્રભુ તો મારી સાથે જ રમે. તે ઇચ્છા પૂર્ણ કરવા પ્રભુએ જેટલાં ગોપીજનો તેટલાં પોતાનાં સ્વરૂપ બનાવી તેમનાં સર્વ મનોરથો પુર્ણ કર્યા હતા. રાસની આ લીલામાં પ્રભુએ ગોપીજનોનો "હું તમારો ઋણિ છું" આવું કીધું હતું.

શ્રી યમુનાજીનાં ૪૧મા પદમાં "શરણ પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની, દેત પતિ પંથ, પિયકંથ સન્મુખ કરત' આ પદની થોડી ભાવના વાંચી. શ્રી યમુનાજી તો પોતાનાં જીવોને હાથ પકડી પ્રભુ સન્મુખ કરવાવાળા છે. 'મા એટલે મા' મા સમાન આવું કોણ દયાળુ હોય.

અત્યારે ભૂતલ પર શ્રી મહાપ્રભુજી પણ શ્રી યમુનાજીનું જ કામ કરે છે. જીવ શરણે આવે તેની બાંહ કદી છોડે નહિ. પ્રભુ પ્રાપ્તિ કરાવે.

આવી રીતે વાંચન કરવું ચાલ્યું હતું આ બાજુ યાન તેની ગતિ ધીમી કરતું કેરોમાં પેટ્રોલ લેવા ઉભું હતું. સુરેશ દિનેશ બન્ને વાર્તાલાપ કરવા લાગ્યા.

સુરેશને પોતે રસ્તો ભૂલ્યો છે તેવું ભાન થયું પ્રભુએ મારા જેવા રસ્તા ભૂલેલા માટે જ આ વખતે દિનેશ સાથે મુલાકાત કરાવી હશે. મિત્રો તો બચપણનાં જ હતા. વરસોથી જુદા જુદા સ્થાને રહેતા. ભાગ્યે જ મળવાનું થતું હતું. હવે હું મારૂં જીવન સુધારીશ. મને સુધરેલો જોઇ મારા દાદા તો ઘણાં જ ખુશી થશે. ભારત જઇશ ત્યારે અમારા ઠાકોરજીની સેવાનો હું અવશ્ય લાભ લઇશ.

સમય થતાં યાન લંડનને રસ્તે જવા ઉપડયું હતું. સુરેશની વિચારધારા પોતાના જીવની તરફે વિચારે ચડી. મને કોલેજથી જ દુઃસંગ લાગ્યો હતો. ખોટા વ્યસને ચડી ગયો. મારી ચાલ ચલગત બગડી હતી. ચાલુ જમાનાની ફેશનમાં ઉતરી ગયો. ધંધામાં ધ્યાન દીધું નહીં. પેઢીઓથી બાપ દાદાની ધંધાદારી સંભાળી નહીં. આ બધી બરબાદી મેં કરી તો, મારે નોકરી કરવાનો સમય આવ્યો. આ બાબત મારા વડીલોને ઘણો જ ઝટકો લાગ્યો. મારા પિતાશ્રી હરિશરણ થયા પછી મારા હાથમાં કામકાજ આવ્યું હે પ્રભુ! મને બચાવ. આ બધી બરબાદીનું કારણ હું જ બન્યો છું દિનેશ કેવા સંસ્કારવાળો, તેણે આલોક પરલોક બન્ને સુધરે તેવી વર્તણુંક રાખી. આજથી જ હું નિર્વ્યસની બનું છું. સુંદર પુસ્તકો વાંચીશ સ્વમાર્ગીય ગ્રંથોનું જ્ઞાન મેળવીશ. આમ વિચારમાંને વિચારમાં લંડન નજીક આવ્યું.

—ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટનાજય શ્રીકૃષ્ણ

॥ શ્રીહરિઃ ॥

વાર્તાલાપ

[ભક્તો અને ભગવાનનો]

લેખક : **પંડિત મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, જુનાગઢ**

સદ્વિદ્યાલંકાર વ્યાખ્યાન વિશારદ

[લેખકશ્રીનો સંક્ષિપ્ત પરિચય–

આ "વાર્તાલાપ"ની લેખમાળા લખનાર પંડિત શ્રી મંગલજી ઉદ્ધવજીનો જન્મ સંવત ૧૯૬૫માં જુનાગઢથી દક્ષિણે આવેલું દાત્રાણા ગામમાં થયેલ. ત્યાની પ્રાથમિક શાળામાં ગુજરાતી ૬ઠું ધોરણ પાસ કરીને કોઇ નોકરી શોધવા તેઓ જુનાગઢ આવ્યા. પરંતુ તે સમયના કેળવણી ઓફીસરે સ્પષ્ટ સંભળાવી દીધું કે તમારા ગામમાં ખાદી સારી વણાય છે તેનું એકવેજું લઇને આવોને માસિક સાડા બાર રૂપિયાની નોકરીનો ઓર્ડર લઇ જાઓ ! પરંતુ કુટુંબની આર્થિક સ્થિતિ તેવી ન હોવાના કારણે નોકરી મળી શકી નહિ.

આથી તેઓ પોરબંદરની વેદ શાળામાં સંસ્કૃત અભ્યાસ કરવા આવ્યા અને આગળના સમયના વિદ્યાર્થીઓની જેમ ગુરુ સેવા કરીને વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. ત્યાં ત્રણ વર્ષનો પ્રાથમિક અભ્યાસ કર્યા પછી આનંદાશ્રમ આજીવન બ્રહ્મચારી સંત નથુરામ શર્માજી પાસે અને ત્યાંની સનાતન ધર્મ વિદ્યાલયમાં વેદાંત અને મધ્યમાં કક્ષા સુધીનું અધ્યયન કર્યું ત્યારબાદ બ્રહ્મસંબંધ લીધું ને શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ પારાયણ વાંચવાની શરૂઆત કરી. તેમાં શ્રીકૃષ્ણ જન્મ અને ગર્ગ સંહિતાની કથા કહેતા તેથી વૈષ્ણવ આનંદ પામતા.

વિશ્વ મંગળ, સંજય, જન કલ્યાણ, વૈશ્વાનર વગેરે સામાયિકોનું સફળતાપૂર્વક તંત્રી-સંપાદકપદે ઘણાં વર્ષો સુધી સંચાલન કર્યું વાંચન-મનના નિત્ય અભ્યાસથી તેમણે નાનાં મોટાં પુસ્તકોનું સંશોધન અને લેખન કાર્ય શરૂ કરેલ અને અત્યાર સુધીમાં તેમણે ૬૦ થી ૬૫ જેટલી સંખ્યામાં પુસ્તકો લખ્યા છે.

શ્રીમદ્ ભાગવત્ અને શ્રીકૃષ્ણના કર્ણામૃત જેવા ગ્રંથો પર તેઓ પ્રવચન કરે છે. અમદાવાદ નવરંગ પુરામાં આવેલા 'શ્રીવલ્લભ સદન' માં મુખ્ય વક્તા તરીકે તેમણે ૩૦ વર્ષ સુધી પ્રવચન કર્યું છે. રોજ સેંકડો વૈષ્ણવ તેમના પ્રવચનનો લાભ લેતા હતા.

આવા પ્રખર વકતા અને લેખકનો સહકાર સાંપડયો છે જેથી 'શ્રીવલ્લભ સુધા'ના વાચકો જરૂર લાભાન્વીત થશે.

–તંત્રી]

૧. શ્રીરામના રુદનનું કારણ

દંડકારણ્યના ઘનઘોર તપોવનનાં પક્ષિઓ આજે ગંભીર મૌન ધારણ કરીને વૃક્ષોની ડાળીઓ પર બેઠાં હતાં, જાણે કોઇ વ્રતધારી મુનિઓ નીચે મુખે માનસિક જપમાં નિમગ્ન બન્યા હોય !

ઉદાસ મુખે ચાલ્યા આવતા શ્રી રામ લક્ષ્મણને જોઇને વનવાસી પશુઓની આંખોમાંથી અશ્રુ-બિંદુઓ ટપકતાં હતાં.

–તપોવનના તપસ્વી મહર્ષિઓ ધ્યાન મુક્ત બનીને સામેથી ચાલ્યા આવતા આ ઉદાસ

બંધુ યુગલનાં દૂરથી દર્શન કરીને વિચાર મગ્ન બન્યા હતા. ઋષિઓના નજીકમાં જ રાવણના અનુચરોએ હણેલા ઋષિ મુનિઓના અસ્થિ પિંજરોનો ઢગલો પડયો હતો !

–આવા અહિંસક તપોવનની આ પરિસ્થિતિ જોઈને શ્રીરામનું કોમલ હૃદય દ્રવી ઊઠયું ! તેમનાં નેત્રોમાંથી અશ્રુ બિંદુઓ સરી પડયાં ઋષિ–મુનિઓએ ઊભા થઇને પ્રણામ પૂર્વક પ્રશ્ન કર્યો–

“ભગવન્ ! મહાન્ યોગીજનો જેમના ધ્યાનથી શોક–મોહનો ત્યાગ કરે છે, એવા પરમાનંદ–આત્મારામ–શ્રી રામનાં નેત્રોમાંથી–વહેતા અશ્રુ પ્રવાહનું કારણ અમો જાણી શકયા છીએ. આપને ભગવતી સીતાજીના વિયોગનું કષ્ટ છે, એ કષ્ટના નિવારણ માટે અમે બધા જ સ્ત્રી દેહ ધારણ કરવા ઇચ્છીએ છીએ. આપ અમોને આજ્ઞા આપો.”

“મહર્ષિઓ !” મુખારવિંદ પર સ્વાભાવિક હાસ્ય દર્શાવતાં શ્રી રામ બોલ્યા– “મારા સચ્ચિદાનંદ સ્વરૂપમાં પત્નિ વિયોગથી રુદન કરવાની કલ્પના જ અસ્થાને છે, પરંતુ મારા રુદનનાં આ ત્રણ કારણો છે :–

જીવાનાં પ્રતિ બોધાર્થં,
ભકતાનામભયાય ચ ।
રાવણસ્યાભિધાનાર્થં,
ત્રયોર્થેરોદનં મમ ॥

૧. “જીવાનાં પ્રતિ બોધાર્થમ્” મારે જગત્‌ના જીવોને એ બોધ આપવાનો હતો કે “સ્ત્રીસંગિનાં ગતિરિતિ પ્રથયાંચકાર” સ્ત્રીઓનો સંગ કરનારની અથવા તેમાં અત્યંત આસકિત રાખનારની આવી ગતિ થાય છે. એ સમજાવવા માટે હું પોતે રડી રહ્યો છું.

૨. “ભકતાનામભયાય ચ”–મારા ભકતોને રાવણ જેવા રાક્ષસોના ભયથી મુકત કરવામાં મને વિલંબ થયો, પરંતુ હવે હું ભકતોને અભયદાન આપું છું. એટલા માટે હું રુદન કરી રહ્યો છું. અને–

(૩) “રાવણસ્યાભિધાનાર્થમ્”–આ રાવણનું મૂલ નામ તો **‘પૌલસ્ત્ય’** છે. પરંતુ એ જયાં જાય, ત્યાં લોકોને રડાવે છે એટલા માટે ઋષિઓએ એને **‘લોક રાવણ રાવણઃ’** કહ્યું છે. જો હું ન રડું તો રાવણનું નામ ખોટું ઠરે. રાવણઃ નામને સાર્થક કરવા માટે હું રડી રહ્યો છું.

“માટે ઋષિ–મુનિઓ !” થોડીવાર વિરામ લઇને શ્રી રામ બોલ્યા–

“તમો હવે ચિંતા ન કરો, પરંતુ....

....પરંતુ તમે સૌએ તપશ્ચર્યાના સમય દરમ્યાન સ્ત્રી દેહ ધારણ કરવાની જે ભાવના કરી છે, તે અનુસાર તમોને કૃષ્ણાવતારમાં “ઋષિરૂપા” ગોપીઓ બનીને રાસલીલા સમયે મારા આનંદમાં ભાગીદાર બનશો.”

–અને શરદ પૂર્ણિમાની રાત્રિએ ભગવાન શ્રીકૃષ્ણના સાથે રાસ ક્રીડા કરીને એ ગોપાંગનાઓ રસેશ્વર સાથે તન્મય બની ગઈ.” તન્મયતા યયુઃ”

–આ છે ભગવાન સાથેના વાર્તાલાપનું પરમફલ. કે જે આ ઋષિઓને હજારો વર્ષના તપથી પણ પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે.

શ્રીયમુનાજીની કૃપા

[સત્ય ઘટના]

પ્રેષક: **શ્રીમતી કમલાબેન આશર, રાયપુર**

અમો જે કોલોનીમાં રહીએ છીએ ત્યાં ઉનાળામાં પાણીની ઘણી જ તકલીફ થાય છે. અમોએ જમીનમાં બોરીંગ ખોદાવવાનો વિચાર કર્યો. પહેલાં તો એ બાબત ચર્ચા થઇ કે પાણી કયાંથી નિકળશે, એ માટે જમીન તપાસવી જોઇએ. પણ અમે બહુ જ તકલીફમાં હતા. એટલી ધીરજ ન હતી. એટલે પાણીનો બોરીંગ ખોદાવવાની મોટર બોલાવી લાવ્યા. આનાથી ૨૪ કલાકમાં કામ થઈ જાય છે. એના ભાવ વધારે હોય છે, પણ કામ ઝડપથી થાય છે.

રાતના ગાડી આવી અને ખોદવાનું શરૂ થયું કયાંય પાણીનું નામ નિશાન ન હતું. ખોદનારા અને અમો ઘરના નિરાશ થઇ ગયા. એક તો જમીન ન તપાસાવી અને કામ ચાલુ કરાવ્યું. તેમાં પણ પૈસા બમણા.

સવાર પડી નાહી ધોઈ લીધું પાછા મજુરો કામે વળગ્યા. મનમાં અજંપો અંતે મને શ્રી મહારાણીમાનું સ્મરણ થઇ આવ્યું. ચાલને ૪૧ પદના પાઠ શરૂ કરી દઉં કૃપા થઈ જશે મેં તો સિંગદાણા ગણીને ટેબલ ઉપર મૂકયા અને પાઠ ચાલતા ફરતા કામ કરતા કરતા ચાલુ કર્યા.

બધા નિરાશ થઇ ચૂકયા હતા. લગભગ આઠ–દશ જેટલા પાઠ કર્યા હશે, ત્યાં મને અંતરમાં એવું લાગ્યું કે પાણી જમીનમાંથી ફૂટી આવ્યું છે, હું છોકરાઓને કહેવા જતી હતી કે જુઓને પાણી તો નથી આવી ગયું. ત્યાં તો કામ કરનાર મજુર ભાઇઓ દોડતા દોડતા આવ્યાને બોલ્યા–માજી "પાની આ ગયા, પાની નિકલ ગયા" અને અમારા આનંદનો પાર ન રહ્યો. પાણી પહેલા જરાયે ગંદુ નહીં, ફુવારાની જેમ ઉછળ્યું ઠેઠ ઉપર સુધી.

ખરેખર મને તો એમ જ થયું કે આ શ્રી યમુના મહારાણીનો જ પ્રતાપ છે. એમની કૃપા થયા પછી અશકય પણ શકય બની જાય છે. અને અમારે ત્યાં એટલું ભરપુર પાણી નિકળ્યું કે ઉનાળામાં બીજા ભરી જતા પણ તોય અખૂટ રહેતું. ત્યારે અમારી જ કોલોનીમાં ઘણાનાં બોરીંગ ફેઈલ (નિષ્ફળ) થયા પાણી ન નિકળ્યું.

આને શું સમજવું આપણા જેવા પતિત જીવો ઉપર અધમ ઉદ્ધારણી માની કૃપા કે બીજું કશું ! આ મારો પોતાનો અનુભવ છે.
"સુખ કરની દુઃખ હરની શ્રી યમુનાજી"
'નમામિ યમુના મહં, સકલ સિદ્ધિ હેતું મુદા'

આ માસના ઉત્સવ

આસો સુદ ૧ તા. ૮–૧૦–૯૧ નવરાત્ર આરંભ જવારા વાવવા. કૃષ્ણ ચંદ્રિકા રાસના પદ બધા સમયમાં. કરખાના પદ ભોગમાં તથા નવ વિલાસ રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન ભોગ વખતે બોલાય. ગો. ચિ. શ્રી પ્રણયકુમારજી (મથુરા)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૧૦–૧૦–૯૧ ગુરૂવાર ગો. શ્રી રસિક વલ્લભજી મહારાજ (પાર્લા) નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧૫–૧૦–૯૧ મંગળવાર ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૧૭–૧૦–૯૧ ગુરૂવાર ગો. ચિ. શ્રી વાગ્ધીશબાવા (નાથદ્વારા)નો જન્મદિન નવરાત્રિ સમાપ્તિ વિજયાદશમી અંકુરાર્પણ જવારા ધરાવવા.

આસો સુદ ૧૧ તા. ૧૯–૧૦–૯૧ શનિવાર પાશાં કુશા એકાદશી વ્રત ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) નો તથા ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૨૧–૧૦–૯૧ સોમવાર શ્રી બાલકૃષ્ણજી (સુરત) નો પાટોત્સવ ગો. ચિ. શ્રી શીશીરકુમારજી (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૪ તા. ૨૨–૧૦–૯૧ મંગળવાર શરદપુર્ણિંમા, રાસોત્સવ ફલાત્મક મહારાત્રિ

આસો સુદ ૧૫ તા. ૨૩–૧૦–૯૧ બુધવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો કાર્તિક સ્નાન આરંભ.

આસો વદ ૩ તા. ૨૬–૧૦–૯૧ શનિવાર ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા) નો તથા ગો. ચિ. શ્રી હરિરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૨૯–૧૦–૯૧ મંગળવાર શ્રી રણછોડજી (ડાકોર) નો ષોડશોપચાર ગો. શ્રી વ્રજ વલ્લભ બાવા (માંડવી) નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૩૧–૧૦–૯૧ ગુરૂવાર ગો. ચિ. વ્રજેશકુમાર બાવાશ્રી (વિરમગામ) નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૧-૧૧-૯૧ શુક્રવાર શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા-પોરબંદર)નો તથા. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) તથા ગો. ચિ. મધુસુદન લાલજી બાવાશ્રી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨-૧૧-૯૧ શનિવાર રમા એકાદશી વ્રત ગો. ચિ. મુરલીધર લાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૩-૧૧-૯૧ રવિવાર વાઘબારસ ગોવત્સ દ્વાદશી ગો. ચિ. કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૪-૧૧-૯૧ સોમવાર ધન તેરસ લક્ષ્મી પુજન ધનવંતરી ભગવાનનો પ્રાકટય દિન કાન જગાવવાના પદ બોલાય.

આસો વદ ૧૪ તા. ૫-૧૧-૯૧ મંગળવાર રૂપ ચતુર્દશી અભ્યંગ સ્નાન ગો. શ્રી જયદેવ લાલજી મહારાશ્રી (વિરમગામ) નો જન્મદિન દિવાળી, હટડી, કાન જગાવન લક્ષ્મી પુજન દીપદાન.

આસો વદ અમાસ તા. ૬-૧૧-૯૧ બુધવાર ગોવર્ધન પુજા અન્નકુટ ઉત્સવ. વિ. સં. ૨૦૪૭ની સમાપ્તિ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૭૯. રાગ-ઈમન (વૈ. ૬૭)

વંદો શ્રી ક્ષત્રી ગોપાલદાસ
"નૃત્ય કલા" યે સખી લીલામેં કરત પંજાબ નિવાસ ૧
મથુરા જાત મિલે મારગમેં, શ્રી વલ્લભ રસરાસ;
બ્રહ્મ સંબંધ કરાય પઢાયો, 'સિદ્ધાંત રહસ્ય' નિજદાસ. ૨
સબ સિદ્ધાંત ભયો હૃદયારૂઢ, ચરણામૃત દીયો સુખરાસ;
"લાલદાસ" છંદ ચોખરા કરકે, ગાવત ગુન અવિનાશ. ૩

૮૦. રાગ ઇમન (વૈ.-૬૮)

વંદો શ્રીદાસ જનાર્દન;
"કૃષ્ણાવતી" કુમારિકા યુથમેં, થાનેશ્વર હે વતન. ૧
ભાજ્યો પિતા લરાઇમેંતે, તાકો ગયે વે ઢૂંઢન;
દો મહોર મિલિ કંચનકી, તબહી, ભયે પ્રસન્ન ૨
મારગ મિલે વાસુદેવ છક્કડા, કહ્યો હિત બચન;
ચાહે ભલો તો ગોકુલ જાકે, ગહિ શ્રીવલ્લભ સરન. ૩
ગોકુલ જાય શ્રીવલ્લભરાય કે, પકરલીયે યુગ ચરન;
શ્રીવલ્લભ સંગ ગયે આન્યોર, પાયે તહાં નિવેદન. ૪
શ્રીજીપાગ સેવામાં દીની, ફિર આયે નિજ ઘરન;
'લાલદાસ' છક્કડા કે સંગતે, પ્રાપ્ત કીયે ગિરિધરન. ૫

૮૧. રાગ-માલવ (વૈ. ૬૯)

સનોઢિયા ગંડુ સ્વામી શિરનાંઈ,
દાસી 'બદી' શ્રીજસોદાજી કી, શાપ રોહિણી તે પાઇ. ૧
જન્મી મથુરા બસે વૃંદાવન, કેશીઘાટ મન ભાઇ,
શિષ્યન કોં શીખ દેત જપ્યો હરિનામ સદા સુખદાઇ. ૨
વિરહ બહોત રહત ઉનહી કોં કૈસે મિલે હરિરાઇ;
આજ્ઞા પાઈ ઠાકુર કી સ્વપ્નમેં, શ્રીવલ્લભ શરણ ગહાઇ. ૩
ચરણામૃત દીયો કૃપા કર, 'ત્રિવિધ નામાવલી' પઢાઈ;
"લાલદાસ" શ્રીવલ્લભ પ્રભુને માનસી, સિદ્ધ કરાઈ. ૪

—ક્રમશઃ

કાવ્ય કુંજ

(૧) રાધા રમણ રમાડે રૂડો રાસ રે લોલ

વેણુ વાય છે વિહારી વૃંદાવનમાં રે લોલ
વેણુ વાગી વાગી રે વૃંદાવનમાં રે લોલ
મન મુરલીએ મોહ્યાં મનમોહને રે લોલ
તરબત્તર તરુ તમાલ તાલથી રે લોલ
ફુલ્યાં ફુલ્યાં રે ફુલડાં ફોરમથી રે લોલ
શીતલ શીતલ સુગંધ સમીર સારતું રે લોલ
હરિ હરણિયા હેતે હુલરા વે રે લોલ
કરે કોકીલ – કીરને કામણ રે લોલ
મોહે મોરલી મધુવનના મોરને રે લોલ
મત્તમોર મીઠી મોરલીના મોદથી રે લોલ
ધરે ધરવ ના ધેનુધણ ધૂનમાં રે લોલ
ગોરી ગોપીઓએ ગોવિંદ થેર્યા રે લોલ
ગોપી ગોવિંદજીમાં ગુલતાન રે લોલ
મીઠી મીઠી મધુરી મોહે મોરલી રે લોલ
'રાધે રાધે' રટે છે રવ રૂડાં રે લોલ
ઝૂલે જુમના જુગલ જોડી જોઈને રે લોલ
વેણું વાલમ વગાડે વૃંદાવનમાં રે લોલ
ભોળી ભામિનીનાં ભરમ ભાંગતી રે લોલ
રે લગાડે લગન લલિત લીલયા રે લોલ
રાધા રમણ રમાડે રૂડો રાસ રે લોલ
ગોરી ગોપીઓ ને ગોવિંદ ઘૂમતા રે લોલ
ઘૂમે ગોપી ગોવિંદ રંગરાસમાં રે લોલ
રસ રાસનો રેલાયો રંગરેલમાં રે લોલ
કેલી કામણ કરાવે કાનજી રે લોલ
મિથ્યા માયા ને મોહ ને મિટાવે રે લોલ
ઘૂમે ગોપી રે ઘૂઘરી ઘમ્મકે રે લોલ
ઝૂમે ઝૂમે રે ઝાંઝર ઝમ્મકે રે લોલ
વદે વેણુ રે વેદની વાણી રે લોલ

સરે સુરો સુરીલા સુરલોકમાં રે લોલ
બોધે બંસરી બોલ બ્રહ્માંડને રે લોલ
ભાવે ભકતજનોને ભીતર ભીંજવે રે લોલ
નીર નયનેથી નીતરે નેહનાં રે લોલ
વેણુ વાય છે વિહારી વૃંદાવનમાં રે લોલ
વેણુ વાગી વાગી રે વૃંદાવનમાં રે લોલ

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

(૨) શ્રી યમુના મૈયાની ગરબી

મા તું કૃષ્ણ તુરિય પટરાણી, શ્રી યમુના મહારાણી રે લોલ.
મા તારી કૃપા અનરાધાર, પુષ્ટિજન ઝીલતાં રે લોલ.
મા તારાં કલિંદગિરિમાં મૂળ, શ્રી વ્રજમાં વિહરતાં રે લોલ.
મા તારાં શ્યામલ નિર્મલ નીર, દેવોને દુર્લભ ઘણાં રે લોલ
મા તારું દિવ્ય મનોહર રૂપ, વૈષ્ણવના મનમાં વસ્યું રે લોલ.
મા તારી શોભા નહીં પાર, નીરખતાં મનડાં ઠરે રે લોલ.
મા તારા શિરે મુકુટ સોહાય, કુંતલ કેશ શોભે ઘણાં રે લોલ.
મા તારા કંઠે છે પુષ્પના હાર, બાજુબંધ હેમનાં રે લોલ.
મા તારાં હેમ કંકણ અને વેર, કે પહોંચી રતી જડી રે લોલ.
મા તારાં ચરણ ચોળી પંચરંગી, કે ચુંદડી ફરફરે રે લોલ.
મા તારાં હેમ તણાં નેપૂર, ચરણમાં રણઝણે રે લોલ.
મા તારા દિવ્ય સોળે સણગાર, દૈવીજીવ હરખતા રે લોલ.
મા તારાં વેદપૂરાણે વખાણ, સૂરજનાં દીકરી રે લોલ.
મા તું યમરાજાની બહેન, બંધુને વહાલી ઘણી રે લોલ.
મા તને ભાઈ બીજે વરદાન, યમરાજા આપી ગયા રે લોલ.
જે કરે જમુના જળ સ્નાન–પાન, તેને યમનું તેડું નહી રે લોલ.
મા સહુ વૈષ્ણવ તારાં બાળ, તે યમનાં ભાણેજડાં રે લોલ.
મા રૂડી શરદ પુનમની રાતે, શ્રીકૃષ્ણ રમ્યા રાસ-લીલા રે લોલ.
હણતાં ‘કુસુમાયુધ’નો ગર્વ, પછી તમ જળમાં નહાતા રે લોલ.
મા બન્યું પુણ્ય પવિત્ર એ જળ, એ જીરતાં પાપ હરે રે લોલ.
મા તમે પુષ્ટિજનોના નિત્ય, મનોરથ સઘળા પુરો રે લોલ.
જીવ ને શ્રીજી ચરણમાં આપ, સ્થાપીને માત દુખડાં હરો રે લોલ.
જે કોઇ ભાવે ‘યમુનાષ્ટક’ રટતાં, તેનાં કાર્ય સિદ્ધ થતાં રે લોલ.

જયંત જી. ગાંધી – કુસુયાયુધ (જુનાગઢ)

।। શ્રીવલ્લભ ।।

।। શ્રી સર્વોત્તમ પદ ।।

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી

(ગતાંકથી ચાલુ)

૬૩. કૃત્ પિતા રૂપ

ભક્તિ માર્ગ પિત્રુ પુરૂષોત્તમ;
કરુણા અમિત દૈવી જીવન પર, કૃપા વાત્સલ્ય પૂરન પિત્રુ સમ. ।।૧।।
પાલક ઓર સુખ દાન કે દાતા, રસના એક કહા કહોં મહાતમ;
વંશ વૃદ્ધિ અવિનાશ શરણ, 'વ્રજ' શ્રી પ્રથમેશ કીયે પરમોત્તમ. ।।૨।।

૬૪. સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહત્મ્ય રૂપ

સર્વ સામર્થ્ય ધર્યું નિજવંશ,
નખશિખ મહાત્મ્ય ઐશ્વર્ય ખટ ગુન, ધરે વંશ અણુ નહીં અંશ ।।૧।।
સેવા રસ શૃંગાર ભાવના, પ્રેમલક્ષણ પ્રગટ પ્રશંસ;
કારણ કરણ સૃષ્ટા ઓર દૃષ્ટા, 'વ્રજ' વલ્લભ પ્રભુ શ્રી પ્રથમેશ. ।।૨।। –ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ–૮૫

નિરખો શ્રી યમુના સુખદાયક । સબ ત્યજ આસ ગહું ઇનકી મન–કર્મ અરુ ભજું વાચક ।૧। લહેર તરંગ બઢત જ્યોં ઇનકી ત્યોં હરિ સ્નેહ વહાયક । અતિ ઉદાર કલિંદ નંદની નિજ રસ સર સહાયક ।૨। શેષ સહસ્ત્ર મુખ પાર ન પાવત–કો કવિ બરનન લાયક । હરિદાસ પ્રભુ શોભા નિરખત પ્રિય પદ પ્રીતિ સહાયક ।૩।

ભાવાર્થ : સુખદાયક એવા શ્રીયમુનાજીનાં દર્શન કરો. જગતમાંનું સર્વ કાંઇ તજી અને શ્રી યમુનાજીની જ આશા કરૂં અને મન–વચન–કર્મથી હું તેનું જ ભજન કરૂં. જેમ જેમ આપના લહેર તરંગ વૃદ્ધિ પામે છે તેમ તેમ તેઓ હરિ સ્નેહના વહાયક એટલે શ્રી હરિના સ્નેહ પ્રતિ લઇ જનારા છે એવાં સુંદર ભાવનામય દર્શનીય બની રહે છે. અતિ ઉદાર એવાં કલિંદનંદની નિજરસમાં રસબોળ બની અને સહયક બની રહે છે. શેષજી પણ જેના ગુણોનો પાર નથી પામી શકતા ત્યારે બીજો એવો કવિ કોણ છે કે શ્રી મહારાણીજીના ગુણોનું વર્ણન કરી શકે. એવા હરિદાસના પ્રભુની શોભા નિરખી અને દૃઢનિશ્ચયપૂર્વક કહે છે કે આપ શ્રી યમુનાજી પ્રાણેશ પ્રભુના ચરણમાં પ્રીત લગાવવામાં આપ સહાયક બની અને હર્ષિત થાય છે.

સમાચાર

બોરસદ :– વર્તમાન પરિસ્થિતિમાં "સંઘે શકિત કલૌ યુગે"ની ઉકિતની વિસ્તૃત રીતે સમજાવતાં પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજે (વડોદરા) સત્સંગ–સ્વાધ્યાયની સામૂહિક પ્રવૃતિ માટે વૈષ્ણવ સમાજના સંગઠન તાતી જરૂરિયાત છે. એ પ્રમાણે તેઓએ ખેડા જીલ્લાના બોરસદ–ધુવારણ ખાતે યોજાયેલી વૈષ્ણવોની સભાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું અને આં. પુ. વૈષ્ણવ પરિષદ તેના માટે કાર્યરત છે તેથી સૌ વૈષ્ણવોએ તેને તન મન ધનપૂર્વક સહાયભૂત બનવા તેઓએ વૈષ્ણવોઓને અનુરોધ કર્યો હતો.

વૈષ્ણવ પરિષદના ઉદેશો, વિભિન્ન પ્રોજેકટો અને અનેકવિધ સેવા કાર્યોની વિસ્તૃત જાણકારી આં.પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ એમ. શેઠે આપી હતી અને પરિષદના કાર્યમાં સહાયભૂત બનવા અપીલ કરી હતી.

શ્રી નવિનભાઈ મુખિયા, શ્રી સતીશભાઇ શાહે બોરસદમાં અને શ્રી જી એસ. રીંગાણીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હના, ભકિત વર્ધિનીના આ પ્રવામાં શ્રી વામનભાઈ પટેલ, શ્રી નટુભાઈ શાહ, શ્રી શરદભાઈ વિગેરે જોડાયા હતા.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ બોટાદ શાખા તરફથી તગડી પદયાત્રાનું તા. ૧૦–૮–૯૧ ના રોજ આયોજન કરવામાં આવેલ. જેનો લગભગ ૪૦–૫૦ વૈષ્ણવોએ લાભ લીધેલો. બીજે દિવસે તા. ૧૧–૮–૯૧ ના રોજ અન્ય ૨૦૦ વૈષ્ણવો બોટાદથી તગડી આવેલા અને ઝારી ચરણ સ્પર્શ. ધોતી ઉપરણા વિ નો લાભ લઇ ખૂબજ ઉત્સાહપૂર્વક "નંદ મહોત્સવ" નાં દર્શનનો લાભ લીધેલો. નંદ મહોત્સવ સાથે જોગીલીલાના દર્શનનો પણ અનેરો લાભ મળેલો, અને સાક્ષાત સારસ્વત કલ્પસમય જેવું જ, વાતાવરણ ખડું થયેલું. સાંજે હીંડોળાના દર્શનના લાભ લઇ તમામ વૈષ્ણવોએ વિદાય લીધેલી.

કેસેટ ભાવ વધારો –

શ્રી પરીખ પરિવાર–વિલેપાર્લે જણાવે છે કે છેલ્લા દશ વર્ષથી અમે કેસેટ સેટના ભાવમાં કોઈ ફેરફાર કે વધારો કર્યો નથી. પણ હવે સોની કેસેટના ભાવમાં થયેલા અસહ્ય વધારાને લીધે ના છુટકે ભાવ વધારો કરવો પડયો છે.

તા. ૨–૯–૯૧થી એક કેસેટના રૂા ૭૦/– ને બે કેસેટના સંપુટના રૂા. ૧૪૧/– રહેશે. રજિષ્ટર્ડ પોસ્ટથી મોકલવાનો રવાનગી ખર્ચ રૂા. ૧૫/– રહેશે.

પુસ્તિકાઓના ભાવમાં કે રવાનગી ખર્ચમાં કાંઇ ફેરફાર કર્યો નથી.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૦ અંક ૬ના અનુસંધાને)

૪૩૧ શ્રી પરસોત્તમદાસ મથુરાદાસ રાજપરા, રાજકોટ
૪૩૨ શ્રી હિમતલાલ જી. કંસારા, રાજકોટ
૪૩૩ શ્રી જમનાદાસ મનજીભાઈ ચોટાઇ, રાજકોટ
૪૩૪ શ્રીમતી દમયંતીબેન ના. સંઘવી, વિલેપાર્લે
૪૩૫ શ્રી પરમાર કૃષ્ણદાસ ગિરધરલાલ, ગોંડલ
૪૩૬ શ્રી રાણપરા હેમચંદ હરિલાલ, રાજકોટ
૪૩૭ શ્રી પ્રભુદાસ ગોરધનદાસ મણીયાર, રાજકોટ
૪૩૮ શ્રી ગોવર્ધનદાસ રતીલાલ નથવાણી, રાજકોટ
૪૩૯ શ્રી દાણીયાપોળ વૈષ્ણવ મહિલા મંડળ, વડોદરા
૪૪૦ શ્રી ભીખાલાલ ત્રિભોવનદાસ નિર્મલ, જેતપુર

ગરબો—રાસ

[ઢાળ : શ્રી લક્ષ્મણ ભટજીને ઘેર, એ ફુલ દીધા જો ...]

આસો માસ સુખકાર, શરદતણી રાતડી જો;
રમવા કૃષ્ણજીની સાથ, સર્વ મળી કરે વાતડી જો.... ૧

નવશત સજિયા અંગ, શૃંગાર બહુ કીધા જો;
ઘર ઘરથી આવી સહુ, સીસ પર ગરબા લીધા જો.... ૨

ચાલો જઇએ વૃંદાવન, રૂડા નંદકુમાર નિરખીએ જો;
ટળે ત્રિવિધ તાપ, એનું મુખ જોઇ જોઇ હરખીયે જો.... ૩

ગરબા રત્નથી જડાવ, ઇંઢોણીમાં મોતી હાર છે જો;
આવી વનની મોઝાર, રમવાને નાર છે જો.... ૪

કોઇ સોહે ગોરેવાન, કોઇ શ્યામ રે રંગ છે જો;
ઘુમે ઘાઘરાની ઘેર ફરતી, શ્રી રાધાજીને સંગ છે જો.... ૫

સાડી પહેરી રંગ રંગ, ચોલી પહેરી કસકસી જો;
વેણીએ ગુંથ્યા છે ફૂલ, મળી મળી ખેલે છે ધસમસી જો.... ૬

અંગે વાધ્યો આનંદ, નંદનંદન ત્યાં આવીયા જો;
વારૂં કોટિક પૂનમ ચંદ, મુખ નિરખી મન ભાવિયા જો.... ૭

શ્રી વલ્લભ પ્રતાપે, એના ગુણ નિત્ય ગાઇએ જો;
પુરે મનડાની આશ, વળી શ્રી જમુનાજીમાં નાહિયે જો.... ૮

એના ગુણ છે અનેક, મ્હારે રસના મુખ એક છે જો;
દીસે એક સ્વરૂપ અનેક છે જો.... ૯

'શોભા' જોઇ હરિદાસ, કરજોડી વિનંતી કરે જો;
મને દેજો વ્રજમાં વાસ, ત્યારે મનડું મારૂં ઠરે જો.... ૧૦

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.
શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



શ્રી વલ્લભ સુધા

બ્યાહ કે પદ

પૂરી નિજ ભક્તનિ કી ચાહ ।
દુલ્હે મકન ગુપાલ, રાધિકા દુલહી ભરે ઉછાહ ॥૧॥

બટ સંકેત પ્રબોધિની જામિનિ, રચ્યો અનુપમ બ્યાહ ।
ઉમડિ પર્યો શોભા અમૃત નિધિ, પ્રેમ તત્વ અવગાહ ॥૨॥

જોરી ભાવ ગાંઠિ મિલ ગોપિન, કરે ચોરતે સાહ ।
જન '**વલ્લભ**' ભયો દિઢ મંગલ, પાય શ્યામ સો નાહ ॥૩॥

—શ્રીવલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૮ **નવેમ્બર, ૧૯૯૧**
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * **આજીવન રૂ. ૨૫૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ સદા શ્રીકૃષ્ણઃ સેવ્યઃ સ્મર્તવ્યશ્ચ ॥

ગો. શ્રી ૧૦૮ શ્રી ભાભીજી મહારાજ, ગો. ૧૦૮ શ્રી ચંદ્ર ગોપાલજી શ્રી ગોવર્ધનેશજી મહારાજ તથા ગો. શ્રી ૧૦૮ શ્રી શરદકુમારજી શ્રી ગોવર્ધનેશજી મહારાજાણાં સ્વકિયેષુ હરિ ગુરુ સેવા પરાયણેષુ પ્રિય વૈષ્ણવ શ્રી ૨....ને દિપોત્સવના મંગલમય અવસર ઉપર સસ્નેહ શુભાશિષ સહિત અનેક શુભ કામનાઓ.

શ્રી વલ્લભ વિઠ્ઠલ પ્રભુના પ્રાણ પ્રેષ્ઠ શ્રી મદન મોહનલાલ તથા શ્રી લલિત ત્રિભંગી લાલના યુગ ચરણ કમલોમાં ભકિતભાવ સુદૃઢ થાય તથા જીવન સેવા સત્સંગમય બને તેવી હાર્દિક કામના.

અમને વૈષ્ણવોથી અપેક્ષા છે કે કંઠી, તિલક અને ચરણામૃત એ વૈષ્ણવતાના પ્રાચીન પ્રતિક છે તેથી તે અવશ્ય ધારણ-ગ્રહણ કરવાનો આગ્રહ રાખવો જોઇએ.

મહા પ્રભુ શ્રી વલ્લભના મતાનુસાર "સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ, સ્વસ્વાય મેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન" સર્વદા સર્વ ભાવથી માહાત્મ્ય જ્ઞાન પૂર્વક સ્નેહ યુકત ભગવત્સેવા કરવી એજ સ્વમાર્ગીય કર્તવ્ય છે અને દરેક વૈષ્ણવે પોતાના ઘરમાં ભગવત્સેવા પધરાવવી.

લૌકિક કે અલૌકિક બન્ને કારણો માટે ચિંતાત્યાજ્ય છે. અંગીકૃત જીવનાં બધા કાર્ય પ્રભુ સ્વત કરે છે એવો દૃઢ વિશ્વાસ રાખવો. કોઇ કોઇવાર પ્રારબ્ધ ભોગ અથવા પરીક્ષાર્થ ફલદાનમાં પ્રભુ વિલંબ કરે છે માટે અન્યાશ્રય કદાપિ કોઇ પણ હાલતમાં નજ કરવો.

કયારેક ચિત્તમાં આનંદ પેદા કરીને પણ પ્રભુ લીલા કરે છે તો કયારેક ચિત્તમાં ઉદ્વેગ પેદા કરીને પણ પ્રભુ લીલા કરે છે ઉદ્વેગ પ્રભુ લીલા માનવાથી પ્રભુના ગુણમાં આદર ઉત્પન્ન થાય છે જેથી ભકિત પ્રગટ થશે. પરંતુ ઉદ્વેગમાં "આ સર્વ મિથ્યા છે" એ ભાવથી જ્ઞાન પ્રગટ થશે ભકિત નહીં તેથી ભાવ ટકાવી રાખવા લીલામાની ચિંતા પર કાબુ મેળવવો, માયા માનીને નહીં. તેથી વૈષ્ણવે સદા સર્વ સમયમાં પ્રસન્ન રહેવું. સુખી થતાં હરખાવું નહીં, દુઃખી થતાં વ્યાકુળ થવું નહીં. સર્વમાં ભગવદ્ ઇચ્છા પ્રબળ જાણવી.

અસમર્પિત વસ્તુનાં, તસ્માદ્ વર્જનમાચરેત્ ।
નિવેદિભિઃ સમર્પ્યૈવ, સર્વ કુર્યાદિતિ સ્થિતિ ॥

બ્રહ્મ સંબંધ થયા સિવાય દોષોની નિવૃત્તિ શકય જ નથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. દ્રવ્ય (સ્વસંપત્તિ ચલ-અચલ) નો ભગવદ્ વિનિયોગ એજ દ્રવ્યંની સાચી સાર્થકતા છે. ઉત્તમ કે નવીન વસ્તુનો વિનિયોગ સૌ પ્રથમ પોતાના પ્રભુ માટે કરવો. પ્રભુ પોતાના લાગે પછી જ સાચી સેવા સંભવે.

ભગવદીયોએ સાથે મળીને "બ્રહ્મ સંબંધ મંત્ર"ના ભાવાર્થને વારંવાર વિચારતા રહેવું હંમેશાં પોતાના દોષ વિચારવાથી દીનતા સિદ્ધ થાય છે. "દીનતાભાવ અંતરનો સ્નેહ પ્રભુ પ્રસન્નયિનું કારણ એહ" પ્રભુ દીનતાથી પ્રસન્ન થાય છે. માર્ગની રીતિ પ્રમાણે સેવા કરવી. ભગવદીયના છલછિદ્ર ન જોવા. મનથી પણ કોઇનું બૂરું ચાહવું નહીં, તેમજ કોઇનો અનાદર કરવો નહીં. હંમેશાં દીનતાયુકત રહેવું. સંતાન કે સંબંધીઓને પણ બ્રહ્મ સંબંધ કરાવવું.

શુભ દીપમાલિકાના પુનિત અવસર પર ઉપરોકત સિદ્ધાંતને હૃદયંગમ કરી જીવતને સાર્થક બનાવો તેવા આશિર્વાદ ઇતિ શમ્ ॥

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૧૦ : અંક ૮ * નવેમ્બર, ૧૯૯૧

ભક્તિમાર્ગ

સાધનાની દૃષ્ટિએ શ્રેષ્ઠ અને સહજ છે

પ્રવક્તા—પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ

મથુરા—પોરબંદર

(ગતાંકથી ચાલુ)

અત્યારે સંપ્રદાયની ચર્ચા જે થાય છે તે ભૌતિક સંપ્રદાયો જે જાતિય અને સાંપ્રદાયિક ઝઘડાઓ થાય છે. એક હિંદુ જાતિ છે, એક મુસ્લીમ જાતિ છે, એક ક્રિશ્ચયન જાતિ છે, અને ચંપ્રદાય કહે છે. પણ વાસ્તવમાં એને સંપ્રદાયજન કહેવાય. એતો જાતિ જ છે. તેની સાથે સંપ્રદાય શબ્દ બિલકુલ વિચાર્યા વગર જ વપરાય છે. સંપ્રદાયનો અર્થ તો એ થાય કે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રદાન કરે. આતો ઝઘડાઓ અને મારો કાપોની જ વાત છે. આમાં ઉત્તામ વસ્તુ તો પ્રદાન થતી જ નથી, તો એને સંપદાય કઇ રીતે કહી શકાય. તો એક આધિભૌતિક સંપ્રદાય, આધ્યાત્મિક સંપ્રદાય અને આધિદૈવિક સંપ્રદાય—સંપ્રદાયના આમ ત્રણભેદો છે.

ભૌતિક સંપ્રદાય આપણી સમાજ વ્યવસ્થાને સમાજને સુવ્યવસ્થિત બનાવવાને માટે છે ભલે જાતિ જુદી રહી, આપણો સ્વભાવ જુદો રહ્યો, આપણી રહેણી કહેણી જુદી રહી, આપણો પહેરવેશ જુદો રહ્યો, પરંતુ આપણી અંદર જે આત્મા છે તે આત્મા તો એક જ છે ને ! ગીતા કહે છે કે "સુનીશ્ચૈવ શ્વપાકેચ પંડિતાઃ સમદર્શીનઃ" પંડિત કોને કહેવાય ? આજે તો જે ડીગ્રી લઇને આવે તેને પંડીત કહી દઇએ આપણે ડીગ્રી પંડીતની છે, પણ શાસ્ત્રકારો કહે છે કે પંડિત એટલે શું ? પંડા એટલે બુદ્ધિ જેની બુદ્ધિ પરિમાર્જિત થઇ ગઇ હોય એને પંડિત કહેવાય જેની બુદ્ધિ આત્માને પરમાત્માનું ચિંતન કરવાને લાયક બની ગઇ હોય એવી બુધ્ધિ દ્વારા જે અનેક ભેદોમાં અભેદને જાણીને માણી શકતો હોય એ પંડિત. ભેદમાં અભેદને જોઇ શકતો હોય એ પંડિત. ગીતાની અંદર તો જે સમદર્શી હોય તેને પંડિત કહેવામાં આવે છે. તો જેવી રીતે આપણી સમાજ વ્યવસ્થાને સુવ્યવસ્થિત બનાવવા માટે ભૌતિક માર્ગો હોય જેવી રીતે રાશયાની અંદર આજે જે માર્કસવાદ છે, પુંજીની વ્યવસ્થાને રાજ્ય વ્યવસ્થાને સમ્રાજ વ્યવસ્થાને માનવ અધિકારો માટે જે વિચારો કરવામાં આવ્યા છે પરંતુ એ માનવની ભૌતિક વ્યવસ્થાનો જ એમાં વિચાર કરવામાં આવ્યો છે. આત્માને ચેતનાની વાત એમાં કરવામાં આવી નથી.

આજે આપણે જોઇએ કે બધી ભૌતિક વિદ્યાઓને જાણેલો પંડિત પણ આજે શાંતિની વાતો કરે છે જગતની અદર શાંતિ કેમ થાય, જગતની અંદર પરસ્પરનો દ્વેષ અને ટકરાવ કેમ દુર થાય એના માટે યુનોની મહાસભામાં મોટા મોટા લેકચરો આપે છે અને સભાઓ કરવામાં આવે છે. પરંતુ એ શાંતિ, એ સુખ અને આનંદ કોઇ પણ પ્રકારની ભૌતિક વ્યવસ્થાથી પ્રાપ્ત નહીં થાય, કારણ કે આનંદનો સંબંધ આપણા અંતઃકરણ સાથે છે, આપણા દેહની સાથે નથી. આપણા દેહની સાથે સુખનો સંબંધ છે પણ આનંદનો સંબંધ નથી. સુખ અને આનંદમાં ભેદ છે. સુખમાં દ્વૈત છે. તેની અંદર દ્વિધા છે. સુખ છે તો તેની સામે દુઃખ છે. ધર્મ કહો તો અધર્મ પણ છે. શાંતિ કહો તો અશાંતિ પણ છે. એવી રીતે પરસ્પર વિરૂધ્ધ શબ્દો આપણે ત્યાં આવે છે તો સુખની સાથે દુઃખ પણ રહેલું છે. જગતની અંદર એવું કોઇ સુખ કોઇ બતાવી શકશે કે એની અંદર ભેગું દુઃખનું મિશ્રણ ન હોય ? એવું કોઈ સુખ નથી જગતમાં વિશેષ સુખો જેવા નાટક સિનેમા, ટીવી. વીડીયો વિગેરે 'પૈસા ફેંકો તમાશા દેખો' એટલે એ બધા સુખોને માટે પાછા પૈસા મેળવવા તો પરિશ્રમ કરવો જ પડે. વળી કોઇ વખત ખોટ આવે, દુકાન કે ધંધામાં તો ટીવીને વીડીયો વેંચવું પણ પડે એવી જ રીતે વધારે ખવાઇ જવાય અકરાંતિયાની જેમ; તો બીજે દિવસે મુશ્કેલી થઇ જાય, ખાટા ઓડકાર આવે. આ આવે તે આવે તો એમ જેટલા પણ સુખો છે તે બધાની સાથે દુઃખો પણ મળેલા છે, કેવી રીતે મળેલા છે તો જેવી રીતે આપણો પડછાયો આપણી સાથે રહે છે ને એ પડછાયો આપણી સાથે ને સાથે જ રહે છે. કયારેક આગળનીકળી જાય કયારેક પાછળ રહી જાય એવી રીતે

આપણા સુખોની સાથે આ બધા દુઃખો પણ રહેલા છે. પરંતુ આનંદ જે શબ્દ છે તે સુખવાચી નથી. આધિદૈવિક સુખને આનંદ કહી શકાય. એક ભૌતિક સુખ એક આધ્યાત્મિક સુખ અને એક આધિદૈવિક સુખ. તો ભૌતિક જે સુખ છે તે આપણા શરીર અને ઇન્દ્રિયોના વિકાસને માટે છે. આધ્યાત્મિક છે એ આપણી બુધ્ધિને પ્રબલ બનાવવાને માટે છે. આ જે સંસ્કારો છે જનોઇ સંસ્કાર વગેરે ૧૬ સંસ્કારો સ્મૃતિ શાસ્રોમાં બતાવ્યા છે. એ સંસ્કારોને કર્મકાંડના રૂપમાં આપણે કરી લઇએ છીએ, એના વિજ્ઞાનને આપણે જાણતા નથી. પરંતુ પ્રાચીન કાળમાં આપણા વડીલો જ્યારે એ સંસ્કારો કરતા ત્યારે કરવા ખાતર ન કરતા લોકની અંદર આ પ્રથા ચાલુ છે એટલે આપણે પણ કરવી જોઇએ, એ રીતે નહિ, પરંતુ એનું છે સાયન્સ છે, જે વિજ્ઞાન છે એ સમજીને કરતા તો આધ્યાત્મિક જે સંસ્કારો છે તે આપણી બુધ્ધિને પરિપુષ્ટ બનાવવાને માટે છે. પરિમાર્જિત બનાવવાને માટે છે.

આજે આપણે કહીએ કે બુધ્ધિજીવી વર્ગ જે જજ હોય, વકીલ હોય, ડોકટર હોય એને આપણે બુધ્ધિજીવી વર્ગ કહીએ છીએ પણ શાસ્રકારો બુદ્ધિજીવી વર્ગ એને કહેતા જે આત્મચિંતન કરે એ બુધ્ધિજીવી વર્ગ કહેવાય તો આધ્યાત્મિક સંસ્કારોથી જે આ ઉપનયન સંસ્કાર વગેરે છે તે આપણી પ્રજ્ઞા આપણી બુધ્ધિને વધુને વધુ વિકસિત કરવા માટે છે અને ત્રીજું ફ્રેમ આવે છે આધિદૈવિક આધિદૈવિક જેટલું પણ છે એ સાક્ષાત્ ભગવાનના સંબંધવાળું પરાત્પર પુરૂષોત્તમના સંબંધવાળું એટલે આધિદૈવિક વિદ્યા એને કહેવાય કે જે ડાયરેકટ પરમાત્માને મેળવવાના સાધન બતાવતી હોય એ વિદ્યાને આધિદૈવિક વિદ્યા કહેવાય અને એ વિદ્યાને ઉપનિષદોની અંદર મધુવિદ્યા કહેવામાં આવે છે. ઉપનિષદોમાં એક આખું પ્રકરણ છે. તેમાં ચરમ અને પરમ વિદ્યા બતાવી છે એ જ મધુવિદ્યા એને જો આપણે બીજા અર્થોમાં કહીએ તો પુષ્ટિભક્તિ માર્ગ એટલે મધુવિદ્યા સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમને મેળવવા માટેની જ નથી, પરંતુ એ ભગવાન આપણને પ્રાપ્ત થઈ જાય તો એ પ્રભુને કઇ રીતે આપણે રીઝવી શકીએ એવી લાયકાત આપણામાં આવે એ વિદ્યાનું નામ મધુવિદ્યા છે અને એ વિદ્યા એ ભક્તિમાર્ગનું સર્વસ્વ છે. તો ભૌતિક દૃષ્ટિએ આપણે આપણા સ્વરૂપનો વિચાર કરીએ તો એ રીતે કરીએ કે આપણે છીએ તો આપણી પાછળ આપણા પિતાનું નામ આવે, પિતાની પાછળ એના પિતાનું નામ આવે એમ કરતા કરતા મૂળસ્રોત જે પરમ પિતા કોઈ હશે. જ્યાંથી આપણે આમ ચાલ્યા આવીએ છીએ. આ તો ભૌતિક રીતે ઇશ્વરને સમજવાની ચાવી છે. આધ્યાત્મિક રીતે ઇશ્વરને સમજવાની ચાવી એ કે આપણે જે જ્ઞાન મેળવીએ છીએ જે જ્ઞાન મેળવવા મથીએ છીએ. તેમણે એ જ્ઞાન કોઇ બીજા ગુરૂ પાસેથી મેળવ્યું છે. એના ગુરૂ એ એના ગુરુ પાસેથી એમ પરંપરાથી ગુરૂ પાસેથી જ્ઞાન ચાલ્યુ આવે છે એ આપણા આધ્યાત્મિક શાસ્ત્રો અને ગ્રંથોમાં છે અને ત્રીજી પરંપરા ઇશ્વર તરફ જવાની છે એ આધિદૈવિક પરંપરા છે કે એની અંદર આપણે વિચાર કરીએ કે જીવ કોણ ? તો ગીતાકાર

આપણને કહે છે કે "મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ' ભગવાન કહે છે કે આ જેટલા પણ પ્રાણી છે તેમાં જે ચેતના છે જેમ કે આંખોમાં આ જોવાની શકિત, હાથ પગમાં ગતિ, કાનમાં સાંભળવાની વગેરે વગેરે જે કાંઇ પણ શકિત ભગવાને મૂકી છે, એ શકિતનું મુળ કારણ ચેતના શકિત કોઇ વ્યકિતના શરીરમાંથી ચેતના ચાલી જાય પછી એ વ્યકિત પંડિત હોય, લાંબો હોય, ટુંકો હોય, રૂપાળા હોય પછી એ મડદું બની જાય છે. પછી તો કહે કે આને જલ્દીને જલ્દી ઘરની બહાર કાઢો નહીં તો એ સિવાય પાણી પણ કયાંથી પીશું ? જયારે કોઇ વ્યકિત ગુજરી જાય છે ત્યારે વહેલીતકે એને સ્મશાન ભેગા કરવાની ઇચ્છા રાખે છે, કારણ કે પછી એ કામનું નથી. પછી તો ભારરૂપ બની જાય છે.

એવી રીતે ચેતના જે છે એ ચેતનાનું મૂળ સ્રોત પરમાત્મા છે. જીવને જ્યારે એવું ભાન થઇ જાય કે હું તો પરમાત્માનો એક અંશ છું. પ્રાણી માત્રને એ ભાન થતાં જ એની દૃષ્ટિ એનું જે મુળ સ્રોત છે એનો જે મૂળ અંશી છે તેના તરફ જાય છે અને ત્યાંથી એને ભગવાનને પ્રાપ્ત કરવાની સાધનાની શરૂઆત થઇ જાય છે અને ત્યારથી એ વ્યકિત સાધક બની જાય છે તો ભકિતમાર્ગ કે ભકિત સંપ્રદાય જે છે તે આપણો સર્વાંગી અને પુરેપુરો વિકાસ કરવા માગે છે. દેહ ઇન્દ્રિયોની સ્વચ્છતા પણ ચાહે છે એટલે આપણે ત્યાં જે અપરસ વગેરે પણ છે. એને ઘણાય લોકો સુગની દૃષ્ટિથી જુએ છે. એમાંય લંડન અમેરીકામાં રહેતા હોય અથવા ત્યાં થોડોક ટાઇમ વસીને આવ્યા હોય કે અથવા અહીં બેઠા બેઠા લંડન કે અમેરિકાના સપના જોતા હોય તેવા લોકો એમ કહે છે કે આ અપરસને બધું છે તેથી આપણા ધર્મ ઉપર લોકોને રુચિ કે આસ્થા થતી નથી. પરંતુ દેહની શુદ્ધતા કે દેહની પવિત્રતા પુષ્ટિમાર્ગમાં જ છે એવું નથી, પણ સનાતન હિંદુ ધર્મમાં છે. "આચારઃ પ્રથમો ધર્મઃ" "શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્ શાસ્ત્રો શું કહે છે ? વિચાર પછી કરો. ભાવનું ચિંતન પછી કરો. પેલા આચારને દિવ્ય પવિત્ર અને સ્વચ્છ બનાવો. તો આ સ્વચ્છતા જે છે તે એક ડોકટર છે જે ઓપરેશન કરીને આવે તેના જે હથીયારો છે તેને 'સ્ટરલાઇઝ' કરીને લાવે એના તરફ આપણને સુગ નથી આવતી પણ એને એ લોકો અપરસને એના તરફ હીન દૃષ્ટિથી જોનારા હોય. ડોકટરો જે કહે છે એ લોકો સ્વચ્છતાને માટે જે હાથ વગેરે ધોવે, બ્રશ વગેર કરતા હોય એ ત્રણવાર એ માટે કરતા હોઇએ છીએ કે કીટાણું ન થઈ જાય, દાંત ન બગડી જાય, વાસ ન આવી જાય. આવી બધી સ્વચ્છતાના નિયમો શું જરૂરી નથી ? એ બધા નિયમો શ્રીમહા પ્રભુજીએ કે આપણા કોઇ આચાર્યો એ ઘડેલા નથી. એ બધા નિયમો તે વેદ શાસ્ત્રોમાં અને સ્મૃતિ શાખામાં ઓલરેડી મોજુદજ છે. એમાંથી અલગ સંગ્રહ કરીએ તો એટલા બધા આચારો છે કે એનો વિચાર કરતાં કરતાં જ મૂર્છા આવી જાય.

આપણને એમાંથી અમુક પ્રકારનું આપણે આચરી શકીએ, આપણે નિભાવી શકીએ એવા પ્રકારની આચાર વ્યવસ્થા આપણને બતાવી છે, પરંતુ જેને આગળ વધવું હોય તે સમજી

શકે અને જેને આગળ વધવું ન હોય તેના માટે હજાર બહાના છે. આગળ વધવું હોય તો એક જ ઉપાય છે. તો આચારના કારણે કોઇ સુગ કરતું હોય તો તેનો મતલબ એ કે એ દેહનો જ જ્યાં વિકાસ સાધવા નથી માગતો એ બુદ્ધિનો ને આત્માનો વિકાસ ક્યાંથી સાધી શકે ? જે માણસને દેહની ગંદકી દૂર નથી કરવી એ બુદ્ધિ ઉપરનું આવરણ કે અંતઃકરણ ઉપર રહેલો પડદો કેવી રીતે દૂર કરી શકશે. એટલે શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્" ધર્મ સાધનાની ઇચ્છા હોય તો પહેલાં શરીરની સ્વચ્છતા શરીરની દિવ્યતા અને શરીરની પવિત્રતાનો પહેલા વિચાર કરવો જોઇએ. એટલે આપણા સંપ્રદાયની અંદર ઇશ્વરની સેવા કરવી, ઇશ્વરનું ચિંતન કરવું. જપ કરવા, પાઠ કરવા સ્વાધ્યાય કરવો આ બધું સ્નાન કરીને પવિત્ર અવસ્થામાં જ થઇ શકે. એવી મર્યાદા રાખી છે. એનું કારણ એ છે કે આપણું એક રીસ્પેકટ એ લક્ષ્ય તરફ હોવું જોઇએ. જો એ લક્ષ્યને આપણે પરમતત્ત્વ માનતા હોઇએ તો શું એ પરમ તત્ત્વ જેને આપણને મનુષ્ય યોનિમાં જન્મ આપ્યો, જેણે આપણને બુદ્ધિ આપી. જેણે આપણને સાધનો બતાવ્યા, શાસ્ત્રો આપ્યા કૃપા કરીને અને એટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો છે આપણા જીવોના વિકાસ માટે તો શું આપણે થોડીવાર અપરસમાં ન્હાવું યા રહેવું એમાં પણ સુગ ચડાવીએ એટલે સાધક હોય તે આવા મિથ્યા વિચારો કરી નથી શકતો, પણ જેને સાધના કરવી હોય તે ગમે તેવી કપરી કસોટીમાંથી પાર ઉતરવા તૈયાર હોય, તો શરીરની શુદ્ધિ એ કોઇ આપણા સંપ્રદાયમાંજ છે એવું નથી દરેક આસ્તિક અને ધાર્મિક સંપ્રદાયની અંદર સ્નાન, ધ્યાનનો પ્રકાર તો છે જ અને એ એક વસ્તુ અનુભવવા જેવી છે. આપણે સ્નાન કરીને બેઠા હોઇએ ત્યારે આપણા મનમાં કેવા વિચાર આવે અને જ્યારે આપણે સ્નાન કર્યા વગર બેઠા હોઇએ, અપવિત્ર અવસ્થામાં બેઠા હોઇએ ત્યારે કેવા–વિચાર આવે, આપણું મન મગજ કેવું એક મલિનતાનો અનુભવ કરે છે. આવો સૂક્ષ્મ અનુભવ આત્મ કેન્દ્રિત મનોવૃત્તિવાળાને થાય, પરંતુ જે સ્થૂલ બુદ્ધિવારા પશુ જેવી જીંદગી જીવતા હોય તેમને કયારેય વિચાર પણ એવો ન આવે અને મેજોરીટી તો આવા લોકોની જ છે.

હવે સ્નાનથી જેવી રીતે શરીરને સ્વચ્છ રાખવું એવી રીતે બુદ્ધિને પણ નિર્મળ રાખવી. બુદ્ધિને પણ શુદ્ધ બનાવવી એનો વિચાર પણ આપણા શાસ્ત્ર કારોએ કર્યો છે. તો શરીરની શુદ્ધિ સ્નાનથી થાય અને બુદ્ધિ અને મનની શુદ્ધિ શાસ્ત્રોના પરિજ્ઞાનથી, વારંવાર અભ્યાસથી ચિંતનથી અને એનું મનન કરવાથી થાય છે. ત્યાં સુધી કહ્યું છે કે ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણ જે કહી છે યોગ માર્ગની અંદર આપણે ત્યાં એને માટે એક શબ્દ આવે છે અભિનિવેશ અભિનિવેશ એટલે શું ? એક સાધક જ્યારે સાધના કરે છે ત્યારે તેવા ચિત્તનો આવેશ એની સાથે રહેલો હોય છે. આવેશની સાથે આવેગ રહેલો હોય, આવેગની સાથે ઉત્સાહ રહેલો હોય, ઉત્સાહમાં ઉલ્લાસ રહેલો હોય છે. આમ એક આવેગમાંથી આવેશ ઉત્સાહ, ઉલ્લાસ અને ઉત્સવ પ્રકટ થાય છે. તો શરીરની શુદ્ધિ સ્નાન ઇત્યાદિકથી થાય. બુદ્ધિની શુદ્ધિ મનન ચિંતન શાસ્ત્રોના અવ-

ગાહનથી થાય છે. અને ત્રીજી જે આપણા અંતઃકરણની શુદ્ધિ એ સાક્ષાત્ ભગવાનની સેવા કરવાથી ભકિત કરવાથી થાય છે. એટલે ભકિત માર્ગ ગીતાની અંદર ઇશારો કર્યો ભગવાને "માં હિ પાર્થ" માં આ ભકિતમાર્ગ કેવો માર્ગ છે ગીતાની અંદર એને માટે એક શબ્દ આવે છે કે રાજમાર્ગ આપણે ગામઠી ભાષામાં કહીએ તો ધોરી માર્ગ એવો છે કે જે વાંકો ચુંકો નથી, ખાડા ખડબા નથી અને જેના ઉપર સહેલાઇથી જઇ શકાય. ભાગવતજીમાં તો ત્યાં સુધી કહ્યું છે કે આંખ મીંચીને પણ જો કોઇ એના ઉપર દોડે તો યે પડવાનો પણ ડર નથી. એવો માર્ગ એ ભકિત માર્ગ છે અને એ ભકિતમાર્ગમાં પ્રાણી માત્રનો અધિકાર છે.

પ્રાણીમાત્રનો અધિકાર છે એમ કહેવાનો પણ આશય સમજવા જેવો છે, પ્રાણીમાત્રનો અધિકાર છે એમ તમે કહો છો તો તમે પૂછશો કે પ્રાણી માત્ર તો ભકિત માર્ગનું અનુસરણ કરતો નથી. જો પ્રાણીમાત્રનો અધિકાર હોય તો બધા કેમ ભકિત માર્ગનું અનુસરણ કરતા નથી. અહીં પ્રાણી માત્રનો અધિકાર છે એમ કહેવાનો અર્થ એ કે ભકિત માર્ગમાં જેની રુચિ છે એવા દરેક પ્રાણી માત્રનો અધિકાર છે. રુચિ ન હોય તો એમાં કોઇનોયે અધિકાર નથી, બ્રાહ્મણ હોય કે ઊંચામાં ઊંચો દેવતા કહેવાતો હોય, પરંતુ ભકિતમાર્ગમાં જો એની રુચિ ન હોય તો ભકિતમાર્ગનોએ અધિકારી નથી, પણ ભકિતમાર્ગમાં જો રુચિ હોય તો બ્રાહ્મણ પણ એટલો અધિકારી છે, જેટલો કે હરિજન. એ વાત પોથીમાંના રીંગણા જેવી નથી, પણ એવા ભકતોના ચરિત્રો આપણે વાંચ્યા છે અને સાંભળ્યા છે કે મોહનભંગીના કંધોલા ઉપર શ્રીનાંથજી બિરાજતા અને બીજી નાની નાની જાતિના અનેક ભકતો થયા છે કે જેની આગળ બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ પણ ઝાંખુ પડી જાય છે, એવી ભકિતની શકિત જેમણે પ્રકટ કરી છે તો એવી ભકિતનો ઇશારો ગીતા કરે છે.

ગીતાકાર કહે છે કે આ ભકિત માર્ગનું અનુસરણ કરીને સ્ત્રીઓ, શુદ્રો, વૈશ્યો અને દ્વિજ બાંધવો, દ્વિજ બાંધવો કોને કહેવાય ખબર છે? દ્વિજબાંધવ એટલે બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મત્વ જેનામાં ન હોય અર્થાત્ જે વૈદિક કર્મો અનિવાર્ય રૂપે એના માટે કરવાના બતાવ્યા છે, એ ન કરતા હોય તેવા ઓને વાત્ય પ્રાયઃ કહેવામાં આવે છે. પોતાના ધર્મ અને કર્મથી પતિત થયેલો બ્રાહ્મણ એવા બ્રાહ્મણોના ઉદ્ધાર માટે શાસ્ત્રો હાથ જોડી દે છે. દરવાજા બંધ કરી દે છે. પરંતુ કહે છે કે તમારો હવે ઉદ્ધાર નથી. તમે તો હવે પતિત થઇ ગયા, પણ ભકિતમાર્ગે તો તેવાઓને માટે પણ દરવાજો ખુલ્લો રાખ્યો છે. પતિત થઇ ગયા ભાઇ, પડી ગયા તો શું થયું. રસ્તામાં ઘણા એવા માણસો પણ હોય છે કે આપણે પડી ગયા હોઇએ ને ખી ખી ખી કરે. આપણે પડી ગયા હોયે, લાગ્યું હોય ને પેલાને તમાશો થાય કે એ પડયા અને એવા પણ સુજ્ઞ માણસો હોય છે કે પડી ગયેલાને ઉઠાડે, હાસ્પીટલ સુધી પહોંચાડે, તો ભકિત માર્ગ તો બંધુઓ! એવો છે કે પડયા ઉપર પાટુ નથી મારતો, આંખ આડા કાન નથી કરતો પણ એને પ્રેમથી ઉપાડીને જે કાંઇ ઘાવ લાગ્યા હોય એ ઘાવથી નિવૃત્ત કરવાનો માર્ગ એ ભકિત માર્ગ છે.

મહા કારૂણિક શ્રીવલ્લભાધીશના ૮૪ નિર્ગુણ શ્રીવલ્લભી વૈષ્ણવ જનનું મહાનુભાવી તાદશી જનનું કવિ શ્રી દયારામભાઇ કૃત

ચોરાશી વૈષ્ણવનું ધોળ

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ**

[આવશ્યક નોંધ રસાવલી છંદમાં, વ્રજભાષામાં શ્રી દયારામભાઇ વિરચિત લિખિત **અનુભવ** મંજરીમાં આવતાં ખાસ પ્રસંગ અનુસાર, નિકુંજ નાયક શ્રીનાથજીએ પોતાની સાન્નિધ્યમાં શ્રી દયારામભાઇ પાસે મહાકારૂણિક શ્રીવલ્લભાધીશના ચોરાશી નિર્ગુણ શ્રીવલ્વભી **વૈષ્ણવજનનું** પ્રસ્તુત ધવલ બનાવરાવ્યું હતું રસ ઝરતી પ્રાસાદિક ભાવાત્મક વાણીમાં રચાએલા **આ ધોળ** માટે સરસ **અભિપ્રાય** હતો. લખી લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. વ્રજવાસીએ લખી લાવવાનું કહયું હતું.

અમદાવાદ રાજનગરના શ્રી વ્રજભૂષણજી–શ્રી છોટાજી મહારાજશ્રીએ આજ્ઞા કરી હતી. **ધવલ ઘણું** જ સુંદર સરસ છે. અમે નિત્ય પાઠ કરીએ છીએ. તમે પણ કરજો શ્રી છોટાજી **શ્રી વ્રજરાયજી**, શ્રી મધુસૂદનલાલજી અને શ્રી રણછોડલાલજી નિત્ય અપરસમાં પાઠ ગાન કરતા હતા. અપરસમાં રચના થએલી હોવાથી. એજ પ્રમાણે કાંકરોલી નરેશ શ્રી પુરૂષોત્તમજી, શ્રી ગિરધરલાલજી શ્રી બાલકૃષ્ણલાલજી અને અમારા વડીલો રણછોડ જોશી, હિંમતલાલ જોશી, છગલાલ જોશી પણ પાઠ કરતા વગેરે વિસ્તૃત માહિતી ગત અંકમાં અપાયેલ છે તેના અનુસંધાને મુળ ધોળ અહીં પ્રસ્તુત છે. –જોષી]

(વલણ)

શ્રી ગુરુ યુગ પદ કમલ રજ, હું વંદુ નિત ધરી નેમ
દુઃખ હરન સુખ શ્રેયનિધિ, ફલદાયક ભક્તિ પ્રેમ. ૧

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુ; શ્રીકૃષ્ણ પુરણ કામ,
ચોરાશી મહાભકત કેરાં, કરુ વરણન નામ. ૨

જેનું સમરણ કર્યાથી, અઘ દુઃખ કલેશ પળાય,
પુષ્ટિ ધર પ્રભુ પ્રસન્ન હોય, મહા પતિત પાવન રાય. ૩

મનવાંછિત ફલ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન,
શ્રી મહાપ્રભુજી નિજાનંદનું, કરે તેને દાન. ૪

ઢાળ

શ્રી દામોદરદાસ હરસાણી રે, કૃષ્ણદાસ મેઘન વદો વાણી ૧
સંભરવાળા દામોદરદાસ રે, જેનો કનોજ મધ્યે નિવાસ રે ૨
પદ્મનાભદાસ હરિભકત રે, તુલસા પ્રભુદાસ હરિભકત રે. ૩
વહુ તેની કહિજે પારવતી રે, સુત રઘુનાથદાસ સુમતિ રે. ૪
રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણી રે, સેવ્યા શ્રીવલ્લભ રતિઆણી રે. ૫
વૈષ્ણવ શેઠ પુરુષોત્તમદાસ રે, કાશીપુર મધ્યે છે નિવાસ રે. ૬
બાઈ રુકમણી પુત્રી તેની રે, સેવા અતુલિત કહિયે તેની રે. ૭
શેઠના સુત ગોપાલદાસ રે, સેવા સમ્રણનો જ હુલ્લાસ રે. ૮
રામદાસ હરિરંગ રાતા રે, ગદાધરદાસ જકત વિખ્યાતા રે. ૯
વેણીદાસ માધવદાસભાઇ રે, હરિવંશ પાઠક સુખદાઇ રે. ૧૦
વૈષ્ણવ કહિયે અમ્મા ક્ષત્રાણી રે, ગોવિંદદાસ ભલા લો વખાણી રે. ૧૧
ગજનધાવન સેવ્યા મોરારી રે, દાસ નારાયણ બ્રહ્મચારી રે. ૧૨
મહાવનની વૈષ્ણવ ક્ષત્રાણી રે, જિયાદાસ સૂરિ લો જાણી રે. ૧૩
ક્ષત્રી વૈષ્ણવ દેવા કપૂર રે, શેઠ દિનકર પ્રેમી પૂર રે. ૧૪
મુકુંદદાસ મહાવૈષ્ણવ મોટા રે, ક્ષત્રી પ્રભુદાસ જલોટા રે. ૧૫
પ્રભુદાસ ભાટ હરિજન રે, દાસ પુરુષોત્તમ ધંન ધંન રે. ૧૬
ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થ રે, પૂરણમલ રસિક મસ્ત રે. ૧૭
યાદવેંદ્રદાસ પ્રજાપત્ય રે, ગોસાંઇદાસ સેવ્યા હરિ અત્ય રે. ૧૮
માધવ ભટ કાશમેરમાં વાસ રે, વાંસવાડાના ગોપાલદાસ રે. ૧૯
પદ્મારાવળની અતિ સેવા રે, પુરુષોત્તમ જોશી તેવા રે. ૨૦
જગન્નાથ જોશી જેના ભ્રાતરે, વળી વૈષ્ણવ તેની માત રે. ૨૧
જોશી નરહરિ હરિના દાસરે, ગ્રામ ગોધરે રાણા વ્યાસ રે. ૨૨
વૈષ્ણવ રજપુતાણી હરિદાસી રે, રામદાસ ગુજરાત-નિવાસી રે. ૨૩
દવે ગોવિંદ હરિરસ માતા રે, રાજા માધવ દવે બેહુ ભ્રાતા રે. ૨૪
ઉત્તમશ્લોકદાસ સેવા ભારી રે, સેવક શ્રીજીના કેહેતા મહતારી રે. ૨૫

ઇશ્વરદાસ દવે રચ મગ્ન રે, હરિ-હરિજન શું ચિત લગ્ન રે. ૨૬
વૈષ્ણવ છકડા વાસુદેવદાસરે, સેવા અર્થે રેહેતા મહા પ્રભુ પાસ રે. ૨૭
કૃષ્ણદાસ ગગરી સુખ કંદરે, બાબા વેણુ રહિત-દુઃખ દ્વંદ રે. ૨૮
એ ઉભયનો એક ખવાસ રે, તેનું નામ તે યાદવદાસ રે. ૨૯

થાનેશ્વર વિપ્ર જગતાનંદ રે, સેવે શ્રીહરિ અતિ આનંદ રે. ૩૦

બ્રાહ્મણી અડેલની વૈષ્ણવબાઇરે, આનંદદાસ વિશ્વંભર દાસભાઈ રે. ૩૧
વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુ પ્રીત રે, રામદાસ મીરાંના પ્રોહિત રે. ૩૨
કૃષ્મદાસી ખવાસણી જાણી રે, જેની માની શ્રીવલ્લભે વાણી રે. ૩૩
બુલામિશ્ર શ્રીવલ્લભવરના રે, રામાનંદ પંડિત થાનેશ્વરના રે. ૩૪
વિષ્ણુદાસ છીપા રસ પૂર રે, જીવનદાસને ક્ષત્રી કપૂર રે. ૩૫
સારસ્વ દ્વિજ ભગવાનદાસરે, 'જેનું' ચિત્ત પ્રભુની પાસ રે. ૩૬
વૈષ્ણવ ભગવાનદાસ ભિતરીયા રે, શ્રીજીની સેવા માંહે ઠરિયા રે. ૩૭
અચ્યુતદાસ સનોડિયા કહિયે રે, ગૌડ વિપ્ર અચ્યુતદાસ લહિયે રે. ૩૮
સારસ્વત વળી અચ્યુતદાસ રે, નારાયણદાસ અંબાલે વાસ રે. ૩૯
નારાયણદાસ ભાટ મથુરાના રે, નારાયણદાસ લવાણા ઠઠ્ઠાના રે. ૪૦
ક્ષત્રાણી ગોરજા સંભરાઇ રે, સાસુને વહુ વૈષ્ણવ-રાઇ રાઇ રે. ૪૧
સિંહનંદના ક્ષત્રી સાર રે, વૈષ્ણવ અડેલનો એક સુથાર રે. ૪૨
એક વૈષ્ણવ હરિ ગુણ ગાતા રે, દામોદર દાસની માતા રે. ૪૩
સિંહનદ ક્ષત્રાણીનો વાસ રે, કવિ લઘુ પુરૂષોત્તમદાસ રે. ૪૪
કવિરાજ ભાટ ગુણ ગાવે રે, ગોપાલદાસ ઇંટોલાના કાહાવે રે. ૪૫
જનારદનદાસ વૈષ્ણવ ક્ષત્રી રે, ગુરુ સ્વામી બ્રાહ્મણ હરિ મૈત્રી રે. ૪૬
કનૈયા ક્ષત્રીસાલ પ્રકાશ રે, વિપ્ર ગોડિયા (ના) નરહરિદાસ રે. ૪૭
બાલકૃષ્ણ બાદરાયણદાસ રે, સેવા-સમ્રણનો જ અભ્યાસ રે. ૪૮
વૈષ્ણવ રામદાસ ચૌહાણ રે, સેવા-સમ્રણ માંહે સુજાણ રે. ૪૯
માણેકચંદ સદુ પાંડે ભવાની રે, નરોબાઈ હરિ-મન-માની રે. ૫૦
નરહરિ સંન્યાસી હરિ ભૃત્ય રે, જેની હરિ-પદ-નિરમળ-મત્ય રે. ૫૧
ગોપાલદાસ કહિયે રે જટાધારી રે, વાસ વ્રજમાં સેવ્યા ગિરિધારી રે. ૫૨
સંત પોષ્યા સ્તવન વેચ્યું નારી રે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારી રે. ૫૩
આગરે ચોપડા સંતદાસ રે, સુંદરદાસે સેવ્યા અવિનાશ રે. ૫૪
પટલ માવજી વીરજા સહિત રે, પતિ-પત્નિ પ્રભુપદ ચિત્ત રે. ૫૫
ગોપાલદાસ નરોડાના કાહાવે રે, સેવે શ્યામને હરખે હુલાવે રે. ૫૬
સૂરદાસ શિરોમણિ ભકત રે, ગાયા ગિરિધારી જાણે જકત રે. ૫૭

સરવો પરિદાસ પરમાનંદ રે, ગાયા ગુણ નિધિ બાલ મુકુંદ રે. ૫૮
કુંભનદાસ મહારસ–કંદ રે, સખાભાવે સેવ્યા ગોવિંદ રે. ૫૯
સુત કૃષ્ણદાસ દૃઢ એવા રે, છાંડયો પ્રાણ, ન છોડી ગૌ સેવા રે. ૬૦
કૃષ્ણદાસ કહિયે અધિકારી રે, ગાયા સેવ્યા શ્રીરાસ વિહારી રે. ૬૧
ગાયા વૈષ્ણવ એ **ચોરાસી** રે, શ્રીવલ્લભપદ નિકટ નિવાસી રે. ૬૨

(વલણ)

સકળ તત્ત્વનું તત્ત્વ છે, એ સાર માંહે સ.ર
પાઠ કરતાં માત્રમાં, વશ શાય શ્રીનંદકુમાર ૧
શ્રીલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુને, જે પ્રસન્ન કરવા ચાહાય,

નથી અન્ય ઉપાય, તે હરિભકતના ગુણ ગાય. ૨
શ્રી આચાર્યજી મહાપ્રભુજીના, અંતરંગ એ ભક્ત,

મુજ પર કરુણા કરી, દ્યો શ્રીવલ્લભ (પદ) આસક્ત. ૩
એ વૈષ્ણવ પદ કમલ રજ રે, તે તણી છે અતિ આશ,

ગાય ગુણ હરિદાસના '**દયારામ**'દાસનો દાસ. ૪

શ્રીવલ્લભના ૮૪ નિર્ગુણ શ્રી વલ્લભી વૈષ્ણવજનનું ધવલ સંપૂર્ણ

[નોંધ : જેમ ૫. ભ. શ્રીવિષ્ણુદાસ છીપાએ ૮૪ વૃષ્ણવના ચોખરા વ્રજભાષામાં રચેલા છે તેમ શ્રી દયારામભાઈ ૮૪ વૈષ્ણવનાં નામ વ્રજ ભાષામાં પ્રબંધ બંધ અને કવિત બંધ બનાવેલાં છે જે અત્યાર સુધી ક્યાંયે પ્રગટ થએવાં નથી તે અનુકુળતાએ પ્રસ્તુત થશે જોશી.]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીહરિઃ ॥

વાર્તાલાપ

[ભકતો અને ભગવાનનો]

લેખક : **પંડિત મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, જુનાગઢ**
સદ્વિદ્યાલંકાર વ્યાખ્યાન વિશારદ

૨. તાનૂસ્તવથૈ ભજામ્યહમ્

સંસારના સમરાંગણમાં ઝઝુમતાં માનવ પ્રાણીઓના ભાગ્યના–આવાગમનનું અનુકરણ કરતા હોય તેમ સાગર તરંગોથી ભીંજાયેલા તપોનિષ્ઠ રાજા સંત્યવ્રત વિશાલરૂપ ધારણ કરેલા મત્સ્ય ભગવાનને પ્રાર્થના કરી રહ્યા હતા.

“પ્રભો ! મારા કમંડલના જલમાં સુક્ષ્મરૂપે પ્રગટ થયેલા આપનું આ આકાશવ્યાપી મહાન સ્વરૂપ મને આશ્ચર્ય પમાડે છે પ્રથમ આપે મને માનવ વાણીમાં આજ્ઞા કરી–“રાજન્ ! હવે હું આ કમંડલમાં સમાઈ શકતો નથી, મને કોઈ સરોવરમાં મૂકી દો.”

અને....અને મેં આપની આજ્ઞા પ્રમાણે આપને સરોવરમાં મુકી દીધા ! પરંતુ થોડીવાર પછી આપે ફરીવાર આજ્ઞા કરી–

“રાજન્ ! હવે નદીમાં, સરોવરમાં કે કોઇ સામાન્ય જલાશયમાં મારો સમાવેશ થઇ શકશે નહિં, એટલે હું મારી ઇચ્છા શકિતથી સમુદ્રમાં જઇ રહ્યો છું; તમે મારા રક્ષક બન્યા છો, વારંવાર મારી આજ્ઞાનું તમે પરિશ્રમપૂર્વક પાલન કર્યું છે.”

પ્રલય કાલમાં નિદ્રાધીન બનેલા બ્રહ્માના મુખમાંથી ચારેય વેદોનું હરણ કરીને દૈત્યરાજ શંખાસુર સાગરના પેટાળમાં છુપાઇ ગયો છે, તેને મારીને ચારેય વેદોનો ઉદ્ધાર કરવા માટે જ મારો અવતાર થયો છે.

મારૂં આ મુખ્ય કર્તવ્ય બજાવ્યા બાદ મારે તમારૂં પણ રક્ષણ કરવાનું છે. મારી એ પ્રતિજ્ઞા છે કે–‘યે યથામાં પ્રપધ્યન્તે તાન્સ્તથૈવ ભજામ્યહમ્” જે ભકત મને જે રીતે મને ભજે છે, તેને હું પણ તેવી રીતે ભજું છું. તમે મારૂં રક્ષણ કર્યું છે, માટે આ પ્રલયના જલમાં પણ તમારૂં રક્ષણ કરીશ.”

–અને મત્સ્યરૂપ ધારી ભગવાને ભયાનક પ્રલયપૂરમાં પણ પૃથ્વીની નૌકા બનાવીને સમુદ્ર જલમાં છુપાયેલા શંખાસુરનો વધ કરીને ચારેય વેદોનો ઉદ્ધાર કર્યો, અને સત્યવ્રત રાજાનું રક્ષણ કરીને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. પ્રભુની પ્રતિજ્ઞા શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આ છે :–

“યે યથામાં પ્રપદ્યન્તે, તાનૂસ્તથૈવ
ભજામ્યહમ્”

–“અર્થાત્ ‘જે ભકતો મને જેવી રીતે ભજે છે તેમને હું પણ તેવી રીતે ભજું છું” ધર્મની અને પ્રભુની આજ્ઞાનું પાલન કરનાર ભકતોનું ભગવાન રક્ષણ કરે છે.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ, હીંગન ઘાટવાળા**

(ગતાંકથી ચાલુ) **(હપ્તો નવમો)**

સુરેશ લંડન આવી શેઠને ત્યાંનો (અમેરીકાનો) હિસાબ આપી પોતે ઘરે આવ્યો. સુરેશની પત્નિ સુલેખા વાટ જોઇને જ બેઠી હતી. તેને જોઇને સુરેશને અનેક વિચારો આવવા લાગ્યા. રાત્રે ઊંઘ ન આવી તેને વારંવાર પશ્ચાતાપ ભૂલી શકતો નહીં.

દિનેશ અને હું બન્ને સાથે કોલેજમાં ભણતા હતા. કોલેજનું જીવન જ મારી બરબાદીનું કારણ બન્યું હતું. મારા સારા સંસ્કારો હતા પણ કોલેજમાં પ્રથમ વરસથી જીવનનો વળાંક આવ્યો હતો. દિનેશ સૌથી હળીમળીને રહેતો હસમુખો હતો. તેણે કોઇનાં દુર્ગુણ લીધા જ નહીં ભણી ગણીને પિતાનો ધંધો કેવો સરસ રીતે સંભાળી લીધો. કોલેજમાં પણ અભ્યાસમાં જ ધ્યાન દેતો અત્યારે બીઝનેસ (ધંધા) માં એવોજ તૈયાર છે.

મારા માટે કોલેજનું જીવન શ્રાપ રૂપી બન્યું. સારા સંસ્કારી ઘરનાં છોકરા–છોકરીઓ કોલેજમાંથી જ સંસ્કાર હીન બને છે. પોતાની સંસ્કૃતિ અગર તો મા–બાપની શિખામણને તિલાંજલી આપી સ્વચ્છંદતાથી વર્તે છે. સાપ જેવી રીતે પોતાની કાંચળી ઉતારી ફેંકી દે છે પછી તેને તેનો મોહજ હોતો નથી. તેમ પોતાના સંસ્કારોને ફગાવી દઇ મન ફાવે તેવા વ્યસન અને ફાવે તેવી વર્તણુંક રાખવામાંજ પોતાને બહાદુર માને છે. અભ્યાસમાં ધ્યાન ન દેતા છૂટથી ફરવું, કોલેજમાં ગર્લ (છોકરી) થી છૂટથી વર્તાવ કરવો, નાટકોમાં ભાગ લેવા, પીકનીક ગોઠવવી, પરંતુ ભણવું નહીં. પહેલું વરસ રેસ્ટ વર્ષ એટલે ફક્ત આનંદ કરવા માટેનું વર્ષ માને છે. સારા સારા કુટુંબના છોકરા છોકરીઓ ૮૦ ટકા અત્રેથી સંસ્કાર હીન બનીને જાય છે. લજ્જીત કામ કરવામાં સંકોચ આવતો નથી, પછી ગમે તે પરિણામ આવે. ભારતમાં કાંઇક ઠીક હશે, આતો લંડન છે. આવા વાતાવરણમાં હું પણ ફસાઈ ગયો. અહીં તો ભવિષ્ય સુધારવા વાળા ઓછા અને બગાડવા વાળા વધારે છે. મેં પણ મારી જીંદગી બગાડી વ્યસનોમાં ઉતરી ગયો.

મા–બાપની ઇચ્છા વિરૂદ્ધ સુલેખાથી લગ્ન કર્યા સદ્‌ભાગ્યે તે પણ સારા સંસ્કારની ઉછરેલી પણ મારી જેમ રસ્તો ભૂલેલી હતી. સોબતની અસરથી માર્ગ ભૂલેલી તે મારી બા પાસે રહી અને તેણે સારા સંસ્કાર મેળવ્યા. પરંતુ હું ભટકતો અટકયો જ નહીં.

સુલેખા મને શિખામણ આપે છે. આ ઘરની બરબાદી કરવાવાળા તમે જ છો. તમારી વર્તણુંકના આઘાતમાં જ બાપુજીને આઘાત લાગ્યો હતો. તમને સુધારવા કોશિષ કરી પણ તમે ન સુધર્યા. હવે આ બરબાદી જોઇ શકાતી નથી અને તેમાંજ તેને હાર્ટ એટેક આવી ને સ્વર્ગસ્થ થયા. હવે ફેકટરી ગઇ, દુકાનો ગઇ અને નોકરી કરવાનો સમય આવ્યો હવે તો સુધરો તો સારી વાત છે.

આવા વિચારે ચડેલા સુરેશને ઊંઘ કયાંથી આવે ? પશ્ચાતાપ તે રોકી શકતો નથી. ખરે

ખર લગ્ન પછી પણ મારા ઘરમાં જ સુખ માનીને રહ્યો હોત તો કેવું સારૂં હતું. સુલેખાનાં એક એક શબ્દો કાને અથડાતા હોય તેમ ચકડોળે ચડી જાય છે, સુલેખા કહે છે આવી રીતનું તમારૂં ઉડાવપણું અને વ્યસનો ભીખ માગતા કરી મૂકશે. આ તમારા નાના નાના બે બાળકોનું ભલું ઇચ્છતા હો તો તમે તમારી સોબત સુધારો વ્યસન છોડો

આવા વિચારોની હારમાળા તેને ખૂબ સતાવતી રહી સવાર પડયું પશ્ચાતાપથી ઘેરાયેલું મન મુંઝાતું હતું, ત્યાં મહારાણીમાનું સ્મરણ આવ્યું. માને વિનતિ કરી, હે મા ! જેવો છું તેવો તમારો બાળ છું. મને હવે સદ્‌બુદ્ધિ આપો. આપનાથી અનેક પાપીનો ઉદ્ધાર થયો છે.

બીજે જ દિવસે દૃઢ પ્રતિજ્ઞા કરી આજથી વ્યસન નિમિત્તે કોઇ ચીજ નહિ લઉં. જુના મિત્રોને મળીશ નહિ. આઠ દિવસ ઘેર રહી આરામ કરીશ. પછી ગમે તેટલું દુઃખ આવે તે સહન કરીશ કદાચ નોકરી જાય તો ભલે જાય, મોત પણ આવશે તો સ્વીકારી લઇશ.

થયું પણ એવું કે આઠ દિવસમાં કમજોરી ઘણી આવી ગઈ પરંતુ મન મક્કમ રાખી એક ઝટકાથી વ્યસનોને ફગાવી દીધા (કોઇ પણ વ્યસન ૪૦ વર્ષની ઉમર સુધી છોડવા સહેલ છે. પચાસ પછી છૂટવા ભારે છે.) તેની મમ્મી પોતાનાં પુત્રનો એકાએક જીવન પલટો જોઇ રાજી થયા અને "નવરત્ન"નાં નવ પાઠ રોજ કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીનાં ચિત્રજી સામે રાખી ઘીનો દીવો કરી નવ દિવસ સુધી પોતે ફલાહાર ઉપર રહ્યા. નવમે દિવસે ૮૧ પાઠ કર્યા. શ્રીમહાપ્રભુજીને ફળ ફૂલ દૂધ ભોગ ધરાવી પાઠ પૂરા કર્યા સુરેશને પ્રસાદ દેવા ગયા. સુરેશે પણ પ્રસાદ લઇ આનંદ અનુભવ્યો મા ! આ બધું તે મારા માટે જ કર્યું છે ને ! સુલેખા આવી પાસે ઊભી રહી. સુરેશ બોલતો જાય, આંખોથી આંસુ વરસતા જાય. મા ! મેં આખા ઘરનાને દુઃખ જ દીધાં છે.

દીકરા ! બધું ભૂલિ જા. ભાગ્યવાન છો કે સુલેખા જેવી વહુ મળી છે. તેં તેને દુઃખ દેવામાં ખામી નથી રાખી. બીજી હોત તો કયારના છૂટા છેડા લીધા હોત.

સુરેશ- મા ! મને માફ કરી દે. મારા પપ્પા મારી વર્તણુંકથી દુઃખી થયા, ધંધાદારી બધી મેં બરબાદ કરી તે શોક લાગ્યોને હાર્ટ એટેકમાં ગયા હતા. તેની શિક્ષા મળી, આજે નોકરી કરૂં છું ધિક્કાર છે મારી જીંદગીને. (પછી સુલેખા સામું જોઇને) તું તો ભૂલ કરીને સુધરી ગઇ, પણ પણ મેં આ બધું શું કર્યું ? પ્રભુ મને કદી માફ નહીં કરે !

મમ્મીએ ધીરજ આપી. બેટા ! જાગ્યા ત્યારથી સવાર, બધું ભૂલી જા, પ્રભુની કૃપા માનું છું કે તારૂં જીવન સુધરી ગયું આજે મને બધું મળી ગયું છે. (ક્રમશઃ)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. ગોસ્વામીનો શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કૌવિદ (મુંબઇ)**

ચતુઃ શ્લોકીની રચના શ્રીમહાપ્રભુજીએ વિ. સં. ૧૫૮૦ યા તો ૧૫૮૨ માં કરી હતી એવી કિંવદન્તી (એટલે લોકવાયકા) મળે છે આ ગ્રંથ કયા ભાગ્યવંત ભગવદીયને માટે લખવામાં આવ્યો હતો તેનો પત્તો લાગતો નથી, પરંતુ ચોરાસી વૈષ્ણવોની વાર્તા પ્રમાણે રાણા વ્યાસ, ભગવાનદાસ એમણે શ્રી મહાપ્રભુજીના મુખ કમળથી આ ગ્રંથનું અધ્યયન કર્યું હતું.

દરેક માણસના જીવનમાં ધર્મ-અર્થ કામ મોક્ષ રૂપ પુરુષાર્થોનું કંઇકને કંઇક ખાસ પ્રકારનું સ્વરૂપ તથા સ્થાન હોય જ છે. એ જુદી વાત છે કે જુદા જુદા માર્ગો અનુસાર બીજભાવ, રુચિ (ગમો અણગમો) સંગ અથવા દેશ કાલાદિની સ્થિતિને અનુરૂપ તે તે માર્ગોના જીવોમાં પુરુષાર્થ સંબંધી ધારણાઓ જુદા જુદા પ્રકારની જોવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય જીવોની ધર્માર્થ કામમોક્ષ સંબંધી ધારણાઓના આદર્શ સ્વરૂપનો વિચાર આ ચતુઃ શ્લોકી ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

સ્વમાર્ગીય ધર્માર્થ કામ મોક્ષથી જુદા પ્રકારના પુરુષાર્થોના ચકકરમાં જ્યારે કોઇ પડી જાય છે ત્યારે વિફલતા (એટલે નિફળતા) નિરાશા, કુંઠા (એટલે અવરોધ-મુંઝારો) ક્ષોભ (ખળભળાટ સંકોચ) તથા આત્મલક્ષી ભાવનાઓની તરફ જ તે અગ્રસર (એટલે આગેકુચ કરનારો) બની જાય છે. આ જગતમાં બધાય પ્રકારના લોકો (જીવો) છે અને બધાયને બધાં પ્રકારના સંગ પણ મળી જાય છે. આ આકસ્મિક આવી પડતા સંગોને કારણે કોઇ કોઇ વખત આપણી અંદર એક એવી અસ્વાભાવિક અહંતા-મમતા (એટલે હું અને મારૂં એવી ભાવના) પેસી જાય છે (પગ કરી જાય છે.) જે આપણા પોતાના માર્ગના ન હોય ધર્માર્થ કામ મોક્ષના પ્રકારોની તરફ આપણને દોરી જાય છે (એટલે આકર્ષિત કરે છે.

(નોંધ શ્રી નાગરદાસ બાંભણીયા લિખિત લેખ "વૈષ્ણવ વાણી" અંક ૪ વર્ષ ૧૯૭૯)

ગોધરાના રાણા વ્યાસને પણ શરૂઆતમાં એક વૈરાગી બાવાના સંગતિ (સોબત) મળી હતી. એ વૈરાગી બાવાની તીર્થ યાત્રાની વાતોને સાંભળીને રાણા વ્યાસને લાગ્યું કે જીવનનું સાચું સુખ તીર્થોની યાત્રા કરતા રહેવામાં જ હોવું જોઇએ. તેથી પોતાના માતા પિતાને કંઇ કહ્યા કારવ્યા (પૂછયા ગાછયા) વગર જ એક રાત્રે તેઓ ઘરની બહાર નાશી ગયા. પરંતુ તેમનું મન કોઈ પણ તીર્થના દર્શનથી પ્રસન્ન થઇ શકયું નહિ. શરૂઆતથી જ તેમને વિદ્યાભિમાન તથા જિતેન્દ્રિય હોવાનું અભિમાન તો હતું જ. તેમાં પાછું માતા પિતાના મૃત્યુ પછી તેમને પાંચ દશ હજાર રૂપિયા તથા ઉત્તરાધિકારમાં (વારસામાં) મળેલા

ફલને લીધે તેમને ધનનું અભિમાન પણ થઇ ગયું.

એકંદરે તેનો પોતાની જાતને શકિતશાળી સફળ અને ઊંચી કક્ષાના વિદ્વાન માનતા થઇ ગયા. ધીમે ધીમે પોતાના ગામના લોકો તો તેમને ગમાર જ લાગવા માંડયા. તેથી કાશીના વિદ્વાનોની સાથે ટકકર લેવાની (એટલે મુકાબલો કરવાની) લાલસા તેમના દિલમાં જાગી અને એક દિવસ તેઓ કાશી પહોંચી ગયા. પરંતુ ત્યાં ગયા પછી બધું ઉલટું જ બન્યું. જે જે પંડિતોની સાથે તેઓ ટકરાયા એ બધાથી તેમને શાસ્ત્રાર્થમાં પરાજીત થવું પડયું.

આનાથી તેઓ ઘણા વધારે લજ્જિત થઇને ગંગામાં કૂદકો મારીને પ્રાણ ત્યાગ કરવા ઇચ્છતા હતા.

આ આપઘાત પણ દિવસના અજવાળામાં કરવામાં તેમને સંકોચનો અનુભવ થઇ રહ્યો હતો. તેથી ગંગાજીના કિનારા પર બેઠા અને રાત્રિના એકાંત તથા અંધકારની પ્રતિક્ષા કરવા લાગ્યા. એ વખતે શ્રી મહાપ્રભુજીનું પણ ત્યાં પધારવું થયું. સંજોગવશાત્ (એટલે "કાગનું બેસવું અને ડાળનું પડવું" એ કહેવત પ્રમાણે થયું એવું કે) કોઈ એક વૈષ્ણવે શ્રી મહાપ્રભુજીને પ્રશ્ન કર્યો કે ગંગામાં ડુબીને મરવાવાળાની શી ગતિ થાય છે?

જવાબમાં શ્રી મહાપ્રભુજી એ કહ્યું કે અહંકારને આધિન થઇને લડીને તથા ઝઘડો કરીને ડુબવાવાળાને સર્પયોનિ મળે છે અને અને આત્મ હત્યાનું પાપ પણ લાગે છે પરંતુ દીનભાવથી સંન્યાસ લઇને અને પોતાના મનને ભગવાનમાં એકાગ્ર બનાવીને જે લોકો ગંગાજીમાં પ્રાણ ત્યાગ કરે છે તેમની દુર્ગતી થતી નથી.

આ વાતચીત સીધી જઇને રાણા વ્યાસને હૃદય સોંસરવી ઉતરી ગઇ. અને તેઓ દોડીને શ્રી મહાપ્રભુજીના ચરણોમાં આવીને પડયા. પોતાની આત્મકથા સંભળાવીને શ્રીમહાપ્રભુજીની શરણ યાચના કરવા લાગ્યા.

શ્રી મહાપ્રભુજી એ ગંગા સ્નાન કરવાનો આદેશ આપ્યો અને એ પછી બ્રહ્મ સંબંધની દીક્ષા આપી. તરત જ શ્રી મહાપ્રભુજી એ તેમને ચતુઃશ્લોકીનો ઉપદેશ પણ આપ્યો હતો. તેઓ પુષ્ટિ સંપ્રદાયના સારા વિદ્વાન થયા. શ્રી મહાપ્રભુ વિરંચિત બીજા અણુભાષ્ય સુબોધિની વગેરે ગ્રંથોની એમના દ્વારા લખાયેલી પ્રતિઓ આજ પણ ઉપલબ્ધ થાય છે (મળી આવે છે)

આ ચતુશ્લોકીના અધ્યયનથી રાણા વ્યાસને પોતાના સાચા ધર્મ અર્થ કામ તથા મોક્ષરૂપ પુરૂષાર્થોનું જ્ઞાન થયું અને તેઓ મિથ્યા વૈરાગ્ય ધન તથા વિદ્વતાના અહંકારથી મુકત થયા. સાથોસાથ આ અહંકારની વિફલતાથી પેદા થયેલ કુંઠા (નિષ્ફળતાની ભાવના નાસીપાસી) તથા આત્મઘાતની પણ ક્ષુદ્ર ભાવનાઓ પર કાબૂ મેળવી શકયા. તેઓ એક આદર્શ ભગેવદીય જેવું ભગવત્સેવા તથા ભગવત્ સ્મરણ પરાયણ પુષ્ટિમાર્ગીય જીવન જીવવામાં શકિતમાન થઈ શકયા.

—ક્રમશઃ

સાયાન્હિક કર્મ

લેખક : **રા. રા. ભદ્રશંકર જટાશંકર શાસ્ત્રી**

પ્રિય વિદ્યાર્થી બંધુઓ તમને અત્યાર સુધીમાં મંગળાચરણથી શરૂ કરી સ્નાન, સંધ્યા, વિદ્યા, બ્રહ્મચર્ય, વ્યાયામ, સદાચાર, સત્સંગ આદિ સર્વ કહી ગયા આ રીતે દિવસની સર્વ પ્રવૃત્તિ કેમ કરવી તે ટુંકમાં આવી ગયું પાઠ-શાળામાંથી ઘેર આવીને ખુલ્લી હવામાં ફરવાનું પણ રાખવું ખુલ્લી હવાથી મગજના તંતુઓને ઘણું પોષણ મળે છે. માટે થોડો વખત ખુલ્લી હવામાં પોતાના મિત્રમંડળ સહિત ફરી વિનોદ સાથે વિશ્રાન્તિ મેળવવી.

ત્યાર પછી સાંજના સમયે ભોજન કરતાં પહેલાં શરીર શુદ્ધિ કરવી, સ્નાન કરવું અગર હાથ પગ ધોઈ નાખી પવિત્ર શુદ્ધ વસ્ત્ર-પહેરી ભોજન કરવું વિદ્યાર્થીઓએ સાંજના સૂતી વખતે ઉકાળીને સાકર નાંખી તૈયાર કરેલું દુધ પ્રભુને પ્રથમ ભોગ ધરી પ્રસાદી કરીને અથવા તેમ ન બને તો ચરણામૃત પધરાવીને લેવું રાત્રિએ વિશેષ વાંચવું એ ઠીક નથી, કેમકે આજકાલ ગ્યાસલેટના દીવાઓથી આંખને નુકશાન થવાનો બહુ સંભવ છે. છતાં વાંચવાની ખાસ અગત્ય હોય તો નિયમસર વાંચવું. લાંબી રાત્રિ સુધી ઉજાગરો કરીને વાંચવામાં બીલકુલ પણ ફાયદો થતો નથી. પ્રાતઃકાલમાં વાંચવું વિશેષ હિતકર છે.

સવારના ચાર વાગ્યાનો સમય એ અભ્યાસ કરનારાઓને માટે ઘણો જ ઉત્તમ છે. તે સમય અભ્યાસ કરવામાં આવે તો એકાંતને લીધે ચિત્ત સ્થિર થઇ જતુ હોવાથી વિશેષ યાદ રહી શકે છે. દીવેલના દિવાથી અગર મીણબત્તીના દીવાથી દાત્રીમાં વાંચવું એ નુકશાન નથી કરતું તો પણ ઉજાગરો કરીને તો ન જ વાંચવું જોઇએ રાત્રિએ વ્હેલા શયન કરીને સવારમાં પ્રહર રાત્રિ રહેતાં ઉઠીને પ્રભુનું સ્મરણ કરીને અભ્યાસ કરવો વિશેષ યોગ્ય અને સુખકર છે. એમ જાણવું કેટલાક વિદ્યાર્થીઓ આખું વર્ષ પ્રમાદમાં ગુમાવી પરીક્ષાના સમયમાં રોજ રોજ ઉજાગરા કરીને અભ્યાસ કરે છે. તેથી શારીરિક અને માનસિક બળનો વિનાશ થાય એ સહજ સમજી શકાય તેવું છે. દરરોજ નિયમસર અભ્યાસ કરનારને પરીક્ષાના વખતમાં કુદરત વિરૂદ્ધ અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી. એ ખાસ ધ્યાનમાં રાખવું.

રાત્રિમાં સૂતી વખતે પણ ઇશ્વરનું સ્મરણ કરવું પ્રભુનું સ્મરણ કરીને જે સૂઇ જાય છે, તેમને દુઃસ્વપ્ન તથા ખરાબ વિચારો આવતા નથી. આનંદ પૂર્વક સુંદર રીતે તેમની રાત્રિ ચાલી જાય છે ભય, કલેશ વગેરે કાંઇ પણ થતા નથી. શયન કરતી વખતે પ્રભુનો સ્મરણ કરવાનો આ સુંદર શ્લોક અવશ્ય યાદ કરી લેવો સવારમાં પણ એ શ્લોક બોલીને સ્તુતિ કરવામાં કાંઇ હરકત નથી.

વેદાનુદ્ધરતે જગન્નિવહતે ભૂગોલમુદ્બિભ્રતે ।
દૈત્યાન દારયતે બલિં છલયતે ક્ષત્ર ક્ષયં
કુર્વતે ॥
પૌલસ્ત્યં જયતે હલં કલયતે કારુણ્ય
માતન્વતે ।
મ્લેચ્છાન મૂર્છયતે દશા કૃતિ કૃતે કૃષ્ણાય
તુભ્યં નમઃ ॥

અર્થ – વેદોનો ઉદ્ધાર કરનાર (મત્સ્ય) જગતને અત્યંત વહન કરનાર (કૂર્મ) ભૂમંડલને

દાઢના અગ્રભાગમાં ધારણ કરનાર (વરાહ) દૈત્યોનો વિનાશ કરનાર (નૃસિંહ) બલિરાજાને છળનાર (વામન) ક્ષત્રિયોનો ક્ષય કરનાર (પરશુરામ) રાવણનો પરાભવ કરનારા (રામચંદ્ર) હળને ધારણ કરનાર (બલરામ) દયાનો વિસ્તાર કરનાર (બુદ્ધ) અને મ્લેચ્છોને મૂર્છાપમાડનાર (કલ્કી) એમ દશ સ્વરૂપોને ધારણ કરનાર આપ ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

'વળી આ એક પ્રભુની પ્રાર્થનાનું એક પદ પણ આપના આગળ રજુ કરૂં છું.

પદ-રાગ કાફી

કૃપા સિંધુ કહાવો રે, કૃપા મને કયમ ના કરો,
આવડીશી અડંબીરે, રંક પર રાજ્ય ધરો – કૃપા ૦

અનેક ભક્તના પૂર્યા મનોરથ, મન ઇચ્છા તત્કાળ,
એક મને ટાળ્યો તેમાંથી, તેના ઘટે ગોપાળ;
બિરદને છે બટ્ટો રે, દાસને કરતાં પરો – કૃપા ૦

દોષ દયાનિધિ કયાં સુધી જોશો મારા, ગણતાં નહિં આવે અંત
છો સુકુમાર શ્રમિત થશો, માટે ભૂલી ભૂલી જાઓ ભગવંત;
બન્નેને ગુણ થાશે રે, એ જ ઉપાય ખરો – કૃપા ૦

મારી આશા પૂરણ કરતાં, નાણું નહિ બેસે નાથ,
છો ઉદાર અતિ અંતર જામી, હું છું દીન અનાથ;
સમુદ્ર નહિ ખૂટે રે બિંદુ, એક કરતાં પરો – કૃપા ૦

પ્રમાણ મૂકી બળ પ્રમેય ધરો, સીધે મારા કાજ,
હું કહું છું તેની કહેણ વિચારો, તમો મન સમજો મહારાજ;
'દયા' ના દુઃખ કાપો રે, રંગીલા હૃદયમાં ધરો – કૃપા ૦

[શુદ્ધાદ્વૈત અને ભક્તિ માર્તંડના વર્ષ ૭ આશ્વિન સં. ૧૯૮૮ અંક ૭ માંથી સાભાર.]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૬૫. સ્મયાપહ રૂપ

ગર્વ ગંજન શ્રી હરિ વ્રજરાય,
શ્યામ રામને જગત ગર્વ હર્યો, ભાર હર્યો ભકતન હિત ધાય ॥૧॥

માયાવાદ ગયંદ મદોન્મત્ત, હર્યા માનમદ શ્રી વલ્લભ આય;
માન કીયો જોઇ જોઇ ભકતનને, કિયો નિરાશ તાકે પર થાય ॥૨॥

માન ભયો ગોપીજનકોં જબ, મર્દન કર મહારસ દીયો છાય;
નિજ નેહ વશ ભૂતલલીલા, ઉધરે ભાગ્ય 'વ્રજ' વલ્લભ પાય ॥૩॥

૬૬. પ્રતિવ્રતા પતિ રૂપ

અનન્ય ભકત કે પ્રાનપતિ,
તન મન પ્રાણ સમર્પણ કીનો, ઐહિક પારલૌકિક સબ ગતિ ॥૧॥

દાસ દામોદર રજો રુકિમની, પદ્મનાભ વિરલા કી મતિ,
પ્રેમધ્વજા ગોપીજન ગાયે, પ્રથમ ઇશિ 'વ્રજ' વલ્લભસોં રતિ ॥૨॥

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

શ્રી પુષ્ટભક્તિ પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૮૨ રાગ માલવ (વૈ. ૭૦)

વંદૌ ક્ષત્રી કન્હૈયા શાલ
સખી 'કમોદિની' લલિતાજી કી, પ્રકટી આગ્રા બાકા ૧
જન્મત હી ધન બહોત પાયો, માત પિતા ભયો લ્હાકા,
દરસ કીયો જબ ગિરિરાજકો, દેહ દશા ભૂલે તિહીં કાલ. ૨
આછો કીયો શ્રીવલ્લભ પ્રભુને, મંત્રિતજલ છિરકી તત્કાલ;
બ્રહ્મસંબંધ કરાઇ કૃપાકર, દઇ દિખાઇ લીલા નંદલાલ. ૩
ગ્રંથ પઢાયે સબહી આય કે, છકે રહત તામેં સબકાલ,
'લાલદાસ' સબ ગ્રંથ પઢે હે, ઇનસોં વિઠ્ઠલનાથ દયાલ, ૪

૮૩. રાગ માલવ (વૈ. ૭૧)

વંદો નરહરદાસ ગોડિય,
સખી 'સુગંધરા' કુમારિકા યુથ મેં, પ્રકટી બંગાલ યહ પિય, ૧
પ્રીત બહોત શ્રી જગન્નાથ મેં, દરશન મન લલચાઇ,
ઘરકો ત્યાગ ગયે વે પુરી, શ્રીવલ્લભ નિકટ બુલાઇ. ૨
પાયો ધન શ્રી વલ્લભ કૃપા તે, લહરી સમુદ્ર દિવાયો,
કીથે મનોરથ જગન્નાથ કે, પાછેં શરણ ગહાયો, ૩
નામ નિવેદન ભયો જબહી, ઉર અંધકાર નસાયો,
પશ્ચાતાપ ભયો તબ ભારી, નાહક શ્રમ કરવાયો. ૪
યુગલ સ્વરૂપ કી સેવાદીની, સમુદ્ર લહરીતે પાયો,
'લાલદાસ' તબ જાય કાશી મેં, હરિ સેવા ચિત લાયો. ૫

(ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

સંવત ૨૦૪૮ કારતક સુદ ૧ તા. ૭-૧૧-૯૧ ગુરુવાર ચંદ્રદર્શન નૂતન વર્ષ આરંભ ગો. ચિ. ગોકુલેશ બાવા શ્રી (કામવન) નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૮-૧૧-૯૧ શુક્રવાર ભાઇ બીજ ગો. ચિ. શ્રીયમુનેશકુમારજી બાવા શ્રી (બોરીવલી) નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૦-૧૧-૯૧ રવિવાર ગો. ચિ. શ્રીભૂષણજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૧૧-૧૧-૯૧ સોમવાર લાભ પાંચમ ગો. ચિ. શ્રી વ્રજ ભૂષણ લાલજી બાવાશ્રી (મથુરા) નો તથા ગો. ચિ. પુરુષોત્તમજી બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૧૨-૧૧-૯૧ મંગળવાર ગો. ચિ. શ્રી વ્રજોત્સવજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા ગો. ચિ. શ્રીવિશાલ કુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર) નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૧૩-૧૧-૯૧ બુધવાર ગો. શ્રી જીવનેશજી મહારાજ શ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી જયદેવજી બાવાશ્રી (કોટા) નો તથા ગો. ચિ. શ્રીપુરુષોત્તમજી બાવાશ્રી (કાંદીવલી) નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૧૪-૧૧-૯૧ ગુરુવાર ગોપાષ્ટમી (આઠમની વૃદ્ધિ છે)

કારતક સુદ ૯ તા. ૧૬-૧૧-૯૧ શનિવાર અક્ષય નવમી કુષ્માંડ નવમી સત્યુગાદિ-તિથિ ગોવિંદાભિષેકોત્સવ વિવાહના પદની શરૂઆત પૂનમ સુધી બોલાય ગો. ચિ. અક્ષય કુમારજી બાવાશ્રી (મયુરા) નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૧૭-૧૧-૯૧ રવિવાર ગો. ચિ. શ્રીદ્વારકેશજી બાવા શ્રી (મથુરા) નો જન્મ દિન.

કારતક સુદ ૧૧ તા. ૧૮-૧૧-૯૧ સોમવાર પ્રબોધિની એકાદશી વ્રત મંડપ ભોગ સંધ્યામાં તુલસી વિવાહ રસાત્મક મહારાત્રિ હેમંતઋતુ શરૂ થઈ પોષ વદ ૮ સુધી ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૧૯-૧૧-૯૧ મંગળવાર શ્રીગુસાંઇજીના પ્રથમલાલ શ્રીગિરિધર લાલજી (સં. ૧૫૯૭) અને પાંચમાલાલ શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧) નો ઉત્સવ ગો. ચિ. શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (અમદાવાદ) નો જન્મ દિન રાધાવલ્લભજીનો પાટોત્સવ.

કારતક સુદ ૧૩ તા. ૨૦–૧૧–૯૧ બુધવાર ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ શ્રી (કામવન) નો જન્મ દિન.

કારતક સુદ ૧૪ તા. ૨૧–૧૧–૯૧ ગુરુવાર પૂનમનો ક્ષય છે. યજ્ઞ પત્નીનો અંગીકાર ચાતુર્માસ નિયમ સમાપ્તિ ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૨૨–૧૧–૯૧ શુક્રવાર ગોપમાસનો પ્રારંભ વ્રત ચર્યા.

કારતક વદ ૨ તા. ૨૩–૧૧–૯૧ શનિવાર ગો. ચિ. શ્રી વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન

કારતક વદ ૪ તા. ૨૫–૧૧–૯૧ સોમવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી) નો તથા ગો. ચિ. શ્રી કમલેશ બાવાશ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી) નો જન્મ દિન.

કારતક વદ ૭ તા. ૨૮–૧૧–૯૧ ગુરુવાર ગો. તિ. શ્રી ગોવિંદલાલજી મહારાજ શ્રી (નાથ દ્વારા) નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૨૯–૧૧–૯૧ શુક્રવાર શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૯ તા. ૩૦–૧૧–૯૧ શનિવાર ગો. શ્રી ઉત્તમ શ્લોકજી મહારાજ શ્રી (મુંબઇ) નો જન્મદિન (દશમનો ક્ષય હોવાથી આજે)

કારતક વદ ૧૨ તા. ૨–૧૨–૯૧ સોમવાર ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૩–૧૨–૯૧ મંગળવાર શ્રી ગુસાઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજી (સં. ૧૬૨૮) નો ઉત્સવ ગો. શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુંબઇ) નો તથા ગો. શ્રી ત્રિભંગીરાયજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૭–૧૨–૯૧ શનિવાર ગો. ચિ. ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી રાજકોટ) નો તથા ગો. શ્રી શ્યામ સુંદરજી મહારાજ શ્રી (ચાંપાસેની–જામનગર) નો જન્મદિન.

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે.પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

(ગતાંકથી ચાલુ) **પદ-૮૫**

પદ-૮૬

શ્રી યમુના મોહનકો મન મોહે ।।
જ્યોં પ્રભુ ધર્યો સ્વરૂપ મોહની,
ત્યો શ્રમ સલિલ સોહે ।।૧।।

હોત સહાય સખનકોં નિશદિન
કેલી કરત પ્રભુ જોહે ।।
હરિદાસ પ્રભુ શોભા નિરખત
વર્ણન કરે કવી કોહે. ।।૨।।

ભાવાર્થ :- હે શ્રી યમુનાજી આપતો જગ મોહનના મનને પણ મોહ કરનારાં છો જેમ પ્રભુએ સર્વ પ્રિયાજીઓનાં મનનું હરણ કરવા માટે માન મનાવવામાં નવ વિલાસમાં હિંડોરા ઝુલનમાં સાંઝીમાં-રાસમાં બીલીહારી સમયે-સુનારી લીલામાં-ચંદ્રાવલી લીલામાં માલિન લીલામાં મોહની સ્વરૂપ ધર્યા તેમ શ્રીયમુનાથીએ સુંદર લહેર તરંગ રૂપ ભુજાઓમાં ભ્રમરરૂપ કંકણો તેમાં વાલુકાજી રૂપ મોતીઓ ધર્યા. ફૂલેલાં કમલો રૂપ હર્ષ આદિથી સુંદર શૃંગાર કરી અને પ્રિયતમના મનનો પણ મોહન બન્યાં છે. પરંતુ તે નિજાશ્રિંત જીવોને પ્રિયતમની રતિનું દાન કરાવવા માટે સહાયક બન્યા છે અને જીવોને પ્રિયતમ સાથે રસકેલીમાં અષ્ટ પ્રહર સહાયક બની પ્રભુનાં સુખદાયક બને છે હરિદાસ પ્રભુની આવી સુંદર શોભા નિરખી અને તેનું વર્ણન કરી શકે તેવો કોણ કવિ છે ?, શ્રી નંદદાસજી કહે છે કે જહાં શેષ શારદા હારે તહાં કવિજન કોન બિચારે આપ આપનું સ્વરૂપ વેદાતિત અમિત-અને અવર્ણનિય છે.

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યામને રાધા - ૧

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યામને
ચીર ચોરાવતાં જોયા બંસીવટમાં (૨) રાધા - ૨

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યમને
કાલિનાગના ધરામાં જોયા નાગ નાથતાં (૨) રાધા - ૩

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યામને
જમુનાકિનારે જોયા મુરલી વગાડતા (૨) રાધા – ૪

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યામને
જોયા મધુવનમાં ગાયો ચરાવતા (૨) રાધા – ૫

રાધા સખી રી મેં તો જોયા તારા શ્યામને
જોયા તારા શ્યામને, જોયા ઘનશ્યામને
જોયા વૃંદાવનમાં રાસ રમાડતાં (૨) રાધા – ૬

[વ્રજ ભાષા પરથી ગુજરાતીમાં]
પ્રા. **એમ. આર. પાલેજા**
(રાજપીપળા)

પ્રભુના મંદિરની હર સામગ્રી ભગવદ્ સ્વરૂપ જાણવી

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

એક દિવસ પ્રભુચરણ શ્રી ગુસાંઇજીના શ્રી ચરણના અંગુઠા પર વીંછીએ ડંખ દીધો. આ વાતની જાણ થતા સેવકોમાં ઉપચાર માટે દોડાદોડી શરૂ થઇ. ત્યારે શ્રી વિઠ્ઠલેશજી એ નિજ ભકતજનોને કહ્યું કે દોડાદોડી કરવાની કે ચિંતા કરવાની કોઇ જરૂર નથી. આ તો દોષ નિવારણ થયું.

ત્યારે એક સેવકે કહ્યું, 'પ્રભુ ! આપ આ શું કહો છો ? આપનો વળી શો દોષ હોઇ શકે ?"

શ્રી ગુસાંઇજીએ કહ્યું, "વૈષ્ણવો, મંદિરમાં પ્રભુની જેટલી જેટલી સામગ્રી છે તે ભગવદ્ સ્વરૂપ છે અને તેથી આ સામગ્રીને ભગવદ સ્વરૂપ જાણી આપણાથી કોઇ દોષ ન થાય તેની આપણે ખાસ સંભાળ લેવી જોઇએ. મારી પોતાની વાત કહું તો મારાથી એક અપરાધ થયો છે. શ્રી ઠાકોરજીની ગોદડીને મારા પગનો સ્પર્શ થઇ ગયેલો અને આ દોષ મારાથી થયો તેનું આ રીતે નિવારણ થયું."

જે પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર ભગવાનના સાક્ષાત્ અવતાર સ્વરૂપ છે એવા શ્રી વિઠ્ઠલેશજી પણ પ્રભુની સામગ્રીને ભગવદ્ સ્વરૂપ જાણી આટલો આદર કરે છે અને ડર રાખે છે તો કીટ–પતંગ જેવા આપણે જીવ કોણ માત્ર ?

આ નાનકડો પ્રસંગ વૈષ્ણવોને એક આવશ્યક બોધપાઠ શીખવી જાય છે. પ્રભુના મંદિરની હર સામગ્રી ભગવદ્ સ્વરૂપ છે તેથી તેની ખુબ સંભાળ રાખવી અને એ અંગે આપણાથી કોઇ અપરાધ દોષ ન થઇ જાય તેની ખાસ તકેદારી રાખવી.

કાવ્ય કુંજ

વિવાહ ખેલ

લગની લાગી છે કનૈયા તારા નામની રે;
બીજી વાલી નો લાગે એકેય વાત લગની - ૧

રાધા ઝબકી જાગ્યા ને દોડયા શેરીયે રે;
રાધા પૂછે એની સૈયરુને સાનમાં લગની - ૨

રાધાનો વર તે કોણ જાણે કોણ હશે રે;
એ રે વાલાનું શું હશે નામ? લગની - ૩

રાધાનો વર તે નંદ બાવાનો બેટડો રે;
એનું કૃષ્ણ કનૈયો રૂડું નામ લગની - ૪

મારો વાલો વરઘોડે ચડી આવીયા રે;
ચાલો સખી એ વર જોવા જઇએ લગની - ૫

મોર મુકુટ કાને કુંડલ શોભતા રે;
શીરે ગજ મોતીનો શેરો ઓપતો લગની - ૬

રાધા મી ઢાળ બાંધી બેઠા માયરે રે;
રાધા એ પીઠી ચોળી પુરુષોત્તમ નામની લગની - ૭

રાધા એ ચુંદડી ઓઢી ચતુર્ભુજ ની રે;
કૃષ્ણે ઝાલી લીધો રાધાજીનો હાથ લગની - ૮

ચોરી રચી છે રૂડી કદમ ખંડીમાં રે;
ચાર ફેરા ફર્યા સંકેત વનમાંય લગની - ૯

વાલો કંસાર જમે છે રૂડી રાતથી રે;
નિરખિ તન મન ધન કરું ઓવારણા લગની - ૧૦

રાધાનું પીયરીયું છે બરસાના શેર રે;
રાધાનું સાસરીયું છે ગોકુળ ગામ લગની - ૧૧

રાધા ચુંદડી ઓઢીને ચાલ્યા સાસરે રે;
એની સૈયરું વળાવાને જાય લગની - ૧૨

રાધા માધવનો વિવાહ ખેલ ગાયો હોંશથી રે;
અમને દેજો સદા ચરણ કમલમાં વાસ લગની - ૧૩

— સુશ્રી ચંપાબેન પટેલ, કાલસારી

સમાચાર

નડીઆદમાં ભવ્યતાપૂર્વક ઊજવાયેલ છપ્પનભોગ મનોરથ તથા યજ્ઞોપવિત પ્રસ્તાવ

નડીઆદમાં બિરાજતા નિધિસ્વરૂપ શ્રી બાલકૃષ્ણલાલજીનો છપ્પનભોગ મનોરથ મહાવદ ૫ તા. ૩-૨-૧૯૯૧ રવિવારના રોજ નડીઆદની સાયન્સ કોલેજના વિશાળ પ્રાંગણમાં સંપન્ન થયેલ.

આ શ્રી બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ શ્રી મહાપ્રભુજીએ કાશીભટ્ટજી તથા કેશવભટ્ટને પધરાવી આપેલ. શ્રી ગુસાંઈજીએ તે સ્વરૂપ પુન: એક વિરક્ત વૈષ્ણવને માથે પધરાવી આપેલ—જેમણે વ્રજમાં કોકિલા વનમાં દાળ-બાટી આરોગાવી દોલોત્સવનો મનોરથ કરેલ. આ સ્વરૂપ પુન: શ્રી વલ્લભકુળમાં પધારતાં શ્રીનાથજીની ચરણચોકીના ગરાખમાં બિરાજતું હતું. વ્રજમાંથી શ્રીનાથજી સાથે તે શ્રી નાથદ્વારા પધાર્યું.

શ્રી ગુસાંઈજીના દ્વિતીય લાલજી શ્રી ગોવિંદરાયજીની પરંપરામાં થયેલા ગો. શ્રી મથુરાનાથજીએ આ સ્વરૂપને તિલકાયત શ્રી ગો. શ્રી દાઉજી મહારાજ (દોહરામંડાનવાળા) પાસેથી તેમને ત્યાં ઘણા સમયે લાલનનું પ્રાકટ્ય થતાં તેમની વધાઈમાં માગેલ.

પ્રારંભમાં ગો. શ્રી મથુરાનાથજી કોટામાં બિરાજતા હોવાથી આ સ્વરૂપ પણ કોટામાં બિરાજ્યું. સમયાંતરે ગો. શ્રી મથુરાનાથજી વારંવાર ગુજરાતના પ્રવાસે પધારતા હતા, ત્યારે નડીઆદના વૈષ્ણવોની વિનંતિથી આપશ્રી આ સ્વરૂપ સાથે નડીઆદમાં બિરાજ્યા. આપશ્રીએ આ સ્વરૂપને ૧૧૦ વર્ષ પૂર્વે છપ્પનભોગ આરોગાવેલ.

પુન: આ છપ્પનભોગ ૧૧૦ વર્ષ પછી થયો. આ મનોરથની સાથે પ. પૂ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના લાલજી ગો. ચિ શ્રી મુકુટબાવાશ્રી તથા ગો. ચિ. શ્રી શરદબાવાશ્રીનો, શ્રી હરિરાયજી મહારાજશ્રીના લાલજી ગો. ચિ. શ્રી વલ્લભલાલબાવાશ્રીનો, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના ગો. ચિ. શ્રી ગોકુલ બાવાશ્રીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ મહાવદ ૬ સં. ૨૦૪૭ સોમવાર તા. ૪-૨-૯૧ ના રોજ ધામધૂમથી સંપન્ન થયેલ.

આ અલૌકિક પ્રસંગે ઘણા ગોસ્વામી બાળકો પધારેલ હતા. અને દેશભરના લગભગ ત્રણેક લાખ ભાવિકજનોએ દર્શનનો લાભ લીધેલ.

શ્રીપ્રથમેશ ચરિતામૃત પર અભિપ્રાય

પરિષદના પિતા સમાન પૂ ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની સ્મૃતિમાં આ પુસ્તક પ્રકાશિત થયેલું છે. તેમાં આપશ્રીનું દિવ્યચરિત્ર, આપશ્રીનાં પદો તેમજ આપશ્રીના કેટલાક મનનીય લેખોનો ઉત્તમ સંગ્રહ છે. આપશ્રીના અલભ્ય ચિત્રો પણ આ પુસ્તકમાં પ્રગટ થયાં છે. સંપાદકશ્રીએ ભારે લગન અને જહેમતથી આ પુસ્તક તૈયાર કર્યું છે, જે માટે સંપાદક અને પ્રકાશકને અભિનંદન ઘટે છે. સૌએ અવશ્ય વસાવી લેવા જેવું છે.

શ્રી રમેશભાઈ વિ. પરીખ
તંત્રી : વૈષ્ણવ પરિવાર, મહેસાણા

આવો મારી ગાવડી દોવા

નાના હરિ નંદલાલા આવો મારી ગાવડી દોવા;
ગાવડી તો તમ સીધીને તમને દોવા દીયે.
પાસે જઇએ ને સીંગડા મારે, એને કોણ દોવાને જાય   નાના – ૧
ઓખર કરે ને નીણ નવ ખાય;
પાટુ મારે પ્રેમ તણી, મારી દોણી ફૂટી જાય   નાના – ૨
વરત આપું રોકડી વ્હાલા, હેરવણી ગા થાય;
ખોબો ભરાવું ખારેક નો, મારી ગાવડી દોવા આવો   નાના – ૩
સાસુ ગામ સીધાવ્યા, નંણદી નાનું બાળ;
બહાર નીસરીને કેમ બોલાય, અમે મોટાં ઘર ના વહુ   નાના – ૪
શેરીયે ઊભી સાદ કરું, વ્હાલા પાદર ધોડયા જાય;
ગાવડી મારી બાંધી રેશે, મથુરા મોજાર   નાના – ૫
ઓશરીએ ગાય દોવરાવું, ને પાસે ઊભી રહુ;
દૂધ લઇને ઘરમાં મેલુ, ને મનમાં રાજી થાઉં   નાના – ૬
વ્યારૂ તો પ્રભુ ઠારી મેલ્યા, ને વ્યારૂ કરતા જાવ;
વ્યારૂ વિનાના જાશો તો, માતા જશોદાને કહું   નાના – ૭
સવારે સિરાવતા ટાઢા ટીમણ ને દહી;
પુરી પીરશું પ્રેમ તણીને, માથે થીણું ઘી   નાના – ૮
ગાય શીખે સાંભળે એનો, હોજો વ્રજમાં વાસ;
જે ગાયોની સેવા કરે તેને, દેજો વ્રજમાં વાસ   નાના – ૯

પ્રાચીન રચના
(વ્રતોત્સવાલી ભાગ ત્રીજામાંથી સાભાર)

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



શ્રી વલ્લભ સુધા

શ્રી ગુસાંઈજી કી વધાઈ

જો મધુપુર રથ બૈઠિ સિધાયે ।
તબ અતિ વિકલભયે વ્રજવાસી, ગાય ગોપ વિતતાયે ॥૧॥
ઉદ્ધવ મિસ ઉપદેશ પઠાયો, વિવિધ ભાંતિ સમુઝાયે ।

પુનિ હ્વૈ ભ્રમર સુને ગુણ અપને, પદ પંકજનિ લુભાયે ॥૨॥
તબતે રહત કનોડે મન મન, ચાંહત રિણુહિ ચુકાયે ।
અબ શ્રી '**વલ્લભ**' સુવન ભયે હૈં, તબ ગવને અબ આયે ॥૩॥

–શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૯ ❀ **ડીસેમ્બર, ૧૯૯૧**
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૦ * **આજીવન રૂ. ૨૫૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિઃ ॥

દિપોત્સવી અને નૂતન વર્ષે આશિર્વચનો

દિપોત્સવી અને વિક્રમ નવ વર્ષ પ્રસંગે **"શ્રી વલ્લભ સુધા"** કાર્યાલયને અને તે દ્વારા સંપાદક વ્યવસ્થાપક મંડલ અને શ્રીવલ્લભ સુધાના વિશાળ વાચક, શુભેચ્છક વૈષ્ણવોને પુ પા. ગો. આચાર્યશ્રીઓ દ્વારા નીચે મુજબ આશિર્વાદ-શુભ કામના સંદેશ પ્રાપ્ત થયાં છે.

આ અહૈતુકિ પુર્ણ કૃપા માટે અમો સર્વે "શ્રીવલ્લભ સુધા" પરિવાર આપશ્રીઓના ચરણ કમલો સાન્નિધ્ય સવિનય દંડવત્ કરીએ છીએ.

-સંપાદક

* નવા વર્ષના મંગલ પ્રસંગે આપની અલૌકકી ભાવના દિવસે દિવસે વધે અને સ્વ-ધર્મમાં દ્દઢ નિષ્ઠા થાય એવી શુભકામના.

ગો. શ્રી રસિકરાયજી મહારાજ

(મથુરા-પોરબંદર, તંત્રીશ્રી 'નવપ્રકાશ')

* આ દિપાવલીનું મંગલમય પર્વ તથા નૂતન વર્ષ આપને સુખ સમૃદ્ધિથી હર્યું ભર્યું રાખે અને શ્રીમદ્ આચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તો હૃદયારૂઢ થાય તેવી મંગલમય શુભકામનાઓની સાથે શુભાશિર્વાદ.

ભગવદ્ સેવા સ્વમાર્ગીય સિદ્ધાન્તોથી કરવી. સ્વ મને વગર વિચારે કરેલ ભગવદ્ સેવાથી પ્રભુ અપ્રસન્ન થાય છે.

શુભ કામનાઓની સાથે

ગોસ્વામી શ્રી યશોદાનંદનજી મહારાજ

(બોરીવલી-મુંબઇ)

(અત્યંત સુંદર શ્રી યુગલ સ્વરૂપના ચિત્રજી સહિત આશિંવાદ મલ્યાં છે)

* "નિષ્ઠાભાવે ફલં તસ્માત્
નાસ્ત્યેવેઽતિ વિનિશ્ચયઃ"

"શ્રી વલ્લભ સુધા" અપસિદ્ધાન્તોચ્છેદ પુર્વક સ્વસિદ્ધાન્તોને સ્થાપિત કરવામાં પ્રગતિ શીલ બને.

"સદ્‌બુદ્ધિ સદાલાપ સદ્‌ભાવ અને સદાચારનું સામર્થ્ય નાદસૃષ્ટિ અને બિંદુ સૃષ્ટિરૂપ ઉભય વિધ પુષ્ટિ જીવોને પ્રદાન કરે, ઉભય વિધ સૃષ્ટિની અજ્ઞાન તિમિરાંધતાને દૂર કરનારી આ અમૃત-વચન-દિપાવલીનો પ્રકાશ આપણા સહુની મન, વાણી અને કૃતીમાં પ્રસરે તેવી શુભેચ્છાઓ સાથે...."

સતત શુભાનુધ્યાયી

ગો. શ્રી શરદ બાવાશ્રી

(માંડવી-હાલોલ-મુંબઇ)

(પુ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી (પાર્લા) પ્રકાશિત શુભ દિપાવલી અભિનંદનની 'અમૃત વચન દિપાવલી' નામની સદ્‌સિદ્ધાન્ત દર્શક સુંદર પુસ્તિકા સાથે આશિર્વાદ પ્રાપ્ત થયા છે.

* જગદ્‌ગુરુ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ કે માનવ માત્ર કા પરમ હિત કરને વાલે, મંગલમય, શરણ-સમર્પણ-ભકિત ભાવ પ્રચૂર સિદ્ધાન્ત-દીપકી ઉજજલ શુભ રશ્મિયોંસે વિશ્વ માનવ સમુદાયકા મંગલ હો યહી શ્રી મહાપ્રભુ કે યુગલ શ્રી ચરણોમેં અભ્યર્થના હૈ.

પ્રભુકા વરદાન

હમકો દો વરદાન દયાનિધિ !
હમ ન કભી ઇસ પથકો ભૂલેં.
પ્રેમ દયા ઔર સેવા ભાવના,
નિત્ય હી શ્વાસ કે સાથ ચલે.
પ્રેમ શશીકી શિતલ સુધામેં,
સ્વાર્થ ઘૃણા ઔર દ્વેષ મિટે.
જ્ઞાન સૂર્યકે પવિત્ર પ્રકાશમેં,
જીવનકી અંધિયારી ટલે.
મન-મન તુઝકો હી દેખું,
જડ ચેતનકો બિસરાઉ.
તેરે પ્રેમકી લૌ પ્રકટાયે,
દેખું જહાં તુઝકો પાઉ.

: રચિયતા :

ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (વડોદરા)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૦ : અંક ૯ * ડીસેમ્બર, ૧૯૯૧

ભકિતમાર્ગ

સાધનાની દષ્ટિએ શ્રેષ્ઠ અને સહજ છે

પ્રવકતા–પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ

મથુરા–પોરબંદર

(ગતાંકથી ચાલુ)

ભક્તિમાર્ગના દરવાજા દરેક પ્રાણી માટે ખુલ્લા છે, તેમાં જાતિ બંધનની કોઇ મર્યાદ નથી. જો જાતિય મર્યાદાનું બંધન હોય તો વિદુરજી, રઇદાસજી બીજા મોચીમાંથી, કોળીમાંથી કેટલા કેટલા થયા છે. ભકતો કેવળ અનુગ્રહથી મહાન બની ગયા છે. વાલીયો હતો એ વાલ્મિકી બની ગયો. કાલીદાસ પેલા કાળીયો હતો. કોઇ દૈવી શક્તિના વરદાનથી એ મહાકવિ કાલીદાસ બની ગયા. આવા કિસ્સાઓ તો આપણા કથા અને સાહિત્યના અંદર ભરપૂર છે. તો એ ભક્તિમાર્ગની વિશેષતા એ છે, ત્યાં સુધીની ઉદારતા છે કે અસાધનને પણ સસાધન બનાવી દે.

આ પુષ્ટિ–ભકિતમાર્ગ કેવો ? તો ભઇ પુષ્ટિ-ભકિતમાર્ગ ભગવાનના શ્રીઅંગમાંથી પ્રકટ થયો છે. કૃષ્ણ એટલે જેને વેદ, ગીતા, ભાગવત પરમતત્ત્વ કહે છે કે જેનાથી

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

શ્રેષ્ઠ પણ બીજું કાંઈ નથી અને એના જેવું પણ બીજું કોઇ નથી. એક જ છે અને અદ્વિતીય છે. તેમ ઉપનિષદ કહે છે. એને જ ગીતા બિરદાવે છે અને એનો જ વિસ્તાર શ્રીમદ્ ભાગવત કરે છે. તેમના શ્રીઅંગમાંથી પુષ્ટિભકિત પ્રકટ થઇ છે. એના શ્રીઅંગમાંથી પુષ્ટિભકતો પ્રકટ થયા છે. સાધન પણ એના શ્રીઅંગમાંથી પ્રકટ થયા છે અને ફલ પણ એના અંગમાંથી પ્રગટ થયા છે અને સાધનને કરનારાઓ પણ એના શ્રીઅંગમાંથી પ્રકટ થયા છે. એટલે પુષ્ટિભકિતમાર્ગ બીજા બધા માર્ગ કરતા વિશિષ્ટ, શ્રેષ્ઠ અને દરેકને માટે સરલતાથી સાધી શકાય એવો એ માર્ગ છે અને પ્રમાણથી એ સિદ્ધ છે. એના માટે કોઇને કંઇપણ તર્ક હોય તો એ તર્ક રજુ કરી શકે છે–પ્રશ્ન રજુ કરી શકે છે.

પુષ્ટિમાર્ગની ઇમારત બધા સદ્શાસ્ત્રોથી પ્રમાણિત થયેલી મજબૂત પાયા ઉપર આધારિત છે,હવે પછી એ ગીતામાં કહે છે કે–

"અપિ ચેત્સુદુરાચારો ભજતે મામઅનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યક્ વિધહિ તો હિ સઃ ॥'

–કે જે દુરાચારીમાં પણ દુરાચારી હોય પણ મારો આશ્રય કરે અને ભકિત એનામાં આવે તો એને પણ સાધુ સમજવો. કારણ કે જે માર્ગ ઉપર ચાલવાનો એને મોડે મોડે પણ સંકલ્પ કર્યો છે અને એ સંકલ્પ પણ બધા સંકલ્પો કરતાં શ્રેષ્ઠ છે.

ત્યારે કોઇ પ્રશ્ન કરે કે દુરાચારી શું કૃષ્ણની ભકિત કરવા લાગે, તો પછી શું એને દુરાચરણ કરવાનું કાયમ માટે લાયસન્સ મળી જાય છે કે હવે તું ગમે તેટલા પાપ કર, ન તો તને નર્કમાં હું નાખીશ કે ન અહીં ફાંસીની સજા કોઇ તને કરશે. એવો ખુલ્લો પરવાનો ભગવાન નથી આપતા, પણ એના પછીના શ્લોકમાં જ ભગવાન કહે છે કે આ પ્રકારની ભકિતમાર્ગની રુચિ જેના મનમાં પેદા થઈ જાય છે, પછી ભલે એ દુરાચારી હોય કે પછી એ 'શીઘ્રં ભવતિ ધર્માત્મા' જેવો ભકિતનો આવેશ કે ભકિતનો પ્રકાશ મનમાં થાય કે તુરત જ દુરાચારનો આવેશ મનમાંથી ખલાસ થઇ જાય છે. પરવાનાની વાત જ કયાં આવી ? દુરાચારણ જ જ્યારે ખતમ થઈ જાય, પછી દુરાચારીને દુરાચારી જ કેમ કહેવાય ?

એક વ્યકિત છે જેને આપણે સદાચારી પણ કહી શકીએ અને દુરાચારી પણ કહી શકીએ. સદાચારી કેમ કહીએ છીએ–આપણે એ વ્યકિત જન્મથી સદાચારી કાંઇ હોતો નથી, કર્મથી હોય છે. તો સારા કર્મો કરતો હોય તે સદાચારી અને દુષ્કર્મો કરતો હોય તો દુરાચારી. પણ જ્યારે કોઇ વ્યકિત દુષ્કર્મ છોડી દે ત્યારે તેનું નામ તો દુરાચારી હોતું નથી. એતો કામનું નામ દુરાયણ છે. કોઇ વ્યક્તિનું નામ નહીં. કોઇ ફઇએ કોઇનું નામ પાડયું દુરાચારી પાડયું છે, એવું સાંભળ્યું છે ? કે ફઇએ નામ પાડયું દુરાચારી, એવું તો કયાંય સાંભળ્યું નથી, કારણ કે દુરાચારણ એ આપણા કર્મ ઉપર આધારિત છે. એટલે ભકિતનો પ્રકાશ અને આવેગ આવે ત્યારે દુરાચરણ દુર થઇ જાય આને 'શીઘ્રં ભવતિ ધર્માત્મા' અને તરતને તરત એ ધર્માત્મા બની જાય છે. ધર્માત્મા બનવાથી એને શું પ્રાપ્તિ

થાય ? તો કહે છે શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય છે. એવી શાંતિ કે જે કાયમને માટે ટકી રહે.

આપણુને શાંતિ કયારેક કયારેક મળે છે, પણ એ શાંતિ કાયમને માટે ટકે છે ? ૩૬૦ દિવસમાં ૩૦૦ દિવસ શાંતિના હોય તો ૬૦ દિવસ અશાંતિના હોય. આ પ્રાણી માત્રનો, આજના માનવનો અનુભવ છે. તો અહીં કહે છે કે ધર્માત્મા બનવાથી 'શાશ્વત્ શાંતિ નિગચ્છતિ' શાશ્વત શાંતિ એટલે શાશ્વત શાંતિ. શાશ્વત એટલે પરમેનન્ટ. ટેમ્પરરી નહીં કે થોડાક ટાઇમ માટે શાંતિ રહી અને પાછી એમને એમ અશાંતિ. આતો ટોટલ કયોર છે. એક વાર ભકિતથી શાંતિ થઈ જાય પછી કોઇ પણ આંધી, તોફાન, ખલેલ નથી પહોંચાડી શકતા. બીજા બધાથી જે આપણુને શાંતિ મળે છે તે પ્રચંડ આક્રમણ જ્યારે આપણા ઉપર થાય છે ત્યારે તે શાંતિ હણાય જાય છે. પરંતુ ભકિત દ્વારા પ્રાપ્ત થયેલી શાંતિ એક એવી શાંતિ છે કે જેને કોઈ દુર નથી કરી શકતું. એવી શાંતિને માટે તો દુનિયા ઝંખે છે. જે લોકો કોઇ સંપ્રદાયના અનુયાયી નથી એવા મોટા મોટા નેતા પણ શાંતિની વાતો કરે છે. ચાહે અમેરિકાના પ્રેસિડન્ટ હોય કે રશિયાના પ્રમુખ હોય કે બીજા દેશના પ્રમુખ હોય બધા શાંતિની વાતો કરે છે. આપણા નેહરુજી પણ શાંતિની વાત કરતા હતા, ગાંધીજી પણ શાંતિની વાત કરતા હતા, લાલબહાદુર શાસ્ત્રી પણ શાંતિની વાત કરતા હતા અને અત્યારે તો ઘણા લોકો શાંતિની કેવળ વાતો જ કરે છે અને એ શાંતિ પ્રાપ્ત કરવા માટે જે જે પણ કાંઈ કરતા આવ્યા એમાં અશાંતિ [illegible] ઘટવાને બદલે વધી છે. અનું કારણ શું કે આપણે મેળવવી છે શાંતિ અને એના ઉપાયો જે કરી રહ્યા છીએ એ અશાંતિ વધારવાના ઉપાયો છે. ઉપાયો કરી રહ્યા છીએ અશાંતિ વધારવાના તો એનાથી શાંતિ કયાંથી મળે એ કહો ? તમારે જવું હોય જામનગર પણ તમે જામનગરને રસ્તે ન ચાલો અને ધોરાજી તરફ ચાલો તો તમે આખી જીંદગી ચાલો તો પણ જામનગર ન પહોંચી શકો. તો એવી જ રીતે જે માર્ગો છે, જે લક્ષ્યો છે, જે જે આપણાં શાસ્ત્રોએ બતાવ્યા છે એ માર્ગોનું અનુસરણ કરીએ તો જ આપણે લક્ષ્ય સુધી પહોંચી શકીએ. એનાથી વિપરીત માર્ગોનું અનુસરણ કરીને આપણે લક્ષ્ય સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ તો એ પ્રયત્ન આંધળા ગોથાં મારવા જેવા પ્રયત્નો છે. એનાથી કોઇ સાધનથી પણ શુદ્ધિ નથી, ફલની વાત તો દુર રહી. તો આપણુને સર્વ પ્રથમ આપણા આચાર્યો લક્ષ્ય બતાવે છે કે પહેલા નક્કી કરો કે કયાં જાવું છે. નકકી કર્યા વગર ટિકીટ લેવાનો કોઇ અર્થ નથી. આપણે નકકી કરીએ કે ફલાણે ઠેકાણે આપણે જવું છે પછી એ ગામની ટિકીટ લઇને પણ નકકી જ ન હોય તો આપણે ટિકીટ કયાંની લઇએ ! ટિકીટ માંગવા જાવ અને કહીએ કે ગમે ત્યાંની ટીકીટ આપી દો ?

પરંતુ ધર્મની બાબતમાં આપણે ગમે ત્યાં પહોંચીએ એવી ટિકીટ લઇને બેઠા છીએ આપણે કઇ નિશ્ચય લક્ષ લઇને નથી. બેઠા ખાડામાં પડી એ તો પણ વાંધો નહીં, ધર્મ તરફ જઇએ છીએ એને લીધે આપણા ધર્મમાં ઉદાત્ત અને ચિંતનનો જે વિષય છે તેના પ્રત્યે [illegible]

આપણે ઉપેક્ષા કરીએ છીએ અને નાની નાની તુચ્છ અલ્પ બાબતોની અંદર એટલા બધા ગરકાવ બની ગયા. અથડામણુમાં પડી ગયા કે આપણી દૃષ્ટિ જે તરફ જવી જોઇએ તે તરફ જતી નથી. આજે જુઓ આપણો દેશ કેટલા વર્ષોથી આઝાદ થયો છે. આટલા બધાં વર્ષો વીતિ ગયાં છતાં આજે દુનિયામાં માનવ અધિકાર માટે લડત ચાલુ છે, અમેરિકાની અંદર માનવ અધિકારની વાતો કરતાં કરતાં માર્ટિનલ્યુથર કીંગ ગોળીએ દેવાઇ ગયા. માનવ અધિકારની અનેક પ્રકારની વ્યવસ્થાઓ વિચારવામાં આવી પણ એ બધો સંઘર્ષ જ રહ્યો છે.

આજે પણ દક્ષિણ આફ્રિકાની અંદર જુઓ તો હજીયે ગોરાઓની સરકાર છે અને ત્યાંની જે મૂળભુત પ્રજા છે એ ગુલામીથી વ્યથિત છે. એ બધા અધિકારોની ચર્ચાઓ આપણે વાંચીએ છીએ, પણ આપણા જે આધ્યાત્મિક અને ધાર્મિક અધિકાર છે અને એ અધિકાર આપણા અવતારી પુરૂષો અવતારી પુરુષોના જેટલા જેટલા અવશેષો એમના મંદિરો એ બધા જે છે તે વાસ્તવમાં તો એક અસ્મિતારૂપ કહેવાય. એવો કોઇ દેશ નહિ હોય જ્યાં મહાપુરુષોની જગ્યાઓની સુરક્ષા ન થતી હોય ? એવો જો કોઇ દેશ હોય તો માફ કરજો આપણો જ દેશ છે. આજે આપણી બહુમતિ છે, આપણે કોઇને કષ્ટ આપતા નથી. આપણે કોઇના ધર્મ ઉપર આક્ષેપ કરતા નથી. કોઇના ધર્મને તોડી પાડવાની ઇચ્છા કરતા નથી. એવો કોઇ ઇતિહાસ હોય તો મને બતાડો કે આપણી આર્ય પ્રજાએ બીજાના મંદિરને તોડીને આપણું મંદિર બાંધ્યું હોય. એવો એક ઇતિહાસ શું એક પાનું તો ગોતી આવો તો આપણે કોઇના ધર્મને આડખીલીરૂપ થવા નથી માગતા એટલું જ નહીં પણ એના ધર્મોને આપણે આદરની દૃષ્ટિથી જોઇએ છીએ. ખુબ જ પ્રેમથી જોઇએ છીએ. આપણે કોઈ પણ બીજા ધર્મની વ્યક્તિને નિષ્ઠાપૂર્વક આચરણ કરતા જોઈએ છીએ ત્યારે આપણને થાય કે પેલો વ્યક્તિ કેટલો વિશ્વાસ અને નિષ્ઠાપૂર્વક તેના ધર્મનું પાલન કરી રહ્યો છે. ધિકકાર છે આપણને કે આપણે આપણા ધર્મનું પાલન એવી રીતે નથી કરતાં. તો એવી રીતે પણ વિચારવાળો એક વર્ગ છે. પણ એને બદલે આજે કેવળ એક મુઠ્ઠીભર વોટને માટે કે ખુરશીને માટે આપણા જે મુલ્યવાન સિદ્ધાંતો છે એ સિદ્ધાંતોને પણ ગિરવી મુકી દેવાય છે અને આપણી અસ્મિતાનું જે રામ મંદિર છે એ રામ મંદિરની રક્ષા કરવા માટે, દુઃખની વાત છે કે જેને આપણે ચૂંટીને ખુરશી ઉપર બેસાડ્યા. એવો વિશ્વાસ ધરાવીને ખુરશી ઉપર બેસાડ્યા કે આ લોકો અમારી હિંદુ પ્રજાઓની, અમારી ભાવનાઓની અને અમારી લાગણીઓની રક્ષા કરશે. પરંતુ રક્ષા કરવાને બદલે પરસ્પરનો કલેશ અને પરસ્પરની હિંસા ઊભી કરી દીધી.

મારે કહેવું ન જોઈએ પણ જેટલા જેટલા અવરોધો આમાં થયા, જેટલા જેટલા રામ મંદિર બાંધવા માટે થયા એમાં અવરોધો નાખીને ત્યારની સરકારે જ હિંસાની અને મારો કાપોની પરીસ્થિતિ પેદા કરી દીધી છે. જો સરકારે એમાં હસ્તક્ષેપ ન કર્યો હોત તો આ જાતનું એમાં થાત નહીં. પણ પોતાની ભુલને છુપાવીને આ બધા સંપ્રદાયી વાડાબંધી

વારા છે, સંકીર્ણ વિચારવારા છે. એવી રીતે આપણને કહ્યા. કેવળ હિંદુઓજ વાડાબંધીમાં માને છે એવો ધર્મ નિરપેક્ષતાનો અર્થ કરીને આપણને બતાવ્યો.

મને રાજનીતિ સાથે કંઈ લેવા દેવા નથી. એની ટીકા કરવાનું પ્રયોજન નથી. પણ આપણી અસ્મિતાને માટે કોઇ માથું પણ આજે માગે તો આપવા તૈયાર છીએ. પરંતુ આપણી જે હિંદુ પ્રજા છે તે જુદા જુદા યિચારો અને જુદા જુદા સંકીર્ણ વાડાઓમાં વ્હેંચાઇ જવાને કારણે સનાતન ધર્મની મુળભુત જે એકતા છે એ એકતાને ભુલી ગયા છે. એટલે કે અમુક લોકો આ કાર્ય કરી રહયા છે. એટલે અમે એને સાથ નહીં આપીએ. પરંતુ એ જો કોઇના વ્યકિતગત હિતને માટે સ્વાર્થને માટે થતું હોય તો એ બરાબર છે, પરંતુ રામ કે કૃષ્ણ ઉપર કોઇ વ્યકિતની કે કોઇ સમજની કે કોઇ વર્ગની મોનોપોલી નથી. એના ઉપર તો પ્રાણીમાત્રનો અધિકાર છે. હિંદુઓની પણ મોનોપોલી છે, મુસ્લિમોની પણ મોનોપોલી છે, ખ્રિસ્તીઓની મોનોપોલી છે. રામ જે છે તે બધાના આરાધ્ય છે. બધાને માટે એક આધ્યાત્મિક પુરૂષ છે, બધાને માટે એક અવતારી પુરૂષ છે, એવા પુરૂષની જન્મભુમિની રક્ષા જો આપણે બીજાને હાનિ પહોંચાડયા વિના જો કરી શકતા હોઇએ તો એની અંદર આપણને બુદ્ધિજીવી કહેવાતા હોય એવા અથવા સત્તા ઉપર જે બેઠા હોય તેમણે આપણી પીઠ પાછળ બળ આપવું જોઇએ એવું જે આજે નથી રહ્યું, તેને કારણે આવા મહાન અને ઉદાત પ્રશ્નોને સળગતા બનાવી દીધા છે. તો આજે આપણી સહિષ્ણુતાનો પરિચય આજ દિ સુધી આપતા રહયાં હવે આપણે હિંદુ પ્રજાએ એક થઇને આજે કાર્ય છે એ કોઇ એક સંપ્રદાયનું નથી, કોઇ એક વ્યક્તિનું નથી, પણ બધાનું છે એમ જાણીને કોઇ પણ જાતની હિંસા કે હિંસક પ્રવૃતિ વધે એવો હીન વિચાર પણ ન કરવો જોઇએ સાત્ત્વિક બુદ્ધિથી, એક સાત્ત્વિક સત્યાગ્રહ, ધાર્મિક સત્યાગ્રહ દ્વારા આપણે આપણા અધિકારને મેળવવા પ્રયત્ન કરવો જોઈએ આપણા આચાર્યોએ પણ કહયું છે.

શ્રીમહાપ્રભુજીના એક પ્રસંગમાં આવે છે કે સિકંદર લોહીના વખતમાં વચ્ચે એક યંત્ર હતું દરવાજા ઉપર, જેમાં હિંદુઓ નીકળતા એને દાઢી ઊગી જતી. શ્રીમહાપ્રભુજીએ બીજું યંત્ર મૂકીને દાઢી કપાવા મંડી. ત્યારે પણ થયું હતું અને શ્રી ગોકુલનાથજી પણ જહાંગીર પાસે જઇને માલા તિલકની રક્ષા માટે આંદોલન કર્યું હતું. એટલે સનાતન હિંદુધર્મના મૂળભુત જે સિદ્ધાંતો છે એની રક્ષા કરવાને માટે કોઇપણ આચાર્ય એવા નથી કે

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

જે એમાં સંમત ન હોય. એટલે આજનો જે આપણો પ્રશ્ન છે એ પ્રાણ પ્રશ્ન બની જવો જોઇએ અને ધર્મને ખાતર, આપણા સંપ્રદાયને ખાતર, આપણી ભકિતની ખાતર, આપણી સેવાની ખાતર, નિષ્ઠાપૂર્વક ગમે તે કરવાની આપણી તૈયારી હોવી જોઇએ. એવી ધગશ આપણામાં ઉત્પન્ન થવી જોઇએ કે આ ધર્મ જે આપણો છે તે સર્વોપરી છે. સાધક જ્યાં સુધી પોતાનાં લક્ષ્યને, પોતાના ધર્મને સર્વોપરી ન માને ત્યાં સુધી એની એના ધર્મ પ્રત્યે નિષ્ઠા થઈ જ નથી શકતી. એટલે અનન્યતાના જે સિદ્ધાંતો છે તે બીજાને ખરાબ ચીતરવા માટે નથી. બીજા હીન અને અમે ઉત્તમ એવા અહંકારનો કોઇપણ સ્વાદ માણવા માટે પણ નથી પણ સાધક જ્યાં સુધી પોતાના લક્ષ્યને વળગી ન રહે અને બીજા જે લક્ષ્યો છે એ બધામાં થોડો ચંચૂપાત કરતો રહે તો. એની કોઇપણ પ્રકારની સાધના સિદ્ધ નથી થતી. અમારે વ્રજ ભાષામાં સાધકને માટે છે કે, 'એક હિ સાધે સબ સધે, ઔર સબ સાધે સબ જાય.'

શ્રી ગોવિંદરાયજી મહારાજ પણ એમના શિબિર પ્રવચનોમાં બહુ સુંદર આજ્ઞા કરે છે કે કોઇને પાણી જમીનમાંથી કાઢવું હોય તો એક ઠેકાણે ઊંડુ ખાડો ખોદે તો ત્યાં પાણી નીકળે. પાંચ પાંચ પાંચ ફુટ દશ ઠેકાણે ખોદે તો તેનાથી પાણી ન નીકળે. તો જેને લક્ષ્ય ઉપર પહોંચવું હોય એને એના ધર્મ પ્રત્યે નિષ્ઠા થવી જોઇએ. એને એના કર્તવ્ય પ્રત્યે લક્ષ્ય પ્રત્યે અને સાધના પ્રત્યે અત્યંત અનિવાર્ય જો કોઈ ગીજ હોય તો એ અનન્ય નિષ્ઠા છે અને એના માટે ગીતાકાર ભગવાન કહે છે કે "સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ:। અહં ત્યાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ:"

જ્યારે ગીતાના ઉપદેશોની પુર્ણાહુતિ થઇ અને અર્જુને કહી દીધું કે હે પ્રભુ "કરિષ્યે વચનં તવ" તમે જેમ કહેશો એમ હું કરીશ એવું આશ્વાસન અર્જુને જ્યારે કહેશો એમ હું કરીશ એવું આશ્વાસન અર્જુન જ્યારે આપ્યું ભગવાનને ત્યારે ભગવાન પોતાના હૃદયની વાત કહે છે કે બધા ધર્મોને છોડીને મારે શરણે આવ. જો એવી અર્જુનની તૈયારી ન હોત તો સામો થાત કે ઓહ મહારાજ! બધા ધર્મોને છોડવાનું કહો છો અને હું નર્કમાં પડું તો કોણ બચાવવા આવે? પણ જ્યારે ભગવાનને ખાતરી થઇ ગઇ કે મારા એક એક શબ્દ ઉપર આને વિશ્વાસ છે, ત્યારે ભગવાને જાણ્યું કે આ ભકિતમાર્ગીય જ નથી, પરંતુ ભકિતમાર્ગીય સાધક પણ છે. ગુરુની આજ્ઞા પ્રમાણે કરવા ચોવીસે કલાક તત્પર છે. ત્યારે ભગવાને પોતાના હૃદયનો જે ઉદ્દેશ્ય છે, હૃદયનો જે માર્ગ છે એ માર્ગ ભગવાને બતાવ્યો. "સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ"–એમાં જે ભાવના ભગવાનના વાકયોની અંદર રહેલી છે, એજ ભાવના શ્રીમહાપ્રભુજી "કૃષ્ણ એવ ગતિર્મમ"માં છે, ત્યાં "એક" શબ્દ છે "મામ એક" અને અહીં "એવ" શબ્દ છે. "કૃષ્ણ એવ" "એક" અને 'એવ' અને "એવ". ત્યાં ઘણા લોકો પુષ્ટિમાર્ગનું કોઇને કોઇ રૂપમાં ઇર્ષ્યા યા દ્વેષ વત્ નિંદા યા આક્ષેપ કરવા માંગતા હોય તેઓ કહે કે

અંહી "મામ એકં શરણં વ્રજ" છે તેમાં ભગવાન યોગની અવસ્થામાં પોતાને ભગવાન માની બેઠા છે. કૃષ્ણ એક વ્યક્તિ છે. યોગની અંદર આત્માને પરમાત્મા એક જ છે એવું સમાધિમાં લાગવા માંડયું એટલે હું ભગવાન છું એમ કહેવા લાગ્યા. આવો અર્થ એનો કરે તો એનો અર્થ એમ કરો કે જે કોઇ જે ધર્મને માનતું હોય અહીં ભગવાન એમ કહે છે કે ભાઇ, તમે જૈન ધર્મ માનતા હોતો તો એમ કહે છે કે બધા ધર્મોને છોડીને આમાં આવીજા. કોઇ મુસ્લિમ ધર્મ માનતા હોય તો બધા ધર્મ છોડીને એક આમાં જ આવીજા, કોઈ ક્રિશ્ચયન ધર્મ માનતા હોય તો અહીં એમ અર્થ હોત તો "મામ્" શબ્દની સાથે "એક" શબ્દ શા માટે લાગત ? ભગવાનના તો ૨૪ અવતાર છે. પરંતુ મુખ્ય રીતે ૨૪ અવતાર ચોવીસની આપણે સંકુચિતતા કરીએ તો ૧૦ અવતાર અને દશ અવતારોમાં પણ મુખ્ય બે અવતાર રામ અને કૃષ્ણ અને બંને અવતારોમાં પુર્ણાવતાર એ કૃષ્ણાવતાર, તો કૃષ્ણ એમ કહે છે મારે શરણે આવ "મામ્ એકં શરણમ્" કહે છે, કોને ? અર્જુનને કહે છે. અર્જુન કોને કૃષ્ણ માને છે ? કોને ભગવાન માને છે. કૃષ્ણને ભગવાન માને છે.

–ક્રમશઃ

।। શ્રીગુરુભ્યો નમઃ ।।

।। શ્રીગોપીજનવલ્લભાય નમઃ ।।

અથ પ્રબંધ–બંધ ચોરાશી વૈષ્ણવનાં નામ

રચયિતા : **ભક્ત કવિશ્રી દયારામભાઇ**

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ**

[ભારતના ભાવાત્મા કૃષ્ણભક્ત કવિજન, શ્રી વલ્લભ વૈષ્ણવજન, મહાનુભાવી તાદશીજન, શ્રી ગોપીજન વલ્લભનાં ગોપીજન, મધુરાધિપતિના મધુર સોહાગણ, સલુણાશ્યામ સુંદરનાં સોહાગણ, શ્રી દયારામભાઇ વિરચિત, જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં અંગભુત શ્રી અંગસ્વરૂપ, નિર્ગુણ શ્રી વલ્લભી વૈષ્ણવજનના નામ, પ્રબંધ–બંધ, નાગરીલિપિ, વ્રજભાષા (દ.હ.પ્ર.પૃ. ૪૦–૪૧) શ્રી વલ્લભવંશજના, શ્રીવલ્લભી વૈષ્ણવજનના કરકમલમાં સમર્પણ–સદૈન્ય, સપ્રેમ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામપૂર્વક....

–જીવનલાલ જોશી]

પ્રબંધ-ચાહ્ય (ચાર ચોકમાં)

(૧)

શ્રી વલ્લભ જન ગન (ગત) રાસી ।।
નામે મુખ્ય કહું ચોરાસી ।।ટેકા।
જય શ્રી દામોદર દાસ જ્યુ, મેઘન કૃષ્ણદાસ, સંભરવારે દામોદરદાસ,
જન પદ્મનાભ-તુલસા પારવતી રઘુનાથદાસ જ્યુ,
ક્ષત્રાંની રજ્યો, શેઠ પુરુષોત્તમદાસ – રુકિમની,
અરુ ગોપાલદાસ, રામદાસ જ્યુ,
ગદાધરદાસ દાસ બેંની, માધોદાસ જ્યુ,
પાઠક હરિબંસ, દાસ ગોવિંદ ભલા, ક્ષત્રાંનિ અમ્મા,
અરુ ગજ્યન ધાવન; નારાયનદાસ બ્રહ્મચારિ, મહાબનકી ક્ષત્રાંનિ,
જીયાદાસ-દેવા-કપુર, દિનકર શેઠ, દાસમુકુંદ, હરિ અભિલાષી ।।
શ્રી વલ્લભ જનગન રાસી, નામે મુખ્ય કહું ચોરાસી ।।ટેકા ।।૧।।

[શ્રી વલ્લભનાં –શ્રી વલ્લભી વૈષ્ણવજન અનંત છે. તેમાં મુખ્ય મુખ્ય ચોરાસી (૮૪) શ્રી વલ્લભનાં –શ્રી વલ્લભી વૈષ્ણવ જનનાં નામ કહું છું.]

(૨)

પ્રભુદાસ જલોટા ક્ષત્રિ, ભાટ પ્રભુદાસ, દાસ પુરુષોત્તમ,
કાયસ્થ ત્રિપુરદાસ, પુરનમલક્ષત્રિ, યાદવેન્દ્ર દાસ, ગોસાંઇદાસ,
માધોંભટ, ગોપાલદાસ, પદ્મારાવલ, પુરુષોત્તમ જોષી,
જગન્નાથ જોષી, તાકિ મહિયા, નરહરિ જોષી, રાંના વ્યાસ,
હરિજન, રજપુતાંની, રામદાસ, દુબે ગોવિંદ, રાજા દુબે-માધો દુબે,
ઉત્તમ શ્લોક દાસ, ઇશ્વરદાસ દુબે, છકડા વાસુદેવદાસ, કૃષ્ણદાસ જ્યુ,
ગગરી, બાબા બેનું, ભૃત્ય યાદોદાસ, ભજનાનંદ અચલ વિલાસી ।।૨।।
શ્રી વલ્લભજન ગનદાસી ।। નામે મુખ્ય કહું ચોરાસી ।।ટેકા ।।૨।।

(૩)

જગતાનંદ, બૈષ્ણો બ્રાહ્મનિ અડેલકી,
અરુ આનંદદાસ – વિસંભરદાસ જ્યુ;
ક્ષત્રાંની હરિદાસી, રામદાસ મીરાં કે પ્રોહીત પુનિ ખવાસની કૃષ્ણદાસિ,
જનબુલામિશ્ર, રામાનંદ પંડિત, બિષ્ણુદાસ – બલય, જીવનદાસ,
ભગવાંનદાસ, ભીતરિયા, અરુ ભગવાંનદાસ, અરુ અચ્યુતદાસ,

ચોં, નારાયનદાસ, ગોરજ્યા સંમરાઇ, સાસુ–બહુ સિંહનંદકે ક્ષત્રી;
બૈષ્ણોં સુથાર અડલકે, એક ભગવદ્દિ, ઓરહુ અંબ દામોદરદાસ જયુકી,
એક વૈષ્ણુવ ક્ષત્રાંની સિંહનંદકી બાસી ॥શ્રી॥ ॥૩॥
શ્રી બલ્લભ જન ગન રાસી ॥ તામે મુખ્ય કહું ચોરાસી ॥ટેક॥ ॥૩॥

(૪)

કવિ લઘુ પુરુષોત્તમ દાસ ઓર, કવિરાજ્ય ભાટ, ગોપાલદાસ,
પૂની દાસ જનારદન, ગરુડ (ગડુ) સ્વામી જયુ;
કનૈયાસાલ, નરહરિ દાસજયુ, બાલકૃષ્ણ – જન, બાદ્રાયનદાસ,
રાંમંદાસ ચોહાન, મનીચિંત, સદુપાંડે, ભવાની, નરોબાઈ,
નરહરિ સંન્યાસી, જટાધારી ગોપાલદાસ, કૃષ્ણદાસ કાંમ્યનિ સહ,
સંતદાસ–સુંદરદાસ જયુ, પટલ માહાવજી–વીરજયો પત્ની, ગોપાલદાસ જયુ,
સૂરદાસ (સુરદાસ) પરમાંનંદદાસ જયુ, કુંભનદાસ–સુત કૃષ્ણદાસ;
કૂનિ કૃષ્ણદાસ અધિકારી પ્રભૃતિ કહે સંત ચોરાસી,
પ્રિય અબિનાસી, સકલ સાર સિદ્ધાંત – તત્ત્વ યહ નામ–
ભકત કે, પઢત સુંનત હી માત્ર – પાત્ર હોય કૃષ્ણ કૃપાકો.
સકલ **પાપ સંતાપ** ટરેં, મન બાંછીત પાવેં;
શ્રી બલ્લભ મહાપ્રભુ પદ પંકજ પરાગકન, દાસાનુદાસ જન દયારાંમ;
બરને બૈષ્ણોં બ્યાપી બૈકુંઠ નિવાસી ॥શ્રી॥ ॥૪॥ (વ્રજવાસી)

નોંધ : **પાપ** ચાર પ્રકારનાં (૧) કાયિક–કાયાથી, શરીરથી થતાં પાપ, (૨) વાચિક–વાચાથી, વાણીથી થતાં પાપ, (૩) માનસિક–મનથી થતાં પાપ, (૪) સાંસર્ગિક–સંગથી–સોબતથી થતાં પાપ.

તાપ–સંતાપ ત્રણ પ્રકારનાં (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક.

ફલશ્રુતિ–ઉપસંહાર : નિકુંજનાયક શ્રીનાથજીની દયાશકિત, કૃપાશકિત, કરૂણાશકિત સ્વરૂપ દયાર્દ્ર શ્રી દયારામની દીનતા.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

ભ્રમજ્ઞાન

લેખક : ચિ. ગો. શ્રી ગોકુલેશજી

જેવી રીતે સંશય, નિશ્ચય, સ્મૃતિ, સ્વપ્ન આદિ જ્ઞાનના પ્રકાર છે તેવી રીતે ભ્રમ પણ જ્ઞાનનો પ્રકાર છે ને ભાગવતને અનુસરનારા આપણા મતમાં આ બધા પ્રકારોને બુદ્ધિની જુદી જુદી વૃત્તિઓ તરીકે ગણાવવામાં આવ્યા છે. કેમકે બુદ્ધિ જ જ્ઞાનના પ્રકારને ઘડે છે, જ્યારે ઇન્દ્રિય અને મન તો કેવલ જ્ઞાનને ઉત્પન્ન કરનારા હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય જ્ઞાન અને વિશિષ્ટ જ્ઞાન, તેમાં સામાન્ય જ્ઞાન એ મન સહિત ઇન્દ્રિયોનો તે અર્થો સાથે સંબંધ જોડાતા હોય છે અને તેથી ઉત્પન્ન થયેલા જ્ઞાનને વિશિષ્ટ આકાર આપવો એ બુદ્ધિનું કાર્ય છે. બુદ્ધિ મહિમાં સામાન્ય જ્ઞાનનો નિશ્ચયનો અથવા સંશયનો અથવા ભ્રમનો કે એવા બીજા આકાર આપે છે તેની પ્રક્રિયા એવી રીતે છે જેમકે છીપમાં ચાંદીનો ભ્રમ આપણને થાય છે તે વખતે સૌથી પહેલાં મનના સાથે ચક્ષુ ઇન્દ્રિયનો છીપ સાથે સંબંધ જોડાય છે તેથી એક આકાર વગરનું સામાન્ય જ્ઞાન ઉત્પન્ન થાય છે. પછીથી બુદ્ધિમાં જો સત્વ ગુણોનો ઉદ્ભવ થયો હોય તો એ જ્ઞાનને બુદ્ધિ દ્વારા નિશ્ચયનો આકાર મળે છે. જેને આપણે પ્રજ્ઞા કહીએ છીએ. પણ જો રજોગુણ કે તમોગુણોનો ઉદ્ભવ થયો હોય તો બુદ્ધિ પહેલાં સામાન્ય જ્ઞાનને સંશય કે ભ્રમનો આકાર આપે છે તેથી આપણને છીપ તરીકે છીપ ન દેખાતા ચાંદી તરીકે દેખાય છે. કેમકે પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવું સ્ફુરણ થતું નથી. અને માયાથી મોહિત બુદ્ધિ રજતનાં સંસ્કાર પ્રબળ થઇ જવાથી અને છીપની ચમક અને ચાંદીની ચમકની સમાનતાનો આધાર લઇને એક નવી જ ચાંદીનું પોતાનામાં નિર્માણ કરે છે. તેથી બુદ્ધિમાં પેદા થયેલી ચાંદીને જ ભ્રમમાં વખતે ગ્રહણ કરે છે, અને તે જ જ્ઞાનનો વિશેષ આકાર બની જાય છે. આ ચાંદીનું જ્ઞાન જે ક્ષણમાં સામાન્ય જ્ઞાન થાય છે તે વખતે નથી હોતુ પણ વિશેષ જ્ઞાન જે વખતે થાય છે તે વખતે ચાંદીની કલ્પના બુદ્ધિએ કરી લીધી છે તેથી બુદ્ધિ દ્વારા એનો ભાસ થવા લાગે છે. કોઇ પણ સંજોગોમાં ચાંદી આંખોથી દેખાતી નથી પણ બુદ્ધિથી માનવામાં આવે છે. જ્યારે જ્ઞાનને બુદ્ધિ નિશ્ચયનો આકાર આપે છે તે વખતે બુદ્ધિ કોઈ નવીન પદાર્થની કલ્પના નથી કરતી હોતી પણ જે આંખોથી કે બીજી ઇન્દ્રિયોથી સામાન્ય જ્ઞાનના વખતે ગ્રહણ કરવામાં આવ્યું હોય છે તેના જ જ્ઞાનને નિશ્ચય આકાર આપી દે છે, તેથી ભ્રમ અને યથાર્થ જ્ઞાનનું અંતર એ જ થયું કે ભ્રમમાં બુદ્ધિ અને ઇન્દ્રિયની એક વાકયતા નથી હોતી. જ્યારે કે યથાર્થ જ્ઞાનમાં બુદ્ધિ અને ઇન્દ્રિયની એક વાકયતા હોય છે. તેથી ઇન્દ્રિય અને ઇન્દ્રિનાં સામે રહેલો કોઈ પણ પદાર્થ (જેમ કે છીપ) એ બન્નેની વચ્ચે બુદ્ધિમાં જે ભક અન્ય વસ્તુનું બુધ્ધિ દ્વારા જ ભાન થાય છે તેને આપણે ભ્રમજ્ઞાન કહીએ

છીએ. કેમકે ઇન્દ્રિયથી ગ્રહણ કરવામાં આવે તો વિષય જેમ કે છીપ, તેનું અન્ય એવું જ્ઞાન ચાંદી છે જે ભ્રમરૂપ હોય છે. આથી ભ્રમનું આપણે ત્યાં પારિભાષિક નામ અન્ય ખ્યાતિ છે. આ બુદ્ધિની એક વૃત્તિ છે. જેને વિપર્યાસ કહેવામાં આવે છે.

ભ્રમજ્ઞાન વખતે જે વિષયનું ભાન થાય છે તે વિષય ઇન્દ્રિયથી નહીં પણ બુદ્ધિથી કેવળ કલ્પિત છે એ આપણો સિદ્ધાંત. પણ બીજા દાર્શનિકો ભ્રમની આ જ વ્યાખ્યાને નથી અનુસરતા. જેમ કે માયાવાદી દાર્શનિકોના મનમાં છીપ ઉપર માયા એક મિથ્યા ચાંદીનું નિર્માણ કરે છે અને એ ચાંદી આપણી આંખોથી આપણને ભ્રમજ્ઞાનના સમયે દેખાય છે, પણ આપણા મનમાં તો ઇન્દ્રિયો કેવલ સતનું જ ગ્રહણ કરે છે તેથી આપણને એ મત સ્વીકાર્ય નથી. જગતની બાબતમાં પણ તેમ જ છે. આપણા મતનાં આપણે જગતના જ્ઞાનને ભ્રમરૂપ નહીં પરંતુ પ્રમાણરૂપ જ માનીએ છીએ. જગતનું આપણું જ્ઞાન જગતનું પુરેપુરૂં ચિત્ર આપણને ન પણ આપતું હોય છતાં ય મિથ્યા ચિત્ર તો નથી જ આપતું. કેમકે આપણાં મનમાં જગત માર્મિક નથી અને મિથ્યા પણ નથી. કિંતુ ભગવાન જ પોતે જગતનાં આકારમાં પરિણિત થાય છે તેથી જગત સત્ય જ છે.

ભ્રમનાં બે પ્રકાર હોય છે. (૧) ઔપાધિક, (૨) નિરૂપાધિક. એમાં આપણે જ્યારે ગોળ ગોળ ફરતા હોઇએ ત્યારે દેખાતી બધી વસ્તુઓ ગોળ ગોળ ફરતી દેખાય અથવા તો જ્યારે આપણે લીલા ચશ્મા પહેરીએ અને બધું લીલું દેખાય તો તે ભ્રમને ઔપાધિક ભ્રમ કહેવામાં આવે છે. પહેલાં ઉદાહરણમાં જેમકે, છીપ ઉપર ચાંદીનું દેખાવું અથવા તો દોરડા પરનું સાપનું દેખાનું એ બધા ઉદાહરણ નિરૂપાધિક ભ્રમનાં છે. વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં જ તે બાબચેનું આપણા કોઈ પણ જાતનાં નિરુપાધિક ભ્રમ અમર હોય તો દુર થઈ જાય છે પણ સોપાધિક ભ્રમનાં ઉદાહરણમાં વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં પણ ભ્રમ કરતાં નથી જયાં સુધી ભ્રમનું કારણ અથવા તો લીલા ચશ્મા એને આપણે દુર ન કરીએ. નિરૂપાધિક ભ્રમમાં અન્ય ધર્મીનું ભાન થાય છે જ્યારે ઔપાધિક ભ્રમમાં અન્ય ધર્મનું ભાન થાય છે. અદ્વૈતીઓ પ્રપંચનો વિચાર કરતા તેને મિથ્યા માનતા હોવાથી નિરૂપાધિક ભમનું ઉદાહરણ આપે છે. જેમ કે છીપ ઉપર ચાંદીનું ખોટું ભાન છે તેમજ બ્રહ્મ ઉપર જગત્‌નું આપણને ખોટું ભાન થઇ રહ્યું છે. આપણા મનમાં આ ઉદાહરણ ગ્રાહ્ય નથી.—આ ઔપાધિક ભ્રમનું ઉદાહરણ જો આપવું હોય તો આપી શકાય. જેવી રીતે ઔપાધિક ભ્રમમાં કોઇક સફેદ વસ્તુ લીલી દેખાતી હોય, ત્યારે એ વસ્તુનું જ્ઞાન ખોટું નથી પણ એ વસ્તુનાં રંગનું ખોટું જ્ઞાન છે તેમ જ જે જગત્ આપણને દેખાય રહ્યું છે તે ખોટું નથી પણ એ જગતમાં જે ભેદ ઉત્પતિ વિધાશ અને એવા જ બીજા જે કુત્સિત ધર્મો દેખાય છે તે આપણી ભ્રાંતિ છે. વસ્તુ સફેદ છે પણ આપણા ચશ્માનાં લીધે લીલી દેખાય છે. તે રીતે જગત બ્રહ્માત્મક છે છતાં યે અવિદ્યાને

લીધે કુત્સિત ભેદભાવ અને ઉત્પતિ અને નાશવાળુ દેખાય છે. એને આપણે ત્યાં સંસાર કહેવામાં આવ્યો છે. આપણા મનમાં પરમર્થિક વિચારની દ્રષ્ટિએ જગત બ્રહ્માત્મક હોવાથી સત્ય છે. જ્યારે માયાવાદી દાર્શનિકોનાં મનમાં વ્યવહારમાં સત્ય હોવા છતાં યે પરમાર્થિક વિચારની દષ્ટિએ મિથ્યા છે એ આપણા અને એમના મનનો ભેદ છે.

શાસ્ત્રોમાં જગતને માયાથી નિર્મિત છે એવો ઘણે ઠેકાણે ઉલ્લેખ માને છે પણ સાચા શબ્દનાં અર્થો થાય છે માયા એ ભગવાનનું એક સામર્થ્ય પણ છે. જેથી ભગવાન અનેક રૂપ લે છે. તેને સર્વભવન સામર્થ્યરૂપા માયા કહેવામાં આવે છે. એક માયા શબ્દનો અર્થ વ્યામોહિકા પણ થાય છે. અને તેવી રીતે જ ઇન્દ્રજાળ વિદ્યા કપટ આદિ પણ માયા શબ્દનાં અર્થ થાય છે. જ્યારે જગતને માયાથી બનેલું કહેવામાં આવે છે ત્યારે ત્યાં માયા શબ્દનો અર્થ સર્વભવન સામર્થ્યરૂપા માયાને ભગવાન અનેકરૂપ લેવા માટે માટે બીબાની જેમ ઉપયોગમાં લે છે, જેમ સોનાને તે તે બીબામાં ઢાળી જુદા જુદા આકારો ઘડવામાં આવે છે તે જ રીતે બ્રહ્મ પણ આ માયાનાં બીબામાં ઢળીને અનેક આકારો લે છે. તે આકારો ઐચ્છિક છે. અને વાસ્તવિક છે માયિક નહીં. તેથી જગતને આપણે ત્યાં બ્રહ્માત્મક જ માનવામાં આવ્યું છે. માયિક કે મિથ્યા નહીં.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિઃ ॥

વિઠ્ઠલ–વિઠ્ઠલ–વિઠ્ઠ.....લ

પ્રેષક : **'માધુરી'**

એકવાર શ્રી ગુસાંઇજી દ્વારકા પધારતા હતા. રસ્તામાં જામખંભાળીયા નજીકમાં એક નાનું એવું ગામડું પાસેના ખેતરમાં ઘણાંક ખેડૂતો મળી કલબલીયા હાથમાં લઈ વગાડતા જાય અને ગાતા જાય. "વિઠ્ઠલ–વિઠ્ઠલ–વિઠ્ઠલ, જે કાંઈ કરશે તે મારો વિઠ્ઠલ કરશે, બાકી કોઇ અમારૂં સાંભળે તેમ નથી. હે વિઠ્ઠલ ! હવે તો આવ."

શ્રી ગુસાંઇજી આવું આર્તનાદભર્યું ગીત સાંભળીને ખેતરમાં પધાર્યા. અરે આવા સુકા ખેતરમાં શું આજે કાંઈ ઉત્સવ છે ? અહીં ભેગા થઇ શું કરી રહ્યા છો ?

પટેલીયા તો એક પછી એક બધા દોડીને ચરણાવિંદમાં લોટી પડયા. શ્રીગુસાંઇજીએ સાંત્વના આપી કે એવું શું દુઃખ છે તમારે ?

પટેલીયા કહે મારાજ ! અમારૂં દુઃખ તો આપ વિઠ્ઠલ જ ભાંગી શકો તેમ છો. અમને ખબર છે, આપના સિવાય અમારૂં કોઇ સાંભળતું નથી, કેને મોઢે કહેવા જાઇએ. એટલા માટે અમે આપને બોલાવવા અહીં ભેગા થઇ ગાન કરી રહ્યા હતા.

ત્યાં બીજો ભાઈ બોલ્યો–મેં કીધું હતું ને અમારો વિઠ્ઠલ હાજરા હજુર છે. અમારી ફરીયાદ સાંભળી ખેતરમાં દર્શન દેવા આવ્યો.

ત્રીજો કહે–હવે એક કામ પુરૂં થઇ ગયું દર્શન તો થઈ ગયા. હવે અમારે ઈ કેવાનું છે કે ત્રણ ત્રણ વરસથી દુકાળ છે. ખાવા અન્નનો દાણો નથી રહ્યો. કુવામાં પાણી પણ સૂકાઇ ગયા છે. તરસ્યે મરવાનો વખત આવ્યો છે.

ચોથો કહે–આ બધું તો ઠીક, ઉપરથી રાજાનો હુકમ છે કે વિઘોટી ભરી જાવ, નકર દંડ થાશે હવે આમાં અમે મુંઝાણા છીએ. અમારૂં કોઇ સાંભળતું નથી. જેથી વિઠ્ઠલ અમારૂં સાંભળશે.

શ્રી ગુસાંઇજીએ તુરત માણસ મોકલીને ગામના રાજાને બોલાવ્યા (તે આપનો સેવક હતો) રાજા તુરત આવ્યા. ગામમાં પધારવા વિનંતી કરી.

શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી વિચારવા જેવી વાત છે. ત્રણ ત્રણ વરસથી દુકાળ પડે તો આ ખેડુતો પાસે શું હોય ? વિઘોટી કયાંથી ભરી શકે ? ખેડુતો રાજી રહે તેમ કરો.

રાજાએ વાત માન્ય રાખી.

ત્યાં પાંચમો બોલ્યો કે ખરૂં કામ તો હજુ બાકી રહી ગયું છે. હવે વરસાદ આવે એવું કાંઇક કરો.

શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી પ્રભુ બધું સારૂં કરશે. તમે વિશ્વાસ રાખો.

જવાબમાં પટેલીયા એકી સાથે બોલ્યા–પણ અમે કયાં પ્રભુને જોયો છે. અમે તો તમને જ ઓળખીયે. જે કાંઇ કરશે તે મારો વિઠ્ઠલ કરશે. વિઠ્ઠલ–વિઠ્ઠલ–વિઠ્ઠલ.

શ્રી ગુસાંઇજી ત્યાંથી ચાલી દ્વારકા તરફ પધાર્યા. થોડી જ વારમાં વરસાદ અંધરા ધાર ટુટી પડયો. બધાય ભીંજાય ગયા નદી નાળા ભરાઇ ગયા. હવે તો કાંઇક વિહામો ખાય તો ઘર ભેગું થવાય. આમ ખેડુતોનાં દુઃખનો અંત આવ્યો.

સમય બદલી ગયો. લીલીછમ મોલાત લહેરાવા લાગી. બધે આનંદ આનંદ છવાઇ ગયો હતો. વરસ સારૂં થતાં ખેડુતો વિઘોટી ભરવા ગયા. રાજાએ લીધી નહિ. અને દુકાળના ત્રણ વરસની વિઘોટી માફ કરી દીધી. ખેડુતો વિચારમાં પડી ગયા કે હવે શું કરવું ? આ આ તો ધર્મ સંકટ આવ્યું.

વળી પાછા તે જ ખેતરમાં આવી ધુન લગાવી દીધી, વિઠ્ઠલ–વિઠ્ઠલ–વિઠ્ઠ....લ' તું આવ અમારૂં કોઈ સાંભળતું નથી. જોગનજોગ શ્રી ગુસાંઇજી તે રસ્તેથી જ પધારતા હતા. પટેલીયા સામ દોડીને દંડવત્ કરતા બોલી ઉઠયા–વિઠ્ઠલ હવે ધર્મ સંકટમાંથી બચાવ.

શ્રી ગુસાંઈજીએ કીધું કે હવે તમારે શું દુઃખ છે ? વરસાદ સારો થયો, અન્નજળ ખુબ થયા છે, બધે લીલા લહેર દેખાય છે.

ત્યારે પટેલીયા એકી સાથે બોલી ઉઠયા કે ઇતો વિઠ્ઠલના પરતાપથી બધુંય સારૂં છે, પણ ધર્મ સંકટ એક આવ્યું છે.

શ્રી ગુસાંઇજી કહો, શું તમારૂં કહેવાનું છે, કેવું ધર્મ સંકટ ?

પટેલીયા જુઓ, વરસ સારૂં થયું, અમે વિઘોરી ભરવા ગયા, રાજાએ નો લીધી તો હવે આ દેણું અમારા માથે રહી જાય તો કયે ભવ છુટશું ?

શ્રી ગુસાંઇજી આમની પ્રમાણિકતા જોઇ બહુ જ ખુશી થયા અને રાજાને બોલાવ્યા.

રાજાએ આવી દંડોત પ્રણામ કર્યા શું આજ્ઞા છે મારા માટે.

શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી કે આ લોકો વિઘોરી દેવા માગે છે અને તમે કેમ લેતા નથી ?

રાજા તે દિવસે આપની આજ્ઞા માની મે તેની વિઘોરી માફ કરી દીધી છે. હવે મારાથી કેમ લઇ શકાય ? અન્યાયનું દ્રવ્ય તો બુદ્ધિ બગાડી નાખે.

શ્રી ગુસાંઇજીએ ક્ષણિક વિચાર કરી આજ્ઞા કે હવે હું કહું તેમ કરો આ રસ્તે વટેમાર્ગુ ઘણા આવે છે. રસ્તામાં પાણીનું પણ સાધન નથી. તો આ ત્રણ વરસના પૈસાનું અહીં સદાવ્રત બાંધો જેપી કરીને આવ્યા ગયાને જલપાન મળે.

આ વાત સાંભળી રાજા અને પ્રજા બન્ને ખુશી થયા. શ્રી ગુસાંઈજી ત્યાંથી આગળ પધાર્યા ખેડુતો એ ધુન લગાડી 'વિઠ્ઠલ–વિઠ્ઠલ વિઠ્ઠ....લ, જોયુંને મારા વાલાએ અહીં આવી અમારૂં દુઃખ ભાંગ્યું જે કાંઇ કરે તે મારો વિઠ્ઠલ કરે બીજો કોઇ અમારૂં સાંભળે નહીં.

આ સ્થળે સદાવ્રત બાંધેલ ઘણાં વરસ સુધી ચાલ્યું હતું વાદમાં બંધ થઇ ગયેલ છે.

આ પ્રસંગ બતાવે છે કે ભારતી સંસ્કૃતિ કેટલી ઇમાનદારીવાળી છે. ધાર્મિક શ્રદ્ધા કેટલી, ગુરૂ પ્રત્યેનો અટલ વિશ્વાસ તો આવાના કામ પ્રભુ કરે તેમાં નવાઈ નહીં. યથા રાજા તથા પ્રજા શાસન કર્તા જો ઇમાન-

દારીથી રાજ્ય કરે તો પ્રજામાં પણ એવા જ સંસ્કાર આવે.

અત્યારે શું ચાલી રહ્યું છે? મનુષ્ય માત્રની બુદ્ધિનીજી સ્વાર્થ તરફ દોડી જાય છે. ધર્મ, કર્મ બધું નેવે મુકીને અધર્મનો ડર રહયો નથી. યથા રાજા તથા પ્રજા પરંતુ તે પટેલીયા તો "વિઠ્ઠલ, વિઠ્ઠ....વિઠ્ઠ....લ જ ગાતા રહ્યા તેમની ભાવના ફળી વિઠ્ઠલ-વિઠ્ઠલ વિઠ્ઠ....લ.

ધર્મ કર્મ બધું નેવે મુકયું અધર્મ કરતાં બીતું નથી. જેવી જેવા રાજ્ય કર્તા, તેવી પ્રજા મોટા પાછળ નાના ચાલે.

(૧) રાગ-ભૈરવ

શ્રી વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહિ રે;
ઇન કે સંબંધ બિના દૃશ્યમાન વસ્તુ માત્ર,
તાકો તુ જિયમે કલેશ કહિ ચહિ રે. ૧

રસનાં ગુણરૂપકો નિશવાર કર,
યહ સુખ નિરંતર અહાર જૈસે લહિ રે;
શ્રી વિઠ્ઠલેશ કે શ્રીવલ્લભ કે પદકો,
પરાગ પાવે જહાઁ તિન કે તુ,
દાસ ન કો દાસ ભયો રહિ રે. ૨

(૨) વિઠ્ઠલેશ-પ્રભુનો ધ્વનિ

જય શ્રી વિઠ્ઠલે, જય જય શ્રી વિઠ્ઠલેશ;
વિઠ્ઠલેશ ! વિઠ્ઠલેશ ! વિઠ્ઠલેશ ! વિઠ્ઠલે ! ૧

કહેતાં સહુ જાય કલેશ, લેશ નવ રહે શેષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૨

અનુપમ ચરણાટ દેશ, પ્રગટયા દ્વિજવર સુવેષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૩

સ્તુતિ કરે શિવ-સુરેશ, કોણ માત્ર વિધિ ગણશે,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૪

પ્રગટયા રસઘન રસેશ, ખિટળિયા સોહે કેશ;
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, ! ૫

પ્રગટયા વ્રજ પતિ વ્રજેશ, અતિ સુંદર નવવ વેષ;
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૬

નોમિ તિથિ માસ પોષ, વિપ્ર કરે વેદ–ઘોષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૭

નંદ નંદન છે નિર્દોષ, ટાળે દુનિયાંના દોષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલે ! ૮

વલ્લભ સુત સુખદ કોષ, હરે ચિંતા ક્લેશ દોષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૯

પ્રગટ પ્રભુ વિઠ્ઠલેશ, પ્રગટયા 'વ્રજ–રત્ન' વેષ,
જય જય શ્રી વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ, વિઠ્ઠલેશ ! ૧૦

"વધાઇ"

વાણી વલ્લભગૃહે સેહેનાઇ પ્રગટયા શ્રી વિઠ્ઠલ વ્રજરાઇ પૂર્ણ પુરુષોત્તમ સુખદાઈ શ્રી વિઠ્ઠલનાથ ગુસાંઈ આવ્યા વૈષ્ણવજન હરખાઇ દેવા વલ્લભ ઘેર વધાઇ દે વલ્લભનંદન પ્રકટયા શ્રી નંદનંદન વ્રજરાઇ મુખચંદ્રની શોભા ન્યારી પુષ્ટિસૃષ્ટિ નિરખ હરખાઇ 'મહાપ્રભુ વલ્લભ અક્કાજી હો તુમકો વધાઇ વધાઇ'

પ્રા. એમ. આર. પાલેજા રાજપીપળા

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગન ઘાટવાળા**

(ગતાંકથી ચાલુ) **(હપ્તો દસમો)**

દિનેશ અમેરીકાથી આવી મળીને માશીનાં બધાં સમાચાર દીધા. માશીની ઇચ્છા છે અન્નકોટ ઉપર ઇન્ડિયા જવું છે. મમ્મી તને પણ સાથે જ ઇન્ડિયા આવવા કીધું જતાં પહેલાં બે દિવસ અત્રે લંડન આપણા ઘેરે રોકાશે. મમ્મી ! મારે પણ મારા પપ્પા હા પાડે ત્યારે જ જઇ શકાયને ! હું સમજું છું કે વધારે ત્યાં રોકાવું મારા માટે બનશે કે નહિ. અઠવાડીયાનાં સાત દિવસ તેમાં છ દિવસ તો મારે જુદે જુદે સ્થાને જવા આવવાનું હોય છે. ફક્ત એક જ દિવસ ઘરે રહેવાનું મળે છે. મમ્મી, જોશું હજુ તો વાર છે. અન્નજળ હશે તો જવાશે, વિચાર કર્યા કાંઈ કામ લાગતા નથી.

બીજે દિવસે ફ્રાંસ પહોંચી ગયો. ત્યાંના ખાસ એજન્ટ રસિકલાલ મોટા વેપારી છે. તેની સાથેનું કામકાજ પુરૂં કર્યું. કંપનીનો માલ બધો રસિકલાલ મારફત જ સપ્લાઇ થતો હતો. ફ્રાંસથી રવાના થવા ફોનથી ટાઇમ પૂછાવ્યો. જવાબમાં આજે લંડન જવાનું યાન બે કલાક પછી પણ હવામાન સારૂં હશે તો જ જશે, કદાચ કેન્સલ કરવું પડે અગર તો વહેલું મોડું જઇ પણ શકે. રસિકલાલે દિનેશને સમજાવી કહ્યું-ભાઇ તું કયાં મારા માટે નવો છો. હું તો રાજી થયો. ચાલ હવે ઘેર જઇએ. અત્યારથી એરોડ્રોમ ઉપર જઈ શું કરવું છે. જો ભાઇ દિનેશ ! તેં મારૂં ઘર પણ જોયું નથી. તને કયારેય ફુરસદ હોતી નથી. તારા બાપા તો મારી વાતને માન આપતા. તને મારે આટલું કહેવું પડે તે ઠીક નહીં. ડ્રાઈવર ગાડી લાવે ચાલો ઘરે જઇએ.

દિનેશને ન છુટકે ઘેર જવું પડયું. રસિકલાલ, દિનેશ આરામથી બેઠા. ચા નાસ્તા કરતા જાય, વાતો કરતા જાય દિનેશ તને ખબર નથી ત્યારે તું સાવ નાનો હતો. હું આજે શેઠ છું. તું જાણે છે. પણ ખરા અર્થમાં તારા દાદાની મહેરબાનીથી જ હું આટલો આગળ વધ્યો છું. હું ફ્રાંસ આવ્યો પણ જોઇએ તેવી ઉન્નતિ કરી શકયો. નહીં તારા દાદા સાથે મુલાકાત થઈ, તેણે મને પોતાની કંપનીના માલની એજન્સી દીધી. દુકાન અપાવી અને લાઇન બતાવી. ત્યારથી જ અમારી ઉન્નતિ થઈ. આજે તો બધી વાતથી સુખી છીએ. તે તારા દાદા તો ભાગ્યશાળી, તારા પપ્પા એ કામકાજ બધું સંભાળી લીધું હતું, તેવું જ તું અત્યારે સંભાળી રહ્યો છો. દાદા તો પાછલી જિંદગીનું સાર્થક કરવા શ્રી મદન મોહનજીની સેવાનો આનંદ લે છે. મારી ઘણી ઈચ્છા પણ કામ શું આવે ? અમારે પણ દેશમાં બસો વર્ષથી શ્રી ઠાકોરજી બિરાજે છે. વચ્ચે અમારો સમય નબળો આવી ગયો હતો. તે પસાર થઇ ગયો. મારો મોટો દીકરો અત્યારે પેરીસમાં છે. તે ત્યાંની દુકાનનું કામ સંભાળે છે. નાનો આ વર્ષે ભણી તૈયાર થશે. બન્ને દીકરા જ્યારે પુરેપુરૂં કામકાજ સંભાળશે ત્યાર પછી હું કાયમ ભારત રહેવા ઇચ્છું છું, વિચાર કરું છું. પ્રભુની ઈચ્છા હશે તેમ બનશે.

રસિકલાલને બે દીકરા, એક દીકરી હતી, રસિકલાલે જોયું કે જમવાનો ટાઇમ થઇ ગયો છે.

ઉષા (દિકરી)–પપ્પા હવે ચાલો ડાઇનીંગ બોલાવે છે. ટેબલ આસપાસ સૌ ગોઠવાય ગયા ઉષા મીઠું મીઠું બોલી એકથી એક વાનગી પિરસતી હતી. ઘરનાં નાના મોટા બધા વિવેકી અને મીલનસાર હતા. રસિકલાલે દિનેશને કહ્યું જો ભાઇ જરાપણ શરમાઈશ નહીં. તારા પપ્પા ઘણીવાર અત્રે આવતા. હું રોકી લેતો. અમને ખુબ આનંદ આવતો. તને પણ કહું છું, જયારે પણ અત્રે આવે ત્યારે આમ ઉતાવળ ન કરતો. જમીને જ જવું.

ઉષા શ્રી ઠાકોરજીનો પ્રસાદ લઇ આવી. દરેકને એક એક પેંડો અને કાજુના મેસુબની ટુક પિરસી દીધા.

ઉષાની મમ્મી વચ્ચે બોલ્યા, પ્રસાદની ના કહેવાય નહીં મહાપ્રસાદનો અનાદર ન થાય તું હજુ શરમાય છે. આ ઘર તો પોતાનું જ સમજી લે જે. મને ઘણીવાર તારા દાદા–દાદી યાદ આવે છે. તને જોઇને હું બહુ જ ખુશી થઇ છું. તારી મમ્મીને કહે જે કોક દિ તો ફ્રાંસ આવો ! ફરવા નિમિત્તે આવો તો વધારે સારૂં.

દિનેશને પુરા ઘરનાં માણસોનો પરિચય થયો. મનમાં તે ખુશી થયો. બહુ જ સંસ્કારી કુટુંબ છે, ભારતથી આટલે છેટે રહી મૂળ સંસ્કાર નિભાવી રહ્યા છે.

હવામાન સાફ થયું. દિનેશ ફ્રાંસથી રવાના થઈ લંડન જવા વિચાર કરે છે ત્યાં બે જણા આવીને રસિકલાલને જય શ્રીકૃષ્ણ કર્યા.

–ક્રમશ:

આ માસના ઉત્સવ

માગશર સુદ ૪ તા. ૧૦-૧૨-૯૧ મંગળવાર, ગો.ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૧૧-૧૨-૯૧ બુધવાર, શ્રી મદનમોહનજી (કામવન)નો પાટોત્સવ.

માગશર સુદ ૭ તા. ૧૩-૧૨-૯૧ શુક્રવાર, શ્રી ગુસાંઇજીના ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજી (સં. ૧૬૦૮)નો પ્રાકટયોત્સવ. અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૧૪-૧૨-૯૧ શનિવાર, શ્રી ગોવર્ધનેશજી મહારાજકૃત સાતસ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૧૫-૧૨-૯૧ રવિવાર, શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ. ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો સ્મરણદિન. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૦ તા. ૧૬-૧૨-૯૧ સોમવાર. ધનુર્માસનો આરંભ.

માગસર સુદ ૧૧ તા. ૧૭-૧૨-૯૧ મંગળવાર, મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ. ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)ના જન્મદિન.

માગસર સુદ ૧૫ તા. ૨૧-૧૨-૯૧ શનિવાર. શ્રી નાથજીનો છપ્પન ભોગ. શ્રી બલદેવજીનો ઉત્સવ, ગોપમાસ સમાપ્તિ.

માગસર વદ ૧ તા. ૨૨-૧૨-૯૧ રવિવાર. ગો. ચિ. શ્રી દાઉજી-રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૨૪-૧૨-૯૧ મંગળવાર. ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુંબઈ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૬-૧૨-૯૧ ગુરુવાર. ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજ શ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૨૭-૧૨-૯૧ શુક્રવાર. ગો. શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૨૮-૧૨-૯૧ શનિવાર. હેમંતઋતુ પૂરી થઈ, ગો. ચિ. શ્રી પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગસર વદ ૯ તા. ૨૯-૧૨-૯૧ રવિવાર. શ્રીમદ્ વિઠ્ઠલનાથજી-શ્રી ગુસાંઇજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઇ મહાવદ ૪ સુધી.

માગસર વદ ૧૦ તા. ૩૦-૧૨-૯૧ સોમવાર ગો. રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૩૧-૧૨-૯૧ મંગળવાર. સફલા એકાદશી વ્રત, શ્રીને ફલનો ભોગ ધરવો, દશમ તથા એકાદશીના રોજ બાળલીલાના પદ.

માગસર વદ ૧૨ તા. ૧-૧-૧૯૯૨ બુધવાર. લલિત પંચમના પદની શરૂઆત કરી મહા સુદ ૫ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય, ગો. શ્રી વલ્લભજી મહારાજ શ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

માગસર વદ અમાસ તા. ૪-૧-૯૨ શનિવાર. શ્યામઘટા, ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ હ. તેમના પરિવારના રાજકોટના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

પુષ્ટિમાર્ગીય ભક્તિ નિષ્કામ (કોઇ પણ જાતની ઇચ્છા વિના) નિરૂપાધિક (કોઇ પણ જાતની ઉપાધિ–લક્ષણો–માગણીઓ–શરતો) વગરની હોય છે. સ્વયં ભગવાનની કૃપા જ પુષ્ટિ જીવના હૃદયમાં ભક્તિનું રૂપ ધારણ કરી લે છે. ભગવાનની કૃપા કંઇ જીવે કરેલાં સાધનો ઉપર આધાર રાખતી નથી. એ તો કોઇ પણ જાતના હેતુ વગર જ પ્રકટ થાય છે. જે જીવમાં એ (ભગવત્ કૃપા) બીજ ભાવના રૂપમાં અસ્તિત્ત્વમા હોય છે એ જીવમાં એ પ્રેમ, આસક્તિ, વ્યસન તથા અલૌકિક સામર્થ્યના રૂપમાં અંકુરિત, પલ્લવિત, પુષ્પિત તથા ફલિત થવાની જુદી જુદી અવસ્થાઓમાં 'પુષ્ટિ ભક્તિ' એ શબ્દથી ઓળખવામાં આવે છે.

ભગવદ્ અનુગ્રહને જ આ કારણને લીધે દિશા ભેદથી (કોના તરફ) એ વહે છે. એવા જુદા દૃષ્ટિકોણથી, પુષ્ટિ તથા પુષ્ટિ ભક્તિ કહેવામાં આવે છે. એ કૃપા જ્યારે ભગવાન તરફથી ભક્તની દિશામાં વહે છે ત્યારે તેને આપણે પુષ્ટિ કહીએ છીએ અને જ્યારે જીવના હૃદયથી પ્રતિબિંબિત (પરાવૃત્ત) થઇને પાછી દિશામાં અગ્રેસર (વહેતી) થાય છે ત્યારે તેને આપણે "પુષ્ટિ ભક્તિ" કહીએ છીએ. કોઇ જાતના કારણ વગર જ જ્યારે ભગવાન કોઈ એક જીવની ઉપર પોતાની કૃપા યાને પુષ્ટિ વર્ષા કરે છે અને એ કૃપાની વૃષ્ટિ હૃદયના પ્રદેશમાં સમાઇ નથી શકતી ત્યારે ઉચ્છલિત થઇને (એટલે છલકાઇ જઇને ઉભરાઇ જઇને) પુષ્ટિ–ભક્તિની સરિતા (નદી)ના રૂપમાં વહેવા લાગી જાય છે. એજ કૃપાના સાગર પરમાત્માની તરફ કે જ્યાંથી પ્રકટીને કૃપાના મેઘ જીવ પર વરસ્યા હતા !

આથી જેમ કૃપાની પહેલાં ન કોઇ શરણનુ અસ્તિત્ત્વ છે અને કૃપા થયા પછી ન કોઈ હેતુનું પ્રયોજન પણ એવી જ રીતે પુષ્ટિ–ભક્તિની પુર્વે ન કોઇ કારણનું અસ્તિત્ત્વ છે તેમજ પુષ્ટિ ભક્તિ થયા પછી ન કોઇ હેતુ કે પ્રયોજન પણ–માત્ર અનુગ્રહ (એટલે કૃપા) જ ભક્તના હૃદયથી પરાવૃત્ત પ્રતિબિંબિત થઇને પુષ્ટિ ભક્તિ બની જાય છે (તેથી જ સુબોધિનીજીના ૧–૧૧–૧૬ માં કહ્યું છે "સ્નેહ જુદો પદાર્થ છે....એ ભગવાનમાં જ નિષ્ઠાવાળો હોય છે. ભગવાનને વિષય (બાબત) બનાવનારો (એટલે કે ભગવદ્ વિષયક) અથવા તો જ્ઞાનની જેમ યાતો ઐશ્વર્યની જેમ ભગવાન સાથેના સંબંધને લીધે તેની સાથે નિકટપણાને લીધે બીજે સ્થળે પણ હોય એમ ભાસે છે (લાગે છે) ઉષ્ણ (ગરમ) સ્પર્શની માફક જેમ જેમ ભગવાનની સાથે નિકટના (સમીપના) સધાતી જાય છે તેમ તેમ સ્નેહ અતિશય પ્રકટે છે.')

કુદરતી (એટલે સ્વાભાવિક) રીતે જ પ્રવાહ માર્ગમાં હોય છે તેવી આ લોક સંબંધી

પુરૂષાર્થ-અર્થ તથા કામની સિદ્ધિની કામના (ઇચ્છા) અથવા તો મર્યાદા માર્ગમાં હોય છે તેવી ધર્માર્થ કામ મોક્ષરૂપ પુરુષાર્થોની સિદ્ધિની કામના (ઇચ્છા) પુષ્ટિમાર્ગીય જીવના હૃદયમાં ચિરસ્થાયી નથી બની શકતી. એવા પુષ્ટિભકતોના પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અથવા મોક્ષનું સ્વરૂપ, અન્યમાર્ગીય પુરુષાર્થોથી જુદા લક્ષણો ધરાવતું હોય એ સ્વાભાવિક જ છે.

શ્રીમહાપ્રભુજીએ આ ચતુઃશ્લોકીમાં પુષ્ટિ ભક્તિમાર્ગીય પુરુષાર્થોનું વિલક્ષણ (જુદાં લક્ષણો ધરાવતું) રૂપ આપણને સમજાવ્યું છે. ચતુઃશ્લોકી ગ્રંથના આ ચારેય શ્લોક શ્રીમદ્ ભાગવતમાંની વૃત્રાસુર ચતુઃશ્લોકીના પણ ચાર શ્લોકોમાં આ જ પુષ્ટિમાર્ગીય ચાર પુરુષાર્થાનુસ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવેલુ છે. શરૂઆતના ત્રણ શ્લોકો ઉપર શ્રી પ્રભુચરણની વિવૃત્તિ (વિવરણ-ટીકા) ઉપલબ્ધ થાય છે. (એટલે મળી આવે છે તથા છેલ્લા શ્લોક ઉપર શ્રી મહાપ્રભુ વિરચિત વિવૃત્તિ મળી આવે છે આ છેલ્લા શ્લોકની વિવૃત્તિની શરૂઆતમાં શ્રી મહાપ્રભુજીએ એક સંગ્રહ શ્લોક આપ્યો છે.

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં, ધર્માર્થો હરિરેવ હિ ।
કામો હરિદિદક્ષૈવ, મોક્ષો કૃષ્ણસ્યચેદ્ ધ્રુવમ્ ॥

અર્થ : શ્રી હરિનો દાસ હોવાનું જ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. પુષ્ટિભકતોના અર્થ (ધન-દોલત) સ્વયમ્ શ્રીહરિ જ છે. શ્રીહરિના દર્શનની કામના જ પુષ્ટિમાર્ગીય કામ (ઇચ્છા) છે. તથા સર્વાત્મથી શ્રીકૃષ્ણના જ બની જવું એ જ પુષ્ટિભકતનો મોક્ષ છે.

આ જ સૂત્રનું ભાષ્ય વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં તથા આ શ્રી મહાપ્રભુજી વિરચિત ચતુઃશ્લોકીમાં પણ આપણને મળે છે.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની સાથે જીવનો સંબંધ રસાત્મક હોય છે. રસમીમાંસામાં રતિસ્નેહના સંયોગ તથા વિયોગ એવા બે પત્ર માનવામાં આવ્યા છે. તેથી ભકિતમાર્ગમાં ભગવાનની અનુભૂતિ (સાક્ષાત્કાર) જ્યારે સંયોગ અથવા વિયોગમાંથી કોઇપણ એક પ્રકારની હોય છે તો એ અનુભૂતિ અપૂર્ણ માનવામાં આવતી હોય છે. આ જ કારણથી તેને ભકતની સાધન અવસ્થા પણ માને છે. રસ તો દ્વિદલ (બે દલ એટલે બે ફાડ-બે પડવાળો) છે. તેથી સંયોગ તથા વિયોગ એ બન્ને (અવસ્થાઓ)માં જ્યારે ભગવાનની અનુભૂતિ (સાક્ષાત્કાર) થવા માંડે તો ફલાવસ્થા માનવામાં આવે છે. એ પ્રમાણે ધર્મ તથા કામની સિદ્ધિ સાધનાવસ્થાનો પરિપાક (નું પરિણામ ફળ) છે. અને અર્થ તથા મોક્ષની સિદ્ધિ ફલાવસ્થા છે. કારણ કે ધર્મમાં વ્રજાધિપના ભજનમાં કેવળ સંયોગનો અનુભવ થાય છે તથા કામમાં હરિદર્શનની (તીવ્ર) ઇચ્છામાં કેવળ (માત્ર) વિયોગનો અનુભવ થાય છે. જ્યારે અર્થ-ભગવાનનું રસાત્મક સ્વરૂપ તો દ્વિદલાત્મક (એટલે કે બે પડ ધરાવતું) જ છે, તેથી મોક્ષ-ભગવાનના ભજનમાં સંયોગનો અનુભવ તથા ભગવાનના સ્મરણમાં વિયોગનો અનુભવ જ્યારે નિરંતર (હમેશાં સતત ચાલુ) અથવા તો ક્રમશઃ (એક પછી એક ક્રમમાં એટલે પગલે પગલે) થવા માંડે તો ભગવાનની રસાત્મિકા (રસ છે આત્મા જેનો તેવી એટલે સંપૂર્ણ રસથી ભરેલી) અનુભૂતિ પોતાની પૂર્ણ અવસ્થાએ પહોંચી જાય છે. પુષ્ટિભકતને તેનો મોક્ષ મળી જાય છે.

—ક્રમશઃ

શ્રી સર્વોત્તમ પદ

નિ. લી. પુ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. ‘વ્રજ’ ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૬૭. પારલૌકિક હિકદાન કૃતરૂપ.

ઐહિક પારલૌકિક કે દાતા;
પુરત મનોરથ ભકત કે મધુપતિ યહલોક પરલોક સુખ વિખ્યાતા. ૧
જૈસો ભાવ તૈસો તાહી ફલ, કીયે, અંગીકૃત ગહી નિજ હાથા;
ભુતલ આય દૈવીન સુખદીનો, વિવિધભાંતિ રસરીત સુહાતા. ૨
પુરત છીન છીન આસા પ્રભુજી, શ્રી પ્રથમેશ જીવન કે દાતા;
દેત હે લીલાધામ આપનો કહા બરનો “વ્રજપતિ” કી બાતા. ૩

૬૮. નિગુઢ હૃદયોરૂપ

અંતઃકરન જાકે ગૂઢ અપાર;
પાર ન પાવત કોઉ તીનકો, બ્રજ ચર–અચર સબ કે કર્ણધાર. ૧
દર્શન હોત અનન્ય દાસકોં, પહુંચત હે વહ પહલે પાર;
દેત કૃપા કર “વ્રજ” કે વલ્લભ, પ્રથમ ઇસ સબરસ સુખસાર. ૨

૬૯. અનન્ય ભકતેષુજ્ઞાપિતાશય રૂપ

નિજજનકોં હિય હેતુ જનાવત;
પ્રેમ લક્ષણા રસકી રીતિ જો, અપને ઉર અંતર ભાવત. ૧
મગ્ન રહત અંતરાનંદ કેલી, વ્રજ લીલા સુખસાર કહાવત;
બીન અંતરંગ કોઉ જાનત નાહી, ‘વ્રજ’ વલ્લભ પ્રથમેશ ઉર લાવત. ૨

૭૦. ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધ મોહ નિવારક રૂપ

મુગ્ધ જીવન કે મોહ નિવારક;
જ્ઞાન ઉપાસન કર્મકાંડમેં, રચે પચે મુગ્ધોં કે ઉદ્ધારક. ૧
રાહ બતાઈ પરમ તત્ત્વ કી, અચ્યુત અભય લોક સુખકારક;
“વ્રજ” કે વલ્લભ અનેક જીવ ઉદ્ધરે, શ્રીપ્રથમેશ ચરનરજ તારક ૨

–ક્રમશ :

પુસ્તક પરીચય

ગીતા ગુંજન

લેખક-શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
પ્રકાશક-વિદ્યાનિધિ (ટ્રસ્ટ) 'વ્રજ વિહાર' મોટી પોળ. મોદી સંથ, નડીઆદ-૩૮૭૦૦૧
પૃષ્ઠ સંખ્યા-ક્રાઉન ૧૬ પેઈજી ૮૮+૪૪૮+૧૦=૫૪૬
રેકઝીન મઢેલ પાકું પુંઠુ અને 'ગીતા ગુંજન' ચિત્રવાળું લેમીનેશન આવરણ.
ન્યો. રૂા. ૭૦/- પોસ્ટેજ રૂા. ૧૨

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતે પ્રસ્થાન ચતુષ્ટય-

વેદા : શ્રી કૃષ્ણવાકયાની, વ્યાસ સૂત્રાણિ ચૈવહિ ।
સમાધિભાષા વ્યાસસ્ય. પ્રમાણં તચ્ચતુષ્ટમ ॥

આમાં 'શ્રી કૃષ્ણના વાકય' એટલે ભગવદ ગીતા પ્રમાણ ગ્રંથરૂપે સ્વીકારેલ છે. આજ હજારો વર્ષ થયા જગતના માનવ માત્રમાં અત્યંત પરિચયમાં આવેલો કોઈ મહત્વનો ગ્રથ જો કહીએ તો માત્ર શ્રીમદ્ ભગવદ્ ગીતા છે. આ ગ્રંથ ઉપર જગતની લગભગ તમામ ભાષામાં ભાષાંતર-ટીકા-ભાષ્ય લખાયેલ ઉપલબ્ધ છે. પરંતુ તેના મહાત્મ્યનું વાણી દ્વારા વર્ણન કરવાનું કોઈનામાં સામર્થ્ય નથી, કેમકે આ એક પરમ રહસ્યમય ગ્રંથ છે તેનો આશય એટલો ગંભીર છે કે આજીવન નિરંતર અભ્યાસ કરતા રહેવાથી પણ તેનો અંત આવતો નથી. પ્રતિદિન નવા નવા ભાવ ઉત્પન્ન થતા રહે છે. આ એક એવો અનુપમ ગ્રંથ છે કે જેનો એક પણ શબ્દ સદ્ ઉપદેશ વગરનો નથી. મનુષ્ય માત્રને ઉપયોગી છે

આવા અનુપમ શાસ્ત્ર-ગ્રંથના શ્લોક અને તેના શબ્દે શબ્દને શ્રીમદ્ ભાગવતના શ્લોકો-શબ્દો સાથે સમન્વય દર્શાવેલ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવતજીને શ્રીમદ્ ગીતાજીના ભષ્યરૂપે ચેથા પ્રમાણ તરીકે સ્વીકારેલ છે, એ દ્રષ્ટિએ લેખકશ્રીએ અથાગ પરિશ્રમ લઈ બન્ને ગ્રંથોનાં શ્લોકો-શબ્દોનો સમન્વય કરી સરળ શૈલીમાં લખેલ છે.

ધાર્મિક સાહિત્ય જગતમાં આવો અમૂલ્ય ગ્રંથ ઉમેરાતા માનનીય લેખકશ્રીને તથા આ ગ્રંથ સર્જનમાં નિમિત્ત (ગીતાજીના નિમિત્ત અર્જુન) બનનાર ભાવિક સજ્જનોને હાર્દિક અભિનંદન.

આ પુસ્વક હિંદી ભાષામાં લખાયેલ છે જેથી સર્વજન-સર્વદેશીય ઉપયોગી નિવડશે તેવી શ્રદ્ધા છે.

શ્રી પ્રથમેશજી ચરીતામૃત પર અભીપ્રાય

સંપ્રદાયના મહાન પ્રતાપી આચાર્ય, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના પ્રેરક તથા સ્થગિત થઈ ગયેલી સોમયજ્ઞોની પરંપરાને પુનઃ શરૂ કરનાર પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના જીવન-કવન અંગેની માહિતી આપતું આ પુસ્તક છે.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી પ્રથમેશજીના વચનામૃતો, આપશ્રીનાં જીવન ચરિત્રને પ્રકાશિત કરતો લેખ, આપશ્રી સંબંધી ધોળ, પદ, વધાઈ વિ વિસ્તૃત સાહિત્ય આ પુસ્તકમાં સમાવિષ્ટ કરેલુ છે

ઉપરાંત આપશ્રીના યજ્ઞોપવિત, લગ્ન પ્રસ્તાવ, સંગીત સભા સમયના તથા આપશ્રીના શ્રી યશોદાજી સ્વરૂપના અલભ્ય ફોટાઓ પણ આ પુસ્તકમાં આપેલા છે.

આ રીતે શ્રી પ્રથમેશજીના જીવન ચરિત્ર ઉપર આ પુસ્તકમાં સુંદર રીતે આલેખન કરવામાં આવ્યું છે. સંપાદકશ્રીએ લીધેલો શ્રમ દેખાઈ આવે છે "શ્રી વલ્લભ સુધા" માસિકના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવામાં આવેલું છે.

બાબુભાઈ વી. સવાણી
સંપાદક
સત્સંગ-અમરેલી

શ્રધ્ધાંજલી

રસિક ભક્ત કવી શ્રીદયારામભાઈના પટ્ટ શિષ્ય શ્રી રણછોડજી જોષીના પ્રપૌત્ર અને 'શ્રીવલ્લભ સુધા' ના આદ્ય સંપાદક પ. ભ. પ્રો શ્રી જીવણલાલ છગનલાલ જોષી તા. ૧૯-૧૧-૯૧ મંગળવારે રાજકોટ ખાતે શ્રી હરિ શરણ થયાં. તેઓ ૮૧ વર્ષના હતાં.

તેઓશ્રી એમ. એ., એલ એલ બી. એડવોકેટ અને રાષ્ટ્રભાષા કોવિદનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી પ્રથમ વડોદરામાં અને ત્યારબાદ રાજકોટની પ્રસિધ્ધ માતુશ્રી વિરબાઈમાં મહિલા કોલેજમાં હિંદી વિભાગના વડા પ્રોફેસર તરીકે ઉજ્જવળ કારકિર્દિ બજાવેલ.

પ્રો. જીવણભાઈ અને એમના પૂર્વજોએ ભક્ત કવીશ્રી દયારામ ભાઈના સાહિત્યના પ્રચાર અને પ્રકાશન માટે સમગ્ર જીવન ભાવપૂર્ણ કાર્ય બજાવેલ. શ્રી દયારામભાઈના પોતાના હસ્તાક્ષરે લખાએલ તેમજ તેમના લહીઆઓએ શ્રી દયારામભાઈની ઉપસ્થિતીમાં લખેલ વિપુલ સાહિત્યનો અમર વારસો પ્રો જીવણભાઈને તેમના પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલ અને તેનું સુંદર સંપાદન તથા સુરક્ષા તેમણે બહુજ જતનપૂર્વક કરેલ.

પ્રો જીવણભાઈ શ્રી દયારામ ભાઈના જીવન અને સાહિત્યને શુધ્ધ સ્વરૂપે રજુ કરવા આજીવન પ્રયત્નશિલ રહેલ અને શ્રી દયારામ ભાઈના જીવનની વિવિધ બાજુઓ દર્શાવતું પુસ્તક ત્રણ ખંડમાં લખેલ છે. તેઓ રાષ્ટ્રભાષામાં અને અંગ્રેજીમાં પણ શ્રી દયારામ ભાઈના જીવન અને કવન અંગે લખવા ઈચ્છા ધરાવતાં હતાં. અને ઘણાએ પદો ગરબીઓ તે ભાષામાં ઉતારવા પ્રયત્નશીલ હતાં.

રાજકોટથી આં.રા.પુ.વૈ પરિષદ દ્વારા પ્રકાશિત થતાં 'શ્રી વલ્લભ સુધા' માસિક પત્રનું મુખ્ય સંપાદક પદ તેમણે પ્રારંભથી જ પૂ પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞાથી સ્વીકારેલ અને સમયે સમયે શ્રી દયારામભાઈની અનેક અપ્રકટ રચનાઓ સર્વપ્રથમ શ્રી વલ્લભ સુધામાં પ્રકટ કરવા આપતાં તથા સંપાદક મંડળને અમૂલ્ય સલાહસુચનો આપી શ્રી વલ્લભ સુધા' માસિક પત્રને સંપ્રદાયમાં એક આગવું લાક્ષણિક સ્થાન અપાવવામાં તેમણે અમૂલ્ય ફાળો આપેલ છે

તેમના શ્રીદયારામ ભાઈ વિષેના અનેક લેખો, અનુગ્રહ, વૈશ્વાનર, ગુજરાતી શ્રી વલ્લભ સુધા વગેરેમાં પ્રકટ થયાં છે તેઓ એક સારા કવી અને લેખક હતાં તેમનું પ્રકટ સાહિત્ય (૧) વિનયબત્રીસી (૨) કૌતુક રત્નાવલી અને પિંગલ સાર (૩) દયારામસાગર લહેરી (૪) દયારામ વાંકય સુધા (૫) દયારામ કાવ્ય મણીમાલા ભા. ૧થી૬ (૬) દયારામ કાવ્યામૃત (૭) દયારામ રસધાર ભા. ૧થી૭ તથા ૯

શ્રીમદ્‌વલ્લભ અને વલ્લભીયજનોમાં અનન્ય અનુરાગ ધરાવતાં અનન્ય સાહિત્ય સેવી મનિષીનો તો શ્રી નિકુંજનાયક શ્રી ગોવર્ધન નાથજીના ચરણકમલોમાં સદાવાસ થયો પરંતુ સંપ્રદાયને જે નિષ્ઠાવાન વિદ્વાન નીક્ષતિ થઈ છે તે અપૂરણિય છે.

'શ્રી વલ્લભ સુધા' સંપાદક પ્રકાશક મંડળના તો તેઓ વડિલ અને માર્ગદર્શક હતાં અને છેલ્લે સુધી અમોને પ્રેરણા પુરી પાડતાં રહ્યા છે તેમની ખોટ ન પુરી શકાય તેવી છે.

રાસેશ્વર શ્રી નિકુંજનાયક, સલુણા, શ્રી શ્યામસુંદર અને શ્રી શ્યામજુના યુગલચરણોમાં તેઓ સદા રસ મસ્ત રહે તેવી અભ્યર્થના.

ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા
પ્રમુખશ્રી વ. વિ. પ્રકાશન સમિતિ

રવજીભાઇ પ. પટેલ
તંત્રી-સંપાદક શ્રી વલ્લભ સુધા

સમાચાર

શ્રીવલ્લભ સત્સંગ મંડળ રાજકોટ દ્વારા આયુર્વેદિક નિદાન કેમ્પ

રાજકોટમાં શ્રીમુકુદ ભુવન, ૬, જયરાજ પ્લોટમાં બિરાજતાં ગો. શ્રી ૧૦૮ શ્રી રવિન્દ્રબાવાશ્રી [માંડવી વાળા] ની આજ્ઞાથી શ્રીવલ્લભ સત્સંગ મંડલ દ્વારા પ્રસિદ્ધ નાડી વૈદ્ય–અમદાવાદ આયુર્વેદ કોલેજના ભૂતપૂર્વ પ્રીસીપાલ વૈદ્યશ્રી ઘનશંકરભાઇ પંડીત તથા તેમના સુપુત્ર નાડી વૈદ્ય શ્રી પ્રકાશભાઇ પંડીતની માનાર્હ સેવાથી એક નિ:શુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન તા. ૨૯-૯-૯૧ રવીવારે રાજકોટનાશ્રી જશુબાઇ મંડાણ ખાતે યોજાએલ.

પૂ પા. ગો શ્રી રવિદ્ર બાવાશ્રીએ મંગલાચરણ શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ કરાવી સવારે ૯ વાગે દીપ પ્રકટાવી આ કેમ્પનું ઉદ્દઘાટન કરેલ.

આ કેમ્પમાં વિવિધ પ્રકારના જટીલ દર્દોના ૪૨૫ જેટલા ભાઇ બહેનોએ પોતાના રોગનું નિદાન કરાવેલ. બંને વૈધરાજે પ્રથમથી નોંધાએલ દર્દીઓ ઉપરાંત વધારાના અનેક દર્દીઓને રાત્રીના સાડા નવ વાગ્યાં સુધી તપાસી નિદાન કરી આયુર્વેદિક દવાઓના ઉપચાર, લખી આપી પથ્યાપથ્યની ભલામણો વગેરે કરેલ.

વૈષ્ણવોના મનના અને તનના તાપ દૂર કરવા પુ. પા. શ્રી રવિદ્ર બાવાશ્રીએ અત્યંત પરિશ્રમ લઈ કાર્યકર્તાઓને પ્રેરીત કરી આ વિશેષ આયોજન કરાવેલ અને સુવ્યવસ્થિત સંચાલન માટે સ્વય સતત બિરાજી ઉત્તમ માર્ગદર્શન આપેલ.

આ કેમ્પમાં ગરીબ–તવંગરના ભેદ ભાવ વીના તમામ વર્ગના લોકોએ સુપ્રસિદ્ધ વૈદ્યરાજની અમૂલ્ય સેવાઓનો લાભ લીધેલ આ કાર્ય નિમીત્તે કોઈપણ પાસેથી એક પણ પૈસાની દ્રવ્ય સહાય લેવાઈ નહીં તે આ કેમ્પની વિશિષ્ટતા હતી.

રાજકોટ : અત્રે બિરાજતાં પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના તૃતિયલાલજી પૂ. પા. શ્રી ગોપીકાલંકાર બાવાશ્રીના મનોરથરૂપ આપશ્રીની આજ્ઞાથી શ્રી મદનમોહન યુવક મંડળ દ્વારા શ્રી નામ-રત્ન' ગ્રંથનું પ્રકાશન થયું.

શ્રી ગુસાઇજીના ૧૦૮ અલૌકિક નામો શ્રી ગુસાંઈજીના પંચમકુમાર શ્રી રઘુનાથજીએ પ્રકટ કરેલ છે. અને તેમના પર ગો શ્રી દેવકીનંદનજી મહારાજ કૃત ટીકા વિવરણ મુળ સંસ્કૃતમાં અને તેનો ગુજરાતી અનુવાદ સહિત આ પુસ્તકમાં શ્રી ગુંસાઈજી અને સાતસ્વરૂપોના સુંદર ઓફસેટ પ્રિન્ટેડ ૩ ચિત્રજી સહિત ડીલકસ આવૃતિ પ્રકાશિત થયેલ છે.

આ પુસ્તકનું વિમોચન પૂ. પા ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પૂ પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ જૂનાગઢવાળાના કરકમળો દ્વારા કરવામાં આવેલ આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી તથા પુ. પા. ગો. શ્રી ગોપિકાલંકાર બાવાશ્રી ઉપસ્થિત રહેલ પૂ. અધ્યક્ષશ્રી તથા સર્વે બાલકોએ સુંદર પ્રેરક વચનામૃતો કરેલ. આ પુસ્તક વિનામૂલ્યે માત્ર પૂ. પા. ગો. શ્રી ગોપિકાલંકાર બાવાશ્રીની આજ્ઞાથી મલી શકશે

ગોંડલ-પૂ પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાખશ્રીના (કોટા–કડીવાળા)નો જાસો સુદ ૧૦ તા. ૧૮-૧૦-૯૧ ના રોજ આપશ્રીના નિવાસ સ્થાન "ભગવદાશ્રય"માં ઉજવાયેલ હતો.

સવારના માર્કંડેય પૂજન, પલના, નંદ મહોત્સવ, સાંજના પાંચ વાગ્યે બહેનોના રાસ ગરબા તથા આપશ્રીના વચનામૃત થયેલ રામના–વધાઈ કીર્તન તથા ઢાઢીલીલાનો કાર્યક્રમ યોજાયેલ હતો.

આ અલૌકિક પ્રસંગે સ્થાનિક તેમજ બહારગામથી હાજર રહેલ ૫૦૦ વૈષ્ણવોએ પ્રસાદ લીધેલ

શ્રી ગોકુલનાથજીનું ધોળ

સુંદર વહાલો અતિ મનોહર. શ્રી ગોકુલનો નાથ રે;
કેસરતિલક સોહામણું ને, અતિ છોગાળી પાઘ રે. ૧.

પુષ્પમાલા ભલી ભાવતી જીરે, કુંડલ ઝલકે કાન રે;
મરકલડે મુખ જોવંતાજીરે, લોચન કમલ સમાન રે. ૨.

શ્રી ગોકુલની શેરડીએ જીરે, પધાર્યા પ્રાણેશ રે;
રૂપતણું હું શું કહું, પુરૂષોત્તમ પ્રગટેશ રે. ૩.

લલિત ત્રિભંગી વાલમોજીરે, રાસ વિહારી નાથ રે;
જુવતિજનના જુથમાં, વહાલો હસી પૂછે વાત રે. ૪.

વ્રજ સુંદરીનો વાલમો, સદા અબલાની પૂરે આશ રે;
દ્વિજરૂપે પ્રાગટ હુલા વાલો, નિગમની પૂરી આશ રે. ૫.

નંદજીને ઘેરે નાના હતાં, ત્યારે ધરીઓ શ્રી ગોવર્ધન રે;
ચઉદલોક આનંદીયાજીરે, જય જય શ્રી ગોકુલચંદ રે- ૬.

નિર્ભય તિલક માલા ધરી, ત્યારે વર્ત્યો જય જય કાર રે;
ઉન્માર્ગી અળગા કરીને, રાખી વેદ મર્યાદ રે. ૭.

શ્રી વિઠ્ઠલજીનો લાડીલોજીરે, રાખ્યો સર્વસ્વ ધર્મ રે;
સોરમમાં પધાર્યા ને, રાખ્યા વૈષ્ણવ જન રે. ૮.

ચંચલ ચાલ સોહામણી રે, સુંદર વર સુકુમાર રે;
પૂરણ પ્રીતે પામીયા, શ્રી વિઠ્ઠલજીનો લાલ રે. ૯.

વહાલાજીનું વદન નિહાળતાં, મારી પલક ન પાછી થાય રે;
ચરણારવિંદથી ચળું નહિ, અવર ન જાચું જાય રે. ૧૦.

'માધવદાસ' માગે સદા, મારું માગ્યું આપો મારા નાથ રે;
વૈષ્ણવજન વ્હાલા સદારે, શ્રી ગોકુલમાં વાસ રે. ૧૧.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી [illegible] ॥



[illegible]

[illegible] સુરાઈ ।
[illegible] છિપાઈ ;
[illegible] જોગત, એક [illegible], [illegible]
[illegible] કાહે કો કરત [illegible] ;
[illegible] કમલ ચિત [illegible] .

—[illegible]

[illegible]

[illegible] જાન્યુઆરી, [illegible]

[illegible]

[illegible] રૂ. [illegible]

[illegible],
[illegible]

"શ્રી વલ્લભ સુધા"નું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર દ્વારા સ્વીકારાય છે.

૧ અનીડા (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨ અમરેલી
શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩ અમદાવાદ
અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલનગર, એલિસબ્રીજ

૪ ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ

૫ કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/o શ્રી કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ. ૧લે માળે
૫૫, કેનીંગ સ્ટ્રીટ

૬ કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭ જામનગર
શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો

૮ જુનાગઢ
૧ શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
  C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
  શ્રી નાથજી ચેમ્બર્સ, દાણાપીઠ
૨ શ્રી પોપટલાલ જમનાદાસ
  બી/૨ રવિ-કિરણ એપાર્ટમેન્ટ
  જલારામ સોસાયટી
૩ શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
  'ગીતાંજલિ" ગોકુલ સોસાયટી
  લોઢીયાવાડી પાછળ

૯ જેતપુર
૧ શ્રી પોપટલાલ રામજીભાઇ મરજાદી
  પાણી શેરી, ઝવેરી રમણિકભાઈના મકાનમાં
૨ શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
  મતવા શેરી
૩ સોની છોટુભાઈ ભીમજીભાઈ
  કાલિંદી જ્વેલર્સ; કણકીયા પ્લોટ

૧૦ ધોરાજી
૧ શ્રી દિનકરભાઈ વી. લાઠીગરા
  વીશી પ્લોટ
૨ શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
  શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૧ ધ્રાંગધ્રા
શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શક્તિમાતાના મંદિર સામે

૧૨ પોરબંદર
શ્રી જયતિલાલ મુળજીભાઈ રાજાણી
લીબર્ટી રોડ

૧૩ પાચપીપળા
મરજાદી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪ મુંબઈ
૧ આં.રા.પુ. વૈષ્ણવ પરિષદ મુંબઈ શાખા
  સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે
  ૬૧ આત્મારામ મરચન્ટ રોડ, ભૂલેશ્વર
૨ શ્રી ભોગીલાલ રમણભાઈ શાહ
  ૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન, ૧લે માળે
  વિલે પાર્લે (પશ્ચિમ)

૧૫ મોટાભાદરા
૧ પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
૨ પોંકીયા સુરેશભાઈ ગોવિંદભાઈ

૧૬ મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪, ખત્રીવાડ

૧૭ રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
"લકુલીશ" માલીવાડ

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વર્ષ ૧૦ : અંક ૧૦ * જાન્યુઆરી, ૧૯૯૨

ભક્તિમાર્ગ

સાધનાની દૃષ્ટિએ શ્રેષ્ઠ અને સહજ છે

પ્રવક્તા–પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ

મથુરા–પોરબંદર

(ગતાંકથી ચાલુ)

એટલે આમાં બીજા તત્ત્વોને માટે ગમે તેટલા શાસ્ત્રો હોય, એને આપણે ખૂબજ અભિનંદન આપીએ, પરંતુ અહીં જે વાત કહેવામાં આવી છે તે બીજા કોઇ અવતાર માટે નહીં, પણ શ્રીકૃષ્ણને માટે જ કહેવામાં આવી છે અને કૃષ્ણ ભક્તિની જ વાત અહીં કહેવામાં આવી છે. એનો મારી મચડીને કોઈ એવો અર્થ કરતા હોય પોતાના કામ ચલાઉ સત્સંગમાં તો એ સત્સંગ સ્વાધ્યાય જે કાંઇપણ થાતું હોય એ પાટા ઉપરની ગાડી તો ન જ કહેવાય. પાટાથી ઉતરેલી ગાડી હોય તો કોઇ દિવસ ચાલી જ ન શકે. પાટા ઉપર ગાડી ચડે તો ચાલે. આતો વાત જ પાટા ઉપરથી ઉતરેલી છે. આમાં ગમે તેટલી સાધના કરીએ કે ગોખીએ ગીતા ગીતા ગીતા

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

એમ સો વખત બોલીએ તેનાથી કંઇ ન થાય. એના માટે ગીતાકાર શું કહે છે, આપણને એ ખરા અંશમાં જે સંપ્રદાયમાં હોઇએ કે બ્રહ્મ સંબંધ લઇને પ્રમાણિક પણે એનું અનુસરણ કરતા હોઇએ આ કરવા માંગતા હોઇએ તો એ અનુસરણ કરવાની રીત જે શાસ્ત્રોમાં બતાવી છે. જે આચાર્યો એ પોતાના સદાચાર અને ચરિત્રોમાં બતાવી છે એ જ રીતે એનું અનુસરણ આપણે કરવું જોઇએ. એમાં મન ફાવી કલ્પનાથી. ભાઈ વાત તો મહાપ્રભુજીની જ માનવી, પણ રીતભાત તો અમે જે પ્રકારે ચાલીએ તો દુઃખની વાત એ છે કે જે સાધક હોયને ધર્મની જે વ્યવસ્થા સાસ્ત્રોમાં બતાવી હોય ને એમાં પોતાને ઢાળીદે એ વ્યવસ્થામાં પોતાને અનુસરણ કરે. આ સાચી રીત છે અને આપણે શું કરીએ છીએ કે ધર્મ અને એની વ્યવસ્થાને પોતાના રૂપમાં ઢાળવાની કોશિષ કરીએ છીએ.

ભાઈ મને મજા આવવી જોઇએ. મારો મૂડ ન ખરાબ થવો જોઇએ, એવી પ્રકારનું કર્મ સાધકે કરવું જોઇએ. સાધક જો મૂડ નથી એમ વિચારે તો એ કોઈ દિવસ બિચારો સાધક જ ન બની શકે.

એટલે આ બધા પ્રવચનોનો જો કાંઇ સાર હોય, આજના પ્રવચનનો તો સાર તત્ત્વ એ જ છે કે આપણે જેમ કર્મકાંડમાં એટલે કે ધોળ પદ ગાઇએ, આપણે મનોરથોની અંદર આપણે ખૂબ જ સામગ્રીઓ ઠાકોરજીને આરોગાવીએ ને હજાર વૈષ્ણવને પ્રસાદ લેવડાવીએ એ બધું આપણે કર્મકાંડ છે. એ પણ જરૂરી છે પણ એ કર્મકાંડની પાછળનો જે આશય છે એ છે આપણું જ્ઞાન અને એ આપણા પુષ્ટિ ભકિત માર્ગનું જ્ઞાન અને એ પુષ્ટિ ભકિત માર્ગનું જ્ઞાન એટલે શું તો ભાઈ, ટુંકામાં કહીએ તો વેદ એટલો મોટો, એ વેદની એટલી સંહિતાઓ, એટલા મંત્રો, એટલા આરણ્યકો, એટલા ઉપનિષદો, એટલા પુરાણો આ બધાને વાંચીને જો આપણે નિર્ણય કરવો હોય તો દરેક જન્મ આપણા થઇ જાય છતાંયે નિર્ણય ન કરી સકીએ કે ભાઈ, આમાં કેને લક્ષ્ય માનવું ?

એટલે ભગવાને કૃપા કરીને જે કાંઇ પુરાણો શાસ્ત્રોનો સાર હતો એ સાર તત્ત્વ નીચોવી નીચોવીને ગીતાની અંદર મૂકયો પરંતુ આગળ જતાં મનુષ્યોની બુદ્ધિ પણ એટલી બધી ગીતામાં ઘણા પ્રકારના સાધકો માટે ઘણા પ્રકારના માર્ગો બતાવ્યા, એમાં શું કરવું ? તો ગીતાનો પણ નીચોડ કરી કરીને આપણા આચાર્યોએ ષોડશ ગ્રંથો લખ્યા અને ભાગવતની અંદર તો સ્પષ્ટ વર્ણન છે તે ભાગવતને વાંચીને સાંભળીને એ ભાગવતના પણ ઘણા લોકો ખોટા અર્થ કરે છે.

શ્રીમદ્ ભાગવત જે છે એના માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે આ ભાગવત જે છે તે માણવાની અને રસાસ્વાદ લેવાની વસ્તુ છે. કથા સાંભળવાની વાત નથી કથા તો બધા સાંભળે છે. આજે હું બોલું છું તેપણ તમે સાંભળો છો. ટીવી પણ જોઇએ તથા સાંભળીએ છીએ. ભાગવત એમ નથી સંભળાતું ભાગવતનું તો પાન થાય છે. કહે છે ને કે ભાગવતની કથા રસનું પાન કરો. એમ શા માટે કહે છે કે એની અંદર એક રસ ભરેલો છે. કેવો રસ છે તો ઉપનિષદમાં

જે બ્રહ્મને “રસૌ વૈ સઃ” કહયા છે, એ “રસો વૈ સઃ” નો લોકાતીત, વેદાતીત, અનિર્વચનીય એવો રસ છે. એનું રસાયણ એની અંદર કહેલું છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે એ રસાયણ કર્ણદ્વારા જ્યારે હૃદયમાં ઉતરે ત્યારે આપણા હૃદયની અંદર બીરાજેલ પરમાત્મા બહાર પ્રકટ થાય, કયારે પ્રકટ થાય છે ? કેવલ શ્રવણ કરવાથી નહીં. શ્રવણ કરતાં કરતાં આપણું હૃદય આર્દ્ર બની જાય. આપણું હૃદય કુણું બની જાય, આપણું હૃદય નિર્મલ અને નમણું બની જાય, આપણા હૃદયની અંદર કરૂણા વાસ કરી જાય, એવા સમયે જે ભાગવતની કથાનું શ્રવણ થાય છે એ શ્રવણ નથી થતું પણ કથાનું પાન થાય છે. તો એ પાન કરવાની વસ્તુ છે. છતાં એને આજે ભાગવતની કથાને એટલી બધી સસ્તી અને મનોરંજનના સાધનની જેમ એનો ઉપયોગ આપણે કરવા લાગ્યા અને એક એવો ગાડરીયો પ્રવાહ ચાલી નિકળ્યો કે અમુક પ્રકારની સંપત્તિ કે ધનને માટે અમુક સંસ્થાઓ ઉભી કરવી હોય કે સંસ્થા ખંડેર જેવી બની ગઇ હોય તેને પુનર્જિવિત કરવી હોય તો, કોઇ દવાખાના માટે, કોઇ ધર્મશાળા બાંધવાને માટે આવા બધા કાર્યોને માટે શ્રીમદ્ ભાગવતનો ઉપયોગ છડે ચોક થવા લાગ્યો અને સારા સારા લોકો એમાં અનુસરણ કરવા લાગ્યા. તો આપણને એમ થાય કે ભઇ આવા મહાન પુરૂષો જો આમ કરી રહયા છે તો આપણો શું દોષ ?

ગીતા પણ કહે છે કે મોટા માણસો જે કરે બીજા બધા તેનું અનુસરણ કરે. આ ભાગવતના મૂળ સિધ્ધાંતો જે સેવાના સિધ્ધાંતો છે એના બદલે બધું જ કોમર્શ્યલાઇઝ થઇ ગયું. એક વેપાર થઇ ગયો. સેવા પણ વેપારનું સાધન બની ગઇ, ધર્મ પણ વેપારનું સાધન બની ગયું, કથા પણ વેપારનુ સાધન બની ગઇ. ભાગવતકાર તો ભાગવતમાં કહે છે કે અમે ધર્મ જે તમને બતાવીએ છીએ એ કેવો ધર્મ છે ? “ધર્મઃ પ્રોજ્જિત કૈતવો પરમો નિર્મત્સરાણાં સતામ્” જે નિર્મત્સર લોકો પરમહંસો જે છે તેનો આચરેલો આ ભાગવત ધર્મ છે. કેવો છે ? તો કહે કપટ રહિત ધર્મ, હવે કપટ રહિત ધર્મ એટલે શું ? કે જેમાં દા. ત. આપણે ભગવાનની ભક્તિ કરીએ અને આપણે એમ ચાહીએ કે અમારી સમૃધ્ધિ વધે એ માટે હું કરું તો એ ભક્તિ બીજા શબ્દોમાં ભાગવત ધર્મ જ ન કહેવાય. પરંતુ એ કપટ યુકત ધર્મ છે. મોક્ષ મને મળે એને માટે હું ભકિત કરું તો મારી ભકિત કપટની કહેવાય. સ્વર્ગ મને મળે અને એ માટે હું ભકિત કરતો હોઉં તો પણ કપટની ભકિત મારી કહેવાય. જગતની અંદર હું ઊત્તમ કહેવાઉં, બધા મારી પુજા કરે, મને આદર આપે, બધા છૂટે મોઢે મારા વખાણ કરે અને છાપાઓમાં અને વર્તનમાન પત્રોમાં મારા ફોટાઓ છપાય એ માટે ભકિત કરીએ તો એ કપટ રહિત ભકિત નથી પણ કપટ યુકત ભકિત છે. તો કપટ રહિત ભકિત કોને કહેવાય ?

કપટ રહિત ભકિત તો જે પરમ હંસો અને શાશ્વત લોકોએ આચરી હતી તે ભકિત કેવી હતી ? તો કહે કે ભગવાનને પ્રસન્ન કરવા માટેની ભકિત હતી. પોતાને પ્રસન્ન કરવા માટે પણ નહીં, પણ જે પ્રભુને ઇશ્વરને

રાજી કરવા માટેની જે ભક્તિ છે એ જ કપટ રહિત ભક્તિ છે અને એ ભક્તિને જ ભાગવત ધર્મ કહે છે અને એ ભાગવત ધર્મ બતાવતો ગ્રંથ એ ભાગવત છે. હવે જે ગ્રંથની અંદર કપટ રહિત ભક્તિ બતાવી હોય એ ગ્રંથનો ઉપયોગ કપટ યુક્ત ભક્તિથી થતો હોય તો એ કેટલો બધો મિથ્યાચાર અને કેટલો બધો વિરોધાભાસ છે.

ખેર? આ બધી ચર્ચા કરવાનો અત્યારે કાંઇ અર્થ નથી. અત્યારે મારે કહેવાનો અર્થ એટલો જ છે કે આપણે માર્ગનું અનુકરણ ન કરીએ પણ અનુસરણ કરીએ અનુકરણ એટલે નકલ કરવી. કેટલાક લોકો અનુકરણથી ભક્ત થયા હોય, બીજાની દેખાદેખીથી એની ભક્તિ લાંબી ન ચાલે. નકલ થોડાક ટાઇમની અંદર જ વિરમી જાય. પરંતુ જે અસલીયત છે એ છે અનુસરણ અનુકરણ અને અનુસરણ વચ્ચે ભેદ છે. સાધક થવા માગતો હોય એના માટે અનુકરણ નથી, અનુસરણ છે. અને જેને કેવળ સ્વાદ જ ચાટવો છે, ચારે બાજુ ફરીને એ અનુકરણ કરી શકે છે. એટલે જે અનુસરણ કરતો હોય એ સાચો વૈષ્ણવ કહેવાય, એજ સાચો સાધક કહેવાય. એની જ સાધના સાધ્ય સુધી પહોંચી શકે છે. પણ આવી રીતે જ્યાં ત્યાં ભટકીને સ્વાદ લેનારા હોય તેને તો કોઇ ભૌતિક સિધ્ધિ પણ પ્રાપ્ત નથી થતી, ભૌતિકમાં પણ સુખ અને શાંતિ એને મળતી નથી, તો આધ્યાત્મિક અને આધિદૈવિક તો કયાંથી મળે?

એટલે આ જે સંપ્રદાય જેના આપણે અનુયાયીઓ છીએ. છેલ્લે એક વાત બીજી કહી દઉં આ પુષ્ટિ ભક્તિ માર્ગમાં આપણો પ્રવેશ આપણી રચિથી થાય છે. પહેલો આપણો પ્રવેશ આપણી રુચિ જે ક્ષણે આપણા મનમાં રુચિ થઇ કે આપણે પુષ્ટિમાર્ગના અનુયાયી બનવું છે, એ ક્ષણે જ આપણે પુષ્ટિમાર્ગીય બની ગયા. રુચિથી અને પછી આ પુષ્ટિમાર્ગની અંદર આપણો પ્રવેશ થાય છે. બ્રહ્મ સંબંધ દ્વારા. એ બ્રહ્મ સંબંધને આત્મ નિવેદન કહે છે. તો એ બ્રહ્મ સંબંધ શું છે? એ બહુ ટુંકામાં કહે છે. તો એ બ્રહ્મ સંબંધ શું છે? એ બહુ ટુંકામાં હું આપને સમજાવી દઉં.

આપણે એમ સમજીએ કે આ બ્રહ્મસંબંધ એક એવી વિધિ થઇ કે એ કર્યા પછી કંઇ કરવાનું રહેતુ નથી. મોટા ભાગના લોકોની એવી ગેરસમજ છે કે આ માર્ગની અંદર બ્રહ્મ સંબંધ લઇને ઘુસી ગયા એટલે ટેસથી લાડવા બુંદી, મોહનથાળ ઉડાવ્યા રાખો, પછી કાંઈ ચિંતન કરવાની યા મનન કરવાની જરુર નથી બસ. આ ગાંડપણ ઘુસી ગયુ આપણા માર્ગમાં એટલે બીજા લોકો, દુષ્ટ પ્રકૃત્તિના લોકોએ વગોવવાનું એક બહાનું મળી ગયું. એ બહાનું એને બીજે કયાંયથી નથી મળ્યું. આપણે જ એને બહાનું આપ્યું કે લો હું આ બહાનું આપું છું. આ માર્ગની નિંદા કરવા માટે તો એ બ્રહ્મ સંબંધ લેવા માટે જરૂર શું થઇ તેના અનેક દાખલાઓ આપ્યા છે. એક બ્રાહ્મણનો છોકરો હોય, તેને વૈદિક કર્મ કરવા માટે સંધ્યા, ત્રીકાલ સંધ્યા હોય, અગ્નિહોત્રી વગેરે જે કર્મો કરવા હોય એ કર્મો કરવાનો અધિકાર એને ગાયત્રીની દીક્ષા લે ત્યારે પ્રાપ્ત થાય. આપણે જનોઇ પહેરીએ છીએ એને પણ હવે એક ધામધુમનો વિષય છે. જનોઇમાં

પણ પાર્ટી દે છે. રીસેપ્શન દે છે. પરંતુ એ જનોઇ વાસ્તવમાં શું છે ? ઉપનયન-ઉપવીત એટલે પવિત્ર દોરો. એ પવિત્ર દોરો છે જે પહેરવામાં આવે છે, એ આપણને બાંધી રાખે છે. આપણે આ સાધના કરવી છે. આ સાધના કરવા માટે જે વૈદિક સિદ્ધાંત છે, વૈદિક લક્ષ્ય છે ત્યાં સુધી પહોંચવું છે, તો એ દીક્ષા દ્વારા એનામાં એક એવા પ્રકારની યોગ્યતા અને અધિકાર આવે કે એ વૈદિક કર્મો કરે તો એના કર્મો સફલ થતા જાય અને દિવસે દિવસે ઉત્તરોત્તર એની પ્રગતિ થઇ જાય. પણ જો એ દીક્ષા ન લે અને એમને એમ વૈદિક કર્મો કરે તો એનામાં ઘણી વિકૃતી આવી જાય, એવા હજારો દાખલાઓ છે.

વૈદિક શાસ્ત્રોમાં કે જેણે વૈદિક કર્મો કર્યા છે દીક્ષા વિના એને એવા એવા ખરાબ ફળો મળ્યા છે કે માગ્યું હોય અમૃત અને વિષ મોઢામાં આવે. એના જેવા એક એકના દાખલાઓ ગણવા બેસીએ તો રાત નિકળી જાય. તો ટુંકામાં કહીએ તો જેવી રીતે વૈદિક દીક્ષા લીધા પછી એ કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, એવી રીતે આ માર્ગની અંદર સાધક બનવા માટે અને શ્રી ઠાકોરજીની સેવા કરવા માટે એના અધિકાર માટે, બ્રહ્મ સંબંધ લેવું અનિવાર્ય છે. તો ઘણા તો બ્રહ્મ સંબંધ લેવડાવે છે કે વહુને બ્રહ્મ સંબંધ લેવડાવવું છે કારણ કે સાસુ પાણી ન પીએ, બ્રહ્મ સંબંધનું ફળ શું ? તો કહે ભાઇ સાસુ ને પાણી પીવડાવવા માટે બ્રહ્મ સંબંધ લીધું છે. આ તો બ્રહ્મ સંબંધનું એકદમ ડીવેલ્યુશન કહેવાય. આવી મોટી વિદ્યા અને અમુક લોકો પાણી પી શકે એના માટે એનો ઉપયોગ કરવો ? વાસ્તવમાં બ્રહ્મ સંબંધ એટલા માટે જરુરી છે કે તમો શ્રી ઠાકોરજીની સેવા કરો પછી એવું નથી કે મરજાદી બનીને જ સેવા કરવી હોય તો થાય. મરજાદ લીધા વગર પણ સેવા થઇ શકે છે. અને સેવા કોઇ પણ સૌ કર્ય કે અનુકૂળતા ન મળે. આપણને તો એક એવા પ્રકારની તાપ ભાવના મનમાં રાખવી કે પ્રભુ મને અનુકૂળતા આપશે ત્યારે સેવા કરવી. પરંતુ જેના ચિત્તમાં સેવા કરવાની ભાવના હોય એના માટે જ બ્રહ્મ સંબંધ જરુરી છે.

એટલે હું તો એ વિનંતિ એ જ કરું છું કે બ્રહ્મ સંબંધ લેવા માટે ભલે કાલે ૨૫ જણા ૫૦ જણા કે ૧૦૦ જણા આવે, પણ મનમાં એવી ભાવના સેવીને આવજો કે ભલે ૮ કલાકની ન થાય તો ૪ કલાકની તે ન થાય તો બે કલાકની, બે કલાકની ન થાય તો એક કલાકની અને એક કલાકની અને એક કલાકની ન થાય તો અરધી કલાકની અને કંઇ ન થાય તો દશ મિનિટની પણ સેવા કરશું એવો સંકલ્પ કરીને બ્રહ્મ સંબંધનું ફળ પણ મળશે અને બ્રહ્મ સંબંધ આપવું પણ સાર્થક થઇ જશે. નહીં તો તમે અને હું બન્ને અંધારામાં કહેવાશું. એટલે બ્રહ્મ સંબંધનું આવું પ્રયોજન સમજ્યા વિના ચારસોબ્રહ્મ સંબંધ થઈ ગયા, પાંચસો બ્રહ્મ સંબંધ થઇ ગયા. આ તો એક લક્ષ્યાંકની પુર્તિ કરવા જેવું કહેવાય.

કટોકટીમાં જેમ લક્ષ્યાંકની પુર્તિ કરવા માટે કેવું કેવું થયું હતું તે મારાથી તો બોલાય નહીં. બધા સમજે છે કે અમુક લક્ષ્યાંકની પુર્તિ માટે જેમ આવે તેમ આડે હાથે પ્લાનીંગ થવા મંડયું હતું.

છેલ્લે પ્રભુના ચરણોમાં વિજ્ઞપ્તિ કરું છું કે સૌને સદ્‌બુદ્ધિ પ્રદાન કરે અને વાસ્તવિક ધર્મ નિષ્ઠાનું ભાન દરેકને થાય ઇતિ.

શ્રી ગોપીજન વલ્લભાય નમઃ

"ભગવદ્ ભકતોનું જીવન ચરિત્ર"

પરમ ભગવદ્ ભકત ગોવિંદબાપા મરજાદી

લે. લાભુબેન પી. વંડ્રા (લીલીયા મોટા)

અમરેલી જીલ્લાનું નાનું સરખું ગામ, ગોકુલીયા જેવું મોટા લીલીયા ગોવિંદ બાપાએ નાનપણથી જ લીલીયામાં વાસ કરેલો ગોવિંદભાઇના પિતાશ્રી ધરમશીબાપા પણ ભગવદીય. તેમને ત્યાં પુત્ર રત્ન ગોવિંદભાઇનો જન્મ થયો કુટુંબના બધા વૈષ્ણવ ખરાં પણ એમાં કોઇને મરજાદ નહીં સત્સંગમાં ભગવદ્ વાર્તામાં ખુબ રસ એટલે ગોવિંદભાઇને પૂરે પૂરો રંગ લાગ્યો. અને ત્રીસેક વર્ષની ઉંમરે ગોવિંદભાઇએ મરજાદ લીધી. પોતાના ગુરૂદેવ કોટાવાળા શ્રી દ્વારકેસજી મહારાજનું બ્રહ્મ સંબંધ (શ્રી પ્રથમેશજીના પિતાશ્રીનું) અને મર્યાદ પણ ગુરૂદેવ પાસેથી લીધી અને શ્રીમદનમોહનજી તથા સ્વામીનિજી પધરાવ્યા અને સેવા કરવા લાગ્યા.

ગોવિંદભાઇએ પહેલા લગ્ન કરેલ તેને બાળક ન થતાં બીજા લગ્ન કરેલ. તેમની પત્નીનું નામ ગોમતી માં. ગોમતીમાં પણ બહું જ ભાવવાળા ઘરમાં બાપા ને માં બન્ને ખૂબ ભાવથી ઠાકોરજીને લાડ લડાવે ગોમતીમાંને પણ સંતાન ન થવાથી બન્ને સ્વતંત્ર રહી અને બાળક જેવો પ્રેમભાવ, ઠાકોરજીમાં રાખે અને નીત્ય નવી નવી સામગ્રી કરી. ઠાકોરજીને આરોગાવે ફળીયાનાં છોકરાઓને બોલાવીને ખુબ પ્રસાદ આપે.

બાપાને વ્યવસાયમાં કંસારાની દુકાન ઠામ-વાસણોનાં વેપાર અને સિચોડા પણ રાખતા. એટલે આવક સારી હતી. ઘરમાં બે જણા એટલે ખર્ચ ઓછું. ત્યારે લીલીયામાં હવેલી ન હતી. તેથી આખા ગામનાં વૈષ્ણવ બાપાને ત્યાં દર્શન કરવા આવે. છએ સમયની સેવા પહોંચે અને બાર માસીક ઉત્સવો બધા પુષ્ટિમાર્ગની રીતી પ્રમાણે ઉજવે રોજ છએ સમયના કીર્તન અને સાંજે ભગવદ્ વાર્તા થાય. જે કોઇ વૈષ્ણવો આવે તો કોઇ પ્રસાદ વગર જાય નહીં. અત્યારે આધુનિક સમયમાં ચપટી ભરીને પ્રસાદ વાટે ત્યારે બાપા તો ખોબે પ્રસાદ વાંટતા.

બાપાને અક્ષર જ્ઞાન થોડું પણ કીર્તનો વ્રજ ભાંષામાં હોય કે ગુજરાતી ભાષામાં હોય કે સંસ્કૃતમાં હોય. પણ મદનમોહનજીની બાપા ઉપર ખુબ કૃપા તેથી કિર્તનો ખુબ સુંદર રાગથી ગાતા. કાઠીયાવાડમાં ગોવિંદબાપા એટલે ભાવનો સીમાડો બાપાના સંગી દામનગરવાળાં પુરૂષોત્તમદાસભાઇ કુંડલાના હાથીભાઇ સલડીનાં મુખ્યાજી અને જાફરાબાદના જેસંગભાઇ પણ બહું ભાવવાળા આ બધા બાપાના સત્સંગ માટે મહીનો મહીનો રોકાય અને રાત્રી દીવસ સત્સંગ ચાલુ જ હોય બાપાને ત્યાં પાંચથી સાત વૈષ્ણવો તો બહાર ગામનાં રોજ હોય અને ગામમાંથી તો બધાય સમાનાં દર્શન કરવા માટે પ્રવાહ ચાલુ જ હોય અને વ્રજવાસીને જવા ન દે અને એ સત્સંગનું સુખ તો આખી રાત્રી સવાર સુધી ચાલે બસ આખો દીવસ વૈષ્ણવની સેવા અને

ટહેલમાં જ ગાળે વૈષ્ણવોનો ખુબ આદર કરી અને પરાણે રોકે બાપા ઉગ્ર સ્વભાવના હતા. પણ દીનતા અને કરૂણાં પણ તેની ભારોભાર જયારે પ્રભુનાં સુખનો વિચાર કરે ત્યારે તો આંખમાંથી આંસુ ચાલ્યા જાય અને પ્રભુને વિનંતી કરે કે હું કયાં પામર જીવ અને કયાં મારો વાલોજી છતાં મને અપનાવી રાખ્યા છે.

બાપાએ (૨૮) વખત જાત્રા કરી હતી. વ્રજમાં પણ બે મહીના એમ રોકાય અને વ્રજની લીલાનો એક જ સ્થળે રહીને અનુભવ કરે વ્રજમાં તેના સંગી મધુવનના તારાચંદબાપા અને બીજા પણ એમની હોડના ભગવદીઓ રાત્રી–દીવસ ભગવદ વાર્તા અને સત્સંગમાં દેહાધ્યાસ પણ બાધા ન કરે. એવા રસમાં મગ્ન થઈ જાય કાઠીયાવાડમાં કોઇપણ વલ્લભકુળના બાળકો પધાર્યા હોય તો તેમને વિનંતી કરી બહુ બહુ મનુહાર કરીને ખાસ પધરાવે બાળકોની ખુબ સેવા ટહેલ કરે ચાર પાંચ દીવસ સુધી તો મુકામ હોય જ આજુ–બાજુના ગામડાઓમાં સેવા લેવા પધારે રાત્રે પાછા બાપાને ઘેર મુકામ હોય અને અમૃત રસ જેવા બાળકોના વચનામતનો ધોધ અવિરત ચાલુ હોય, એ અમૃતનું પાન કરીને તો બાપા એટલા બધાં ઓતપ્રોત થયેલા કે તેમને લૌકિકની ખબર પણ રહેતી ન હતી. બાપા ઠાકોરજીનું સુખ એવું તો વિચારે કે ઉષ્ણકાળમાં મારા પ્રભુને તાપ લાગે, ગરમી સહન ન થાય. તે માટે બાપાએ વાડામાં જુઇની વેલ રોપેલ અને તેને મંડપ બાંધીને જુઇનો માંડવો કરેલ અને જુઇના થડ પાસે માટીનો ચોતરી બનાવેલ અને સાંજે ઉથાપનમાં જુઇના મંડપ નીચે ઠાકોરજીને ' પધરાવે. આજુબાજુ જલનો છંટકાવ કરે. ગુલાબ જળ છાંટે, અને પંખો કરે. હૃદયમાં દીનતા કરે કે મારા પ્રભુને સુખ થાય. એમાં જ બાપા રાજી શયનમાં ભીતર પધરાવે ત્યાં સુધી જુઇ નીચે મદન મોહનજી અને સ્વામિનીજી, શ્રી ગોવર્ધન નાથજીના ચીત્રજી શ્રી ગિરીરાજજી આ ચીત્રજી ચીત્રજીને આશરે એકસો પચાસ વર્ષ થયા હશે. બાપાના પિતાશ્રીના વખતમાં પુષ્ટાવેલા છે.

આવી તો અલૌકિક ઘણી વાતો છે. પણ કયાં સુધી કહીએ. બાપા અઠ્ઠાવીસમી વખત જયારે જાત્રામાં ગયા ત્યારે શ્રી મદન મોહનજીએ અગાઉથી સંકેત કરેલો કે હવે વ્રજમાંથી પાછું આવવાનું નથી માટે બાપા બધું સમેટવાં લાગ્યા. ત્યાં ગોમતીમાં ગૌલોકમાં પધાર્યા. અને બાપાનું મન એકદમ સ્થિર થઇ ગયું કે, સાચે જ હવે આવવાનું નથી. એટલે રોકડ રકમ હતી તે પોતાના ગુરૂદેવને ધરી દીધા. અને અમુક રકમ માળા પહેરામણીની રાખી અને પોતાના ઠાકોરજી માટે પણ વ્યવસ્થા કરી.

ગોવિંદબાપાના નાના ભાઇ લવજીભાઇના દિકરા જીવનભાઇને ગોદ લીધા અને શ્રીઠાકોરજી તેમને માથે પધરાવી આપ્યા. જીવનભાઇ પણ બહુ ભાવિક તુરંત મરજાદ લઇને ઠાકોરજીની સેવામાં તત્પર થયા અને બાપા વ્રજમાં ગયા વૃજની લીલી પરિક્રમા કરી અને ભાઇ બીજ નાહીને બાપા ગોકુળમાં આવ્યા અને બીજા ભગવદ્દીયો પણ સાથે હતા. બાપાને એક દિવસ જાડાનો ઉપદ્રવ થયો ને બીજે દિવસે બાપાને લીલામાં મદન મોહનજીએ બોલાવી લીધા ગોવિંદ બાપા નેવું વર્ષે પહોંચી ગયા.

ગોવિંદ બાપાએ સાંઠ વર્ષ ઠાકોરજીની સેવાં ભલીભાંતીથી કરી. અને ખૂબ ઠાકોરજીને

ત્થા વલ્લભકુળના બાળકોને અને વૈષ્ણવોને ખુબ સુખ આપ્યું. અને હરી ગુરૂ વૈષ્ણવની ટહેલ પણ ભાવથી કરી. બાપા પાસે સાહિત્યનો પણ સારો સંગ્રહ હતો. ધોળ-કીર્તનના પુસ્તકો અને વાંચનના પુસ્તકો પણ ઘણા હતા. અને હસ્તલીખીત સાહિત્ય પણ સારું એવું હતું જે શ્રી સ્વામિનીજીના ચરણ ચિહ્ન તથા અષ્ટ પ્રહરની સેવા ભાવના બહું જ જીણવટ ભરી લખાયેલ છે અને ઉત્સવ અનુસાર શિંગાર, વસ્ત્ર, ખિલૌના, બધાં જ સાજ, વૈભવ સહીત ઠાકોરજીને લાડ લડાવતા. ચાંદીનાં બધાં ખિલૌના ચાંદીનાં વાસણ આશરે પાંચથી સાત કિલોના છે. અત્તર સુગંધી બધી જાતનાં ઋતુ અનુસાર સો-સો ગ્રામની બોટલો લાવે શ્રીનાથ દ્વારાથી અને યમુનાજીના તો મોટા ગાગરાઓ ઘરમાં હોય. સાહિત્ય પ્રત્યે બાપાને ખુબ અનુરાગ હતો કે આપણાં ઘરમાં બિરાજતાં પુસ્તકો ખાલી શૌખને ખાતર વસાવ્યા ન હતા. કે પુસ્તકનો સંગ્રહ કરી અને બધે વાતો કરવી કે મારી પાસે આટલું સાહિત્ય છે. એવું ન હતું. બાપા તો બધા પુસ્તકો ફરી ફરીને વાંચ્યા જ કરતાં અને તેમાંથી જ્યારે વાંચતા ત્યારે નવું નવું પ્રાપ્ત થતું.

જ્યારે આપણે આધુનિક સમયમાં થોડું એવું સાહિત્ય વસાવેલ હોય અને વાતો જગત્માં મોટી કરતા હોય એ કે મારી પાસે બધું સાહિત્ય છે. કદાચ એકાદ વખત વાંચન કરેલું હોય તેમાં તો મોટા પરમ ભગવદ્દીય કહેરાવવા માટે બડાઇ કરીએ છીએ. કે અમે તો બધા જ પુસ્તકો વાંચીને બધું જ જ્ઞાન કેમ મેળવી લીધું હોય તેમ આપણા ઘેર કોઈ વૈષ્ણવ આવે એટલે એ જ્ઞાનની ગાંસડી છોડવા લાગી જઈએ છીએ. સામા વૈષ્ણવને પ્રશ્ન પૂછવો હોય તો પણ તેમને સમય નથી. આપતા એ જ આપણી બાલીસતા છે. આપણે સામા વૈષ્ણવ પાસેથી. સાંભળવાની ઇચ્છા રાખવી જોઇએ. કે સામા હૃદયમાંથી કેવા ભગવદ્ રસની સરવણી વહે છે ને સાંભળવા માટે ઉત્સુક્તા દાખવવી જોઇએ અને સાહિત્યોમાં શ્રી મહાપ્રભુજી એ ઘણું લખ્યું છે. આપણાં જેવા અધમનો ઉદ્ધાર કરવા માટે તેમ ભગવદ્ ભક્તના હૃદયમાં શ્રી મહાપ્રભુજી બીરાજીને આપણને પુષ્ટિમાર્ગનો પ્રકાશ કરવા માટે કંઇક ભગવદ્ વાર્તારૂપે સંભળાવે તો આપણે અહો ભાગ્ય ! માનવા જોઇએ અને પાછળથી તેમની ટીકા ન કરવી જોઇએ જ્યાં સુધી આપણે આપણું હૃદય તપાસતા નહીં શિખીએ ત્યાં સુધી આપણે કોરા ધાકોર છીએ તેમ સમજવું.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ હ. તેમના પરિવારના રાજકોટના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃશ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

પુષ્ટિ માર્ગમાં વ્રજાધિપ જ ભજનીય છે. કારણકે ગીતા તથા શ્રીમદ્ ભાગવતના મત મુજબ શ્રીકૃષ્ણ જ પુર્ણ પુરુષોત્તમ પર બ્રહ્મ પરમાનંદ રૂપ છે. અવ્યય (એટલે જેનો વ્યય નાશ નથી), અપ્રમેય (એટલે જેનું માપ નીકળી શકે તેમ નથી), નિર્ગુણ (એટલે ત્રણેય ગુણોથી જે પર છે), ગુણાત્મા (એટલે ગુણ છે આત્મા જેનો એવા), પરબ્રહ્મ, પરમાત્મા, સર્વ લોકના તથા વૈકુંઠના નાયક ભગવાન જયારે પોતાની પૂર્ણતા સહિત વ્રજમાં પોતાની નિત્ય લીલા પ્રકટ કરે છે. ત્યારે તેમને "શ્રીકૃષ્ણ" કહેવામાં આવે છે. જીવ ભલે સાધનવાળો હોય યા તો સાધન વિહોણો હોય યા તો દુષ્ટ સાધનો વાળો હોય, પરંતુ બધાય જીવોના નિ.શ્રેયસ (સંપુર્ણ કલ્યાણ) માટે શ્રી કૃષ્ણ પ્રકટ થાય છે. એ જ એમના પ્રાકટયનું પરમ પ્રયોજન (હેતુ) છે. જીવોના સાધન બળની પરવા (દરકાર) કર્યા વિના પોતાના સ્વરૂપ અથવા સ્વરૂપાનંદના બળ ઉપર જીવોના ઉધ્ધારક હોવાથી શ્રીકૃષ્ણને "સર્વોદ્ધારપ્રયત્નાત્મા" (એટલે બધા જીવોનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવા વાળા) કહેવામાં આવે છે.

શ્રીકૃષ્ણ બધા જીવાત્માઓના અંશી (જીવ જેનો અંશ-ભાગ-છે તેવા મૂળ કળા વાળા) હોવાને કારણે સહજ (એટલે સ્વાભાવિક-કુદરતી) બધાના સ્વામી (માલીક) છે. શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદના દૃષ્ટિકોણથી જોતાં આધ્યાત્મિક રૂપમાં બધા જીવાત્માઓ (તેમના) અંશ હોવાને કારણે શ્રી કૃષ્ણના સહજ (એટલે સ્વાભાવિક) દાસ (સેવક) છે. પરંતુ લીલાર્થ (એટલે લીલાના હેતુથી) કોઇ કોઇ જીવો પર શ્રીકૃષ્ણ પોતાની સહજ (એટલે સ્વાભાવિક કૃપા પ્રકટ કરે છે, ત્યારે આધિભૌતિક રૂપમાં વ્યાપિ વૈકુંઠમાં પણ એવા જીવોને પોતાની સ્વરૂપ સેવાનો અવસર (એટલે મોકો) પ્રદાન કરે છે. એવા જીવોને પુષ્ટિ જીવ સમજવા જોઇએ. આ સેવાનો અવસર જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે કોઈ પણ ભાવોના રસાત્મક સંબંધો દ્વારા સ્થાપિત થઇ શકે છે. જેવા કે સેવક, પુત્ર, માતા-પિતા સખા (એટલે મિત્ર) યા તો પ્રિયતમા આદિ રૂપમાં (સૂફીવાદમાં માનવામાં આવે છે તેમ) જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે જ્યારે કોઇ સંબંધ સ્થાપિત (બંધાયેલો) થઇ જાય, આધિભૌતિક જગતમાં યા તો આધિદૈવિક નિત્યલીલામાં, ત્યારે ભગવાનનું એ સ્વરૂપ તથા એ લીલા પુષ્ટિ સ્વરૂપ તથા પુષ્ટિ લીલા કહેવાય છે અખિલ બ્રહ્માંડના નાથનું શ્રીમદ્ ગોકુળના નાથ બનવું એ પુષ્ટિ લીલા છે.

શ્રી કૃષ્ણ કયારેક એવી રીતે પ્રકટ થાય છે કે બધા જીવ તેમનું દર્શન કરી શકે અને કયારેક એવી રીતે પ્રકટ થાય છે કે કોઇક ખાસ પ્રકારના ભક્ત જ તેમનું દર્શન કરી શકે

છે. પોતાના એ બંને પ્રકારના પ્રકટરૂપમાં ભકતની લાયકાત અથવા તો તેના મનોરથો અનુસાર શ્રીકૃષ્ણ વ્યાપિવૈકુંઠ અથવા વ્રજની લીલાઓને પ્રકટ કરી શકે છે. એ જ કારણને લીધે ભકતોના ભાવોને અનુરૂપ પોતાને પ્રત્યક્ષ મેળવવાની (પ્રાપ્ત કરવાની) કસોટી પર વ્રજ લીલા વિહારી વ્રજાધિપ શ્રીકૃષ્ણ ભકતોને માટે પુર્ણતમ પરમાનંદ સ્વરૂપ સિદ્ધ થાય છે, મથુરાના અથવા દ્વારકાના શ્રીકૃષ્ણના વધુ પુર્ણ યા પુર્ણ પરમાનંદ–સ્વરૂપ હોવા છતાં યે આ જ કારણને લીધે વ્રજભકતોને માટે તથા વ્રજભકતોની ભાવના અનુસાર ભકિત કરવાવાળા ભકતોને માટે વ્રજાધિપ શ્રી કૃષ્ણ જ સમગ્ર પુષ્ટિ ફળોના દાતા તથા પુષ્ટિફલ રૂપ પણ છે–પેલા સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે –'અનન્ય ગોકુલ સ્વામી ફલદાતા ફલાત્મકઃ” એટલે કે “અનન્ય ગોકુલના સ્વામી ફલદાતા પણ છે અને ફલાત્મક (પોતે જ ફલરૂપ) પણ છે.”

વ્રજાધિપનું આ ભજન કેવી રીતે અને ભાવથી કરવું જોઇએ ? શ્રી મહાપ્રભુજી ઉત્તર આપે છે. “સર્વભાવથી” “ત્વમેવ સર્વ મમ દેવદેવ”માં કહ્યા મુજબ “હે દેવાધિદેવ ! તું મારે માટે સર્વસ્વ છે” એ ભાવથી–મારા માતાપિતા, બંધુ–મિત્ર, પુત્ર, ધન–વિદ્યા વગેરે જે કહું તે બધું ભગવાન જ છે. એવા ભાવની સાથે ભજન કરવું જોઇએ. કેવળ મધુર ભાવથી પણ ભજન કરી શકાય છે.

શ્રી કૃષ્ણ જયારે પરમાત્મા, સ્વામી, પુત્ર, મિત્ર આ પ્રિયતમ જેવાં રૂપો ધારણ કરીને આપણા ભાવોના આલંબન (વિભાવ) બને છે ત્યારે તેને અનુરૂપ શ્રી કૃષ્ણના પ્રત્યે આપણા સ્થાયીભાવ પણ ભગવદાત્મક જ હોય છે. શ્રી કૃષ્ણના જે રૂપ સાથે આપણે સ્નેહ કરતા હોઇએ એ બાહ્ય રૂપ તથા આપણા હૃદયની અંદર રહેલો સ્નેહ એ બન્નેય આધિદૈવિક અલૌકિક પરમાનંદરૂપ હોય છે. લૈકિક આધિભૌતિક યા તો માયિક નહિ.

ભકતોના ભાવ તથા ભાવોના આલંબન બન્નેય શ્રી કૃષ્ણ હોય છે. ભાવના આલંબનના રૂપથી ભગવાન રસ ભોકતા છે, તથા રસભાવના રૂપમાં ભગવાનને ભોગ્ય (એટલે ભોગવવાની વસ્તુ) પણ માનવામાં આવે છે. કોઇ કોઈ વખત ભકતને આધીન થઇને ભગવાન આલંબનના રૂપમાં પણ ભોગ્ય ભાવ પ્રકટ કરે છે. એને 'ગૂઢ સ્ત્રીભાવ' કહેવામાં આવે છે. ભોકતૃભાવ 'પુંભાવ' કહેવાય છે અને ભોગ્યભાવ 'સ્ત્રીભાવ' કહેવાય છે. ભોકતામાં જ્યારે રસાવેશમાં ભોગ્યભાવ પ્રકટ થઈ જાય તો તેને 'ગૂઢ સ્ત્રીભાવ' કહે છે, અને ભોગ્યમાં (જ્યારે) ભોકતૃભાવ પ્રકટ થઇ જાય ત્યારે એને 'ગૂઢ પુંભાવ' કહે છે ઉદાહરણ તરીકે પ્રત્યેક ગુરુમાં છુપાયેલો એક વિદ્યાર્થી હોય છે અને એવી જ રીતે (પ્રત્યેક) વિદ્યાર્થીમાં છુપાયેલો (એક) ગુરુ પણ હોય છે. અધ્યયન–અધ્યાપનની દુર્લભ તન્મયતામાં ગુરુનો ગૂઢ (એટલે છુપાયેલો) વિદ્યાર્થી ભાવ કયારેક પ્રકટ થાય છે અને એવી જ રીતે વિદ્યાર્થીનો ગુરુભાવ પણ ! આ ગૂઢભાવોનું પ્રાકટય પુષ્ટિની પરાકાષ્ઠા (ઉચ્ચત્તમ સ્થાન) છે, બધા પ્રકારના સ્વામી–સેવક, પુત્ર–માતા–પિતા, મિત્ર અને મિત્ર યા તો પ્રિયાં–પ્રિયતમ (જેવા) સંબંધોમાં. ભકત તથા ભગવાનમાં આ ગૂઢભાવોને પ્રકટ કરવાના મનોરથથી પણ ભગવાન ભજનીય છે.

–ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી

(ગતાંકથી ચાલુ)

૭૧. ભક્તિ માર્ગે સર્વ માર્ગ વૈલક્ષણયાનું ભૂતિ કૃત રૂપ

ભક્તિ માર્ગ વિલક્ષણ સબતે;
દોહન કર પ્રસ્થાન ચતુષ્ટય, લે નવનીત દીયો હેં મધ્ય તે. ૧
અન્ય ધર્મ ગતિ અન્ય લોકમેં, ભક્ત સ્થાન અચ્યુત આદ્ય તેં;
સાધન કષ્ટ હે અન્ય માર્ગ મેં, સુખ પથ પાજ હે પુષ્ટિ પદ્ય તેં. ૨
જૈસી ભાવના તે સો હે ફલ, અવિનાશિ હે ભાવ જુ તબ તેં;
કરૂણા સાગર 'વ્રજ' કે વલ્લભ, પ્રગટ ભયે પ્રથમેશ જુ જબ તેં. ૩

૭૨. પૃથક શરણ માર્ગો પદેષ્ટા રૂપ

શરન માર્ગ બતાયો ન્યારો;
અન્ય શરણ મેં ગતિ અન્યથા, પુષ્ટિ શરણ અચ્યુત સુખકારો. ૧
સાધન કષ્ટ બીના ફલ પાવત, કૃપાલુ, તાતેં શરણ ભક્તિ પાઉંધારો.
'વ્રજ' વલ્લભ પ્રથમેશ કૃપાલુ, તા તેં શરણ ભક્તિ પાઉં ધારો. ૨

૭૩ શ્રી કૃષ્ણ હાર્દ વિદ રૂપ

અંતર્યામિ કે અંતર્યામિ;
જાનત ગિરધર કે મનકી સબ, રસવિલાસી લીલા કે ધામી. ૧
છીન છીન કી અભિલાષ વિવિધ વિધ, સઘન કંદરા કુંજ કે સ્વામી;
કાજ સદા ગો ચરન કુંજન, 'વ્રજ' કે વલ્લભ સબરસ ગામી. ૨

૭૪. પ્રતિક્ષણ નિકુંજ સ્થલીલા રસ સુપૂરિત રૂપ

છીન છીન કી લીલા સોં પૂરતિ, પ્રથમ ઈશિ રસનાયક જાને;
દાન માન રાસ ક્રિડા, ગોપી ગૃહ બન કુંજ ન બાને. ૧
જલ વિહાર સુખ વિવિધ ભાંત કે, કૂલશયન યમુનાતટતાને,
કોટી કોટી લીલા કે સ્વામી, 'વ્રજ' પતિ રોમ રોમ રસ કાને. ૨ ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની,
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ ગુરૂદેવ ચરણ કમલેશભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૮૪. રાગ-માલવ (ચૌ. ૭૨)

વંદૌં શ્રી નરહર સંન્યાસી;
સખી "ગુલાબી" શ્રુતિ રૂપામેં આગ્રા કે નિવાસી. ૧
આગ્રા છાંડ ગુજરાત બસે હૈ, તહાં ભયે સંન્યાસી;
તેલિન સંગતે ભાજે વહાંતે, ભઈ જગત્માં હાંસી. ૨
બ્રજ બૃંદાબન ફિરત વલ્લભકો, ભયો દરસ રૂપરાસી;
શરણ ગહ્યો તબ દીન હ્વૈ કે, જટા મુંડાઈ દઇ ખાસી. ૩
ગ્રંથ પઢાયો "સંન્યાસ નિર્ણય" તબ લીલા સબ ભાસી,
'લાલદાસ' વે કીર્યો કરત હૈ, મગ્ન રહત હૈ માનસી. ૪

૮૫. રાગ-માલવ (ચૌ. ૭૨-૧૪)

વંદૌં શ્રી વેણી કોઠારી;
સખી "પાંડરી" ગુલાબી કી યહ પ્રકટી ગુર્જર દેશ નારી ૧
પહિલે સેવક ભયે નરહરી કે, પ્રીત ઈનિહી મેં ભારી;
"**લાલદાસ**" ઇનહી કે સંગતે પાયે વલ્લભ સુખકારી ૨

૮૬. રાગ-માલવ (ચૌ. ૭૩)

વંદૌં શ્રી આન્યોર કે બ્રજબાસી;
સદુપાંડે અરુનરો-ભવાની, માણેકચંદ સુખરાસી. ૧
'ચંદ્રભાન' અરુ 'રામદે-શ્યામદે,' 'મધુ મંગલ' લીલારસ પ્યાસી;
પ્રકટ ભયો પરિકર ભુતલમેં લીલા પ્રકટ કરનકી આસી. ૨
આજ્ઞા કરી યહ શ્રી વલ્લભ કો, ઝારખંડ શ્રી અવિનાસી;
બ્રજમેં આય પ્રકટ કરો મોકોં દેવદમન મેરો નામ પ્રકાસી ૩
શ્રી વલ્લભ તબ બ્રજમેં પધારે, પ્રકટ કીયે ગોવર્ધનવાસી;
સદુપાંડે આદિકો શરણ લે, કીયે સનાથ વ્રજવાસી. ૪
દૂધ દહીં ઔર માખન મિશ્રી, આરોગત પ્રભુ રાસ વિલાસી;
"**લાલદાસ**" પ્રભુ શ્રી ગોવર્ધન ધર, કોટિચંદ્ર કલાસી. ૫

-ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

હપ્તો ૧૧મો

આવેલા પૈકી કૃષ્ણદાસ ભટ્ટ અને બીજા બન્ને હતા. કૃષ્ણદાસભાઇને જોઇને રસિકલાલ શેઠ બહુ રાજી થયા. તેમની સાથે વાર્તાલાપનો પણ આનંદ આવતો. બંનેનું સ્વાગત કરી ચા નાસ્તો આપી બધા સામ સામા સોફા સેટમાં ગોઠવાઇ ગયા

રસિકલાલે નિમિષ સામુ જોઇ પુછયુ આ ભાઇનો પરિચય આપો.

કૃષ્ણદાસ–હું જેમ મૂળ વતની નડીઆદનો તેમ નિમિષનાં વડવાઓ પણ નડીઆદ રહેતા. હાલમાં અમદાવાદથી આવેલ છે. તેમનો સમય મોળો આવ્યો. મારા જુના મિત્ર હોવાથી તેનાં પિતાશ્રીએ અત્રે મોકલ્યો છે. તમે મને અગાઉ ભલામણ કરેલી હતી કે એકાદ સારો માણસ હોઈ તો ધ્યાનમાં રાખજો જેથી તમારી પાસે લાવ્યો છું. ભારતમાં અત્યારે ગ્રેજયુએટ થયેલાને નોકરી મળતી નથી, બાકી તો સમય બળવાન છે એક દિવસ જેમનું નામ હતું, આજે તેને નોકરી કરવાનો સમય આવ્યો.

રસિકલાલે નિમિષથી થોડી વાત કરી અને તેને કાલથીજ પેરીસની દુકાને નોકરી ઉપર ચડી જવા કીધું. નિમિષની સાથે વાત ચીતમાં તેનાં ચહેરાની ભાવના જોતા રહ્યાં, કરૂણતાની સાથે સાથે ઉમંગી કાર્ય કુશળતાનાં લક્ષણ દેખાયા.

દીનેશને તેની વાત દીલચસ્પ લાગી, જેથી તેણે થોડી વાતચીત કરવાનું શરૂ કર્યું.

નિમિષ ! તારી વાત ચીત ઉપરથી કોઇ સારા કુટુંબનો સભ્ય દેખાય છે.

નિમિષ–શ્રીમાન ! સમય બળવાન છે. હું મારી કથની કહું ! પ્રભુ રાખે તેમ રહેવું. મારા દાદાની સંપત્તિ ઘરમાં ઘણી હતી. દુકાનો બે હતી. ધોમ ધોકાર કારોબાર હતો. મારા પિતાશ્રી ધાર્મિક વિષયમાં એટલા બધા ઊંડા ઉતરી ગયા કે દિવસ રાત સેવા સ્મરણમાં તલ્લીન રહેતા હું મારા પિતાશ્રીનો એકનો એક દીકરો નાનો હતો દાદાજી પહોંચી ગયા પછી મારા પિતાશ્રી ધંધામાં ધ્યાન દઇ શકયા નહીં. ઘેરે આવ્યા ગયા. વૈષ્ણવોની આગતા–સ્વાગતમાં જ સમય વિતાવતા. સગાં વહાલાને દુકાનનો કારોબર સંભાળવા નોકરી ઉપર રાખેલ હતા. ઘરે આવવા વાળામાં કોઇવાર નકલી વેષ ધારી વૈષ્ણવ આવતા. પોતે પોતાની બડાઇ કરવાવાળા ધર્મને નામે ધન કમાવાવાળા, ઉપરથી ભાવિક પણ અંદરથી પ્રપંચી પોતાનું દુઃખ રોઇને પૈસા કઢાવવાળા હતા. ખરેખર તેઓ પુષ્ટિ માર્ગને કલંકિત કરવાવાળા કહેવાય. પરંતુ મારા પિતાશ્રી ભોળા મનનાં, દરેકનું સન્માન જ કરતા કોઇ તો આવ્યા પછી જવાનું નામ ન્હોતા લેતા. કોઇ પણ બહાને સત્સંગનો રંગ લગાડી; ભોળપણનો લાભ લઇ પૈસા કઢાવતા ત્યાં સુધી તો ઠીક પણ મોકો જોઇ ઘરમાંથી ચોરીને ચાલ્યા જતા.

સગાં વ્હાલાં દુકાન સંભાળતા તેમણે પણ મારા પિતાશ્રીનાં ભોળપણાનો લાભ લઈ પોતાનાં

ઘર ભરવા શરૂ કર્યા. આખરમાં દુકાનો પણ ગઇ અને હવે તો શ્રી ઠાકોરજીની સેવામાં સાચું ઘી પણ આવતું નથી. પૈસો જાય ત્યારે કોઇ ભાવ ન પુછે આવી ગતી થઇ છે. મને ત્યાં રહી નોકરી કરવી તેનાં કરતાં પરદેશ જઇ કંઇક ઉન્નતિ કરવાનું મન થયું, જેથી અહીં આવ્યો.

દિનેશ–તારી માતુશ્રીનો સ્વભાવ કેવો છે?

નિમેષ–તે પણ ભોળા ભાળા છે. દુઃખને દુઃખ માનતા નથી. એતો અમોને શિખામણ આપે. સુખ રાજી થઇને ભોગવવું તો દુઃખ પણ રાજી થઇને જ ભોગવવું પરંતુ મને વિચાર આવ્યો, મારી યુવાવસ્થા છે. હું કાંઇ પણ ઉદ્યોગ ધંધો કરી મારી ઉન્નતિ કરીશ સહુથી પહેલાં નોકરી કરી અનુભવ લઇ જોઉં પછી દેશ, વેષ, ભાષાનો જાણકાર થઇશ ત્યારે જ નવિન કામ કરીશ. કર્તવ્ય કરવું મારી ફરજ છે. ફળતો ઇશ્વરને આધિન જ છે.

દિનેશ–બરોબર છે. તારા વિચારોથી હું મળતો છું. જે માણસ દુઃખના સમયમાં હિંમત હારીને બેસી જાય તે નિર્માલ્ય કહેવાય. તે કાંઇ કરી શકતો નથી. પૈસો છે ત્યાં જ સુખ છે તેવું નથી તારી વાત ચીત ઉપરથી તમારા ઘરમાં સંપત છે પૈસો ઓછો વધતો થયા કરે. જેનામાં પ્રગતિ કરવાની હીંમત છે. ઘરનાં દરેક માણસો પરસ્પર સ્નેહનો વર્તાવ રાખે છે તેને પરમાત્મા સહાય કરે જ છે, તે કાંઈ કોઇ જોઇ શકતું નથી. પરોક્ષમાં પ્રભુ તેને સહાય કરતા હોઇ છે. ફરક એટલો જ કે અભિમાની જીવ પોતાની બહાદુરી બતાવે ત્યારે બુદ્ધિ જીવી ઇશ્વરનો ઉપકાર માને.

ચાણકય નિતિનું વાકય છે. જે ઘરમાં પિતાની આજ્ઞા મુજબ ચાલવાવાળો પુત્ર છે, પત્નિ આજ્ઞાકારી છે. જે કાંઈ ઘરમાં વૈષ્ણવ સંપત્તિ છે તેમાં સુખ માને છે, તે ઘર સ્વર્ગના સુખ સમાન છે.

તારી બુદ્ધિ ઘણું સારું કામ કરે છે. તારા બાપાનું ભોળપણ જે હતું તેનાથી મુશ્કેલી ઊભી થઇ. હવે તેં પણ સાવધાન થઇ ગયા હશે. તું ઉચ્ચ વિચારવાળો છો, પ્રભુ જરૂર સહાય કરશે? તારા બાપાએ તેવું કર્યું. પરંતુ હવે તું તારી કર્તવ્યભૂમિને માન આપી કર્તવ્ય પરાયણ બની વડીલોને સુખ આપજે.

શેઠ રસિકલાલ તમે આને એક મહીનાનો પગાર એડવાન્સ તેના ઘરે મોકલાવી આપો. એક મહીનો ખાવા–પીવાનું પણ તમારે ત્યાંજ રાખજો, બીજે મહીને તેનું વ્યવસ્થિત રહેવાનું કરી આપજો.

રસિકલાલ દિનેશની ભાવના જોઇ ઘણાં ખુશી થયા. વાહ! ભગવાને તને બધા ગુણો દીધા છે. મને ખબર છે, દુઃખ કેવું હોય. હું નિમિશને બરોબર યોગ્ય મદદ કરીશ.

કૃષ્ણદાસભાઇ ખુશ થતાં ઘેર ગયા. જય શ્રીકૃષ્ણ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ

હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીહરિઃ ॥

વાર્તાલાપ

[ભક્તો અને ભગવાનનો]

લેખક : **પંડિત મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, જુનાગઢ**
સદ્વિદ્યાલંકાર વ્યાખ્યાન વિશારદ

૩. પ્રભુનું આપેલું-સ્મરણ ચિન્હ

"પ્રભો !" પરમ ધામમાંથી મૃત્યુલોકમાં જવા માટે તૈયાર થયેલા જીવાત્માએ કહ્યું-'મારાં પૂર્વોપાર્જિત કર્મ ફલોના ઉપભોગ માટે હું મૃત્યુલોકમાં જાઉં છું, મને આજ્ઞા આપો."

"બહુ સારૂં"-પ્રભુએ કહ્યું :- **"અવશ્યમેવ ભોક્તવ્યં કૃત કર્મ શુભાશુભમ્"** પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોનું ફલ તો જીવાત્માએ અવશ્ય ભોગવવું પડે છે. માટે ભલે ખુશીથી જાવ, અને વાવ્યાં હોય તેવાં લણો, ને કર્યાં હોય, તેવાં પામો."

'પરંતુ ભગવાન ! આજ સુધીનું મારૂં આવાગમન આપનું વિસ્મરણ કવાથી જ થયું છે; હવે હું આપને ન ભૂલું એવું કોઇ સ્મરણ ચિન્હ મને આપો, કે જેથી મારૂં ભવિષ્યનું આવાગમન અટકી જાય, આપના ચરણ-શરણમાં રહીને હું પરમ શાંતિનો અનુભવ કરી શકું."

અને પ્રભુએ પોતાના કંઠમાંના પુષ્પહારમાંથી એક સુવાસિત પુષ્પ આપતાં આજ્ઞા કરી :- 'આ પુષ્પને તુ તારા હૃદયમાં ધારણ કરી રાખજે; જ્યાં સુધી એની સુવાસ કાયમ રહેશે, એ કરમાઇ નહિં જાય, ત્યાં સુધી તને મારૂં વિસ્મરણ નહિં થાય. એ પુષ્પમાં **'ભાવનામય'** સુવાસ ભરેલી છે તારા હૃદયમાંથી એ ભાવનાભૂંસાઇ ન જાય, એનો ખ્યાલ રાખજે.'

પ્રભુની આપેલી આ અમુલ્ય ભેટરૂપી પુષ્પને હૃદયમાં ધારણ કરીને એ જીવ મૃત્યુલોકમાં જન્મ પામ્યો ! પ્રકૃતિના પારણામાં ઝુલતો એ જીવાત્મા મોટો થયો. પ્રારબ્ધના પ્રમાણમાં એ ઘર-બાર કુટુમ્બ-પરિવાર સંપત્તિ સત્તા, વિલાસ-વૈભવના વાયરામાં જાણે આકાશમાં ઊડવા લાગ્યો.

અને અલ્પ, પરિશ્રમે મળી આવતી સંપત્તિને એ સ્વપુરુષાર્થથી જ મળતાં માનીને એ પોતે જ પોતાના હૃદયમાં ઇર્ષ્યાને અભિમાનના અંગારા ભરવા લાગ્યો અને એ કારણથી કામ ક્રોધ, મોહ, રાગ અને દ્વેષની જવાળાઓ ભડભડાટ સળગવા લાગી.

જીવાત્માના અંતરના ઊંડાણમાં બેઠેલું એ બીચારૂં હૃદય પુષ્પ ? પોતાની ભાવ સુવાસને પણ એ કયાં સુધી સંભાળી શકે ? ક્રમે ક્રમે એની સુવાસ ઊડી જવા લાગી ! પ્રભુનું આપેલું એ સ્મરણ ચિહ્ન-પુષ્પ કરમાઇ ગયું !

અને....અને એ બીચારો જીવાત્મા સ્મૃતિ ભ્રષ્ટ બની ગયો ! ત્યાં જ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ગાયક જગતના જીવોને સંબોધીને આંજ્ઞા આપે છે :-

'સ્મૃતિભ્રાંશાદ્ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ'

સ્મૃતિ ભ્રષ્ટ થવાથી બુદ્ધિનો નશ થાય છે અને બુદ્ધિ નાશ થવાથી ઘોર વિનાશ થાય છે

આ છે પ્રભુની આજ્ઞાના અનાદારનું પરિણામ !

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ-૮૭

ભાનુ સુતા ગુણ ગાવે પ્રેમ ભરી ।
સોઇ અલૌકિક સિદ્ધિ જો પાવે ॥
યમુના તટ સ્થિત હરિ લીલા ।
પરમ કૃપા કરી દરસો પાવે ॥૧॥
અનુભવ હોય લીલા રસકો તબ ।
અરૂ સર્વાત્મક ભાવ હિયે ॥
હરિ દાસ પ્રભુ શોભા શ્રમ સરિતા ।
નિરખ નયનચિત જીન વિસરાવે ॥૨॥

ભાવાર્થ : જેઓ પરમ પ્રેમપૂર્વક ભાનુ સુતા શ્રી યમુનાજીનું ગુણગાન કરે છે. તે શ્રી યમુનાષ્ટકમાં કહેલ અલૌકિક અષ્ટસિદ્ધિઓને પામે છે, અને તે રસાનંદનો ભોગ કરે છે. શ્રી યમુના તટ ઉપરની શ્રી હરિની લીલાનાં શ્રી યમુનાજીની કૃપાથી દર્શન પામે છે ત્યારે જ લીલારસનો અનુભવ થાય છે, અને સર્વાત્મભાવ હૃદયમાં આવે છે. હરિદાસના પ્રભુ અને શ્રમજલ સરિતા એવાં શ્રી યમુનાજીનાં દર્શન કરી અને ચિત્તમાંથી વિસરાય તેમ નથી. કારણ કે શ્રીહરિની રસિક લીલાઓનો આનંદ જ એવો કે નિત્ય નૂતન રસાનંદનું અલૌકિક અને મધુર પાન થતું જ રહે છે. શ્રી યમુનાજીની અષ્ટસિદ્ધિઓ નીચે પ્રમાણે છે.

૧. નૂતન સેવોપયોગી દેહ
૨. તલ્લિલા અવલોકન (લીલાનાં દર્શન)
૩. તદ્‌રસાનુભવ (તે લીલાના રસનો અનુભવ)
૪. સર્વાત્મભાવ (સર્વમાં ભગવદ ભાવના)
૫. ભગવદ્‌ વશીકરણત્વ (પ્રભુને વશકરવાનું)
૬. ભગવદ્‌ પ્રિયત્વ ભગવદ્‌ તાત્પર્યજ્ઞત્વ
(પ્રભુને પ્રિય થવાનું,પ્રભુના મનની,જાણવાનું)
૭. ભકિત દાતૃત્વ (ભકિતનું દાન આપવાનું)
૮. ભગવદ્‌રસ પોષકત્વ (પ્રભુને રસપાન કરાવવું)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

કાવ્ય કુંજ

(૧) અભિલાષા

જરા બંસી બજાવો નંદલાલા, તારી ઝાંખી કરવા આવી હું
મારા હાથમાં જળની જારી છે, હું સ્નાન કરાવા આવી છું.
જરા સ્નાન કરોને નંદલાલા, કેશરીયા વાગા લાવી છું
મારા હાથમાં શ્રૃંગારની થાળી છે, હું શ્રૃંગાર સજાવવા આવી છું
જરા હેઠા બેસો નંદલાલા, હું મુગુટ ધરાવા આવી છું.
મારા હાથમાં આરતીની થાળી, હું આરતી ઉતારવા આવી છું
જરા નયન ખોલો નંદલાલા, હું ઝાંખી કરવા આવી છું.
મારા હાથમાં માખણ મિસરી છે, હું ભોગ ધરાવવા આવી છું.
જરા મુખડુ ખોલોને નંદલાલ, હું ભોજન કરાવવા આવી છું
મારા હાથમાં જળની જારી છે, હું આચમન કરાવવા આવી છું.
જરા આચમન કરોને નંદલાલા, હું રેશમી રૂમાલ લાવી છું.
હું રેશમી રૂમાલ લાવી છું, સાથે ચોપટ પાસા લાવી છું
તમે હેઠા બેસો નંદલાલા, હું રમત રમાડવા આવી છું.
હું ફળને મેવા લાવી છું, હું ભોગ સામગ્રી લાવી છું.
તમે ભોગ કરોને નંદલાલા, હું ઝાંખી કરવા....
હું આરતી સજાવી લાવી છું, હું આરતી ઉતારવા આવી છું.
તમે ઉભા રહો નંદલાલા, હું આરતી ઉતારવા આવી છું.
હું જીણી કળીયો વીણી લાવી છું
હું સેજ બિછાવા આવી છું.
પ્રેમે પોઢને નંદલાલા, હું પોઢણ કરાવવા આવી છું.
હું બેઉ કરજોડીને વિનંતી કરૂ, હુ દર્શન કરવા આવી છું
મને દર્શન દેજોને નંદલાલા, તમારી ઝાંખી કરવા આવી છું.
જરા બંસી બજાવે. નંદલાલા તારી ઝાંખી કરવા આવી છું.

કમલાબેન આશર, રાયપુર

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

(૨) તારા ચરણમાં રહેવા દે

[ઢાળ : મને લાગી રે લગન ગુરુ ચરણનકી]

વલ્લભ તારા દંડવત્ મને કરવા દે
શ્રીજી તારા ચરણમાં પડવા દે
યમુના તારા ચરણમાં રહેવા દે.
દ્વારે આવી આજે ઊભી
ઝાંખી મને તારી કરવા દે વલ્લભ તારા-૧
ભવસાગરમાં જીવ મારો ભટકે,
કિનારે કિનારે મને ફરવા દે વલ્લભ તારા-૨
પળ પળ એક મારી યુગ જેવી જાય છે
નાથના દર્શન કરવા મન લલચાય છે
તારી સેવા મને કરવા દે વલ્લભ તારા-૩
ગિરિરાજથી વહાલો મેવાડ પધાર્યા
અજબબાઇના મનોરથ પૂરા કર્યા
તારા ગુણગાન મને ગાવા દે વલ્લભ તારા-૪
‘લક્ષ્મી’ના નાથ પદ રજ આશ જો
મને રાખો ચરણકમલ પાસ જો
તારા ચરણમાં મને રહેવા દે વલ્લભ તારા-૫

-શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

વૈષ્ણવ પંચાંગ સંવત ૨૦૪૮

“આચાર્ય શ્રી વલ્લભ” પંચાંગ-વિશેષાંક ઓકટો. ૯૧’ અંક ૭ ગ્રાહકોને ભેટ પુસ્તક રૂપે વડોદરાથી પ્રકાશિત થયેલ છે. જેના સંપાદક શાસ્ત્રીજી ઉદયનભાઇ હ. શુકલ છે. પ્રસ્તુત પંચાંગમાં વિક્રમ સંવત ૨૦૪૮ વર્ષમાં આવતા પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવો વગેરેના નિર્ણયોવાળી ટિપ્પણી તેમજ અન્ય અનેક માહિતીસભર જેવાં કે શ્રાદ્ધપક્ષ-નિર્ણય, ગ્રહો અનુક્રમે નક્ષત્ર તથા રાશિપ્રવેશ, વક્રી, માર્ગી તથા ઉદયાસ્ત દર્શક માસિક કોઠો, દૈનિક હોરા કોષ્ટક, ભદ્રા-વિષ્ટ-પ્રવેશ-નિવૃત્તિ, જાહેર તહેવારો, ભૂમંડલે ગ્રહણો, ઉપનયન-લગ્નના તથા વાસ્તુ-કળશના મુહૂર્તો વગેરે દર્શાવેલ છે. આવા શ્રીવલ્લભી સૃષ્ટિને સર્વાંગી ઉપયોગી પ્રકાશન માટે ધન્યવાદ.

વાત્સલ્ય ભાવ

પ્રેષક : "માધુરી"

નિ.લી.પુ.પા.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી (મથુરા-પોરબંદરવાળા)નું મંદિર આકોલામાં છે. શ્રી ગોવર્ધનનાથજી બિરાજે છે. એકવાર આપશ્રી પધાર્યા ત્યારે સાથમાં શ્રી ઉદ્ધવજીશાસ્ત્રીજી તથા શ્રી કરંભાકૃષ્ણચંદ્ર લાલાજી હતા. તે વખતમાં લાલાજી શાસ્ત્રીજી પાસે પુષ્ટિમાર્ગીય માર્મિક શિક્ષણ ગ્રહણ કરતા હતા.

રોજ સભા પ્રવચન થતા હતા. વૈષ્ણવોને નિત નવું પુષ્ટિમાર્ગીય ભાવભાવાનું સેવન મળતું હતું.

ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, શ્રી ગોવર્ધનાથજીને શૃંગાર ધરાવવા પધારતા હતા. તેમજ સામગ્રીમાં ખાસ સખડીનું ધ્યાન દેતા. દાળનો વઘાર તેમજ દાળનો કટ સુંદર બનાવતા. ખાસ કરીને જબકા પુરી આપશ્રી જેવી બનાવતા તેવી મુખીયા ભીતરીયા કોઇથી બનતી નહીં. આપશ્રી સામગ્રી કરીને બતાવતા કે આ વસ્તુ આવી રીતે બને.

એક વાર રાજભોગ ધરવા પધાર્યા ત્યારે અથાણામાં લાલ મરચાં જોયા. તે વખતે બહુ જ નારાજ થયા. શ્રી ઠાકોરજી બાળક છે, સેવા બાલભાવની છે. સેવા કરતા શ્રી ઠાકોરજીનું સુખ વિચારવું. સામગ્રી તો શ્રી ઠાકોરજી માટે બને છે. આપણા માટે નહીં. હવે પછી રસોઇઘરનાં દરવાજામાં મરચું નહીં. તમારે સ્વાદ લેવો હોય તો પ્રસાદ લેતી વખતે ભાણામાં લઇ શકો છો, પણ ભૂલેચુકે લાલ કે લીલું મરચું આરોગાવશો નહીં.

રાજભોગ ધરાવી આપશ્રી તિબારીમાં બિરાજ્યા તે વખતે શીતકાળ હતો. જેથી ભોજન (ગૃહભોજન)નાં પદો આવે છે તેમાંનું ગાયું.

રાગ-ધનાશ્રી

જેવંત નંદકાન્હુ ઇકિ ઠૌરે ।
કછુક ખાત લપટાત વદન પર,
બાલ કેલિ રસભોરે ।૧।
બરા બદનમેં મેલ્યો જબહિં,
મિરચ દસન ટકટોરે ।
તિક્ષન લગે નૈન ભરિ આયે,
ખિજત બાહિર દૌરે ।૨।
કુક કપોલન દેતિ રોહિની,
હિયે લગાય અકોરે ।
'સુરશ્યામ' કોં મધુરે કોર દૈ,
કીને તાત નિહોરે ।૩।

તે વખતે આ પદની સૂક્ષ્મ ટીકા આપશ્રીએ કરી હતી. નંદાલયમાં નંદબાબાની સાથે બાલક કૃષ્ણ ભોજન કરવા બેઠા. તે દિવસે વડા બનાવ્યા હતા. વડામાં મિરચ (કાળામરી) નાખેલ. તે વડું મુખારવિંદમાં મુકી દાંત નીચે લીધું ત્યાં તીખું લાગ્યું. બાળકથી આ સહન ન થયું. ઉભા થઇને બહાર જવા લાગ્યા, આંખોમાં આંસુ આવી ગયા, રીસથી ચીસ પાડવા લાગ્યા. હમણાં જ ભોજન કરતાં આનંદ આવતો તે વિખરાય ગયો. નંદબાવા લાલા કેવી રીતે મુખમાં મુકે છે તે જોતા હતા. કોર લઈ શ્રીહસ્તથી મુખમાં મુકવા જાય ત્યાં થોડુંક ગાલે લાગી જાય. કાંઇક શ્રીહસ્ત-

માં લાગી જાય. આ બાલચેષ્ટા રમતા જાય, હસતા જાય, કોર મુખમાં મુકતા જાય જે લીલા આનંદ દેવાવાળી હતી તેમાં તીખું લાગવાથી આનંદનો તિરોધાન થઇ ગયો.

બાળકની રાડ સાંભળી રોહિણીજી દોડી આવ્યા. લાલાને ઉછંગે લઇ તેમનાં કપોલે ફુંક દેવા લાગ્યા. મુખ લાલ લાલ થઇ ગયું હતું. જેથી મીઠો કોર જેમકે શીરો, ખીર એવો કોર મુખમાં દઇ શાંત કર્યા. નંદબાવાને સાન કરી કે ધ્યાન રાખવું જરૂરી હતું. નહીં તો લાલાને આટલો શ્રમ ન પડત

નંદબાવા બાળકને ગોદમાં લઇને મનાવવા લાગ્યા. લાલા પ્રસન્ન થયા જોઈ નંદબાવા લાલાનું સુખ નિરખી આનંદ માનવા લાગ્યા.

આ પ્રમાણે આપશ્રી વિવેચન કરી રહ્યા હતા. ત્યાં ચોકમાં બેઠેલા વૈષ્ણવો પૈકી એકે સવાલ કર્યો કે જે, જે ! 'લાલકોં રોટી ઔર બરી' તેમાં મીરચ આવે છે. ત્યારે આપશ્રીએ તે કિર્તન ગાયું-

રાગ-ધનાશ્રી

લાલકોં રોટી ઔર બરી ।
હીંગ લગાય મિરચ પુટ દીનો;
કરુવે તેલ તરી ।૧।
આનિ કનિક દ્વે બિરિયા છાની,
બેલન બેલ કરી પતરી ।
'કટહરિયા' પ્રભુકોં રુચી ઉપજી;
માખનસોં ચુપરી ।૨।

આ કિરતનમાં રોટી ઔર બરી (વડી) કેવી રીતે બનાવી તે બતાવ્યું છે. લોટને બે વાર ચાળણીથી ચાળીને બનાવેલ તેમાં હીંગ લગાવી અને મિરચનો પુટ દીધો. મીરચ એટલે કાળા મરી, (લાલ કે લીલા મરચાં નહીં) તે રોટીને પાતળી વણીને કરુવા (સરસવ) તેલમાં તળી પછી તેના ઉપર માખણ ચોપડીને પછી લાલાને આપી.

શીતકાળમાં તેલ, બાજરીના રોટી, ગોળ એવી વસ્તુ આવે છે. પરંતુ આ રોટી પાતળી કોમળ ખસતા (ભરભર ભૂકો થઇ જાય તેવી) બનાવેલ તેમાં માખણ ચોપડવાથી અતિ સ્વાદિષ્ટ બની હતી. માખણ ઉપર ચોપડવાથી લાલાને બહુ જ ભાવી અને પ્રેમથી આરોગવા લાગ્યા લાલાને માખણ ભાવે. એતો ભાવતી ચીજ અતિ સ્વાદિષ્ટ બની હતી.

પુષ્ટિમાર્ગમાં બાલભાવની સેવા છે. એક માતા પોતાના બાળકનું સુખ વિચારી તેને ભાવે તેવું ભોજન બનાવે છે. હરપ્રકારથી પોતે કદાચ ગમે તેવું સુખ-દુઃખ વેઠવું પડે તેની પરવા કરતી નથી. પોતાને ભાવે તેવી રસોઈ નહીં, બાળકને ભાવે તેવું ભોજન બનાવે છે.

પોતાને ભાવે તેવું જ બનાવવું તે ભાવ ગૌણ છે, પ્રભુને યોગ્ય સામગ્રી બનાવવી- વાત્સલ્યભાવથી સેવા, સ્મરણ, સામગ્રી બધું બનવું જોઇએ.

પુષ્ટિમાર્ગની સેવાની પ્રણાલિકા ઋતુ અનુસાર પ્રભુનું સુખ વિચારીને જ બાંધી છે. જેમકે શીતકાળમાં ઠંડી હોય ત્યારે સગડી આવે છે, જાડા કપડાનાં વસ્ત્ર આત્મસુખ તેમ જ જડાવના શૃંગાર આવે છે, સુહાગસુંઠ ધરાય છે, મસાલા ઘણાં તેજ હોઇ સાથે બદામનો શીરો ધરાય છે.

ઉષ્ણકાળમાં બારિક વસ્ત્રો, ફુવારા, ખસની ટાટી, સામગ્રીમાં પણ ઠંડી જેમકે ગુલાબ કતલી, પણા, બીલસારૂ, સતુવા વગેરે.

અષ્ટસખાઓએ કિરતનમાં બધું વર્ણન કર્યું છે. સમય સમયના કીર્તનો, રોજેરોજ શૃંગાર, ઉત્સવ વગેરે બધું જ કીરતનમાં સમાવી લીધું છે. તે બધું વાંચી મનન કરવાથી સમજાશે છેલ્લે એટલું ધ્યાન રાખવાનું કે કેવળ પ્રભુનું જ સુખ વિચારવાનું- પોતાનું નહીં. પોતે તો પ્રસાદીમાં નિર્વાહ કરવાનો છે.

સમાચાર

રાજકોટ – રાજકોટ વૈષ્ણવ સમાજ અને આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના જાહેર પ્રવચનનો કાર્યક્રમ તા. ૨–૧૨–૯૨ના રોજ શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીર્માં રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રવચન દરમ્યાન પ્રશ્નોતરી થયેલ હતી.

રાજકોટ – સોની મથુરભાઈ બાબરાવાળા તથા કાંતીલાલ ગુલાબચંદ ગેરીયા પરિવારના સંયુકત સહયોગથી તા. ૨૪–૧૧–૯૧થી તા. ૧–૧૨–૯૧ દરમ્યાન પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત–વડોદરા બગસરા)ના અધ્યક્ષસ્થાને શ્રી વલ્લભ ગીતા (ષોડશગ્રંથ) સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયેલ હતું. પ્રધાન પ્રવકતા શ્રી વીસનગરવાળા શાસ્ત્રીથી શ્રી વ્રજેશકુમાર શેહરાણી હતા.

આ સપ્તાહ દરમ્યાન તા. ૩૦–૧૧–૯૧ ના રોજ જશુબાઈ મંડાણમાં રાજકોટ વૈષ્ણવ સમાજ અને આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે સ્થાનિક વૈષ્ણવોનું સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે રાજકોટ સાખાના પ્રમુખશ્રી વૃજલાલભાઈ રાણપરા તેમજ આયોજન પ્રમુખશ્રી કાંતિભાઈ રાધનપુરાએ પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી તેમજ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત શાસ્ત્રીજી વ્રજેશકુમારનું પુષ્પ માલાથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સ્વાગત પ્રવચન અને રાજકોટ શાખા દ્વારા સંપન્ન થતા કાર્યોની માહિતી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ આપી હતી

રાજકોટ શાખાના મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે જણાવેલ કે સને ૧૯૮૧માં રાજકોટમાં પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની અદયક્ષતામાં યોજાયેલ સોમયજ્ઞ દરમ્યાન અ.ભા.પુ.વૈ. પરિષદમાંથી આં.રા.પુ.વૈ. પરિષદ પરિષદ કક્ષાએ રૂપાંતર થયું તેના દશાબ્દી મહોત્સવની ઉજવણીના નિર્ણયો કરવા આ સંમેલન યોજાયું ત્યારબાદ ગુજરાત પ્રદેશના સંગઠનમંત્રી શ્રી ચીમનભાઈ શેઠે, શાસ્ત્રીથી વ્રજેશકુમારે તેમજ પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રીએ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પાઠ દશમા ધોરણમાં દાખલ થયા સંબધે પાઠશાળા સંબધે, ઋષિકુળ વગેરે સાંપ્રત વિષયો સંબધે પ્રાસંગીત પ્રવચનો થયેલ

રાજકોટ – રાજકોટ વૈ સમાજ અને આં.રા.પુ.વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ શ્રી (જુનાગઢ)ના અધ્યક્ષ સ્થાને તા ૧૨–૧૧–૯૧ના રાત્રે શ્રી જશુબાઈ મંડાણમાં કારોબારીની મીટીંગનુ આયોજન થયેલ હતું. ઉપરાંત આપશ્રીના જાહેર પ્રવચનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન પ્રશ્નોતરી થયેલ હતી.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ મહોત્સવ-રાજકોટ

અધ્યક્ષ અને પ્રવકતા : પૂ. પા ગો. શ્રી ઈન્દિરા બેટીજી મહોદયા
મંગળ પ્રારંભ : પોષ શુદ ત્રીજ બુધવાર તા. ૮–૧–૯૨ શોભાયાત્રા બપોરે ત્રણ વાગે નિકળશે.
પૂર્ણાહુતિ : પોષ સુદ પૂનમ રવિવાર તા. ૧૯–૧–૯૨
કથા સમય : સવારે ૯–૩૦થી૧૨–૩૦ સાંજે ૩–૩૦થી૬–૩૦
કથા સ્થળ :– "વ્રજધામ" સરકારી રમતગમમનું મેદાન, રેસકોર્ષ – રાજકોટ
સર્વ ધર્મપ્રેમી ભાવિક જનોને પધારવા અને કથાશ્રાવણ કરવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.
નિવેદક :– શ્રી ગોપાલ સેવા સમાજ ટ્રસ્ટ, બાંટવા

શ્રદ્ધાંજલિ

મહેસાણા. તા. ૨૭–૧૧–૯૧ સંપ્રદાયના પરમ વિદ્વાન અને શ્રી દયારામભાઈના શિષ્ય પરંપરાન વંશજ તથા શ્રી વલ્લભ સુધાના ભૂતપૂર્વ તંત્રી પ્રા શ્રી જીવણલાલભાઈ જોષીના ગોલોકવાસના સમાચાર જાણી, ભૌતિક રીતે ઘણું દુ:ખ થયુ છે.

તેમણે આજીવન વૈષ્ણવ સમાજને શ્રી દયારામભાઈનું સાહિત્ય પીરસવાની અને સમજાવવાની ઘણી મોટી સેવા કરી છે. શ્રી દયારામભાઈ દ્વારા પુષ્ટિમાર્ગીય ધર્મ અને મર્મ વૈષ્ણવો સુધી પહોંચાડવામાં તેમનું મોટું યોગદાન છે.

વૈ. પ.ને પ્રારંભથી તેમણે વૈ.પ,ને પણ તેમના લેખો દ્વારા ઘણી સહાય કરી છે, મને અંગત રીતે પણ તેમણે ઘણું પ્રોંત્સાહન અને માર્ગદર્શન આપ્યું છે. આવા સૌજન્ય શિલ પુષ્ટિ ભકિત નિષ્ઠ અને સાહિત્ય મર્મજ્ઞ વડિલને ગૂમાવવાનું મને અંગત રીતે પણ દુ:ખ છે.

શ્રી મહાપ્રભુજીની ઈચ્છા સમજી શકાતી નથી પરંતુ સંપ્રદાયના વડિલ વિદ્વાનો એક પછી એક નિત્ય વીલામાં પાછા જઈ રહ્યા છે અને નવા વિદ્વનો તૈયાર થતા નથી, ત્યારે પુષ્ટિ માર્ગને આજે શ્રી વલ્લભમાં નિષ્ઠ વિદ્વામોની બહુ મોટી ખોટ વર્તાય છે. શ્રી પ્રભુ એમના ચરણ કમળોમાં શ્રી જીરણલાલભાઈને સદા સ્થિરવાસ આપશે એ નિશ્ચિત છે. પરંતુ આપણે તેમના વિના થોડા વધારે રંક બન્યા છીએ.

લિ. દાસાનુદાસ
રમેશના જયશ્રીકૃષ્ણ
રમેશભાઈ પરીખ
વિલેપાર્લે તા ૨૭–૧૧–૯૧

પ્રો. જીરણલાલ છ. જોશી સાહેબના અવસાનના સમાચાર જાણી આઘાત લાગ્યો. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને કુટુંબીજનોને આ કારમો ઘા સહન કરવાની શકિત બક્ષે એજ પ્રાર્થના.

શ્રીમતી કૌમુદી મુનશી પણ આપણા સૌના દુ:ખમાં સહભાગી છે.

એમનો શકય એટલી ઝાઝી મદદ કરવાનો ને ઘસાઈ છૂટવાનો સ્વભાવ હમેશાં યાદ રહેશે. સંપ્રદાયને ને ખાસ કરીતે 'દયારામ'ના ચાહકોને એમની ખોટ હંમેશાં સાલશે

અમને પણ નજદિકના ભવિષ્યમાં એમની પાસેથી માર્ગદર્શન મદદ લેવાની અપેક્ષા હતી. ઈશ્વરેચ્છા બલીયસી I

લિ.
ન. કે. પરીખના જયશ્રીકૃષ્ણ

વડોદરા તા. ૫–૧૨–૯૧ શૈક્ષણિક ક્ષેત્રે પ્રોફેસર તરીકેની ઉજજવળ કારકિર્દી પછી આં. રા. પુ વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત માસિક 'શ્રી વલ્લભ સુધા"ના સંપાદક તરીકે સેવા આપતા શ્રી જીવણલાલ જોશીના હરિશરણ થયાના સમાચારથી આં.રા.પુ વૈ પરિષદ ગુજરાત પ્રદેશના અગ્રણીઓમાં શ્રી ઈન્દ્રકાંત ત્રિકમલાલ શેઠ, શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી, પ્રોફે. ચીમનભાઈ એમ. શેઠ, પ્રિ વી. પી પરીખ, શ્રી હરસુખભાઈ ખખ્ખરે વગેરે સ્વર્ગસ્થની સેવાઓને બીરદાવીને ઊંડા દુ:ખ અને ગહેરા શોકની લાગણી વ્યકત કરે છે અને પરિષદને ન પૂરાય તેવી ખોટ પડી છે.

ચીમનભાઈ એમ શેઠ
આં. પુ. વૈષ્ણવ પરિષદ
ગુજરાત પ્રદેશ

શ્રી પ્રથમેશ ચરિતામૃત ઉપર અભિપ્રાય

નિ. લી. પૂ. પા. ૧૦૮ ગો. શ્રી રણછોડાચાર્યજી (શ્રી પ્રથમેશજી) મહારાજ પુષ્ટિમાર્ગને સુસંગઠિત અને સિદ્ધાંતનિષ્ઠ કરવાની મહેચ્છા સાથે આચાર્યો અને વૈષ્ણવોના સુભગ સમન્વય સાથે પુષ્ટિમાર્ગને એના એના મૂર્તિમંત રમણીય ઉદાત્ત સ્વરૂપમાં સાકાર કરવાની પ્રબળ ધગશ ધરાવનારા એક અસાધારણ વ્યકિતત્વના પ્રતીક સમા હતા. એમની સર્વતોમુખી પ્રતિભા આં. રા પુ.વૈ. પરિષદને જીવંત રાખવામાં ખૂબ પ્રેરણાદાયી બની રહી, શ્રી મહાપ્રભુજીએ સર્વનિર્ણય પ્રકરણ નિબંધમાં ગુરુના જે લક્ષણો બતાવ્યા છે એ લક્ષણો એમના જીવનમાં ઓતપ્રોત થઈ ગયેલા એમના સંપર્કમાં આવનાર દરેકને દીસતા આવા એક મહાન આચાર્યનું જીવન ચરિત્ર વિશાળરૂપે આલેખાય એ ખૂબ જરૂરી હતું.

પ્રસ્તુત પુસ્તકમાં સંક્ષેપમાં આપશ્રીનું જીવનચરિત્ર એમના જીવનના વિવિધ પાસાઓનો પરિચય કરાવતું અંકિત કરાયું છે એ સાથે એમના સચોટ અને હૃદયમાં સોંસરા પેસી જાય એવા લેખો-પ્રવચનો તેમજ કાવ્યો પણ આપવામાં આવ્યા છે. એમણે પુષ્ટિભકિતની તેમજ પુષ્ટિ સંગઠનની જે અમર જયોત દેદીપ્યમાન કરાવી હતી અને એ કરવા માટે એમણે જે સતત પ્રયાસો કર્યા હતા એનો યત્કિંચિત પરિચય આ પુસ્તકથી થાય છે.

આપણું એ કર્તવ્ય હવે બની જાય છે કે એમની ભૂતલ અનુપ સ્થિતિમાં પ્રસ્તુત પુસ્તકનું મનન કરી એમની જે દિવ્ય ઝંખના હતી તે પરિપૂર્ણ કરવા કટિબદ્ધ બનીએ. પ્રથમેશજીના આદર્શને જીવનમાં ઉતારી આં. પુ. વૈ. પરિષદના એક-એક સભ્ય કટિબદ્ધ બને તો આ કાર્ય અશકય નથી. પુસ્તક મનનીય હોઈ પ્રત્યેકે એનું વાચન કરી જીવનમાં ઉતારવા જેવું છે.

બિપિનબિહારીદાસ સંપાદક : વૈષ્ણવવાણી (માસિક) સુરત

॥ શ્રી હરિ: ॥

॥ વિજયતે શ્રી મદનમોહન પ્રભુ ॥

વિવાહ પ્રસ્તાવ

પૂ. પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રી, મુઝુન્ડના લાલજી અયુષ્યમાન ચિ. ગો. શ્રી રઘુનાથજી બાવાશ્રીનો શુભ વિવાહ પ્રસ્તાવ મહાવદ ૬ (વ્રજ ફાલ્ગુન) સંવત ૨૦૪૮ રવિવાર તા. ૨૩-૨-૧૯૯૨ના શુભ દિવસ પર નિશ્ચિત થયેલ છે.

આ વિવાહ પ્રસ્તાવમાં સર્વ વૈષ્ણવોને સપ્રેમ હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે. પ્રસ્તાવમાં સપરિવાર હાજરી આપી શોભામાં વૃદ્ધિ કરશોજી.

શુભ વિવાહ સ્થળ - શ્રી કેવલબાગ, કીલાચંદ રોડ. કાંદીવલી (પશ્ચિમ) મુંબઈ
સંપર્ક સ્થળ - પૂ પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રી
'શ્રી વલ્લભપીઠ' ૩/૪ અંબે કૃપા સોસાયટી, ઝવેર રોડ,
મુલુન્ડ (પ મુંબઈ-૪૦૦૦૮૦ ફોન - ૫૬૧૭૪૨૦
લી. શ્રી વલ્લભપીઠ પરિવાર તથા પ્રસ્તાવ સમિતિ

મહેલોલ (ગોધરા) પંચમહાલમાં સોમયજ્ઞનું ભવ્ય આયોજન

યજમાન દંપતિ સોમયાજી દીક્ષિત પૂ. પા ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ તથા અ. સૌ પૂ. શ્રી વ્રજલક્ષ્મી વહુજી (ઈન્દોર-નાથદ્વારા) દ્વારા શ્રીમદવલ્લભ કુળની પ્રાચિન પરંપરા અનુસાર શ્રી બ્રહસ્પતી સોમયજ્ઞ અને શ્રી વાજપેયી સોમયજ્ઞનું મંગલ આયોજન મહેલોલ (ગોધરા-પંચમહાલ પાસે તા ૧૫-૧-૯૨ થી ૨૨-૧-૯૨ સુધી અનેકવિધ આયોજનો સહ થઈ રહ્યું છે. સર્વે વૈષ્ણવોને દર્શન સેવાનો લાભ લેવા શ્રી સોમયજ્ઞ આયોજન સમિતિ તરફથી આમંત્રણ છે.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૫ તા. ૧૦-૧-૯૨ શુક્રવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. સંજય બાવા (મથુરા) નો જન્મદિન

પોષ સુદ ૮ તા. ૧૩-૧-૯૨ સોમવાર ગો. શ્રી શ્યામ સુંદરજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર) નો જન્મદિન

પોષ સુદ ૯ તા. ૧૪-૧-૯૨ મંગળવાર ભોગી ધનુર્માસ સમાપ્તિ ગો. શ્રી નવનીત લાલજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મદિન

પોષ સુદ ૧૦ તા. ૧૫-૧-૯૨ બુધવાર મકર સંક્રાંતિ પુણ્ય કાળ સૂર્ય ઉદયથી છે. તિલવા શૃંગારમાં ધરવા ગો. શ્રી વ્રજેશ કુમારજી મહારાજશ્રી (કાંકરોલી) નો જન્મદિન

પોષ સુદ ૧૧ તા. ૧૬-૧-૯૨ ગુરુવાર પુત્રદા એકાદશી વ્રત

પોષ સુદ ૧૨ તા ૧૭-૧-૯૨ શુક્રવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ શ્રી (માંડવી-કચ્છ) નો જન્મદિન

પોષ સુદ ૧૩ તા. ૧૮-૧-૯૨ શનિવાર ગો. શ્રી વલ્લભ લાલજી મહારાજ શ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ) નો જન્મદિન

પોષ સુદ ૧૫ તા. ૧૯-૧-૯૨ રવિવાર પોષી પૂનમ માઘસ્નાન પ્રારંભ

પોષ વદ ૩ તા. ૨૨-૧-૯૨ બુધવાર ગો. શ્રી મુકુંદ બાવાશ્રી (સુરત) નો જન્મદિન

પોષ વદ ૪ તા. ૨૩-૧-૯૨ ગુરુવાર ગો. શ્રી મધુસૂદન બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન

પોષ વદ ૫ તા. ૨૪-૧-૯૨ શુક્રવાર ગો. શ્રી પ્રભુજીબાવાશ્રી (સુરત) નો તથા ગો. શ્રી પ્રાણવલ્લભબાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન

પોષ વદ ૬ તા. ૨૫-૧-૯૨ શનિવાર શ્રી દિક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં માને છે. શ્રી લાલજીનો પાટોત્સવ (કાંદીવલી) ગો. શ્રી પરિતોષ બાવાશ્રી (મથુરા) નો તથા ગો. ચિ. હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા) નો જન્મદિન.

પોષ વદ ૯ તા. ૨૮-૧-૯૨ મંગળવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (મથુરા) નો તથા ગો. શ્રી નવનીતલાલજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર-નડીઆદ) નો જન્મદિન

પોષ વદ ૧૧ તા. ૩૦-૧-૯૨ ગુરુવાર ષટ્તિલા એકાદશી વ્રત તલનો ભોગ ધરવો દાન આપવું.

પોષ વદ ૧૨ તા. ૩૧-૧-૯૨ શુક્રવાર ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન (સં. ૧૯૦૧)

મહા સુદ ૨ તા. ૫-૨-૯૨ બુધવાર ચંદ્રદર્શન શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ શ્રી લાડુ બેટીજી મંદિર મુંબઇ

(બીજા ટાઈટલથી ચાલુ)

૧૮ લીંબડી
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદીર પાસે

૧૯ વડોદરા
શ્રી વામનભાઈ બી પટેલ
ચોખંડી, વ્યારાપોળ

૨૦ વાંકાનેર
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર

૨૧ સુરત
શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭, ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧લેમાળે
વારાછ રોડ

૨૨ હળવદ
શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળોએ "શ્રી વલ્લભ સુધા"નું લવાજમ લેવાય છે.

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણા પરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે. ભટ્ટ શેરી સામે.

૪ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી
જાગનાથ પ્લોટ

૫ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વીસ
રજની બિલ્ડીંગવાળી શેરી
ભૂપેન્દ્ર રોડ,

૬ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫, ન્યુ જાગનાથ

૭ શ્રી વસંતભાઈ એન. વોરા
C/o વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઈ રોડ

૮ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્વરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી
જંકશન પ્લોટ

૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે

૧૦ શ્રીમતી હર્ષાબેન એચ ઠક્કર
"આનંદ" જલારામ–૨ ગણેશવાડી સામે

૧૧ શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કર્સ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભક્તિનગર,
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ

૧૨ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ
રૈયા રોડ

"શ્રી વલ્લભ સુધા"ના ગ્રાહકો માટે ભેટ પુસ્તક યોજના

"શ્રીવલ્લભ સુધા"નું સને ૧૯૯૨–૯૩ નું નવું વર્ષ ૧ લી એપ્રિલ ૯૨ થી શરૂ થશે. આ નવા આજીવન ગ્રાહકો જે તા. ૩૧–૩–૯૨ સુધીમાં પોતાનું લવાજમ મોકલાવી આપશે તેઓને ભેટ પુસ્તક અપાશે. ભેટ પુસ્તકની વિગત હવે પછી પ્રસિદ્ધ થશે.

સુજ્ઞ પાઠગણ "શ્રીવલ્લભ સુધા"ને પોતાનું જ સમજી અવશ્ય સહકાર આપશો એવી વિનતી.

પ્રમુખ–તંત્રી–વ્યવસ્થાપક : શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

સાત વાર અને માનચરિત્રનો ગરબો

રાધે ! કહ્યું માનની તું માહારું રે, એહેમાં સુખ છે તેહેનું ને તાહરું
રાધે ! કહ્યું માનની તું માહારું રે ટેક
શાને રીસ આવડલી આવી ? નથી મૂકતી માન મૂકાવી
તેહેનું કારણ દેની બતાવી...રાધે ૧
રવિ પ્રગટ થશે ઘડી બેમાં રે, પછી દિવસ જશે કયમ વહેમાં રે ?
તું તો જોની વિચારી હૃદેમાં ..રાધે ૨
સોમને મનસુબો આવે રે, પ્રતિઉત્તર કાંઇ ના બનાવે રે;
કેહે તો, તે નમી પાગ મનાવે....રાધે. ૩
ભોમે શેન આસન કર્યું છે રે, આ શું ? નેત્રમાં નીર ભર્યું છે રે;
દુખ આવડું શાને ધર્યું છે રે ? રાધે. ૪
બુધ કયાં હાં ગઇ સહુ તાહારી રે ? બેઠી પિયુસંગે રોષ વધારી રે;
તે તો બંધે ને દુખકારી....રાધે. ૫
ગુરુ થઇ સહુને શીખ દેતી રે, તે તું કયમ થઇ અલે'તી રે ?
તેહેનું કારણ કયમ નથી કેહેતી રે ? રાધે. ૬
શુ કરશે મુને હાવાં બોલાવી રે ? રાખી મુગટમાં મનની ભાવી રે,
દીધું માનનું મુળ બતાવી....રાધે. ૭
એમ સુણી સખી કેહે, તું તો ઘેલી રે, એ તો તાહારું પ્રતિબિંબ હેલી રે;
કેહે તો દેખાડું; ચાલ ! સાહેલી....રાધે. ૮
એમ સુધી શ્યામા અઢળક ઢળિયાં રે, જઇ પ્રાણ પ્રીતમજીને મળિયાં રે,
બન્યો સુખસાગરમાં ભળિયાં....રાધે. ૯
સાત વાર ને માનચરિત્ર રે, સુણતાં સહુ થાયે પવિત્ર રે;
'દયા' પ્રભુજીની લીલા વિચિત્ર....રાધે. ૧૦

[દયારામ—રસધારા ૨ માંથી આભાર]

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

વસંત ખેલનું પદ રાસ-બસંત

ખેલત બસંત હરિ બસ-ચંદ, પ્યારી પ્રિય નિરખત અનંદ.
પ્રફુલિત પ્યારી-લાલ કુંજ, અતિ સુગંધ સૌરભ કે પુંજ.
નૈન ભૃંગ ગુંજત સુબાસ, રૂપ માધુરી મધુર હાસ.
અંગ-અંગ ભુષન ભંજન બીન, ગાવતિ છવિ સહચરિ પ્રેમ-લીન.
નિસ-દિન રૂપ-સુધા કૌ પાન, છિન ન તૃપતિ માનત સુજાન.
મુસકનિ બૂકા છુટત અંગ, લોચન કટાચ્છ પિચકારી રંગ.
શ્રી પ્રિયા લાલ કૌં પ્રેમ-રૂપ, કિયૌં પ્રકાસિત જગત ભૂપ.
જૈ શ્રી ઉદયલાલ હિત હૈ કૃપાલ, **'ચંદસખી'** નિરખત નિહાલ.

ભક્ત કવિ ચંદ્ર જૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૦ : અંક-૧૧ ફેબ્રુઆરી, ૧૯૯૨
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૫ * આજીવન રૂ. ૩૦૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

નમ્ર નિવેદન

પ્રિય વાંચક વૃંદ

આપ "શ્રી વલ્લભ સુધા" માસીક દ્વારા પુષ્ટિમાર્ગીય સિધ્ધાંતો અને તત્વજ્ઞાન જાણવા હંમેશા ઉત્સુક રહી સહયોગી બની રહયા છે.

આચાર્ય ચરણ પૂ. પા. નીત્ય લીલાસ્થ ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર કરકસર ભર્યો વહીવટ, નફાની અપેક્ષા વગર વાંચક વૃંદને વધુને વધુ પુષ્ટિ સંપ્રદાયનાં સાહિત્યનું વાંચન પ્રાપ્ત થાય તે માટે પ્રકાશન સમિતિ હર હંમેશ જાગ્રત રહી પ્રયત્ન શીલ છે, તેમજ સામાન્ય એવા લવાજમનાં દરથી માસિક નીયમીત પ્રકાશીત થઇ રહયું છે.

દિન-પ્રતિદિન વધતા જતા કાગળનાં ભાવ-છપાઇ-બાઇન્ડીંગ ખર્ચ તથા પોસ્ટેજ નાં ખર્ચા વધવાનાં કારણે નાછુટકે સને ૧૯૯૨-૯૩નાં વર્ષથી લવાજમ દર વધારવાની ફરજ પડી છે.

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/-   આજીવન લવાજમ રૂા. ૩૦૧/-

માસિક ૧ અંક તેમ કુલ ૧૨ અંકનું હાલનાં સંજોગોમાં રૂા. ૨૮ થી ૩૦ વાર્ષિક ખર્ચ થઇ રહયું છે. પરંતુ દાતાઓના સહયોગથી ખોટ પુરવાની આશા રાખીએ છીએ

ઉપરાંત ૧૯૯૨-૯૩ નાં ૨૦-૩-૯૨ સુધીમાં ગ્રાહક બની સંસ્થા જે લવાજમ જમાં કરાવનારને ભેટ પુસ્તક આપવાનું પણ વિચારેલ છે.

આજીવન ગ્રાહક થનારને વિશેષ લાભ તા. ૨૦-૩-૯૨ સુધીમાં સંસ્થાના કાર્યાલયમાં લવાજમ જતાં કરાવનારને ભેટ પુસ્તક ઉપરાંત રૂા. ૫૦/- નો વિશેષ ફાયદો એટલે કે રૂા. ૨૫૧/- ભરી આજીવન ગ્રાહક બની શકાય છે આ યોજનાનો હેતું આળસને કારણે વર્ષ બદલાય ત્યારે લવાજમ મોકલવામાં ઢીલ થાય છે પાછળથી સંસ્થાને વિશેષ નુકશાની વહોરવી પડે છે. તો આપ આજીવન ગ્રાહક બની સંસ્થાને સહયોગી બનો વિશેષમાં આપણા પરિવારમાં સંસ્કાર ધનનો વારસો એટલોજ જરૂરી છે. દુઃસંગને નોતરનારા સાહિત્ય પાછળ આપણે અનેક વિધ ખર્ચા કરીએ છીએ પરંતુ સદ્ વાંચન દ્વારા આપણું જીવન ઉન્નત બને તેમાં આપણે સૌ એમ કહીએ છીએ કે વાંચવાનો સમય મળતો નથી.

આપણા આત્માને શાંતી પ્રાપ્ત થાય અને આપણે તેમજ આપણો પરિવાર સંસ્કારી બને તે માટે શું ૨૪ કલાકમાંથી એક કલાક પણ ન ફાળવી શકીએ ? જો આપણે પોતે ઘરમાં સત્સંગ એટલે કે સદ્વાંચનની ટેવ પાળીશું તો આપણા બાળકો પણ તે તરફ પ્રેરાશે પછી આપણને બાળકો વિરૂધ્ધ ફરીયાદ કરવાનો અવસર નહી પ્રાપ્ત થાય.

આપ તો આપનું લવાજમ સમયસર જમાં કરાવશોજ સાથે આપણા સ્નેહી વૈષ્ણવ વૃંદ માંથી દરેક વાંચક એક એક ગ્રાહક વિશેષ બનાવે તેવી અપેક્ષા છે. અને તે રીતે પણ આપણે સાંપ્રદાયીક સેવા કરવાનો અવસર પ્રાપ્ત કરીએ.

પ્રમુખ : શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/- આજીવન રૂા. ૩૦૧/-

આપનું લવાજમ ૨૦-૩-૯૨ પહેલા જમાં કરાવી ભેટ પુસ્તકનો લાભ મેળવો.

૨૦-૩-૯૨ સુધી આજીવન ગ્રાહક બનનારને રૂા. ૫૦/- નો ફાયદો રૂા. ૨૫૧/- ભરી આજીવન ગ્રાહક બની શકાય છે.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૦ : અંક ૧૧ * ફેબ્રુઆરી, ૧૯૯૨

ભાવના

પ્રવકતા : **નિ. લી. ગો. શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા**
સંપાદક : **ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટાં**
અનુવાદક : **ડો. ચુનીલાલ રવજી બાલધા**
આંખના સર્જન, રાજકોટ

નમોભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥

મહાપ્રભુ શ્રી વલ્લભચાર્યજીનું પ્રાગટય જે યુગમાં થયું હતું, જે સમયમાં થયું હતું, તેનો થોડો ઘણો પરિચય આપના ગ્રંથો દ્વારા પ્રાપ્ત થાય છે અને ઇતિહાસ પણ આપણુને બતાવે છે. આપના સમયમાં આપણે પરાધીન હતા. બધી રીતે પગતળે કચડાયેલા હતા, અને અધિકાંશ જનતા નિરાશ થઇ ગઇ હતી. આપણા ધર્મની સંસ્કૃતિની રક્ષા કોનાથી થઇ શકશે, એવો કોઈ માર્ગ તેમની સામે દેખાતો નહોતો.

આવા કઠિન સમયમાં આચાર્ય ચરણે પ્રગટ થઇને આ નિર્મળ ભક્તિનો સંદેશ જનતાને આપ્યો અને એ પ્રેમના પ્રતીક રૂપે સેવાને આપે મુખ્ય રીતે બતાવી. પ્રેમ નામ સાથે તો આપણે બધા થોડો ઘણો પરિચય રાખીએ છીએ કે પ્રેમ શું છે ?

પહેલા પણ જાણતા હતા. પરંતુ પ્રેમ માર્ગનું જે મૂર્ત સ્વરૂપ કોઇ છે, તે કયુ છે તે આચાર્ય ચરણોએ જ આપણને બતાવેલ છે. પ્રેમ, પ્રેમ, કહેવા માત્રથી નથી થતો. પરંતુ આપણો પ્રેમ જેમના પ્રતિ છે તેના પ્રતિ આપણો વ્યવહાર કેવો છે. આચાર કેવો છે, તેના દ્વારા પ્રેમ સાક્ષાત થાય છે. મનમાં પ્રેમ હોય અને વ્યવહાર તેને અનુકુળ ન હોય તો તે પ્રેમ, પ્રેમ ન કહી શકાય.

પ્રેમને પ્રગટ કરવાનો જે પ્રકાર છે તે પ્રકાર આપશ્રી વિઠ્ઠલનાથ પ્રભુએ આપણને બતાવ્યો છે. ભગવાન પ્રત્યે પ્રેમ પ્રગટ કઇ રીતે કરવો જોઇએ. તેની જે રીત છે એ રીત કંઇ આપે માત્ર પોતાની કલ્પના માત્રથી બતાવેલ છે એવું તો છે નહીં. આપે તેનો મૂળ આધાર શ્રીમદ્ ભાગવત દ્વારા પ્રાપ્ત કર્યો.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ગોકુલમાં પ્રગટ થયા તે સમયે વ્રજવાસીઓનો જે ભાવ હતો, શ્રીકૃષ્ણ પ્રતિ તેમનો જે પ્રેમ હતો અને તે પ્રેમથી વશીભૂત થઇને વ્રજવાસીઓએ ભગવાન માટે જે કંઈ પણ કર્યું તે પ્રકારને આચાર્ય ચરણોએ પોતાના ગ્રંથો દ્વારા, સુબોધિનીજી દ્વારા પ્રગટ કરીને આપણને બતાવ્યો.

શ્રીમદ્ ભાગવત એક દહીં છે. તેનું મથન કરીને સારરૂપે, નવનીત રૂપે જે વસ્તુ આપને પ્રાપ્ત થઈ તે આપે આપણને બતાવી છે અને તે હતો ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ વ્રજભકતોનો પ્રેમ ભાગવતમાં આવા અનેક પ્રસંગો આપ્યા છે. અનેક યુગોના, અનેક અવતારોના, અનેક રાજાઓના, અનેક ઋષિઓનો ચરિત્રોના વર્ણન પ્રાપ્ત થાય છે. પરંતુ બધાનો જે સાર છે, હૃદય છે તે છે દશમ સ્કંધ.

દશમ સ્કંધમાં પણ જે ભગવાનનું વ્રજનું જે ચરિત્ર છે, અર્થાત્ વ્રજમાં પ્રકટ થયા બાદ જે કાંઇ ચરિત્ર આપે કર્યું, તે તેનો આત્મા છે. સંપૂર્ણ ભાગવનનો આત્મા કોઈ હોય તો તે વ્રજ ચરિત્રમાં પણ વ્રજ વાસીઓનો જે ભાવ છે તે મુખ્ય છે. તો તે ભાવ હતો જેને આપે પ્રગટ કર્યો અને તે ભાવ કેવા પ્રકારનો હતો ? કહ્યું કે તે જે ભાવ હતો તે ફક્ત શબ્દો પૂરતો ન હતો, કહેવા માત્રનો ભાવ ન હતો. પરંતુ સાકાર ભાવ હતો, સાકાર ભાવ જેને કહે છે તે વ્રજવાસીઓનો ભાવ "શ્રીમદ્ ભાગવત" માં આપણને પ્રાપ્ત થયો.

તેનો સારાંશ એ કહેવાનો છે કે વ્રજ ભકતોની જે કાંઈ ક્રિયાઓ હતી તે બધી ક્રિયાઓ કયા નિમિત્તને લઇને થતી હતી, એ સમજવાની વાત છે. સવારથી લઇ સાંજ સુધીની બધી ક્રિયાઓ ભગવાનને માટે થયા કરતી હતી. અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ તેનાથી પ્રસન્ન થાય, તેમને સંતોષ મળે આ દૃષ્ટિથી વ્રજવાસીઓની બધી ક્રિયાઓ થતી હતી. સવારે ઉઠીને વ્રજભકતો ઘર સ્વચ્છ કરતા હતા, તેમનો ઉદ્દેશ શું હતો ? ઘર બધા સાફ કરે છે. કોણ નથી કરતું ? ગૃહસ્થ, જે કોઇ પણ ગૃહસ્થ હોય તે સવારે ઉઠીને પોતાના ઘરને સાફ કરે જ છે.

ઝાપટવું, વાળવું, લીંપવું, તેને સુંદર કરવું, આ બધી ક્રિયાઓ બધા ગૃહસ્થ કરે છે. કોઇપણ રીતે કરે છે. સામાન્ય રીતે તો આ વાત સમજવામાં આવશે કે જેવું આપણે

કરીએ છીએ તેવું તેઓ પણ કરતા હતા. પરંતુ અહીં આપ આચાર્ય ચરણોએ તેનું રહસ્ય પ્રગટ કર્યું છે.

તેઓ જે ઘર સ્વચ્છ રાખતા, નિર્મળ બનાવતા તે ફક્ત પોતાના સુખ માટે નહીં અને ઘરમાં રહેનાર વ્યક્તિઓના સુખ માટે નહીં, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ આપણા ઘરમાં પધારશે અને તે અમારા ઘરને અસ્વચ્છ જોશે ગંદુ જોશે તો તેમના હૃદયમાં દુઃખ થશે. તે આપણા ઘરને અસ્વચ્છ જોઇને ખિન્ન થઇ જશે. એટલે તેઓ ઘરને સ્વચ્છ રાખતા હતા. ક્રિયા એક જ છે. આપણે પણ સ્વચ્છ રાખીએ છીએ અને વ્રજભકતો પણ સ્વચ્છ રાખતા હતા. ઘરને શુશોભિત કરતા હતા. આપણે પોતાના સુખ માટે, ઘરના લોકોના સુખ માટે, આરામ માટે કરીએ છીએ, અને તેઓ ભગવાનના સુખ માટે આ બધું કરતા હતા. આ ફરક છે.

પહેલા જ્યારે નવનીત કાઢતા હતા, બધી જગ્યાએ ઘર ઘરમાં નવનીત કાઢતા હતા અને વ્રજભકતો પણ નવનીત કાઢતા હતા–માખણ કાઢતા હતા. તેનો ઉદ્દેશ શું હતો ? લોકો તો ઘરમાં માખણ કામ લાગશે એટલા માટે માખણ કાઢતા હતા. પરંતુ વ્રજભકતોનો ભાવ એવો હતો કે અમે માખણ કાઢીશું અને ભગવાન માખણ ચોરી કરવા અમારા ઘરે પધારશે અને તે આવીને તેનો અંગીકાર કરશે. વ્રજ ભકતો આ ભાવનાથી માખણ કાઢતા હતા. આપણી જે ક્રિયાઓ હોય છે તે ગૃહસ્થ ભાવથી થાય છે અને વ્રજ ભકતોની ક્રિયાઓ જે હતી, ક્રિયાઓ એક સરખી જ હતી, પરંતુ તે ભગવદીય ભાવનાથી થતી હતી.

પોતાના માટે કરવામાં આવે તે ગૃહસ્થ ભાવના છે. ક્રિયા એક સરખી જ પરંતુ ફરક જમીન આસમાનનો થઇ જાય છે. આ રીતે વ્રજ ભકતોની જેટલી પણ ક્રિયાઓ થતી હતી તે બધી ભગવાનને ઉદ્દેશ્ય રાખીને થતી હતી. અર્થાત્ ભગવાનના ઉપયોગમાં આ અમારી ક્રિયાઓ આવશે માટે તેઓ કંઇ ક્રિયા કરતા હતા. તેમની આ ભાવના હતી.

આ ભાવનાને શ્રીઆચાર્ય ચરણે, શ્રી વિઠ્ઠલનાથજી એ આપણને દૈવી જીવોને પ્રદાન કરી પ્રગટ કરી. મહા પ્રભુજીએ જે આ માર્ગ પ્રગટ કર્યો, તો તે એક સાકાર માર્ગ હતો. અને એક ચિત્રરૂપે આપે, તેને આપણી સામે રાખ્યો.

સુરેખ ચિત્ર એ છે જે સારી રેખાઓ દ્વારા અંકિત ચિત્ર હોય. પુષ્ટિમાર્ગનું આવું ચિત્ર મહા પ્રભુજીએ પોતાના ગ્રંથો દ્વારા પ્રગટ કર્યું અને પોતાની ક્રિયા દ્વારા પણ કર્યું. આમ પ્રભુ ચરણે એ સુરેખ ચિત્રની અંદર સારા રંગો પૂરી સુરંગ બનાવ્યું.

સુરેખ ચિત્ર ચિત્ર એ છે. જેનાથી સુંદર આકૃતિ પ્રગટ થતી હોય. આવું જ ચિત્ર આપે પ્રગટ કર્યું હતું તેમા આપે રંગનું નિર્માણ કર્યું. રંગ કરીને ચિત્રને મનોહર બનાવ્યું. વિશેષને વિશેષ મનોહર બનાવ્યું. ફકત રેખાનું બનેલું ચિત્ર હોય છે તે પણ સુંદર લાગે છે. સુંદર રેખાઓને તો બધા પસંદ કરે છે, તો તેમાં રંગ ભરી દીધા હોય તો તે વિશેષ સુંદર બની જાય છે. રંગ ભરવાથી તે વિશેષ સુંદર બની જાય છે. ચિત્તાકર્ષક બની જાય છે.

આ રીતે આચાર્ય ચરણે સેવાનો પ્રકાર પ્રગટ કર્યો પરંતુ તેને આધારે મનોહર બનાબનાવવા માટે પ્રભુ ચરણે તેનો સર્વ વિધાન એવી રીતે પ્રગટ કર્યું કે જેથી તે સમયની જનતા સેવા પ્રતિ સહજ હૃદયથી આકર્ષિત થઇ જાય. એક જે આદેશથી કોઇ કામ કરવામાં આવે અને એક સ્વયં આકર્ષણથી કામ કરવામાં આવે તેમાં ઘણો ફરક પડી જાય છે.

એક શિક્ષા દ્વારા પણ કાર્ય થાય છે. લોકો કરે છે. બીજું જાતે તે વાતનું રહસ્ય સમજીને, તેના રસને, જાણીને, તેમાં પ્રવૃત્ત થવાય. આ પ્રકારનો સુરેખ અને સુરંગ પુષ્ટિ માર્ગનો સેવા પ્રકાર પ્રભુ ચરણે આપણી સામે પ્રસ્તુત કર્યો. જેના દ્વારા તે સમયની જનતાનું હૃદય આકર્ષિત થયું અને આજ સુધી આપના ગ્રંથોનું, આપના પદોનું, આપના સેવા પ્રકારનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. આજે પણ લોકોનું હૃદય તેના પ્રતિ સહજ રીતે આકર્ષિત થઇ જાય છે.

–ક્રમશઃ

આનંદ અને ક્રિયાનું વ્યાપકત્વ

લે. : ચિ. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી, (જુનાગઢ)

સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુના આનંદ અને ક્રિયા બન્ને અપરિચ્છિન્ન ધર્મ છે. અને આ બન્ને વ્યાપક છે. કોઇ આનંદ એકદમ તીરોભૂત છે. પશુ વગેરેમાં અન્તરમાં અને લૌકિક રૂપથી વિદ્યમાન છે. મનુષ્ય કે દેવોમાં બાહ્ય રીતે અને લૌકિક રૂપથી વિદ્યમાન છે જો આનંદ સર્વત્ર વિદ્યમાન ન હોત તો જગતની સત્તા જ ન રહેત.

આ જ રીતે ક્રિયા પણ જગતમાં સર્વત્ર વ્યાપ્ત છે. કોઈ એવું સ્થાન નથી જ્યાં ક્રિયા ન હોય. ક્યાંક સ્થિર સ્વભાવી ક્રિયા થાય છે તો ક્યાંક ચલસ્વભાવી ક્રિયા થાય છે. ચલસ્વભાવી ક્રિયા જલ્દી સમજાય જાય છે જ્યારે સ્થિર સ્વભાવી ક્રિયા સમજાતી નથી અથવા તો તે સમજતા વાર લાગે છે. આ રીતે આનંદ અને ક્રિયા બન્ને હયાતી ધરાવે છે એ સિદ્ધ છે. પરંતુ આ બન્ને તિરોભૂત છે પ્રભુની નિત્યેચ્છાથી જ્યારે ચેતનમાં જે તે દેશકાલમાં જે તે રૂપમાં જે ક્રિયા આવિર્ભૂત થાય છે ત્યારે તે લૌકિક ક્રિયા અથવા તો ચેતનક્રિયા કહેવાય છે. જ્યારે આ ક્રિયા હજી વધુ પરિચ્છિન રૂપમાં પ્રગટ થાય ત્યારે તે મનુષ્ય ક્રિયાનાં નામથી કહેવાય છે. આ મનુષ્ય ક્રિયા બે પ્રકારે છે. સતી અને અસતી અર્થાત જ્યારે આ ક્રિયા વેદશાસ્ત્રનાં અનુસાર અને જગત તથા પોતાના હિત માટે કરાય છે ત્યારે તે ધર્મનાં નામે ઓળખાય છે. અને જ્યારે આ ક્રિયા જગત તથા પોતાનાં અહિત માટે નિષ્પન્ન થાય છે ત્યારે અધર્મનામથી ઓળખાય છે.

ધર્મરૂપ ક્રિયા જ્યારે વધુ પરિચ્છિન રૂપોમાં આવિર્ભૂત થાય ત્યારે તે બ્રાહ્મણધર્મ ક્ષત્રિયધર્મ, સ્ત્રીધર્મ, પિતૃધર્મ, દેશધર્મ આદિ અનેક નામોથી ઓળખાય છે. માટે એમ કહી શકાય કે કારણ દ્વારા ભલે અનેક રૂપોમાં

પ્રકટ થતી ક્રિયા મૂલતઃ એક જ છે અને ભગવધર્મ છે. માટે સનાતન જ કહેવાય એ જ રીતે આનંદ પણ કારણ દ્વારા અનેક રૂપોમાં ભલે પ્રગટ હોય પણ ભગવદ્ધર્મ હોવાના લીધે એ પણ સનાતન જ છે. ભક્તિ પણ આનંદનું જ રૂપાંતર છે માટે એ પણ સનાતન ધર્મ કહી શકાય.

પ્રેમ એ આનંદનું જ રૂપાંતર છે. ઇશ્વરરૂપ પદાર્થમાં પ્રેમ થવાને જ ભક્તિ કહેવાય છે. ઉપાસના સંબંધી પૂજાસંબંધી, વ્યકિતસંબંધી, કે સ્નેહસંબંધી ક્રિયાઓ ભલે જુદી જુદી હોય પણ તેમાંથી ક્રિયાત્વ કોઇ પણ રીતે હટાવી શકાય નહી.

શમોદમસ્તપઃ આદિ ગીતોપનિષદના વચનોમાં કે તપસા બ્રહ્મચાર્યેણ શમેન ચ આદિ શ્રી ભાગવતનાં વચનોમાં શમ દમ તપ આદિ વીસ અને નવ સાધનોને જ્ઞાન અને જ્ઞાનનાં સાધન કહેવાયા છે. પરંતુ કોઇ પણ વિદ્વાન માટે એ સ્પષ્ટ છે કે આ બધા ક્રિયારૂપ જ છે. આ બધામાંથી ક્રિયાપણું કોઇ પણ રીતે ભિન્ન કરી શકાય નહી. એ જ રીતે ભક્તિનાં પણ શ્રવણ કિર્તન વગેરે નવ સાધનરૂપ ધર્મ અગર બીજા પણ જે કંઇ છે તે બધા ભક્તિ શબ્દથી ઓળખાય છે. શું તે બધા ક્રિયા નથી ? પ્રેમના પૂર્વે પ્રેમ થવા માટે કરવામાં આવતી શ્રવણ વગેરે ક્રિયાઓ પ્રેમનું સાધન હોવાથી ભકિત કહેવાય છે. અને પ્રભુમાં પ્રેમ થવા પછીની અવસ્થામાં વ્યસન દ્વારા કરવામાં કે બીજા શબ્દોમાં કહીએ તો વ્યસન પછી કરવામાં આવતી શ્રવણાદિ ક્રિયાઓ પ્રેમમાં અંતર્ભુત થવાથી ભકિત જ કહેવાય છે. પરંતુ આનું મૂળ વસ્તુસ્વરૂપ તો ક્રિયા જ ને ! જ્યારે જ્ઞાનનાં તથા ભકિતનાં સાધનો વસ્તુવિચારથી ક્રિયારૂપ પ્રસ્થાપિત થાય છે તો બુદ્ધિશાળી તે વિદ્વાન મનુષ્યને આ બધાને સનાતન ધર્મ શબ્દથી કહેવામાં સંકોચ થવો યોગ્ય ન ગણાય.

ક્રિયા અને આનંદ બન્ને ભગવાનનાં ધર્મ છે. ભગવાન ધર્મી છે. ભગવાનના અનંત ધર્મ છે. તે સર્વ નિત્ય છે. અપરિચ્છિન છે. તે જ્યારે જગતના સ્વરૂપમાં પ્રગટ થાય છે ત્યારે જો કે પરિચ્છિન અને અનિત્ય જેવા દેખાય છે પણ તે ભગવદ્રૂપ હોવાથી સનાતન જ છે. ઘડા કે મકાનમાં આવેલું આકાશ તે નાનકડું દેખાય છે પણ તે મુળસ્વરૂપે તો વ્યાપક જ છે. તેજ રીતે આનંદ અને ક્રિયા પણ જો મનુષ્યમાં પ્રગટ થાય છે તો પણ આકાશની જેમ માત્ર મનુષ્યનાં જ નથી બની રહેતા 'મારો આનંદ મારી ક્રિયા એ બધી મનુષ્યની ભુલ છે. માટે ક્રિયા માત્ર વસ્તુતઃ સનાતન છે.

લેવડદેવડ ખાવુંપીવું, આદિ સામુહિક ક્રિયા અને તેના અવયવરૂપ નાની નાની બીજી પણ ક્રિયાઓ કર્તાના અંતઃકરણપર જામેલા તે સંસ્કાર છાપને જ પ્રાયઃ અતિશય સંસ્કાર અપૂર્વ અદૃષ્ટ સંપન વગેરે અનેક નામથી શાસ્ત્રોમાં કહેવાયા છે. અસલમાં તે પણ ક્રિયાનું સ્વરૂપ છે. ભેદ એટલો જ છે કે તે સ્થિર સ્વભાવી ક્રિયા છે. આનો પણ વધુ ઊંડાણથી વિચાર કરવામાં આવે તો સિદ્ધ થાય છે કે આ પણ કોઇ વ્યાપક સ્થિરસ્વભાવ ક્રિયાની જ એક નાનામાં નાની ક્રિયા છે. પંચમહાભુત સર્વત્ર વ્યાપ્ત છે. દા. ત. અગ્નિ ને જ લઇએ તો તે સર્વત્ર ફેલાયેલી છે. પણ અદૃષ્ટ છે જ્યારે

દિવાસળી દ્વારા ઘસીને ઘાસમાં લગાડવામાં આવે ત્યારે એ એ સ્થાન વિશેષમાં પ્રગટે છે. જો અગ્નિ આવત વ્યાપ્ત ન હોત તો તે ક્યાંથી સારાંશ એ થયો કે ભગવદ્‌ધર્મરૂપ ક્રિયા વ્યાપક અને નિત્ય છે. તે જ્યારે જીવકૃતિ અને તે તે સાધનો દ્વારા જીવનિષ્ઠ થઇને પરિચ્છિનરૂપમાં પ્રગટ થાય છે ત્યારે જીવક્રિયા કહેવાય છે. અને તે જ ક્રિયા જ્યારે વેદશાસ્ત્રોથી નિયમથી નિયમિત હિતફલક જીવનિષ્ઠ થઇ પરિચ્છિન્નરૂપમાં પ્રગટ થાય ત્યારે ધર્મ શબ્દથી ઓળખાય છે. એ જ રીત આનંદને વર્ણવી શકાય.

◆

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃશ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

જે ભકતોમાં આવો ગુઢ ભાવ પ્રકટ થયો અથવા જે ભકતોને માટે ભગવાને સ્વયં પોતામાં એવા ગુઢભાવ પ્રકટ કર્યા (હોય) એવા ભકતોની તરફ દૈન્ય ભાવનું સેવન કરતાં કરતાં ભજન કરવું જોઇએ–"અહં હરેસ્તવ પાદૈકમૂલ દાસાનુદાસો ભવિતાસ્મિ" એટલે કે "હે હરિ! હું તારા એક માત્ર ચરણના સેવકનો પણ સેવક થવાનો છું" (એવા દીનતાના ભાવથી ભજન કરવું જોઇએ.) આપણા હૃદયમાં જ્યાં સુધી કોઇ એક નિશ્ચિત (એટલે ચોક્કસ) ભાવ સ્થિર ન થઈ જાય ત્યાં સુધી વિવિધ ભાવોની ભાવના કરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. પ્રારંભમાં (એટલે શરૂઆતમાં) આજ કારણસર ભગવત્ સેવા વ્રજ ભકતોની ભાવનાને અનુસરીને–વ્રજ ભકતોને આપણા ગુરૂ માનીને (ભગવત્ સેવા) કરવી જોઇએ. સાધનાવસ્થામાં આપણી ભકિતને ભાવનાના માધ્યમથી વ્રજ ભકતોના ભાવો સુધી પહોંચાડવી પડશે. કોઇ એક ચોક્કસ દિશામાં વહેતી એક નદીની જેવી ભાવના હોય છે. જે ભાવના રૂપમાં સાગર બની જાય છે. સાગર વહેતો નથી, પરંતુ લહેરાય છે (એટલે કે એમાં મોજાં આવે છે) તેથી વ્રજ ભકતોના ભાવોની ભાવના માહાત્મ્ય જ્ઞાન જનિત દૈન્ય અને આત્મા-અંશ તથા પરમાત્મા–અંશીના સહજ (સ્વાભાવિક) અને નિરૂપાધિક (કોઇ પ્રકારના શરતો વિનાના) સ્નેહ સહિત પ્રારંભમાં (શરૂઆતમાં) કૃષ્ણ સેવા કરવી જોઇએ. સેવાના આ પ્રકારની જ ભાવ દીક્ષા બ્રહ્મ સંબંધને સમયે આપવામાં આવે છે આત્મ નિવેદનને સમયે અહંતા તથા મમતાની સાથે જોડાયેલા બધા પદાર્થો તથા સંબંધોને આપણે ભગવાનને સમર્પિત કરવાના હોય છે. આ સર્વ સમર્પણના ભાવથી પણ ભગવદ્ ભજનમાં પ્રવૃત્ત થવું જોઇએ. આ રીતે "સર્વભાવેન' (એટલે બધા ભાવો પુર્વક) એ કથનમાં બધા ભાવો સ્પષ્ટ કરાયેલ છે.

કોઇ એક ખાસ સમયમાં એક કર્મકાંડની જેમ ભજનનુ અનુષ્ઠાન (એટલે આયોજન)

આપણે કરવાનું નથી. એક જીવન પ્રણાલીના રૂપમાં હંમેશાં નિરંતર અર્થાત્ કોઈ કાલ યા સમયના નિયમ વગર ભગવાનની સેવામાં તત્પર રહેવું જોઇએ ભગવાનના ભક્તની બધી ક્રિયાઓ સૂવું-જાગવું કમાવું-ખાવું યા સ્નેહ કરવો ઉપેક્ષા કરવી....વગેરે બધી ક્રિયાઓ ભકત દ્વારા કરવામાં આવે તે બધી ભગવાનની સેવાના અંગરૂપ જ બની જાય છે.

"પુષ્ટિ ભક્તને માટે વ્રજાધિપ શ્રીકૃષ્ણ જ ભજનીય છે"–આ કથન ભજન કરવાની આજ્ઞા યાતો વિધિ નથી. કારણ કોઇ આદેશની અવહેલના કરવાને કારણે જે શિક્ષા (સજા) મળી શકે છે એ સજાનો ભય ન હોય તો પછી આદેશ (આજ્ઞા) નું પાલન આવશ્યક (એટલે જરૂરી) નથી રહેતું. શ્રી મહાપ્રભુજી આ જ કારણને લીધે આદેશ (એટલે આજ્ઞા અથવા હુકમ) આપી રહયા નથી, પરંતુ ભગવાનના ભજનની આવશ્યકતા આપણને સમજાવી રહયા છે. પુષ્ટિ પ્રભુની સેવા ન કરવા વાળો પુષ્ટિ જીવ પોતાની સહજ (એટલે સ્વાભાવિક) આવશ્યકતાઓ વગરનો રહી જાય છે. જેમ કોઇ એક બાળક (નાનું બાળક) પોતાની માતાના દૂધ વિના દુર્બલ થઇ જાય યા તો જેમ કોઇ એક પ્રાણી પ્રાણવાયુ ન મળવાથી બેચેન (એટલે દુ:ખી) થઈ જાય, યા તો જેમ કોઇ રોગી (બીમાર) ઔષધિ વગર સ્વસ્થ (સાજો) ન થઇ શકે અથવા તો જેમ કોઇ ઉભો પાક વરસાદ ન પડવાને કારણે સુકાઇ જાય! એવી જ રીતે જે પુષ્ટિ જીવથી જે સમયમાં યા તો જે જન્મમાં શ્રી કૃષ્ણની સેવા નથી નભી શકતી (કરી શકાતી) એ સમય તથા જીવન તેનાં નકામા ચાલ્યા જાય છે. તેના સ્વરૂપનું કોઇ પ્રયોજન યાતો અસ્તિત્વનો કોઇ અર્થ જ નથી રહેતો. પુષ્ટિજીવથી વ્રજાધિપની સેવા નભી ન શકે એ નૈતિક અપરાધ નથી, પરંતુ અસ્તિત્વની નિરર્થકતા છે. આ અર્થમાં વ્રજાધિપનું ભજન પુષ્ટિ જીવોનું પ્રથમ અને સૌથી મોટું લક્ષ્ય સનાતન ધર્મ છે–તેના અસ્તિત્વનું નિગૂઢ (અતિગુપ્ત) તાત્પર્ય!

આ જ કારણને લીધે શ્રીમહાપ્રભુજી કહે છે કે બધાય દેશ-કાલમાં પુષ્ટિ જીવનનું તો આ જ કર્તવ્ય છે–આ જ ધર્મ છે. કોઇપણ દેશ-કાલમાં આના સિવાય અન્ય (બીજો) કોઇ ધર્મ પુષ્ટિ જીવ માટે હોઇ શકે નહિ.

કૃષ્ણ સેવા વિના બીજા બધાય ધર્મો પુષ્ટિ જીવના સહજ સ્વાભાવિક ધર્મ નથી હોતા. પરંતુ ઉપાધિવાળા–આકસ્મિક ધર્મોજ હોય છે. અવિદ્યાના બંધનને કારણે આરોપિત અહંતા–મમતાને કારણે અન્ય ધર્મ આપણે માટે કર્તવ્ય બની જતા હોય છે, દાખલા તરીકે સ્ત્રી-પુરુષ, બ્રાહ્મણ-શૂદ્ર, યા ગૃહસ્થી સંન્યાસી વગેરેના ધર્મ તે તે દેહ, વર્ણ યા આશ્રમના અભિમાનોને કારણે આપણે માટે અનિવાર્ય ધર્મ બની જાય છે. હું સ્ત્રી છું કે પુરુષ છું, હું બ્રાહ્મણ છું કે શૂદ્ર છું, હું ગૃહસ્થ છું યા હું સંન્યાસી છું....... વગેરે રૂપોમાં આપણી આરોપિત અહંતાને કારણે તે તે દેહને યોગ્ય, વર્ણને યોગ્ય, યા તો આશ્રમને યોગ્ય કર્તવ્ય આપણે માટે ધર્મ બની જાય છે. આજ રીતે માતા-પિતા તથા સંપતિ, ભાઇ-બ્હેન, ગુરુ-શિષ્ય, માલીક-નોકર સમાજ–વ્યક્તિ, રાષ્ટ્ર–નાગરિક, અથવા પ્રાણી મનુષ્યના મમતા જનક સંબંધોને કારણે તેમના પ્રત્યે તે તે કર્તવ્યોનો નિર્ણય (એટલે કર્તવ્ય નિભાવવું તે) આપણી નૈતિક જવાબદારી બની જાય છે.

॥ શ્રીહરિઃ ॥

વાર્તાલાપ

[ભક્તો અને ભગવાનનો]

લેખક : **પંડિત મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, જુનાગઢ**
સદ્વિદ્યાલંકાર વ્યાખ્યાન વિશારદ

૪. પ્રભુની પરમ કૃપા

દૈત્યરાજ હિરણ્યકશિપુની રાજ સભાના દ્વાર આગળ એક ધગધગતો વજ્ર સ્તંભ વચ્ચેથી ચીરાયેલો ઊભો છે, તેના મધ્યમાં ભયાનક સ્વરૂપ ધારી નૃસિંહ ભગવાન બિરાજ્યા છે. તેમની ગોદમાં સાતેક વર્ષનો શિશુ ભકત પ્રહલાદ બેઠો છે. બાજુમાં પ્રભુએ ફેંકી દીધેલું દૈત્યરાજ હિરણ્ય કશિપુનું છિન્નભિન્ન—ચીરાયેલા હૃદયવાળું શબ–મૃત શરીર પડયું છે. પ્રભુએ દૈત્યનાં આંતરડાઓને હારની જેમ પોતાનાં કંઠમાં ધારણ કર્યાં છે. અને પ્રભુ પોતે જ એમનાં આંતરડાંઓને ખોલીને ધ્યાન પુર્વક નિહાળી રહ્યા છે!

જે રકત બિંદુમાંથી ભકત પ્રહલાદનો જન્મ થયો, એવો જ કોઇ એકાદ રક્તકણ હવે તો બાકી નથી ને! એ જોવા માટે પ્રભુ દૈત્યનાં આંતરડાઓને આમ તેમ જોઇ રહ્યાં છે.

જીવનના અંતે આ ત્રણ વસ્તુઓને શાસ્ત્રમાં દેવ દુર્લભ કહી છે–

શરણં શ્રીહરે ર્નિત્યં, તરણં ભવ સાગરાત્ ।
નિરૂપદ્રવં ચ મરણં વિના
ભાગ્યેન કો લભેત્ ॥૧॥

અર્થાત્–શ્રીહરિનું **શરણ**, સંસાર સાગરમાંથી **તરણ**, અને કોઇ પણ એક ઉપદ્રવ શારીરિક કે માનસિક વ્યાધિ વિનાનું **મરણ**, એ ત્રણ વસ્તુઓ ભાગ્ય વિના કોને મળે? એટલે કે–આ પ્રકારનું શરણ, તરણ અને મરણ ભાગ્યશાળીને જ મળે છે.

દૈત્યરાજનાં આંતરડામાં કે તેના રક્ત કણોમાં ભકત કે ભકિતનો અંશ પણ નહિં જોવાથી પ્રભુએ તેના શબને એક બાજુ પર ફેંકી દીધું!

દૂર ઊભીને પ્રભુની પ્રાર્થના કરીને નમસ્કાર કરતા બાલક ભકત પ્રહલાદને પ્રભુએ સ્વ હસ્તથી ઊઠાવીને પોતાની ગોદમાં લીધો અને તેનાં મસ્તક પર અભય હસ્ત મૂકીને પ્રભુએ આજ્ઞા કરી –

"બેટા! તે તારા પિતા તરફથી ઘણું કષ્ટ વેઠયું છે. આવા અસહ્ય કષ્ટમાં પણ તે મારી ભકિતનો ત્યાગ કર્યો નથી. હવે તું મારા પાસેથી તારી ઇચ્છાનુસાર વરદાન માગી લે."

"ભગવન્"! પ્રહલાદે કહયું–"આપે મને પોતાનો બાલક માનીને આપની ગોદમાં બેસવાનો અધિકાર આપ્યો, એ વરદાન મારા માટે ઓછું નથી. આપની છત્ર છાયામાં બેઠા પછી હવે મને કોઇ અન્ય વરદાન માગવાની ઇચ્છાજ થતી નથી."

"મારા પ્યારા વત્સ!" પ્રભુએ મેઘ ગંભીર સ્વરથી કહ્યું–કોઇ પણ દૈત્યને મારવા માટે મારો અવતાર થતો જ નથી. કોઈ પણ બલવાન દૈત્યને તો હું દૂરથી મારી શકું છું. મારા દરેક અવતારોમાં ભકતનો ઉદ્ધાર એજ મારા અવતારનું મુખ્ય પ્રયોજન હોય છે. એમ છતાં મારો આ અવતાર તો તારા કરજમાંથી મુકત થવા માટે છે! હું તારો કરજદાર છું

ને મેં તારા બે મહાન અપરાધો કર્યા છે. એ અપરાધોમાંથી મને મુકત કરવા માટે પણ તારે વરદાન માગવું જોઇએ.

"મારા નાથ !" ગદ્ ગદ્ બનીને પ્રહલાદે કહ્યું–"આપે મારો કોઈ અપરાધ કર્યો નથી. મારો ઉધ્ધાર કર્યા પછી હવે મને કૃપા કરીને વરદાનની માયામાં ન ફસાવશો."

"પુત્ર !" હસતાં હસતાં ભગવાને કહ્યું "મેં તારા બે અપરાધો કર્યા છે, તેમાંનો પ્રથમ અપરાધ તો એ છે કે–આજ સુધીમાં મારા કોઇ અનન્ય ભકતના બાપને માર્યો નથી. ત્યારે તારા પિતાનો મારે વધ કરવો પડયો છે, અને બીજો અપરાધ–તારા પિતાએ તને ઘણું કષ્ટ આપ્યું, તેને તેં નિર્વૈર ભાવે સહન કરીને પણ મારી ભકિત છોડી નથી. પરંતુ ભકતને દુઃખ પડતાં વાર જે મારૂં સ્મરણ કરતો રહે તેને બચાવવા માટે મારે દોડીને આવવું જોઇએ. પરંતુ આવવામાં મેં થોડો વિલંભ કર્યો છે.

આ બન્ને અપરાધોમાં મને મુકત કરવા માટે પણ તારે વરદાન માગવું જોઇતું હતું. એમ છતાં તને વરદાન માગવું ગમતું ન હોય, તો વિના માગ્યે અને સામેથી હું તને બે વરદાનો આપું છું.

૧. હવે પછીથી તારા વંશમાં ગમે તેવો પાપી–અપરાધી કોઈ થશે, તો પણ મારે હાથે તેનો વધ કરીશ નહિં.

૨. અને હવે પછીના એક કલ્પ સુધી તારા પિતાનું રાજ્ય ભોગવવું.

પ્રહલાદે પ્રભુની આજ્ઞાને શિરો માન્ય કરી અહીં સ્વર્ગીય સુખો ભોગવીને અંતે પ્રભુ ચરણુમાં ચિર નિવાસ કર્યો.

પ્રભુના અનેક ભકતો પ્રાતઃ સ્મરણીય મનાય છે, પરંતુ તેમાં પ્રહલાદનું નામ અગ્ર સ્થાને બિરાજે છે, એવા ભકતોને સ્મરણ–વંદન કરવાનો શ્લોક આ છે.

પ્રહલાદ નારદ પરાશર પુંડરીક,
વ્યાસામ્બરીષ શુક શૌનક ભીષ્મ કાદ્યા ।
ઋકમાંગદોધ્ધવ વિભીષણ ફાલ્ગુનાદીન્
પુણ્યાનિમાન્ પરમ ભાગવતાન્ સ્મરામિ ॥

પ્રાચીન ભકતોએ ભકત પ્રહલાદને તમામ પ્રાચીન પૌરાણિક ભકતોમાં પ્રથમ સ્થાન આપ્યું છે, એ પણ ભકત અને ભગવાનના વાર્તાલાપનું પરમ ફલ છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટના જય શ્રીકૃષ્ણ

જામનગર પુષ્ટિ સેવા શિબિરમાં પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીએ આપેલ વચનામૃતમાંથી સંક્ષિપ્ત

૧. પતિવ્રતા નારી પોતાની પતિની સેવા તન, મનથી કરે છે. અન્યથી અપેક્ષા રાખતી નથી.

૨. પ્રેમ ભાવનાની રીતે સેવા કરવાની યશોદોત્સંગ લાલીત્ય ભાવ, વ્રજ ભકતોની ભાવના રાખી, ગોપીજનોનો ભાવ રાખી શ્રી ઠાકોરજીની સેવા કરવાની.

૩. મંગળ ભોગ સમયે ઝારીજી પછી ધરાય છે.

૪. ઝારીજી યમુનાજી સ્વરૂપ છે.

૫. મંગળ ભોગમાં આરતી થાય છે.

૬. તિલક હોવું અનિવાર્ય છે. કસ્તુરી તિલક ચંદ્રાવલી સખીની ભાવના છે.

૭. અલકાવલી, મોતીઓની લર, કંઠમાળા કંઠમાં ધરાય છે. જે હંમેશાં રહે છે. પાઘ ઉપર લર છે. જે બાલ સ્વરૂપ રહે છે. કર્ણ કુલ, તિલક, કડા, નુપૂર છે જે હંમેશા રહે છે. સ્નાન કરતી વખતે વડી થાય છે.

૮. શૃંગાર—હાર મુક્તાવલી, મુક્તા માલા

૯. ગુંજા માલા યમુનાજીના ભાવનાની છે.

૧૦. શ્રી ઠાકોરજીને ઓઢણી બાલ ભાવથી ઓઢાડવામાં આવે છે.

૧૧. મુકુટનો શૃંગાર વ્રજ ભકતોની ભાવનાનો છે.

૧૨. કાછની પચરંગી તે પ્રભુના ચતુર્થ પ્રિયા શ્રી યમુનાજીનો ભાવ છે.

૧૩. કંકણ ધરાવતી વખતે શ્રી સ્વામીનીજીનો ભાવ છે.

૧૪. શ્રી ઠાકોરજીને ચરણાવિંદમાં જે નેપુર ધરાય છે તે લીલાનો ભાવ છે.

૧૫. શ્રી ઠાકોરજીનો શ્રી હસ્તમાં મુદ્રિકા ધરાવાય છે તે વ્રજ ભકતોના લીલાનો ભાવ છે.

૧૬. શ્રી ઠાકોરજીના ચરણાવિંદમાં જે નખ છે તે દ્વારા આપણા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાની શક્તિ છે.

૧૭. શ્રી ઠાકોરજીને વેણુ ધરાય છે તેમાં સાત છીદ્ર છે તે સંગીતાના સાત સુરો અને શ્રી ગુસાંઇજીના સાત બાળકોની ભાવનાના છે.

૧૮. વેણું વિના શ્રી ઠાકોરજી ભોગ આરોગતા નથી.

૧૯. શ્રી ઠાકોરજીને ખીર અવશ્ય ધરવી.

૨૦. બંટા, ખીલોના બાલભાવથી ધરાય છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

લંડન આવ્યા પછી સત્રે દીનેશ તેના પપ્પા-મમ્મી સાથે ડાઇનીંગ ટેબલ ઉપર બેસી વાનગીને ન્યાય આપતો હતો. પોતાને આ વખતે રસીકલાલ શેઠનો પરિચય થયેલ તે બાબત કહેવા લાગ્યો.

દીનેશ-પપ્પા ! આ વખતે હવામાનની ખરાબીને હિસાબે મોડું થયું તેથી રસિકલાલ શેઠે ઘેર તેડી ગયા. ત્યાં જ રાત રોકાણો હતો તેમના ઘેર કૃષ્ણ ભટ્ટ આવેલા તેની સાથે નિમિષ નામનો યુવક આવેલ હતો. મેં તેની બુદ્ધિ જોઇ વાતચીત કરી. તેના વિચારો જાણી ખુશ થયો. તેનું ભવિષ્ય ઉજ્જવલ હશે. મેં પોતે જ રસિકલાલ શેઠને ભલામણ કરી આને સહાયરૂપ બનજો.

પપ્પા-દીકરા ! તેં સારૂં કર્યું, તેને ત્યાં ફાવી જાય તો ઠીક છે નહીં તો પછી આપણે એને દુઃખી થવા નહીં દઇએ. સંસ્કારી, અને સાહસિક યુવકોને સહાય કરી ધંધે લગાડીયે તો તેનું આખું કુટુંબ સુખી થાય. આપણે પણ ભારતથી આટલે દૂર બેઠા છીએ. આપણી સૌની ફરજ છે. જેનામાં યોગ્યતા દેખાય તેને ધંધે લગાડવો તે બાબત હું સહમત છું.

દીનેશ-પપ્પા ! હું તો દાન દેવા કરતા ધંધાની લાઇન દેવામાં વધારે માનું છું. પૈસો આપો તો ચાર'દિમાં વાપરી નાખે. પાછો હતો તેવો ને તેવો જ થઇ જાય. મૂળ તેનામાં યોગ્યતા હોવી જોઇએ.

એવું બને છે કે પૈસો ઘણો હોય પણ કાર્ય કુશળતાની ખામી હોઇ, વળી કયાંક કાર્ય કુશળતાને યોગ્ય બુદ્ધિ હોઇ ત્યાં પૈસો હોતો નથી પરંતુ આ બન્નેનો એકમેળ થાય ત્યારે બન્નેનું કામ થાય.

ભારતથી આવવાવાળા કોઇ સાથે પોટલા બંધ પૈસા બાંધીને નથી આવતા. પરંતુ પરદેશ આવી પોતાની બુદ્ધિ અને કાર્ય કુશળતાથી આજે હજારો ભારતીયો અનેક દેશોમાં ધનવાન બન્યા છે. તેમાંનાં ઘણાંકો એવા છે કે અઢળક સંપત્તિ હોવા છતાં પોતાનો સમય હજુ ભૂલ્યા નથી. જેથી કરીને ભારતથી આવનાર વ્યકિતને તે સહાયરૂપ થવા બનતી મદદ કરે છે. ખરૂં જોતાં સૌની ફરજ છે. આમાં જોવાનું ફકત એટલું જ રહે છે કે કોઇ મૂર્ખ બનાવી ન જાય. આપણી ભલમનસાઇનો દુરોપયોગ ન થાય. બધી રીતે ચકાસણી કરી, જેવી જેની યોગ્યતા તેવી તેને મદદ કરવી કેમ પપ્પા ! મારૂં માનવું બરોબર છે કે નહિ !

પપ્પા-તારી વિચાર ધારાથી હું પૂરેપૂરો સહમત છું પરમાત્માએ આપણને દીધું છે તેનો ઉપયોગ સત્કર્મમાં કરવો. તેમાં સૌથી મોટું સત્કર્મ નવયુવકોને ધંધાની લાઇન અપાવવી તેની પાછળનો ઉદ્દેશ તે એ કે તેનાં આખા કુટુંબને સહાયક બની શકે.

આવી રીતની બાપ દીકરાની વાતો સાંભળતા દમંયતી (દિનેશના મમ્મી) બહુજ ખુશી થયા. પછી પોતે વાત શરૂ કરી. મારી વાત સાંભળો. દિનેશ અમેરિકાથી સમાચાર લાવ્યો છે.

તમને કહી શકતો નથી. તેને પણ આ સાલ અન્નકોટ ઉપર ભારત જવું છે. મારીબેન અને પિન્કી બધાં અહીં થઇને જશે.

ધીરજલાલ-દિનેશના (પિતાશ્રી) ભારત જવાની કયાં હું મનાઇ કરૂં છું. અત્યારે લગભગ પુરા બિઝનેસનો બોજો દિનેશ ઉપર મેં રાખી દીધો છે. હું ચેકીંગ કરૂં છું. બરોબર છે કે નહીં. ખરૂં કહું છું પુરૂં કામ લગભગ તેણે સાંભળી લીધું છે. વધારે રોકાય તો નો પોષાય.

દમયંતી-તેની ઇચ્છા ૧૫ દિવસ ભારત રહી શ્રીમદનમોહનજીની સેવા કરવાની છે. મને કે'તો હતો કે મને પપ્પા છુટી નહીં આપે તો દાદાજીને ફોન કરીશ. હવે વરસોથી તમે બધું સંભાળતા આવ્યા છો તો એની ઇચ્છાને માન દેવું જોઇએ. હું પણ સાથે જવાની છું. દિનેશની વહુને મુનિયો તમારી પાસે રહેશે. બોલો ! તમે શું વિચારમાં પડી ગયા :

ધીરજલાલ-ઠીક છે. સૌની ઇચ્છા છે તો જરૂર જજો હજુ તો વાર છે.

દમયંતી-તમે હા પાડો તો મારી બેનને અમેરિકા સમાચાર દઉં કે હું ને દિનેશ આવશું.

ધીરજલાલ-બહુ જ ખુશીની વાત છે. તારી બેન તો વરસોથી નથી ગયા.

આ વાત દિનેશ સાંભળીને ખુશી ખુશીમાં ડોલવા લાગ્યો. હવે તો કેમ દી જલદી જાય. જેમ બને તેમ જલદી ભારતમાં જવાની લગની લાગી છે.

દિનેશે તરત ફોન કરી માસીથી વાત કરી લીધી. ચોક્કસ માસી હું અને મમ્મી બંને ભારત આવશું હવે તમે તમારી તૈયારીમાં રહેજો.

ફોન નીચે મૂકી દિનેશ નવરત્નનો પાઠ યાદ કરવા લાગ્યો. ‘પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતા વ્રજેત” પ્રભુ સર્વ સમર્થ છે. પપ્પાએ તુરત હા કહી દીધી.

રોજ રાત્રિનાં અરધો કલાક ધીરજલાલ શેઠ ભગવદ વાર્તા કરતા. પછી બે ચાર કીરતનો બોલી સૂઈ જતા. ધીરજલાલ શેઠને અષ્ટાક્ષર મહામંત્ર ઉપર પુર્ણ વિશ્વાસ હતો. કારોબાર તો બરોબર સંભાળી રહ્યો છે દિનેશ તેથી તે બાબતથી નિરાંત હતી. ચાલતા ફરતા બેસતા ઉઠતાં તેના મોઢેથી “શ્રીકૃષ્ણઃ શરણં મમ” સહેજમાં નીકળતું રહેતું. શ્રીમદનમોહનજીની યાદી આવતી રહેતી. પોતાના બા-બાપુજી સેવાનો લાભ લે છે તેનો પણ સંતોષ હતો.

સુવાનો વિચાર કરતા ત્યાં ભારતથી ફોન આવ્યો. દિનેશે ફોન ઉપાડયો. પપ્પા આવો તો દાદાજીનો ફોન છે.

—ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ હ. તેમના પરિવારના રાજકોટના જયશ્રીકૃષ્ણ

॥ ગુરૂદેવ ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટભક્તિ પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૮૭. રાગ-માલવ (વૈ. ૭૪)

વંદૌ શ્રી દાસ ગોપાલ
બસત પ્રયાગ યહ જટાધારી, સખી "રસભદ્રા" રસાલ ૧
મકર સ્નાનકો ગયે પિતાસંગ, છે બરસકો બાલ;
લે ગયે ઉઠાઇ બાવા, અપની સિખાઇ ચાલ. ૨
આયે મથુરા તીર્થ કરન કોં, ભયો દરસ વલ્લભ કૃપાલ;
બ્રહ્મસંબંધ કરાયો તબહી, જટા મુંડાઇ દઇ તત્કાલ. ૩
સેવા દીની શ્રીજી બાગ કી, કરત સરસ રખવાલ;
પાછે પાન ધરમેં રાખે, ફીર પંખા કી કહી દયાલ. ૪
કરત પંખા આંખ મિંચ કે, શ્રી ગુરુ આજ્ઞા 'પાલ;
"લાલદાસ" કહી શ્રીજી હુ, ખોલત નાહીં કો કાલ. ૫

૮૮. રાગ-માલવ (વૈ. ૭૫)

વંદૌં સ્ત્રી સહ કૃષ્ણદાસ;
"નંદા-શુભદા" શ્રુતિરૂપામેં, બાડ-ચોઇલા નિવાસ. ૧
જબહી દબી માટી સેં નારી, નિકસ ચલે તબ શ્વાસ,
વેદ મંત્ર પઢ જલ છિરકિકે રાખી મરતતે ખાસ. ૨
શરણ ગયે તબ દોઉ વલ્લભ કે, વૈષ્ણવ સેવા દઇ કઠીનાંશ;
અરુ પ્રસાદી વસ્ત્ર ઠાકુર કે, ભોગ ધરનકોં દીયે સુખરાસ. ૩
બનિયાતે સબ લાઇ સામગ્રી, અંગ સંગ કી દે કર આસ;
સમાધાન કીયો વૈષ્ણવ કો, આપુ ન લીયે એકહુ ગ્રાસ. ૪
યહ વિધ અપનો ધર્મ નિબાહ્યો, ફીર વે ગઇ બનિયા પાસ;
પાંચ પર્યો દેખત હી બનિયા, ભયો હૃદયમેં જ્ઞાન પ્રકાસ. ૫
બાત સુની જબ શ્રી વલ્લભને, કહી ધન્ય તોકોં શ્યાબાસ;
'લાલદાસ' જહાં સત્ય ધર્મ હે, તાકો કબહુ હોત ન નાશ. ૬

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૭૫. તત્કથા ક્ષિપ્ત ચિત્તાય રૂપ

વ્રજલીલા મય ચિત હે જાકો;
જોઇ જોઈ કરી મધુપતિને લીલા, ગિરિગહવર બન કુંજ નિકુંજકો. ૧
વૃંદાવન યમુના જલ ક્રિડા, રસમય રાસ મદ ભંગ મદનાકોં;
ખટ ઋતુ કુંજ ગોપી ગૃહ, સબ સુખ ફૂલ શયન રહસ્ય રસ તાકો. ૨
વર્ષા ઋતુ હિંડોરા હોરી, બ્હાહ ખેલ રસ અધર સુધાકો;
શ્રીપ્રથમેશ અનંત સુખદીનો, 'વ્રજ' વલ્લભ વૃષભાન સુતાકો. ૩

૭૬. તદવિસ્મૃતાન્યો રૂપ

પગ્યો ચિત વ્રજલીલા રસમેં, ભૂલે અન્ય સબ અનુસંધાન;
ગૂઢ સ્વરૂપ સ્વામિનીજી કો, પિયબીન છીન છીન યુગ સમાન. ૧
પલકાંતર કલ્પાંતર બીતત, દિન ઘડીકો કો કહે પ્રમાન;
આંતર રસમય પ્રથમ ઇશ પ્રભુ, 'વ્રજ' કે વલ્લભ કો જાન. ૨

૭૭. વ્રજ પ્રિય રૂપ

વ્રજ મંડલ પ્રિય વલ્લભ વર કો;
સદા બિરાજત ગોવર્ધન ધર, ગોપી ગોપ સખા સમ સરકો. ૧
વ્રજ મંડલ નિજ ગૃહ મંડલ હે, વૃંદાવન સુખ મંદિર ઘરકો;
રાજે નિરંતર શ્રી પ્રથમેશ, નિત્ય નૌતન 'વ્રજ' લીલા ધરકો. ૨

૭૮. પ્રિયવ્રજ સ્થિતિ રૂપ

વ્રજ મંડલમેં બસવોઇ ભાવે;
ગોકુલ ગોવર્ધન વૃંદાવન, બંસી બટ રસ રૂપ સુહાવે. ૧
કુંજ નિકુંજ સુખદ યમુના તટ, સખી સખા અંતરંગ કહાવે;
સબ રસ કારન સબ રસ લીલા, જોઈ ચાહે 'વ્રજ' સોઇ પાવે. ૨

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ-૮૮

શ્રીયમુનાજીકી રેણુ એસી,
સકંલ જીવન કે દોષ નિવારે ॥
તેહુ રેણુ બહુત હે ભીતર,
જા પરસત સબ પાપ નિવારે ॥૧॥
હરિ સોં વિહાર કરત બ્રજ સુંદરી,
તિન ચરણન કી રેણુ સુ તારે ॥
હરિદાસ યહશોભા નિરખત,
શ્રી યમુના ચિત્ત રહે હમારે ॥૨॥

ભાવાર્થ-શ્રીયમુનાજીના રેણુકાજીનું સામર્થ્ય એવું છે કે જીવોના સકલ દોષ-એટલે જન્મો જન્મના-મન-વચન-કર્મના-જાણતા અજાણતા થયેલા. સિદ્ધાંત રહસ્ય ગ્રંથ પ્રમાણે-સહજ દોષ-દેશ-દોષ-કાલ દોષ-લોક વ્યહવારમાં થતા દોષ-વેદ આજ્ઞા પ્રમાણે રહી ન શકાતું હોય તેવા સર્વ દોષ આ સર્વ દોષો શ્રીયમુનાજીનાં રેણુકાજીનાં દર્શન અને સ્પર્શ કરવાથી નિવૃત થાય છે આવાં રેણુકાજી તટમાં ભીતર બહુજ બીરાજે છે જેના સ્પર્શ માત્રથી સર્વ પાપોનો નાશ થાય છે શ્રીહરિ સાથે સર્વ બ્રજ સુંદરીઓ વિહાર કરે છે તેના ચરણની આ રેણુકાજી સર્વને તારે છે એવા શ્રીયમુનાજી અમારા ચિત્તમાં સદા વસો એવું માગી અને હરિદાસ-શોભા-નિરખે છે

કીર્તન-બ્રજરેણ સરવર કોઉ નાહીં ॥ મહાદેવ બ્રહ્માદિક યોગી-કોટી જપ તપ મિલિન તાહી ॥૧॥ બ્રજ રજકણ કવિ ભક્ત બીરાજત-યુગલ ચરન પરસત હે જાહી ॥ બ્રજ રજમેં રાસાદિક લીલા-બ્રજ યુવતિ સંગત કરત સદાહી ॥૨॥ ગોચારન ગોવિંદ કરત હેં-દોલતનાગે પાયન ચાહી ॥ ગો ખુર રેણુગોપિનકી પદ રજ-બ્રીજપતિ નિજ શિષ ચઢાઇ ॥૩॥

-ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

મહા સુદ ૪ તા. ૭-૨-૯૨ શુક્રવાર શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧) ગો. શ્રી યોગેશ બાવાશ્રી (કામવન) તથા ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૯-૨-૯૨ રવિવાર વસંત પંચમી શ્રી મદન મોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તેનો) પાટોત્સવ-પોરબંદર.

મહા સુદ ૬ તા. ૧૦-૨-૯૨ સોમવાર શ્રી યશોદાજીનો જન્મદિન ગો. શ્રી રાજકુમારજી (અનિરુદ્ધ લાલજી) મહારાજશ્રીનો તથા ગો. શ્રી ઘનશ્યામ લાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૧૨-૨-૯૨ બુધવાર ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ) નો જન્મદિન

મહા સુદ ૧૨ તા. ૧૫-૨-૯૨ શનિવાર જયા એકાદશી વ્રત શ્રી લાડીલેશજીનો પાટોત્સવ વેરાવળ.

મહાસુદ ૧૩ તા. ૧૬-૨-૦૨ રવિવાર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન) નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૧૮-૨-૯૨ મંગળવાર હોળી દંડારોપણ સાંજે, ધમારનો પ્રારંભ માઘ સ્નાન સમાપ્તિ, ખેલના પદ.

મહા વદ ૩ તા. ૨૦-૨-૯૨ ગુરૂવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ચાંપાસેની) નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૨૧-૨-૦૨ શુક્રવાર ગો. શ્રી નૃત્ય ગોપાલ મહારાજ (મુંબઇ) નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨૨-૨-૯૨ શનિવાર શ્રી રણછોડજી (ડાકોર) નો પાટોત્સવ ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૨૩-૨-૯૨ રવિવાર ગો. ચિ. શ્રી રસિકજી પ્રિત્તમજી બાવાશ્રી (વિરમગામ)નો તથા ગો. ચિ. શ્રી રઘુનાથ બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૨૪-૨-૯૨ સોમવાર શ્રી નાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૯ તા. ૨૬-૨-૯૨ બુધવાર ગો. શ્રી અનિરુદ્ધ લાલજી મહારાજશ્રી (માંડવી) નો તથા ગો. ચિ. શ્રી યદુનાથ બાવાશ્રી (મુંબઇ) નો અને ગો. શ્રી ગોપાલલાલ બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૨૭-૨-૯૨ ગુરુવાર ગો. શ્રી રાજેશ બાવા (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૨૯–૨–૯૨ શનિવાર વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૧–૩–૯૨ રવિવાર ગો. ચિ. શ્રી વસંતકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

મહા વદ અમાસ તા. ૪–૩–૯૨ બુધવાર દ્વાપર યુગાદિ તિથી. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાશ્રી (પોરબંદર)નો તથા ગો. ચિ. શ્રી વલ્લભલાલ બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૬–૩–૯૨ શુક્રવાર ચંદ્ર દર્શન ગો. ચિ. શ્રી વલ્લભ બાવાશ્રી (કામવન) તથા ગો. ચિ. શ્રી વિઠ્ઠલનાથ બાવા (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૭–૩–૯૨ શનિવાર ગો. ચિ. શ્રી અનિરુદ્ધ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

"વસંતાગમન"

લેખક : **માધુરી**

શીતકાળની કડકડતી ઠંડી ઓસરવા માંડી વસંતનું આગમન ઘણુંજ ઉત્સાહ જનક બન્યું. શ્રીવૃંદાવન નવપલ્લવ પુષ્પોથી શોભાયમાન બન્યું. શ્રીગિરિરાજજી તથા આસપાસ વૃક્ષો તરૂણતાને પ્રાપ્ત કરતાં વસંતાગમનની શોભામાં વધારો કરતા હતા. જ્યાં જુઓ ત્યાં વનરાઇનાં નવપલ્લવ (પાંદડા) કૂણા લાલ રંગના ચમકતા સૂર્યની કિરણો સામા હસી રહયા હત..

ખેતરોમાં સરસવનાં ફૂલો કેસરી પીળા ખીલી ઉઠયા હતા, જાણે કે પૃથ્વી ઉપર પીળી ચાદર બિછાવી હોય–ધરતીએ શૃંગાર કર્યો હોય કે વસંતનું સ્વાગત માટે પીળી કેસરી ચુંદડી ઓઢેલી હોય. વૃક્ષો ઉપર શુક મોર ખાસ કરીને આંબાના વૃક્ષો ઉપર કોયલ ટહુકા કરતી મીઠા સુરથી વનને ગજાવી મુકતી. આવા સુંદર રમણીય દશ્યથી વ્રજ ધમધમી રહયું હતું.

વસંત ઋતુમાં વસંતરાગ અતિ કર્ણ પ્રિય રાગ આઠે પહોર ગવાય છે. નંદરાણીએ આજે વસંતની વધાઇ બેસાડી છે. દરવાજે ઝાંઝ પખાવજ ડફ વગેરે વાજીંત્રો સાથે સુંદર વસંત રાગમાં ગવાતા ગીતથી નંદાલય ધમધમી ઉઠયું છે.

રાગ–વસંત

આજ સુભગ દિન વસંત પંચમી યશોમતિ કરત વધાઇ;
વિવિધ સુગંધ ઉબટી કે લાલન તાતે નીર ન્હવાઇ. ૧
બાંધી પાગ બનાય સેત રંગ, આભૂષન પહેરાઇ;
તનક શિશપર મોર ચંદ્રિકા, દિશ દાહિની ઢરકાઈ. ૨
ગૃહ ગૃહતે વ્રજસુંદરી સબ મિલી નંદ ગૃહ પોરપૈ આઇ;
અંબ મોર કેસુ પુષ્પ મંજુરી, કનિક કલશ બનાઈ. ૩

ચોવા ચંદન અગર કુંકુમા કેસરી સુરંગ મિલાઇ;
પ્રમુદિત છીરકત પ્રાન પ્રિયાકો અબીર ગુલાલ ઉડાઇ. ૪

બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ ગાવત ગીત સુહાઇ;
તન મન ધન ન્યોછાવર કીનો, આનંદ ઉર ન સમાઇ. ૫

શ્રી ગીરીવર ધર તુમ ચિર જીવો, ભકતન કે સુખદાઇ;
શ્રીવલ્લભ પદરજ પ્રતાપતૈ, '**હરિદાસ**' બલ જાઇ. ૬

આજે તો વસંત પંચમીનો તહેવાર હોય માતા યશોદાજી સવારથીજ આનંદ મગ્ન ગીત ગાતા લાડીલા લાલને સુગંધી ઉબટનો કરી સ્નાન કરાવી શ્રીઅંગ પોંછી શૃંગાર ધરાવે છે. લાલાને સમજાવે છે-લાલા જલ્દી જલ્દી તૈયાર થઇ જાવ. વ્રજગોપીઓ હમણાં આવશે.

લાલાનું નાનું એવું મુખારવિંદ. નાના એવા શ્રીમસ્તક પર સફેદ પાગધરાવી મોર ચંદ્રિકા ધરાવી, સફેદ વસ્ત્ર ધારણ કરાવ્યા. લાલાનું શ્રીમુખારવિંદ જોઇ યશોદા આનંદ મગ્ન થયા.

ત્યાંતો વ્રજ ગોપીઓના જુથો ગીત ગાતા નંદપોરી સુધી પહોંચી આવી. જેઓનાં મસ્તક ઉપર સુવર્ણ કલશ રાખેલા હતા. તે કલશમાં જલ ભરીને તેમાં આંબાની કોમળ મંજુરી પુષ્પ રાખેલા હતા. ઉપર કેસરી વસ્ત્રથી ઢાંકીને આવેલી ગોપીઓ ગીત ગાતી હરખાતી જ્યાં નંદલાલા હમણાં જ શૃંગાર ધરી બિરાજતા હતા. ત્યાં પહોંચી ગયા. પોતાની પાસે એક થાળી પણ સાજીને લાવેલ તેમાંથી કેસર, અબીર, ગુલાલ, ચુવા વગેરેથી ગોપીઓ લાલાને ખેલવવા એક પછી એક અધીરા બન્યા હતા. સૌએ નંદકુંવરને ખેલાવ્યા. ત્યાં તે વખતે ગીત ગાતી જાય, તાલ સુરમાં ઝાંઝ પખાવજ, ડફ વગેરે વાજીંત્રોનો સાથ હોવાથી નંદગૃહ ધમધમી રહયું હતું. યશોદા મા ભાવના કરે છે કે મારો લાલો જલદી મોટો થઈ જાય અને ગ્વાલ બાલોની સાથે હાથમાં પીચકારી લઇ હોરી ખેલે.

ગોપીજનો લાલાને ખેલાવતી જાય, સુંદર મુખ નિહાળી મનોભાવનાં પ્રગટ કરી નયનોથી બતાવતી જાય-અમારા કોમળ ભાવને આપ અંગીકાર કરો અને પછી પૂર્ણ રૂપથી સંગે ખેલવાની ભાવના વાળા ગોપીઓ આશિષ આપે છે કે માતા યશોદા ! તમારો લાલ ચિરંજીવ રહો. જલદી જલદી મોટા થઈ અમારી સાથે ખેલે. આવી ભાવનાનું ઉપર મુજબનું શ્રી હરિરાયજીનું કીર્તન છે.

વસંતપંચમી કોમલ ભાવ છે. સૂક્ષ્મ ખેલ છે આગળ મહાસુદ ૧૫ થી હોરી ડંડા રોપણ પછી ધમારની શરૂઆત થાય. ત્યાં સુધી વસંત રાગ આખો દિવસ દરેક સમયમાં

ગવાય છે. ઘણાંક ઠેકાણે શ્રીનાથજીના પાટોત્સવથી શરૂ થાય છે. હોળાષ્ટક બેઠા પછી તો ભારી ખેલ થાય છે. તેમાં પણ ફૂલડોલની ભાવનામાં ભકત અને ભગવાન સમાન રૂપથી ખેલે છે.

"હરિ કો ડોલ દેખ વ્રજવાસી ફૂલે" તે મુજબ પ્રભુ ખેલ વખતે હું કોણ છુ તે તરફ ધ્યાન દેતા નથી. ભકત શું ચાહે છે તેની ઇચ્છા મુજબ ખેલ કરે છે, ખેલમાં પોતે હાર પણ સ્વીકારે છે. જ્યાં ભકત અને ભગવાન એકરૂપ થયા ત્યાં જુદાઇ રહી જ નહીં. આવી રીતનો આ ખેલ છે.

વસંતપંચમી આંબાનો મોર તેમાં ફૂલોની સાથે નાની નાની કેરીઓ હોય છે. તે સમય આવ્યે પાકે છે. ફળ પાકય પછી તેમાં સ્વાદ હોય છે. તેવી રીતે પ્રભુ પણ ભકતોની ભાવના પૂર્ણ કરવા બાળલીલા, કિશોર લીલા ગમે તે લીલા કરે છે.

પંડિત પુરસ્કાર યોજના

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સુરતના માનદ્ અવૈતનિક પ. ભ. શ્રી મધુસૂદન શાસ્ત્રીજી પછીના પંડિતજીને માસિક વેતન આપવા માટે રૂા. ૨૫૦૦/- ની રકમ મહિને ચુકવવા માટે રૂા. 300,000/- ત્રણ લાખ જોઈશે. તે પૈકી રૂા. ૮૨,000/- બીયાસી હજાર જમા થયા છે.

શાસ્ત્રીજી મધુસૂદનભાઈ નિઃશુલ્ક ભાગવત પ્રવકતા છે. તેઓને તમારા ગામમાં શ્રીમદ ભાગવત કથા માટે બોલાવશો તો મહાસભાના લાભાર્થે જરૂર આમંત્રણ આપવાથી આવશે તેમણે રૂા. ૭૨000/- બઉંતેર હજાર જેટલી રકમ મહા સભાને શ્રીમદ્ ભાગવતના કથાના માદયમથી મહા સભાને ભેટ ધરી છે. તથા વાર્તા કથાના માધ્યમથી રૂા. ૬0,000/- સાઈઠ હજાર જેટલી રકમ ભેટ ધરી છે.

આજે મહાસભાની મુડી સને ૧૯૮૫ માં ૧૧000/- અગીયાર હજાર હતી તે શાસ્ત્રીજીના શુભ પ્રયત્નોથી સને ૧૯૯૧ માં રૂા. ૧,૯૧,0૨0/- એક લાખ એકાણું હજાર (એફ. ડી.) થઇ ગઈ છે. જેથી પૂ. શાસ્ત્રી મધુસૂદનભાઈને ચાર તોલા સોનાના ચંદ્રકથી ગત અધિક માસમાં જાહેર સભમાં પૂ. પા. દાદાજી વ્રંજ રત્ન લાલજી મહારાજશ્રીએ સન્માનીત કર્યા હતા.

શ્રીવલ્લભ સુધાનું લવાજમ વધે છે

(૧) સને ૧૯૯૨-૯૩ ના વાર્ષિક લવાજમના રૂા. ૨૫/- પચીસ

(૧) આજીવન લવાજમ રૂા. ૩૦૧/- ત્રણસો એક ભેટ યોજના સંબંધે આ અંકમાં અન્યત્ર વાંચો.

સમાચાર

અમદાવાદ : " શ્રી દ્વારકેશ ધામ" હવેલીમાં શ્રી દ્વારકેશ યુવક મંડળે સુંદર અને કલાત્મક રાસ-ગરબાનું આયોજન નવરાત્રિ દરમ્યાન પૂ. પા. ગો. બાલકોના આશીર્વાદથી કરેલ હતું, આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ (અમરેલી-મુંબઇ) પૂ. પા. ગો. ચંદ્રગોપાલ બાવાશ્રી (પોરબંદર), પૂ. પા. ગો. શ્રી રાજેશ બાવાશ્રી (કડી-અમદાવાદ) પૂ. પા. ગો. પ્રભુજી બાવાશ્રી (વડોદરા-સુરત), અ. સૌ. પૂ. ગો. શ્રી કાલીંદી બેટીજી (અમદાવાદ) વગેરે ગોસ્વામી બાલકો ખૂબજ પ્રસન્નતાથી પધાર્યા હતા અને વચનામૃતનો લાભ આપ્યો હતો.

પરિષદ સમાચાર :

સત્સંગ-સ્વાધ્યાયની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવા, સંસ્કાર કેન્દ્રો ઉભા કરવા પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર, પ્રસાર, સંરક્ષણ સંવર્ધન માટે વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવ સમાજના સંગઠનની તાતી જરૂરિયાતને લક્ષમાં રાખી પરિષદના સંગઠન મંત્રી પ્રોફે. ચિમનભાઇ શેઠે સાબરકાંઠા જીલ્લાનો પ્રવાસ ખેડયો હતો, તેમાં વૈષ્ણવોની મીટીંગમાં પ્રાંતિજ મુકામે શ્રી બુદ્ધિભાઇ પરીખને પ્રમુખ તરીકે અને શરદભાઇ પરીખને મંત્રી તરીકે તથા તલોદ મુકામે શ્રી ઓચ્છવલાલ છોટાલાલ શાહને સંયોજક તરીકે જાહેર કર્યા હતા.

બાલા શિનોર મુકામે યોજાયેલી વૈષ્ણવોની સભામાં સંબોધન કરતાં સંગઠન મંત્રી પ્રોફે. શ્રી ચીમનભાઇ શેઠે પરિષદ દ્વારા યોજવામાં આવી રહેસા દશાબ્દી મહોત્સવની જાણકારી આપી હતી અને પ્રમુખ શ્રી કાંતિલાલ ચુનીલાલ ધરીયા, ઉપપ્રમુખ-શ્રી ગોપાલદાસ ચીમનલાલ દેશાઇ, મંત્રી શ્રી મનહરલાલ મગનલાલ ગાંધી વગેરેને સંયોજક તરીકે અને મહિલા શેલના સંયોજક શ્રી મંજુલાબેન બાબુલાલ પરીખની નિયુકિત કર્યાની જાહેરાત કરી હતી.

આ પ્રવાસમાં કપડવંજન. શ્રી જયંતિભાઈ સોની. મુંબઇના શ્રી શશીકાંત પરીખ, વડોદરાના શ્રી પ્રવીણભાઈ મણીભાઈ શાહ જોડાયા હતા. અને પ્રાસંગીક પ્રવચનોમાં પરિષદના કાર્યમાં સહભાગી બનવા અને તન, મન, ધનપૂર્વક સહકાર આપવા તેઓએ અપીલ કરેલ.

ધોરાજી : માગશર વદ ૪ના રોજ પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી મહોદયનો પ્રાકટય દિવસ ઉજવવામાં આવેલ તેમાં પલના, નંદમહોત્સવ, હાલારી હેલો-રાસ તથા સંયોજક અને સંચાલક શાસ્ત્રીજી સુરેશભાઈ કનૈયા (ત્રિકાળદર્શી) શ્રી ગોવિંદભાઈ મકવાણા અને શ્રીમતી ગીતાબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ પાઠશાળાના બાળકોનો સાંસ્કૃતિક મનોરંજક કાર્યક્રમ રજુ થયેલ હતો.

ત્યારબાદ પૂ. પા. ગો, ચિ. રાજીવલોચન બાવાશ્રી, ગો. શ્રી ઋષિકેશજી મહોદય અને ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીના વચનામૃત થયેલ.

આ પ્રસંગે સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવો આશરે ૪૦૦ની ઉપસ્થિતિ હતી.

ધોરાજી – મગશર વદ ૯ શ્રીમદ્ વિઠ્ઠલનાથજી-શ્રી ગુસાંઈજીના પ્રાકટય મહોત્સવ પ્રસંગે આં. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા અને શ્રી મુરલીધર મંડાલ ધોરાજીનું વાર્ષિક ક્ષેત્રિય સમેલન બોલાવવામાં આવેલ તેમા સ્થાનિક તેમજ બહારગામના પ્રતિનિધિઓ મળી આશરે ૩૫૦ની ઉપસ્થિતિ હતી.

મંગલાચરણ થયા બાદ નિ.લી, પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના લેમિનેશન ચિત્રજી (સાઇઝ ૧૬"×૨૦"ની અનાવરણ વિધિ દુધીવદર નિવાસી પ. ભ. કાનજીભાઈ માવજીભાઈ મરજાદીના હસ્તે કરાવવામાં આવી હતી

ત્યારબાદ સને ૧૯૯૦–૯૧ના વર્ષનો હિસાબ તથા અહેવાલ શાખાના ઉપસચિવ શ્રી જાદવજી જીવરાજ વઘાસીયાએ વિસ્તારપૂર્વક રજુ કરેલ. ત્યારબાદ ઉપપ્રમુખશ્રી મોહનભાઈ કે. ગજેરાએ શાખાની અને મંડાણની ચાલતી પ્રવૃત્તિનો ખ્યાલ આપેલ તેમજ ગોમટાના પ. ભ. શ્રી વલ્લભભાઈ હરિભાઈ કાથરોટીયાએ સંપ્રદાયના ચાલતા કાર્યક્રમના વિકાસમાં સાથ સહકાર આપવા અનુરોધ કરેલ છેલ્લે શાખાના અધ્યક્ષશ્રી છગનલાલ જાદવજી માવાણીનો આભાર–આનંદ દર્શન બાદ વધાઈ–કીર્તન થયેલ અને “દઢ ઈન ચરકાન કેરો ભરોસો” પદ ગાન આનંદ ઉલ્લાસ સાથે સંમેલનનું સમાપન થયેલ.

॥ શ્રી હરિઃ ॥

શ્રી પુષ્ટિમાર્ગીય ૧૪૨ બેઠક પરિક્રમાનો મનોરથ

પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી મહોદય (મુંબઈ–ધોરાજી)ની અધ્યક્ષતામાં શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયથી વગેરેની મળી ૧૪૨ બેઠકજીની પરિક્રમાના અલૌકિક મનોરથનું આયોજન કરેલ છે. તેમાં વ્રંજભૂમિ, ચારધામ, સપ્તપુરી તેમજ અનેક તીર્થધામો અને માર્ગમાં આવતા પ્રાચીન, અર્વાચીન ઐતિહાસિક સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પરિક્રમામાં આપશ્રીને માથે બિરાજતા નિધિ શ્રી બાલકૃષ્ણલાલ પ્રભુ પણ સાથે બિરાજશે અને ઉત્સવેના વિવિધ મનોરથો દ્વારા દર્શનનો આનંદ પ્રાપ્ત થશે.

લકઝરી કોચ (મીની બસ) ૧૦૧ દિવસનો પ્રવાસ પ્રારંભ તા. ૯–૩–૯૨ સોમવાર સવારથી થશે તો આ બેઠકજીના અલૌકિક પરિક્રમામા જોડાવા ઈચ્છતા શુદ્ધ પુષ્ટિ માર્ગીય વૈષ્ણવોએ વિશેષ માહિતી માટે નીચેના સ્થળે સંપર્ક સાધી પોતાનું નામ વહેલી તકે નોંધાવી દેવું કેમકે મર્યાદીત જ યાત્રીઓ લેવાના છે.

ગો. શ્રી હૃષિકેશજી મહોદય
નવી હવેલી, પાટણવાવ રોડ,
ધોરાજી–૩૬૦૪૧૦ ફોન – ૧૦૮૯

અદયક્ષશ્રીની આજ્ઞાથી ૧૪૨ બેઠક પરિક્રમા સમિતિ

વ્રજયાત્રાનું આયોજન

પૂ. પા. ગો. શ્રી રવીન્દ્રબાવા (માંડવી–રાજકોટ)ના નેતૃત્વમાં સં. ૨૦૪૮ના મહાવદ ૧૩ સોમવાર તા. ૨–૩–૯૨થી ફાગણ વદ ૪ રવિવાર તા, ૨૨–૩–૯૨ સુધી એક વ્રજયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

માહિતી માટે સ્થળ :– પૂ. પા. ગો. શ્રી રવીન્દ્ર બાવાશ્રી
'મુકુંદ ભવન' ૬/૧૩, જયરાજ પ્લોટ, રાજકોટ

અમદાવાદમાં ઉતરવાની ધર્મશાળા

સં. ૧૯૮૪થી શ્રી કૃષ્ણાર્પણ ટ્રસ્ટ દ્વારા સંસ્થાપિત “વ્રજભૂમિ” (રેન–બસેરા)માં શ્રી ઠાકોરજી સાથેના મરજાદી તથા બીન મરજાદીઓ માટે દરેક સગવડ જેવી કે બોર કુવાનું જલ. વાસણો, ગાદલા, ધાબળા ગરમ પાણી વગેરેની મફત સગવડ છે.

આવનાર વૈષ્ણવો હોવા જરૂરી છે ઉતરવા માટે કોઈની ભલામણની ચીઠીની જરૂર નથી.

"વ્રજભૂમિ" (રેન-બસેરા) સ્ટેશન સામે
૧૩૭૮, તળીયાની પોળ, ૧ લું ચોકઠું
સારંગપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન - ૩૪૦૭૫૧

તા.ક. રીક્ષા ધર્મશાળા સામે તળીયાની પોળમાં, ૧લા ચોકઠા સુધી આવી શકે છે માટે રીક્ષા બહાર છોડવાની જરૂર નથી.

ભાવાંજલિ

તા. ૧-૧૨-૯૧ને રવિવારના રોજ ડભોઈમાં શ્રી દ્વારકાધીશ પ્રભુના મંદિરમાં ડભોઈમાં પ. ભ વૈષ્ણવ શ્રી કંચનભાઈ એચ. દરુના અધ્યક્ષસ્થાને ભકત કવિવર શ્રી દયારામભાઈના સાહિત્યના પ્રખર અભ્યાસી અને રાજકોટ કોલેજના પ્રોફેસર પ. ભ. શ્રી જીવણલાલ છગનલાલ જોષીના દુ:ખદ અવસાન નિમિતે ભાવાંજલિ અર્પવા એક મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષસ્થાનેથી નીચે મુજબ ઠરાવ ભાવાંજલિ રજુ કરવામાં આવ્યો હતો અને ઠરાવને ટેકો નીચે જણાવેલ વ્યકિતઓએ આપ્યો હતો.

૧. પ. ભ. શ્રી સવિતાબેન મજમુદાર [મહિલા મંડળ તરફથી]
૨. પ. ભ. શ્રી કાન્તીભાઈ ડાંગરવાલા તરફથી [શ્રી દયારામ સ્મારક સમિતિ]
૩. મંત્રીશ્રી રમણલાલ એમ. શાહ તરફથી [આં. આ. પુ. મા. વૈ. પ. ડભોઈ શાખા]

ઠરાવ

દર્ભાવતિ નગરસ્થ પરમ ભ. રત્ન ભકત કવિશ્રી દયારામભાઈના પટ્ટશિષ્ટ પ્રપૌત્ર અને ભ, રત્ન શ્રી નાથજીભાઈ જોષીના ભત્રીજા શ્રી વલ્લભ સિદ્ધાંત સાહિત્ય અને શ્રી દયારામભાઈના સાહિત્યના પ્રખર અભ્યાસી રાજકોટ કોલેજના પ્રોફેસર તરીકેની કાર્યવાહી બજાવતા સૌરાષ્ટ્રના જનસમાજમાં શ્રી પુષ્ટિમાર્ગીય સાહિત્યના પ્રચાર દ્વારા ભકિતભાવના બીજ વાવતા પ. ભ. શ્રી જીવણલાલ છગનલાલ જોષી સંવત ૨૦૪૮ કા, સુ. બારસના દિને પોતાની જીવનયાત્રા સંકેલી લેતાં ભગવત શરણાગતિ પામ્યા છે, શ્રી વલ્લભ સંપ્રદાયના અનુયાયીઓ સંપ્રદાયને નિષ્ઠાવાન સાહિત્યકારથી વંચિત થવા બદલ ઘેરા દુ.ખસહ નોંધ લે છે, અને સદ્ગતના પરિવારને પ્રભુ આવી પડેલ દુ:ખ સહન કરવાની શકિત અર્પે અને સદ્ગતના આત્માને પ્રભુ સ્વસંનિધાનમાં રાખી પુષ્ટિમાર્ગીય સર્વોત્કૃષ્ઠ શ્રેષ્ઠ ફલનું પ્રદાન કરે એજ પ્રભુ ચરણ યુગલોમાં પ્રાર્થના સહ વિનંતિ.

૧, દયારામ સ્મારક સમિતિ ડભોઈ.
૨. આં. રા. પુ. મા. પરિષદ, ડભોઈ શાખા,
૩. વૈષ્ણવ મહિલા મંડળ, ડભોઈ.

વૈષ્ણવ સમાજની લાગણીને આઘાત લાગે તેવા વિકૃત લખાણોવાળી પુસ્તિકાઓ લખીને પુષ્ટિમાર્ગ સંપ્રદાયને બદનામ કરવાના અને તોડવાના જે રીતે પ્રયાસો થઈ રહ્યા છે. તે અત્યંત નીંદનીય છે. એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી પ્રા. મગનલાલ શેઠ આકરી ટીકા સાથે સખત શબ્દોમાં વખોડી કાઢે છે. અને વૈષ્ણવ સંપ્રદાયના સૌ વૈષ્ણવ બંધુઓ આવા ગંદા પ્રચારથી સાવધાન બનવા જણાવવામાં આવ્યું છે.

પુસ્તક પરિચય

પૂર્વ પ્રથમા પરીક્ષાનું પાઠય પુસ્તક :

મુળ લેખક–પૂ. શ્રી ચીમનલાલ હરિશંકર શાસ્ત્રીજી
પ્રશ્નોત્તર કરનાર–શાસ્ત્રીજી મધુસુદન ચીમનલાલ
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૨૮+૧૬=૧૪૪
ન્યો. રૂા. ૫–૦૦ પોસ્ટેજ રવાનગી ખર્ચ રૂા. ૨–૦૦
પ્રાપ્તિ સ્થાન–શ્રી મધુસુદન શાસ્ત્રીજી

બં. નં. ૩, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા,
બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

અ. ભા. શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા કે જે ૬૭ વર્ષોથી સતત પરીક્ષાઓ દ્વારા પુષ્ટિમાર્ગનો પ્રચાર કરે છે. આં. રા. પુ. વૈષ્ણવ પરિષદે મહાસભાની પરીક્ષાઓને, દ્વારકાના અધિવેશનમાં માન્યતા આપી છે. તથા પૂ. પ્રથમેશજીના આદેશ પ્રમાણે નવી મેથડ જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ઓપન યુનિવર્સિટીની ૧૦૦ ઉત્તરો લખીને ઘેર બેઠા પરીક્ષાઓ આપી શકાય તેવી નવી ઓપન યુનિવર્સિટીની મેથડ અપનાવીને ૫૦૦ પ્રશ્નો તથા તેનાજ ૫૦૦ ઉત્તરોવાળા પુસ્તકોની સીરીઝ બહાર પાડી છે.

આ પૈકી પૂર્વ પ્રથમાનું પાઠય પુસ્તક અમારા અલોકનાર્થે મળેલ છે. આ નવા અભિગમથી હવે જે બાળકોને–વ્યકિતઓને પાઠશાળામાં જવાની સમયની અનુકુળતા નથી, તેઓ ઘેર બેઠા પૂર્વ પ્રથમા, પ્રથમા, દ્વિતીયા, તૃતિયા પરીક્ષાઓ ક્રમશઃ આપી શકશે.

શાસ્ત્રીજી મધુસૂદનભાઈના જણાવ્યા પ્રમાણે પૂ. પ્રથમેશજી ઉપરાંત વર્તમાન અનેક પુ. પા ગો. બાળકોએ આ નવી મેથડ અપનાવી પુષ્ટિ ભકિતજ્ઞાન પ્રાપ્ત કરવા વૈષ્ણવોને લેખિતમાં અભિપ્રાયો આપ્યા છે. મહાસભા માટે શ્રી વલ્લભ સુધાના માધ્યમથી અમારે પણ નિવેદન કરવાનું કે–પ્રત્યેક વૈષ્ણવો પોતાના નાનાં બાળકોને ૧૦૦ ઉત્તરો લખાવી શાસ્ત્રીજી ઉપર સુરત મોકલી બાળકોને ધાર્મિક જ્ઞાન અવશ્ય આપે.

૧. પંચામૃત ગ્રંથ :

રચયિતા–કવિ શ્રી વ્યાસદાસજી
પ્રકાશક–શ્રી ભકિતમાર્ગીય સાહિત્ય સિદ્ધાંત પ્રચારક સંઘ, મુંબઈ.
પૃષ્ઠ સંખ્યા–૧૬ પેઈજી ક્રાઈન સાઈઝ ૧૩૨+૮=૧૪૦
પીન બાઈન્ડીંગ, કાચુ પુંઠુ, ન્યોછાવર રૂા ૬–૦૦

આ ગ્રંથ ૧. શિક્ષામૃત. ૨. દૈન્યામૃત. ૩. સ્નેહામૃત. ૪. સ્વપ્ન સાર. ૫. ધનચાત્રક. એમ પાંચ અમૃત દોહા, ચોપાઈ, કવિત્ત અને સોરઠાની ૧૦૩૧ તુકમાં ભાવપુર્ણ છે. જેમાં શૃંગાર, કરુણ, હાસ્યાદિ રસોની ધારાઓ છૂટે છે અને તેનું અવગાહન કરવાથી શ્રી ઠાકોરજી તથા શ્રી મહાપ્રભુજી પ્રત્યે આશ્રય, દીનતા અને વિરહનો અનુભવ થાય છે.

પ્રસ્તુત ગ્રંથમા રચયિતાનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર, નિ. લી. પુ. પા. ગો. શ્રી દીક્ષિતજી મહારાજ, મુંબઈ આદેશિત "સામૂહિક પ્રાર્થના" ૩૧ શ્લોકો તથા પુ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ મુંબઈ વિરચિત "સિદ્ધાંત સાર સપ્તકમ" ગુજરાતી ભાવાર્થ સહિતનો તેમજ 'શ્રી હરિનામ રસાયન' અને 'સંક્ષિપ્ત શ્રી હરિનામ માહાત્મ્ય' એમ બે પદોના સમાવેશ છે. ઉપરાંત નિ. લી. પુ. પા. ગો શ્રી રણછોડલાલજી મહારાજશ્રી, મુંબઈ–પોરબંદરના ચિત્રજી પધરાવેલ છે.

૨. પંચામૃત ગ્રંથનો ગુર્જરાનુવાદ.

મૂળ રચયિતા–કવિશ્રી વ્યાસદાસજી
અનુવાદક–પ્રા. શ્રી રમેશચંદ્ર વિ. પરીખ
પ્રકાશક–શ્રી ભક્તિમાર્ગીય સાહિત્ય સિદ્ધાંત પ્રચારક સંઘ, મુંબઈ
પૃષ્ઠ સંખ્યા–૧૬ પેઈજી ક્રાઉન સાઈઝ ૧૪૪+૪=૧૪૮
પીન બાઈન્ડીંગ, કાચું પુઠું. ન્યોછાવર રૂા. ૬–00

ઉપર ક્રમ ૧માં દર્શાવેલ મૂળગ્રંથ વ્રજભાષામાં પદ્યમાં છે. તેમાં અનેક ખૂબીઓ સમાયેલી છે. કોઈ કડી દ્વિઅર્થી, કોઈ અનેકાર્થી અને ભાવ રસપુર્ણ છે. પરંતુ સામાન્ય જન સમાજને સમજવામાં સહેલું પડે તેવી સરળ અને રોચક શૈલીમાં ગુજરાતી અનુવાદ કરવામાં પ્રા શ્રી રમેશભાઈએ પરિશ્રમ લીધો છે. તેમને અને પ્રકાશક સંસ્થાને ધન્યવાદ.

૩. શ્રી ગાયત્રી ભાષ્ય રસાસ્વાદ

લેખક–પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, 'વ્રજરત્ન', ૩૧, શીવ સોસાયટી નં.–૨
બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪00૨
પૃષ્ઠ સંખ્યા–૧૯ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૮૮
પીન બાઈન્ડીંગ. આર્ટ પેપર પુંઠું, ન્યોછાવર રૂા. ૧0–00 પોસ્ટેજ રૂા. ૨

ગાયત્રી મંત્ર સનાતન વૈદિક ધર્મનો મૂળમંત્ર-બીજમંત્ર છે. આ બીજમંત્રમાં સર્વે ઉપનિષદો સહિત ચારે વેદોનું સત્વ અને તત્ત્વ રહેલું છે. તેને ભલભલા સમજી શકયા નથી. પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જ સર્વ શાસ્ત્રોની એકરૂપતા બતાવતા, ગાયત્રી મંત્રનો સાચો અર્થ સમજાવવા 'ગાયત્રી ભાષ્ય' રચ્યું છે.

આ ભાષ્ય ઉપર શ્રી ગુસાંઈજી, શ્રી ગોકુલનાથજી, શ્રી પુરુષોત્તમજી, શ્રી મઠેશેન્દ્રિર, ભારત માર્તંડ પંડિત શ્રી ગટટુલાલજી વગેર મહાનુભાવોએ રસપ્રદ અને સુંદર ટીકાઓ લખી છે. પરંતુ આ બધું સાહિત્ય સંસ્કૃત ભાષામાં છે. જેથી તેમાં સૌની ગમ ન પડી શકે. તેમજ 'ગાયત્રી' વિષે ગેરસમજ ચાલી રહી છે. તે ગેરસમજ દુર કરવા સંબંધમાં નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી સને ૧૯૮૮ ના જુલાઈ માસમાં રાજકોટ બિરાજતા હતા તે સમયે સામાન્ય ચર્ચા ચાલેલ અને આ સમગ્ર સંસ્કૃત સાહિત્યનું લોક ભોગ્ય શૈલીમાં ભાષાંતર કરવા અને તે માટે આપશ્રી તે સાહિત્યની ઝેરોક્ષ કોપીઓ પણ તૈયાર કરાવીને પધરાવી ગયેલ. પરંતુ તે બાબતમાં શું પ્રગતિ થઈ તે જાણવા મળેલ નથી. અસ્તુ.

પરંતુ સંપ્રદાયના વિદ્વાન પ્રા. શ્રી રમેશભાઈએ ઉપરોકત સઘળા સંસ્કૃત સાહિત્યના સારરૂપે, વાર્તા શૈલીમાં, સરળ ભાષામાં સમજાવવા પરિશ્રમ લીધો છે તે પૂ. પ્રથમેશજીની મહેચ્છાની પૂર્તિના એક ભાગરૂપે ગણી શકાય અને 'ગાયત્રી' ઉપરના સમગ્ર સાહિત્યને મૂળ સાથે ભાષાંતર સરળ શૈલીમાં પ્રકાશિત કરવા લેખકશ્રીને તથા પ્રકાશક સંસ્થાને પ્રભુ પ્રેરણા અને બળ અર્પે તેવી શુભકામના.

શ્રદ્ધાંજલિ

આં. પુ. વૈષ્ણવ પરિષદની ડભોઈ શાખાની સ્થાપનાથી કાર્યકર તરીકે સેવા આપતા અને ડભોઈ વેપારી સમાજના અગ્રણી શ્રી કૃષ્ણદાસ શાહના (ખોડીયાવાળા) એકાએક હરિશરણ થયાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી, પ્રોફે. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી. પી. પરીખ, શ્રી કંચનભાઈ દર, પ્રા. ઈંદ્રવદન પરીખ વિગેરેએ ઉંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે અને સ્વર્ગસ્થની સેવાઓને બીરદાવીને તેઓએ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

આં. શ. પુ. વૈ. પરિષદની મધ્યપ્રદેશ રાજ્ય સમિતિના સંગઠન-પ્રચારમંત્રીનું

સમસ્ત વૈષ્ણવોને નીવેદન

આદરણિય મહોદય,

મધ્યપ્રદેશ કાર્યકારિણીની તા. ૧૫-૨-૯૧ની સભામાં મને મ.પ્રનો સંઠન/પ્રચારમંત્રી નિયુકત કરવામાં આવેલ છે. આ કાર્ય ત્યારે જ સંપન્ન થઇ શકે છે કે, જયારે આપ સમસ્ત વૈષ્ણવોનો સહયોગ મલે નહીતર એ કાર્ય અસંભવ છે.

પરિષદના સંબંધમાં નિ.લી.પૂ.પા.ગો. શ્રી પ્રથમેશજી મહારાજે નીચે મુજબ આજ્ઞા કરેલ હતી.

"આ અંતિમ ક્ષણોમાં આપને એ અનુરોધ કરવા ચાહુ છું કે યા આને મારૂં ઇચ્છાપત્ર સમઝો કે આપ બધા પરિષદના દ્વારા સંગઠિત થઈને સંપ્રદાયની રક્ષા કરો. એજ આપણો સ્વધર્મ છે.

આપ બધાને પોતાના માનીને. મારા જીવનના અધુરા કાર્યો કોઈ પરસ્પરના કલહ વીના દઢ નિષ્ઠાથી પરિષદ દ્વારા પૂર્ણ કરવાનો પુનઃઆંતરિક આગ્રહ કરૂં છું.

હું આ અંતિમ આશા આપથી કરૂં છું કે મારા અવસાન બાદ પણ આપશ્રી મહાપ્રભુજીની સેવા પરિષદ દ્વારા કરતા રહેવાનું પ્રભુ ચરણોની સાક્ષીએ વ્રત ગ્રહણ કરશો."

પહેલો પ્રશ્ન એ ઉઠે છે કે સંગઠનની શું આવશ્યકતા છે આપણે બધાં જાણીએ છીએ કે આ 'કલીયુગ' છે, કલી યા કલ મશીનને પણ કહે છે મશીન અનેક નાના મોટા ભાગોનુ બનેલ હોય છે અને શકિત એટલે વિજળી, પેટ્રોલ-ડીઝલ, કોયલા આદિથી ચાલે છે. આ શકિત આપણા માર્ગમાં સત્સંગ છે. જો કદી મશીનનો એક પણ ભાગ ખરાબ થઈ જાય અથવા કાઢી નાખવામાં આવે અથવા શકિત ન હોય તો મશીન ચાલી શકતું નથી. આજ રીતે વૈષ્ણવ જો સંગઠિત ન રહે અથવા સત્સંગ, ગ્રંથોનું અધ્યયન વગેરેનો અભાવ થશે તો વૈષ્ણવ સૃષ્ટિ વિખરાઈ જશે અને વૈષ્ણવતાનો વિકાસ રોકાઇ જશે. મશીનના ભાગો બધાં જોડાયેલા રહેશે ત્યારે જ મશીન ચાલશે. જો બધાં ભાગો અલગ-અલગ થઈ જાય તો મશીન ચાલી ન શકે. માટે એ આવશ્યક છે આપણે બધાં સંગઠિત થઇને રહીએ અને સત્સંગ કરીએ ત્યારે જ આપણે આ માર્ગમાં આગળ વધી શકીએ છઈએ અને પ્રભુને પ્રાપ્ત કરી શકીએ છઈએ અન્યથા નહીં

બીજો પ્રશ્ન એ છે કે પરિષદ'નો મુખ્ય ઉદેશ શું છે? આપણે બધાં જાણીએ છીએ કે 'પરિષદ'નો મુખ્ય ઉદેશ શ્રી મહાપ્રભુજીનાં સિદ્ધાન્તોનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે. જો આપણે કોઈ વાતનુ પાલન નથી કરી શકતા તો આપણે એ સ્પષ્ટ કહેવુ જોઇએ કે સિદ્ધાન્ત આ છે પણ અમે તેનું પાલન નથી કરી શકતાં. પરતુ આવું થતું નથી આપણે આપણી કમજોરી છૂપાવવાનો પ્રયાસ કરીએ છીએ નહી કે સિદ્ધાન્તને જીવનમાં ઉતારવાનો.

હવે આપણે સિદ્ધાન્ત તરફ આગળ વધીએ. શ્રી હરિરાયજી મહાપ્રભુકૃત 'શ્રી હરીરાય વાંગ મુકતાવલીના નો પ્રથમ ગ્રંથ 'માર્ગ સ્વરૂપ નિર્ણય'ના શ્લોક ૮થી૧૧ સુધીમાં જે નિરૂપણ છે તેનો આશય આ પ્રમાણે છેઃ-

વિવાહ થયા બાદ સ્રીને જેમ અન્યથી સમ્બંધ બાંધવાથી, પતી સીવાય અન્યનું જૂઠણ ખાવાથી, પોતાના સ્વામીને પોતાનું ખાધેલ એઠું દેવાથી, દેહથી અન્ય પુરુષનો યોગ થવાની મહાન દોષ ઉત્પન્ન થાય છે. એજ રીતે અહીં બ્રહ્મસંબંધ થયા બાદ અન્ય કોઈ દેવથી સંબંધ રાખવાથી, પ્રભુપ્રસાદી સીવાય અન્ય વસ્ત લેવાથી, પ્રભુને પોતાનું ખાધેલું-ભોગવેલું સમર્પિત કરવાથી અને પોતાના દેહથી અન્ય દેવની આરાધના ચાલુ રાખવાથી મહાન દોષ ઉત્પન્ન થાય છે એવું ભગવદીઓએ સમજી લેવું જોઈએ. જેમ મધ્યમાં રહેલ દૂતી દ્વારા પોતાની ઉત્તમ આત્માનું સમર્પણ પતિને કરે છે તેજ પ્રકારે ભગવદ્સંબંધીજનો દ્વારા સર્વવસ્તુ પ્રભુને સમર્પણ કરવી જોઈએ. પોતાના પ્રભુમાં અનન્યતા છે તેનું જો અનુસધાન (સતતયાદી) જો ન રહે તો એ આત્મસમર્પણ આદીમાં પ્રતિબધક થઈ જાય છે. જે પ્રકારે સ્વજનોની મદદથી સ્રી પોતાના પતિવ્રતની રક્ષા કરે છે. તેજ રીતે જીવે તાદશીજનોના સાથે રહીને (તેમની મદદથી) બ્રહ્મસંબંધનો વિચાર કરતાં રહેવું જોઈએ."

બધાં વૈષ્ણવોને નિવેદન છે કે ઉપરોકત વાતોનું ન કેવલ અધ્યયન અને મનન કરીએ બલ્કે, તેને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરીએ અને ઉતારીએ જેથી જીવન સાર્થક બની શકે...

ભવદિય કેલાશનારાયણ ખંડેલવાલ
સંગઠન-પ્રચાર મંત્રી આં. પુ. વૈ. પરિષદ મ. પ્ર. સમિતિ

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

શિક્ષા : ધોળ

મન ! મોહનને ના ભુલ, તું દેખી માયાના રંગ,
અંતે પસ્તાવો બહુ થશે, કોઇ નહીં આવે રે સંગ-મન૦ ૧

મોંઘો મનુષ્યા દેહ દુર્લભ, દેવતા ઇચ્છે ભર્તખંડ અવતાર;
તે તું પામ્યો, હરિ ના ભજે, ધિક ધિક તાહારો અવતાર-મન૦ ૨

જમકિંકર જયાહારે ઘેરશે, કંઠે આવશે પ્રાણ;
સ્નેહ નથી કરતો, શ્રીકૃષ્ણ શું ત્યાંહાં છોડાવશે કોણ? મન૦ ૩

અઠ્ઠાવીશ નર્કયાતના, સુણતામાં આવે ત્રાસ;
તે ભોગવવી પડશે તુંને, જો ન અરચે અવિનાશ-મન૦ ૪

અમૂલક લટકું લાભનું, નહિ આવે વારંવાર;
વહેલો ભજી લે ભગવંતને, મૂકી આળસ અહંકાર-મન૦ ૫

લેવો લીંબુ લેહે કાવતાં, રાજનાસનનો આનંદ;
શાણા હોય તે સમજી કરી, વહેલા ગાજો ગોવિંદ-મન૦ ૬

આદ્યે મધ્યે અંતે લગી, છે દુખરૂપ સંસાર;
સુખ એક શ્રીકૃષ્ણ શરણમાં બાકી નહીં કયહોં લગાર મન૦ ૭

આ ચાંદણું દિન ચારનું, તેમાં શોધી લે વસ્ત;
અંધકાર ઓચિંતો થૈ જશે, ભાયેંગ ઇંદુનો અસ્ત-મન૦ ૮

માટે વાત અનેકનું, કહું છું એક વચન;
પ્રેમ ભજી લે શ્રીકૃષ્ણને, દાસ **'દયા'**નું જીવન-મન૦ ૯

-ભકત કવિ શ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક -રેવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

હોરી ખેલનું પદ રાગ–કાફી

હોરી ખેલૈ સાંવરૈ મનમોહન મદન ગોપાલ રી;
લાલ ગુલાલ ઉડાવત, ગાવત, સંગ રંગીલી બાલ રી. ૧

બાજત બીન મૃદંગ–ચંગ, મહુવરિ–મુરલી–ડફ તાલ રી;
હો–હો હોરી કહત પરસ્પર, દંપતિ રૂપ–રસાલ રી. ૨

નિરખત જુગલ કુંવર વર કી છબિ, પરી પ્રેમ–રસ જાલ રી;
'ચંદ' મુદિત મન બાલકૃષ્ણ પ્રભુ, પ્રીતિ–રીતિ પ્રતિપાલ રી. ૩

ભક્ત કવિ ચંદ્ર જૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૦ : અંક–૧૨ ❖ માર્ચ, ૧૯૯૨
શ્રીવલ્લભાબ્દ ૫૧૩

વાર્ષિક લવાજમ રૂ. ૨૫ * આજીવન રૂ. ૩૦૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

જો જો રખે તક ચુકતા નહિ

પ્રિય વાંચક વૃંદ,

સાદર ભાગવદ્ સ્મરણ.

સને ૧૯૮૧ માં રાજકોટમાં પૂ પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી દ્વારા યોજાયેલ 'સોમયજ્ઞ' તેમજ વૈષ્ણવ પરિષદનાં 'હિરક મહોત્સવ' પ્રસંગે અખીલ ભારતીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદમાંથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ નામાભીધાન થયુ. અને તે પ્રસંગે પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની પ્રેરણાથી 'શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી' ની સ્થાપના થઇ જેનાં દ્વારા ''શ્રી વલ્લભ સુધા'' માસિક પ્રકાશીન કરવાનો નિર્ણય લેવાયો.

પૂજ્યપાદ ગો. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી ની આજ્ઞાનુસાર આ માસીક પત્રમાં આચાર્યશ્રીઓનાં ગ્રંથો વિવેચન સહ ભાષાંત્તર તેમજ પૂજ્ય આચાર્યશ્રીઓ તેમજ ભગવદ ભક્તોનાં લેખો છાપવામાં આવે છે. વિશેષમાં પુષ્ટિ સાહિત્યનાં મુળભુત ગ્રંથો દરેક વાંચક ખરીદી શકે નહિ તે હેતુથી ક્રમે ક્રમે પ્રકાશન કરી સાંપ્રદાયીક સાહિત્યનાં જતન સાથે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનો પ્રચાર પ્રસાર કરી વાંચકને સસ્તુ અને ઉત્તમ સાહિત્ય પ્રાપ્ય બને તે માટે સમિતિએ હરહમેશ પ્રયત્ન શીલ રહેવું છે

'શ્રી વલ્લભ સુધા' માસિક નાં ૧૦ માં વર્ષનો આ છેલ્લો અક છે પૂજ્યપાદ આચાર્યશ્રીઓનાં આશીર્વાદ તેમજ વૈષ્ણવોના સહયોગથી પ્રકાશન કાર્યમા નીયમીતના જાળવી શક્યા છીએ.

દિન પ્રતિદિન ખર્ચમાં વધારો થતો રહયો છે આ લવાજમનાં દરમાં માસિક આપવું પરવડી શકે નહિ પરંતુ જયારે જયારે જરૂર પડી છે ત્યારે સમર્થ વૈષ્ણવો સાંપ્રદાયીક સાહિત્ય પ્રકાશન સેવામાં આર્થીક સહયોગી બનેલ છે જે પ્રસંશાને પાત્ર છે.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તેમજ શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિને ૧૦ વર્ષ પુર્ણ થતાં હોય તે પ્રસંગે 'શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ' દ્વારા 'શ્રી વીઠ્ઠલનાથજી સ્તુત્યાવલી' નામનું પુસ્તક પ્રકાશીત કરવાનો નિર્ણય લીધેલ છે.

જેમાં પ્રભુ ચરણ પરમ વંદનીય ગો. શ્રી ગુસાંઇજી પરમ દયાલનાં જીવન અને કાર્યો સાથે આપશ્રીનાં રચેલાં ગ્રંથો તેમજ આપશ્રી માટે રચાયેલાં ગ્રંથોનાં ભાષાંતર સાથે વિવરણ અને ટીકા પુસ્તકમાં પ્રદર્શીત કરવામાં આવશે. આવો દળદ્વાર ગ્રંથ ૩૫૦ થી ૪૦૦ પાનાનો થશે જે દરેક વૈષ્ણવ કુટુંબે ઘરમાં વસાવવા લાયક ગ્રંથ બનશે.

સામાન્ય રીતે આવા ૩૫૦ થી ૪૦૦ પાનાના કોઇ પણ પુસ્તક બજારમાં ખરીદ કરવા જઇએ તો રૂા. ૫૦ થી રૂા. ૮૦ જેટલી કિંમત હોય છે.

પરંતુ શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિનો મુળભુત હેતુ સાંપ્રદાવિક સાહિત્ય સામાન્ય માણસ પણ ખરીદી કરી શકે અને વાંચી તેનું તેમજ તેમના પરિવારનું કલ્યાણ કરી શકે તે માટે હરહમેશ કરકસરયુક્ત વહીવટ કરી પ્રકાશ કાર્ય કરવું. તેમજ સમર્થ વૈષ્ણવોના અર્થ સહયોગથી વધુને વધુ વૈષ્ણવોને સાહિત્ય પહોંચે તે માટે પ્રયત્ન કરવા.

ઉપરોકત હેતુ ધ્યાનમાં લઈને દશાબ્દી વર્ષ નિમિતે 'શ્રી વલ્લભ સુધા'ના આજીવન ગ્રાહકો તેમજ સને ૧૯૯૨-૯૩ના વાર્ષિક ગ્રાહકો કે જેનું લવાજમ ૨૦ માર્ચ ૧૯૯૨ સુધીમાં સંસ્થાના કાર્યાલયમાં જમા થયેલ હશે તેઓને જ ઉપરોકત પુસ્તક 'શ્રી વિઠ્ઠલનાથજી સ્તુત્યાવલી' સમર્થ વૈષ્ણવ દાતાઓના સહયોગથી ભેટ આપવાનો નિર્ણય લીધેલ છે.

આ દષ્ટિથી વાચક વૃંદને વિનંતી કે આ અંક આપના હાથમાં આવ્યા બાદ સમય થોડો છે.

(વધુ માટે જુઓ પાનું ૨૩મું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૦ : અંક ૧૨ * માર્ચ, ૧૯૯૨

ભાવના

પ્રવક્તા : **નિ. લી. ગો. શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા**
સંપાદક : **ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા**
અનુવાદક : **ડો. ચુનીલાલ રવજી બાલધા**
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

વિશેષ ઉપદેશ આપવાની, શિક્ષા દેવાની આવશ્યકતા દેખાતી નથી. જો તેનું એકવાર પણ સહૃદયતાથી અવલોકન કરવામાં આવે તો આજે પણ તેમાં એટલું જ આકર્ષણ છે. તેને જોઇને દરેક વ્યક્તિ, સામાન્ય વ્યક્તિ પણ તેના પ્રતિ આકર્ષિત થઇ જાય છે. જ્ઞાની થઇ જાય. તેને તો કહેવાનું જ શું હોય ? જેને જ્ઞાનનો કંઇ અધિકાર નથી એવી વ્યક્તિ પણ, સર્વ સામાન્ય વ્યક્તિ પણ તેના પ્રતિ આકર્ષિત થઇ જાય છે, કારણ કે આવું ત્યારે બને છે, જ્યારે તેને હૃદયપૂર્વક ગ્રહણ કરવા માટે અવલોકન કરવામાં આવે.

બાહ્ય દૃષ્ટિએ આપણે ચાલ્યા જઇએ. દર્શન કરી આવીએ. જેમ બીજા મંદિરોમાં દર્શન કરવા જઇએ છીએ. એ રીતે અહીં પણ દર્શન કરી આવીએ. અહીં–તહીંથી ચાલી નીકળીએ. દશ જગ્યાએ ગયા, એક જગ્યા વધારે.

આ રીતે કરીશું તો તેનું રહસ્ય હૃદયમાં આવશે નહિં. રહસ્ય હૃદયમાં ત્યારે જ આવશે જ્યારે તેના પ્રતિ આપણે જિજ્ઞાસા બુદ્ધિથી જઇએ.

અહીં વિશેષતા કઇ છે ? એ વાત જાણવા માટે જો આપણે આપણા હૃદયને આતુર કરીને જઇશું તો તેનું રહસ્ય જાણી શકીશું. આ આચાર્યચરણ અને પ્રભુચરણનો આપણે દૈવી જીવો ઉપર પરમ અનુગ્રહ છે. સેવામાર્ગનું જે સાક્ષાત્ સ્વરૂપ છે અને જે સુરંગ સ્વરૂપ છે તે આપણી સામે પ્રસ્તુત કર્યું અને તેના દ્વારા તે સમયનું જે આપણું સાહિત્ય છે તે પણ એટલું જ સુંદર બન્યું.

સાહિત્યે જ આપણી જાતિને જીવન પ્રદાન કર્યું. સાહિત્યના ગ્રંથો તો આપે ઘણા લખ્યા, પરંતુ તે સમયની સાધારણ જનતાને તેનાથી તેટલો લાભ ન થઇ શકત. તેથી જ આપે અષ્ટ સખાની સ્થાપના કરી.

અષ્ટ સખાઓને પ્રેરણા આપી ભગવત્ લીલા અને ભગવત્ સ્વરૂપનું વર્ણન કરવા માટે પ્રેરીત કર્યા અને આ અષ્ઠ સખાઓની વાણી દ્વારા ઘર ઘરમાં, ગામડે ગામડે સર્વ સાધારણમાં તે ભગવદ્ લીલાનો, ભગવદ્ ચરિત્રનો પ્રવેશ થયો. તેનાથી સર્વ સાધારણ પણ સંસ્કૃતમાં જે રહસ્ય હતું તેને પોતાની ભાષામાં સમજે છે. આ અનુગ્રહ આપે કર્યો અને વ્રજ ભાષાને તેનું માધ્યમ બનાવી, વ્રજ ભાષાને જ આપે અપનાવી. જો કે આપ સંસ્કૃત પ્રખર પંડિત હતા. આપની અધિકાંશ રચનાઓ સંસ્કૃતમાં છે. પરંતુ આપે વ્રજ ભાષાને આદર આપ્યો. વ્રજભાષાને આપ શા માટે માનતા હતા. આપ વ્રજભાષાને પુરૂષોત્તમ ભાષા કહેતા હતા. આટલું મહત્ત્વ શા માટે આપ્યું ? વ્રજ ભાષાને મહત્ત્વ આપવાના ઘણા બીજા કારણો હોઈ શકે છે. પરંતુ એક મુખ્ય કારણ એ હતું કે તેને આપ પુરૂષોત્તમ ભાષાની સંજ્ઞા આપતા હતા. વ્રજભાષા એ કઇ ભાષા છે ?

ફક્ત તેને વ્રજવાસીઓની ભાષા નહી સમજો, તે પ્રાંતના લોકો બોલે છે, તેથી વ્રજ ભાષાનું મહત્ત્વ છે. વ્રજ તો એક પ્રાંત જ છે ને ? પરંતુ આપ તેને પુરૂષોત્તમની ભાષાની સંજ્ઞા આપતા હતા. પુરૂષોત્તમ અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ તેઓ જે ભાષામાં બોલતા હતા તે ભાષા જ વ્રજભાષા છે.

આપે તેને સંજ્ઞા માત્ર એક સામાન્ય વ્યાકરણની દૃષ્ટિએ આપી. એક ભાષાનું નિર્માણ થઇ ગયું. જગતમાં ઘણી ભાષાઓ બને છે, એ રીતે આ પણ એક ભાષાં બની ગઇ, માટે આપે મહત્ત્વ આપ્યું હશે એવી વાત નથી.

આપે તેને પુરૂષોત્તમ ભાષાની સંજ્ઞા આપી. પુરૂષોત્તમ જે ભાષામાં પ્રથમવાર બોલ્યા એ ભાષા કઇ ? આમ તો આપે આગળ ગીતા કહી, સંસ્કૃતમાં કહી. તે તો ભવિષ્યની વાત છે. પરંતુ પ્રારંભમાં આપે જે ઉચ્ચારણ કર્યું તે કઇ ભાષા હતી ? વ્રજભાષા.

તેથી આપે ખાસ પ્રેરણા આપી વ્રજભાષાનું સાહિત્ય સમૃદ્ધ બનાવ્યું અને આજે તેનું જ પરિણામ છે કે હિંદી રાષ્ટ્રભાષા વ્રજ ભાષામાંથી જ બની છે. તેનું મૂળરૂપ, પ્રારંભિક રૂપ કોઇ હોય તો તે વ્રજભાષા હતી.

કહેવાનો આશય એ છે કે આપે જે કાંઈ ઉપકાર કર્યો તે આપણે લોકો માટે ઘણો છે.

મોટો ઉપકાર છે અને આપણે તેને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે તેના મહત્ત્વને જાણી શકીશું. સાધારણ રૂપથી આપણે સાંભળીએ છીએ, બોલીએ છીએ, સમજીએ છીએ. જ્યારે તેના રહસ્યને જાણીશું ત્યારે તે રહસ્ય હૃદયસ્થ થશે. રહસ્ય જાણવું જોઇએ.

શબ્દ સાંભળવાથી પણ જ્ઞાન થાય છે. પરંતુ રહસ્ય જાણ્યા બાદ તે જ્ઞાન વિશેષ સમૃદ્ધ થાય છે, સાકાર બને છે. ફક્ત વાણી છે તે હૃદયને સ્પર્શી શકતી નથી. હૃદયનો સ્પર્શ કરવા માટે હૃદયની ભાષા હોવી જોઇએ. ત્યારે હૃદયનો સ્પર્શ થઇ શકે છે. માત્ર વાંણી સ્પર્શ કરી શકે નહીં, અને કરાવી શકે નહીં. આ વાત સમજીને આપણે આપણા પદોનું, આપણા કિર્તનોનું, આપણા ગ્રંથોનું શ્રવણ કરવું જોઇએ, વાંચન કરવું જોઇએ, અનુકરણ કરવું જોઇએ અને તેના દ્વારા આપણા માર્ગનું જે રહસ્ય છે તેને આપણે જાણી શકીએ.

ત્યારે જાણીશું કે જ્યારે આપણી પ્રવૃત્તિ તેના તરફ વાસ્તવિક હશે. વાસ્તવિક પ્રવૃત્તિ થવાનો કોઈ માર્ગ હોય તો તે છે તેનું અનુકરણ. અનુકરણ કર્યા વગર કોઇ વસ્તુ પ્રાપ્ત થઈ શકતી નથી. ફકત કહેવાથી, સાંભળવા માત્રથી, જાણી લેવા માત્રથી, પણ તે માર્ગ હૃદય સાથે સંબંધ નહીં બનાવી શકે. હૃદયમાં સંબંધ બનાવવાનો કોઇ માર્ગ હોય તો તે છે અનુકરણ, ભાવના પુર્વક તેનું પાલન.

અનુકરણ શું ? ભાવના પુર્વક તેનું પાલન કરવું તે જ અનુકરણ છે. ભાવ વગરના થઇ ઘંટની માફક આપણે કંઇક કહી ગયા અથવા સાંભળ્યું તેનાથી હૃદયનો સંબંધ ન થાય. અને ભાવના પુર્વક જે વાત કરવામાં આવે, ઉત્સાહ પુર્વક જે કાર્ય કરવામાં આવે તે હૃદય સાથે સંબંધ બનાવે છે.

જે કાંઇ કાર્ય કરો, થોડું કરો કે વધારે કરો, પરંતુ હૃદયપૂર્વક કરો. આપણે કંઇક બીજું વિચારીએ છીએ અને આપણા વિચાર કયાંય હોય તો હૃદય સાથે સંબંધ કેમ થાય ? વાણીનો સંબંધ હૃદય સાથે ન થઇ શકે.

હૃદય સાથે સંબંધ જોડવાનો કોઇ પ્રકાર હોય તો તે એ છે કે આપણે આપણી ચિત્ત વૃત્તિને ત્યાં રાખીને પછી કંઇ સાંભળીએ, કહીએ તો તેનો પ્રભાવ પડે છે, તે હૃદય સાથે સંબંધ બનાવે છે.

જીવનમાં એવી ક્ષણો ઘણી ઓછી આવે છે. કે જ્યારે આપણે જે કંઇ કહીએ છીએ સાંભળીએ છીએ, તેની સાથે આપણું હૃદય પણ સંબંધ ધરાવે. આવી ક્ષણો ઘણી ઓછી હોય છે.

જે ધન્ય ક્ષણે આ પ્રસંગ આવે છે ત્યારે હૃદયથી આપણે કહીએ છીએ, સાંભળીએ છીએ કે બોલીએ છીએ, તે વસ્તુ હૃદય સાથે સંબંધ બનાવી શકે છે.

આપણે જીવનમાં સરળ લાભ પ્રાપ્ત કરવા માટે અને જીવનને ભગવત્ પરાયણ બનાવવા માટે આપણા હૃદયને જ્યારે પણ દર્શન પ્રાપ્ત કરવાનો કે કહેવાનો પ્રસંગ આવે ત્યારે, નિર્મળ બનાવીને પછી તે કાર્ય કરવું જોઇએ.

દુનિયાની ચિંતાઓ, દુનિયાના વિચાર હૃદયમાં ભરેલા પડ્યા હોય ત્યાં સુધી આપણે કંઇ પણ કહીએ, સાંભળીએ તેનાથી કાર્ય વાસ્તવિક બનતું નથી.

દર્શન કરવા માટે આપણે આવીએ ત્યારે દર્શન કરવા માટે આપણું હૃદય પણ સાફ

હોવું જોઇએ. દર્શન કરવા માટે મંદિરમાં આવી તો ગયા, ઠાકોરજી સામે પણ ગયા છીએ અને આપણી દૃષ્ટિ પણ તેમના પર છે. પરંતુ દૃષ્ટિની સાથે મન પણ છે કે નહીં? તેનું પણ આપણે ધ્યાન રાખતા નથી. જ્યાં આપણી દૃષ્ટિ છે ત્યાં આપણું મન છે કે નહીં? આનો વિચાર ઘણા ઓછા કરે છે.

દર્શન તો કરીએ છીએ પરંતુ આંખો છે તે જુએ છે જરૂર, જોવાનું કાર્ય અવશ્ય કરે છે. પરંતુ વાસ્તવિકતાને પ્રકટ કરનાર જે શક્તિ છે તે કેવળ આંખોમાં છે એવું નથી. આંખો સાથે ભાવના પણ હોય ત્યારે આંખો દ્વારા વાસ્તવિક સ્વરૂપ હૃદયમાં આવે છે. આપણું મન કોઇ બીજા કાર્યમાં લાગેલું હોય તો જોવાનું જે ફળ છે, સુખ છે તે કેવી રીતે પ્રાપ્ત થાય? જ્યારે આંખો સાથે ભાવના પણ પ્રેમથી કરીએ ત્યારે આપણે વાસ્તવિક દર્શન પ્રાપ્ત કરી શકીએ ભાવના વગર વાસ્તવિક સ્વરૂપના દર્શન માત્ર આંખો કરી શકે નહીં. તેથી જ પુષ્ટિ માર્ગમાં ભાવનાનું મહત્ત્વ છે. ભાવના જ મુખ્ય છે, ક્રિયા પણ છે. જીવનમાં તેનું પણ ઘણું મહત્ત્વ છે. પરંતુ તે પણ ભાવના પુર્વક થાય ત્યારે તે ક્રિયા સાકાર ક્રિયા બનશે.

ભાવના વગર ક્રિયા થશે તો તે ક્રિયા ફક્ત આપણું કામ કરી દેશે. તમે ચાલશો તો બહાર જરૂર પહોંચશો. પરંતુ ત્યાં પહોંચ્યા બાદ જે કંઇ તમારે પ્રાપ્ત કરવાનું છે, જે અલૌકિકતાનો લાભ પ્રાપ્ત કરવો છે, તે તો ભાવના જ કરાવી શકે. ભાવના વગર તે લાભનો સ્પર્શ ન થઇ શકે.

તેથી ભાવનાને હૃદયમાં સ્થાન આપો. ભલે થોડા સમય માટે જ આ બની શકે. વધારે સમય માટે ભાવના ન રાખી શકીએ, એવો અમારો પ્રયાસ નથી. એવું આપણું સૌભાગ્ય નથી. પરંતુ થોડું પણ કાર્ય આપણે કરીએ તેમાં ભાવનાનો સહયોગ છે કે નહીં? એ જોઇને કરીએ, તો ધીરે ધીરે ભાવનાનો સહયોગ અવશ્ય પ્રાપ્ત થશે. અને આપણને આ બધી અલૌકિકતાનો લાભ પ્રાપ્ત થશે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટના જય શ્રીકૃષ્ણ

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

ચતુઃ શ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી

ભાષાંતર : પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)

(ગતાંકથી ચાલુ)

આપણે જોઇ શકીએ છીએ કે અહંતા-મમતા દ્વારા આરોપિત બધા કર્તવ્યો દેહાભિમાન મૂલક (દેહાભિમાનથી પ્રકટેલાં) છે. જ્યારે ભગવત્ સેવાનું કર્તવ્ય હોવું એ આત્માના વાસ્તવિક સ્વરૂપ બોધ ઉપર આધાર રાખે છે. આજ કારણને લીધે બીજાં બધાં કર્તવ્યો દેશ કાલ દ્રવ્ય-મંત્ર-કર્મ કર્તાની શુદ્ધિની અપેક્ષા રાખે છે. જ્યારે ભગવત્ સેવા તો કેવળ ભાવની જ અપેક્ષા રાખે છે, પુષ્ટિમાર્ગીય જીવોને માટે ધર્મરૂપ સ્વયં ભગવાન યા ભગવત્ સેવા જ છે. એટલા માટે જ ભક્ત રત્ન વૃત્રાસુર કહે છે-

હે પ્રભુ ! મારે મોક્ષ નથી જોઇતો, પરંતુ મને આપનો દાસ બનાવો. મોક્ષમાં તો જ્ઞાનથી ત્રણ પ્રકારનાં દુઃખ દૂર થઇ જાય છે. પરંતુ મારા તો દુઃખ સ્વયં આપ હરો છો તો જ દુર થવાં જોઇએ. લૌકિક અહંનાં બંધનોથી મુક્ત થવાવાળા જ્ઞાનીઓને 'સોઽહ" (એટલે તે હું છું) વાળો અહં મને ગમતો નથી. (અથવા શોભતો નથી.) મારી અંદર 'દાસોઽહ" એટલે હું દાસ છુ' એવો અહં)નો ભક્તિમય અહં કોઇ દિવસ દુર ન થાય એવું કંઇક કરી દ્યો. જો હું આપનો દાસ બનવાનો અધિકારી (લાયક) ન હોઉં તો મને આપના દાસોનો દાસ બનાવો. મારું મન હે મારા પ્રાણનાથ ! આપના ગુણોને સાંભળતા રહે મારી વાણી તારા ગુણોને ગાતી રહે-મારી કાયા સર્વદા (હંમેશાં) સેવા કરતી રહે એવા આશિષ મને આપો.

પુષ્ટિ ભક્તનો અર્થ (બીજો પુરૂષાર્થ)

પુષ્ટિ ભક્ત માટે અર્થ પુરૂષાર્થ રૂપ સ્વયં ભગવાન જ છે. મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિ જીવોને માટે એ જરૂરનું છે કે તે પોતાના સ્વધર્મરૂપ ભગવત્સેવાને હંમેશાં નિભાવે (એટલે ચાલુ રાખે) એવં સદાસ્મ કર્તવ્યં એટલે આ પ્રમાણે સદા કરવું જોઇએ એમ કહ્યું છે) આ કૃષ્ણ સેવાને માટે ન તો કોઇ ઐહિક અર્થોપાર્જનના (પૈસા કમાવાના) આધિ ભૌતિક વ્યવહારમાં પડવાની (ઝંપલાવવાની) જરૂર છે અને ન તો તો કોઇ પારલૌકિક અર્થોપાર્જનને માટે અન્યાશ્રયવાળી આદિદૈવિક ભૂતક વૃત્તિમાં યે પડવાની (કે ઝંપલાવવાની) જરૂર હોય. ભગવાન તો અન્યાશ્રય અથવા પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વિના ભકતના હિતમાં અપેક્ષિત ઐહિક-પારલૌકિક યોગક્ષેમ (એટલે પ્રાપ્ત ન થયેલી વસ્તુની પ્રાપ્તિ તે યોગ અને ક્ષેમ એટલે પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ તે ક્ષેમ એ બન્ને)નું દાન તથા સ્વયં પોતાના સ્વરૂપાનંદનું દાન પણ પોતાની મેળે જ કરશે. એમ કરવા માટે તેમને કોઇ લૌકિક-પારલૌકિક સાધનોની યા તો અર્થોની અપેક્ષા નથી. ભગવાન તો ભાવાત્મક

છે. તેથી છોલા (ચણા) અને છપ્પન ભોગ જે કંઇ ભાવપૂર્વક ધરવામાં આવે તેનો એક સરખા સ્વાદથી જાતે જ સ્વીકાર કરશે તેથી લૌકિક અર્થ ધન-સંપત્તિ પર આ સેવા નિર્ભર (આધાર રાખતી) નથી.

શ્રુતિમાં કહેવામાં આવ્યું છે-'નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈવ આત્મા વિવૃણુતે તને સ્વામ્" અર્થ-આ પરમાત્મા પ્રવચન (ભાષણો) મેધા (બુદ્ધિ શકિત) યા બહુ શ્રુતતા (ભંણુતરવાળી પંડિતાઇ)થી પ્રાપ્ત નથી થતો પરંતુ પોતાની પ્રાપ્તિને માટે તે જે જીવાત્માને ચૂંટી કાઢે છે (પસંદ કરે છે) તેને જ (પરમાત્મા) મળે છે-તેની જ સમક્ષ આ આ પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે. આ પરમાત્મ સ્વરૂપ અર્થનું ઉપાર્જન (પ્રાપ્ત) આપણા સાધનથી યા વ્યાપારથી શકય નથી. જે જીવાત્માની પસંદગી એ સર્વ સમર્થ પરમાત્મા કરે છે એ જીવાત્માના સાધનોની પરવા એ કરતો નથી. ભગવત્ સેવાના અધિકારી એ જ જીવો હોય છે, જેમની પસંદગી (ચુંટણી) ભગવાન પોતાની સેવાને માટે પસંદ કરે છે તેમની સમક્ષ પોતાના ભોગ્ય-સ્વરૂપ-સ્ત્રીભાવને પ્રકટ કરે છે. જે જીવોંને માટે ભગવાન પોતાની જાતને સમર્પિત કરવાની દ્દઢ ઇચ્છા (પ્રતિજ્ઞા-પાકો નિર્ધાર) કરે છે એ જ જીવો ભગવાનને માટે પોતાની જાતને સમર્પિત કરી શકે છે. આ પરસ્પરના સમર્પણની પછી જીવાત્મા તથા પરમાત્માની વચ્ચે કોઇ પડદો રહેવા પામતો નથી. તેથી પુષ્ટિ પ્રભુનો શુદ્ધ સ્ત્રીભાવ તથા પુષ્ટિ જીવનો શુદ્ધ પુંભાવ પ્રકટ થઇ જાય છે. ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

ધીરજલાલ શેઠે ફોનથી વાત કરી ફોન નીચે મૂકયો. દિનેશે પૂછયું શું દાદાજીએ કાંઇ નવીન સમાચાર દીધા !

ધીરજલાલ-અમેરીકાથી દાદાજી ઉપર ફોન હતો કે આ વરસે અન્નકોટ ઉપર સ્મિતા અને પિનકી આવે છે. લંડનથી તો દિનેશ ને તેના મમ્મી આવે તો વધારે સારૂં.

દાદાજીનું કહેવું છે કે પિન્ટુને તેની સાથે મોકલજો. પાંચ વરસનો થયો હશે, હજુ સુધી જોયો જ નથી. તેની દાદીની ખાસ ઇચ્છા છે. પીન્ટુ અત્રે આવે બ્રહ્મસંબંધ પણ લેવરાવી દેશું.

દમયંતી-જોયુંને દિનેશના મનની વાત દાદાજીએ કીધી છે. દાદાજીનો લાડકો દીકરો ને !

ધીરજલાલ-હા ભાઇ, હવે મારી હા અગર નાનો કોઇ સવાલ જ ઉઠતો નથી. બહુ સારી વાત છે. ખુશીથી જજો. હું બધું સંભાળી લઇશ.

એક દિવસ ધીરજલાલ શેઠ ફેકટરીથી ઘરે આવી ગુન શુન વિચારમાં બેસી ગયા. દમયંતી (તેમના ધર્મ પત્નિ) એ પાણીનો ગ્લાસ દીધો. પછી ચા બનાવી પીવાનું કીધું. હા કહીને વળી વિચારે ચડતા જોયા.

દમયંતી-આજે શું વિચારે ચડયા છો. કાંઇ નવા જુની થઇ છે. ચા પણ ઠંડી થાય છે.

ધીરજલાલ-ના, એવું કાંઇ ખાસ નથી. મનના વિચારો છે તે કયારેક આડા અવળા ચડી જાય. દિનેશે તો બધો કારોભાર સારી રીતે સંભાળી લીધો છે. રહી વાત હજુ એક નાનો બાકી છે. ભણીને આ વરસે જ ધંધે લાગ્યો છે. સંસારમાં આવીને સૌ સૌની ફરજ સૌએ પુરી કરવાની હોઇ છે. નાનો તૈયાર થઇ જાય તો તેનાં લગ્ન કરી નાખીએ ત્યાર પછી ઋણ મુકત થવાય. દીકરીને પરણાવી સાસરીયે મોકલાવી, દીકરાને ભણાવી ધંધે લગાડી લગ્ન કરી દઇએ, સૌ સૌનું સંભાળે ત્યારે જ ફરજ પુરી થઈ ગણાય. મારા વિચારો મેં દાબી રાખ્યા હતા. વાસ્તવિકમાં તો આ વરસે મારે બા બાપુજી પાસે જાવું હતું, પણ દિનેશની ઇચ્છા છે, ને બાપુજીએ પણ એને જ તેડાવ્યો છે. એટલે હું ચૂપ થઇ ગયો. હું પણ હવે ૬૦ સાઠ વરસનો થયો છું. તું મારા કરતાં એક વર્ષ નાની ૫૯ વરસની થઇ. બાપા ૮૪ વરસનાં થયાં. બા ૮૨ વરસનાં થયા. જો કે શરીર સંપત્તિ સારી છે એટલે ચાલે છે. બાકી ફરજ તો હવે મારી અને તારી બા બાપુજીની સેવા કરવાની છે. પણ થાય શું ? આપણી ફરજ અત્રેની પુરી થાય પછી કાયમ જ ભારત રહેવું છે. આવા વિચારોમાં ચડી ગયો હતો. અમેરિકાથી સર્વે સ્મિતા, પિનકીને લઇને આવે છે. તેને પણ દીકરો-દીકરી બંને મોટા થયા છે. યોગ્ય ઠેકાણા મળી જાય તો માથેથી બોજો ઉતરે.

દમયંતી-દાદાજી મુંબઇ બેઠા છે તેનાં ખ્યાલ બહાર કોઈ વાત હોય જ નહીં. અત્યારે બધામાં વડીલ દાદાજી છે, તે બધાનું ધ્યાન રાખે જ છે, એમાં આટલા બધા ઊંડા ઉતરવાની શું જરૂર છે ? બીજે વરસે આપણે ભારત જઇશું ત્યાં સુધીમાં નાનો (પ્રવીણ) ધંધાદારીમાં તૈયાર થઇ જશે. સમયને જતાં કયાં વાર લાગે છે.

ધીરજલાલ-ખરૂં કહું તો મને હવે એ જ વિચાર આવે છે કે બા-બાપુજીની સેવા કરવી, તેઓ વૃદ્ધ ઉમરે પહોંચ્યાં છે.

આમ વિચારમાં ધીરજલાલ ઘોળાય છે ત્યાં દિનેશ આવ્યો. પપ્પા, માશીને ફોન કરી દીધો છે. જાન્યુઆરી સાત તારીખે અત્રે આવી જશે. નવ તારીખે અમો બધા અત્રેથી રવાના થશું. દિનેશનાં ચહેરા ઉપર જાવાની ખુશી ઉભરાતી હતી.

દિનેશ-પપ્પા, મેં દાદીમા તથા દાદાજી માટે કપડા લઇ લીધા છે. બીજું શું શું લાવવાનું છે તે લીસ્ટ મને આપી દો.

ધીરજલાલ-જે વસ્તુ તને જોઇતી હોય તે લઇ લે. ત્યાં ના મળે એવું કાંઇક અત્રેથી લઈ જવું જોઇએ.

દિનેશની બુદ્ધિમતા, તેની મમતા, કાર્ય કુશળતા જોઇને ધીરજલાલને ઘણો જ સંતોષ થતો. તેને દાદાજીનાં લાડ ખૂબ મળ્યા છે. બધી રીતે સુખી જીવન જોઈ પ્રભુનો ઉપકાર માનતા હતા. પરંતુ હજુ વિચારધારા બદલાતી ન હતી. તેવામાં દિનેશનો દીકરો પીન્ટુ દોડીને ખોળામાં બેસી ગયો.

દાદાજી, આપણે ભારત જાશું ? હા, બેટા આ વખતે તું તારા પપ્પા સાથે જા, બીજીવાર હું આવીશ.

નહીં, દાદાજી તમે ચાલો નહીં તો હું નહીં જાઉં.

બેટા ! ડાહયા દીકરા વડીલો કહે તેમ કરે તું તો ડાહયો છે. જો બેટા, તારા માટે કેવા કેવા સારા કપડા હું લાવ્યો છું. તારી દાદી સાથે આવે છે. તને ખૂબ મજા આવશે.

પિન્ટુ-ના, દાદાજી ! તમે ચાલો.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૭૯ પુષ્ટિ લીલા કર્તા રૂપ

સબ લીલા નિજ ભકતન સંગ;
પ્રગટ દિખાવત સ્વાદ લીવાવત, લીલા કે રસ રૂપ તરંગ. ૧
દાન માન ગોચારન લીલા, રાસાદિક મદન મદ ભંગ;
છીન છીન નુતન 'વ્રજ' કી લીલા, છીન છીન નુતન બઢત હે રંગ. ૨

૮૦ રહઃ પ્રિય રૂપ ૮૧

પરમ પ્રિય એકાંત હે જિનકો;
રહત નિરંતર નિજ રસ તન્મય, નયન મુંદ સુખલેત છીન છીન કો. ૧
અંતરાનંદ સંવલિત વિરહાનંદ, અતિ હીં સુખમય લાગત તીન કો.
'વ્રજ' કે વલ્લભ શ્રી પ્રથમેશ જુ, રહઃ પ્રિય ઓર વિલાસ કુંજ ન કો. ૨

ભકતેચ્છા પૂરક રૂપ

નિજ ઇચ્છા પુરક મધુપતિજી;
અંતરંગ કો સુખ દીયો વિવિધ. વિધબાત ન જાનત દુજી. ૧
ડોલત રહત ભક્ત કે પાછે, ઓર બાંત મન નાહિન સુજી.
પુરી સબ અભિલાષ દૈવીનકી, યુગ યુગ રહી હે 'વ્રજ' મેં કુજી. ૨

૮૨ સર્વા જ્ઞાત લીલા રૂપ

નિજ લીલા કોઉ જાનત નાહિં;
જાપર કૃપા કરે સોઈ જાને, બીન અતરંગ કોઉ જાને ન વાહી. ૧
ગુપ્ત મહારસ ભોકતા શ્રી વલ્લભ, રહત નિરંતર સોઇ અવગાહી;
રજો રુકિમનિ દાસદામોદર, 'વ્રજ' રસ પુરન મિલ્યો હે તાહી. ૨

(ક્રમશઃ)

શ્રી પુષ્ટભક્તિ પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણુવ]

૮૯ રાગ–અડાનો (વૈ. ૭૫–૧૫)

વંદૌ બનિયા કોં શિરનાઈ;
ગોપ 'પેલી' હૈ લીલા મેં, રહત બાડમેં સ્થાઇ. ૧
કામ ભાવ કૃષ્ણુદાસ પત્નિ મેં; કરત હૈ ટોક સદાઇ;
ભઇ સત્તા અંગિકાર જબહી; તબ અજ્ઞાન નસાઇ. ૨
કૃષ્ણુદાસ કી બિનતી સ્વિકારી, શ્રી વલ્લભ પકરે બાંહી;
'લાલદાસ' વર્યો નામ જ્ઞાનચંદ, શ્રી વલ્લભ સુખદાઇ. ૩

૯૦ રાગ–અડાનો (વૈ, ૭૬)

વંદૌ સંતદાસ મહાસંત;
સખી 'ચદ્રિકા' ચંદ્રાવલી કી, આગ્રામાં જ રહંત. ૧
પુત્ર કાજ ઇન કે પિતાને, કીયો મહાદેવ સોં તંત;
શ્રી ઠાકુર આજ્ઞા તે 'હર' ને દીયો, પુત્ર ભક્તિવંત. ૨
ગહયો શરણુ શ્રી વલ્લભરાય કો, કન્હૈયાશાલ ઘર જાઇ તુરંત;
પઢાઇ 'પુરૂષોત્તમ સહસ્ત્રનામ' ગ્રંથ, વિવેકધૈર્યા દિક દાન કરંત ૩
ધન હતો સો ગયોં સબહી, પાછે કોડી બેચંત;
કરત નિર્વાહ ઢાઇ ટકા મેં, ઐસે ધૈર્યવંત. ૪
હુંડી પઠાઇ દાસ નારાયણુ, તાહી ગોકુલ પઠંત;
નાગા ભઇ તબ રાજ ભોગ મેં; આપહુ ભૂખે રહંત. ૫
જાકે ઘર મહાદેવ પધારત, કથા સુનિવે રસવંત;
'લાલદાસ' ઐસે ભક્તન કે, ગુન કો ન આવત અંત. ૬

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણુ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણુ.

॥ શ્રીવલ્લભ ॥

હાસ્ય રસ

લેખક : **લાભુબેન પ્રભુદાસ વંડ્રા**

આપણા પુષ્ટિમાર્ગની અંદર પુષ્ટિ લીલાઓમાં નવ રસોનું વર્ણન અષ્ટ સખાઓના પદો દ્વારા ઝાંખી થાય છે જેમા હાસ્ય રસ, બીભત્સ રસ, શાંત રસ, ભયાનક રસ, શૃંગાર રસ, કરૂણ રસ, રૌદ્ર રસ, વીર રસ, અને અદ્‌ભૂત રસ, આ નવ રસોમાં એક રસનો ભોગ ચાલીસ દિવસ સુધી શ્રી ઠાકુરજી વ્રજ ભકતો સાથે કરે છે, તેમાં હાસ્ય રસના ચાલીસ દિવસ માઘ સુદી પાંચમથી ફાગણ સુધી પુનમ સુધીના હોય છે, અને આ હાસ્ય રસની લીલા હોરી લીલા છે, હાંસી ખેલનું કોઇ મુખ્ય કેન્દ્ર હોય તો તે હોરીના દિવસો છે, અને હોરી ખેલ છે, હોરીના દિવસોમાં હાંસી ખેલ તો ચાલતો જ હોય છે, પરંતુ પાછલા દિવસોમાં હોરીના ગેરૈયાઓ વિચિત્ર પ્રકારની વેશ ભૂષા કરી સર્વેને બહુ જ હસાવતા હોય છે; જેમ (સબ ફૂલકો ફૂલ ફાગ) માની સર્વ મળીને વિલસે છે, જેના ક્ષણ ક્ષણ આનંદને કોણ કવી વર્ણવી શકે, હોરીના દિવસોમાં નાના મોટા સર્વની સાથે ખેલવાની છૂટ હોય છે, તો આ હોરી ખેલના દર્શન કરીને કુંભનદાસજી કીર્તન દ્વારા તેનું વર્ણન કરે છે.

હાસ્ય રસ કીર્તન

નહાન કો ખોલે કચુકી કે કસના;
વ્હે, પિય ઝાક ઝરોખન ॥
તબ અંગુરી દીની બીચ દશન;
લજ્જિત તન કંપતિ વ્હે, ધાઈ લીને ઓરવસના
કુંભનદાસ, પ્રભુ શ્રી ગોવર્ધનધર;
તબહી લાલ લગે હે હંસના

ભાવાર્થ

હવે એક ગોપી પોતાના ગૃહ ભીતર ન્હાવાની તૈયારી કરી છે. હોરીના દિવસોમાં સર્વને હાંસીની છુટ હોય છે, તે રીતે શ્રી રસીકરાય સામે ઝરૂખામાં છુપાઇને જોઇ રહ્યા છે, ઝરૂખા સામે જ ગોપીનું દ્વાર હોય છે, ગોપી જ્યારે ન્હાવા માટે સાડી ઉતારી કચુકીના કસના ખોલી રહ્યા છે, ત્યારે રસીકરાયે સામે ઝરૂખામાં આવી અને દષ્ઠિ કરી, ખોલેલી કચુકી નીચે મુકવા જતા પ્રિયતમ સામે દષ્ટિ પડી. અને ગોપી મુગ્ધા હોવાથી, લજાઇ ગઇ, અને દોડીને બીજુ વસ્ત્ર લઈ અંગ ઉપર લપેટયું, ત્યારે કુંભનદાસના પ્રભુ શ્રી ગોવર્ધનધર ખુબ હસી પડયા ગોપી તો લજજીત મુખથી હસી અને છણકો કરે છે; અને કહે છે, કે હે, શ્યામ સુંદર, તમે અહીં પણ મને હાંસી કરવામાં છોડી નહી, માટે આપનું કપટી નામ ફલિત થયું છે, આ સાંભળીને શ્રી ગોવર્ધનધર પ્રભુ, ખુબ મુક્ત હાસ્યથી હસી પડયા, આ છે હાસ્ય રસની લીલા

॥ શ્રીહરી ॥

હોળી ખેલ

લેખક : **રસીકદાસ સંપટ, મોરબી "દાદુર"**

આશરે વિક્રમ સંવત બે હજારની સાલ હશે. શ્રી પ્રથમેશજીની વ્રજચોરાસી કોસ પરિક્રમા હતી. પરિક્રમાનો મુકામ જતીપુરા હતો. યાત્રા દરમિયાન ગુલાલ કુંડે હોળી ખેલનો મનોરથ હતો. પુ. મહારાજશ્રી તથા ભાગ્યવાન વૈષ્ણવો ગુલાલ કુંડે ખુબ ખુબ હોળીખેલ ખેલી આનંદ લીધો. ત્યાર બાદ શ્રી ગીરીરાજ બાવાને શ્રી મુખારવિંદે જ્યાં શ્રીજી બાવાના શૃંગાર થાય છે ત્યાં શ્રીનાથજીને ખેલાવવા વરણાગી રૂપે નીકળ્યા. આગળ વૈષ્ણવભાઇઓ વ્રજવાસીઓ ત્યારબાદ પુ. મહારાજશ્રી સાથે અંતરંગ સેવકો, ત્યારબાદ વૈષ્ણવ બહેનો અને વ્રજવનિતાઓ. આપશ્રી પાસે એક ગાડું હતુ તેમાં એક ગુણી અબીલ, એક ગુણી ગુલાલ, એક ગુણી અબરખનો ભૂકો સાથે હતો. આપશ્રી તેમાંથી મુઠે મુઠે ભરી વૈષ્ણવોને ખેલાવે, વૈષ્ણવો આપને ખેલાવે. વરણાગી ધીમે ધીમે આગળ વધતી જાય. ખેલમાં ઘડીક શાંતિ તો ઘડીકમાં ઉન્માદ આવી જાય. ધમાચકડી મચી જાય. દોડાદોડી થઇ પડે. કોઇ આપશ્રીથી છટકવા માગે પણ આપશ્રી જવા દીએ નહીં. આમ હોળી ખેલમાં હાસ્યરસમાં તરબોળ એવી વરણાગી આગળ વધતી હતી. દરેક યાત્રીઓના મુખપર આનંદ આનંદની ઝલક દેખાતી હતી. રસ્તામાં વૃજરજ અબીલ-ગુલાલ અને અબરખની છાંટથી ચમક–ચમક થતી હતી. જેમ આકાશમાં તારા ચમકતા હોય તેમ જતીપુરાની બજાર ચમકતી હતી.

વરણાગી મોતી મહેલ પાસે પહોંચી ત્યાં એક હેમીબેન વૈષ્ણવ રહે. તેઓએ ઘણા વખતથી વ્રજવાસ કરેલ હતા. મુખ ઉપર ખુબજ ભગવત તેજ ઝળકતું હતું. જાણે કે નિકુંજમાંથી ગોપીજન ભૂતલ ઉપર પધાર્યા હોય. તેમના લૌકિક પતિએ સ્વર્ગવાસ કરેલ, છતાં તેઓ વ્રજવાસી બહેનો માફક મોટો ચાંદલો કરતા, લાલ રંગની બંગડીઓ પહેરતા અને કહે કે, મારા ધણી શ્રીનાથજી સાક્ષાત બિરાજે છે. આવો તેનો ઉત્તમ ભાવ હતો.

> "બીજા ગમે તેમ બોલે,
> બીજા ફાવે તેમ બોલે;
> મારે શીર છે તમારી છાપ,
> હું એક વર્યો શ્રી ગોપીજન-
> વલ્લભ નહીં સ્વામી દુજો."

ભક્ત કવિ દયારામભાઇની આ પંક્તિઓ તેણે જીવનમાં ઉતારી હતી.

આપશ્રીની વરણાગી જ્યારે હેમીબેનની કોટડી પાસે પહોંચી ત્યારે હેમીબેન વ્રજવાસી બહેનોના ટોળા સાથે દર્શન કરવા ઉભા હતા. હવે પોતાના પ્રાણજીવનને આવતા જોઇને કાંઇ બોલે નહીં તો ગોપી શેની ? "જારી અટારી જરોખન ગોખન ઝાંખત દુર દુર ઠોર ઠોર તે પરત કાંકરી" મહારાજશ્રી નજીક પ્રહોંચ્યા ત્યારે હેમીબેને કહ્યું, અહો ! ગુસાઇ કે બાલક તો માખન મીશ્રી આરોગી બહોત તગડા હો ગયા હે. બસ આટલું સાંભળતા તો આપશ્રી

એ તેના ઉપર કૃપા વરસાવી અને હસતા હસતા કહ્યું, અરે ! બાવરી માખન, બાખન ખાયા હે તો કહા તેરે બાપકા ખાયા હે' બન્ને હાથમાં અબીલ ગુલાલ લઇને હેમીબેનને એવા ખેલવ્યા કે રંગમાં રોળી દીધા. અબીલ, ગુલાલ તેની આંખમાં, કાનમાં, મુખમાં ભરી દીધો. વરણાગીમાં આનંદ–આનંદ થઇ ગયો. આ વખતનું દૃશ્ય જાણે સાક્ષાત્ શ્રી ઠાકોરજી અને ગોપીજનો ખેલતા હોય તેવું લાગતું હતું. 'યહ અવસર જેહુતે તે મહા ભાગ્યવાન' તેમ આ દર્શન જેને થયા તે વૈ. ભાગ્યશાળી થયા. આ પછી શ્રીજી બાવાને ખેલવી મુકામે પધાર્યા. અત્યારે હેમીબેન ભુતલ ઉપર નથી બીરાજતા. પણ ધન્ય છે આવા ગોપી સ્વરૂપ હેમીબેનને કે જેને સાક્ષાત હોરી ખેલના દર્શન કરાવ્યા. તેમને કોટી કોટી વંદન શ્રી પ્રથમેશજીએ પોતાના નીજ સેવકોને આ લીલાના દર્શન કરાવ્યા તેમને સાષ્ટાંગ દંડવત....

"શ્રી યમુનાજી પરમ કૃપાલ"

પુષ્ટિ માર્ગમાં નિષ્કામ ભકિતનું જ મહત્ત્વ છે. કાંઇપિણ યાચના કરીયે અગર તો એવા ભાવથી ભજન–સ્મરણ કરીયે કે જેથી આ કામ મારું થાય એવું પણ બની શકે છે. આપણે ચાહતા હોઇયે તેમાં પ્રભુ ઇચ્છા ન હોય તો તે કામ સફળ ન થાય, ત્યારે અવિશ્વાસ આવે અગર તો અન્ય ક્રિયા કરવા મન વિચાર કરે,

પ્રભુ અંતર્યામી છે, સૌના મનની જાણે છે. જીવનાં માગવાથી પ્રભુ આપશે એવું નથી તે તો પોતાની ઇચ્છા મુજબ કરશે.

બન્યું એવું કે લગભગ ૧ વરસ થયા ઠંડીમાં પાણી આવતું બંધ થયું. ડંકીનું પાણી ખાસ શ્રીઠાકોરજીની સેવા માટે ઉપયોગી હતું. ઘરનાં બધાયે માની લીધું કે પાણીની સર બીજી જગ્યાએ વળી ગઇ. ઉપાય કરતાં પણ ડંકીમાં પાણી આવ્યું નહીં.

અચાનક વિચાર આવ્યો–હું મારી સાસુ સાથે રહેલ છું, તેમની સેવા તથા સંગનો લાભ મળેલ છે. એકવાર મેં પૂછેલું કે કોઇવાર એવા કામો આવી જાય ત્યારે જીવ સ્વભાવથી પ્રભુ પાસે માગણી કરવાનું મન થઇ તો કેમ કરવું ?

જવાબમાં તેમણે કહેલું–પ્રભુની પ્રેમથી સેવા કરવી, સ્મરણ કરવું, કોઇ લૌકિક ઇચ્છા રાખવી નહીં, પરંતુ મારા જીવનમાં એક દૃષ્ટાંત બન્યું છે. હું ભણેલી નહી, કાંઇ લખતા વાંચતા આવડે નહીં, ત્યારે મેં શ્રી યમુનાજીને જરૂર વિનંતી કરી હતી કે હે ! માં ! તમે કાંઇ દયા કરો તો આ જીવ તમારું સ્મરણ કીર્તન કરી શકે. થયું એવું કે ધીરે ધીરે અક્ષર ઓળખવા શીખી, વાંચતા આવડયું. આગળ જતાં હિંદી, સંસ્કૃત વગેરે સહેલાઇથી વાંચી શકાતું, અર્થ પણ સમજાય જતો. પહેલાં શ્લોક વાંચું, પછી ટીકા, આમ કરતાં સમજાવવા લાગ્યું. તેથી કેવળ લૌકિક ભાવથી માગણી ન થાય. છતાં મેં વિનંતિ કરી. મા મહારાણી માએ સાંભળી હતી. માટે કદાચ એવો સમય આવે તો માને કહેવામાં હરકત નહીં.

આ બાબતનો મને વિચાર આવ્યો. હવે બીજી ડંકી કોણ ખોદાવે, થાય શું ? મનનાં

તરંગો ઉછળતા રહેતા. મારી સાસુનાં શબ્દો યાદ આવ્યા. મા પાસે કહેવામાં વાંધો નહીં, પણ અન્યાશ્રય કરવો નહીં.

આમ વિચાર કરી શ્રી યમુનાજીનાં પાઠ રોજ આટલા કરવા તેવું નીમ લીધું. મનમાં ભાવના ટંકીમાં જળની જ રહેતી. બરોબર અગીયારમે દિવસે ઘરનાંને વિચાર આવ્યો ને ટંકી રીપેર કરાવી જળ સારૂં આવ્યું. આ જોઇને મારી ચિંતા દુર થઇ, ત્યારે મેં ઘરનાને વાત કરી કે મેં આ રીતે અનુષ્ઠાનનાં રૂપમાં પાઠ કરેલ છે. હવે પૂર્ણાહુતિ કરવી છે.

તેથી નાની એવી કુંજ બાંધી, શ્રી યમુનાજીને પધરાવી, દુધ, ફળ ફુલ સામગ્રી આરોગાવી. છેલ્લે દિવસે ઘરના સૌ પાઠ કરવા બેસી ગયા. બધાને પ્રસન્નતા થઇ. મારા મનમાં કડી વારંવાર આવતી કે "જગતમેં શ્રીયમુનાજી પરમ કૃપાલ, વિનતિ કરત સુન લીની ભયે મોં પે દયાલ."

હવે ઘણીવાર વિચાર આવે છે-મેં જરૂર મહારાણીમાને શ્રમ દીધો છે. મારી સાસુએ તો ભજન-સ્મરણ કરવા માટે મહારાણી માની વિનંતી કરી હતી. મારે પણ જળ સેવામાં ઉપયોગી હોય કરવું પડયું. મનને સંતોષ આપું છું, ભૂલ થઇ કે ન થઇ પ્રભુ જાણે છે, અજ્ઞાન બાળક મા આગળ ન કહે તો બીજા કેને કહેવા જાય.

શ્રીયમુનાજી સકલ સિદ્ધિનાં દેવાવાળા છે. સેવોપયોગી દેહ શ્રીયમુનાજીની કૃપા મેળવી તેને ભગવાન પ્રત્યે પ્રેમ ભકિત પ્રાપ્ત કરવી દુર્લભ નથી. એવા દયાળુ શ્રી મહારાણી મા પુષ્ટિ, મર્યાદા, પ્રવાહી ત્રણે પ્રકારનાં જીવોએ જેમનું શરણ ગ્રહણ કરી કૃપા પાત્ર બન્યા છે. પુષ્ટિ જીવોને ભગવદ્ પ્રાપ્તિ, મર્યાદાને મોક્ષ અને પ્રવાહીને પણ મોક્ષ દેવાવાળા છે.

"શ્રીયમુનાજી તુમ સમ ઓર ન કોઇ"

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૪ તા. ૮-૩-૯૨ રવિવાર. ગો. શ્રી વેણુગોપાલજી મહારાજશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૧૦-૩-૯૨ મંગળવાર. શ્રી લલિતત્રિભંગીજી (વેરાવળ)નો પાટોત્સવ. આજથી બગીચા.

ફાગણ સુદ ૭ તા. ૧૧-૩-૯૨ બુધવાર. શ્રી મથુરેશજી (કોટા)નો પાટોત્સવ, ગો.ચિ. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૧૨-૩-૯૨ ગુરુવાર. હોળાષ્ટક પ્રારંભ.

ફાગણ સુદ ૯ તા. ૧૩-૩-૯૨ શુક્રવાર. બગીચા નોમ, શ્રી ટીકેતના શ્રુંગારનો પ્રારંભ.

ફાગણ સુદ ૧૧ તા. ૧૫-૩-૯૨ રવિવાર. આમલકી (કુંજ) એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૨ તા. ૧૬-૩-૯૨ સોમવાર. બગીચા તેરસ, ગો.ચિ.શ્રી મુરલીમનોહરજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન. (તેરસનો ક્ષય છે).

ફાગણ સુદ ૧૪ તા. ૧૭-૩-૯૨ મંગળવાર. હોલિકા ઉત્સવ, ગો.ચિ. શ્રી મધુદસૂનલાલ બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૧૮-૩-૯૨ બુધવાર. હોલી પ્રદીપન સાંજે, કામદહન પૂર્ણિમા, મન્વાદિ તીથી, શ્રી ચૈતન્ય મહાપ્રભુ જયંતિ, ગો.ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૧૯-૩-૯૨ ગુરૂવાર. દોલોત્સવ.

ફાગણ વદ ૨ તા. ૨૦-૩-૯૨ શુક્રવાર. દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૨૩-૩-૯૨ સોમવાર. રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર-પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૨૫-૩-૯૨ બુધવાર. શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૨૬-૩-૯૨ ગુરુવાર. ગો.ચિ. શ્રી રાજેન્દ્રબાવા (મથુરા)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૨૮-૩-૯૨ શનિવાર. ગો.ચિ. દેવકીનંદન (સુરેશ) બાવાશ્રી (ગોકુળ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૨૯-૩-૯૨ રવિવાર. ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ફાગણ વદ ૧૨ તા. ૩૦-૩-૯૨ સોમવાર. પાપમોચની એકાદશી વ્રત.

ફાગણ વદ ૧૩ તા. ૧-૪-૯૨ બુધવાર. ગો.ચિ. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૨-૪-૯૨ ગુરુવાર. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૩-૪-૯૨ શુક્રવાર. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૪-૪-૯૨ શનિવાર. સંવત્સરોત્સવ, ગુડી પડવો, શાકે ૧૯૧૪ તથા વ્રજ વિ. સં. ૨૦૪૯નો આરંભ, ચૈત્ર નવરાત્રી પ્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૬-૪-૯૨ સોમવાર. ગણગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૭-૪-૯૨ મંગળવાર. શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૫ તા. ૮-૪-૯૨ બુધવાર. શ્રી ગુસાંઇજીના છઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫). શ્રી યમુનાજીનું પ્રાકટય, ગો. ચિ. શ્રી યદુનાથજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન, (છઠનો ક્ષય હોવાથી બધા ઉત્સવ આજે)

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ-૮૯

શ્રી યમુનાજી બહુત રેણુ તુવમાંહી ।।
તાકી મહિમા કહાં લગ ઝરનોં
રસના કોટીક નાહીં ।।૧।।
વૃંદાવન સ્થિત દોઉ કરારે
ફુલ સુમનન જલ નાચી- ।।
હરિદાસ પ્રભૂ શોભા નિરખત
ચિત્ત અરૂઝયો તિંહિ ઠાંઇ ।।૨।।

ભાવાર્થ-હે દૈવી જીવોના જનનિ શ્રી યમુનાજી આપનાં રેણુકાજી બહુત એટલે અનંત અને અગાધ સામર્થ્યવાન છે તેની મહિમાનું હું શું વર્ણન કરૂં ? તેને માટે તો કોટિક રસના હોય તો પણ ઓછી પડે શ્રી વૃંદાવન સ્થિત **શ્રી** યમુનાજીના બેઉ કીનારા અને કીનારા ઉપરનાં વૃક્ષ લત્તાઓમાંથી ફુલોનું જલમાં પડવું વિગેરે આપના અલૌકિક દર્શન થાય છે શ્રી યમુનાજીની આવી શોભા જોઈ જોઇ અને હરિદાસના પ્રભુનું પણ મન ત્યાં અરૂઝી ગયું.

વિવેચન-ચોરાસી વૈષ્ણવની ત્રણ જન્મની ભાવનાના પુસ્તકમાં મહાવનવાળા નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા છે. નારાયણદાસ પ્રથમ દશામાં રાત દિવસ શ્રીયમુનાજીનાં વાલુકાજીમાં જ સુઇ રહેતાં અને બેસતા પરંતુ નગ્ન દશામાં રહેતા એક સમય શ્રી યમુનાજીએ સ્વપ્નમાં પધારી આજ્ઞા કરી કે તું અહીં નગ્ન રહે છે જેથી અમે અહીં પધારી એ ત્યારે અમને લજ્જા આવે છે પછી મોટાભાઇ પાસે વસ્ત્ર માગ્યું અને પછી વસ્ત્ર પહેરીને અષ્ટ પ્રહર રેણુકાજીમાં બેસી રહેતા આમ શ્રી રેણુકાજીના આશ્રયથી સાક્ષાત્ શ્રી યમુનાજીએ કૃપા કરી અને દર્શન આપ્યાં પછી શ્રી મહાપ્રભુજી એ તેને શ્રી ગોકુલચંદ્રમાજી પધરાવી આપ્યા અને તેને પ્રભૂનો સાક્ષાત્કાર થયો. આમ કોટિક રસના હોય તો પણ શ્રી યમુનાજીનાં ગુણોનું વર્ણન થઈ શકે નહીં.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

કાવ્ય-કુંજ

[ઢાળ-ધન્ય શ્રીયમુના કૃપા કરી શ્રી ગોકુલ વ્રજ સુખ આપજો]

તમે મેવાડના એ શ્રીજી બાવા,
મને સ્વરૂપ સુંદર લાગે છે.
હું જમના જળ લઇ આવી છું,
હું સ્નાન કરાવવાને આવી છું;
તમો હેઠા ઉતરોને મારા શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૧
હું વાઘા પેટી લઇ આવી છું,
સાથે ધોતી ઉપરણા લાવી છું;
તમો શ્રીઅંગે ધરોને મારા શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૨
હું મોતી માળા લઇ આવી છું,
સાથે ચીબુક કુંડલ લાવી છું,
તમો મુગટ ધરોને મારા શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૩
હું કંકુ વાટકી લાવી છું,
તેમાં કેસર ઘોળી લઇ આવી છું;
તમો તિલક કરોને શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૪
હું નવતમ સામગ્રી લાવી છું;
સાથે તુલસી પત્ર લઈ આવી છું;
તમો પ્રેમે આરોગો મારા શ્રી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૫
હું યમુના ઝારી લાવી છું,
સાથે સુગંધી બીડા લાવી છું;
તમો પ્રીતે લેજો મારા શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૬
લક્ષ્મીની અરજી ઉર ધરજો,
મને દયા કરીને દર્શન દેજો;
દેજો ચરણોમાં વાસ સદા શ્રીજી બાવા,
હું તો ઝાંખી કરવા આવી છું-તમે મેવાડના૦ ૭

-શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

સાક્ષાત્કાર

લેખક : **કમલાબેન આશર**

શ્રીમહાપ્રભુજી આચાર્ય શ્રી વલ્લભાચાર્ય હજી પણ સાક્ષાત્ ભૂતલ પર બિરાજે છે પણ આપણા મનમાં સાચો પ્રેમ ભાવ અને વિશ્વાસ હોવો જોઈએ.

એક વૈષ્ણવ પાસેથી સાંભળેલી વાત છે. લંડનના કોઈ વૈષ્ણવ ચંપારેણ્ય આવ્યા હતા. રસ્તો ભુલાય ગયો રાત્રિનો સમય પહેલી વખત આવેલા ખૂબજ મુંઝાઇ ગયા.

ત્યાં તો એમને એક અગીયાર વર્ષનો બાલક દેખાયો એમની કાર આગળ કાર ઉભી રાખીને પૂછ્યું ચંપારેણ્યનો રસ્તો કઇ બાજુથી જાય છે? એટલે બાળકે જવાબ આપ્યો ચાલો હું તમને દેખાડું મને ગાડીના દરવાજા પાસે બેસાડજો એટલે ઉતરી શકું.

થોડી દુર રસ્તો બતાડયા પછી ગાડી ચાલી એટલે કહ્યું જુઓ આ સામે ચંપારેણ્ય દેખાય છે હવે હું ઉતરી જઇશ, બધાએ કહ્યું ભાઇ તે રસ્તો દેખાડયો તો કહે રસ્તો દેખાડવાનું જ અમારૂં કામ છે. અને ઉતરી ગયા પછી કયા અંતર્ધ્યાન થઇ ગયા કોઇ જાણી શકયું નહીં.

આવા કૃપાળુ છે આપણા આચાર્ય શ્રી મહાપ્રભુજી. જે હજીપણ દર્શન આપે છે. પણ આપણે લૌકિકજીવ ઓળખી નથી શકતા.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે

"શ્રી વલ્લભસુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	"અમૃત" જલારામ-૧, માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામુ	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ-૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦-૩-૯૨

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

॥ શ્રી ગુરૂભ્યો નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

અથ ચોરાશી વૈષ્ણવનાં નામ (કવિત બંધ)

રચયિતા : **ભકત કવિશ્રી દયારામભાઇ**

સંપાદક : **ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી. રાજકોટ.**

[નિત્ય નૂતન લીલાસ્થ-ભાવાત્મા ભગવાન કૃષ્ણ ભક્ત કવિજન, શ્રી વલ્લભી વૈષ્ણવજન, મહાનુભાવી તાદશીજન, શ્રી ગોપીજન વલ્લભનાં ગોપીજન, ગોપીનાથના ગોપી, ગોપિકા પ્રાણપ્રેષ્ઠના ગોપિકા, મધુરાધિપતિનાં મધુરા, શ્રીમદ્ રાધા, તેમની મધુર અધર સુધા, તેમનાં અધિપતિ મધુરાધિપતિના, સલુણા શ્યામ સુંદરના, મધુર સોહાગણ, સુંદર સોહાગણ, નિકુંજનાયક, શ્રીનાથજીના દયા શક્તિ-કૃપાશક્તિ સ્વરૂપ (અનુભવ મંજરીમાં આવતા પ્રસંગ અનુસાર) દયાર્દ્ર શ્રી દયારામભાઇ વિરચિત મહાકારુણિક શ્રી વલ્લભાધીશના શ્રી અંગ સ્વરૂપ, નિર્ગુણ મહાનુભવી તાદશીજનના, શ્રી વલ્લભી વૈષ્ણવજનના નામ કવિત્તબંધ નાગરીલિપિ, વ્રજભાષા (દ.હ.પ્ર.પૃ. ૨૯-૩૦) પરમ પુજ્ય શ્રી વલ્લભવંશજના, પરમ માનનીય શ્રી વલ્લભી વૈષ્ણવજનના, શ્રેયદ-પ્રેયદ કરકમલમાં સમર્પણ સદૈન્ય, સપ્રેમ, સાષ્ટાંગ દંડવત પ્રણામપુર્વક-વાંચવા, વિચારવા, વિવેચવા માટે, ભગવદ્ભાવે, ભકતભાવે, ભકિતભાવે. —જીવનલાલ જોશી]

કબિત

માપ-૧૬,૧૫ (૮, ૮, ૮, ૭-વર્ણ)

(૧)

શ્રી દામોદર દાસ કૃષ્ણ મેધન જન દામોદર,
પદ્મનાભ તુલસા પારબતી પેહેચ્યાંનિયેં ॥
રઘુનાથ દાસ રજ્યો, પુરુષોત્તમ શેઠ,
સુતા, રુકિમની ગોપાલદાસ, રામદાસ જ્યાંનિયેં ॥
દાસ ગદાધર જ્યુ અરુ, બેંનિદાસ માધોંદાસ;
હરિબંસ પાઠક ગોબિંદ ભલા માંનિયે ॥
ક્ષત્રાંની અંમા (અમ્મા) ગજન ધાવન નારાયનદાસ,
બ્રહ્મચારી, મહાબન ક્ષત્રાંની-ઉર આંનિયેં ॥૧॥

(૨)

જીયાદાસ સુરી હૈં દેવાકપુર ક્ષત્રિ,
શેઠ દિનકર મુકુંદ, પ્રભુદાસ હૈં ॥

પુરુષોત્તમદાસ, ત્રિપુરદાસ પુરનમલ્લ,
યાદવેન્દ્રદાસ અરૂ ગોસાંઇદાસ-હરિ આસ હૈં ॥
માધો ભટ જ્યુ ગોપાલદાસ પદ્મારાવલ,
લઘુપુરૂષોત્તમ અરૂ જગન્નાથ જોશી પ્રકાશ હૈં ॥
મહિયા હુ તાકી, નરહરિ જ્યોષી, રાના વ્યાસ,
રજપુતાંની જ્યુ, રામદાસ પ્રભુ પાસ હૈં ॥૨॥

(૩)

દુબે જ્યુ ગોબિંદ, રાજા-માધો દુબે, ઉત્તમ શ્લોક,
દાસ ઇશ્વરદાસ, બાસુદેવદાસ ઓર હૈ ॥
કૃષ્ણદાસ ગગરી બાબા બેંનું યાદો દાસ,
જકતાનંદ, બ્રાહ્મની અડેલ ગાંમ ઠોંર હૈં ॥
આનંદ અરૂ બિશ્બંભરદાસ, એક ક્ષત્રાંની;
રામદાસ-કૃષ્ણદાસી (કૃષ્ણાદાસિ) હરિપદ પંકજ ભૌંર હૈં ॥
બુલામિશ્ર રામાનંદ બિષ્ણુદાસ જીવનદાસ,
બૈષ્ણોં ભગવાંનદાસ, ભગવાનદાસ બ્હોર હૈં ॥૩॥

(૪)

અચ્યુતદાસ-અચ્યુતદાસ, ફિરહુ અચ્યુતદાસ,
નારાયનદાસ, નારાયનદાસ, નારાયનદાસ ભકત હૈં ॥
ગોરજા-સંમરાઇ, સિંહનંદ કે ક્ષત્રી હૈં,
ખાતિ (સુથાર) હૈ અડેલ કે, એક ભગવદી વિરકત હૈં ॥
જનની દામોદરકી, સિંઘનંદ ક્ષત્રાંની;
કવિ લઘુ પુરૂષોત્તમ, પ્રભુસોં આસકત હૈં ॥
કવિ રાજ્યભાટ, ભ્રત્ય ગોપાસ જનાર્દનદાસ;
ગરૂડ (ગડુ) સ્વામી, કન્હૈયા સાલ ક્ષત્રિ, દુરજકત હૈં ॥૪॥

(૫)

નરહર જ્યુ બાલકૃષ્ણ બ્રાદ્રાય(ન) રામદાસ,
મનીચિંત, સદુપાંડે, નરો જ્યુ ભવાંની હૈં ॥

નરહરિ સંન્યાસી, ગોપાલદાસ-જટાધારી,
કૃષ્ણદાસ-પત્ની સહ, સંતદાસ ધ્યાંની હૈં ॥

સુંદરદાસ, માહાવજી પટેલ ત્રિયા વીરજો;
ગોપાલદાસ, સૂરદાસ-(પ્રભુ) કીરત ગાંની હૈં ॥

પરમાનંદદાસ, કુંભનદાસ – કૃષ્ણદાસ,
યહ સબે-ભકત કૃષ્ણકે, શ્રીવલ્લભ દાંની હૈં ॥૫॥

[**નોંધ :** શ્રી દયારામભાઇએ (૧) શ્રી વલ્લભ અષ્ટોત્તર શતનામ, (૨) શ્રી વિઠ્ઠલ અષ્ટોત્તરશતનામ, (૩) શ્રીકૃષ્ણ અષ્ટોત્તરશતનામ, (૪) શ્રી રાધા અષ્ટોત્તરશતનામ અને (૫) વ્રજભકત-શ્રી ગોપીજન અષ્ટોત્તરશતનામ લખેલાં છે તેને ક્રમશઃ એક પછી અક, પરમ પુજ્ય શ્રી વલ્લભ વંશજના, પરમ માનનીય શ્રી વલ્લભી વૈષ્ણવજનના કરકમલમાં પધરાવવામાં આવશે-શ્રી વલ્લભસુધા દ્વારા.
–જીવનલાલ જોશી]

: વિજ્ઞપ્તિ :

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા સમય પર આયોજીત અધિવેશનો આદિ મેં હોનેવાલે પ્રવચનોમેં મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીકે સિદ્ધાંતોકે સંબંધમે જો પ્રકાશ ડાલા જાતા હૈ ઔર વિચાર વ્યકત કીયે જાતે હૈ ઉનકે સંદર્ભ મેં અનેક ક્ષેત્રો સે પરિષદ કે દષ્ટિ કોણ કો સ્પષ્ટ કરને કે લિયે કહા જાતા હૈ.

ઇસ બાબત સભી સંબંધિત મહાનુભાવોકો વિદિત હો કી પરિષદકે વિધાનકે અનુસાર શુદ્ધાદ્વૈત દર્શન અથવા મહાપ્રભુજીકે સિદ્ધાંતોકે સ્પષ્ટીકરણકા કાર્ય આચાર્ય પરિષદકા હૈ. અન્ય સભી આચાર્યો અથવા મહાનુભાવને દ્વારા જો વિચાર વ્યકત કિયે જાતે હૈ વો ઉનકે નિજી વિચાર હૈ, ભલે પરિષદકે મંચસે કિયે ગયે હો.

–કુમનદાસ ઝાલાની
મહામંત્રી

સમાચાર

વિરાટ વાજપેય સોમયજ્ઞ-મહેલોલ કુમ્ભ

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના એક નાનકડા ગામ મહેલોલમાં ધર્મપ્રચારાદયક્ષ, વાજપેય સોમયાજી દીક્ષિત પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીએ તા. ૧૫ થી ૨૫ જાન્યુઆરી '૯૨ સુધી વિરાટ વાજપેય સોમયજ્ઞનું ભવ્ય આયોજન કરેલ. અને ત્યારબાદ બૃહસ્પતિ સવ સોમયજ્ઞ કરેલ.

. આં. રા. પુ. વૈષ્ણવ પરિષદનું પ્રચારાધિવેશ થયેલ. ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચિમનભાઈ શેઠનો સક્રિય સહયોગ રહેલ.

વિરાટ વાજપેય સોમયજ્ઞની શોભાયાત્રા ૮ કિલોમીટર લાંબી હતી. જેમાં લગભગ ૧૫ હજાર વૈષ્ણવોએ ભાગ લીધેલ. કેસરી વસ્ત્રો ધારણ કરેલ એક હજાર મહિલાઓ સુંદર સુશોભિત કેસરી કળશ શ્રીફળ પોતાના મસ્તક પર ધારણ કરીને સમ્મિલીત થયેલ.

સોમયજ્ઞના દિવસોમાં નિત્ય દશથી પંદર હજાર વૈષ્ણવો પ્રસાદ લેતાં મુખ્ય બે દિવસોએ દરરોજ ૩૫ હજાર જેટલાં વૈષ્ણવ ભાઈબહેનોએ મહાપ્રસાદ લીધેલ. ઉપરાંત બે લાખ જેટલાં મહાપ્રસાદના પેકેટો બાંટવામાં આવેલ. સાથોસાથ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ.

વાજપેય સોમયજ્ઞના કાર્યક્રમ અંતર્ગત સ્વર્ગારોહણમાં ૧૭ રથ, ૧૭ ઘોડા ૧૭ નગારાવાદન, ૧૭ ધનુષબાણ ૧૭ કલીનું મખમલનું છત્ર, ૧૭ આરાનું ચક્ર તથા ૧૭ પગથિયા પર પદાર્પણ કરીને ૧૭ હાથ ઉંચાયુપ સ્તંભ પર સામ્રાજ્યભિષેક માટે પદાર્પણ કરીને પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી તથા અ. સૌ શ્રી વ્રજલક્ષ્મી વહૂજી દ્વારા શુભાશીર્વાદ આપવાની મુખ્ય સ્વર્ગારોહણની વિધી કરાએલ. બધાં વૈષ્ણવોને શુભાશિર્વાદ આપેલ. જે સમયે એક લાખથી પણ અધિક વૈષ્ણવોની ભારી ભીડ હતી.

બેંગ્લોર, હૈદરાબાદ, મુંબઈ, મધ્યપ્રદેશ અને ગુજરાતનામળીને ૬ લાખ જેટલાં લોકોએ ૧૪ દિવસના વિરાટ વાજપેય સોમયજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમોના અલૌકિક દર્શનનો દિવ્ય લાભ લીધેલ.

માત્ર બે હજારની વસ્તી ધરાવતું નાનકડું મહેલોલ ગામ તીર્થસ્થળ કુમ્ભ મેળો બની ગયેલ.

પ્રેષક :– ગોવિંદલાલ શાહ,
આં. પુ વૈ. પરિષદ શાખાદયક્ષ, અને વિરાટ વાજપેય સોમયજ્ઞ સમિતિ

ઘોઘાવદર પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (ગોંડલ) ના અધ્યક્ષસ્થાને "શ્રી સર્વોત્તમ સ્તોત્ર શિબિર" નું ત્રણ દિવસનું આયોજન કરવામાં આવેલ હતું. અધ્યક્ષ મહોદયશ્રીએ મૌલિક અને સાર ગર્ભિત શૈલીમાં વચનામૃત કરેલા. સપરિવાર શોભાયાત્રાનું આયોજન કરેલ. છેલ્લે શ્રી મહાપ્રભુજીની આરતિ કરીને શિબિરનું સમાપન થયેલ. આ અલૌકિક આયોજનનો સ્થાનિક તેમજ આજુબાજુના વૈષ્ણવ સમુદાયે લાભ લીધેલ.

માલવણ-છેલ્લા ૧૩ વર્ષથી પુષ્ટિમાર્ગીય પાઠશાળા ચાલે છે. તેમાં નિયમીત ૬૦ બાળકો સવાર-સાંજ હાજરી આપે છે. તેમને સંસ્કૃત સ્તોત્રો તથા ધાર્મિક જ્ઞાન અપાય છે. પરંતુ પાઠશાળાનું કોઈ સ્વતંત્ર મકાન નથી તેથી સંચાલકોએ મકાન બાંધવા માટે સહાય ભેટ મોકલાવવા વિનંતિ કરેલ છે તો 'ફૂલ નહીં તો ફૂલ પાંખડી" રૂપે ભેટ નીચેના સ્થળે મોકલાવવા અનુરોધ કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીય પાઠશાળા
મુ. **માલવણ** તા. સંતરામપુર
(જિ. પંચમહાલ) ૩૮૯૨૬૦

વાવડી (ધરાઇ)–તા. ૩૧–૧૨–૯૧ થી તા. ૨–૧–૯૨ સુધી શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રવચન શિબીરનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રવકતા પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (ગોંડલ)એ શ્રી મહાપ્રભુજીના નામોનું સરળ મૌલિક શેલીમાં વિવેચન સહ રસપાન કરાવેલ. બહારગામના વૈષ્ણવોએ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

વડોદરા–આં પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા પ્રકાશિત થનારા પુસ્તકોમાં "પુષ્ટિ સ્વાધ્યાય" અને "પરિષદ ડીરેકટરી" પ્રકાશિત કરવામાં સંજોગોવસાત વિલંબ થયો છે. તેથી પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠ દીલગીરી વ્યકત કરે છે. અને વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના દશાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રકાશિત કરવાનો વિચાર કરતાં શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ સુધીમાં આ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવશે અને તેના વિમોચન સમારંભો પછી અગોતરા ગ્રાહકોને મોકલી આપવામાં આવશે. આ પ્રકારે નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. હજુ પણ અગોતરા ગ્રાહકો બનનાર બંધુઓ 'પુષ્ટિ સ્વાધ્યાય" ના રૂા. ૨૫. અને પરિષદ ડીરેકટરીના રૂા. ૫; અને પોસ્ટેજ ખર્ચ સાથે M.O. કરી મોકલી આપે તેવું જણાવવામાં આવ્યું છે.

આણંદ–"જેના થકી, જેના દ્વારા હૃદયમાં રહેલી ગંદકી, વિચિત્ર વિચારો દુર થાય તેને સત્સંગે કહીં શકાય. દીનતા આપણા હૃદયમાં સૌ પ્રથમ આવવી જોઇએ. દર્શન સમયસર થવા જોઈએ તે સારી વાત છે પરંતુ બાલભાવમાં દર્શનમાં સમયનું બંધન ન હોવું જોઈએ. સૃષ્ટિનિયંતા સમયના કે ઘડિયાળના કાંટાના સાથે બંધનમાં બાંધી શકાતા નથી. વૈષ્ણવ થયા પરંતુ વૈષ્ણવતા ગાયબ થઈ રહી છે હૃદયમાં શુદ્ધ ભાવ રાખી મંદિરમાં આવીએ; સંપ્રદાયના સિદ્ધાંતો જાણીએ–સમજીએ. મંદિરમાં શાંતિ માટે આવીએ છીએ, જેમ બીજા કાર્યોમાં શાંતિ રાખીએ છીએ તેમ ધાર્મિક કાર્યમાં પણ શાંતિ રાખવી જોઈએ, નહીં તો જ્યા શાંતિ મેળવવા આવ્યા છીએ ત્યાં અશાંતિ થઈ જશે. ભગવાન પરીક્ષા લે છે કે "આ મારો છે કે નહીં ?" આપણું કર્તવ્ય "હું આમનો છું" તેવો વિશ્વાસ અપાવવાનો છે. ત્યારેજ વૈષ્ણવતાનો ઉદય થાય. ભગવાનને તમારી નજીક બેસાડો. –આ વચનામૃત આં. પુ. વૈષ્ણવ પરિષદના ખેડા જીલ્લાના વૈષ્ણવોનું આણંદ, બેઠક મંદિરમાં યોજાયેલ વૈષ્ણવોના વિશાળ સંમેલનને સંબોધતાં પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ આપ્યા.

પુ. પા. ગો. શ્રી વાગીસબાવાશ્રીએ સત્સંગ–સ્વાધ્યાય પ્રવૃત્તિનું મહત્વ સમજાવી તેમાં ઉત્સાહભેર ભાગ લેવા જણાવ્યું.

વૈષ્ણવ પરિષદના સંગઠનમંત્રી પ્રોફે. ચીમનભાઇ શેઠે પરિષદની વર્તમાન પ્રવૃત્તિઓ જેવીકે શ્રીમદ્ વલ્લભાચાર્ય ભકિતયાત્રા, પુષ્ટિસ્વાધ્યાય, પરિષદ ડીરેકટરી તથા પુ. ગો. શ્રી વાગીસબાવાશ્રી લેખિત પુસ્તકો પ્રકાશન અંગે વૈષ્ણવ સંમેલનો અંગે વિસ્તૃત સમજ આપી. મંત્રીશ્રી વી. સી. પરીખે સત્સંગ–સ્વાધ્યાય તથા સહમંત્રીશ્રી સી. પી. તલાટીએ વૈષ્ણવ જગતના પડકારોની સમજ આપી.

સ્વાગત પ્રવચન તથા આણંદ શાખાની સિદ્ધિઓનું મહત્વનો ખ્યાલ ડો. કે. એસ. વ્યાસે તથા આભારવિધિ અને 'નયાનકાર'ની વિશેષ પુર્તિ જે છપ્પન ભોગ મહોત્સવ નિમિત્તે બહાર પડનાર છે તેનો ખ્યાલ પ્રા. ગોપાલલાલજી શાહે આપ્યો

પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીનો જન્મદિવસ હોઈ માળા અર્પણ કરી–શ્રી પરસોત્તમદાસકાકા શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી ચંપકલાલ ચોકસી, શ્રી ચીમનલાલ સાથી, સવિતાબેન પટેલ, ભારતીબેન દવે તથા ગામ–પરગામથી આવેલ વૈષ્ણવ કાર્યકર્તાઓએ ફૂલહારથી અભિવાદન કરી શુભેચ્છા વ્યકત કરી.

(ટાઈટલ બીજા પાનાથી ચાલુ)

આળસ ખંખેરી સને ૧૯૯૨–૯૩નું વાર્ષિક લવાજમ રૂા. ૨૫/– અગર આજીવન લવાજમ રૂા. ૨૫૧/– સંસ્થાના સેવાભાવી કાર્યકરોને અગર સંસ્થાના કાર્યાલયે તા. ૨૦–૩–૯૨ પહેલા રકમ પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવો.

બાહ્ય અનેકવિધ ખર્ચ કરતા એવા આપણે સૌ આપણા તેમજ પરિવારના કલ્યાણ માટે ઘરમાં નિત્ય સાંપ્રદાયિક સાહિત્ય વાંચન દ્વારા આપણા પોતાના તેમજ પરિવારના કલ્યાણ ઈચ્છીએ. કયારેક આળસ અને પ્રમાદને કારણે વાર્ષિક લવાજમ મોકલવામાં ઢીલ થાય છે જેથી આપણે આપણો લાભ ગુમાવીએ છીએ. તો વેષ્ણવોને નમ્ર વિનંતી કે શકય હોય તેઓએ આજીવન લવાજમ જ મોકલવું. આ વખતે તા. ૨૦–૩–૯૨ સુધીમાં રૂા. ૨૫૧/– ભરી આજીવન ગ્રાહક થનારને વિશેષ ફાયદો છે જ કારણ કે એપ્રીલ ૯૨થી આજીવન લવામમનાં દર રૂા ૩૦૧/– થાય છે.

લવાજમ મોડું ભરનાર ભેટ પુસ્તકનો લાભ ગુમાવશે.

વર્ષનાં ૧૨ અંકનો ખર્ચ રૂા. ૨૮ થી ૩૦ ઉપર હાલનાં સંજોગોમાં થાય છે જેથી સંસ્થાને આર્થિક ખોટ આવે છે. પરંતુ સમર્થ વૈષ્ણવો હંમેશા સહયોગી બને છે જેથી તેઓને વિનંતિ કે આપના દૈવી દ્રવ્યનો સદુપયોગ થાય તેમજ સાંપ્રદાયિક સાહિત્ય સેવા કરવાનો આ સોનેરી અવસર આવેલ છે. આપણા પ્રભુચરણ શ્રી ગુંસાંઈજી પરમ દયાલના જીવન કવનને રજુ કરતો ગ્રંથ પ્રકાશીત થઈ રહ્યો છે અને તે દરેક વૈષ્ણવ કુટુંબમાં આદર સાથે પઠન થશે તેમાં આપના પરિવારની સેવા કરી શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિને સહયોગી બનો.

રૂા. ૧૦૦૦/– કે તેથી વધુ રકમ આપનારનાં ભગવદ્ સ્મરણ આ પુસ્તકમાં છપાશે તો સમર્થ વૈષ્ણવોને વિનંતી કે વધુમાં વધુ રકમ આપી સાંપ્રદાયિક સેવા કરવાનું ચૂકશો નહિ.

ચેક/ડ્રાફ્ટ મોકલો તે **"શ્રી વલ્લભ વિજ્ઞાન"** નામે મોકલવા વિનંતી.

: નિવેદક :
પ્રમુખ
શ્રી વલ્લલ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

—સેવાભાવી કાર્યકરોને વિનંતિ કે ૨૦ માર્ચ સુધીમાં લવાજમ આવી જાય તેની પહોંચ તથા રકમ તુરત જ કાર્યાલય ઉપર મોકલી આપો જેથી આગામી વર્ષનું આયોજન વિચારી શકીએ. તેમજ થોડી મહેનત લઈ લવાજમ સમયમાં ઉઘરાવી લેવું જેથી ગયા વખતની જેમ વૈષ્ણવોની નારાજગી વ્હોરવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય.

—શકય હોય ત્યાં સુધી આજીવન લવાજમ ભરી સંસ્થાકીય કાર્યમાં સહયોગી બનો.

—વાર્ષિક લવાજમ રૂા. ૨૫/– તથા આજીવન લતાજમ રૂા. ૩૦૧

—૨૦–૩–૯૨ સુધીમાં આજીવન ગ્રાહક બનનાર રૂા. ૨૫૧/–ભરી આજીવન ગ્રાહક બની શકશે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

“શ્રી વલ્લભ સુધા”નું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર દ્વારા સ્વીકારાય છે.

૧ અનીડા (વાછરા)
મીસ્ત્રી નાગજીભાઈ ખીમજીભાઈ

૨ અમરેલી
શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩ અમદાવાદ
અશ્વિનભાઈ નવનીતલાલ દેશાઈ
૪૩, સરદાર પટેલનગર, એલિસબ્રીજ

૪ ઉપલેટા
શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ

૫ કલકત્તા
શ્રી નિતિનભાઈ મહેતા
C/o. શ્રી કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે
૫૫, કેનીંગ સ્ટ્રીટ

૬ કલ્યાણ
શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ. પારનાકા

૭ જામનગર
શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો

૮ જુનાગઢ
૧ શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨ શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિ-કિરણ એપાર્ટમેન્ટ
જલારામ સોસાયટી

૩ શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
‘ગીતાંજલિ” ગોકુલ સોસાયટી
લોઢીયાવાડી પાછળ

૯ જેતપુર
૧ શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણિકભાઈ મકાનમાં
૨ શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી
૩ સોની છોટુભાઈ ભીમજીભાઈ
કાલિંદી જ્વેલર્સ, કણકીયા પ્લોટ

૧૦ ધોરાજી
૧ શ્રી દિનકરભાઈ વી લાઠીગરા
વીશી પ્લોટ
૨ શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૧ ધ્રાંગધ્રા
શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા

૧૨ પોરબંદર
શ્રી જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
લીબર્ટી રોડ

૧૩ પાંચપીપળા
મરજાદી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪ મુંબઇ
૧ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ મુંબઈ શાખા
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે
૬૧ આત્મારામ મરચન્ટ રોડ, ભૂલેશ્વર
૨ શ્રી ભોગીલાલ રમણભાઈ શાહ
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન, ૧લે માળે
વિલે પાર્લે (પશ્ચિમ)

૧૫ મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૬ મોરબી
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શાનિશ્વરા
૪, ખત્રીવાડ

૧૭ રાજપીપળા
પ્રા, એમ આર. પાલેજા
“લકુલીશ” માલીવાડ

૧૮ લીંબડી

શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદીર પાસે

૧૯ વડોદરા

શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારાપોળ

૨૦ વાંકાનેર

શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર

૨૧ સુરત

શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭. ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેંઈન રોડ, ૧લે માળે
વરાછા રોડ

૨૧ હળવદ

શ્રી મનસુખલાલ કરશનદાસ
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં 'શ્રી વલ્લભ સુધા"ના લવાજમ સ્વિકારવાના સ્થળો

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે ભટ્ટ શેરી સામે

૪ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી
જાગનાથ પ્લોટ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન. વોરા
C/o વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શાનિશ્વરા
'લલિત કુંજ' ૪, કેલાસવાડી
જંકશન પ્લોટ

૮ શ્રી હેમતભાઈ પટેલ
C/o શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે

૯ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
"આનંદ" જલારામ–૨ ગણેશવાડી સામે

૧૦ શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કસ,
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર,
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ

૧૧ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ
રૈયા રોડ

૧૨ શ્રી કનુભાઈ જે. દેવાણી
C/o શ્રી મદનમોહનજી હવેલી
૨, લક્ષ્મીવાડી

શ્રીવલ્લભ સુધાના લવાજમ સંબંધે સૂચન

આ માર્ચ ૯૨ અંક ૧૨ થી ચાલુ વર્ષમાં ગમે તે સમયે લવાજમ ભરેલ હોય તેવા તમામ ગ્રાહકોના લવાજમની મુદત પૂરી થાય છે માટે નીચે પ્રમાણે લવાજમ તા. ૩૧–૩–૯૨ સુધીમાં મોકલાવી આપનો સહકાર ચાલુ રાખવા વિનંતિ છે.

(૧) સને ૧૯૯૨–૯૩ નું વાર્ષિક લવાજમ રૂા. ૨૫/– પચીસ.
(૨) આજીવન લવાજમ રૂા. ૨૫૧/ બસો એકાવન તા. ૩૧–૩–૯૨ સુધી.
(૩) તા. ૧–૪–૯૨ થી આજીવન લવાજમ રૂા. ૩૦૧/ ત્રણસો એક

ભેટ યોજના સંબંધી આ અંકમાં અન્યત્ર વાંચો.

–વ્યવસ્થાપક

ધોળ–રાધા વચન–લલિતા પ્રત્યે

સાંભળોની વાત, સાહિયર ! એક માહારી રે;
‘માહરે ઘેર આવશે ગિરિવરધારી રે. ૧

આજ એહેવું સ્વપ્ન થયું છે મુને સારું રે;
વામ અંગ લોચન ફરકે છે માહરું રે. ૨

ઊઠો, બેહેની ! સજો સોળે શણગાર રે;
પેહેરો નૌતમ વસ્ત્ર મનોહર સાર રે. ૩

માનુની મળી કરો મંગળ ગાન રે;
ચોકમાં બંધાવ્યા ચારુ [૧]વિતાન રે. ૪

મંદિરિયામાં શોભા રચી અતિ સાર રે;
ઝુકતા ફળ તોરણ બાંધ્યા બાર રે. ૫

કદળીના સ્થંભ આંગણુલે રોપાવ્યા રે;
અગર કુંકુમના [૨]છડા દેવરાવ્યા રે. ૬

વાજિંત્ર વિવિધ તણાં વજડાવ્યાં રે,
મારગ સમારી પુષ્પ પધરાવ્યાં રે, ૭

ગલીચા ગાદ્દી તકિયા ઢાળ્યા રીતે રે;
મોટાં મોટાં દરપણ જડિયાં છે ભીંતે રે. ૮

એટલે તો પ્રાણજીવન પધારયા રે;
સુંદરીના સરરી તાપ નિવારવા રે. ૯

આનંદમાં સુધ-બુધ શ્યામા ભૂલી રે;
‘દયા’ના પ્રીતમજીને જોઇ ભૂલી રે. ૧૦

–ભકત કવિ શ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮